ચોથી શ્રેણી

પુસ્તક–૫૨

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮
ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે
થી
તા. ૮મી માર્ચ, ૨૦૧૮
ફાલ્ગુન ૧૭, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## પહેલુ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક–૫૨ )** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 9 |
| અરાંકિત પ્રશ્નો | 10 | 148 |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | 149 | 151 |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | 152 | 177 |
| **તા. ૭મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૧૬, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 178 | 188 |
| અતારાંકિત પ્રશ્નો | 189 | 273 |
| માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો | 274 | 274 |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | 275 | 275 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬) | 276 | 279 |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૮ | 280 | 284 |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | 285 | 303 |
| **તા. ૮મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૧૭, ૧૯૩૯ શાકે** | | |
| વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા અંગે | 304 | 304 |
| તારાંકિત પ્રશ્નો | 305 | 313 |
| અતારાંકિત પ્રશ્નો | 314 | 462 |
| વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા અંગે | 463 | 466 |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | 467 | 479 |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | 480 | 481 |
| દાખલ કરવાના બિન સરકારી વિધયેકો | 482 | 483 |
| ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૮ | 484 | 488 |
| ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૮ | 489 | 493 |
| ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક, ૨૦૧૮ | 494 | 498 |

ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે
તારાંકિત પ્રશ્નો
**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨ કલાકે મળ્યું**
**અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષ સ્થાને**

## તારાંકિત પ્રશ્નો

વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓ/કર્મચારીઓને ચૂકવેલ બોનસ

* ૩૦૫૮ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને–૨૦૧૭માં વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓ/કર્મચારીઓને ચૂકવાયેલ બોનસની કુલ રકમ કેટલી છે, અને | (૧) કુલ રૂા. ૪૮,૫૯,૮૮,૩૩૪/– |
| (૨) કુલ કેટલા શ્રમયોગીઓ/કર્મચારીઓને બોનસની ચૂકવણી કરવામાં આવી ? | (૨) કુલ ૪૮,૯૩૩ શ્રમયોગીઓ |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, વાપી અને ખાસ કરીને વલસાડ જિલ્લો જયારે દેશના ઉત્પાદન અને નિકાસમાં મહત્વનો ફાળો આપે છે ત્યારે અનેક પ્રાંતના શ્રમજીવીઓ ત્યાં શાંતિથી રહે છે અને શ્રમયોગી કર્મચારીઓને બોનસ ચૂકવવાનો મૂળભૂત હેતુ શું છે? અને બોનસ ચૂકવણી અધિનિયમ–૧૯૬૫ હેઠળ કેવા કર્મચારીઓ બોનસ મેળવવાને પાત્ર છે ? તે અંગેના ધારા–ધોરણો જણાવો અને તેમાં ફેરફાર કરવામાં આવેલ હોય તો શ્રમજીવીઓને શું લાભ થાય છે અને શ્રમજીવીઓને બોનસ ચૂકવાય એ માટે થઇને સરકારે શું પ્રયત્નો કર્યા છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછયું છે તે પ્રમાણે આ બોનસ ચૂકવણી અધિનિયમનનો મુખ્ય હેતુ તે ઔદ્યોગિક એકમો દ્વારા થતા નફામાં શ્રમયોગીની મહેનતનો પણ ફાળો રહેલો હોય છે અને તેઓના નફામાંથી હિસ્સેદારી મળી રહે તે હેતુથી આ બોનસ ચૂકવવા માટેની જોગવાઇ કરવામાં આવેલી હોય છે. બોનસ ચૂકવણી અધિનિયમ–૧૯૬૫ હેઠળ કોઇ પણ નાણાકીય વર્ષ દરમિયાન ઓછામાં ઓછાં કામના ૩૦ દિવસ શ્રમયોગીઓને બોનસ મળવાપાત્ર છે અને બોનસ મેળવવા માટેના ધોરણોમાં માસિક રૂપિયા ૨૧૦૦/– સુધીનો પગાર મળતો હોય તેવા શ્રમયોગીઓને બોનસ ચૂકવવા માટેની જોગવાઇ કરવામાં આવી છે અને તેને મળવાપાત્ર હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા બોનસ ચૂકવણી અધિનિયમ–૧૯૬૫માં તારીખ ૧–૧–૧૬ના જાહેરનામાથી સુધારો કરીને બોનસ મળવા અંગેના ધોરણમાં ફેરફાર પણ કરવામાં આવેલ છે અને તે ફેરફાર મુજબ રૂપિયા ૧૦,૦૦૦/– સુધીનો માસિક પગાર મેળવતાં શ્રમયોગીઓને ઓછામાં ઓછાં રૂપિયા ૩૫૦૦/– મળવાપાત્ર થતાં હતા અને આ સુધારાને કારણે રૂપિયા ૨૧,૦૦૦/– સુધીનો માસિક પગાર મેળવતાં શ્રમયોગીઓને આ સુધારાની અંદર હવે આવરી લેવામાં આવ્યા છે અને આ સુધારાને કારણે જે શ્રમયોગીઓને બોનસ ચૂકવવામાં આવે છે તે લઘુતમ વેતન સરેરાશ રૂપિયા.૩૦૫/– જે નક્કી કરવામાં આવ્યુ છે તેના આધારે ચૂકવવામાં આવે છે પહેલાં તેને ૭ હજાર રૂપિયા મળવાપાત્ર થતા હતા પરંતુ અત્યારે જે ચૂકવવામાં આવે છે ૮.૩૩ ટકાના કારણે તે લગભગ ૭૯૩૦/– જેવુ ચૂકવવામાં આવે છે એટલે એક હજાર રૂપિયાનો આ શ્રમયોગીઓને વધારાનો લાભ પણ મળવાપાત્ર થાય છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, મિનિમમ ૮.૩૩ ટકા જેટલું બોનસ ચૂકવવામાં આવે છે. જે શ્રમયોગીઓ ૬૧૨૪૯ છે તેને ૮.૩૩ ટકા બરાબર તેમને બોનસ મળેલ છે કે કેમ ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે શ્રમયોગીઓને બોનસ ચૂકવવામાં આવ્યુ છે આમાં મિનિમમ એટલે કે ઓછામાં ઓછું આ બોનસ ચૂકવવામાં આવે છે પણ એવા કેટલાક ઔદ્યોગિક એકમો છે કે જે વધારે નફો કરતા હોય તો આપણે તેમને ૮.૩૩ ટકાથી વધારીને ૨૦ ટકા સુધી પણ ચૂકવવા માટેના પ્રયાસો કરેલા છે અને ૨૦ ટકા સુધી પણ આપણે બોનસ ચૂકવડાવ્યું છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, બોનસ ચૂકવણી અધિનિયમ–૧૯૬૫ કયા ઔદ્યોગિક એકમોને લાગુ પડે છે ? કયા શ્રમયોગીઓ બોનસ મેળવવા માટે હક્કદાર થાય છે ? ૨૦૧૫ના સુધારા અગાઉ બોનસ પેટે ચૂકવવાની રકમ શું હતી ? હાલમાં આ લઘુતમ વેતન કેટલું છે ? બોનસ ચૂકવણી અધિનિયમ–૧૯૬૫ હેઠળ નિરીક્ષક તરીકે કોને જાહેર કરેલ છે ?

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગુ છું કે, બોનસ ચૂકવણી અધિનિયમ–૧૯૬૫ એટલે કે હિસાબી વર્ષ ૧૦ કે તેથી વધુ શ્રમયોગીઓને રોકતાં ઔદ્યોગિક એકમોને આ લાગુ પડે છે. બોનસ ચૂકવણી સુધારા અધિનિયમ–૨૦૧૫થી કરાયેલ સુધારામાં માસિક રૂ.૨૧,૦૦૦/– સુધીનો પગાર મેળવતા શ્રમયોગી જેમણે હિસાબી વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૩૦ દિવસનું કામ કરેલ હોય એ બોનસ મેળવવા માટે હક્કદાર બને છે અને બોનસ ચૂકવણી સુધારા અધિનિયમ– ૨૦૧૫ થી શ્રમયોગી વર્ગના બહોળા હિતને ધ્યાનમાં લઇને ઓછામાં ઓછું ૭,૦૦૦/– કે પ્રવર્તમાન લઘુત્તમ વેતન બેમાંથી જે વધારે હોય એ રકમ ચૂકવવા પાત્ર થતી હોય છે. એમનો બીજો પ્રશ્ન હતો કે, આ સુધારા અગાઉ બોનસ ચૂકવવાની રકમ ૧૦,૦૦૦/– સુધીનો માસિક પગાર મેળવતા શ્રમયોગી માટે હતી અને લગભગ ૩,૫૦૦/– રૂપિયા ચૂકવાતા હતા પણ હાલમાં જે પ્રવર્તમાન લઘુત્તમ વેતન દૈનિક રૂ.૩૦૫/– મળવા પાત્ર છે એટલે એના આધારે રૂ.૭,૯૩૦/– થાય છે. એટલે તમામ સરકારી શ્રમ અધિકારીશ્રીઓને આ કાયદા હેઠળ બોનસ ચૂકવણી નિરીક્ષક તરીકે જિલ્લાની અંદર એમને નક્કી કરવામાં આવ્યા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સવારે જે અકસ્માત થયો એમાં ૨૭ વ્યક્તિઓના મૃત્યુ થયા છે એટલે મારી બધાં જ સભ્યોને વિનંતી છે કે, કોઇ પ્રશ્ન પૂછાતો હોય કે તેનો જવાબ અપાતો હોય ત્યારે કોઇ પાટલી થપથપાવે નહિ અને વિપક્ષે ચર્ચા માગી છે તો પ્રશ્નોત્તરી બાદ ૧૦ મિનિટ માટે અને અમારા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા એનો જવાબ આપવાના છે. એ વિષયને આપણે કાર્યવાહીમાં લીધો જ છે એટલે વચ્ચે એ વિષય કોઇ ન લાવે અને મર્યાદા રાખે એવી વિનંતી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓ અને કર્મચારીઓનું બ્રેકઅપ આપ્યું છે. મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, એમાં રાજ્ય સરકારના વર્ગ–૩ અને ૪ના કેટલા કર્મચારીઓને તમે બોનસ ચૂકવ્યું છે અને જે બોનસ ચૂકવવામાં આવ્યું છે એમાં રાજ્ય સરકારનો કેટલો સહયોગ છે અને પ્રાઇવેટ સેક્ટરનો કેટલો સહયોગ છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના જવાબમાં જે બોનસ ચૂકવવામાં આવ્યું છે એ શ્રમયોગીઓને બોનસ ચૂકવવામાં આવ્યું છે અને જે મોટા એકમોમાં કામ કરતાં હોય એમાં તમામ પ્રકારની કેટેગરીના શ્રમયોગીઓને બોનસ ચૂકવવામાં આવ્યું છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, જો પ્રાઇવેટ સેક્ટર વાળા બોનસ ચૂકવતા હોય તો આ પ્રશ્ન અહીંયા ચર્ચામાં ન લાવી શકાય. રાજ્ય સરકાર જો બોનસ ચુકવે તો તમે આ પ્રશ્ન ચર્ચામાં લાવી શકો. પ્રાઇવેટ માણસોએ બોનસ ચૂકવ્યું છે એ સારી બાબત છે પણ આ પ્રશ્ન અહીં ચર્ચામાં ન આવી શકે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારત સરકારે આ કાયદાના અધિનિયમની જોગવાઇ કરી છે અને અમારા શ્રમ વિભાગ મારફત જે લોકોને બોનસ ચૂકવવાનું થતું હોય, જે એકમો કામ કરતાં હોય અને જો બોનસ ચૂકવવામાં ન આવતું હોય તો અમારો શ્રમ વિભાગ મહેનત કરીને અને માર્ગદર્શન મેળવીને એ બોનસ ચૂકવવા માટેના પ્રયાસ કરે છે એટલે આ પ્રશ્ન અમારી પાસે આવે છે અને અમે બોનસ ચૂકવવા મહેનત કરીએ છીએ.

### આભડછેટ અંગે સેપ્ટનો અહેવાલ

* ૩૭૧૧ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આભડછેટ અંગેનો સેપ્ટનો અહેવાલ તા.૧૭–૦૪–૨૦૧૩ના રોજ રાજ્ય સરકારને મળેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મળેલ અહેવાલ અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે ક્યારે શા પગલાં લીધા ? | (૨) વિભાગના તા. ૨૨–૦૩–૨૦૧૭ના પત્રથી સંબંધિત વિભાગો/કચેરીને ભલામણો પરત્વે કાર્યવાહી કરવા જણાવેલ છે. |

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની અંદર દિન–પ્રતિદિન દલિતો પ્રત્યે જે ઘટનાઓ ઘટી રહી છે અને આભડછેટ અંગેનો સેપ્ટનો જે અહેવાલ છે એ ૨૦૧૩માં રજૂ થયો પણ મારે સરકારશ્રીનું આપના માધ્યમથી ધ્યાન દોરવું છે કે, નવસર્જન નામની જે સંસ્થા છે જે દલિતો માટે કામ કરતી હતી. તે સંસ્થાએ ૧૫૮૯ ગામનો સરવે કર્યો હતો અને સેપ્ટે જે સરવે કર્યો છે એ માત્ર પાંચ ગામોનો સરવે કર્યો છે. આની પાછળ સરકારશ્રીએ ૨૫ લાખ જેવો માતબર ખર્ચ કર્યો છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પૂર્વ મંત્રીશ્રીએ આ

ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે

તારાંકિત પ્રશ્નો

નવસર્જન નામની સંસ્થાને કેન્સલ કરવા માટેનું જે આયોજન કર્યું હતું અથવા તેનું લાયસન્સ રદ થાય તેવા પ્રયત્નો કર્યા છે તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ નવસર્જન સંસ્થા જે દલિતો માટેની સંસ્થા છે એણે સમગ્ર ગુજરાતમાં સરવે કરીને ૯૮,૦૦૦ જેટલા બનાવો. ૯૮૦૦૦ જેટલા લોકો પાસેથી અભિપ્રાય લીધો છે. તો એ નવસર્જન સંસ્થાને ચાલુ કરવા માગે છે કે કેમ અને આ સેપ્ટના અહેવાલમાં કેવા પ્રકારની કાર્યપદ્ધતિ એમણે અપનાવી?

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નવસર્જન ટ્રસ્ટે તા. ૨૩.૧.૨૦૧૦ના પત્રથી જણાવેલ છે કે, Robert F. Kennedy Memorial Foundation Records, USA દ્વારા ૧૬૫૫, મારી પાસે જે માહિતી છે એ પ્રમાણે ૧૬૫૫ જેમાં ૧૪ જિલ્લા, એમાં ૬૩ તાલુકાઓનો સમાવેશ થાય છે. તેનો અભ્યાસ કરીને આ અહેવાલ તૈયાર કરવામાં આવેલો, જેમાં જાતિવાદ, ભેદભાવ અંગે છેલ્લા વીસ વર્ષથી ચાલે છે તેવું દર્શાવેલ, જે પુસ્તક તેઓએ તા. ૨૭.૧.૨૦૧૦ના રોજ મોકલી આપેલ હતું. નવસર્જન ટ્રસ્ટ અને તેને સહાયરૂપ થતી અન્ય સંસ્થાઓ દ્વારા સરકારની વિરૂદ્ધ તેમજ એક તરફી અહેવાલ રજૂ કરેલ, તે બાબતે તા. ૬.૯.૨૦૧૦ના રોજ માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અધ્યક્ષપદે બેઠકમાં સેપ્ટ દ્વારા આ બાબતમાં સત્યતાની ચકાસણી માટે અભ્યાસ અહેવાલ તૈયાર કરવા માટે નિર્ણય થયેલો હતો. સેપ્ટનું આખુ નામ છે Centre for Environmental Planning and Technology. સેપ્ટ યુનિવર્સિટીમાં Faculty of Architect, Faculty of Planning, Faculty of Technology, Faculty of Designing, Faculty of Management વગેરે આવે છે. આ યુનિવર્સિટીને ૨૦૧૦માં યુનિવર્સિટીની ગ્રાન્ટ કમિશને માન્યતા આપેલી છે. સરકારે યુનિવર્સિટીને ૨૦૦૫માં માન્યતા આપેલી અને ભારત સરકારના Department of Scientific & Research એ આ યુનિવર્સિટીને Scientific and Research Organization તરીકે માન્યતા આપેલી. ભારત સરકારે ૨૦૦૭માં આ યુનિવર્સિટીને, આભડછેટની ભાળના પુસ્તક કે જેના દ્વારા રાજય અને દેશને બદનામ કરવાનો પ્રયાસ થયો હતો તેના પર સત્યતાની ચકાસણી કરી અહેવાલ આપવા માટે કામ સોંપવામાં આવેલું, સેપ્ટ દ્વારા રજૂ થયેલ અહેવાલ જોતાં સ્પષ્ટ થાય છે કે, આભડછેટની ભાળના પુસ્તક એક તરફી તથા રાજયને બદનામ કરવાના ઈરાદાથી પ્રકાશિત થયું હોય તેવું જણાય છે. સેપ્ટ માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી તથા ઉચ્ચ કક્ષાની નિષ્ણાત યુનિવર્સિટી હોઈ અન્ય કોઈ નાણાકીય લાભોની બાબત ઉપસ્થિત થતી નથી. પ્રસ્તુત પ્રકરણ ૨૦૧૦માં જયારે ઉભું કરવામાં આવ્યું તે પહેલાં ૨૦૦૫માં રાજય સરકારે અને ૨૦૦૭માં એટલે કે કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી. ૨૦૦૫માં રાજય સરકારે અને ૨૦૦૭માં તત્કાલિન કેન્દ્ર સરકારે આ યુનિવર્સિટીને માન્યતા આપી હતી. રાજય સરકારે અને તે સમયની કેન્દ્ર સરકારે પણ આ યુનિવર્સિટીને માન્યતા આપી હતી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એને આપણે રિવાઈવ કરવા માગીએ છીએ? એવો પ્રશ્ન છે. એને ચાલુ કરવા માગીએ છીએ? ના હોય તો ના કહો.

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ, કાયદાકીય વ્યવસ્થાની પણ વાત કરી છે.

અધ્યક્ષશ્રી : આપના જવાબથી એમને સંતોષ લાગે છે.

શ્રી રાકેશભાઈ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે સેપ્ટની ભલામણો અને એના આધાર ઉપર વિભાગ દ્વારા લેવાયેલ નિર્ણયો, પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી માત્ર એટલું જ જાણવું છે કે, ગુજરાત સરકારમાં પ્રવર્તમાન કઈ કાયદાકીય વ્યવસ્થા અમલમાં છે અને તેને સુદ્રઢ બનાવવા માટેના કોઈ પગલાં લેવા માટે વિચાર્યું છે?

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ભારતના બંધારણના અનુચ્છેદ–૧૭ માં અસ્પૃશ્યતા નાબૂદીના મૂળભૂત અધિકાર માટે ભારત સરકાર દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ અત્યાચાર અધિનિયમ –૧૯૫૯ અમલમાં લાવેલ છે. આ એકટની કલમ–૩ માં આભડછેટ તથા અત્યાચાર સંબંધિત વર્તણુકોને અનુસૂચિત જાતિ પ્રત્યે શિક્ષા પાત્ર ગુનો ગણી ગુનાની ગંભીરતા મુજબ ૬ માસની સજાથી શરૂ કરીને આજીવન કેદની કે દંડની સજાની જોગવાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એકટના સુચારૂ અમલ માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ અત્યાચાર નિવારણ નિયમો ૧૯૯૫ અને સુધારેલ નિયમો ૨૦૧૬ ગણવામાં આવેલ છે. આ એકટના ગુનાઓના કેસો ચલાવવા માટે ગુજરાત રાજયમાં ૧૬ સ્પેશ્યલ એકઝિકયુટીવ કોર્ટ અને ૨૭ ડેઝીગ્નેશન સ્પેશ્યલ કોર્ટ મળી કુલ ૪૩ જેટલી કોર્ટની રચના કરવામાં આવેલી છે. આ એકટમાં ગુનાઓ માટે સરકાર પક્ષે દલીલો માટે ૧૬ વિશિષ્ટ સરકારી વકીલો તથા ૧૭ ખાસ સરકારી વકીલો મળી કુલ ૩૩ ખાસ સરકારી વકીલોની નિમણૂંક રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ અત્યાચાર અટકાવવા બાબતમાં નિયમો –૧૯૯૫ અને તેના નિયમ–૮ હેઠળ રાજય સરકારે પોલીસ મહાનિર્દેશક કચેરી ખાતે અધિક પોલીસ મહાનિર્દેશકની આગેવાની હેઠળ ખાસ સેલ ઉભું કરેલ છે અને આ ગુના માટે સઘન મોનેટરીંગ પણ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ અત્યાચાર અટકાવવા બાબતના નિયમો–૧૯૯૫ ના નિયમ–૧૬ મુજબ માનનીય મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપદે સમિતિની રચના થયેલ છે. જે એકટમાં ગુના અંગે દેખરેખ રાખે છે. આ સમિતિની છેલ્લી બેઠક તા. ૨૩–૧–૨૦૧૭ ના રોજ મળી હતી.

અધ્યક્ષશ્રીઃ આપની ઘણી વિગત આવી ગઈ. બેસી જાઓ આપે ઘણી લાંબી વિગત આપી છે.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ કઇ સંસ્થાએ સરવે કરાવ્યો હતો, આ યુનિવર્સિટી કોણે આપી હતી એ મહત્વનું નથી. આજે આપણે સૌ જાણીએ છીએ, આ સભાગૃહમાં બેઠેલા સૌ સભ્યશ્રીઓ એ વાતથી પરિચિત છે કે આજે પણ આ રાજયની અંદર દલિત સમાજ સાથે આભડછેટના બનાવો બનતા હોય છે. જેને લીધે એમને હિજરત કરવી પડે છે અને જે ગામો હોય તે ગામોની અંદર રાશનથી માંડીને અન્ય વસ્તુઓ લેવા દેવામાં આવતી નથી, પીવાનું પાણી ભરવા દેવામાં આવતું નથી. માટે કઇ યુનિવર્સિટીએ કે  કયા ટ્રસ્ટે આ સવાલ પૂછયો હતો એ મહત્વનો નથી. મહત્વનું એ છે કે જયારે રાજયમાં આજે પણ આભડછેટના બનાવો બનતા રહે  છે ત્યારે જે રીતે માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ૧૬૫૫ ગામ ૧૪  જિલ્લા  અને ૬૪ તાલુકામાં આ સરવે કરવામાં આવ્યો. અને તા.૬-૯-૨૦૧૦ ના રોજ સામાજીક ન્યાય અને અધિકારતા મંત્રીશ્રીએ આ માટેનો નિર્ણય લીધો હતો. સાડા સાત વરસ થયા. તા. ૧૭-૪-૨૦૧૩ના રોજ આ બાબતનો આભડછેટ અંગેનો અહેવાલ સરકારને મળી ગયો. ત્યારબાદ ૨૨-૩-૨૦૧૭ ના રોજ સંબંધિત વિભાગ અને  કચેરીને  ભલામણ  માટે મૂકયો છે, તેને પણ એક વરસ થયું  છે. એટલે મારે સરકાર પાસે અને માનનીય મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે, ટ્રસ્ટમાં ના પડો આ દિલત સમાજની લાગણીનો સવાલ છે. ડો. બાબાસાહેબ આંબેડકરે બરોડાની અંદર એમની સાથે થયેલ આભડછેટની  તેના અનુસંધાનમાં, એમની સંકલ્પ ભૂમિ જે અત્યારે  બરોડા શહેરની અંદર આવેલી છે. ત્યાર બાદ એ દલિત સમાજના કાર્યો માટે આગળ આવ્યા. આજે આ  પ્રશ્ન જયારે ઉપસ્થિત છે ત્યારે સરકારશ્રી આ ભલામણને અંતે જે અહેવાલ મળેલો છે તે અહેવાલના અંતે સરકારે શું પગલાં લીધા? એક વરસમાં કમિટીએ નિર્ણય લીધા પછી સરકારના વિભાગમાં આવ્યા પછી સરકારે શું નિર્ણય લીધો? અને નિર્ણય ન લીધો હોય તો લેવા માગો છો કે કેમ?  કારણ કે છેલ્લા ચાર ટર્મથી મેં કાયમી આ પ્રશ્ન પૂછ્યો છે, પહેલી વખત માનનીય પ્રવિણભાઇનો ક્રમ આગળ આવ્યો છે અને મને પ્રશ્ન પૂછવાનો મોકો મળ્યો છે ત્યારે સરકારે ગંભીરતાથી શું પગલાં લીધા છે અને લેવા માગે છે?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : આમ તો આ પ્રશ્ન તા. ૨૮-૨-૨૦૧૭ના રોજ તત્કાલિન ધારાસભ્ય શ્રીમતી તેજશ્રીબહેન પટેલનો પ્રશ્ન ક્રમાંક ૩૧૬૬૧ હતો. તારીખ ૧૫-૩-૨૦૧૭ના રોજ તત્કાલિન ધારાસભ્ય મેરામણભાઇ ગોરીયા  દ્વારા પૂછાયેલ હતો પરંતુ એનો અનુક્રમ નંબર ૨૦ અને ૧૫ હતો એટલે ચર્ચામાં આવેલ ન હતો.

માનનીય શૈલેષભાઇએ  પશ્ન પૂછ્યો છે ત્યારે મને સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે દેશના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર દ્વારા રચવામાં આવેલ બંધારણમાં નાગરિકોના મૂળભુત  અધિકારો યાદી અનુસૂચિ ૧૭માં અસ્પૃશ્યતા નાબૂદ કરી છે. કાયદા અનુસાર એ શિક્ષાપાત્ર ગુનો  બંધારણમાં અમલમાં આવ્યો  ત્યારથી અમલમાં છે. રાજય સરકાર દ્વારા વખતો વખત બંધારણના મૂળભુત અધિકારોના અમલ કરવા માટે શ્રેણીબદ્ધ પગલાં લીધા છે અને તે અંગે કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવી છે તે હકીકતનો પણ ઇન્કાર થઇ શકે તેમ નથી. માનનીય સભ્યશ્રીએ જયારે પ્રશ્ન પૂછ્યો છે ત્યારે એક  બાબત આ ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું  કે આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જે સમયે મુખ્યમંત્રી બન્યા હતા તે વખતે ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. એમણે ગૃહમાં પ્રવેશતી વખતે એક અનુસૂચિત જાતિની કન્યાના હાથે કરાવ્યું.  બીજું કે સેપ્ટની ભલામણો સ્વીકારીને તે વિભાગને ૨૨-૩-૨૦૧૭ના પત્રથી કાર્યવાહી કરવા જણાવેલ અને તારીખ ૧૨-૨-૧૮ના પત્રથી સ્મૃતિપત્ર પાઠવેલ અને થયેલ કાર્યવાહીની જાણ આગળ વિભાગને કરવામાં આવેલ છે. ઝડપથી અહેવાલ વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે  આપવા જણાવેલ અને એની પ્રસિદ્ધિ કાયદાકીય રીતે કરવી આવશ્યક નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, પ્રશ્નના અનુસંધાને જવાબ આવી જાય છે. સરકારે પગલાં લીધા છે. વિભાગને આ અંગે જાણ કરી છે તેથી વધારે જવાબ ન હોઇ શકે.

શ્રી શૈલેષ  મ. પરમાર : આમાં કોઇ રાજકીય અવલોકન નથી. મેં  મંત્રીશ્રીને  સવાલ પૂછ્યો હતો એનો જવાબ મળેલ નથી ત્યારે મારે ફકત બે જ બાબતો જાણવી છે  ચાર વર્ષથી વિભાગ પાસે હતો. સરકાર પાસેથી વિભાગ પાસે આવ્યો એને પણ એક વર્ષ જેટલો સમય થઇ ગયો છે ત્યારે આ એક વર્ષના ગાળામાં સરકારે શું કામગીરી કરી છે અને આગળ શું પગલાં ભરવા માગે છે? સેપ્ટનો અહેવાલ છે એ આખે આખો વિધાનસભાના મેજ ઉપર રજૂ કરવા માગો છો કે કેમ?  અહેવાલ રજૂ થાય એવી મારી વિનંતી છે. તેનું કારણ છે. જે અહેવાલ આવ્યો છે એ અહેવાલ આપના ટેબલ ઉપર મૂકાશે. પ્રજાને,  અમને પણ ખ્યાલ આવશે કે ખરેખર સેપ્ટના અહેવાલમાં શું શું ત્રુટિઓ આવી છે. દલિત સમાજ સાથે શું શું અન્યાય થયા છે. સેપ્ટનો અહેવાલ જો મૂકી દેશે તો પણ જવાબથી અમને સંતોષ થશે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપે જે પ્રશ્ન પૂછેલા હતા તેના જવાબ માનનીય મંત્રીશ્રીએ આપી દીધા. આપે હવે નવો પ્રશ્ન પૂછ્યો. સરકારે કાર્યવાહી કરી છે.

શ્રી પ્રવિણભાઇ  ન. મુસડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે ફર્સ્ટ ટાઇમ સવાલ પૂછ્યો છે. મેં એમને પૂછવા દીધો છે.

શ્રી પ્રવિણભાઇ  ન. મુસડીયા : સદનને હું વિનંતી કરું કે મારી લાગણી અને માગણીને ધ્યાન આપે. છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સૌનો સાથ સૌનો વિકાસની વાત કરી રહી છે ત્યારે.

અધ્યક્ષશ્રી : આજે વકતવ્ય આપવાનું નથી. આપ સીધો પ્રશ્ન પૂછો.

## તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રવિણભાઇ ન. મુસડીયા : હું પોઇન્ટ ઉપર આવું છું કે આ સેપ્ટનો જે અહેવાલ છે એને આપ એડવર્ટાઇઝ કરવા માગો છો કે કેમ? સાર્વજનિક કરવા માગો છો કે કેમ અને સાથે સાથે જાણાવવા માગું છું કે ફીઝીકલી અનટચેબિલીટી દૂર કરવી તો ત્યાં રહી પણ મેન્ટલી અનટચેબિલીટી પ્રવર્તમાન સમયમાં જોવા મળી રહી છે. જે માનસિક અસ્પૃશ્યતા છે, આ વિશે સરકાર 'સૌનો સાથ સૌનો વિકાસ' અંતર્ગત કાર્યક્રમો કરીને જાહેરાતો કરી અથવા તો જેવી રીતે ગાંધીજીએ સુપર સવર્ણ સમાજને માધ્યમ બનાવીને એના દ્વારા પ્રચાર-પ્રસાર કરી અને અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું કલંક છે એમ માનીને ગાંધીજીએ અસ્પૃશ્યતાને દૂર કરવા માટેના પ્રમાણિકપણે જે પ્રયત્નો કર્યા, આપના માધ્યમથી પૂછવા માગું છું કે આપની સરકાર પ્રમણિકપણે આ પ્રત્નો કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગંભીર પ્રશ્ન છે. સામાજીક સમરસતાનો, દેશની એકતાનો પ્રશ્ન છે. અમારી સરકાર, અમારો પક્ષ, અમારા નેતાઓએ આને હંમેશા ગંભીરતાથી લીધું છે. ગુજરાતમાં તબક્કાવાર અમે જે અનેક પગલાં લીધાં છે. માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇએ ખૂબ વિગતવાર જવાબ આપ્યો છે તેમાં હું નહીં કહું, પણ તેના માટે સ્પેશિયલ કોર્ટો, તેના કેસ ચલાવવા માટે ખાસ વકીલો, જેના ઉપર અત્યાચાર થયો છે, જેની ફરિયાદ હોય એ વ્યક્તિ પોતે સરકારી વકીલ સિવાય કોઇ ખાનગી વકીલ કરે તો એ પણ સરકાર મંજૂરી આપે. એ પણ આપણે મંજૂરી આપેલી છે. પ્રવિણભાઇએ જે વાત કરી. હું રાજકીય રીતે નથી કહેતો પણ અમારા જે સંસ્કાર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ જયારે પહેલી વાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને મુખ્યમંત્રી નિવાસસ્થાનમાં પહેલી વખત પગ દીધો ત્યારે દલિત કન્યાના હાથે ઘડો મૂકાવી અને મોદી સાહેબ ત્યાં રહેવા ગયેલા. આ અમારા સંસ્કાર છે. આ અમારું ઘડતર છે. અમારું આચરણ છે. એટલે અમારું કમિટમેન્ટ છે. આને કોઇ બનાવ સાથે જોડવાની જરૂર નથી. આ અમારું કમિટમેન્ટ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમે પણ આ સંસ્કારવાળા છીએ. આભડછેટ દૂર થાય, હિંદુ એકતા થાય, હિંદુઓ મજબૂત બને, હિંદુઓ સંગઠિત થાય, દેશ મજબૂત બને. તેમાં દલિત સમાજ સક્રિય રહે, સહયોગ કરે, આગળપડતું સ્થાન ભોગવે એ અમારી પ્રતિબદ્ધતા છે. એ પ્રમાણે અમારી સરકાર આજે અને આવનારા સમયમાં પણ જે કરવાપાત્ર હશે તે બધું જ અમે કરીશું.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન કોઇ પક્ષાપક્ષીની દ્રષ્ટિથી પણ આવશ્યક નથી. આપણાં બધાનું કમિટમેન્ટ છે. મહાત્મા ગાંધીજીએ શરૂ કરેલી અસ્પૃશ્યતા નિવારણની આખી વાત આપણે બધા કુલ કમિટમેન્ટ સાથે આ કામ કરી રહ્યા છીએ. અસ્પૃશ્યતા અંગે આખા ગુજરાતમાં કયાંય એક ખૂણામાં પણ એક વ્યક્તિ જો આ ધારાનો ભંગ કરતી હોય તો આ સરકાર કંઇ ચલાવી લેવા માગતી નથી. અસ્પૃશ્યતા માટે આવશ્યક જે કંઇ હોય, ઇશ્વરભાઇએ જે વાત કરી. એ હું દોહરાવતો નથી, પણ શૈલેષભાઇ અને પ્રવિણભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે, અમારું કમિટમેન્ટ છે. સેપ્ટનો રિપોર્ટ આવ્યો છે, એ બહુ વિસ્તૃત રિપોર્ટ છે. રિપોર્ટના સંદર્ભમાં કોઇ જ્ઞાતિ, જાતિથી ઉપર ઉઠીને એવી યોજનાઓ સરકાર બનાવે જેથી કરીને બધા જ સમાજના લોકોને લાભ મળે. દા.ત. મધ્યાહન ભોજન યોજના. દરેક બાળક સાથે મળીને જમતું હોય, એમાં દલિતનું પણ બાળક હોય, સવર્ણનું પણ બાળક હોય, હિન્દુ હોય, મુસલમાન હોય બધા જ બાળકો સાથે મળીને ભોજન કરે તો ધીરે ધીરે આ વાત એમનામાંથી નીકળતી જાય એવા સેપ્ટે અલગ અલગ સૂચનો કર્યા છે એની અમલવારી પણ સરકારે યોજનાકીય રીતે કરી છે અને કાયદાકીય રીતે પણ જે સેપ્ટે નથી કહ્યું એ પણ અમે કહીએ છીએ. એટ્રોસીટીથી માંડીને અસ્પૃશ્યતા માટેની કોર્ટો, એના માટે સતત રિવ્યૂ મિટિંગો, એની ગંભીરતા અને એ બધા મુદ્દા ઉપર સરકાર કડકમાં કડક પગલા લે છે. આપણું ગુજરાત એવું હોવું જોઇએ કે કોઇ માનસિક પણ અસ્પૃશ્યતા ન હોય અને શારીરિક પણ અસ્પૃશ્યતા ન હોય એ પ્રમાણેનું ગુજરાત કરવા માટે આપણે સૌ સહિયારા પ્રયાસો કરીને આવનારા દિવસોમાં આ માનસિકતા દૂર કરી સૌ માનવી એક છે એ દિશામાં આગળ વધીએ. (અંતરાય) એની સ્પષ્ટતા કરું છું.

અધ્યક્ષશ્રી : સરકાર સ્પષ્ટતા કરવા માગે છે. શ્રી નૌશાદજી, વારેઘડીએ ઉભા ન થશો.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પંચ એનો રિપોર્ટ એ ગૃહનો અધિકાર છે. કોઇ વ્યક્તિગત તપાસ અથવા કોઇપણ સંસ્થાને સરકારે સીધું સોંપ્યું હોય, પંચ નથી, જેનું નોટિફિકેશન ન હોય. શ્રી એમ.બી.શાહનો રિપોર્ટ પંચને આધારીત છે. દા.ત. આપણે નલિયામાં પણ પંચ બનાવ્યું છે. એવા અનેક પંચ બનાવીએ છીએ. એ રિપોર્ટ ગૃહમાં મૂકવા જોઇએ અને એ રિપોર્ટ આપણે ગૃહમાં મૂકતા હોઇએ છીએ. તપાસ તો આપણે ઘણી બધી કરતા હોઇએ છીએ એ તપાસના રિપોર્ટની ગૃહમાં આવશ્યકતા હોતી નથી. અમે સ્વીકાર્યું છે કે સેપ્ટનો રિપોર્ટ આવી ગયો છે અને એના સંદર્ભમાં શું શું કાર્યવાહી કરી એ પણ આપી દીધું છે.

### ડાંગ જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૩૦૪૫ શ્રી નરેશભાઇ પટેલ (ગણદેવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭ |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૫ |
| (૩) કેટલી કીટ્સ વિતરણ કરવામાં આવી ? | (૩) ૨૪ |

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન માનવ ગરીમા યોજનાનો છે. ડાંગ જિલ્લાનો છે. ડાંગ જિલ્લા માટે આ માનવ ગરીમા યોજના ખૂબ ઉપયોગી છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, માનવ ગરીમા યોજનાનો હેતુ શું છે? આ યોજના હેઠળ ૨૦૧૭-૧૮ના વર્ષમાં ડાંગ જિલ્લામાં તાલુકાવાર ક્યા વ્યવસાય માટે કુલ કેટલી કિટ્સ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે આર્થિક પછાત વર્ગ અને લઘુમતી, વિચરતી અને વિમુક્ત જાતિના લોકોનું જીવન-ધોરણ સારું બને, સારી રીતે જીવી શકે અને જાતે નાના વ્યવસાય દ્વારા રોજગારી મેળવી શકે અને આર્થિક રીતે પગભર બને એના માટે માનવ ગરીમા યોજના શરૂ કરવામાં આવેલ છે. આ વર્ગના લોકોને રોજગારી શરૂ કરવા માટે સાધનો અને ઓજારો માટે સહાય આપવાનો યોજનાનો હેતુ છે. માનનીય સભ્યશ્રીએ વિશેષ ક્યા ક્યા તાલુકામાં કેટલી અરજીઓ મળી એમ પૂછ્યું છે. ડાંગ જિલ્લામાં ૨૭ મળી અને એમાંથી ૨૫ મંજૂર કરી છે અને ૨ નામંજૂર કરી છે. ક્યા ક્યા હેતુ માટે આપવામાં આવે છે? તો શાકભાજી, ફળ વેચનાર, શિવણ કામ કરનાર અને રસોઇ કામ-કેટરર્સ માટે પણ આ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, મારો ડાંગ જિલ્લો ૯૮ ટકા આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે. એમાં સ્વાભાવિક રીતે વિકસતી જાતિની સંખ્યા ઓછી હોય અને એ પ્રમાણે ૨૦૧૭-૧૮ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં ૨૭ અરજીઓ આવી છે. એમાંથી ૨ અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે અને ૨૭ પૈકી ૨૫ મંજૂર કરવામાં આવી તો તેમાં ૨૪ જ લાભાર્થીઓને કિટ્સ્ આપવામાં આવી છે. એક લાભાર્થીને ક્યા કારણસર આપી નથી એ મારે જાણવું છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૭ અરજી મળી એમાંથી ૨૫ અરજીઓ મંજૂર કરી દીધી છે. જે એક અરજી બાકી હતી એની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. બે અરજી જે નામંજૂર કરી છે એણે અગાઉ આ યોજનાનો લાભ મેળવેલ હોઇ એ બે નામંજૂર કરવામાં આવી છે. બાકી ટોટલ ૨૭ અરજી મળી છે અને ૨૫ મંજૂર કરી દેવામાં આવી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવું છે કે માનવ ગરીમા યોજના અંતર્ગત વિમુકત જાતિ અને અતિ પછાત જાતિઓને કયા વિશેષ લાભોની જોગવાઇ છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા ૧ લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા ૧ લાખ ૫૦ હજારની આવકમાં આ યોજનામાં છૂટછાટ કરવામાં આવેલ છે. પરંતુ પંડિત દીનદયાળ ઉપાધ્યાયના આદર્શોને વરેલી આ સરકાર પછાત વર્ગ પૈકી અતિપછાત એટલે કે છેવાડાના અંતિમ છેડે રહેતા માનવી પ્રત્યે વિશેષ સંવેદનશીલતા ધરાવે છે આથી આ યોજના અંતર્ગત વિચરતી વિમુકત જાતિ અને અતિ પછાત જાતિ માટે આ સરકારે કોઇ આવક મર્યાદા રાખેલ નથી.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા પ્રકારના ટૂલ કીટસ આપવામાં આવે છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ માનવ ગરીમા યોજના હેઠળ કુલ ૪૨ કીટસ આપવામાં આવે છે અને એ ૪૨ કીટસમાં કપડા રીપેરીંગ, સીવણ કામ, દરજી કામ, એમ્બ્રોડરી કામ, ધોબીકામ, ભરતકામ, સાવરણા-સુપડા ટોપલી કામ, બ્યુટી પાર્લર, કાપડ ઉદ્યોગ, પાપડ ઉદ્યોગ, શાકભાજી અને ફળ વેચનાર, કટલરી- હોઝીયરી હાથલારી દ્વારા વેચનાર, કટલરી હોઝીયરી સાયકલ દ્વારા વેચનાર , મીઠું, ગોળ કરિયાણુ વેચનાર, લારી ખેંચનાર, ઇંડાની લારી, વિવિધ વસ્તુઓની ફેરી, સાયકલ દ્વારા કાપડ ફેરી, ફીશ વેચનાર, માછલી પકડવી, આઇસ કેન્ડી ફેરી, સાયકલ રીપેરીંગ, સાયકલ સાથે, સાયકલ વગર, પ્લમ્બીંગ કામ, કડીયા કામ, ઇલેકટ્રોનીક વસ્તુઓનું રીપેરીંગ, પેઇન્ટીંગ, રંગકામ, મોચી કામ, ઓટો રીપેરીંગ, હેન્ડપંપ રીપેરીંગ, ચાના સાધનો, દૂધ-દહીંના વેચાણના સાધનો, અલ્પાહારના સાધનો, કેટરર્સ, રસોઇ કામ, પાન બીડીનું વેચાણ, વાળંદ કામ, ઢોલ-ત્રાંસાના સાધનો, લાઇટ ડેકોરેશન, સુથારી કામ, લુહારી કામ, નેતર વાંસકામ, સાયકલનું કામ અને કોમ્પ્યુટર રીપેરીંગ અને વાયરકામ જેવા ૪૨ જાતના કીટસ આપવામાં આવે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંગળભાઇના પ્રશ્નના જવાબમાં મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

ગાંધીનગર જિલ્લામાં જમીનોમાં શરતભંગ થવાની ફરિયાદો

* ૨૦૦૧ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૪-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનોમાં શરતભંગ થવા અંગેની ફરિયાદો સરકારને મળી, અને | (૧) સામેલ પત્રક મુજબ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનો સરકારી પડતર દાખલ કરવામાં આવી તથા કેટલી સરકારી જમીનના કબજા સરકાર દ્વારા લેવામાં આવ્યા ? (૨) સામેલ પત્રક મુજબ

પત્રક

તા. ૨૪-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં હે.આરે. ૪૨-૬૪-૯૧ ચો.મી. જમીનમાં શરતભંગ થવા અંગેની ૪૪ ફરીયાદો મળેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ હેઠળ મળેલ ફરીયાદો (કલમ ૬૫, ૬૬,૬૭) | | ગુજરાત ગણોત વહિવટ અને ખેત જમીન અધિનિયમ-૧૯૪૮ હેઠળ મળેલ ફરીયાદો | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ ફરીયાદો | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) | મળેલ ફરીયાદો | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) | મળેલ ફરીયાદો | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
| ૧ | ગાંધીનગર | ૧૦ | ૧૧-૬૯-૬૭ | ૨ | ૧-૧૯-૭૩ | ૧૨ | ૧૨-૮૯-૪૦ |
| ૨ | કલોલ | ૧૬ | ૧૨-૫૦-૦૧ | ૨ | ૩-૨૭-૯૫ | ૧૮ | ૧૫-૭૭-૯૬ |
| ૩ | દહેગામ | ૩ | ૩-૫૬-૩૦ | ૭ | ૭-૦૬-૮૦ | ૧૦ | ૧૦-૬૩-૧૦ |
| ૪ | માણસા | ૧ | ૦-૮૬-૫૭ | ૩ | ૨-૪૭-૮૮ | ૦૪ | ૩-૩૪-૪૫ |
| | કુલ | ૩૦ | ૨૮-૬૨-૫૫ | ૧૪ | ૧૪-૦૨-૩૬ | ૪૪ | ૪૨-૬૪-૯૧ |

ઉક્ત સ્થિતિએ ૫ (પાંચ) કેસોમાં હે.આરે. ૫-૭૫-૮૩ ચો.મી. જમીનમાં સરકારી પડતર દાખલ કરવામાં આવેલ છે તથા ૫ (પાંચ) કેસોમાં હે.આરે. ૫-૭૫-૮૩ ચો.મી. જમીનનો કબજો સરકાર દ્વારા લેવામાં આવેલ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે બે વર્ષની અંદર શરતભંગની ૪૪ ફરીયાદો મળી છે તો કદાચ દસ વર્ષની માગી હોત તો વધુ મળી હોત. ગયા વખતે પેપરમાં મારા કોઇ મિત્રએ લખ્યું હતું •(×××) મારા કરતા પણ વધુ માથુ ભારે નીતિનભાઇનું છે.

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે. આ *(×××) શબ્દ વપરાય જ નહીં. પેપરવાળાએ લખ્યું હોય તો પેપરવાળાને કહેતો. તમે *(×××) છો એવું અમે નથી કહેતા.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે મારા વિસ્તારમાં ઘણા બધા એવા કેસો બન્યા છે કે આખેઆખા તળાવો કહી શકાય ૨-૫-૧૦-૧૫ તળાવો કહી શકાય એવા તળાવો આખેઆખા લોકો ગળી ગયા છે. મારે એમાં નથી પડવું પણ શરતભંગની જે ફરિયાદો મળી છે એને સરકાર થોડી સીરીયસ લઇ અને જે સાચી ફરિયાદો હોય અને શરતભંગ થતી હોય એવા શરતભંગ કરવા માગે છે કે નહીં? બીજા નંબરનો મારો પ્રશ્ન છે કે કલોલ તાલુકાની અંદર, કલોલ શહેરની અંદર સરવે નંબર ૬૫૯/૨, ઘણા વર્ષોથી એ સરકારી પડતર સરવે નંબર છે. શ્રી સરકાર સરવે નંબર છે એના ઉપર બિલ્ડીંગો પણ બની ગયા છે અને એ બિલ્ડીંગોનું ખોટી રીતે ભાડુ ઉઘરાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે. તો સરકાર આ જમીનમાંથી બાંધકામ દૂર કરી એનો કબજો કેટલા સમયમાં લેવા માગે છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે શરતભંગના કેસોની વાત કરી એમાં ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકાઓમાં કુલ ૪૪ ફરિયાદો મળી છે. આમાં સરકાર તરફથી જે કાર્યવાહી થઇ છે એમાં શરતભંગ થાય અને કાર્યવાહી ઝડપથી થાય એ માટે સરકારે કરેલ કાર્યવાહીના આંકડા આપના દ્વારા હું હાઉસ સમક્ષ મૂકવા માગું છું. ૪૪ અરજીઓમાંથી સરકારે ૫ શ્રી સરકાર કરી અને કબજો પણ લઇ લીધો છે. ૨ અરજીઓ એવી છે કે એમાં દંડ કર્યો છે. ૩ અરજી એવી છે કે એમાં શરતભંગ છે નહીં એવું જાણમાં આવ્યું છે. ૧૭ અરજીઓ સુનાવણી હેઠળ ચાલુ છે અને બીજી ૧૭ અરજીઓ ચકાસણી હેઠળ છે. એટલે ૪૪ માંથી મોટાભાગની અરજીઓમાં મહેસૂલ વિભાગ તરફથી કાર્યવાહી કરવામાં આવી છે. આ શરતભંગની કાર્યવાહી વૈધાનિક જોગવાઇઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. અનેક પ્રકારની પ્રોસિજર કરવામાં આવે છે. મામલતદાર, કૃષિપંચ, પ્રાન્ત, કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી આ બધાએ વૈધાનિક પ્રોસેસ કરવાની હોય છે. એટલે એમાં સમય લાગતો હોય છે. માનનીય ધારાસભ્યશ્રીએ ૫-૬ પ્રશ્નો પૂછ્યા છે એ જાન્યુઆરી ૨૦૧૮માં પૂછ્યા છે અને એના પહેલા અમારા વિભાગે ૨૦૧૭થી આ કાર્યવાહી ચાલુ કરી છે એટલે જ્યાં સુધી શરતભંગનો સવાલ છે ત્યાં સુધી સરકાર એકદમ જાગતી છે. આવો બનાવ ન બને અને જો બને તો કાયદામાં જે કાંઇ જોગવાઇઓ છે એનો અમલ કરવા સરકાર કટિબદ્ધ છે. એમના જે બે સ્પેસિફિક પ્રશ્નો છે એમાં કલોલ પ્રોપરમાં એમણે વાત કરી એમાં પણ મહેસૂલ વિભાગે કાર્યવાહી કરી છે. મોજે કલોલ તાલુકા કલોલના સરવે બ્લોક નં. ૬૭૯/૨ માણેકબાગ પાર્ટી પ્લોટ, કલોલની હેકટર ૧, ૩૮ આરે ૧૪ ચોરસમીટર વાળી પ્રતિબંધિત

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

સત્તા પ્રકારની જમીનમાં બિન ખેતી પરવાનગી મેળવ્યા સિવાય બિન પરવાનગીએ પાર્ટી પ્લોટ તથા અન્ય કાચું-પાકું બાંધકામ કરેલ હોઇ, જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫ તથા ગણોત ધારાની કલમ ૬૩ ના ભંગ બદલ શરતભંગ અન્વયે પગલા લેવાની રજૂઆત મળેલ હતી. આ કામ છેલ્લે મામલતદાર અને કૃષિપંચશ્રી કલોલે તેઓના તા. ૧૬-૫-૨૦૧૫ના હુકમથી જમીન સરકાર હસ્તક દાખલ કરવા જણાવેલ છે. જે અન્વયે સદરહુ હુકમ સામે નાયબ કલેકટરશ્રી (જ.સુ) સમક્ષ અપીલ દાખલ થતાં નાયબ કલેકટરશ્રી (જ.સુ)અપીલ ગાંધીનગરે તેઓના તા. ૩૦-૧૦-૨૦૧૭, એમણે પ્રશ્ન પૂછ્યો એ પહેલા વિભાગે કાર્યવાહી ચાલુ કરી દીધી છે. તા. ૧૬-૫-૨૦૧૫ના હુકમને કાયમી ઠરાવેલ છે તેમજ જે તે વખતે બચુભાઇ મંગળદાસ પટેલ વગેરેએ સદર જમીન બાબતે નામદાર સિવિલ કોર્ટ, કલોલમાં ૧૦૦/૧૭ તા. ૨૬-૭-૨૦૧૭ના રોજ અપીલ દાખલ કરેલ છે. જેની આગામી મુદ્દત તા. ૨૩-૩-૨૦૧૮ છે. આ મેટર સબ જ્યુડિસ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સબ જ્યુડિસ હોય તો સ્ટે આપ્યો હોય.

અધ્યક્ષશ્રી : દરેકમાં સ્ટે આપે જ એવું જરૂરી નથી હોતું. તમારી વાત કહો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : તમે કહો છો કે કાર્યવાહી કરી છે તો એનો વાંધો નથી પણ માહિતી આપો છો કે સ્ટે નથી. સ્ટે ન હોય એટલે સરકારી દબાણ દૂર કરવામાં કોઇ મુશ્કેલી હોઇ શકે નહીં.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે, ગુજરાત ગણોત અધિનિયમ હેઠળ ૧૪ ફરિયાદો શરત ભંગની મળેલ છે અને એના માટે કાર્યવાહી કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે આ શરતભંગની કાર્યવાહી કેવી રીતે કરવામાં આવે છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫ અન્વયે બિનખેતી પરવાનગી આપવામાં આવેલ હોય તો તેમાં નક્કી કરેલ શરતોનો ભંગ થતો હોય તો તેને શરતભંગ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. જે હેતુ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવેલ હોય તે હેતુ સિવાયનો ઉપયોગ થયો હોય તો જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૭ અન્વયે શરતભંગની કાર્યવાહી કરવામાં આવે છે. જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫ બિનખેતી પરવાનગી મેળવીને બાંધકામ શરૂ કરવાની જોગવાઇ છે તેમ છતાં બિનખેતી પરવાનગી લીધા વગર બાંધકામ કરેલ હોય તો કલમ ૬૫ નો ભંગ થાય અને આ અંગે કલમ ૬૬ અન્વયે શરતભંગની કાર્યવાહી કરવામાં આવે છે. જમીન મહેસૂલ કાયદા અન્વયે ખેતીના હેતુ માટે જમીન ગ્રાન્ટ કરવામાં આવે તેવા કિસ્સામાં ગ્રાન્ટની શરતોનું પાલન થતું ના હોય તો શરતભંગ ગણવામાં આવે છે અને આવા શરતભંગમાં લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૯ હેઠળ શરતભંગની કાર્યવાહી કરવામાં આવે છે. શરતભંગવાળી જમીનોને ખાલસા કરી સરકાર સદરે દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે તથા જમીનનો કબજો સરકાર તરફે લેવામાં આવે છે. જે હેતુ માટે જમીન ગ્રાન્ટ કરવામાં આવી હોય તે હેતુ સિવાયનો ઉપયોગ કરવામાં આવે તો શરતભંગ ગણવામાં આવે છે અને તે અન્વયે ઉપર મુજબની કાર્યવાહી કરવામાં આવે છે. ગણોત ધારાની કલમ ૬૩ અને ૪૩ નો ભંગ થાય તેવા કિસ્સામાં ગણોત ધારાના ભંગ બદલ શરતભંગ ગણવામાં આવે છે અને આ શરતભંગ બદલ ગણોત ધારાની કલમ ૮૪-સી હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જમીન મહેસૂલ કાયદાઓની કલમ ૬૫, ૬૬, ૬૭ અને ગણોત ધારાની કલમો અન્વયે શરતભંગ થાય છે એ તો ખેડૂતો ઉપર થાય છે પણ જે જમીન સરકારે જે હેતુ માટે આપી દા.ત. આઇ.ટી. હબ માટે આપી હોય, સત્યમ કોમ્પ્યુટર્સને ૩ લાખ ચોરસ મીટર જમીન આપી હોય આ જમીનોનો એ હેતુ માટે ગાંધીનગરના આંગણે ઉપયોગ થયો નથી તો જે હેતુ માટે જમીન આપી છે એ હેતુ સિવાય જમીનનો ઉપયોગ થઇ ગયો અને સરકારે આ જમીન મફતના ભાવે આપી હોય એ ઉપર શરતભંગ દાખલ કરવાની કોઇ ફરિયાદો મળી છે કે કેમ? અને મળી હોય તો કયા સ્ટેજે ચાલે છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લેન્ડ રેવન્યુ કોડની કલમ નીચે સરકારી જમીન ફાળવી આપેલી હોય તેવા કેસોમાં શરતભંગના ૨ કેસ થયા છે. આ બંને કેસો આજે સુનાવણી હેઠળ ચાલુ છે. એટલે સરકારે જમીન આપી હોય અને એમાં પણ શરતભંગ થયો હોય તો પણ સરકાર અને અમારું વિભાગ કામગીરી કરવા તત્પર છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે મુંબઇ ગણોત અધિનિયમ હેઠળ શરતભંગ બાબતે કઇ રીતે કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઇ ગણોત વહીવટ અધિનિયમ હેઠળ શરત ભંગ કરવામાં આવે તો અધિનિયમ ૧૯૪૮ રાજ્યમાં અમલમાં છે અને ગણોત ધારાની જોગવાઇ મુજબ રાજ્યમાં કામગીરી થાય છે. ગણોત ધારાની કલમ ૬૩ અન્વયે બિનખેડૂતોને ખેતીની જમીન વેચી શકાતી નથી તેથી બિનખેડૂતને ખેતીની જમીન વેચવામાં આવે તો ગણોત ધારાની કલમ ૬૩ ના ભંગ બદલ ગણોત ધારાની કલમ ૮૪-સી હેઠળની કાર્યવાહી કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે ગણોત ધારા હેઠળ મળેલ જમીન પ્રતિબંધિત સત્તા પ્રકારની ગણવામાં આવે છે અને આવી જમીનો વેચતા પહેલા કલેક્ટરશ્રીની પૂર્વ મંજૂરી લેવાની જોગવાઇ છે તેમ કરવામાં ચૂક કરવામાં આવે તો ગણોત ધારાના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવે છે. આ માટે ગણોત ધારાની કલમ ૮૪-સી મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. ગણોત ધારાના ભંગ બદલ ઉપર મુજબ કાર્યવાહી કરવાની કાયદામાં જોગવાઇ છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું કે સબ જ્યુડીશ મેટર છે અને કોર્ટમાં કેસો છે. જે કેસો શરતભંગ થયા છે અને જે આસામી કોર્ટમાં ગયા અને કોર્ટે સ્ટે આપ્યો એની સામે કાર્યવાહી ન થાય એ બરાબર છે પણ શરતભંગ થયા પછી જે આસામી કોર્ટમાં ગયા છે અને કોર્ટે સ્ટે નથી આપ્યો એવા કિસ્સાઓની અંદર રાજ્ય સરકાર આ જમીનો રાજ્ય સરકાર હેડે દાખલ કરવા માગો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : આગળ કાર્યવાહી કરવા માગો છો કે નહીં?

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : નહીં, સ્ટે નથી આપ્યો. સ્ટે આપ્યો હોય તો બરાબર છે પણ સ્ટે નથી આપ્યો તો એ જમીનનો કબજો લેવામાં સરકારને શું તકલીફ છે?

અધ્યક્ષશ્રી : એટલે કબજો ન આવે સીધો, કાર્યવાહી આવે પહેલા.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : કબજો લેવો પડે સાહેબ. કબજો લઇ જ શકાય.

અધ્યક્ષશ્રી : કાર્યવાહી કરીને કબજો લેવાય.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : કાર્યવાહી કરીને કબજો લેવાય પણ સવાલ એટલો જ છે કે કબજો લેવા માગો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : એટલે આગળ કાર્યવાહી કરવા માગો છો કે નહીં?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીની જે ચિંતા છે મારો વિભાગ, અમારી સરકાર જે કંઇ કાર્યવાહી કરવાની હશે એ ઝડપથી કરશે. આ કેસની અંદર ભલે સ્ટે ન મળ્યો હોય મુદત છે એની માર્ચ–૨૦૧૮માં એનો શું નિકાલ આવે છે, એના સિવાય અરજદારને ૯૦ દિવસ સુધીનો અપીલ કરવાનો અધિકાર છે એને ૧૦ દિવસ પૂરા થયા છે. તાત્કાલીક કાર્યવાહી કરીશું.

### ખેડા જિલ્લામાં ચૂકવેલ મરણોત્તર સહાય

* ૨૯૯૮ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૬૧ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૫૮ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૫,૭૦,૦૦૦/– |

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના શું છે અને તેના પાત્રતાના ધોરણો શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે સૂર્યવંશી રાજા હરિશ્ચંદ્રએ સત્યને ખાતર સ્મશાનગૃહમાં અગ્નિસંસ્કાર માટે ફી ઉઘરાવવાની જવાબદારી સ્વીકારેલી અને પોતાના જ પુત્રના અગ્નિસંસ્કાર અટકાવેલા. મહાત્મા ગાંધીએ પણ તેની આત્મકથા સત્યના પ્રયોગોમાં લખ્યું છે કે તેમણે સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર નામનું નાટક જોયેલું અને તેમણે સત્ય માટેની પ્રતિજ્ઞા હરિશ્ચંદ્રના જીવનમાંથી લીધેલી. આજે પણ સત્ય બોલનાર માટે કહેવતરૂપે એવું કહેવાય છે કે આ મોટો સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર થઇ ગયો તેમ કહીએ છીએ. અમારો આ વિભાગ ભારતીય સંસ્કૃતિને વરેલો છે અને આ યોજનાને પણ અમે હરિશ્ચંદ્રનું નામ આપીને આ મહાન પાત્રને શ્રદ્ધાંજલિ આપેલી છે. સભ્યશ્રીનો પ્રશ્ન છે રાજા હરિશ્ચંદ્ર મહણોત્તર સહાય યોજના શું છે અને તેના પાત્રતાના ધોરણો શું છે? માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે આ યોજના તા. ૧૦–૧૧–૨૦૦૦ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના હેઠળ નબળી આર્થિક પરિસ્થિતિવાળા અનુસૂચિત જાતિના કુટુંબના સભ્યોને મૃત્યુ પ્રસંગે મરણોત્તર ક્રિયા માટે નાણાકીય સહાય આપવામાં આવે છે. મરણોત્તર સહાય ૫૦૦૦ રૂ. આપવામાં આવે છે. સહાય માટે આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/– છે. પાત્રતાના માપદંડોની વાત કરી છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે અરજદાર અનુસૂચિત જાતિનો હોવો જોઇએ. કુટુંબના સભ્યોએ મૃત્યુના ૬ માસમાં અરજી કરવાની હોય છે અને અરજી સાથેના પુરાવાની વાત કરું તો મરણ પામનારનું મૃત્યુ નોંધણી પ્રમાણપત્ર, આવક તથા જાતિના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રો અને રહેઠાણના પુરાવા જેવા પુરાવાઓ રજૂ કરવાના હોય છે.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગું છું કે જે પ્રકારના આઇ.ટી.ના કોર્સ ચલાવવામાં આવે છે. હાલ ગુજરાતની અંદર...

અધ્યક્ષશ્રી : કયા પ્રશ્નમાં પૂછી રહ્યા છો?

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮

અરાંકિત પ્રશ્નો

શ્રી નૌશાદજી ભ. સોલંકી : ક્ષમા માગું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું પૂછવા માગુ છું કે આ લાભ છે એમાં આવક મર્યાદા કેટલી હોવી જોઇએ અને આવક મર્યાદામાં વધારો કરવા માગો છો કે નહીં?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉના જવાબમાં કહ્યું તે મુજબ સહાય માટે ગ્રામ્ય વિસ્તાર માટે આવક મર્યાદા ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા ૧,૫૦,૦૦૦/- છે. માનનીય સભ્યશ્રીએ જે આવક મર્યાદા વધારવાની વાત કરે છે તે એમનું સૂચન છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખેડા જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી? નામંજૂર કર્યાનાં કારણો તથા કેટલી સહાય ચુકવી તેની વિગતો આપશો?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ એક પ્રશ્નની અંદર ૫ જેટલા પ્રશ્નો પૂછ્યા છે, એટલે જવાબ લાંબો છે.

અધ્યક્ષશ્રી : બ્રાહ્મણ છે એટલે એકસામટું માગી લીધું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : આપના દ્વારા આ સન્માનનીય ગૃહને જણાવવા માગુ છું કે ખેડા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં માત્ર ૩ અરજીઓ આવેલ છે. અરજદાર અનુસૂચિત જાતિના ન હોવાના કારણે યોજના હેઠળ નામંજૂર કરવામાં આવેલ છે. આજની તારીખે તમામ અરજીઓમાં સહાય ચુકવવામાં આવેલ છે. નડિયાદ તાલુકામાં મળેલ અરજી ૨૧ અને મંજૂર અરજી ૨૦ અને નામંજૂર અરજી ૧, ચુકવેલ સહાય ૧ લાખ રૂપિયા, ખેડા તાલુકામાં મળેલ અરજી ૨૨, મંજૂર અરજી ૨૨ અને નામંજૂર અરજી શૂન્ય, ચુકવેલ સહાય ૧,૧૦,૦૦૦. મહેમદાવાદ તાલુકામાં મળેલ અરજી ૧૧, મંજૂર અરજી ૧૧ અને નામંજૂર અરજી શૂન્ય, ચુકવેલ સહાય ૫૫,૦૦૦. મહુધા તાલુકામાં મળેલ અરજી ૭, મંજૂર અરજી ૭ અને નામંજૂર અરજી શૂન્ય, ચુકવેલ સહાય ૩૫,૦૦૦, માતર તાલુકામાં મળેલ અરજી ૧૧, મંજૂર અરજી ૧૧ અને નામંજૂર અરજી શૂન્ય, ચુકવેલ સહાય ૫૫,૦૦૦. કપડવંજ તાલુકામાં મળેલ અરજી ૨૯, મંજૂર અરજી ૨૭, નામંજૂર અરજી ૨, ચુકવેલ સહાય ૧,૩૫,૦૦૦. કઠલાલ તાલુકામાં મળેલ અરજી ૭, મંજૂર અરજી ૭, નામંજૂર અરજી શૂન્ય, ચુકવેલ સહાય ૩૫,૦૦૦. વસો તાલુકામાં મળેલ અરજી ૬, મંજૂર અરજી ૬ અને નામંજૂર અરજી શૂન્ય, ચુકવેલ સહાય ૩૦,૦૦૦. ગલતેશ્વર તાલુકામાં મળેલ અરજી ૨૪, મંજૂર અરજી ૨૪, નામંજૂર અરજી શૂન્ય, ચુકવેલ સહાય ૧,૨૦,૦૦૦. ઠાસરા તાલુકામાં મળેલ અરજી ૨૩, મંજૂર અરજી ૨૩, નામંજૂર અરજી શૂન્ય, ચુકવેલ સહાય ૧,૧૫,૦૦૦. આમ કુલ મળેલ અરજી ૧૬૧ મંજૂર ૧૫૮, નામંજૂર કરેલ અરજી ૩ અને ચુકવેલ સહાય કુલ રૂપિયા ૭,૯૦,૦૦૦.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખેડા જિલ્લામાં છેલ્લાં ૫ વર્ષમાં મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ થયો અને કેટલા લાભાર્થીઓને ચુકવણી થઇ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જણાવવા માગુ છું કે છેલ્લાં ૫ વર્ષમાં ૨૦૧૩-૧૪ માં ૪.૭૫ લાખ રૂપિયા અને લાભાર્થીની સંખ્યા ૧૯૦ અને ૨૦૧૪-૧૫ માં ૬.૨૮ લાખ રૂપિયા અને લાભાર્થીની સંખ્યા ૨૧૩, ૨૦૧૫-૧૬ માં ૫.૫ લાખ રૂપિયા અને લાભાર્થીની સંખ્યા ૧૦૧, ૨૦૧૬-૧૭ માં ૨૨.૯૦ લાખ રૂપિયા અને લાભાર્થીની સંખ્યા ૪૫૮. ૨૦૧૭-૧૮ માં ૫.૭૦ લાખ રૂપિયા લાભાર્થીની સંખ્યા ૧૫૮ કુલ ૪૪.૬૮ લાખ રૂપિયા અને લાભાર્થીની સંખ્યા ૧૧૩૭ જેટલી છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી ફાસ્ટ ટ્રેકમાં છે. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અરાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

રાજ્યમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીની તાલીમ

* ૩૦૩૨ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીને લગતા ક્યા વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવે છે ? | ૧. સર્ટીફીકેટ કોર્ષ ઈન ઈ-કોમર્સ<br>૨. કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ<br>૩. ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર<br>૪. ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ ઈલેક્ટ્રોનીક્સ સિસ્ટમ્સ મેન્ટેનન્સ<br>૫. સર્ટીફીકેટ કોર્ષ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ<br>૬. સર્ટીફીકેટ કોર્ષ ઈન કોમ્પ્યુટર એડેડ ડિઝાઈન એન્ડ ઓટોકેડ-૨૦૦૦<br>૭. સર્ટીફીકેટ કોર્ષ ઈન વેબ ડિઝાઈન<br>૮. સર્ટીફીકેટ કોર્ષ ઈન મલ્ટીમિડિયા ટેકનોલોજી એન્ડ |

ડીટીપી
૯. કોમ્પ્યુટર નેટવર્ક આસિસ્ટન્ટ
૧૦. ડોમેસ્ટિક ડેટા એન્ટ્રી ઓપરેટર
૧૧. સર્ટીફીકેટ કોર્ષ ઈન હાર્ડવેર ટેકનોલોજી નેટવર્ક એન્ડ એડમિનિસ્ટ્રેશન.

---------

સુરત જીલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૩૫૧૧ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય કચેરીમાં કરવામાં આવી, | (૧) ૪૦૯૨૬ |
| (૨) વર્ષ–૨૦૧૭માં કેટલા બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને | (૨) ૩૫૧૨૩ |
| (૩) બાકી રહેલ બેરોજગારો માટે રાજ્ય સરકારે શાં પગલાં ભર્યા ? | (૩) આ અંગે નોકરીદાતાઓની માંગણી મુજબ ઉમેદવારોની ભલામણ ઉપરાંત ઔદ્યોગિક ભરતી મેળા અને લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે. તેમજ સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. |

---------

વલસાડ જિલ્લામાં કન્યાઓને સાયકલ વિતરણ

* ૩૦૦૬ શ્રી અરવિંદ પટેલ (ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩૩૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૩૩૫ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૧૩૩૫ |

---------

ભરૂચ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના

* ૩૫૬૬ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જીલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૧૫ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮૬ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૨૮૬ લાભાર્થીઓને રૂ. ૯,૩૯,૩૮૮/– (અંકે રૂપિયા નવ લાખ ઓગણચાલીસ હજાર ત્રણસો અઠ્યાસી પુરા) રકમ ચુકવવામાં આવી. |

---------

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

યાત્રાધામો ખાતે સ્વચ્છતાની કામગીરી

* ૩૦૫૨ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષ દરમિયાન તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગુજરાતના મહત્વના યાત્રાધામો ખાતે ઉચ્ચકક્ષાની સ્વચ્છતા જાળવવાની કામગીરી ખાનગી સંસ્થાઓને આપવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી ટેન્ડર કરીને આપવામાં આવેલ કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કઈ એજન્સીઓને કયા યાત્રાધામોની કામગીરી સોંપેલ છે ? | (૩) |

| ક્રમ | એજન્સીનું નામ | યાત્રાધામ |
|---|---|---|
| (૧) | મે. રાજદીપ એન્ટરપ્રાઈઝ | શામળાજી |
| | | ડાકોર |
| (૨) | મે. ઓલ સર્વિસ ગ્લોબલ પ્રા.લી. | અંબાજી |
| | | પાલીતાણા |
| (૩) | મે. બી. વી. જી. ઈન્ડિયા લી. | સોમનાથ |
| | | દ્વારકા |
| (૪) | મે. ડી. જી. નાકરાણી | પાવાગઢ |

---------

રાજકોટ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં હક્કપત્રક નોંધો

* ૩૦૨૧ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) રાજકોટ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નીચે મુજબ હક્કપત્રક નોંધ નિકાલ બાકી છે. |

| ઈ–ધરા કેન્દ્ર નામ | બાકી નોંધની સંખ્યા |
|---|---|
| રાજકોટ શહેર (પૂર્વ) | ૨૦ |
| રાજકોટ શહેર (પશ્ચિમ) | ૧૨ |
| ઈ–ધરા કેન્દ્ર નામ | બાકી નોંધની સંખ્યા |
| રાજકોટ શહેર (દક્ષિણ) | ૨૩ |
| રાજકોટ તાલુકા | ૬૬૭ |
| કોટડા સાંગાણી | ૨૯૪ |
| લોધીકા | ૩૯૮ |
| પડધરી | ૩૬૧ |
| ગોંડલ | ૮૨૮ |
| જેતપુર | ૩૦૧ |
| ધોરાજી | ૮૧૩ |
| ઉપલેટા | ૬૨૦ |
| જામકંડોરણા | ૩૦૩ |
| જસદણ | ૬૭૫ |
| વિછીંયા | ૪૭૨ |
| કુલ | ૫૭૮૭ |

| | |
|---|---|
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

## અતારાંકિત પ્રશ્નો

* ૩૫૩૮ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૬૫૬ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજુર કરી, અને | (૨) ૬૫૨ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ. ૬૫.૨૦ લાખ. |

---------

### પાટણ અને દાહોદ જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ

* ૩૭૭૧ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બાંધકામ શ્રમિકોને કડીયાકામ, સુથારકામ, પ્લમ્બિંગ કામની ઉચ્ચ કૌશલ્ય તાલીમ પાટણ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકોને આપવામાં આવી, અને

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત તાલીમ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) જિલ્લાવાર બાંધકામ શ્રમિકોને આપવામાં આવેલ તાલીમની વિગત નીચે પ્રમાણે છે.

| જિલ્લો | શ્રમિકોની સંખ્યા |
|---|---|
| પાટણ | ૯૩૬ |
| દાહોદ | ૬૧૧ |

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂા. લાખમાં)

| વર્ષ | પાટણ | દાહોદ |
|---|---|---|
| ૨૦૧૬ | ૩૬.૦૦ | ૪.૨૩ |
| ૨૦૧૭ | ૬૫.૧૭ | ૪૩.૨૯ |

---------

### માળીયામાં પુર હોનારતમાં સહાય

* ૩૧૬૯ શ્રી બ્રિજેશ મેરજા (મોરબી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) માળીયા (મિં) તાલુકામાં વર્ષ ૨૦૧૭ના ચોમાસા વખતે પુર હોનારતની સ્થિતિ સર્જાયેલી, તે અન્વયે તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ પુરગ્રસ્તોને કેટલી સહાય, કેવા પ્રકારની સહાય કરવામાં આવેલી, અને

જવાબ

(૧)

| ક્રમ | સહાયની વિગત | | ચુકવવાપાત્ર વ્યક્તિઓની સંખ્યા | ચુકવેલ વ્યક્તિઓની સંખ્યા | ચુકવેલ રકમ (રૂા.) | ચુકવવાની બાકી રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કેશડોલ્સ | ગ્રામ્ય | ૩૧૨૨ | ૩૧૨૨ | ૫,૦૨,૭૮૫ | ૦ |
| | | શહેરી | ૧૯૭૨૪ | ૧૯૭૨૪ | ૩૬,૩૨,૮૭૦ | ૦ |
| ૨ | ઘરવખરી સહાય | ગ્રામ્ય | ૪૯૬ | ૪૮૨ | ૧૮,૮૪,૮૦૦ | ૫૯૮૪૦ |
| | | શહેરી | ૩૭૦૦ | ૩૭૦૦ | ૧,૩૮,૪૨,૯૦૦ | ૦ |
| ૩ | મકાન સહાય | ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ |
| | | શહેરી | ૭ | ૭ | ૬૩,૦૦૦ | ૦ |
| ૪ | માનવ મૃત્યુ | ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ |
| | | શહેરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પશુ મૃત્યુ | ગ્રામ્ય | ૪ | ૪ | ૯૩,૦૦૦ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | શહેરી | ૫૬ | ૫૬ | ૨,૩૧,૦૦૦ | ૦ |
| ૬ | પાક નુકશાની | ગ્રામ્ય/ શહેરી | ૧૮૯૮ | ૧૮૧૮ | ૨,૯૪,૦૦,૦૦૦ | ૧૦,૮૩,૦૦૦ |
| ૭ | જમીન ધોવાણ | ગ્રામ્ય/ શહેરી | ૭૧૬ | ૭૧૬ | ૮૮,૧૫,૦૦૦ | ૦ |

(૨) બાકીની સહાય ચૂકવવા શું તજવીજ હાથ ધરાયેલ છે ?

(૨) વર્ષાઋતુ-૨૦૧૭ દરમિયાન માળીયા (મિં.) તાલુકાના ગ્રામ્ય વિસ્તારના હરીપર ગામના-૧૦, નવા ગામના-૨ તથા ખીરઈ ગામના-૨ મળી કુલ ૧૪ કુટુંબો મંજૂરી અર્થે બહાર રહેતા હોઈ અને ખાતા નંબર મળેલ ન હોઈ રૂા. ૫૯,૮૪૦/- (ઓગણસાઈઠ હજાર આઠસો ચાલીસ પુરા) સહાય ચુકવી શકાયેલ નથી. જે ખાતા નંબર મળ્યેથી તાત્કાલિક ધોરણે ચુકવી આપવામાં આવશે. તેમજ પાક નુકશાની સહાય પેટે કુલ ૮૦ લાભાર્થીઓને રૂ. ૧૦,૮૩,૦૦૦/ (અંકે રૂ. દસ લાખ ત્યાંસી હજાર પુરા) ફોર્મમાં પુર્તતાના કારણે ચુકવવાના બાકીમાં છે. જે કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

---------

ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણી બાબત

* ૩૭૫૬ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી, પડતર, ગૌચર અને ખરાબાની કેટલી જમીન શા ભાવે કયા હેતુ માટે કોને ફાળવવામાં આવી, અને

(૧) સામેલ પત્રક મુજબ

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ ક્યા પ્રકારની કેટલી જમીનની માંગણી ક્યારે કોના દ્વારા ક્યા હેતુ માટે કરવામાં આવેલ હતી ?

(૨) સામેલ પત્રક મુજબ

પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | જમીનનો પ્રકાર | જમીનની વસૂલ કરેલ કિંમત/ભાવ | ફાળવણીનો હેતુ | ફાળવેલ કુલ ક્ષેત્રફળ હે-આરે-ચોમી | કોને ફાળવી (ફાળવવામાં આવેલ અરજદાર/સંસ્થાનું નામ) | અરજીની તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | સરકારી પડતર | રૂ. ૧/- ટોકન દરે | રમત ગમતનું મેદાન | ૪૦૪૭ ચોમી | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર | ૨૦-૦૬-૧૧ |
| | | | મહેસૂલ માફીથી (વિના મૂલ્યે) | પ્રાથમિક શાળાના ઓરડાના બાંધકામ માટે | ૫૦૨ ચોમી | | |
| ૨ | ગાંધીનગર | સરકારી પડતર | વિના મૂલ્યે | લેન્ડ ફીલ સાઈટ (ઘન કચરાના નિકાલ માટે) | ૨૦૨૩૫ ચોમી | ચીફ ઓફિસરશ્રી, પેથાપુર નગરપાલિકા | ૧૦-૦૨-૧૬ |
| ૩ | ગાંધીનગર | તળાવ | વિના મૂલ્યે | મૃત્ત પશુઓના નિકાલ માટે | ૨૨૬ ચોમી | સરપંચશ્રી, ગ્રામ પંચાયત, શેરથા | ૨૪-૦૬-૧૬ |
| ૪ | ગાંધીનગર | સરકારી પડતર | વિના મૂલ્યે | ઈકોલોજીકલ પાર્ક | ૬૮૪૨૨૧ ચોમી | નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર | ૩૦-૦૧-૧૭ |
| ૫ | ગાંધીનગર | સરકારી | વિના મૂલ્યે | લેન્ડ ફીલ | ૨૦૨૩૫૦ | કમીશનરશ્રી, | ૦૪-૦૩- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પડતર | | સાઈટ (ઘન કચરાના નિકાલ માટે) | ઓમી | ગાંધીનગર મહાનગરપાલિકા | ૧૭ |
| ૬ | દહેગામ | પ્રશ્ન નથી | પ્રશ્ન નથી | પ્રશ્ન નથી | શૂન્ય | પ્રશ્ન નથી | પ્રશ્ન નથી |
| ૭ | કલોલ | પ્રશ્ન નથી | પ્રશ્ન નથી | પ્રશ્ન નથી | શૂન્ય | પ્રશ્ન નથી | પ્રશ્ન નથી |
| ૮ | માણસા | પ્રશ્ન નથી | પ્રશ્ન નથી | પ્રશ્ન નથી | શૂન્ય | પ્રશ્ન નથી | પ્રશ્ન નથી |

---------

મહેસાણા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની આદર્શ નિવાસી શાળાઓ

* ૨૯૮૧ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે, અને

(૨) મહેસાણા જિલ્લામાં આવેલ આદર્શ નિવાસી શાળાઓમાં છેલ્લાં બે શૈક્ષણિક વર્ષમાં એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું કેટલા ટકા પરિણામ આવેલ છે ?

જવાબ

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત તાલીમ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) જિલ્લાવાર બાંધકામ શ્રમિકોને આપવામાં આવેલ તાલીમની વિગત નીચે પ્રમાણે છે.

| જિલ્લો | શ્રમિકોની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૭૫૪ |
| ગીરસોમનાથ | ૧૬ |

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂપિયા લાખમાં)

| વર્ષ | જૂનાગઢ | ગીરસોમનાથ |
|---|---|---|
| ૨૦૧૬ | ૦૦ | ૦૦ |
| ૨૦૧૭ | ૬૭.૦૪ | ૦.૩૫ |

---------

તાપી અને નવસારી જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.

* ૩૮૩૮ શ્રી સુનિલભાઈ ગામીત (નિઝર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. આવેલી છે,

(૨) ઉક્ત આઈ.ટી.આઈ.વાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) ઉક્ત જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી જગ્યાઓ ભરેલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) ૧. તાપી જિલ્લામાં કુલ–૦૭ સરકારી આઈ.ટી.આઈ. આવેલ છે.

(૧) ડોલવણ–૦૧ (૨) કુકરમુંડા–૦૧ (૩) નિઝર–૦૧ (૪) સોનગઢ–૦૧ (૫) ઉચ્છલ–૦૧ (૬) વાલોડ–૦૧ (૭) વ્યારા–૦૧

૨. નવસારી જિલ્લામાં કુલ–૦૯ સરકારી આઈ.ટી.આઈ. આવેલ છે.

(૧) ચીખલી–૦૨ (૨) ગણદેવી–૦૨ (૩) જલાલપોર–૦૧ (૪) ખેરગામ–૦૧ (૫) નવસારી–૦૨ (૬) વાંસદા–૦૧

(૨) પત્રક–૧ મુજબ

(૩) પત્રક–૧ મુજબ

(૪) વહીવટી અનુકુળતા ધ્યાને લઈ બનતી ત્વરાએ.

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮
અતારાંકિત પ્રશ્નો

---------

સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના

* ૩૫૭૩ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૪૨૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૨૧ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૪૨૧ લાભાર્થીઓને રૂ. ૪,૯૩,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ તાણુ હજાર પુરા)ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી. |

---------

અમરેલી અને બોટાદ જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચૂકવવા બાબત

* ૩૭૫૪ શ્રી અમરિષભાઈ ડેર (રાજુલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઔદ્યોગિક એકમોમાં અકસ્માતને કારણે મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન કે અન્ય પ્રકારે કેટલું વળતર ચૂકવવામાં આવે છે, | (૧) ઔદ્યોગિક એકમોમાં અકસ્માતમાં મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને કે ઘાયલ થયેલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન એકટ હેઠળ તેમજ ESIC નિર્દિષ્ટ વિસ્તારમાં ESIC એકટ હેઠળ શ્રમિકના માસિક વેતન તેમજ તેની ઉંમર આધારીત સુચકાંક મુજબ નક્કી થતા દરે વળતર ચૂકવવામાં આવે છે. |
| (૨) તે અન્વયે અમરેલી અને બોટાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મૃત્યુ પામેલ કેટલા શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું અને કેટલાને વળતર ચૂકવવાનું બાકી છે, અને | (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂકવેલ વળતરની વિગત નીચે મુજબ છે. |

| જિલ્લો | મૃત્યુ પામેલ શ્રમિકોની સંખ્યા | વળતર ચૂકવેલ શ્રમિકોની સંખ્યા | ચૂકવેલ વળતર (રૂપિયા લાખમાં) | ઘાયલ શ્રમિકોની સંખ્યા | ચૂકવેલ વળતર (રૂપિયા લાખમાં) | વળતર ચૂકવવાનું બાકી શ્રમિકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| અમરેલી | ૦૫ | ૦૩ | ૪૦.૫૮ | ૦ | ૦ | ૨ (WC) |
| બોટાદ | ૦ | ૦ | ૦૦ | ૦ | ૦ | ૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) બાકી રહેલાને વળતર ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) વર્કમેન કમ્પેસેશન એકટ હેઠળ મળવાપાત્ર વળતર નામદાર લેબરકોર્ટ દ્વારા નિર્ણય થયેથી કારખાનાના માલિક દ્વારા નિશ્ચિત રકમ ચુકવવામાં આવશે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં સંત સુરદાસ યોજના

* ૩૫૬૭ શ્રી શશીકાંત પંડ્યા (ડીસા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૯૪ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૭૬ લાભાર્થીઓને રૂા.૨,૩૬,૦૦૦/– (અંકે રૂ. બે લાખ છત્રીસ હજાર પુરા)ની રકમ ચૂકવવામાં આવી. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના

* ૩૫૬૫ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૨૪૮ |

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૭૯ |
| ૨ | જેતપુરપાવી | ૩૧૯ |
| ૩ | ક્વાંટ | ૫૨૫ |
| ૪ | બોડેલી | ૨૪૫ |
| ૫ | સંખેડા | ૪૪ |
| ૬ | નસવાડી | ૭૩૬ |
| કુલ | | ૨૨૪૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, કેટલી નામંજુર કરી, અને | (૨) મંજુર અરજીઓ – ૧૬૬૨<br>નામંજુર અરજીઓ – ૫૮૬ |

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૭૯ | ૦ |
| ૨ | જેતપુરપાવી | ૩૧૬ | ૩ |
| ૩ | ક્વાંટ | ૩૨૦ | ૨૦૫ |
| ૪ | બોડેલી | ૨૦૦ | ૪૫ |
| ૫ | સંખેડા | ૨૦ | ૨૪ |
| ૬ | નસવાડી | ૪૨૭ | ૩૦૯ |
| કુલ | | ૧૬૬૨ | ૫૮૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ? | (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે. |

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી | ૨૪૫ |
| બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા ન હોવાથી | ૩૨૨ |
| અવસાન થવાથી | ૧૯ |
| કુલ | ૫૮૬ |

---------

### આણંદ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના

* ૩૫૪૦ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ છેલ્લા બે નાણાકીય વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૨૫૧ |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૦૭ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૭૯.૧૯ લાખ |

---------

### અંબાજી યાત્રાધામમાં યાત્રાળુઓની સુવિધા

* ૫૬૫૧ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાદરવી પુનમના મેળા દરમ્યાન વર્ષ ૨૦૧૭માં | (૧) ભાદરવી પૂનમના મેળા દરમ્યાન વર્ષ–૨૦૧૭માં |

## અતારાંકિત પ્રશ્નો

કેટલા પદયાત્રીઓએ શ્રી આરાસુરી અંબાજી માતાના દર્શન માટે અંબાજીની યાત્રા કરી,

કુલ ૨૬,૭૩,૪૯૨ પદયાત્રીઓએ શ્રી આરાસુરી માતાના દર્શન માટે અંબાજીની યાત્રા કરી.

(૨) પદયાત્રીઓની સુવિધા માટે શું વ્યવસ્થા કરવામાં આવી, અને

(૨) પદયાત્રીઓની સુવિધા માટે રેલીંગ, પીવાના પાણીની સગવડ, લીંબુ સરબત, સીનીયર સીટીઝન માટે વ્હિલ ચેરની વ્યવસ્થા, ભેટ કેન્દ્રોની વ્યવસ્થા, લગેજ, પગરખા કેન્દ્ર, સૂચનાઓ અંગેના બોર્ડ, હોર્ડિંગ્સ પેમ્ફલેટ વગેરે વિશ્રામ સ્થળો, વોટરપ્રુફ મંડપો, સફાઈ વિનામૂલ્યે ભોજન વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, રોશની, સલામતિની વ્યવસ્થા, સી.સી.ટી.વી. કેમેરા, સ્વયંસેવકો, ટી.વી.પ્રસારણ, ટેલીફોન વ્યવસ્થા, સાંસ્કૃતિક પ્રોગ્રામ, શૌચાલય વગેરે સુવિધાઓ ઉભી કરવામાં આવેલ.

(૩) પદયાત્રીઓ માટે માર્ગ ઉપર ટેમ્પરરી ટોયલેટની કોઈ વ્યવસ્થા કરી હતી કે કેમ ?

(૩) પદયાત્રીઓ માટે માર્ગ ઉપર ટેમ્પરરી ટોયલેટ બ્લોકની નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવેલ.

| | |
|---|---|
| ૬ મોબાઈલ ટોયલેટ વાનમાં ટોયલેટ | ૪૮ નંગ |
| ટેમ્પરરી ટોયલેટ | ૩૫૦ નંગ |
| બાથરૂમ | ૭૦ નંગ |
| યુરિનલ | ૪૯ નંગ |

---------

### જુનાગઢ જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજના

* ૩૧૨૦ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજુર અને કેટલાની અરજીઓ નામંજુર કરવામાં આવી, અને

(૩) અરજી મંજુર થઈ હોય તેવા કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧), (૨) અને (૩) :

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | ના–મંજૂર અરજીઓ | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| જુનાગઢ | ૨૨ | ૧૭ | ૫ | ૧૭ | ૭.૦૧ |
| વંથલી | ૧૯ | ૧૮ | ૧ | ૧૮ | ૮.૨૯ |
| કેશોદ | ૧૨ | ૧૧ | ૧ | ૧૧ | ૫.૯૧ |
| ભેંસાણ | ૫ | ૩ | ૨ | ૩ | ૧.૯૯ |
| વિસાવદર | ૩૫ | ૩૦ | ૫ | ૩૦ | ૧૫.૯૬ |
| મેંદરડા | ૩૭ | ૩૫ | ૨ | ૩૫ | ૯.૯૦ |
| માળીયા હા | ૬૮ | ૫૨ | ૧૬ | ૫૨ | ૧૫.૮૩ |
| માણાવદર | ૧૩ | ૧૩ | ૦ | ૧૩ | ૫.૨૨ |
| માંગરોળ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૨.૧૦ |

---------

### કચ્છ જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે મળેલી દરખાસ્તો

* ૨૦૦૦ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાનાં ક્યા ક્યા યાત્રાધામના વિકાસ માટે દરખાસ્તો મળી,

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ત્રણ દરખાસ્તો મળેલ છે.

(૧) માતાનો મઢ, તા.લખપત, જી.કચ્છ

(૨) શ્રી નારાયણ સરોવર, મુ.નારાયણ સરોવર, જી.કચ્છ

(૩) શ્રી બગથાળા મંદિર, તા.અંજાર, જી.કચ્છ

(૨) તે પૈકી કઈ કઈ દરખાસ્તો મંજૂર કરી, કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને

(૨) –માતાના મઢ મંદિર માટે રૂપિયા ૨,૫૦,૦૦,૦૦૦/–

–નારાયણ સરોવર યાત્રાધામ માટે રૂપિયા ૩,૮૫,૦૦,૦૦૦/–

(૩) બાકી રહેતી દરખાસ્તોને કેટલા સમયમાં ગ્રાન્ટ ફાળવવામાં આવશે?

(૩) શ્રી બગથાળા મંદિર, તા.અંજાર, જી.કચ્છની દરખાસ્ત હાલની સ્થિતિએ વિચારણા હેઠળ છે, જે મંજુર થયેથી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

---------

ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચૂકવવા બાબત

* ૩૭૨૮ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઔદ્યોગિક એકમોમાં અકસ્માતને કારણે મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન કે અન્ય પ્રકારે કેટલું વળતર ચૂકવવામાં આવે છે,

(૨) તે અન્વયે ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું અને કેટલાને વળતર ચૂકવવાનું બાકી છે, અને

(૩) બાકી રહેલાને વળતર ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

જવાબ

(૧) ઔદ્યોગિક એકમોમાં અકસ્માતમાં મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને કે ઘાયલ થયેલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન એકટ હેઠળ તેમજ ESIC નિર્દિષ્ટ વિસ્તામાં ESIC એકટ હેઠળ શ્રમિકના માસિક વેતન તેમજ તેની ઉંમર આધારીત સુચકાંક મુજબ નક્કી થતા દરે વળતર ચૂકવવામાં આવે છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂકવેલ વળતરની વિગત નીચે મુજબ છે.

(૩) વર્કમેન કમ્પેંસેશન એકટ હેઠળ મળવાપાત્ર વળતર નામદાર લેબરકોર્ટ દ્વારા નિર્ણય થયેથી અને ESIC હેઠળ નોંધાયેલ શ્રમિકોને ESIC Board દ્વારા નિર્ણય થયેથી કારખાનાના માલિક દ્વારા નિશ્ચિત રકમ ચૂકવવામાં આવશે.

(૨)

| જિલ્લો | મૃત્યુ પામેલ શ્રમિકોની સંખ્યા | વળતર ચૂકવેલ શ્રમિકોની સંખ્યા | ચૂકવેલ વળતર (રૂપિયા લાખમાં) | ઘાયલ શ્રમિકોની સંખ્યા | વળતર ચૂકવેલ શ્રમિકોની સંખ્યા (ઘાયલ) | ચૂકવેલ વળતર (રૂપિયા લાખમાં) | વળતર ચૂકવવાનું બાકી હોય તેવા શ્રમિકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ગાંધીનગર | ૧૨ | ૦૨ | ૩૬.૫૩ | ૨ | ૧ | ૨.૦૦ | ૧૦ (WC)<br>૧ (ESIC) |
| સાબરકાંઠા | 03 | ૦૧ | ૮.૫૦ | ૦ | ૦ | ૦ | ૨ (WC) |

---------

મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.

* ૩૮૦૨ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. આવેલી છે.

(૨) ઉક્ત આઈ.ટી.આઈ. વાર સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) ૧. મહિસાગર જિલ્લામાં કુલ–૦૬ સરકારી આઈ.ટી.આઈ.આવેલ છે.

(૧) બાલાસિનોર–૦૧ (૨)વિરપુર–૦૧ (૩)ખાનપુર–૦૧ (૪) લુણાવાડા–૦૧ (૫) કડાણા–૦૧ (૬) સંતરામપુર–૦૧

૨. પંચમહાલ જિલ્લામાં કુલ–૦૮ સરકારી આઈ.ટી.આઈ. આવેલ છે.

(૧) હાલોલ–૦૧ (૨) ગોધરા–૦૨ (૩) જાંબુઘોડા–૦૧
(૪) ઘોઘંબા–૦૧ (૫) કાલોલ–૦૧ (૬) શહેરા–૦૧
(૭) મોરવા(હડફ)–૦૧

(૨) *પત્રક–૧ મુજબ

(૩) ઉક્ત જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી જગ્યાઓ ભરેલી છે, અને

(૩) *પત્રક–૧ મુજબ

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) વહીવટી અનુકુળતા ધ્યાને લઈ બનતી ત્વરાએ જગ્યાઓ ભરવાનુ આયોજન છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજકોટ જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજના

* ૨૦૦૬ શ્રી કુંવરજીભાઈ બાવળીયા(જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ આવાસ બનાવવા, કેટકેટલી અરજીઓ આવી, તે અન્વયે

(૨) કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમ ચૂકવવામાં આવી,અને

જવાબ

(૧) અને (૨)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાય(રૂ.લાખમાં) |
|---|---|---|---|
| રાજકોટ શહેર | ૧૮૨ | ૧૮૨ | ૮૧.૯૦ |
| રાજકોટ ગ્રામ્ય | ૭૧ | ૭૧ | ૧૬.૯૪ |
| જેતપુર | ૧૬ | ૮ | ૨.૮૭ |
| જસદણ | ૨૨ | ૧૨ | ૩.૬૭ |
| ગોંડલ | ૩ | ૨ | ૦.૩૫ |
| વીંછીયા | ૩ | ૩ | ૦.૬૩ |
| ધોરાજી | ૩ | ૩ | ૧.૦૫ |
| ઉપલેટા | ૬ | ૬ | ૩.૬૭ |
| પડધરી | ૩ | ૨ | ૦.૪૬ |
| લોધિકા | ૧ | ૧ | ૦.૧૮ |
| કોટડા સાંગણી | ૦ | ૦ | ૦ |
| જામકંડોરણા | ૧ | ૦ | ૦ |

(૩) બાકીનાને ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે?

(૩) બાકીની અરજીઓ નિયમોનુસાર મંજૂરીપાત્ર ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગુજરાત યાત્રાધામોના પ્રવાસમાં સહાય

* ૫૬૪૮ શ્રી નરેશભાઈ પટેલ(ગણદેવી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના સિનિયર સિટીઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રાહત આપવામાં આવે છે, અને

(૩) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તે હેઠળ છેલ્લા એક વર્ષમાં કેટલા યાત્રિકોએ યોજનાનો લાભ લીધો ?

જવાબ

(૧) હા, જી.

(૨) ગુજરાતના યાત્રાધામોના દર્શન માટેની શ્રવણ તીર્થદર્શન યોજનામાં બે રાત્રિ ત્રણ દિવસના પ્રવાસની મર્યાદામાં સુપર બસ (નોન એ.સી.)નું ભાડું અથવા જો ખાનગી બસ ભાડે લીધેલ હોય તો ખાનગી બસનું ભાડું બે માંથી જે ઓછું હોય તેની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવે છે.

(૩) આ યોજના તા.૦૧/૦૫/૨૦૧૭થી શરૂ કરવામાં આવેલ છે. તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ

૩૬,૮૯૧ વરિષ્ઠ યાત્રિકોએ આ યોજનાનો લાભ લીધેલ છે.

---------

ચાણોદ કરનાળી ખાતે યાત્રાળુઓની સુવિધા બાબત

* ૫૬૪૫ શ્રી અરવિંદ પટેલ(ધરમપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૭–૧૮ના વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ચાણોદ કરનાળી ખાતે યાત્રાળુઓની સુવિધા માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને | (૨) રૂપિયા ૯૯.૪૩ કરોડની રકમ મંજુર કરવામાં આવી છે. |
| (૩) આ કામગીરી હાલ ક્યા તબક્કે છે? | (૩) ૯ કામો પુર્ણ થયેલ છે. ૧૨ કામો પ્રગતિમાં છે તથા બે કામ શરૂ થનાર છે. |

---------

તાપી જિલ્લામાં હક્કપત્રોની નોંધો

* ૫૬૫૫ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૬૭૦ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૭૭૩ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ખેતી–ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

જવાબ

(૧)

| પાટણ | | | છોટાઉદેપુર | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| પાટણ | ૫૪ | ૧૮ | છોટાઉદેપુર | ૦ | ૧૨ |
| સરસ્વતી | ૨૬ | ૦ | કવાંટ | ૫ | ૦ |
| સિધ્ધપુર | ૫૨ | ૧૦ | જેતપુર પાવી | ૨૧ | ૦૩ |
| ચાણસ્મા | ૨૭ | ૧૨ | બોડેલી | ૦ | ૦૮ |
| હારીજ | ૪૮ | ૦ | સંખેડા | ૧૮ | ૦ |
| સમી | ૫૪ | ૦૨ | નસવાડી | ૦ | ૦૧ |
| શંખેશ્વર | ૨૪ | ૦૩ | | | |
| રાધનપુર | ૨૫ | ૧૩ | | | |
| સાંતલપુર | ૨૭ | ૦૨ | | | |

| કુલ | ૩૩૭ | ૬૦ | કુલ | ૪૪ | ૨૪ |
|---|---|---|---|---|---|

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| પાટણ | ૩૨૧ |
| છોટાઉદેપુર | ૪૨ |
| કુલ | ૩૬૩ |

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| પાટણ | ૩ |
| છોટાઉદેપુર | ૦ |
| કુલ | ૩ |

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું?

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| પાટણ | ૩,૧૫,૧૭,૨૪૨/- |
| છોટાઉદેપુર | ૧,૦૮,૦૫,૨૮૬/- |
| કુલ | ૪,૨૩,૨૨,૫૨૮/- |

---------

મીઠા ઉદ્યોગ માટે લીઝ ઉપર જમીન

* ૩૧૭૧ શ્રી બ્રિજેશ મેરજા (મોરબી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ માળીયા તાલુકામાં હાલ કેટલા મીઠા ઉદ્યોગ માટે કેટલી જમીન લીઝ ઉપર અપાયેલ છે, અને | (૧) ૪૭૩ મીઠા ઉદ્યોગ માટે એ.૩૨૯૪૧-૩૫ ગુંઠા જમીન લીઝ ઉપર અપાયેલ છે. |
| (૨) નાના અગરીયા સહિત કેટલા મીઠા ઉદ્યોગ માટે માગણી પડતર છે, કેટલી લીઝ રીન્યુ કરવાની બાકી છે, અને તેના શા કારણો છે? | (૨) નાના અગરીયા સહિત ૧૧૩ મીઠા ઉદ્યોગ માટે માંગણી પડતર છે. ૪૭૧ લીઝ રીન્યુ કરવાની બાકી છે. ૪૭૧ માંથી ૩૩ અરજદારો તરફથી લીઝ રીન્યુ કરવા અંગે અરજીઓ મળેલ છે. જે પૈકી ૮ અરજીઓ સરકારમાં નિયમોનુસારની ચકાસણી તથા ૨૫ અરજીઓ કલેક્ટર કચેરીમાં વિવિધ કચેરી/ખાતાઓના અભિપ્રાય બાકી હોવાથી પડતર છે તથા બાકીની ૪૩૮ લીઝ ધારકોની રીન્યુ કરવાની અરજી મળેલ નથી. |

---------

મહેસાણા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૫૬૯૭ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|
| મહેસાણા | ૨૬૦૭ |
| કડી | ૧૯૮૫ |
| વિજાપુર | ૧૯૧૩ |
| વિસનગર | ૧૯૦૫ |
| ઉંઝા | ૧૩૮૨ |
| બેચરાજી | ૭૫૧ |
| સતલાસણા | ૯૮૪ |

| | |
|---|---|
| ખેરાલુ | ૭૯૭ |
| વડનગર | ૧૦૨૭ |
| જોટાણા | ૫૯૧ |
| કુલ | ૧૩૯૪૨ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધ | મંજુર | નામંજુર |
|---|---|---|---|
| મહેસાણા | ૨૬૦૭ | ૨૫૦૧ | ૩૩ |
| કડી | ૧૯૮૫ | ૧૮૯૧ | ૬૪ |
| વિજાપુર | ૧૯૧૩ | ૧૮૧૭ | ૨૧ |
| વિસનગર | ૧૯૦૫ | ૧૭૯૮ | ૨૫ |
| ઉંઝા | ૧૩૮૨ | ૧૩૪૧ | ૧૮ |
| બેચરાજી | ૭૫૧ | ૭૧૯ | ૧૭ |
| સતલાસણા | ૯૮૪ | ૯૨૭ | ૪૩ |
| ખેરાલુ | ૭૯૭ | ૭૬૫ | ૨૩ |
| વડનગર | ૧૦૨૭ | ૯૬૪ | ૨૨ |
| જોટાણા | ૫૯૧ | ૫૬૬ | ૧૮ |
| કુલ | ૧૩૯૪૨ | ૧૩૨૮૯ | ૨૮૪ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) (૧) પેઢીનામું કે મરણના દાખલા રજુ ન થવાથી.
(૨) દાખલ થતા વારસો સીધી લીટીના ન હોવાથી.
(૩) પેઢીનામામાં તમામ વારસો દર્શાવેલ ન હોવાથી
(૪) મરણના દાખલા મુજબનું નામ ૭/૧૨ ના નામ સાથે સુસંગત ન હોવાથી
(૫) આધાર પુરાવા રજુ કરેલ ન હોઇ તથા ૧૩૫–ડી ની નોટિસ બજેલ ન હેવાથી
(૬) વારસાઇ હક્કની વિગત સુનિશ્ચિત થતી ન હોવાથી
(૭) કોર્ટમાંથી વારસો અંગેનું પ્રોબેટ રજુ થયેલ ન હોવાથી
(૮) અરજદારશ્રી તરફથી મરણના દાખલા રજુ થયેલ ન હોવાથી

---------

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું મંજૂર મહેકમ

* ૩૭૨૬ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગામાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) ૧૩૧

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | અગ્ર સચિવ | ૧ |
| ૨ | નાયબ સચિવ/સંયુક્ત સચિવ | ૫ |
| ૩ | ઉપ સચિવ | ૬ |
| ૪ | સેકશન અધિકારી | ૧૭ |
| ૫ | નાયબ સેકશન અધિકારી | ૫૧ |
| ૬ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) | ૧ |

| | | |
|---|---|---|
| | ગ્રેડ –૧ | |
| ૭ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૨ | ૩ |
| ૮ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૩ | ૧ |
| ૯ | સ્ટેનો ગ્રાફર (અંગ્રેજી) ગ્રેડ –૨ | ૧ |
| ૧૦ | કારકુન | ૨ |
| ૧૧ | ઓફિસ આસિસ્ટન્ટ | ૨૦ |
| ૧૨ | ડ્રાયવર | ૪ |
| ૧૩ | વર્ગ–૪ | ૧૯ |
| | કુલ | ૧૩૧ |

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)
ભરાયેલ જગ્યાઓ – ૧૦૮ અને ખાલી જગ્યાઓ–૨૩

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | અગ્ર સચિવ | ૧ | ૦ |
| ૨ | સંયુક્ત સચિવ/નાયબ સચિવ | ૫ | ૦ |
| ૩ | ઉપ સચિવ | ૫ | ૧ |
| ૪ | સેકશન અધિકારી | ૧૨ | ૫ |
| ૫ | નાયબ સેકશન અધિકારી | ૪૨ | ૯ |
| ૬ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૧ | ૧ | ૦ |
| ૭ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૨ | ૩ | ૦ |
| ૮ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૩ | ૦ | ૧ |
| ૯ | સ્ટેનો ગ્રાફર (અંગ્રેજી) ગ્રેડ –૨ | ૦ | ૧ |
| ૧૦ | ઓફિસ આસિસ્ટન્ટ | ૧૪ | ૬ |
| ૧૧ | કારકુન | ૨ | ૦ |
| ૧૨ | ડ્રાયવર | ૧–પ્રતિનિયુક્તિ ૩–આઉટસોર્સીસ ૪ | ૦ |
| ૧૩ | વર્ગ–૪ (પટાવાળા) | ૬ ૧૩–ઓઉટસોર્સીસ ૧૯ | ૦ |
| | કુલ | ૧૦૮ | ૨૩ |

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત અને કેટલી જગ્યા ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૩) કરાર આધારિત – ૪
ફીક્સ પગારથી – ૩૬

| ક્રમ | સંવર્ગ | કરાર આધારિત જગ્યાઓ | ફીક્સ પગારથી |
|---|---|---|---|
| ૧ | સંયુકત સચિવ/નાયબ સચિવ | ૨ | ૦ |
| ૨ | સેકશન અધિકારી | ૧ | ૦ |
| ૩ | નાયબ સેકશન અધિકારી | ૧ | ૨૨ |
| ૪ | ઓફિસ આસિસ્ટન્ટ | ૦ | ૧૪ |
| | કુલ | ૪ | ૩૬ |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ફાળવણી થયેથી જગ્યાઓ ભરી શકાશે.

---------

માણાવદર, વંથલી, મેંદરડા તાલુકામાં ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવા બાબત

* ૧૯૯૯ શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) જૂનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી તથા મેંદરડા તાલુકામાં સન ૨૦૧૬ તથા ૨૦૧૭ના વર્ષમાં કેટલી ખેતીની જમીનને બિનખેતીમાં ફેરવવામાં આવી.

(૧)

| તાલુકો | વર્ષ | બિનખેતી થયેલ જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|
| માણાવદર | ૨૦૧૬ | ૬૨૮૦૨ ચો.મી. |
| | ૨૦૧૭ | ૪૯૬૬૦ ચો.મી. |
| વંથલી | ૨૦૧૬ | ૮૫૩૧૨ ચો.મી. |
| | ૨૦૧૭ | ૪૮૨૩૫ ચો.મી. |
| મેંદરડા | ૨૦૧૬ | ૪૭૭૫૪ ચો.મી. |

(૨) તેને કારણે ખેતીની જમીનમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો છે, અને

(૨)

| તાલુકો | ખેતીની જમીનમાં નોંધાયેલ ઘટાડો (ટકાવારીમાં) |
|---|---|
| માણાવદર | ૦.૦૨૨ % |
| વંથલી | ૦.૦૪૧ % |
| મેંદરડા | ૦.૦૨૫ % |

(૩) ખેતીની જમીનમાં નીરંતર થઇ રહેલા ઘટાડાને રોકવા શી વ્યવસ્થા કરી છે?

(૩) ૧. સક્ષમ સત્તાધિકારીની મંજૂરી વગર બિનખેતીની પરવાનગી આપવામાં આવતી નથી.
૨. ખેતી સંબંધિત રાજ્ય સરકારની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ તેમજ પડતર જમીનો નવસાધ્ય કરી ખેતીલાયક બનાવી ખેતી કરવાની યોજનાઓ અમલમાં છે.

---------

કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૮૦૯ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતી–ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની

(૧)

| કચ્છ | | | બનાસકાંઠા | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી | બિનખેતી | | ખેતી | બિનખેતી |

કેટલી અરજીઓ સરકારને મળી,

| | હેતુ | હેતુ | | હેતુ | હેતુ |
|---|---|---|---|---|---|
| ભુજ | ૫૪ | ૧૭ | પાલનપુર | ૧ | ૧૦ |
| માંડવી | ૪૦ | ૦૫ | વડગામ | ૦ | ૮ |
| મુંદરા | ૦૩ | ૫૬ | દાંતા | ૦ | ૪ |
| નખત્રાણા | ૧૮ | ૦૧ | અમીરગઢ | ૦ | ૦ |
| કચ્છ | | | બનાસકાંઠા | | |
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| લખપત | ૨૩ | ૦૨ | ધાનેરા | ૦ | ૧ |
| અબડાસા | ૧૧૯૯ | ૦૮ | દાંતીવાડા | ૦ | ૨ |
| અંજાર | ૪૧ | ૧૦ | ડીસા | ૨ | ૧૧ |
| ગાંધીધામ | ૦૨ | ૦૨ | કાંકરેજ | ૦ | ૧ |
| ભચાઉ | ૭૧ | ૦૧ | દિયોદર | ૦ | ૨ |
| રાપર | ૧૪ | ૦૦ | લાખાણી | ૦ | ૧ |
| | | | થરાદ | ૩ | ૭ |
| | | | વાવ | ૦ | ૦ |
| | | | સુઇગામ | ૦ | ૦ |
| | | | ભાભર | ૦ | ૨ |
| કુલ | ૧૪૬૫ | ૧૦૨ | કુલ | ૬ | ૪૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| કચ્છ | ૧૪૪૪ |
| બનાસકાંઠા | ૨૧ |
| કુલ | ૧૪૬૫ |

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| કચ્છ | ૩૯ |
| બનાસકાંઠા | ૦ |
| કુલ | ૩૯ |

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું?

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| કચ્છ | ૧૪,૮૯,૬૩,૮૦૯/- |
| બનાસકાંઠા | ૨,૧૫,૨૧,૧૬૨/- |
| કુલ | ૧૭,૦૪,૮૪,૯૭૧/- |

---------

ભાવનગર અને જૂનાગઢમાં સરકારી પડતર જમીનની ફાળવણી

* ૫૬૬૨ શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર/જુનાગઢ જિલ્લામાં ૬૬ કે.વી.સબ સ્ટેશન સ્થાપવા માટે જેટકો સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૧)

| | |
|---|---|
| ભાવનગર | ના, જી |
| જુનાગઢ | હા, જી |

(૨) જો હા, તો કુલ કેટલી સરકારી પડતર જમીનની ફાળવણી ના હુકમો કરવામાં આવેલ છે?

(૨)

| જિલ્લો | કુલ ફાળવેલ જમીન |
|---|---|
| ભાવનગર | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| જુનાગઢ | ૪૯૦૦ ચો.મી. |

---------

## આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચૂકવવા બાબત

* ૩૭૯૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઔદ્યોગિક એકમોમાં અકસ્માતને કારણે મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન કે અન્ય પ્રકારે કેટલું વળતર ચૂકવવામાં આવે છે,

(૨) તે અન્વયે આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મૃત્યુ પામેલ કેટલા શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને કેટલુ વળતર ચૂકવવામાં આવ્યુ અને કેટલાને વળતર ચૂકવવાનું બાકી છે, અને

(૩) બાકી રહેલાને વળતર કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

જવાબ

(૧) ઔદ્યોગિક એકમોમાં અકસ્માતમાં મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને કે ઘાયલ થયેલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન એકટ હેઠળ તેમજ ESIC નિર્દિષ્ટ વિસ્તારમાં ESIC એકટ હેઠળ શ્રમિકના માસિક વેતન તેમજ તેની ઉંમર આધારીત સુચકાંક મુજબ નક્કી થતા દરે વળતર ચૂકવવામાં આવે છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂકવેલ વળતરની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | મૃત્યુ પામેલ શ્રમિકોની સંખ્યા | વળતર ચુકવેલ શ્રમિકોની સંખ્યા | ચુકવેલ વળતર (રૂપિયા લાખમાં) | ઘાયલ શ્રમિકોની સંખ્યા | ચુકવેલ વળતર (રૂપિયા લાખમાં) | વળતર ચુકવવાનું બાકી શ્રમિકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| આણંદ | ૦૯ | ૦૫ | ૪૬.૪૮ | ૦ | ૦ | ૪(WC) |
| છોટા ઉદેપુર | ૦ | ૦ | ૦૦ | ૦૦ | ૦ | ૦ |

(૩) વર્કમેન કમ્પેંસેશન એકટ હેઠળ મળવાપાત્ર વળતર નામદાર લેબરકોર્ટ દ્વારા નિર્ણય થયેથી કારખાનાના માલિક દ્વારા નિશ્ચિત રકમ ચૂકવવામાં આવશે.

---------

## વડોદરા જિલ્લામાં નોંધણી ફી માફી

* ૫૬૬૪ શ્રી શૈલેષભાઇ મેહતા (ડભોઇ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં વડોદરા જિલ્લામાં મહિલાઓને નામે નોંધણી થયેલ તબદીલીના લેખોમાં કેટલી નોંધણી ફી માફી રાખવામાં આવેલ છે, | (૧) રૂ઼ા. ૧૦,૮૦,૨૭,૮૦૦/– |
| (૨) વડોદરા જિલ્લામાં મહિલા નોંધણી ફી માફી આપેલ દસ્તાવેજોની સંખ્યા કેટલી છે, અને | (૨) ૮,૭૦૧ |
| (૩) નોંધણી ફી માફી આપેલ દસ્તાવેજોમાં મહિલાઓની સંખ્યા કેટલી છે ? | (૩) ૯,૦૩૭ |

---------

## સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ

* ૩૭૪૩ શ્રી પરસોતમ સાબરિયા (ધ્રાંગધ્રા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બાંધકામ શ્રમિકોને કડીયાકામ, સુથારકામ, પ્લમ્બિંગ કામની ઉચ્ચ કૌશલ્ય તાલીમ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકોને આપવામાં આવી, અને

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત તાલીમ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) જિલ્લાવાર બાંધકામ શ્રમિકોને આપવામાં આવેલ તાલીમની વિગત નીચે પ્રમાણે છે.

| જિલ્લો | શ્રમિકોની સંખ્યા |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૩૪ |
| બોટાદ | ૪૭૬ |

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

| વર્ષ | સુરેન્દ્રનગર | બોટાદ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૧૬ | રૂ. ૧.૦૫ લાખ | રૂ. ૯૮.૦૬ લાખ |
| ૨૦૧૭ | રૂ. ૫૦ હજાર | રૂ. ૬૯૦ |

---------

યાત્રાધામ વિકાસ પ્રભાગમાં મહેકમ

* ૩૮૨૩ શ્રી જે.વી.કાકડીયા (ધારી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ યાત્રાધામ વિકાસ પ્રભાગમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ યાત્રાધામ વિકાસ પ્રભાગમાં મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૩૨ | ૨ | ૪૧ |

(૨) મંજુર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી ખાલી છે,

(૨) મંજુર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મહેકમ નીચે મુજબ છે.

| વર્ગ–૧ | | વર્ગ–૨ | | કુલ ભરેલી જગ્યાઓ | કુલ ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | ૭ | ૦૦ |
| ૩ | ૦ | ૪ | ૦ | | |
| વર્ગ–૩ | | વર્ગ–૪ | | | |
| ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | ૩૪ | ૦૦ |
| ૩૨ | ૦ | ૨ | ૦ | | |

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત અને ફિક્સ પગારથી ભરાયેલ છે, અને

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી વર્ગ–૧ ની એક જગ્યા કરાર આધારીત ભરાયેલ છે.

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૭૪૦ શ્રી ઋત્વિકભાઇ મકવાણા (ચોટીલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર ખેતી–ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

જવાબ

(૧)

| સુરેન્દ્રનગર | | | દાહોદ | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| વઢવાણ | ૬૦ | ૧ | ઝાલોદ | ૧૮૭ | ૧૧ |
| લીંબડી | ૪૬ | ૦ | ફતેપુરા | ૪૫૧ | ૧ |
| ચોટીલા | ૭ | ૦ | સંજેલી | ૦ | ૧ |
| થાન | ૫ | ૭ | દાહોદ | ૩૨૭ | ૧૮ |
| ધ્રાંગધ્રા | ૧૪૪ | ૦ | ગરબાડા | ૬૯૩ | ૨ |
| સુરેન્દ્રનગર | | | દાહોદ | | |
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| પાટડી | ૨૦ | ૧૪ | લીમખેડા | ૦ | ૧ |
| લખતર | ૦ | ૦ | સીંગવડ | ૧૭૦ | ૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| મુળી | ૨૫ | ૧ | દેવગઢ બારીયા | ૪૮ | ૧ |
| ચુડા | ૬ | ૦ | ધાનપુર | ૬૮૪ | ૦ |
| સાયલા | ૭૪ | ૧ | | | |
| કુલ | ૩૫૭ | ૨૪ | કુલ | ૨૫૬૦ | ૩૮ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| સુરેન્દ્રનગર | ૩૦૬ |
| દાહોદ | ૨૩૮૪ |
| કુલ | ૨૬૯૦ |

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| સુરેન્દ્રનગર | ૪ |
| દાહોદ | ૦ |
| કુલ | ૪ |

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું?

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| સુરેન્દ્રનગર | ૩,૭૬,૧૨,૬૯૨/- |
| દાહોદ | ૬૮,૨૬,૭૨૪/- |
| કુલ | ૪,૪૪,૩૯,૪૧૬/- |

---------

ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના

* ૫૬૮૪ શ્રી કેશુભાઇ નાકરાણી (ગારીયાધાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૧) ૬૩૯

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૧૭૩ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૬૯ |
| ૩ | ઘોઘા | ૬૨ |
| ૪ | શિહોર | ૮૪ |
| ૫ | વલ્લભીપુર | ૧૫ |
| ૬ | ઉમરાળા | ૨૬ |
| ૭ | મહુવા | ૬૧ |
| ૮ | જેસર | ૨૦ |
| ૯ | પાલીતાણા | ૬૬ |
| ૧૦ | ગારીયાધાર | ૧૧ |
| ૧૧ | તળાજા | ૫૨ |
| | કુલ | ૬૩૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, કેટલી નાંમજુર કરી, અને

(૨) મંજુર અરજીઓ - ૪૫૭
નામંજુર અરજીઓ - ૧૨૧

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૧૪૧ | ૨૨ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૪૦ | ૨૫ |
| ૩ | ઘોઘા | ૩૪ | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૪ | શિહોર | ૬૧ | ૧૬ |
| ૫ | વલ્લભીપુર | ૮ | ૩ |
| ૬ | ઉમરાળા | ૨૫ | ૧ |
| ૭ | મહુવા | ૪૮ | ૮ |
| ૮ | જેસર | ૧૨ | ૪ |
| ૯ | પાલીતાણા | ૪૦ | ૧૨ |
| ૧૦ | ગારીયાધાર | ૧૧ | ૦ |
| ૧૧ | તળાજા | ૩૭ | ૯ |
| | કુલ | ૪૫૭ | ૧૨૧ |

(૩) અરજીઓના નામંજુર થવાના કારણો શું?

(૩) અરજીઓ નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત આવક કરતાં વધુ હોવાથી | ૫ |
| પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૯૩ |
| ઉંમર ઓછી હોવાથી | ૧૮ |
| સ્થળે રહેતા ન હોવાથી | ૩ |
| અવસાન થવાથી | ૨ |
| કુલ | ૧૨૧ |

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લેન્ડ સીલીંગ એક્ટ

* ૫૭૦૧ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લેન્ડ સીલીંગ એક્ટ હેઠળ કેટલી જમીન ફાજલ કરવામાં આવી છે ?

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લેન્ડ સીલીંગ એક્ટ હેઠળ કોઈ જમીન ફાજલ કરવામાં આવેલ નથી.

---------

જામનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના

* ૫૬૮૬ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) ૪૬૫

(૨) ૪૫૭

(૩) કુલ ૪૫૭ લાભાર્થીઓને રૂ.૫,૭૦,૨૫૦/– (અંકે રૂપિયા પાંચ લાખ સીત્તેર હજાર બસો પચાસ પુરા) ની શિષ્યવૃતિ ચૂકવવામાં આવી.

---------

અંબાજી યાત્રાધામમાં યાત્રાળુઓની સુવિધા

* ૫૬૫૦ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભાદરવી પુનમના મેળા દરમ્યાન વર્ષ ૨૦૧૭ માં કેટલા પદયાત્રીઓએ શ્રી આરાસુરી અંબાજી માતાના દર્શન માટે અંબાજીની યાત્રા કરી,

(૨) પદયાત્રીઓની સુવિધા માટે શું વ્યવસ્થા કરવામાં આવી, અને

જવાબ

(૧) ભાદરવી પુનમના મેળા દરમ્યાન વર્ષ ૨૦૧૭ માં કુલ ૨૬,૭૩,૪૯૨ પદયાત્રિઓએ શ્રી આરાસુરી માતાના દર્શન માટે અંબાજીની યાત્રા કરી.

(૨) પદયાત્રિઓની સુવિધા માટે રેલીંગ, પીવાના પાણીની સગવડ, લીંબુ સરબત, સીનીયર સીટીઝન માટે વ્હિલ ચેરની વ્યવસ્થા, ભેટ કેન્દ્રોની વ્યવસ્થા, લગેજ, પગરખા કેન્દ્ર, સૂચનાઓ અંગેના બોર્ડ, હોર્ડિંગ્સ પેમ્ફલેટ, વગેરે વિશ્રામ સ્થળો, વોટરપ્રુફ મંડપો, સફાઈ, વિનામૂલ્યે

ભોજન વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, રોશની, સલામતિની વ્યવસ્થા, સી.સી.ટી.વી. કેમેરા, સ્વયંસેવકો, ટી.વી.પ્રસારણ, ટેલીફોન વ્યવસ્થા, સાંસ્કૃતિક પ્રોગ્રામ, શૌચાલય વગેરે સુવિધાઓ ઉભી કરવામાં આવેલ હતી.

(૩) પદયાત્રીઓ માટે માર્ગ ઉપર ટેમ્પરરી ટોયલેટની કોઈ વ્યવસ્થા કરી હતી કે કેમ ?

(૩) પદયાત્રીઓ માટે માર્ગ ઉપર ટેમ્પરરી ટોયલેટ બ્લોકની નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવેલ.

| | |
|---|---|
| ૬ મોબાઈલ ટોયલેટ વાનમાં ટોયલેટ | ૪૮ નંગ |
| ટેમ્પરરી ટોયલેટ | ૩૫૦ નંગ |
| બાથરૂમ | ૭૦ નંગ |
| યુરિનલ | ૪૯ નંગ |

---------

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં બાંધકામ મજુરોના કલ્યાણ માટે સેસની રકમ

* ૩૭૧૪ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજુરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૧) કુલ રૂ.૧૮૪૪.૬૧ કરોડ.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાઓમાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ.કરોડમાં)

| વર્ષ | ગીર સોમનાથ | જુનાગઢ |
|---|---|---|
| ૨૦૧૬ | ૦.૩૭ | ૧.૧૪ |
| ૨૦૧૭ | ૧.૫૨ | ૨.૬૬ |

---------

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું મંજૂર મહેકમ

* ૩૭૨૦ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) ૧૩૧

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | અગ્ર સચિવ | ૧ |
| ૨ | નાયબ સચિવ/સંયુકત સચિવ | ૫ |
| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
| ૩ | ઉપ સચિવ | ૬ |
| ૪ | સેકશન અધિકારી | ૧૭ |
| ૫ | નાયબ સેકશન અધિકારી | ૫૧ |
| ૬ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી) ગ્રેડ–૧ | ૧ |
| ૭ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી) ગ્રેડ–૨ | ૩ |
| ૮ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી) ગ્રેડ–૩ | ૧ |
| ૯ | સ્ટેનોગ્રાફર (અંગ્રેજી) ગ્રેડ–૨ | ૧ |
| ૧૦ | કારકુન | ૨ |
| ૧૧ | ઓફિસ આસિસ્ટન્ટ | ૨૦ |
| ૧૨ | ડ્રાયવર | ૪ |
| ૧૩ | વર્ગ–૪ | ૧૯ |
| | કુલ | ૧૩૧ |

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉકત સ્થિતિએ

(૨) ભરાયેલ જગ્યાઓ–૧૦૮ અને ખાલી જગ્યાઓ–

સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે,

૨૩

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | અગ્ર સચિવ | ૧ | ૦ |
| ૨ | સંયુકત સચિવ/નાયબ સચિવ | ૫ | ૦ |
| ૩ | ઉપ સચિવ | ૫ | ૧ |
| ૪ | સેકશન અધિકારી | ૧૨ | ૫ |
| ૫ | નાયબ સેકશન અધિકારી | ૪૨ | ૯ |
| ૬ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી) ગ્રેડ–૧ | ૧ | ૦ |
| ૭ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી) ગ્રેડ–૨ | ૩ | ૦ |
| ૮ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી) ગ્રેડ–૩ | ૦ | ૧ |
| ૯ | સ્ટેનોગ્રાફર (અંગ્રેજી) ગ્રેડ–૨ | ૦ | ૧ |
| ૧૦ | ઓફિસ આસિસ્ટન્ટ | ૧૪ | ૬ |
| ૧૧ | કારકુન | ૨ | ૦ |
| ૧૨ | ડ્રાયવર | ૧ પ્રતિનિયુક્તિ ૩ આઉટસોર્સીસ ૪ | ૦ |
| ૧૩ | વર્ગ–૪ (પટાવાળા) | ૬ ફીક્સ પગારથી ૧૩ આઉટસોર્સીસ ૧૯ | |
| | કુલ | ૧૦૮ | ૨૩ |

(૩) ઉકત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત અને કેટલી જગ્યા ફીકસ પગારથી ભરાયેલ છે, અને

(૩) કરાર આધારિત–૪
ફીકસ પગારથી–૩૬

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ફીક્સ પગારથી |
|---|---|---|---|
| ૧ | સંયુકત સચિવ/ નાયબ સચિવ | ૨ | ૦ |
| ૨ | સેકશન અધિકારી | ૧ | ૦ |
| ૩ | નાયબ સેકશન અધિકારી | ૧ | ૨૨ |
| ૪ | ઓફિસ આસિસ્ટન્ટ | ૦ | ૧૪ |
| | કુલ | ૪ | ૩૬ |

(૪) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ફાળવણી થયેથી જગ્યાઓ ભરી શકાશે.

---------

ડાંગ જિલ્લામાં માનવ ગરિમા યોજના

* ૫૬૮૯ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ડાંગ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ

(૧) ૨૭

વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને — (૨) ૨૫

(૩) કેટલી કીટ્સ વિતરણ કરવામાં આવી ? — (૩) ૨૪

---------

યાત્રાધામ વિકાસ પ્રભાગમાં મહેકમ

* ૩૭૯૭ શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ યાત્રાધામ વિકાસ પ્રભાગમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ યાત્રાધામ વિકાસ પ્રભાગમાં મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૩૨ | ૨ | ૪૧ |

પ્રશ્ન

(૨) મંજુર થયેલ મહેકમ પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી ખાલી છે,

જવાબ

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર મહેકમ નીચે મુજબ છે.

<table>
<tr><td colspan="2">વર્ગ-૧</td><td colspan="2">વર્ગ-૨</td><td>કુલ ભરેલી જગ્યાઓ</td><td>કુલ ખાલી જગ્યાઓ</td></tr>
<tr><td>ભરેલી</td><td>ખાલી</td><td>ભરેલી</td><td>ખાલી</td><td rowspan="2">૭</td><td rowspan="2">૦૦</td></tr>
<tr><td>૩</td><td>૦</td><td>૪</td><td>૦</td></tr>
<tr><td colspan="2">વર્ગ-૩</td><td colspan="2">વર્ગ-૪</td><td></td><td></td></tr>
<tr><td>ભરેલી</td><td>ખાલી</td><td>ભરેલી</td><td>ખાલી</td><td rowspan="2">૩૪</td><td rowspan="2">૦૦</td></tr>
<tr><td>૩૨</td><td>૦</td><td>૨</td><td>૦</td></tr>
</table>

પ્રશ્ન

(૩) ઉકત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત અને ફીકસ પગારથી ભરાયેલ છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૩) ઉકત ભરાયેલ જગ્યાઓ પૈકી વર્ગ-૧ ની એક જગ્યા કરાર આધારિત ભરાયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જાહેર ટ્રસ્ટ દ્વારા પડતર જમીનની માંગણી

* ૩૭૪૬ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જાહેર ટ્રસ્ટો દ્વારા કરવામાં આવેલ જમીનની માંગણીઓ પડતર છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ક્યા જાહેર ટ્રસ્ટ દ્વારા ક્યા પ્રકારની કેટલી જમીનની માંગણીઓ પડતર છે, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ટ્રસ્ટને કેટલી જમીન કઈ જગ્યાએ શા ભાવે ક્યારે ફાળવવામાં આવી ?

જવાબ

(૧) હા.

(૨) સામેલ *પત્રક-૧ મુજબ.

(૩) સામેલ *પત્રક-૨ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

તાપી અને નવસારી જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૮૩૫ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી અને નવસારી જિલ્લામાં તાલુકાવાર ખેતી-ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની

જવાબ

(૧)

| તાપી | | નવસારી | |
|---|---|---|---|
| તાલુકાનું | મળેલ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |

શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

| નામ | અરજીઓ | | | | |
|---|---|---|---|---|---|
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| વાલોડ | ૦ | ૪ | નવસારી (શ.) | ૦ | ૧ |
| ડોલવણ | ૦ | ૧ | નવસારી (ગ્રા) | ૭ | ૧૧ |
| વ્યારા | ૧૩ | ૧૩ | જલાલપોર | ૩૧ | ૩૮ |
| સોનગઢ | ૦ | ૩ | ગણદેવી | ૩૭ | ૯ |
| ઉચ્છલ | ૦ | ૫ | ચીખલી | ૦ | ૧૨ |
| નિઝર | ૦ | ૧ | ખેરગામ | ૦ | ૨ |
| કુકરમુંડા | ૦ | ૦ | વાંસદા | ૦ | ૧ |
| કુલ | ૧૩ | ૨૭ | કુલ | ૭૫ | ૭૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| તાપી | ૨૭ |
| નવસારી | ૮૪ |
| કુલ | ૧૧૧ |

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| તાપી | ૦ |
| નવસારી | ૧ |
| કુલ | ૧ |

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું ?

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| તાપી | ૧,૩૯,૫૧,૫૯૪/- |
| નવસારી | ૧,૮૮,૨૦,૩૯૭/- |
| કુલ | ૩,૨૭,૭૧,૯૯૧/- |

---------

## બનાસકાંઠા જિલ્લામાં આર્થિક રીતે પછાત સવર્ણોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટેની લોન

* ૧૯૯૧ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં આર્થિક રીતે પછાત સવર્ણોના વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ માટેની લોન મેળવવા ૨૦૧૭ના વર્ષમાં વિદ્યાર્થીઓ તરફથી કેટલી અરજીઓ મળી, | (૧) એકપણ નહીં. |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મળેલ અરજીઓ પૈકી ત્રણ માસથી વધુ લાંબા સમયથી કેટલી અરજીઓ પડતર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સુરત જિલ્લામાં ખેડૂતોની ગણોતધારાની જમીન

* ૫૬૫૩ શ્રી વી. ડી. ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૭૮૮–કેસો. |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે ? | (૨) ૦૩–કેસો. |

## અતારાંકિત પ્રશ્નો

---------

### ગુજરાત યાત્રાધામોના પ્રવાસમાં સહાય

* ૫૬૪૭ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યના સિનિયર સીટીઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રાહત આપવામાં આવે છે, અને | (૨) ગુજરાતના યાત્રાધામોના દર્શન માટેની શ્રવણ તીર્થદર્શન યોજનામાં બે રાત્રી ત્રણ દિવસના પ્રવાસની મર્યાદામાં એસ.ટી. ની સુપર બસ (નોન એ.સી.) નું ભાડું અથવા જો ખાનગી બસ ભાડે લીધેલ હોય તો ખાનગી બસનું ભાડું બે માંથી જે ઓછું હોય તેની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવે છે. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ તે હેઠળ છેલ્લા એક વર્ષમાં કેટલા યાત્રિકોએ યોજનાનો લાભ લીધો ? | (૩) આ યોજના તા.૦૧–૦૫–૨૦૧૭ થી શરૂ કરવામાં આવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કૂલ ૩૬,૮૯૧ વરિષ્ઠ યાત્રિકોએ આ યોજનાનો લાભ લીધેલ છે. |

---------

### પોરબંદર જિલ્લામાં માનવ ગરિમા યોજના

* ૫૬૯૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પોરબંદર જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૫૦. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૫૦. |
| (૩) કેટલી કીટ્સ વિતરણ કરવામાં આવી ? | (૩) ૩૧૧. |

---------

### મહેસૂલ વિભાગમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

* ૩૭૩૭ શ્રી સોમાભાઈ કોળી પટેલ (લીંબડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ મહેસૂલ વિભાગમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) સામેલ પત્રક–૧ મુજબ. |
| (૨) મંજુર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી જગ્યા ખાલી છે, | (૨) સામેલ પત્રક–૧ મુજબ. |
| (૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત અને કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે, અને | (૩) સામેલ પત્રક–૧ મુજબ. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવશે. |

પત્રક–૧

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | કરાર આધારિત | ફીક્સ પગાર |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૨ | કમિશનરશ્રી (જ.સુ.) અને સચિવશ્રી | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૩ | સંયુક્ત/નાયબ સચિવશ્રી | ૧૦ | ૦૮ | ૦૨ | ૦૧ | – |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | ઉપસચિવશ્રી | ૧૧ | ૦૯ | ૦૨ | ૦૧ | – |
| ૫ | સીનીયર નગર નિયોજક | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૬ | કાયદા અધિકારી | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |
| ૭ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૧ | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૮ | સેકશન અધિકારી | ૪૨ | ૨૩ | ૧૯ | ૦૭ | – |
| ૯ | મામલતદાર | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |
| ૧૦ | જુનીયર નગર નિયોજક | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૧૧ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૧ | ૦૩ | ૦૩ | ૦૦ | – | – |
| ૧૨ | નાયબ સેકશન અધિકારી | ૧૩૨ | ૧૧૬ | ૧૬ | ૦૧ | ૬૧ |
| ૧૩ | નાયબ મામલતદાર | ૦૩ | ૦૩ | ૦૦ | – | – |
| ૧૪ | પ્લાનીંગ આસિસ્ટન્ટ | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |
| ૧૫ | કારકૂન | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૧૬ | ઓફિસ આસિસ્ટન્ટ | ૪૭ | ૩૮ | ૦૯ | ૦૧ | ૩૭ |
| ૧૭ | અંગત મદદનીશ (ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૨) | ૧૦ | ૦૬ | ૦૪ | – | ૦૧ |
| ૧૮ | અંગત મદદનીશ (અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨) | ૦૩ | ૦૦ | ૦૩ | – | – |
| ૧૯ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૩ | ૦૧ | ૦૧ | ૦૦ | – | ૦૧ |
| ૨૦ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૧૮ | ૦૨ | ૧૬ | – | – |
| ૨૧ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૦૪ | ૦૦ | ૦૪ | – | – |
| ૨૨ | ડ્રાઈવર | ૦૫ | ૦૫ | ૦૦ | – | – |
| ૨૩ | હવાલદાર | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |
| ૨૪ | નાયક | ૦૬ | ૦૧ | ૦૫ | – | – |
| ૨૫ | રોનિયો ઓપરેટર | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |
| ૨૬ | પટાવાળા | ૩૩ | ૧૩ | ૨૦ | – | – |
| ૨૭ | હમાલ | ૦૩ | ૦૦ | ૦૩ | – | – |

---------

ગાંધીનગર જિલ્લામાં રોજગાર મેળાઓનું આયોજન

* ૩૬૪૫ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર–ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા રોજગાર મેળાઓનું આયોજન કરેલ છે,

(૧)

| ક્રમ | વર્ષ | યોજાયેલ ભરતીમેળા |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૩૯ |
| ૨ | ૨૦૧૭ | ૨૪ |
| | કુલ | ૬૩ |

(૨) આ મેળામાં કેટલી સંસ્થાઓએ ભાગ લીધો, અને

(૨)

| ક્રમ | વર્ષ | ભાગ લીધેલ નોકરીદાતાઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૧૬૫ |
| ૨ | ૨૦૧૭ | ૧૮૬ |
| | કુલ | ૩૫૧ |

(૩) તે પૈકી કેટલી સંસ્થાઓએ કેટલા લોકોને રોજગારી આપેલ છે ?

(૩)

| ક્રમ | વર્ષ | રોજગારી આપેલ સંસ્થાઓ | પુરી પાડેલ રોજગારી |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૧૬૫ | ૧૦૪૫૪ |
| ૨ | ૨૦૧૭ | ૧૮૬ | ૧૦૯૯૩ |
| | કુલ | ૩૫૧ | ૨૧૪૪૭ |

---------

રાજકોટ જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં હક્કપત્રક નોંધો

## અતારાંકિત પ્રશ્નો

* ૫૬૯૮ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૧૭ ની સ્થિતિએ કેટલી હક્કપત્ર નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) રાજકોટ જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૧૭ ની સ્થિતિએ નીચે મુજબ હક્કપત્રક નોંધ નિકાલ બાકી છે. |

| ઇ–ધરા કેન્દ્ર નામ | બાકી નોંધની સંખ્યા |
|---|---|
| રાજકોટ શ.(પૂર્વ) | ૨૦ |
| રાજકોટ શ. (પશ્ચિમ) | ૧૨ |
| રાજકોટ શ. (દક્ષિણ) | ૨૩ |
| રાજકોટ તાલુકા | ૬૬૭ |
| કોટડા સાંગાણી | ૨૯૪ |
| લોધીકા | ૩૯૮ |
| પડધરી | ૩૬૧ |
| ગોંડલ | ૮૨૮ |
| જેતપુર | ૩૦૧ |
| ધોરાજી | ૮૧૩ |
| ઉપલેટા | ૬૨૦ |
| જામ કંડોરણા | ૩૦૩ |
| જસદણ | ૬૭૫ |
| વિંછીયા | ૪૭૨ |
| કુલ | ૫૭૮૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે આવશે ? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે . |

---------

ગુજરાતના યાત્રાધામ ખાતે સ્વચ્છતા કામગીરી

* ૫૬૭૫ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ગુજરાતના મહત્વના યાત્રાધામો ખાતે ઉચ્ચકક્ષાની સ્વચ્છતા જાળવવાની કામગીરી ખાનગી સંસ્થાઓને આપવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી ટેન્ડર કરીને આપવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કઇ એજન્સીઓને ક્યા ક્યા યાત્રાધામોની કામગીરી સોંપેલ છે ? | (૩) |

| ક્રમ | એજન્સીનું નામ | યાત્રાધામ |
|---|---|---|
| ૧ | મે.રાજદીપ એન્ટરપ્રાઇઝ | શામળાજી |
| | | ડાકોર |
| ૨ | મે.ઓલ સર્વિસ ગ્લોબલ પ્રા.લી. | અંબાજી |
| | | પાલીતાણા |
| ૩ | મે. બી વી જી ઇન્ડીયા લી. | સોમનાથ |
| | | દ્વારકા |
| ૪ | મે. ડી. જી. નાકરાણી | પાવાગઢ |

---------

ગીર–સોમનાથ અને પોરબંદર જિલ્લામાં આવેલ સરકારી આઇ.ટી.આઇ.

* ૩૭૫૨ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ગીર-સોમનાથ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલી છે, | (૧) ૧. ગીર-સોમનાથ જિલ્લામાં કૂલ-૦૬ સરકારી આઇ.ટી.આઇ. આવેલ છે.<br>(૧) ઉના-૦૧, (૨) કોડીનાર-૦૧, (૩) ગીર-ગઢડા-૦૧,<br>(૪) તલાલા-૦૧, (૫) વેરાવળ-૦૧, (૬) સુત્રાપાડા-૦૧.<br>૨. પોરબંદર જિલ્લામાં કૂલ-૦૩ સરકારી આઇ.ટી.આઇ. આવેલ છે.<br>(૧) કુતિયાણા-૦૧ (૨) પોરબંદર-૦૧ (૩) રાણાવાવ-૦૧ |
| (૨) ઉક્ત આઇ.ટી.આઇ. વાર સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૨) પત્રક-૧ મુજબ. |
| (૩) ઉક્ત જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી જગ્યાઓ ભરેલી છે, અને | (૩) પત્રક-૧ મુજબ. |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) વહીવટી અનુકૂળતા ધ્યાને લઇ બનતી ત્વરાએ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### ચાણોદ કરનાળી ખાતે યાત્રાળુઓની સુવિધા બાબત

* ૫૬૭૩ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ૨૦૧૭-૧૮ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ચાણોદ કરનાળી ખાતે યાત્રાળુઓની સુવિધા માટે રાજ્ય સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને | (૨) રૂપિયા ૯૯.૪૩ કરોડની રકમ મંજુર કરવામાં આવી છે. |
| (૩) આ કામગીરી હાલ ક્યા તબક્કે છે ? | (૩) ૯ કામો પૂર્ણ થયેલ છે. ૧૨ કામો પ્રગતિમાં છે તથા બે કામ શરૂ થનાર છે. |

---------

### રાજ્યમાં ઇન્ફર્મેશન ટેકનોલોજી વ્યવસાયોમાં તાલીમ

* ૫૬૮૦ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા.૦૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ઇન્ફર્મેશન ટેકનોલોજીને લગતા ક્યા વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવે છે ? | ૧. સર્ટિફિકેટ કોર્ષ ઇન ઇ-કોમર્સ<br>૨. કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ<br>૩. ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર<br>૪. ઇન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ ઇલેક્ટ્રોનીક્સ સિસ્ટમ મેન્ટેનન્સ<br>૫. સર્ટિફિકેટ કોર્ષ ઇન સોફ્ટવેર પ્રોગ્રામીંગ<br>૬. સર્ટિફિકેટ કોર્ષ ઇન કોમ્પ્યુટર એડેડ ડિઝાઇન એન્ડ ઓટોકેડ-૨૦૦૦<br>૭. સર્ટિફિકેટ કોર્ષ ઇન વેબ ડિઝાઇન<br>૮. સર્ટિફિકેટ કોર્ષ ઇન મલ્ટીમિડિયા ટેકનોલોજી એન્ડ ડીટીપી<br>૯. કોમ્પ્યુટર નેટવર્ક આસીસ્ટન્ટ<br>૧૦. ડોમેસ્ટીક ડેટા એન્ટ્રી ઓપરેટર<br>૧૧. સર્ટિફિકેટ કોર્ષ ઇન હાર્ડવેર ટેકનોલોજી નેટવર્ક એન્ડ એડમિનિસ્ટ્રેશન. |

ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નો

---------

અંબાજી યાત્રાધામ ખાતે યાત્રાળુલક્ષી વિકાસના કામો

* ૨૪૬૭ શ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજી યાત્રાધામ, અંબાજી ખાતે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યાત્રાળુલક્ષી વિકાસના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યાત્રાળુલક્ષી વિકાસના ૧૦૩ (એકસો ત્રણ) કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા અને કયા કામો પ્રગતિ હેઠળ છે. | (૨) ઉક્ત સ્થિતિએ નીચે મુજબ કુલ–૧ કામ પ્રગતિ હેઠળ છે. અંબાજી મંદિર સંકુલનું જૂનું ફ્લોરિંગ કાઢી નવેસરથી મારબલ ફ્લોરીંગની કામગીરી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં સરકારી પડતર જમીનોમાં દબાણ

* ૫૭૦૨ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પડતર જમીનમાં દબાણ થયેલ છે, અને | (૧) પત્રક સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ દબાણદારો સામે શું પગલા લીધા? | (૨) દબાણદારો સામે જ.મ.કા.ની કલમ ૬૧/૨૦૨ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે. તથા ૨૮ દબાણદારોના દબાણ દૂર કરવામાં આવેલ છે. |

પત્રક

| અ.નં. | તાલુકો | તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દબાણ હેઠળની સરકારી પડતર જમીન | |
|---|---|---|---|
| | | ગામોની સંખ્યા | કુલ ક્ષેત્રફળ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પાલનપુર | ૦૪ | ૫.૩૭.૬૦ |
| ૨ | વડગામ | ૦૧ | ૪.૫૧.૨૨ |
| અ.નં. | તાલુકો | તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દબાણ હેઠળની સરકારી પડતર જમીન | |
| | | ગામોની સંખ્યા | કુલ ક્ષેત્રફળ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | દાંતા | ૨૨ | ૨૪.૫૯.૧૩ |
| ૪ | અમીરગઢ | ૧૪ | ૨૨.૫૭.૧૧ |
| ૫ | ધાનેરા | ૦૦ | ૦૦ |
| ૬ | દાંતીવાડા | ૦૨ | ૧૭.૯૦.૯૦ |
| ૭ | ડીસા | ૦૪ | ૧૮.૩૩.૮૭ |
| ૮ | કાંકરેજ | ૦૧ | ૧૦૮.૬૭.૪૬ |
| ૯ | દિયોદર | ૦૦ | ૦૦ |
| ૧૦ | લાખણી | ૦૨ | ૬.૦૧.૬૪ |
| ૧૧ | થરાદ | ૦૦ | ૦૦ |
| ૧૨ | વાવ | ૦૦ | ૦૦ |
| ૧૩ | સુઈગામ | ૦૦ | ૦૦ |
| ૧૪ | ભાભર | ૦૦ | ૦૦ |
| | કુલ | ૫૦ | ૨૦૭.૯૮.૯૩ |

---------

ભાવનગર જિલ્લામાં લશ્કરી ભરતી પુર્વ તાલીમ

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

* ૫૬૭૮ શ્રી રાઘવભાઇ મકવાણા (મહુવા) : માનનીય શ્રમ અને રાજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં નાણાકીય વર્ષ–૨૦૧૭ માં કેટલા ઉમેદવારોને લશ્કરી ભરતી પુર્વે તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૭૦ |
| (૨) કેટલા તાલીમાર્થીઓ પસંદગી પામેલ છે? | (૨) ૫૬ |

---------

બનાસકાંઠા જિલ્લામાં સરકારી પડતર જમીનમાં દબાણ બાબત.

* ૫૬૬૦ શ્રી કિર્તીસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પડતર જમીનમાં દબાણ થયેલ છે, અને | (૧) હે. ૨૦૭–૯૮–૯૩ ચો.મી. |
| (૨) ઉકત સ્થિતિએ દબાણકારો સામે શું પગલા લીધા? | (૨) દબાણદારો સામે જમીન મહેસુલી કાયદાની કલમ–૬૧, ૨૦૨ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે. તથા ૨૮ દબાણ દૂર કરવામાં આવેલ છે. |

---------

અમદાવાદ અને સુરત જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૮૨૬ શ્રી કાન્તીભાઇ સોઢા પરમાર (આણંદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ અને સુરત જિલ્લામાં તાલુકાવાર ખેતી–ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૧)

| અમદાવાદ | | | સુરત | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| ઘાટલોડિયા | ૧૯ | ૫૦ | ઓલપાડ | ૨૩ | ૧૯૩ |
| સાબરમતી | ૦ | ૧૦ | કામરેજ | ૫ | ૧૯૮ |
| અમદાવાદ | | | સુરત | | |
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| વેજલપુર | ૩ | ૩૦ | ચોર્યાસી | ૩૫ | ૨૬ |
| વટવા | ૯ | ૩ | મજુરા | ૪ | ૬૬ |
| અસારવા | ૩ | ૧૭ | કતારગામ | ૧ | ૯ |
| મણિનગર | ૦ | ૦ | પુણા | ૧ | ૧૨ |
| દસક્રોઇ | ૨૮ | ૮૩ | ઉધના | ૦ | ૨૫ |
| સાણંદ | ૧ | ૩૬ | અડાજણ | ૧૨ | ૮૫ |
| વિરમગામ | ૦ | ૪ | પલસાણા | ૭ | ૫૩ |
| માંડલ | ૨ | ૧૮ | માંડવી | ૧ | ૨૯ |
| દેત્રોજ | ૦ | ૦ | મહુવા | ૦ | ૭ |
| ધોળકા | ૦ | ૩ | બારડોલી | ૪ | ૯ |
| બાવળા | ૦ | ૨૪ | માંગરોળ | ૦ | ૨૬ |
| ધંધુકા | ૦ | ૦ | ઉમરપાડા | ૦ | ૦ |
| ધોલેરા | ૧ | ૦ | | | |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં | (૨)

આવી,

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| અમદાવાદ | ૧૩૩ |
| સુરત | ૪૪૬ |
| કુલ | ૫૭૯ |

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| અમદાવાદ | ૬ |
| સુરત | ૦ |
| કુલ | ૬ |

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું ?

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| અમદાવાદ | ૬૭,૭૬,૬૯,૦૨૦/- |
| સુરત | ૩,૮૩,૩૭,૬૬,૦૦૩/- |
| કુલ | ૪,૫૧,૧૪,૩૫,૦૨૩/- |

---------

રાજ્યમાં ડો.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

* ૫૬૯૪ શ્રીમતી સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ માટે લોન આપવામાં આવે છે, અને

(૨) છેલ્લે ઉક્ત સ્થિતિએ આ લોનમાં કયા વર્ષે અને કેટલો વધારો કરવામાં આવ્યો ?

જવાબ

(૧) રૂ. ૧૫.૦૦ લાખ વાર્ષિક ૪ ટકા વ્યાજના દરે.

(૨)

| વર્ષ | લોનની રકમમાં કરેલ વધારો | કુલ લોનની રકમ |
|---|---|---|
| ૯/૩/૧૯૯૯ | - | ૫.૦૦ લાખ |
| ૨૩/૩/૨૦૦૭ | ૫.૦૦ લાખ | ૧૦.૦૦ લાખ |
| ૨૭/૮/૨૦૧૪ | ૫.૦૦ લાખ | ૧૫.૦૦ લાખ |

---------

કપડવંજ તાલુકા ક્ષતિ સુધારણા માટેની અરજીઓ

* ૨૭૮૬ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કપડવંજ તાલુકાની વાઘાવત ગ્રામ પંચાયત હેઠળના વિસ્તારના કુલ કેટલા ખેડૂતોએ છેલ્લા બે વર્ષ દરમિયાન ક્ષતિ સુધારણા માટેની અરજીઓ કરેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે, અને

(૩) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, અને બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

જવાબ

(૧) ૯ (નવ)અરજીઓ મળેલ છે.

(૨) તમામ ૯ (નવ) અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન રહેતો નથી.

---------

જામનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ

* ૩૮૧૯ શ્રી પ્રવિણભાઇ મુસડીયા (કાલાવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બાંધકામ શ્રમિકોને કડીયાકામ, સુથારકામ, પ્લમ્બિંગ કામની ઉચ્ચ કૌશલ્ય તાલીમ જામનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકોને આપવામાં આવી, અને

(૧) જિલ્લાવાર બાંધકામ શ્રમિકોને આપવામાં આવેલ તાલીમની વિગત નીચે પ્રમાણે છે.

| જિલ્લો | શ્રમિકોની સંખ્યા |
|---|---|
| જામનગર | ૦૦ |
| દેવભૂમિદ્વારકા | ૦૫ |

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત તાલીમ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રકમ રૂપિયા)

| વર્ષ | જામનગર | દેવભૂમિદ્વારકા |
|---|---|---|
| ૨૦૧૬ | ૦૦ | ૦૦ |
| ૨૦૧૭ | ૦૦ | ૧૬,૨૬૩/- |

---------

### મહેસાણા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૫૬૫૪ શ્રી રમણભાઇ પટેલ (વિજાપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|
| મહેસાણા | ૨૬૦૭ |
| કડી | ૧૯૮૫ |
| વિજાપુર | ૧૯૧૩ |
| વિસનગર | ૧૯૦૫ |
| ઉંઝા | ૧૩૮૨ |
| બેચરાજી | ૭૫૧ |
| સતલાસણા | ૯૮૪ |
| તાલુકાનું નામ | તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ |
| ખેરાલુ | ૭૯૭ |
| વડનગર | ૧૦૨૭ |
| જોટાણા | ૫૯૧ |
| કુલ | ૧૩૯૪૨ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધ | મંજુર | નામંજુર |
|---|---|---|---|
| મહેસાણા | ૨૬૦૭ | ૨૫૦૧ | ૩૩ |
| કડી | ૧૯૮૫ | ૧૮૯૧ | ૬૪ |
| વિજાપુર | ૧૯૧૩ | ૧૮૧૭ | ૨૧ |
| વિસનગર | ૧૯૦૫ | ૧૭૯૮ | ૨૫ |
| ઉંઝા | ૧૩૮૨ | ૧૩૪૧ | ૧૮ |
| બેચરાજી | ૭૫૧ | ૭૧૯ | ૧૭ |
| સતલાસણા | ૯૮૪ | ૯૨૭ | ૪૩ |
| ખેરાલુ | ૭૯૭ | ૭૬૫ | ૨૩ |
| વડનગર | ૧૦૨૭ | ૯૬૪ | ૨૨ |
| જોટાણા | ૫૯૧ | ૫૬૬ | ૧૮ |
| કુલ | ૧૩૯૪૨ | ૧૩૨૮૯ | ૨૮૪ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) (૧) પેઢીનામું કે મરણના દાખલા રજુ ન થવાથી.

(૨) દાખલ થતા વારસો સીધી લીટીના ન હોવાથી.
(૩) પેઢીનામામાં તમામ વારસો દર્શાવેલ ન હોવાથી.
(૪)મરણના દાખલા મુજબનું નામ ૭/૧૨ ના નામ સાથે સુસંગત ન હોવાથી.
(૫) આધાર પુરાવા રજુ કરેલ ન હોઇ તથા ૧૩૫–ડી ની નોટિસ બજેલ ન હેવાથી.
(૬) વારસાઇ હક્કની વિગત સુનિશ્ચિત થતી ન હેવાથી.
(૭) કોર્ટમાંથી વારસો અંગેનું પ્રોબેટ રજુ થયેલ ન હોવાથી.
(૮) અરજદારશ્રી તરફથી મરણના દાખલા રજુ થયેલ ન હોવાથી.

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૮૧૨ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખેતી–ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૧)

| સાબરકાંઠા | | | અરવલ્લી | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| હિંમતનગર | ૪૯ | ૬ | મોડાસા | ૧૬ | ૬ |
| ઇડર | ૮ | ૪ | બાયડ | ૦ | ૩ |
| વડાલી | ૧ | ૩ | ભિલોડા | ૦ | ૨ |
| પ્રાંતિજ | ૧૧ | ૯ | ધનસુરા | ૦ | ૦ |
| તલોદ | ૦ | ૧૪ | મેઘરજ | ૦ | ૦ |
| ખેડબ્રહ્મા | ૮ | ૨ | માલપુર | ૦ | ૬ |
| વિજયનગર | ૩ | ૧ | | | |
| પોશીના | ૧ | ૦ | | | |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| સાબરકાંઠા | ૧૦૨ |
| અરવલ્લી | ૧૭ |
| કુલ | ૧૧૯ |

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| સાબરકાંઠા | ૮ |
| અરવલ્લી | ૦ |
| કુલ | ૮ |

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું ?

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| સાબરકાંઠા | ૭,૨૧,૯૬,૫૨૬/– |
| અરવલ્લી | ૯૪,૬૭,૭૧૩/– |
| કુલ | ૮,૧૬,૬૪,૨૩૯/– |

---------

અરવલ્લી અને છોટાઉદેપુર જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ

* ૩૭૧૭ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બાંધકામ શ્રમિકોને કડીયાકામ, સુથારકામ, પ્લમ્બિંગ કામની ઉચ્ચ કૌશલ્ય તાલીમ અરવલ્લી અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકોને આપવામાં આવી, અને

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત તાલીમ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૧) જિલ્લાવાર બાંધકામ શ્રમિકોને આપવામાં આવેલ તાલીમની વિગત નીચે પ્રમાણે છે.

| જિલ્લો | શ્રમિકોની સંખ્યા |
|---|---|
| અરવલ્લી | ૯૦૬ |
| છોટાઉદેપુર | ૫૫૩ |

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂા. લાખમાં)

| વર્ષ | અરવલ્લી | છોટાઉદેપુર |
|---|---|---|
| ૨૦૧૬ | ૯૩.૦૦ | ૨૧.૦૦ |
| ૨૦૧૭ | ૩૬.૦૦ | ૪૪.૦૦ |

---------

મોરબી અને દાહોદ જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચૂકવવા બાબત

* ૩૭૭૯ શ્રી લલિતભાઈ કગથરા (ટંકારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઓદ્યોગિક એકમોમાં અકસ્માતને કારણે મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન કે અન્ય પ્રકારે કેટલું વળતર ચૂકવવામા આવે છે,

(૨) તે અન્વયે મોરબી અને દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું અને કેટલાને વળતર ચૂકવવાનું બાકી છે, અને

(૩) બાકી રહેલાને વળતર ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે?

જવાબ

(૧) ઓદ્યોગિક એકમોમાં અકસ્માતમાં મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને કે ઘાયલ થયેલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન એક્ટ હેઠળ તેમજ ESIC નિર્દિષ્ટ વિસ્તારમાં ESIC એક્ટ હેઠળ શ્રમિકોના માસિક વેતન તેમજ તેમની ઉંમર આધારીત સુચકાંક મુજબ નક્કી થતા દરે વળતર ચૂકવવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂકવેલ વળતરની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | મૃત્યુ પામેલ શ્રમિકોની સંખ્યા | વળતર ચૂકવેલ શ્રમિકોની સંખ્યા | ચૂકવેલ વળતર (રૂપિયા લાખમાં) | ઘાયલ શ્રમિકોની સંખ્યા | ઘાયલ શ્રમિકોને ચૂકવેલ વળતરની સંખ્યા | ચૂકવેલ વળતર (રૂપિયા લાખમાં) | વળતર ચૂકવવાનું બાકી શ્રમિકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| મોરબી | ૪૨ | ૩૬ | ૨૮૦.૨૨ | ૦૧ | ૦૧ | ૮.૦૯ | ૬ (WC) |
| દાહોદ | ૦૨ | ૦૨ | ૨૨.૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૩) વર્કમેન કમ્પેન્સેશન એક્ટ હેઠળ મળવાપાત્ર વળતર નામદાર લેબરકોર્ટ દ્વારા નિર્ણય થયેથી કારખાનાના માલિક દ્વારા નિશ્ચિત રકમ ચુકવવામાં આવશે.

---------

અમદાવાદમાં ઓનલાઈન ઈ-પેમેન્ટ થી નોંધણી

* ૫૬૫૬ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઓનલાઈન ઈ-પેમેન્ટથી નોંધણી ફી ભરી કેટલા દસ્તાવેજો નોંધાયેલા છે, અને

(૨) અમદાવાદ જિલ્લામાં ઓનલાઈન ઈ-પેમેન્ટથી કેટલી નોંધણી ફી મળેલ છે.?

જવાબ

(૧) ૯૦ દસ્તાવેજ

(૨) રૂ.૧,૦૪,૯૧,૫૮૭/-

---------

મહીસાગર અને ભરૂચ જિલ્લામાં જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

## અતારાંકિત પ્રશ્નો

* ૩૮૦૦ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખેતી–ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

જવાબ

(૧)

| મહીસાગર | | | ભરૂચ | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| લુણાવાડા | ૧ | ૨૩ | ભરૂચ | ૫ | ૩૫ |
| સંતરામપુર | ૨ | ૨ | વાગરા | ૦ | ૩૦ |
| બાલાસિનોર | ૩ | ૪ | અકલેશ્વર | ૧૫ | ૩૬ |
| કડાણા | ૦ | ૧ | હાંસોટ | ૦ | ૫ |
| ખાનપુર | ૦ | ૧ | ઝઘડીયા | ૦ | ૩ |
| વિરપુર | ૦ | ૦ | વાલીયા | ૦ | ૧ |
| | | | નેત્રંગ | ૦ | ૧ |
| | | | આમોદ | ૨ | ૬ |
| | | | જંબુસર | ૯ | ૪૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૨)

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| મહીસાગર | ૧૭ |
| ભરૂચ | ૫૦ |
| કુલ | ૬૭ |

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયુ, અને

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| મહીસાગર | ૦ |
| ભરૂચ | ૬ |
| કુલ | ૬ |

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું?

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| મહીસાગર | ૧,૩૮,૪૩,૧૪૨/– |
| ભરૂચ | ૧૨,૨૯,૫૦,૮૫૬/– |
| કુલ | ૧૩,૬૭,૯૩,૯૯૮/– |

---------

### બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલી સરકારી આઈ.ટી.આઈ.

* ૩૭૨૩ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. આવેલી છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં ૧૪ અને છોટાઉદેપુર જિલ્લામાં ૦૬ સરકારી આઈ.ટી.આઈ. આવેલી છે. *પત્રક–૧ મુજબ |
| (૨) ઉક્ત આઈ.ટી.આઈ. વાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક–૧ મુજબ |
| (૩) ઉક્ત જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી જગ્યાઓ ભરેલી છે, અને | (૩) *પત્રક–૧ મુજબ |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકુળતા ધ્યાને લઈ બનતી ત્વરાએ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

અંબાજી યાત્રાધામમાં યાત્રાળુઓની સુવિધા

* ૫૬૪૯ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાદરવી પુનમના મેળા દરમ્યાન વર્ષ ૨૦૧૭માં કેટલા પદયાત્રીઓએ શ્રી આરાસુરી અંબાજી માતાના દર્શન માટે અંબાજીની યાત્રા કરી, | (૧) ભાદરવી પૂનમના મેળા દરમ્યાન વર્ષ–૨૦૧૭માં કુલ ૨૬,૭૩,૪૯૨ પદયાત્રિઓએ શ્રી આરાસુરી માતાના દર્શન માટે અંબાજીની યાત્રા કરી. |
| (૨) પદયાત્રીઓની સુવિધા માટે શું વ્યવસ્થા કરવામાં આવી, અને | (૨) પદયાત્રિઓની સુવિધા માટે રેલીંગ, પીવાના પાણીની સગવડ, લીંબુ સરબત, સીનીયર સીટીઝન માટે વ્હિલ ચેરની વ્યવસ્થા, ભેટ કેન્દ્રોની વ્યવસ્થા, લગેજ, પગરખા કેન્દ્ર, સૂચનાઓ અંગેના બોર્ડ, હોર્ડિંગ્સ પેમ્ફલેટ, વગેરે વિશ્રામ સ્થળો, વોટરપ્રુફ મંડપો, સફાઈ, વિનામૂલ્યે ભોજન વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, રોશની, સલામતિની વ્યવસ્થા, સી.સી.ટી.વી. કેમેરા, સ્વંયસેવકો, ટી.વી.પ્રસારણ, ટેલિફોન વ્યવસ્થા, સાંસ્કૃતિક પ્રોગ્રામ, શૌચાલય વગેરે સુવિધાઓ ઉભી કરવામાં આવેલ હતી. |
| (૩) પદયાત્રીઓ માટે માર્ગ ઉપર ટેમ્પરરી ટોયલેટની કોઈ વ્યવસ્થા કરી હતી કે કેમ ? | (૩) પદયાત્રીઓ માટે માર્ગ ઉપર ટેમ્પરરી ટોયલેટ બ્લોકની નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવેલ |

| | |
|---|---|
| ૬ મોબાઈલ ટોયલેટ વાનમાં ટોયલેટ | ૪૮ નંગ |
| ટેમ્પરરી ટોયલેટ | ૩૫૦ નંગ |
| બાથરૂમ | ૭૦ નંગ |
| યુરિનલ | ૪૯ નંગ |

---------

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું મંજૂર મહેકમ

* ૩૭૪૯ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ૧૩૧ |

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | અગ્ર સચિવ | ૧ |
| ૨ | નાયબ સચિવ/સંયુક્ત સચિવ | ૫ |
| ૩ | ઉપ સચિવ | ૬ |
| ૪ | સેકશન અધિકારી | ૧૭ |
| ૫ | નાયબ સેકશન અધિકારી | ૫૧ |
| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
| ૬ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૧ | ૧ |
| ૭ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૨ | ૩ |
| ૮ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૩ | ૧ |
| ૯ | સ્ટેનો ગ્રાફર (અંગ્રેજી) ગ્રેડ –૨ | ૧ |
| ૧૦ | કારકુન | ૨ |
| ૧૧ | ઓફિસ આસિસ્ટન્ટ | ૨૦ |

| | | |
|---|---|---|
| ૧૨ | ડ્રાયવર | ૪ |
| ૧૩ | વર્ગ–૪ | ૧૯ |
| | કુલ | ૧૩૧ |

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)
ભરાયેલ જગ્યાઓ – ૧૦૮ અને ખાલી જગ્યાઓ–૨૩

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | અગ્ર સચિવ | ૧ | ૦ |
| ૨ | સંયુક્ત સચિવ/નાયબ સચિવ | ૫ | ૦ |
| ૩ | ઉપ સચિવ | ૫ | ૧ |
| ૪ | સેકશન અધિકારી | ૧૨ | ૫ |
| ૫ | નાયબ સેકશન અધિકારી | ૪૨ | ૯ |
| ૬ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૧ | ૧ | ૦ |
| ૭ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૨ | ૩ | ૦ |
| ૮ | સ્ટેનો ગ્રાફર (ગુજરાતી) ગ્રેડ –૩ | ૦ | ૧ |
| ૯ | સ્ટેનો ગ્રાફર (અંગ્રેજી) ગ્રેડ –૨ | ૦ | ૧ |
| ૧૦ | ઓફિસ આસિસ્ટન્ટ | ૧૪ | ૬ |
| ૧૧ | કારકુન | ૨ | ૦ |
| ૧૨ | ડ્રાયવર | ૧– પ્રતિનિયુક્તિ ૩– આઉટસોર્સીસ ૪ | ૦ |
| ૧૩ | વર્ગ–૪ (પટાવાળા) | ૬ ૧૩– આઉટસોર્સીસ ૧૯ | ૦ |
| | કુલ | ૧૦૮ | ૨૩ |

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત અને કેટલી જગ્યા ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૩) કરાર આધારિત – ૪
ફીક્સ પગારથી – ૩૬

| ક્રમ | સંવર્ગ | કરાર આધારિત જગ્યાઓ | ફીકસ પગારથી |
|---|---|---|---|
| ૧ | સંયુકત સચિવ/નાયબ સચિવ | ૨ | ૦ |
| ૨ | સેકશન અધિકારી | ૧ | ૦ |
| ૩ | નાયબ સેકશન અધિકારી | ૧ | ૨૨ |
| ૪ | ઓફિસ આસિસ્ટન્ટ | ૦ | ૧૪ |
| | કુલ | ૪ | ૩૬ |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ફાળવણી થયેથી જગ્યાઓ ભરી શકાશે.

---------

ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં ગામોની ગામતળ મંજૂર કરવાની દરખાસ્ત

* ૨૪૮૯ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા ગામોની ગામતળ મંજુર કરવાની દરખાસ્ત સરકારમાં પડતર છે, | (૧) શૂન્ય |
| (૨) તે કેટલા સમયથી ગામવાર પડતર છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પડતર રહેવાના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તમામ પડતર દરખાસ્તોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જાહેર ટ્રસ્ટ દ્વારા પડતર જમીનની માંગણી

* ૩૭૬૧ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જાહેર ટ્રસ્ટો દ્વારા કરવામાં આવેલ જમીનની માંગણીઓ પડતર છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો કયા જાહેર ટ્રસ્ટ દ્વારા કયા પ્રકારની કેટલી જમીનની માંગણીઓ પડતર છે, અને | (૨) સામેલ *પત્રક–૧ મુજબ. |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ટ્રસ્ટને કેટલી જમીન કઈ જગ્યાએ શા ભાવે ક્યારે ફાળવવામાં આવી ? | (૩) સામેલ *પત્રક–૨ મુજબ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજકોટ જિલ્લામાં સાત ફેરા સમુહલગ્ન યોજના

* ૫૬૮૭ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં સાતફેરા સમુહલગ્ન યોજના હેઠળ લાભ લેવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી, | (૧) યુગલ–૭૭<br>સંસ્થા–૦૪ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) યુગલ–૭૭<br>સંસ્થા–૦૪ |
| (૩) કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ. ૯.૨૪ લાખ |

---------

દાહોદ જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકોને સહાય

* ૩૧૦૧ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને | (૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે. |

| તાલુકો | શ્રમિકોની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૫૯૮૨ |

| | |
|---|---|
| ગરબાડા | ૧૬૪૬ |
| ફતેપુરા | ૧૪૦૦ |
| ઝાલોદ | ૩૮૧૩ |
| લીમખેડા | ૩૩૭૨ |
| દેવગઢ બારિયા | ૧૧૦૭ |
| ધાનપુર | ૧૦૮૭ |
| સંજલી | ૩૯૬ |
| કુલ | ૧૮૮૦૩ |

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર કોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

મહેસાણા અને ડાંગ જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૭૭૬ ડૉ. આશા પટેલ (ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર ખેતી–ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું ?

જવાબ

(૧)

| મહેસાણા | | | ડાંગ | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| મહેસાણા | ૧૬૦ | ૪૦ | સુબીર | ૦ | ૨ |
| કડી | ૧૧૩ | ૭૦ | આહવા | ૦ | ૧ |
| વિજાપુર | ૧૪૪ | ૧૦ | વઘઇ | ૦ | ૧ |
| વિસનગર | ૧૦૭ | ૫ | | | |
| ઉંઝા | ૭૭ | ૮ | | | |
| બેચરાજી | ૧૧૮ | ૬ | | | |
| ખેરાલુ | ૨૪ | ૨ | | | |
| વડનગર | ૧૨૪ | ૪ | | | |
| સતલાસણા | ૨૧ | ૧ | | | |
| જોટાણા | ૧૦ | ૦ | | | |

(૨)

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| મહેસાણા | ૭૮૬ |
| ડાંગ | ૧ |
| કુલ | ૭૮૭ |

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| મહેસાણા | ૪૬ |
| ડાંગ | ૦ |
| કુલ | ૪૬ |

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| મહેસાણા | ૧૦,૯૮,૫૨,૪૩૪/– |
| ડાંગ | ૨,૦૦,૦૦૦/– |
| કુલ | ૧૧,૦૦,૫૨,૪૩૪/– |

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---

ચાણોદ કરનાળી ખાતે યાત્રાળુઓની સુવિધા બાબત

* ૫૬૪૬ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૭–૧૮ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ચાણોદ કરનાળી ખાતે યાત્રાળુઓની સુવિધા માટે રાજ્ય સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને | (૨) રૂપિયા ૯૯.૪૩ કરોડની રકમ મંજુર કરવામાં આવી છે. |
| (૩) આ કામગીરી હાલ ક્યા તબક્કે છે ? | (૩) ૯ કામો પૂર્ણ થયેલ છે. ૧૨ કામો પ્રગતિમાં છે તથા બે કામ શરૂ થનાર છે. |

---

વડોદરા અને વલસાડ જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૮૦૬ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર ખેતી–ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૧)

| વડોદરા | | | વલસાડ | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| વડોદરા (ઉત્તર) | ૩ | ૨૩ | વલસાડ | ૦ | ૧૧ |
| વડોદરા (દક્ષિણ) | ૧૨ | ૬૫ | પારડી | ૦ | ૧૨ |
| વડોદરા (પૂર્વ) | ૦ | ૨૧ | વાપી | ૦ | ૨૪ |
| વડોદરા (પશ્ચિમ) | ૨ | ૩૦ | ઉમરગામ | ૨૧ | ૧૧ |
| વડોદરા ગ્રામ્ય | ૯૧ | ૧૩૨ | ધરમપુર | ૧ | ૧ |
| પાદરા | ૧૭ | ૧૮ | કપરાડા | ૦ | ૧ |
| સાવલી | ૦ | ૧૯ | | | |
| વાઘોડીયા | ૧ | ૩૦ | | | |
| કરજણ | ૦ | ૨૧ | | | |
| ડભોઈ | ૦ | ૧૧ | | | |
| શિનોર | ૦ | ૧ | | | |
| ડેસર | ૧ | ૧ | | | |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| વડોદરા | ૨૫૪ |
| વલસાડ | ૩૯ |
| કુલ | ૨૯૩ |

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| વડોદરા | ૩ |
| વલસાડ | ૦ |
| કુલ | ૩ |

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું ?

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| વડોદરા | ૧,૫૩,૨૩,૩૩,૭૧૩/- |
| વલસાડ | ૨,૪૫,૧૨,૨૪૮/- |
| કુલ | ૧,૫૫,૬૮,૪૫,૯૬૧/- |

---------

ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચૂકવવા બાબત

* ૩૭૮૮ શ્રી મોહનલાલા વાળા (કોડીનાર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ઔદ્યોગિક એકમોમાં અકસ્માતને કારણે મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન કે અન્ય પ્રકારે કેટલું વળતર ચૂકવવામાં આવે છે,

(૨) તે અન્વયે ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મૃત્યુ પામેલ કેટલા શ્રમિકોના પરિવારને અને ઘાયલ શ્રમિકોને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું અને કેટલાને વળતર ચુકવવાનું બાકી છે, અને

(૩) બાકી રહેલાને વળતર ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

જવાબ

(૧) ઔદ્યોગિક એકમોમાં અકસ્માતમાં મૃત્યુ પામેલ શ્રમિકોના પરિવારને કે ઘાયલ થયેલ શ્રમિકોને વર્કમેન કમ્પેન્સેશન એક્ટ હેઠળ તેમજ ESIC નિર્દિષ્ટ વિસ્તારમાં ESIC એક્ટ હેઠળ શ્રમિકના માસિક વેતન તેમજ તેની ઉંમર આધારીત સુચકાંક મુજબ નક્કી થતા દરે વળતર ચૂકવવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂકવેલ વળતરની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | મૃત્યુ પામેલ શ્રમિકોની સંખ્યા | વળતર ચુકવેલ શ્રમિકોની સંખ્યા | ચૂકવેલ વળતર (રૂપિયા લાખમાં) | ઘાયલ શ્રમિકોની સંખ્યા | ચૂકવેલ વળતર (રૂપિયા લાખમાં) | વળતર ચૂકવવાનું બાકી શ્રમિકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ગીર સોમનાથ | ૦૨ | ૦૧ | ૩૩.૭૦ | ૦૦ | ૦૦ | ૧ (WC) |
| પોરબંદર | ૦૧ | ૦૧ | ૧૩.૪૨ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૩) વર્કમેન કમ્પેન્સેશન એક્ટ હેઠળ મળવાપાત્ર વળતર નામદાર લેબરકોર્ટ દ્વારા નિર્ણય થયેથી કારખાનાના માલિક દ્વારા નિશ્ચિત રકમ ચુકવવામાં આવશે.

---------

સાબરકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

* ૫૬૯૫ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૮૬૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૬૭. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સાયકલ આપવામાં આવી ? | (૩) ૮૬૭. |

---------

અમરેલી અને રાજકોટ જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ

* ૩૭૫૫ શ્રી અમરિષભાઈ ડેર (રાજુલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ બાંધકામ શ્રમિકોને કડીયાકામ, સુથારકામ, પ્લમ્બિંગ કામની ઉચ્ચ | (૧) જિલ્લાવાર બાંધકામ શ્રમિકોને આપવામાં આવેલ તાલીમની વિગત નીચે પ્રમાણે છે. |

કૌશલ્ય તાલીમ અમરેલી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકોને આપવામાં આવી, અને

| જિલ્લો | શ્રમિકોની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૬૦ |
| રાજકોટ | ૧૮૨ |

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત તાલીમ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ.લાખમાં)

| વર્ષ | અમરેલી | રાજકોટ |
|---|---|---|
| ૨૦૧૬ | ૧.૧૧ | ૩૧.૦૦ |
| ૨૦૧૭ | ૦.૭૭ | ૦.૬૦ |

---------

બનાસકાંઠા જિલ્લામાં સરકારી છાત્રાલયો

* ૫૬૯૨ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો આવેલા છે, અને | (૧) ૦૪. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ છાત્રાલયો પૈકી કેટલા છાત્રાલય સરકારી મકાનમાં કાર્યરત છે ? | (૨) ૦૨. |

---------

ખેડા જિલ્લામાં સરકારી પડતર જમીનમાં દબાણ બાબત

* ૫૬૫૯ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પડતર જમીનમાં દબાણ થયેલ છે, અને | (૧) શુન્ય. |
| (૨) ઉક્ત સ્થિતિએ દબાણકારો સામે શું પગલાં લીધા ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

---------

જૂનાગઢ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગાર

* ૩૧૨૧ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગાર નોંધાયેલા છે, | (૧) ૧૯૮૫૩. |
| (૨) તે પૈકી કેટલા બેરોજગારો શારીરિક ખોડખાંપણવાળા નોંધાયેલા છે, અને | (૨) ૨૭૮. |
| (૩) તે પૈકી કેટલા ખોડખાંપણવાળા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૩) શૂન્ય. |

---------

ગાંધીનગર અને સુરત જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ

* ૩૭૨૯ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ બાંધકામ શ્રમિકોને કડીયાકામ, સુથારકામ, પ્લમ્બિંગ કામની ઉચ્ચ કૌશલ્ય તાલીમ ગાંધીનગર અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકોને આપવામાં આવી, અને

જવાબ

(૧) જિલ્લાવાર બાંધકામ શ્રમિકોને આપવામાં આવેલ તાલીમની વિગત નીચે પ્રમાણે છે.

| જિલ્લો | શ્રમિકોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૫૫૫ |
| સુરત | ૧૩૬ |

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત તાલીમ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ.લાખમાં)

| વર્ષ | ગાંધીનગર | સુરત |
|---|---|---|
| ૨૦૧૬ | ૧૨૨.૦૦ | ૨૯.૦૦ |
| ૨૦૧૭ | ૦૦ | ૦૦ |

---------

પંચમહાલ અને અમદાવાદ જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૮૦૩ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ખેતી–ખેતી તેમજ બિનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૧)

| પંચમહાલ | | | અમદાવાદ | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| મોરવા (હ) | ૦ | ૧૪ | ઘાટલોડિયા | ૧૯ | ૫૦ |
| કાલોલ | ૬ | ૮ | સાબરમતી | ૦ | ૧૦ |
| **પંચમહાલ** | | | **અમદાવાદ** | | |
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
| | ખેતી હેતુ | બિનખેતી હેતુ | | ખેતી હેતુ | બિનખેતી હેતુ |
| ગોધરા | ૧ | ૪૩ | વેજલપુર | ૩ | ૩૦ |
| હાલોલ | ૬ | ૫૯ | વટવા | ૯ | ૩ |
| ઘોઘંબા | ૦ | ૧ | અસારવા | ૩ | ૧૭ |
| જાંબુઘોડા | ૦ | ૪ | મણિનગર | ૦ | ૦ |
| શહેરા | ૦ | ૧૧ | દસક્રોઈ | ૨૮ | ૮૩ |
| | | | સાણંદ | ૧ | ૩૬ |
| | | | વિરમગામ | ૦ | ૪ |
| | | | માંડલ | ૨ | ૧૮ |
| | | | દેત્રોજ | ૦ | ૦ |
| | | | ધોળકા | ૦ | ૩ |
| | | | બાવળા | ૦ | ૨૪ |
| | | | ધંધુકા | ૦ | ૦ |
| | | | ધોલેરા | ૧ | ૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| જિલ્લાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|
| પંચમહાલ | ૧૪૨ |
| અમદાવાદ | ૧૩૩ |
| કુલ | ૨૭૫ |

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૩)

| જિલ્લાનું નામ | થયેલ શરતભંગ |
|---|---|
| પંચમહાલ | ૦ |
| અમદાવાદ | ૬ |

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮
અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| કુલ | ૬ |

(૪) બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમિયમ વસુલ કરવામાં આવ્યું ?

(૪)

| જિલ્લાનું નામ | વસુલેલ પ્રિમિયમ |
|---|---|
| પંચમહાલ | ૧૮,૫૫,૪૦,૩૯૮/- |
| અમદાવાદ | ૬૭,૭૬,૬૯,૦૨૦/- |
| કુલ | ૮૬,૩૨,૦૯,૪૧૮/- |

---------

રાજકોટ જિલ્લામાં ઇન્સ્ટ્રક્ટરોની ખાલી જગ્યાઓ

* ૨૦૦૭ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કેટલી ઇન્સ્ટ્રક્ટરોની જગ્યાઓ ટ્રેડ વાઇઝ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ? | (૨) વહીવટી અનુકૂળતા ધ્યાને લઇ બનતી ત્વરાએ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો**

ભાવનગર જિલ્લાના રંઘોળા ગામ ખાતે થયેલ ગમખ્વાર અકસ્માત અંગે

અધ્યક્ષશ્રી : માનનીય રાઘવજીભાઇ મકવાણાજ, બોલો.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભાવનગર ખાતે જે ગમખ્વાર અકસ્માત થયો છે તે અંગે ઝીરો અવર્સ ઉભો કરવો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીની પરવાનગી છે તેમાં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પરવાનગી આપી છે.

અધ્યક્ષશ્રી : ઓકે, બોલો હવે.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહજી દ્વારા મને અનુમતિ આપવામાં આવી છે. આપ એલાઉ કરો તેવી વિનંતી છે. મારા ભાવનગર જિલ્લામાં

અધ્યક્ષશ્રી : તમામ સભ્યશ્રીઓની જાણકારી માટે કે ઝીરો અવર્સ જેવી આપણે ત્યાં કોઇ પ્રથા નથી. પરંતુ કોઇ કિસ્સામાં જયારે માનનીય મંત્રીશ્રી જવાબ આપવા તૈયાર હોય તો તેવી વાતને સ્વીકારવામાં આવે છે.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, સવારે ગૃહના બધા જ સભ્યશ્રીઓએ..

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં...

અધ્યક્ષશ્રી : પણ કુંવરજીભાઇ માનનીય મંત્રીશ્રીની તમારી પાસે કોઇ અનુમતિ ન્હોતી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરજીભાઇ તમને પણ બોલવા દેશે. કુંવરજીભાઇ અને બીજા મિત્રો માનનીય મુખ્યમંત્રીશ્રીને મળવા આવેલા. અમે કહ્યું હતું કે આપણે ત્યાં આવો કોઇ શિરસ્તો નથી. આપણે મંજૂરી નથી આપતા પણ આવા ખાસ કિસ્સામાં કે જેમાં ૩૦ લોકોના મૃત્યુ થયા હોય તો તેમાં આપણે પરંપરાનો ભંગ કરીને પણ પૂછવા દઇએ છીએ.

અધ્યક્ષશ્રી :માત્ર અપવાદરૂપ આ કિસ્સો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હા આ અપવાદરૂપ કિસ્સો છે અને કુંવરજીભાઇ મળવા આવ્યા તે પહેલાં પ્રદિપસિંહને અને મને માનનીય ધારાસભ્યશ્રી રાઘવજીભાઇ મળી ગયા હતા. માનનીય કુંવરજીભાઇ તમને પૂછવા દેવામાં આવશે.

અધ્યક્ષશ્રી : હું એ વાત જાહેર કરીશ પરંતુ આપની પાસે મંત્રીશ્રીની કોઇ અનુમતિ ન્હોતી. અત્યારે આને રાજકારણની રીતે છોડી દઇએ. આપને પણ હું બોલવા દઇશ કુંવરજીભાઇ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇપણ પ્રકારનું રાજકીય અવલોકન હોઇ જ ન શકે માત્ર આમાં સહાનુભૂતિ હોય એટલા માટે શૈલેષભાઇ ચાલુ પ્રશ્નોત્તરી દરમ્યાન કોઇપણ જવાબમાં કોઇ સભ્યશ્રી પાટલી થપથપાવે નહીં તેવી સંવેદના વ્યક્ત કરી છે. માત્ર માહિતી માટે કહું તો કુંવરજીભાઇ આપ મળ્યા તે પહેલાં મને અને પ્રદિપસિંહજીને રાઘવજીભાઇ મળી ગયા હતા. એટલા માટે તે પહેલાં બોલશે અને પછી આપની અનુમતિથી કુંવરજીભાઇ બોલે.

## ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે

## અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભાવનગર જિલ્લાની અંદર ગૃહના બધા જ મારા સભ્ય મિત્રોને ખબર છે કે સવારે ટીવી ચાલુ કરતાંની સાથે જ બધાને સમાચાર મળ્યા છે કે ખૂબ મોટો ગમખ્વાર અકસ્માત થયો છે અને ૩૦ વ્યક્તિઓ તેમાં મૃત્યુ પામ્યા છે. તમામ અમારા સમાજના છે. હું આ તમામ ૩૦ લોકો અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે તેમના પ્રત્યે દિલસોજી વ્યક્ત કરું છું. સાથે હું પૂછવા માગુ છું કે આ બાબતે સરકારશ્રીએ શું શું પગલાં લીધા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એક આ દુઃખદ બનાવના સંદર્ભમાં માનનીય ધારાસભ્યશ્રી આર.સી.મકવાણા દ્વારા આ સભાગૃહની અંદર.. માનનીય કુંવરજીભાઇ પહેલાં મને જવાબ આપી દેવા દો. કંઇ માહિતી રહી જાય તો તેઓ ચોક્કસ પૂછી શકે છે. હું મારા મૃદ્ધા કહી દઉં છું પછી તેમને આપ એલાઉ કરજો.

અધ્યક્ષશ્રી : આપને અધ્યક્ષ ઉપર વિશ્વાસ છે કુંવરજીભાઈ? હું પૂછવા દઇશ આપ બેસો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે વહેલી સવારે પાલીતાણાથી આવતાં રસ્તામાં જે અકસ્માત થયો તેના સંદર્ભમાં અમારા માનનીય ધારાસભ્યશ્રી આર.સી.મકવાણાજીએ કહ્યું કે આ બનાવ મારા જિલ્લાનો અને મારા સમાજનો છે અને અમારે કોઈ મુદ્દો ઉપસ્થિત કરવો છે તો કઇ રીતે કરી શકાય એવી વાત કરેલી. તેના સંદર્ભમાં મેં એમને કહ્યું હતું કે અહીં આ પ્રકારની કોઇ પરંપરા નથી. પરંતુ હું જરૂરી માહિતીઓ માટે સવારથી આ ઘટનાક્રમ બાબતે મુખ્યમંત્રીશ્રીના સંપર્કમાં છું, હું ભાવનગર જિલ્લાના પ્રશાસનના સંપર્કમાં છું તો મારી પાસે જેટલી એકત્રિત થયેલી વિગતો હશે અને માનનીય અધ્યક્ષશ્રી એલાઉ કરશે તો આપી શકાશે. સવારે સાડા છ થી લગભગ પોણા સાતના સમયે પાલીતાણા તાલુકાના અનીડા એટલે કે કુંભડ ગામના લોકો ત્યાંથી પોતાના વરરાજા એટલે કે પોતાના પુત્રને પરણાવવા માટે જીજે.૧૪ એચ.૪૯૪૬ ટ્રકમાં લગભગ ૬૦ જેટલા જાનૈયાઓ પોતાના દીકરાને પરણાવવાના થનગનાટ સાથે ત્યાંથી નીકળ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, લગભગ સાડા સાત થી પોણા આઠ વાગ્યાનો સમય હશે ત્યારે રંઘોળા ગામની આગળ જે નવું કોઝ–વે પુલિયું બને છે ત્યાં આગળના ભાગના જમણા ટાયરનો ભાગ પુલિયાના ભાગને અડી જતાં આખી ટ્રક જે રંઘોળી નદી છે તેની અંદર પડી ગઇ, નીચેના ભાગમાં સિમેન્ટ કોંક્રીટનું આખું આર.સી.સી.નું લેયર હતું, એટલે આપણે સૌ કલ્પના કરી શકીએ છીએ કે, બધા જ લોકો એકસાથે જ્યારે પડે એ પડવા ઉપરાંત નીચે પણ આર.સી.સી. વર્ક હતું, એટલે મોટાભાગના લોકોને માથાના ભાગમાં ઈજા થવાના કારણે એ લોકોની સ્થળ ઉપર જ અત્યંત ગંભીર હાલત ઉભી થઇ, મને જણાવતાં બહુ જ દુઃખ થાય છે કે, લગભગ ૩૦ જેટલા લોકો, એમાં ૨૬ જેટલા લોકો સ્થળ ઉપર મૃત્યુ પામ્યા હતા અને બાકીના ૪ લોકોને ત્યાંથી તાત્કાલિક સારવાર માટે લઇ જવામાં આવ્યાં તો ચારેક લોકો એ સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા. બાકીના લોકોને જુદી જુદી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં. મોટાભાગના સર ટી હોસ્પિટલ, ભાવનગરમાં પહોંચાડવામાં આવ્યા છે, એમની હાલ સારવાર કરવામાં આવી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેવી ઘટનાની જાણ થઇ ત્યારે સૌથી પહેલાં તો રંઘોળા ગામના લોકો કે જેમને આ ઘટનાની જાણ થતાં તાત્કાલિક ગામના લોકો મોટી સંખ્યામાં ત્યાં પહોંચ્યા અને ત્યાં જઇને જે ઇજાગ્રસ્તો છે એમને બહાર કાઢ્યા, જે મૃતદેહો છે એમને પણ બહાર કાઢ્યા, દરમિયાનમાં આપણી ૧૦૮ની સેવા એ લગભગ ૭–૩૫ વાગ્યાની આસપાસ પહોંચી ગઇ. ઢસા વાળી ૧૦૮ નહિ પણ એની આજુબાજુમાં બાકીની ચાર જેટલી ૧૦૮ હતી તે સ્થળ ઉપર પહોંચી ગઇ. એ પ્રમાણે ૩ જેટલી એમ્બ્યુલન્સો હતી એ પણ સ્થળ ઉપર પહોંચી ગઇ. સવારનો સમય હતો, મામલતદારશ્રીને પણ ૭–૩૦ થી ૭–૪૫ દરમિયાન જાણ થઇ, એમની પાસે વાહન નહોતું, પોતે પોતાની બાઇક ઉપર સ્થળ ઉપર પહોંચ્યા, એમના હાથમાં જે આવ્યું, એ બધા જ માધ્યમથી, બધા જ સાધનો વાપરી જ્યાં ફોન કરવાના જરૂરી હતા એ ફોન કરીને આખા તંત્રને કામે લગાડ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં મેડિકલ ઓફિસર, ઉસલ તથા મેડિકલ ઓફિસર રંઘોળા, આ જગ્યાએ ડોકટરો ઉપરાંત અઢાર જેટલા મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફને પણ સ્થળ ઉપર પહોંચાડી અને પ્રાયમરી સારવાર માટેની પ્રક્રિયા હાથ ઉપર લીધી. તાલુકા પ્લેસથી આ દૂર હોવાના કારણે ત્યાંના જે નજીકના તાલુકાના પોલીસ સબ ઇન્સ્પેક્ટર હતા એ લગભગ ૮–૧૫ થી ૮–૨૦ના સમયગાળા દરમિયાન એ સ્થળ ઉપર પહોંચ્યા અને માત્ર એ સ્થળ ઉપર પહોંચ્યા એટલું જ નહિ તાત્કાલિક જિલ્લા પોલીસ કન્ટ્રોલ દ્વારા એક વર્ધી લખાવવામાં આવી અને જેના કારણે પાલીતાણા રૂરલ, સોનગઢ, વલ્લભીપુર એસ.ડી.પી.ઓ. રિડર, સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટર આ બધા જ લોકો તાત્કાલિક સ્થળ ઉપર પહોંચ્યા અને સ્થળ ઉપરની પરિસ્થિતિમાં સૌથી પહેલાં ઈજાગ્રસ્તોને સારવાર માટે પહોંચાડવા અને જે અંદરના મૃતદેહો હતા એને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ સુધી પહોંચાડવાનું કામ સૌથી પહેલાં હાથ ઉપર લીધું, મેં કહ્યું એ પ્રમાણે આમાં ૨૬ જેટલા સ્થળ ઉપર મૃત્યુ પામ્યા છે અને ચાર ઈજાગ્રસ્ત હતા તે સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા છે. આમાં ૮ જેટલી બહેનો છે, ૧૮ જેટલા ભાઇઓ છે અને ૪ જેટલા બાળકો છે, જે ઈજાગ્રસ્ત લોકો ૨૯ જેટલા હતા એ લોકોને તાત્કાલિક સર ટી હોસ્પિટલ ભાવનગર વહીવટી તંત્રએ પહોંચાડ્યા છે અને ત્યાંના મેડિકલ ઓફિસર સાથે વાત થઇ એ પ્રમાણે ૨૧ વ્યક્તિ એવા છે કે, જેમને નાની મોટી ઈજાઓ છે, આઠ જેટલા લોકોને ગંભીર ઈજા થઇ છે અને એ લોકો ત્યાં સારવાર લઇ રહ્યા છે. જેમ મેં કહ્યું એમ જેવી આ ઘટનાની જાણ થઇ કે તુરત જ માનનીય મુખ્યમંત્રીશ્રીના સી.એમ.ઓ. કાર્યાલય અને પોતે વ્યક્તિગત ધ્યાન આપ્યું અને ત્યાંના કલેકટર, ડી.ડી.ઓ., ત્યાંના ઇન્ચાર્જ એસ.પી. દ્વારા આ તમામને મેડિકલ સર્વિસીસ પૂરી મળે એના માટે સૌથી પહેલાં સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, સારવારના માટે પણ જે ટીમોની જરૂરિયાત પડે એ ટીમો ઉપલબ્ધ કરાવવામાં આવી અને જે ડોકટરો અને આના ઓપરેટીવ પાર્ટ માટે બ્લડ માટે પણ તાત્કાલિક તેની વ્યવસ્થા પણ કરાવવામાં આવી. અમારા પાલીતાણાના ધારાસભ્ય જેમના વિસ્તારમાંથી આ જાન હતી એમને ખબર પડી એટલે એ સ્થળ ઉપર હતા અત્યારે એ બધાજ લોકોની સારવારના કામ

માટે ત્યાં હોસ્પિટલમાં તે વ્યસ્ત છે. સવારના સમયે તેમણે અમને જાણકારી આપી કે મારા વિસ્તારની અંદર આ પ્રમાણેની ઘટના બની છે એટલે આજે હું ગુજરાત વિધાનસભામાં નહીં પહોંચી શકું મારા તરફથી માનનીય દંડકશ્રી દ્વારા તેમને કહેવામાં આવ્યુ કે હા તમારી પ્રાયોરિટી પહેલી એ છે તમે પહેલાં એ લોકોની સારવારમાં સંપૂર્ણ રીતે મદદ કરો. એટલે તે વિધાનસભામાં નહીં આવીને ત્યાં તે લોકોની સારવારમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રીશ્રીએ પણ આટલી ગંભીર ઘટના પ્રત્યે દિલસોજી વ્યકત કરી છે. આ નાની આફત ના કહી શકાય આ મોટી આફત કહી શકાય એટલા માટે વરરાજા સાથેના ૬૦ જેટલાં જાનૈયાઓ મને જે મળતી માહિતી પ્રમાણે વરરાજા એ અલગ ગાડીમાં હતા એટલે ભગવાનની કૃપાથી વરરાજાને કોઇ પણ પ્રકારની ઇજા થઇ નથી પરંતુ દુઃખની વાત એ છે કે, વરરાજાના જે માતા–પિતા હતા તેને આપણે નથી બચાવી શકયા. આ અકસ્માતમાં તેમના માતા–પિતાનું મૃત્યુ થયુ છે તે આપણાં આટલા લોકોની સાથે આખા જે ઘરનો આનંદનો પ્રસંગ હતો તે પ્રસંગ દુઃખના પ્રસંગમાં અને ત્યાં સ્થાનિક જે લોકો હતા તેની સાથે મારે વાતચીત થઇ એ પ્રમાણે એટલા પ્રકારની એક સાથે પડવાના કારણે કલ્પના નહોતી અને આવી ઘટનાના કારણે ચીચીયારીઓથી માંડી અને દુઃખદ પ્રસંગો અને લોકોના માથાના ભાગે અને શરીરના ભાગે ઇજા થતાં પુષ્કળ પ્રમાણમાં લોહી વહી જવાના કારણે દર્દનાક દ્રશ્યો તે ભલભલાનું કાળજું કંપાવી નાંખે તે પ્રકારના દ્રશ્યો ત્યાં જોવા મળ્યાં છે. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આ સમગ્ર ઘટનામાં માત્ર દિલસોજી, માત્ર વ્યવસ્થા તંત્ર નહીં પરંતુ તે પરિવારને મદદરૂપ થવા માટે જેટલાં મૃત્યુ પામ્યાં છે તમામ લોકોને ચાર લાખ રૂપિયાનું વળતર, સહાય રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. તેની તમામ વ્યવસ્થા માટે અમારા કલેકટરથી માંડીને વહીવટી તંત્ર અત્યારે સર ટી હોસ્પિટલમાં છે. બીજી ટીમ જે ત્રણ જગ્યાએ શીહોરમાં, સર ટી હોસ્પિટલમાં અને ઉમરાળામાં આ ત્રણેય જગ્યાએ તેનું પોસ્ટમોર્ટમ કરીને આ ઝડપથી એના પરિવારજનોને ડેડબોડી મળી જાય તેના માટેના કામમાં છે. અને માત્ર સરકારી હોસ્પિટલમાં નહીં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવા આદેશો કર્યા છે કે સરકારી હોસ્પિટલમાં જયાં જે આવશ્યકતા હોય તે પૂર્ણ કરવામાં આવે પરંતુ સાથે સાથે ન્યૂરો સર્જનથી માંડીને બાકીની જો કોઇ આવશ્યકતા હોય અથવા જો એવુ કંઇ લાગે કે આમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલની અંદર લઇ જવા પડે એમ છે તો એ ખાનગી હોસ્પિટલની અંદર જે ખર્ચ થાય એ તમામ ઇજાગ્રસ્ત લોકોને બચાવવા માટે કોઇ કસર ના રહી જાય એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સરકારી ખર્ચે તેમને તમામ સહાય આપી અને જે બાકીના ઇજાગ્રસ્ત છે, ગંભીર છે તે લોકોને બચાવવા માટે તેના માટેના અમારા સંપૂર્ણ પ્રયાસો ચાલુ છે. સવારે જ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા જે નક્કી કરવામાં આવ્યુ છે તે પ્રમાણે માનનીય ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા અમારા મંત્રીશ્રી આ આપણી પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થાય એટલે તાત્કાલિક હેલિકોપ્ટર દ્વારા અમારા પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જીતુભાઇ વાઘાણી જે ભાવનગર જિલ્લાના છે. આ બન્ને લોકો તાત્કાલિક સર ટી હોસ્પિટલ પહોંચીને પહેલામાં પહેલી ઇજાગ્રસ્તો માટેની યોગ્ય સારવાર કરીને તે લોકોનું જીવન કેવી રીતે બચાવી શકાય અને ત્યાર બાદ આ ઘટનાની અંદર જેટલાં અવસાન પામ્યાં છે તેને મળીને તેના દુઃખની અંદર ભાગીદાર થવા માટે સરકાર દ્વારા પણ એ સ્થળ ઉપર પહોંચવા માટેનો માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના દ્વારા આયોજન કર્યુ છે. એમ આ ઘટના અકસ્માતની ઘટના અને એવા પ્રસંગે અકસ્માત તે કોઇ પણ અકસ્માત હોય ખરાબ જ હોય છે પરંતુ જયારે એક આનંદનો, લગ્નનો પ્રસંગ હતો તે લગ્નના પ્રસંગમાં જાન માંડવાની જગ્યાએ આખા આટલા બધા લોકો, ૩૦ જેટલાં લોકો જયારે મૃત્યુ પામ્યાં છે તો એવી ઘટનામાં રાજય સરકારે એકદમ સંવેદના દાખવીને એ પરિવારના દુઃખમાં મદદરૂપ થવા માટે આરોગ્ય તંત્ર હોય, પોલીસ તંત્ર હોય, કલેકટર કચેરી હોય કે અમારા મુખ્યમંત્રી કાર્યાલયના સ્ટાફના જે અધિકારીઓ છે આજ સવારથી સમગ્ર બધુજ તંત્ર આ કામની અંદર જોડાયેલું છે. આ ઇશ્યુને અમે જરાપણ રાજકીય લેવા નથી માગતા અને આ જે પ્રસંગ બન્યો છે અને એમાં મૃત્યુ પામેલા લોકોને હું દિલસોજી વ્યક્ત કરું છું અને હજી પણ હું આના સંદર્ભમાં સતત મોનીટરીંગ કરીને જે ઇજાગ્રસ્ત લોકો છે એ પોતાનો જીવ બચાવે એ અમારા માટે અગ્રિમતા છે એટલે સૌથી પહેલાં અમારું constration આ દિશામાં રાખ્યું છે. એટલે શ્રી આર.સી.મકવાણાએ જે મુદ્દો ઉપસ્થિતિ કર્યો છે તો રાજય સરકારે આટલી સંવેદના સાથે આ response કર્યો છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ એક એવી ઘટના ઘટી છે કે, જો સ્થળ પર કોઇએ આ દ્રશ્ય જોયું હોય તો સૌ કોઇનું દિલ હચમચી ઉઠે. મને લગભગ ૮:૩૦ કલાકે રંઘોળા ગામના સરપંચ અને ત્યાંની પંચાયતના એક સદસ્ય નટુભાઇનો ફોન આવ્યો. પાલિતાણા તાલુકાના અનીડા ગામના આ બધા લોકો હતા. શ્રી પ્રવિણભાઇ વાઘેલા એમના દીકરાની જાન લઇને બોટાદના ટાટમ ખાતે જતા હતા. વરરાજાની જાન આગળ વાહનમાં નીકળી ગઇ હતી. લગભગ ૬:૩૦ થી ૬:૪૫ આસપાસ સૌ જાન લઇ નીકળ્યા. ગામથી બહુ નજીક એટલે કે લગભગ આઠ વાગ્યાની આસપાસના સમયે ટ્રક પુલ ઉપરથી પસાર થતી હતી. હું ટીકા નહિ કરું પણ ત્યાં પુલની રેલિંગ તોડી નાખી હતી. ત્યાં ડિવાઇડર કે એવું કંઇ મૂકવું જોઇએ. આ ગંભીર ભૂલના કારણે આ ટ્રક ત્યાંથી પસાર થતી હતી અને અચાનક ૧૫ થી ૧૭ ફૂટ નીચે નદીમાં ઊંધી પડી. એની અંદર નાના–મોટા થઇને લગભગ ૮૦ થી ૮૫ ની સંખ્યામાં જાનૈયા હતા. લગભગ મોટાભાગના જાનૈયા આ ટ્રકની નીચે આવી ગયા. આ સ્થળ ગામથી બહુ નજીક હોવાના કારણે આસપાસની હોટેલમાંથી સ્થાનિક લોકો આવી ગયા અને સરપંચને બોલાવીને તાત્કાલિક સારવાર માટે એ લોકોએ જે.સી.બી. લાવીને બધું સરખું કરવાના પ્રયત્નો કર્યા. પછી માનનીય મંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે બાકીનું વહીવટી તંત્ર અને બીજા બધાં ત્યાં આવી ગયા. જે બનાવ બન્યો એ ખૂબ દુઃખદ છે. આ બનાવમાં શ્રી વિજયભાઇ જે વરરાજા હતા તેમની ગાડી ટાટમ પહોંચી ગઇ અને એક બાજુ ટાટમ ખાતે એની લગ્નની વિધિ શરૂ થઇ અને બીજી બાજુ આ બનાવમાં એના માતા–પિતા પણ આ ઘટનાનો ભોગ બન્યા. લગભગ ૧૦ જેવી મહિલાઓ જેમાં એક બાળક

## અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

અને ૧૭ જેવા પુરૂષો અને તેમાં પણ બે બાળકોનું મરણ થઇ ગયું. આ ઘટના બનતાની સાથે મને સંદેશો મળ્યો એટલે મેં તરત જ આજુબાજુમાં પાલિતાણાના પૂર્વ ધારાસભ્ય અને રંઘોળાની અંદર મારે ખૂબ સંપર્ક છે એ બધાને મેં કહ્યું કે તમે બધા ત્યાં પહોંચી જાવ. સાથે-સાથે ત્યાંના વહીવટી તંત્ર અને આજુબાજુના લોકોનો ખૂબ સારો સહકાર મળ્યો જેને કારણે લોકોને સમયસર સારવાર મળી. બાકીના જે વધારે ઈજાગ્રસ્ત હતા એમને પહોંચાડવા માટેના પ્રયત્નો થયા. ઈજાગ્રસ્ત લોકોને બાજુના શિહોર અને નજીકના ગામોમાં પ્રાથમિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં અને ગંભીર ઈજાવાળાને ભાવનગર બીજા વાહન મારફતે પહોંચાડવા પ્રયત્ન થયો. આ વાત મને ૯:૩૦ આસપાસ સંપૂર્ણ માહિતી સાથે સરપંચ અને સ્થાનિક લોકો મારફતે મળતાં લગભગ ૧૧ વાગે સાહેબની ચેમ્બરમાં આ મુદ્દો લઇને આવ્યો હતો અને પોલિટીકલ હેતુથી નહિ પણ એક સંવેદના સાથે લાગણી વ્યક્ત કરવા માટે જો ઝીરો અવર્સમાં અમને આ વાત કરવા મળે તો સારું એવી લાગણી મેં વ્યક્ત કરી. જેનો પૂરો પરિવાર આ ઘટનામાં ખતમ થઇ ગયો છે એક માત્ર વરરાજા અને એની સાથે એક દીકરી હતી એ જ બચ્યા છે અને હજી પણ આઠ થી નવ લોકો ગંભીર સ્થિતિમાં છે જે કદાચ બચે કે ન બચે. આજે એ જીવન મરણ વચ્ચે ઝોલા ખાય છે. ઠીક છે પણ માનનીય અધ્યક્ષશ્રી, જે આખો બનાવ બન્યો છે એમાં ક્યાંક ટ્રક ચાલક પણ થોડોક દોષિત હશે. આવા તો અનેક જગ્યાએ જયાં પુલના કામ નવા થતાં હોય છે ત્યાં થોડીક કોન્ટ્રાક્ટરોની બેદરકારીને કારણે વાહન પસાર થતી વખતે જયાં કામ ચાલુ હોય ત્યાં ડિવાઇડર વગેરે મૂકવા જોઇએ, એ નહીં મૂકવાના કારણે પણ આવા ગંભીર અકસ્માતો થાય છે. આ બધા જ અનીડા ગામના કોળી ઠાકોર સમાજના લોકો હતા, જે અમારા સમાજના છે. કોળી સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે મને તરત જ બધેથી સંદેશો આવ્યો કે, તાત્કાલિક આપ ત્યાં પહોંચો. માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી હતી કે, માનનીય અધ્યક્ષશ્રીને અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને મળીને આ વાત હાઉસ મારફતે થાય તો સ્વાભાવિક છે કે જે કંઇક બન્યું છે, જે ઘટના ઘટી છે પરંતુ આ હવે પરિવારને કઇ રીતે આરોગ્યની દ્રષ્ટિએ એટલે કે હોસ્પિટલમાં સારવાર માટે અને સામે જે મૃતકો છે એ પરિવારને આપણે અહીંથી સરકાર મારફતે એ વાત પહોંચાડીને કઇ રીતે સહાયના રૂપમાં આર્થિક મદદરૂપ થઇ શકાય એવી લાગણી વ્યક્ત કરવા માટેની, આપને પણ મળ્યો હતો અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને પણ આદરણીય એ વખતે માનનીય ભૂપેન્દ્રસિંહભાઇ પણ ત્યાં બેઠા હતા અને અમારા ચાર પાંચ ધારાસભ્યો સાથે મળવા ગયો. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અને એમની સાથે માનનીય ભૂપેન્દ્રસિંહભાઇ પણ હતા અને આપે પણ જે રીતે આજનો મુદ્દો અહીંયાં વચ્ચે લીધો. માનનીય અધ્યક્ષશ્રી, જે કંઇ મૃતકો છે અને પરિવાર ઉપર જે કંઇ દુઃખ આવી પડ્યું છે હું એમને હ્રદયથી સંવેદના સાથે દુઃખ વ્યક્ત કરું છું, સાથે સાથે એ સમય દરમિયાન આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પણ જે કંઇ સહાય માટેની રાહતની જાહેરાત કરી છે. મારે એક વાત ધ્યાને એટલા માટે મૂકવી છે કે, અગાઉ પણ એક વખત આવો બનાવ એક જાનમાં અકસ્માતને કારણે કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા અને ગઇ વિધાનસભા વખતે અહીંથી આ જ હાઉસમાં એક એવી જાહેરાત થયેલી કે, એમને આપણે ત્રણ કે ત્રણથી વધારે અકસ્માતે મૃત્યુ થાય તો એવા લોકોને સાડા ચાર લાખ રૂપિયા એના મૃતકોની સહાયરૂપે આપવા. જયારે આમાં તો આખો પરિવાર સાફ થઇ ગયો છે અને બધા જ એવા લોકો હતા જે મજૂર વર્ગના હતા. જયાં સુધી મને માહિતી મળી છે ત્યાં સુધી તો હું એમ કહીશ કે, એવા અમુક લોકો હતા કે જે મજૂરી કરીને, પોતાની ખેતી પણ ન હતી, ફક્ત મજૂર આધારિત આ પરિવારના કેટલાક સભ્યો હતા ત્યારે મારી પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીને માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે વિનંતી છે કે, આ જે મૃતકો છે એ પરિવારોને જોઇને એમને જરૂર પડે તો માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મુખ્ય મંત્રીશ્રીને વિનંતી છે કે, આવા પરિવારોને આઠ થી દસ લાખ રૂપિયા સુધીની સહાય આપવી જોઇએ, કારણ કે સાડા ચાર લાખ રૂપિયા તો અગાઉ અપાયાની જાહેરાત આ ફલોર ઉપરથી થઇ છે અને અપાયા પણ છે એટલે મારી વિનંતી છે કે, આ પરિવાર આખો સાફ થયો છે ત્યારે થોડીક સંવેદના દાખવીને અને આવો ગરીબ-નબળો પરિવાર છે કે જે પરિવારના જે લોકો આમાં મૃત્યુનો ભોગ બન્યા છે એમને અને જેમને સારવાર માટેની જરૂરિયાત હોય તો ત્યાં સારવારમાં જરૂર પડે તો વિશેષ સારવાર માટેની પણ જોગવાઇ સરકાર મારફતે થાય એવી પણ માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના મારફતે માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ જયારે હું આપને મળવા આવ્યો ત્યારે આપે પણ કહ્યું હતું કે, જીરો અવર્સમાં લઇ શકાતું નથી, આપે પણ કહ્યું કે ૧૧૬માં હું આ દાખલ કરું છું એટલે આપનો પણ આ તકે એટલા માટે આભાર માનું છું કે, આપે પણ એટલી સંવેદના બતાવી કે, ૧૧૬માં પણ આ નોટિસ દાખલ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ફરી આજની આ જે ઘટના ઘટી છે એમાં હું ખૂબ દુઃખ વ્યક્ત કરું છું. અમારા સમાજની અંદર આવી પડેલું આ દુઃખ અને જેને કહીએ કે અકલ્પનીય એક સાથે એટલી મોટી સંખ્યામાં લોકો અકસ્માતમાં મૃત્યુ પામે એટલે સ્વાભાવિક છે કે અમારા સમાજના ઘણા લોકોએ આ દુઃખ સાથે એવી લાગણી વ્યકત કરી છે કે, સરકાર તરફથી થોડીક સહાય વધારે મળે તો એ હું ફરી માનનીય મુખ્ય મંત્રીશ્રીને આ તકે વિનંતી સાથે એ પરિવારને વધારે વિશેષ કઇ રીતે મદદરૂપ થઇ શકાય એ માનનીય મુખ્ય મંત્રીશ્રી પણ અહીંયા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે એમને ફરી વિનંતી છે કે, આ પરિવાર ઉપર આવી પડેલું દુઃખને હું વ્યકત કરું છું અને સાથે સાથે અમે પણ હમણાં અહીંથી જ પાંચેક ધારાસભ્યશ્રીઓ પણ જે બનાવ બન્યો છે જે જગ્યાએ અને એમના ગામમાં જયાં જે લોકો અનીડાના છે ત્યાં અને હોસ્પિટલે પણ જવા માટે અમે જવાના છીએ અને જે કંઇ હકીકત હશે એ આ ફલોર ઉપર મૂકીને ફરી માનનીય મુખ્ય મંત્રીશ્રીને વિનંતી કે, આ બાબતે ફરી વિચારે. માનનીય અધ્યક્ષશ્રી, આપના તરફથી ફરી ૧૧૬ની નોટિસ દાખલ કરી છે અને માનનીય ગૃહ મંત્રીશ્રીએ જે કંઇ આજના ઝીરો અવર્સ ઉઠાવવા માટે લાગણી વ્યક્ત કરી એ બદલ એમનો

પણ એટલા માટે કે આપે તો સાવ ના પાડી હતી કે આ ઝીરો અવર્સમાં લેવાશે નહીં. તેમ છતાંયે એમનો જે સહયોગ રહ્યો છે, આ વાત મૂકવા માટેનો અને જે પરિવાર ઉપર દુઃખ આવી પડયું છે, તેને મદદરૂપ થવા માટેનો આપનો જે પ્રયાસ છે તેને માટે ફરીવાર આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : માનનીય અશ્વિનભાઇ ટૂંકમાં.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : ભાવનગરની અંદર જે એકસીડન્ટનો બનાવ બન્યો અને જે ૩૦ વ્યકિતઓના મૃત્યુ થયાં છે, તેમને હું મારી શ્રધ્ધાંજલિ આપું છું. અને સરકારે પણ માનવતા દાખવીને એમને સહાયની જાહેરાત કરી છે. ત્યારે થોડાક દિવસ પહેલાં મારા મત વિસ્તારની અંદર ૮ લોકો એકસીડન્ટમાં મૃત્યુ પામ્યા હતા. આ જે ૮ લોકો મૃત્યુ પામ્યા તેમાં પાંચમા ધોરણમાં ભણતા–૩ વિદ્યાર્થીઓ, આઠમા ધોરણમાં ભણતા–૨ વિદ્યાર્થીઓ, નવમા ધોરણમાં ભણતો –૧ વિદ્યાર્થી અને દશમા ધોરણમાં ભણતો –૧ વિદ્યાર્થી અને અન્ય એક મજૂર હતા. આ લોકો અમારા વિજયનગર તાલુકાનું નવાભગા ગામ છે, હોળીનો તહેવાર હતો અને હોળી ઉપર પોતાની હોળી સારી રીતે ઉજવાય એટલા માટે બાજુના ગામમાં ૧૦ કિલોમીટર એક સમાજની અંદર બટાકાનું વાવેતર...

અધ્યક્ષશ્રી : માનનીય અશ્વિનભાઇ, ખૂબ જ સમય ગયો છે અને આપની બાજુમાંથી દંડકશ્રીનો પણ..

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે ૮ વ્યકિતઓ મૃત્યુ પામ્યા છે. એ લોકો મજૂરી કરવા માટે જતા હતા. આ હોળી સારી ઉજવાય તે માટે, જે મૃત્યુ પામ્યા છે તેમાં એક જ ઘરની ત્રણ બહેનો છે, બે સગા ભાઇઓ છે, એક જ ફળીયાના છે, તો મારી પણ આપના મારફત માનનીય મુખ્ય મંત્રીશ્રીને વિનંતી છે અને મેં પણ મુખ્યમંત્રીશ્રીને કાગળ આપ્યો છે, આ ગરીબ આદિવાસી લોકો છે. મજૂરીયાત લોકો છે, જે રીતે ભાવનગરની અંદર આપણે માનવતા દાખવી.

અધ્યક્ષશ્રીઃ આ બાબત અત્યારે અપ્રસ્તુત છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : મેં તેમને હાથ જોડીને વિનંતી કરી છે. જે ગરીબ આદિવાસીઓના ૮ મૃત્યુ પામ્યા છે. સ્કૂલના વિદ્યાર્થી છે એમના માટે પણ થોડી જાહેરાત કરે એવી હું આપના દ્વારા માનનીય મુખ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રીઃ અકસ્માતની વણઝાર ચાલુ જઇ જાય આમાં તો. આ તો આજે દુઃખદ ઘટના બની તેના માટે આપણે આ વાતને પૂરી કરી. કુંવરજીભાઇ જે વાત કરી એ પ્રમાણે તેઓ મારી પાસે આવ્યા હતા. ૧૧ વાગ્યે અને જીરો અર્વસ માટેની અરજી મને આપેલી, મેં એમને તરતજ કહયું કે જીરો અર્વસ જેવું કાંઇ છે નહીં, એની એ પ્રથા હું પાડવા માગતો નથી. મેં એમને ઉલ્ટા ગાઇડ કર્યા કે જો ટ્રેઝરી બેન્ચ સંમત હોય તો લઇ શકાય એ સિવાય તમે ૧૧૬ ની અરજી આપો હું એ મંજૂર કરીશ.એ ધ્યાનમાં રહે કે આ દુઃખદ ઘટના છે અને માત્ર અપવાદ અને અપવાદના રૂપે જ અને તેમાંયે સરકારશ્રી તરફથી સંમતિ હોવાથી તેના કારણે મેં આ જીરોઅર્વસ એલાઉ કરેલો છે. ભવિષ્યમાં ચીલો ન પડે કે ઝીરોઅર્વસ જેવું છે, આ ઝીરો અર્વસ તરીકે નહીં પણ અધ્યક્ષશ્રીની રૂએ આ પરવાનગી આપી છે. નેકસ્ટ.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી આદરણીય શ્રી નીતિનભાઇ જે બજેટ લઇને આવ્યા છે. એમાં હું થોડા વિભાગોની અંદર જયાં નાણાંકીય ફાળવણીમાં કયાંક કયાંક અન્યાય થયો છે અને કયાંક કયાંક સૌનો સાથ અને સૌનો વિકાસની વાત લઇને ચાલ્યા છે તેના ઉપર હું મારી વાત મૂકવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ખૂબ સરસ મંદિર બનાવીએ અને મંદિર બનાવ્યા પછી અંદર મૂર્તિ મૂકવામાં ન આવે તો એ મંદિરનું મહત્વ રહેતું નથી અને એ મંદિર ન કહેતા મકાન સ્વરૂપે કહી શકાય. માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇએ ખૂબજ અલંકારીક ભાષામાં જુદા જુદા વિભાગોની જુદી જુદી યોજનાઓ અમલમાં મૂકી છે. એમાં હું એટલુ જ કહીશ કે છેલ્લા વર્ષની સરખામણીમાં જે ગ્રામ વિકાસ ક્ષેત્ર છે એમાં જે નાણાકીય જોગવાઇઓ કરવી જોઇએ એ ઘણી જ ઓછી કરવામાં આવી છે. અન્ય રાજયોમાં ૫.૬ ટકા જેવી જોગવાઇઓ થાય જયારે આપણે ત્યાં ફકત ત્રણ ટકા જેવી જ જોગવાઇ કરવામાં આવી છે. તેથી અન્ય રાજયોની સરખામણીમાં આપણે ઘણા જ પાછળ છીએ. આપણે એકબાજુ ગોકુળ ગામની વાત કરીએ છીએ ત્યારે જોગવાઇ ઘણી જ ઓછી છે.

ગઇકાલની ચર્ચામાં સામેના મિત્રો સમાજ કલ્યાણની વાત કરતા હતા. એમાં સમાજ કલ્યાણની વાત આવી, આરોગ્યની વાત આવી, શિક્ષણની વાત પણ આવી એની અંદર પણ જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ સૌથી મહત્વની અને પાયાની વાત સમાજના વિકાસની વાત લઇને આવતા હોય ત્યારે એમાં જોગવાઇ કરવામાં આવી છે એ મહત્વના પાયાની અને સમાજના વિકાસની વાત લઇને આવતા હોય ત્યારે એમાં પણ જોગવાઇ ઓછી છે. આર્થિક વિકાસના સંકેતો છે એના માપદંડો છે એની એક બે વાત માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇના ધ્યાન ઉપર મૂકીશ.

કોઇપણ નબળા વર્ગની સંવેદનશીલતા માટે એનું જીવન ધોરણ સુધારવા માટે આ ક્ષેત્રમાં જે રીતે નાણાકીય જોગવાઇ અને ફાળવણી થવી જોઇએ એ થઇ નથી એમાં ઘણું ખૂટે છે. આર્થિક વિકાસના સાધનો છે એમાં બે વાત બીજી પણ મારે મૂકવી છે. જાહેર વિતરણ માળખામાં ફેરફાર કરવાની ખાસ જરૂર છે. જાહેર વિતરણ માળખામાં ફેરફાર થવો જ જોઇએ એના માટે વિશેષ કોઇ ઉલ્લેખ કે જોગવાઇ કરવામાં આવી નથી. સાથે સાથે ઘરેલું ઉત્પાદકતાની કિંમતમાં વધારો થવો જોઇએ એના માટે કોઇ જોગવાઇ આ બજેટમાં નથી. સાચા અર્થમાં કહીએ તો વ્યકિતગત આવકના ધોરણો સુધારવા માટે જે જોગવાઇઓ થવી જોઇએ એ થઇ નથી એટલું જ નહિ પ્રજાને સૌથી વધારે રોજગારી પૂરી પાડનાર ખેતીવાડી વિભાગ છે એમાં પણ પૂરતી

જોગવાઇ કરવામાં આવી નથી. એના લીધે એનો આર્થિક માપદંડ પૂર્ણ થતો નથી. માનનીય નીતિનભાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારી વાતો મૂકવા માગું છું.

ગઇકાલે મારા સાથી મિત્રો બક્ષીપંચની વાત કરતા હતા. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ખૂબ જ •(×××) વાતો કરતા હતા.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : આ રાજયમાં પર ટકા બક્ષીપંચની વસતિ છે. અહીંયા ઘણા મિત્રો અહો અહો કહે છે એ રેકર્ડ જોઇ લે. સામેના મિત્રો બક્ષી પંચની વાત કરતાં હતા એ ફકત *(×××) વાતો છે.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : બક્ષીપંચના વિકાસ માટે જે જોગવાઇ કરવામાં આવી છે એ અંગે હું વાત કરવા માટે ઉભો થયો છું. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે રકમ ફાળવવામાં આવે એની સામે અમારો વિરોધ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિને જે રકમ ફાળવે તેમાં અમારો કોઇ વિરોધ નથી. પરંતુ મારે એટલું કહેવું છે, બક્ષીપંચના માનનીય ધારાસભ્યો પણ તેના વિશે બરાબર અભ્યાસ કરી લે. વિકસતી જાતિના કલ્યાણ માટે જે રકમો ફાળવવામાં આવે છે એ ખૂબ અપૂરતી છે. એટલા માટે હું કહીશ કે આટલા વર્ષોથી આ ભારતીય જનતા પક્ષની સરકારમાં અલગથી કોઇ બક્ષીપંચનો વિભાગ આપીને અલગથી કોઇ મંત્રીને પણ એ ખાતુ આપવામાં આવતું નથી. અમે એસ.સી., એસ.ટી.ના વિરોધી નથી. કોઇ વિભાગમાં વધારે રકમ ફાળવાય તેના માટે અમારો વિરોધ નથી. સમાજ સુરક્ષામાં જે રકમ ફાળવવામાં આવે છે. આપણે દિવ્યાંગોની વાતો કરીએ છીએ. માનનીય નીતિનભાઇને મારે વિનંતી કરવી છે કે આ વખતની સામાજીક કલ્યાણને લગતી જે યોજનાઓ છે એમાં આપ જોજો. સમાજ સુરક્ષાની જે જોગવાઇ ગયા વખતે હતી તેના કરતા પણ આ વખતે ખૂબ ઓછી જોગવાઇ કરી છે. ગયા વખતની ૭૦૬ કરોડ જેવી હતી. આ વખતે બીજામાં ઉમેરીને ખૂબ ઓછી જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે બીજી એક વાત પણ જાણવા માગું છું. ગઇ કાલે મારા બે મિત્રો પણ વારંવાર કહેતા હતા કે બક્ષી પંચના લોકોને અમે વિદેશ અભ્યાસ કરવા માટે આટલી લોન અને આટલી સબસિડીની આટલી મદદ કરી છે. બક્ષીપંચના ૨૨ ટકાની સામે ૦.૦૧ ટકાનો પણ વિદેશ મોકલવા માટેની યોજનામાં સમાવેશ થતો નથી. વસતિના ધોરણે ૦.૦૧ ટકાનો પણ સમાવેશ થતો નથી. એટલું જ નહીં પણ જે શૈક્ષણિક લોન આપવામાં આવે છે. છ–છ મહિના સુધી લોનની ફાઇલો અહીં પડી છે. લોન માટેની પણ તેમાં વિશેષ જોગવાઇ, કોળી–ઠાકોર વિકાસ નિગમની અંદર જે વધારાની જોગવાઇ કરવી જોઇએ એ જોગવાઇ પણ નથી. તો મારી માનનીય નીતિનભાઇને વિનંતી છે કે આર્થિક રીતે નબળા હોય તેમને પણ આ રીતે મદદ થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામવિકાસ ક્ષેત્રની થોડી વાત કરવી છે. રૂર્બન યોજના, વૃંદાવન ગામ યોજના, સ્માર્ટ ગામ. આ રૂપકડાં નામ તો આપણે આપી દઇએ છીએ પણ સ્માર્ટ ગામ યોજના માટે પૂરતા નાણાંની જોગવાઇ તો આમાં પણ નથી. ગયા વખતે હતી તે ગામડાંને આજે પણ સહાય ચૂકવવાની બાકી છે અને આપણે કેશુભાઇની વાત તો ભૂલી જ ગયા. એ વખતના મુખ્યમંત્રીશ્રી ગોકુળિયું ગામ લઇને આવ્યા હતા. તેની પણ ઘણી યોજનાઓ બાકી છે. ફક્ત એ ગામ ગોકુળિયું કહેવાય છે પણ એની અંદર કોઇ સુવિધાઓ નથી અને તેના માટેની વધારાની નાણાંકીય જોગવાઇ પણ આમાં માનનીય મંત્રીશ્રીએ કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના. મારે માનનીય નીતિનભાઇને પૂછવું છે, મારી આપને વિનંતી છે કે રાજકોટ જિલ્લાની અંદર જિલ્લા પંચાયતની અંદર ફક્ત એક વર્ગ–૪ નો માણસ છે અને એક ડેપ્યુટી ઇજનેર. કોઇ સિંચાઇનો સ્ટાફ જ નથી. જો સ્ટાફ જ ન હોય તો આ મુખ્યમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં કઇ રીતે આપ કામ કરાવશો? મારી તેમને વિનંતી છે કે સિંચાઇ વિભાગમાં જે મહત્વની વાત છે તેમાં વહેલીતકે કાર્યપાલક ઇજનેર, નાયબ કાર્યપાલક ઇજનેર વગેરે જગ્યાઓ ભરાવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે પશુ આરોગ્ય સંભાળ અંગેની એક વાત આપના ધ્યાન ઉપર મૂકવી છે. ૨૨મી ફેબ્રુઆરી, તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૮૩માં પશુ ચિકિત્સા અધિકારીની ૩૭૨ જગ્યાઓ ખાલી બતાવી છે. આપણે માણસના આરોગ્યની વાત કરીએ પણ આ પશુના આરોગ્યની વાત આપણે આમાં કરવી જોઇએ. તેમાં ૧૪૪ જગ્યા ભરવા માટેની કાર્યવાહી ચાલે છે. ૨૨૮ જગ્યાઓ કયારે ભરવામાં આવશે? ખબર જ નથી. તો માનનીય નીતિનભાઇને મારે વિનંતી કરવી છે કે પશુઓની સારવાર માટેના પશુચિકિત્સકો જ નહીં હોય તો તમે કદાચ તેના માટે એમ્બ્યુલન્સ આપો તો પણ શું? અને કદાચ પશુ દવાખાના ઉભા કરો તો પણ શું? એનો કોઇ અર્થ રહેતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મહત્વની વાત મારે સહકારી ક્ષેત્રની આપને કરવી છે. માર્કેટીંગ યાર્ડમાં ટેકાના ભાવથી મગફળી ખરીદવામાં આવે છે. ૨૦૧૬–૧૭ના વર્ષમાં ૫ લાખ ટન, ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૮ લાખ ટન એમ ૧૩ લાખ ટન મગફળીની ખરીદી થઇ. તેમાં કુલ ૨૯ કરોડ રૂપિયાની મગફળીના ચૂકવણા કરવાના થયા. તેમાં માર્કેટીંગ યાર્ડને જે સેસ ફીની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રકમ મળવી જોઇએ. ૨૯ કરોડ રૂપિયા જેવી સેસ ફીની રકમ માર્કેટીંગ યાર્ડને ચૂકવવાની બાકી છે. છેલ્લા બે મહિનાથી ટેકાના ભાવે જે મગફળી ખરીદાઇ છે તેના પૈસા ખેડૂતોને પોણા બે મહિનાથી મળ્યા નથી એ પણ ખેડૂતોને વહેલી તકે મળે તેના માટેની જોગવાઇ માનનીય મંત્રીશ્રી કરે તેવી વિનંતી સાથે વિરમું છું.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના ઉપનેતા અને નાણા મંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ સન ૨૦૧૮-૧૯ના વર્ષ માટેનું અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો મહેસૂલ વિભાગ ઉપર રજૂ કરું છું.

માનનીય અધ્યશ્રી, ૨૦ વર્ષ પછી આ શાસક પક્ષના ધારાસભ્ય થવામાં મને ખૂબ આનંદ થાય છે અને એમાં પક્ષના મુખ્યમંત્રીશ્રી અને ઉપનેતાશ્રીને અભિનંદન આપું છું અને વિનંતી કરીશ કે છેલ્લા ૨૦ વર્ષથી મોટા ભાગના મંત્રીઓની ઓફિસમાં હું ગયો નહોતો. હવે મોટા ભાગના મંત્રીઓની ઓફિસમાં જઇને કામ કરી શકું છું એનો મને આનંદ છે. (અંતરાય) શ્રી જોષીયારાજી, આ એટલા માટે વાત કરવા માગું છું કે અકબરના અને મોગલોના રાજ ગયા, અંગ્રેજોના રાજ ગયા અને દિલ્હીમાંથી કોંગ્રેસનું રાજ ગયું અને ગુજરાતમાંથી કોંગ્રેસનું રાજ ગયું અને ભારતીય જનતા પાર્ટીનું રાજ આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મહેસૂલ વિભાગમાં જમીન માપણી અંગેની ઘણી બધી ચર્ચા થઇ. અકબરના રાજમાં તેના દરબારમાં નવ રત્નો હતા. એમાં એક ટોડરમલ પણ એક રત્ન હતું અને એ મહેસૂલ વિભાગનો હવાલો સંભાળતા હતા. એ વખતથી જમીન માપણીની શરૂઆત થઇ અને વખતો-વખત સાંકળ પદ્ધતિથી, પ્લેન ટેબલથી અને થેરો લાઇટથી માપણી થયેલી છે. હાલ સેટેલાઇટથી માપણી થઇ છે. સેટેલાઇટ ટેકનોલોજીની મદદથી આજે સમગ્ર રાજ્યમાં જમીનની માપણી થઇ છે ત્યારે ગૃહના કોંગ્રેસના મિત્રોને સેટેલાઇટ ટેકનોલોજીથી માપણી થઇ છે એનો અભ્યાસ કરે એ ખૂબ જરૂરી છે. (ભાઇ, એ સંજોગો હતા.) હું આ ફરીથી કહેવા માગું છું. એ વખતે હું ''ના''ના પક્ષમાં હતો. હવે ''હા''ના પક્ષમાં છું. એટલે તમે તમારી જગ્યાએ પાંચ વર્ષ સુધી બેસવાના છો, •(×××) એમ સમજીને ચાલજો.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો દૂર કરું છું.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી. પણ ઘણી વખત મારા મિત્રો ટકોર કરે છે એટલા માટે કહેવાનું મન થાય છે કે *(×××) તમે ઘણા બધા વિચારો કરી જોયા. એમને ઘણી બધી શિખામણો એ વખતે એ પક્ષમાં હતો ત્યારે આપી હતી. પણ મારા નેતાઓ એ વખતે નહોતા માન્યા.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાંખું છું. એ તમને એમ કહે છે કે આ બાજુ આવી જાઓ, એ તમને વિનંતી કરે છે.

શ્રી અમિત ચાવડા : *(×××) કરીને તો તમે ત્યાં ગયા હતા.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાંખું છું.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇને ખબર નહીં હોય, ૧૯૯૧માં સ્વ.ચીમનભાઇ પટેલની સરકારમાં હું રા.ક.નો સિવિલ સપ્લાય વિભાગનો મંત્રી હતો અને તે વખતે મારા પ્રજાકીય કામો થતા નહોતા ત્યારે એ કામ ન થવાના કારણે મેં રા.ક.ના મંત્રી તરીકેથી રાજીનામું આપ્યું હતું. અમે મંત્રી પદના લાલચુ નથી. અમે દરબારના કુળમાંથી આવીએ છીએ. અમારા ૬૫૦ રજવાડા ગયા, ૩જ્જ ઠકરાતો ગઇ અને સાલિયાણા બંધ કર્યા અને અમે દેશ માટે શું ભોગ આપીશું એ તમારી કલ્પના બહારની વાત છે. અમારા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાન મોદી સાહેબ જે રીતે કેન્દ્ર સરકારની પ્રવૃત્તિઓ ચલાવે છે એમાં અમારા ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને મહેસૂલ મંત્રીશ્રીની વાત કહેતા મને આનંદ થાય છે. આજે મેં મહેસૂલ વિભાગની ચર્ચામાં ભાગ લીધો છે. આજે પ્રશ્નોત્તરીમાં મહેસૂલ મંત્રીશ્રી જવાબ આપતા હતા એનાથી તમને સંતોષ હશે. એમાં ગણોત ધારાની કલમ શું? શરતભંગ શું એના સંદર્ભમાં જવાબો આપ્યા એના ઉપરથી અમારી સરકાર કેટલી સક્ષમ છે એની આપને ખબર પડશે. એને ગણોતીયાઓની પણ ચિંતા કરે છે એની હું વાત કરીશ. આ જમીન માપણીની વાત એટલા માટે કરુ છું કે સેટેલાઇટ જમીન માપણી થયા પછી મૂળ ભૂતકાળમાં જે ડી.આઇ.એલ. મારફતે તાલુકા સરવેમાં માપણી થઇને આવતા હતા અને ત્યાર પછીની સ્થળ ઉપરની જે પરિસ્થિતિ હોય અને સ્થળ ઉપરની પરિસ્થિતિ બાદ મૂળ રેકર્ડ એને ટીપ્પણ કહેવામાં આવે છે અને પ્લોટ બૂક કહેવામાં આવે છે એટલે મૂળ રેકર્ડના આધારે આ મહેસૂલી રેકર્ડ સાત-બાર, આઠ-અ અને ગામ નમૂના-૬-એ હસ્તલિખિત નોંધો હોય છે પણ આ માપણીના અનુસંધાનમાં સેટેલાઇટ માપણી થયા પછી હું એમ માનુ છું ત્યાં સુધી કે આ સરકાર ખુબ સજાગ છે અને મુળ માપણીના અનુસંધાનમાં જે કંઇ રેકર્ડ બન્યું છે અને આ સેટેલાઇટની હાલની પરિસ્થિતિના અનુસંધાનમાં જે કંઇ રેકર્ડ બન્યું છે એની સરખામણી કરી અને જે કંઇ વધઘટ થશે, ભૂતકાળમાં તમીજાસ્તીનું રજીસ્ટર રાખવામાં આવ્યું હતું, ઘરછોડનું પણ રજીસ્ટર રાખવામાં આવતું હતું એ બધા નિયમોને ધ્યાનમાં રાખીને આ સરકાર કોઇપણ ખાતેદાર ખેડૂતને અન્યાય ના થાય એ પ્રમાણેની કામગીરી કરશે એની પણ હું આ ગૃહને ખાતરી આપુ છું. માનનીય મહેસુલ મંત્રીશ્રી પણ આ વિભાગના અનુસંધાનમાં જયારે માગણીઓ ઉપરની ચર્ચા આવશે ત્યારે જવાબ આપશે. મહેસુલની ગીતા કહેવાય, (અંતરાય) આ બધા સભ્યોને એટલા માટે જાણ કરુ છું કે મહેસુલની ગીતા ગણી શકાય તેવું ૬૧૦ વર્ષ મહેસુલી ઇતિહાસ કાયદા પ્રણાલીનો ઉલ્લેખ કરતું પુસ્તક છે. તમે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બધા આ પુસ્તકને વાંચજો એટલે તમે બધા તમારા વિસ્તારના જે ખેડુતોને કાયદાકીય રીતે જે પ્રોબ્લેમ હોય તો મામલતદાર, ડી.એલ.આર. સુપ્રિટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકર્ડ એમાં જઇને એનો ઉકેલ કરવાનો પ્રયત્ન કરજો અને તમે તમારા મતદારોને આ પુસ્તક દ્વારા અમારી સરકારનો આભાર માનવાનું એટલું તો જરાક કહેજો. આ પુસ્તકનું નામ છે લેન્ડ રેવન્યુ હીસ્ટ્રી ઇન ગુજરાત એક એમોડીયનનું વિમોચન કરવામાં આવ્યું છે. આના કારણે મહેસુલને લગતા કાયદાઓનું ઝડપી અમલીકરણ, અપ્રમાણિત રોકવા, એક જ વિષય ઉપર જુદી જુદી વિષંગતતા ઉભી કરે તેવા ઠરાવો એક કરી ન્યાયને સંગત કરવા માટેનું આ પુસ્તક છે. હસ્ત લિખિત ફેરફારની નોંધો, મોટા ભાગે ગ્રામ્ય વિસ્તારમાં કોઇ વ્યકિત ગુજરી જાય તો એની વારસાઇ કરવામાં આવે છે. કોઇ જમીનની લે-વેચ કરવી હોય તો એના દસ્તાવેજના અનુસંધાનમાં એમાં હસ્તલિખિત પ્રતો એમાં ગામ નમૂના નંબર-૬ની અંદર એની હસ્તલિખિત નોંધો કરવામાં આવે છે. મને કહેતા આનંદ થશે કે, એના માટે ૧૮,૬૩૩ મહેસૂલી ગામો પૈકી ૧૮,૩૮૩ ગામો એની અંદર ભુલ એક અને એનો રોલ, આ માધ્યમથી હક્કપત્રકોની નોંધણી કરવામાં આવશે અને એના માટે આ બજેટમાં દસ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એવા અનેક પ્રકારના કામો મહેસૂલ વિભાગમાં આ સરકાર કરી રહી છે ત્યારે જે અંદાજપત્ર લઇને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે એને હું અનુમોદન આપુ છું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ જે ૧,૮૩,૬૬૬ કરોડનું બજેટ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું અને સાથેસાથે પાણી પુરવઠા ઉપર હું મારા વિચારો રજૂ કરુ છું. આ સદનમાં પહેલી વખત મારે ઉપસ્થિત રહેવાનું થયું છે અને મેં મિત્રોની વાતો પણ સાંભળી છે. માનનીય શ્રી વિરજીભાઇ ઠુંમર કાલે કહેતા હતા કે કોંગ્રેસની સરકારે ડેમો બનાવ્યા પણ ૧૯૯૫ પછી તમે શું કર્યુ? તો મારે એમને યાદ દેવડાવવું છે કે આદરણીય નહેરુજી કહેતા હતા બાંધ માટે, ડેમ માટે, **बान्ध के सन्दर्भ में श्री नेहरुजी ने कहा था की बान्ध, आधुनिक भारत का मंदिर है, तो उसी मंदिर में भगवान को रिझाने के लिए कई गांवों की बली देनी पडी। राष्ट्रीय हित में, कई को जल समाधी लेना पडी। आज वर्तमान में भारत में विस्थापितों की संख्या 5 करोड की है। माननीय अध्यक्षश्री विचार करें कि 5 करोड लोग बेघर हुए। माननीय अध्यक्षश्री उन लोगों की जमीन सरकारों ने छीन लीं। यह बात सुखरामजी राठवा ने भी अपने प्रवचन में की है कि नर्मदा जलाशय में 19 गांव की हमारी जमीन छीन ली गई है। अध्यक्षजी, उनके पास अन्य कोई आय के साधन नहीं थे।**

**સભાપતિશ્રી શ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યક્ષસ્થાને.**

મારે એટલું જ કહેવું છે કે ભારતના લોકલાડિલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના વિકાસ માટેનો જે પ્રેરણાદાયી પાયો નાખ્યો એના ઉપર આજે વિકાસની ભવ્ય ઇમારત ઉભી થઇ છે. સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કરતા સૌ કોઇના સર્વાંગી વિકાસ સાધવાની દિશામાં જનહિતને લગતા સંવેદનશીલ નિર્ણયનું અસરકારક અમલીકરણ રાજ્ય સરકારે કર્યું છે. સંવેદનશીલતા, પારદર્શિતા, વિકાસશીલતા અને નિર્ણાયકતા આ ચાર મહત્ત્વપૂર્ણ આધાર સ્તંભો પર સરકારે જનજનના વિકાસ માટે પરિણામલક્ષી નિર્ણયો લઇ રાજ્યના દરેક ખૂણાનો સાતત્યપૂર્ણ વિકાસ કર્યો છે. અમારી સરકાર રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી પૂરું પાડવા કટિબદ્ધ છે. જેના માટે ૩૩૧૧ કરોડની જોગવાઇ આદરણીય નાણામંત્રીશ્રીએ કરી છે એને અભિનંદન આપું છું. દાહોદ જિલ્લા તથા છોટા ઉદેપુર જિલ્લાના ૩૪૩ ગામો અને ૨ શહેરોના ૧૧.૫ લાખ લોકોને લાભ આપતી અંદાજિત ૮૯૦ કરોડની નર્મદા રિવર બેઝિન આધારિત યોજના અમલમાં મૂકી છે. કડાણા જળાશય આધારિત મહીસાગર જિલ્લાના ૨૭ ગામો જેમાં મારા વિસ્તારના ગામો છે એના ૫૦ હજાર લોકોને લાભ આપતી અંદાજિત ૪૫.૯૧ કરોડની સરસડી-વાંસલાવાડા ડુંગર જૂથ પાણી પુરવઠા યોજના હાલ કાર્યરત છે. છોટા ઉદેપુર જિલ્લાના સંખેડા અને બોડેલી તાલુકાના ૪૬ ગામો અને ૧૯ નર્મદા વસાહતો માટે અંદાજિત ૫૭.૩૨ કરોડની નર્મદા મુખ્ય નહેરની સંખેડા બ્રાન્ચ યોજના અત્યારે અમલમાં છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના ૬૭મા જન્મદિવસે અંબાજીથી ઉમરગામ સુધીના અમારા ૧૪ જિલ્લાઓના ૧૩૫૯ આદિવાસી ગામોમાં પાણી પુરવઠાની યોજના અમલી બનાવી અને અમારી આદિવાસી સમાજની બહેનો, ચંદ્રિકાબેન ઘણીવાર વાત કરતા હોય છે, આદિવાસી સમાજની બહેનો ભૂતકાળમાં પાણી માટે વલખા મારતી હતી.

સભાપતિશ્રી : આપની વાત પૂરી થાય છે.

ડો. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ઉપનેતા અને નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી ૩૬,૮૦૧ કરોડ રૂપિયાના દેવા સાથે અને આ રાજ્યની પ્રજા પર રાજ્યના જી.એસ.ટી. અને રાજ્યના અન્ય વેરાઓ સહિતના કુલ ૮૮,૭૨૮ કરોડ ૮૦ લાખના વેરાઓ નાખીને આ આવકો ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે. એમણે ઉત્તમ નાણાકીય વ્યવસ્થાની વાત કરી. એમણે એમ કહ્યું કે રાજ્યની આવકો વધી છે. જે વિકાસ માટે બહારથી નાણા લેવામાં આવતા હતા એ નાણામાં ઘટાડો થયો છે અને વ્યાજ અને મુદ્દલની ચૂકવણીનું જે ભારણ હતું એ ઘટ્યું છે. એમના જ આંકડા કહે છે કે સતત વ્યાજ વધતું જાય છે. વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૪,૯૪૫ કરોડનું વ્યાજ હતું એ આજે

૧૯૦૬૦ કરોડના સુધારેલા અંદાજો છે. એ જ પ્રમાણે દેવું પણ વધતું જાય છે. ૨૦૧૫-૧૬માં ૧ લાખ ૮૦ હજાર કરોડ હતું એ આજે સુધારેલા અંદાજો એમ કહે છે કે ૨ લાખ ૧૭ હજાર ૩૩૭ કરોડનું દેવું થવાનું છે ત્યારે સરકાર જરૂર કહે છે કે જે આવકો છે એ ઘણી બધી વધી. એમણે બહુ સારી વાત કરી કે રાજ્યની ઉત્પાદનની ૨૦૧૫-૧૬માં રાજકોષીય ખાધ ૨.૨૪ હતી એ ઘટીને ૧.૪૨ થઇ. પણ સાથે એમણે એ વાત પણ કરી કે પ્રજા પર ભારણ નાખ્યું એના કારણે આવકો થઇ ૨૦.૯૨ ટકા એટલે કે ૨૧ ટકા જેટલું ભારણ પ્રજા ઉપર નાખ્યું એના કારણે આવકો ઉભી થઇ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠા બેઠા ) : કયું ભારણ નાખ્યું એ તો કહો.

ડો. અનિલ જોષીયારા : સાહેબ, આ ભારણ નાખ્યું એ આપને થોડીવારમાં કહું. સાહેબ, આ તમે જે ભારણ નાખ્યું પણ ૧૯૬૦ થી ૧૯૯૮ની ૩૧મી માર્ચ સુધી ૩૮ વર્ષનું શાસન એમાં કોંગ્રેસ અને કેશુભાઇનું શાસન બધાનું આવી ગયું છે. તે વખતે રાજ્યની સુખાકારી માટે અને રાજ્યના વિકાસ માટે અવિરત સેવાઓ કરી. એમાં સિંચાઇની સગવડો હોય, માનનીયશ્રી ડીંડોર કહેતા હતા કે સિંચાઇની સગવડમાં ગુજરાતમાં તમામ મોટા ડેમો અને નર્મદા ડેમ પણ ૧૦૦ મીટર સુધી કર્યો. આરોગ્યની સુવિધા ઊભી કરી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી માંડીને મેડિકલ કોલેજો અને એન્જિનિયરિંગ કોલેજો કરી. સાહેબ, પ્રાથમિક શાળાઓ અને કોલેજો સુધી કરી, સાથે સાથે દબાયેલા અને કચડાયેલા વર્ગોની પણ ચિંતા કરીને એની પણ સેવાઓ કરી પણ સાહેબ, ૧૯૯૮માં ભાજપનું શાસન આવ્યા પછી અને એમાં ખાસ કરીને ૨૦૦૨ પછી વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ સમિટ ચાલુ થયા. અમને પણ એમ હતું કે ગુજરાતમાં ઉદ્યોગો આવે તો અમે પણ રાજી થઇએ. પરંતુ આટલા બધા વાયબ્રન્ટ સમિટ થયા. લગભગ ૭૬૫૧૨ પ્રોજેક્ટો માટે એમ.ઓ.યુ. સાઇન થયા. ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેશન પણ ફાઇલ થયા. પરંતુ સાહેબ ઉદ્યોગો ક્યાં? આજે રોજગારી ક્યાં? સાહેબ, અમે આશા રાખીએ છીએ કે અમારા જેવા જિલ્લામાં એકાદ ખેતીને લગતો ઉદ્યોગ આવે. પરંતુ એક પણ ઉદ્યોગ આવ્યો નથી. સાહેબ, તે પછી સરકારે શું કર્યું? સરકારે સાહેબ, ગરબા મહોત્સવ કર્યા, નવરાત્રી મહોત્સવ કર્યા, રણોત્સવ કર્યા, પ્રવેશોત્સવ કર્યા, ગુણોત્સવ કર્યા, કૃષિ મેળાઓ, કૃષિ મહોત્સવ, મૅરેથોન દોડ આવી જે યોજનાઓ કરી એનાથી આ પ્રજાના પરસેવાના પૈસા છે. નીતિનભાઇ સાહેબ આપ બહુ તૈયાર માણસ છો અને આ પરસેવાના પૈસા બિનજરૂરી રીતે ના વપરાય. આ બિનપ્રોડક્ટિવ ખર્ચાઓ કમસે કમ ઓછા થાય તો મને લાગે છે તમે આ વિકાસલક્ષી ખર્ચામાં વધારો કરી શકો એમ છો. આપે જ આપેલા આંકડા મુજબ વિકાસલક્ષી ખર્ચનું જે પ્રમાણેનું બજેટ હતું એ પ્રમાણે વધવું જોઇએ એ વધ્યું નથી સાહેબ. કારણ કે, વિકાસલક્ષી ખર્ચ જે વધવું જોઇએ એ ૨,૬૭૫ કરોડ ૮૦ લાખ જે થયું, આ વખતે વધ્યું પણ બિન વિકાસલક્ષી ખર્ચ ૧૧,૭૬૪ કરોડ અને ૫૬ લાખ કર્યુ. સાહેબ, કેટલો બધો વધારો બિન વિકાસલક્ષી ખર્ચમાં? આમાં આપણે ધ્યાન રાખવાની જરૂર હતી. સામાજિક અને આર્થિક સેવાઓમાં ઘણી જ સેવાઓ છે એમાં ઘટાડો થયો છે. એમાંય ખાસ કરીને આર્થિક સેવાઓમાં ૧,૪૧૩ કરોડ ઘટાડો થયો છે. કૃષિ અને સંલગ્ન સેવાઓમાં સાહેબ, કૃષિ માટે ખેડૂતની ચિંતા કરવી જોઇએ અને એની સેવામાં ઘટાડો કર્યો છે. આ વખતે એમ કહ્યું છે કે નર્મદાનું પાણી સિંચાઇ માટે ૧૫મી માર્ચ પછી મળવાનું નથી. ખેડૂતોને ખેતી નહિ કરવાની. સાહેબ, તો ખેડૂતો એ કરવાનું શું? સરકાર બીજી કોઇ રોજગારી આપવાની છે? સાહેબ, ઉર્જાની વાત કરું તો ઉર્જાની પરિસ્થિતિ દિવસે ને દિવસે બગડતી જવાની છે. અત્યારે આપણા જે સરકારી યુનિટો હતા. વીજળીનું ઉત્પાદન સરકારે બંધ કર્યુ છે અને એના લીધે આપણે એસ્સાર અને અદાણી ઉપર આધાર રાખવો પડે છે અને સાહેબ, પરિસ્થિતિ એ થવાની છે કે આજે મોઢું ફાડીને બેઠા છે. આજે કહે છે કે ભાવ વધારો આપો નહિ તો વીજળી નહિ આપીએ. આપણે કેન્દ્રમાંથી વીજળી ખરીદવી પડે એવી પરિસ્થિતિ પેદા થઇ ગઇ છે. એ જ રીતે સામાજિક સેવાઓમાં શ્રમ અને મજૂર કલ્યાણ એમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે, આવી અનેક સેવાઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

સાહેબ, મારે તો ટ્રાયબલ વિસ્તારની થોડી વાત કરવી છે અને બહુ સરસ આપે વાત કરી છે કે સીક્સ સ્તરની આંતર માળખાકીય સેવાઓ સાથેની અમે સુવિધા ઊભી કરી છે એ સાહેબ, બહુ સારી વાત છે પણ તત્કાલીન મુખ્યમંત્રી અહીંયા તા.૨૭-૨-૨૦૦૭ નાં રોજ બેઠા હતા ત્યારે વાત કરી હતી કે દરેક ગામ ફળિયાને બારમાસી પાકો રસ્તો થશે. દરેક રસોડા સુધી નળથી પાણી આવશે. આજની તારીખમાં શું છે સાહેબ? ઘણાં ગામડાં એવાં છે કે આજે પણ રસ્તા વિહોણા છે. મેં આપને ઘણી વખત રજૂઆત કરી છે. ઘણા એમ.ડી.આર. અને ઓ.ડી. રસ્તાઓ બધા જ આજે ૧૦-૧૦ વર્ષના થઇ ગયા છતાં ડામર નથી થતો. આપ સાહેબ જાતે તપાસ કરાવો. નીતિનભાઇ આપની પાસે નાણાખાતું છે. અમારી મુશ્કેલી છે કે અમારા માટેનું બજેટ અલગ છે પણ અમને બધાની તોલે ગોઠવવામાં આવે છે. અમારી વિનંતી છે કે સાહેબ, બજેટ અમારું અલગ છે તો કમસે કમ એના પ્રમાણે તો ગોઠવો. એની પ્રમાણે અલગ વ્યવસ્થા હોવી જોઇએ. કારણ કે, અમારો ભૌગોલિક વિસ્તાર મોટો છે અને એના લીધે અમને જે લાભ મળવો જોઇએ એ મળતો નથી. સાહેબ, બીજું ગઇકાલે મંત્રીશ્રીએ વાત કરી કે, ગયા કોંગ્રેસના શાસનમાં ૫ થી ૧૦ કિલો મીટર સુધી પાણી લેવા જવું પડતું હતું. એક પણ ગામ બતાવો ભૂતકાળમાં કયારેય ૫ થી ૧૦ કિલોમીટર પાણી લેવા જવું પડે એવું કયારેય બન્યું નથી. કારણકે તે વખતે પાણીના તળ ઉંચા હતા, પાણી મળતું નહોતું એવું કયારેય પણ બન્યું નથી. અત્યારે એમની પરિસ્થિતિ એવી છે કે એમણે બોરીબંધ બાંધ્યા એટલે પાણીના તળ નીચા ગયા. આજે ૪૦૦-૪૦૦ ફુટ પાણીના તળ નીચા ગયા છે અને એના લીધે પરિસ્થિતિ એ છે કે પાણી શોધવા જવું પડે છે. પીવાના પાણીની મુશ્કેલી ઉભી થઇ છે. મારી તો વિનંતી છે કે આ વખતે જયારે તળાવો ખુલ્લા છે ત્યારે તળાવમાંથી કાંપ કાઢવાનું કામ કરો એટલા માટે કે દરેક તળાવનું આયુષ્ય હોય છે, દરેક ડેમનું આયુષ્ય નકકી હોય છે ૫૦ વર્ષ, ૬૦ વર્ષ હવે આટલા બધા વર્ષો થઇ ગયા. કોંગ્રેસના ૫૦-૬૦ વર્ષ પહેલા આ ડેમો બનાવેલા છે. કમ સે કમ આ યોજના કરી હોત તો મને આનંદ થાત. તો

આગામી દિવસોમાં પાણી સંગ્રહાત. હમણા ગઈકાલે માનનીય મંત્રીશ્રીએ વાત કરી વન અધિનિયમ ૨૦૦૬ મારે એમને કહેવું છે ૧૮૨૦૦૦ ની જે આવી હતી એમાંથી ફક્ત ૮૦૩૩૧ લોકોને જ મંજૂરી આપી છે અને એમાં જે જમીન આપી છે ૨૦ ગુંઠા, ૧૫ ગુંઠા ફક્ત ૧૧૬૯૫૭ એકર જમીન આપી છે. એની સામે જે સામૂહિક દાવાઓ છે એ ૪૦૬૭ સામૂહિક દાવાઓ હતા એની સામે જમીન આપી છે ૧૧૪૧૭૦૭ એકર. આ કોના માટે છે? આ કાયદો કોના માટે બન્યો હતો? અને આજે જમીન કોને આપી છે મંત્રીશ્રી ખુલાસો કરશે તો મને ગમશે. હું આશા રાખું છું કે મંત્રીશ્રી ખુલાસો કરશે કે આટલા બધા સામૂહિક દાવાઓ કોના મંજૂર થયા છે. કારણકે સામૂહિક દાવાઓને પણ એના કાયદા કાનૂન છે એક ગામમાં એક એકરથી વધુ જમીન આપી શકતા નથી, એક હેકટરથી વધુ આપી શકતા નથી ત્યારે આટલી બધી જમીન, સાહેબ, મેં આંકડો કાઢ્યો તો એકએક દાવા માટે ૨૮૦ એકર જેટલી જમીન થાય છે એક સામૂહિક દાવા માટે. આટલી બધી જમીન આપવાનું કારણ શું છે? આ માટે ધ્યાન આપો અને આનો જવાબ આપો એવી મારી વિનંતી છે. (અંતરાય) ના, ના. આપો તમે, આપો. ૧૫-૨૦ ગુંઠા જેટલી જમીન આપી છે તમે સરવે કરો, લોકોને આપો. આ કાયદો બન્યો છે, લોકોને ઐતિહાસિક અન્યાય થયો છે. આ અન્યાયને તમે ન્યાય અપાવો એવી મારી વિનંતી છે. ખાસ તો, જી.ઈ.બી. જે વીજળી પેદા કરતું હતું એમાં મારે કહેવું છે. ૨૦૦૨માં વીજળી પેદા થતી હતી, જી.ઈ.બી. કહેવાતું હતું એ ૨૩૩૨૭ મિલિયન એકર વીજળી પેદા કરતું હતું. એના યુનિટો બંધ પડયા છે અને યુનિટો બંધ થવાને કારણે આજે વીજળી પેદા થતી નથી મારી મંત્રીશ્રીને વિનંતી છે કારણકે આપણે પારકી આશા રાખીએ, બીજા ઉપર આપણે આશા રાખીએ તો નહીં મેળ પડે. આપણા યુનિટો આપણે સદ્ધર કરવા પડશે કારણકે પારકા જે માણસો છે અદાણી, એસ્સાર છે એ જો સસ્તી વીજળી આપી શકતા હોય તો આપણે કેમ ન આપી શકીએ એટલી મારી વિનંતી છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, લોકપ્રિય સરકારના કર્તાહર્તા એવા માનનીય નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આગામી ૨૦૧૮-૧૯ ના વર્ષનું અંદાજપત્ર કુલ રૂ. ૧૮૩૬૬૬ કરોડનું સૌના સાથ અને સૌના વિકાસ માટેનું બજેટ લઇને આવ્યા છે એને અનુમોદન કરવા માટે અને માર્ગ અને મકાન વિભાગમાં મારા વિચાર દર્શાવવા માટે હું ઉપસ્થિત થયો છું. માર્ગ અને મકાન વિભાગ હેઠળ કુલ જોગવાઇ ૯૨૫૨ કરોડ રૂપિયા ૩૪૨૪૫ જેટલા ગામો અને પરાઓને આંતર માળખાકીય સુવિધા આપવાના લક્ષ્ય સાથે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બજેટ મૂક્યું છે. મને કહેતા આનંદ થાય કે પ્રધાન મંત્રી સડક યોજના આ દેશના વડાપ્રધાન એ સમયના અટલ બિહારી બાજપાઇજીને યાદ કરવા પડે. આ સન્માનનીય ગૃહમાં મને યાદ કરતા આનંદ થાય કે આ પ્રધાનમંત્રી સડક યોજના મૂક્યા પછી આ ગામડાંની અંદર રહેતા લોકોને જે સુવિધા ઉત્પન્ન થાય અને ગામડાંના લોકોને એના થકી ઘણીબધી સુવિધાઓ ઉત્પન્ન થાય. નોન પ્લાન રસ્તાઓના બાંધકામ અને સુવિધાઓ માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના આ રાજય સરકારે ૧૦૯૮ કરોડ રૂપિયા જેવા ફાળવ્યા છે. ૭ વર્ષના રિ-સરફેસ ન થયેલા હોય તેવા પ્લાન રસ્તાની સુધારણાની કામગીરી માટે ૪૧૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. હયાત કોઝ-વે, ડીપ, સાંકડા નાળાના સ્થાને ઊંચા પુલોના બાંધકામ માટે રૂપિયા ૨૩૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ બધા રૂપિયા જે ગામડાંની અંદર વપરાયા છે. આમ તો મારો અનુભવ એમ કહે છે કે ગત વર્ષે હું આ સન્માનનીય ગૃહનો ધારાસભ્ય હતો. એ સમયગાળા દરમિયાન ભાજપની સરકારે જે નાણાં આપ્યાં હતાં અને આ નાણાં એટલાં બધાં આપ્યાં કે અમારા વિસ્તારની અંદર પુલો, રસ્તાઓ, ગામની અંદર અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકો ગામની બહાર નહોતા આવી શકતા એ લોકો હવે નોન પ્લાન રસ્તાઓ આવવાના કારણે ગામડાંની અંદર ૩-૩, ૪-૪ કિ.મી.ના રસ્તા આ ભાજપની સરકારે નોન પ્લાન લાવવાના કારણે એ રસ્તાઓ બન્યા અને લોકોને સુવિધાઓ મળી. ૫-૭ કિ.મી.નો ચકરાવો થતો હતો, તેનો લોકોને આર્થિક રીતે કેટલો બધો ફાયદો થયો. આમ ફરીને જતા લોકોને અને વિદ્યાર્થીઓને શિક્ષણમાં ખૂબ લાભ થયો. અવર-જવર માટે એસ.ટી. રૂટ શરૂ થયો. બાગાયાત ખેતી કરતા થયા. બાગાયત ખેતીમાં ઉત્પાદન વધ્યું. એક્ષપોર્ટ, ઇમ્પોર્ટ કરતા લોકો વિદેશમાં લંડન, અમેરિકામાં શાકભાજી મોકલતા થયા. એનાથી ઘણો મોટો ફાયદો આ ગ્રામ્ય વિસ્તારની જનતાને થયો છે. એટલા બધા પુલો બનાવવામાં આવ્યા કે આ સન્માનનીય ગૃહમાં મને કોટીવાળા તરીકે ઓળખતા હતા અને હવે મારા ગામડાંની અંદર મને પુલોવાળા તરીકે ઓળખે છે. રસ્તાવાળા તરીકે ઓળખે છે. આ પ્રકારની આ ભાજપ સરકારની કામગીરી છે અને આ માનનીય સભ્યશ્રી અનિલભાઇ કહેતા હતા કે રસ્તાની સુવિધા ક્યાં છે? અમારા પુનમજી તો દરરોજ કહેતા હતા કે રસ્તાનું આપે કરવું જોઇએ અને ફરીથી આ ગૃહમાં ભાજપની વિકાસ ગાથાને કારણે ચૂંટાઇને આવ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે જે લોકો એમ કહેતા હતા કે નવસર્જન અમે કર્યું છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે. એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. ભાજપની આ સરકારને જાણે ચાલુ ગાડીમાં બેસવા મળ્યું હોય, એ રીતે ચાલુ ગાડીમાં બેહેલી આ સરકાર છે. આ રાજ્યના નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ રોડ બનાવવા માટે ખૂબ ગ્રાન્ટ આપે છે. પહેલાં કરતા પણ અત્યારે બજેટનું કદ ઘણું મોટું થઇ ગયું છે. પહેલાં આવક ઓછી હતી, એના કારણે બજેટનું કદ નાનું હતું. જેમ જેમ આવકો વધતી ગઇ, વસતિ વધતી ગઇ, સાધનો વધતાં ગયાં, એના કારણે બજેટનું કદ મોટું થયું છે. રસ્તા પણ સારા બનતા હોય છે, ત્યારે મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે જ્યારે ડામરના રસ્તા બનતા હોય છે, ત્યારે ૩-૩ મહિનામાં ડામર ઉખડી ગયેલો જોવા મળ્યો છે. અમદાવાદમાં પહેલાં જ વરસાદમાં એટલા બધા ખાડા પડી ગયા છે કે એની નોંધ નામદાર હાઇકોર્ટે લીધી અને ટીકા કરી ત્યારે ખાડા પુરવાની કામગીરી થઇ. એટલી ખરાબ કામગીરી આ રાજ્યમાં થતી જોઇ છે. આ રાજ્યની અંદર ૭

થી ૮ આર્થિક રીતે પછાત કહી શકાય એવો વિસ્તાર આવેલ છે. ૧૯૮૦-૮૫ માં આ વિસ્તારોને નીમ કરવામાં આવ્યો હતો. તેમાં મારા કડી કલોલ તાલુકામાં એક વિસ્તાર ખાખરીયા ટપ્પા તરીકે ઓળખાય છે. ગઇ વખતે માનનીય નીતિનભાઇએ પણ મત લીધા છે અને આજે મેં પણ મત લઇ આ સન્માનનીય સભાગૃહમાં આવ્યા છીએ. ૧૯૮૦-૮૫ થી જે ગ્રાન્ટ આવે છે તેમાં આજદિન સુધી કોઇ વધારો થયો નથી તો હું નાણામંત્રીશ્રી નીતિનભાઇને વિનંતી કરું છું કે તેવા વિસ્તારના વિકાસ માટે બજેટમાં થોડો વધારો કરી ગ્રાન્ટ ફાળવવામાં આવે. મોંઘવારીની અંદર વિકાસના કામો કરવા માટે ધારાસભ્યશ્રીઓને એક કરોડની જે ગ્રાન્ટ મળે છે તેમાં થોડોક વધારો થાય. કયાંક થોડો ખર્ચો ઓછો કરી પણ ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાં વધારો થાય તેવી આપ સૌના વતીથી હું વિનંતી કરું છું. આ રાજયની અંદર ઠાકોર કોળી વિકાસ નિગમ બોર્ડ બનેલ છે. ઠાકોર કોળીની વસ્તી જોવા જઇએ તો આજે ૩૦ થી ૩૫ ટકા જેટલી છે. તેના માટે નહીંવત ગ્રાન્ટ મળે છે. તેની ઓફિસનો વહીવટ થઇ શકે, તેનો પગાર થઇ શકે અને તેના જે ચેરમેન બન્યા હોય તેની ગાડી આમથી તેમ ફરી શકે તેટલા પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આજે ૩૦ થી ૩૫ ટકા વસ્તી ઠાકોર કોળી સમાજની હોય અને આટલી ઓછી ગ્રાન્ટ મળે તો કંઇ રીતે આવા સમાજોનો વિકાસ થાય? એટલા માટે હું નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ નિગમની ગ્રાન્ટમાં વધારો કરી ઠાકોર કોળી વિકાસ નિગમ દ્વારા અમારા સમાજોનો વિકાસ થાય એવું કરો. મારા તાલુકાને લાગે વળગે છે ત્યાં સુધી અમારા કલોલ તાલુકાની અંદર ઔડા આવેલ છે. કલોલ તાલુકાની ૪૦ ટકા જમીન કપાતના નામે લઇ ઘણી બધી જગ્યાએ ડેવલપ કરવા માટે તે જમીનો આપો છો. અમારા કલોલ તાલુકાના યુવાનોને રમવા માટે એકપણ મેદાન નથી. તો ઔડા વિસ્તારની અંદર તમે જે જમીન કપાતના નામે લઇ લો છો તે ભલે લઇ જાઓ તેનો વાંધો નથી પણ કલોલ તાલુકાના બાળકોને રમવા માટે સારા એક મેદાનની જરૂરિયાત છે ત્યારે તેની ફાળવણી આ ૪૦ ટકામાંથી કરવામાં આવે. જમીન કલોલ તાલુકાની છે અને યુવાનો પણ કલોલ તાલુકાના જ છે. તો તેના માટે એક મેદાનની ફાળવણી થાય તેવી આપના તરફથી વિનંતી છે. સમગ્ર ગુજરાતમાં સાહેબ કોઇ એવો તાલુકો નહીં હોય કે તેની અંદર સબજેલ ન હોય. મેં વારંવાર રજૂઆતો કરી છે, ગઇ વખતે માનનીય પ્રદિપસિંહ જાડેજાએ આની નોંધ લીધી હતી. મારા કલોલ તાલુકાની અંદર સબજેલ નહીં હોવાના કારણે વારંવાર નાની મોટી બાબતમાં તમામે તમામ તહોમતદારોને દરરોજ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે મોકલવામાં આવે છે. તેનો વહીવટી ખર્ચ કેટલો થાય અને તેના માટે કેટલો સ્ટાફ રોકાયેલો રહે તેના કરતાં મારા તાલુકામાં સબજેલ બને તો સારું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસે જાણે કોઇ સત્તા ન હોય તેવું વાતાવરણ થઇ ગયું છે. ધારાસભ્યશ્રીને કોઇ આઇપીએસ કે આઇએએસની ઓફિસમાં મળવા જવું હોય તો લાઇનમાં બેસવું પડે છે. ગુજરાત રાજયમાં આ ધારાસભ્યની કિંમત છે. તમામે તમામ સત્તાઓ તે ચૂંટાયેલા પ્રતિનિધિ કરતાં અધિકારી રાજ મારી ભાષામાં નીતિનભાઇ કહી શકું તો અધિકારી રાજ બની ગયું હોય તેવું કહું તો હું કંઇ વધારે નહીં કહેતો હોઉં તેવું લાગે છે. તમામે તમામ જગ્યાએ ધારાસભ્યો હોય, ચૂંટાયેલા તાલુકા જિલ્લા પંચાયતના સભ્યો હોય તેનું માન સન્માન જળવાય તેવા સરકારમાંથી આદેશો થાય. કોઇપણ ચૂંટાયેલો પ્રતિનિધિ જયારે સરકારી ઓફિસમાં કામ લઇને જતો હોય ત્યારે તેને શાંતિથી સાંભળવામાં આવે, માન સન્માનથી બોલાવવામાં આવે તેવું જો સરકાર દ્વારા કરવામાં આવે તો એ આપના અને તમામ લોકો માટે એક સારી વાત હશે. હું વારંવાર આ ગૃહમાં કહેતો આવ્યો છું કે, મારા ૬૮ ગામની જમીનની વાત હોય, ૪૦ ટકા કપાતના નામે સરકાર તેની માલિક બની જવાની છે,૧૦ થી ૧૫ ટકા જે સરકારી મિલકત હોય, ગૌચર હોય તેની પણ સરકાર માલિક બનવાની છે. શું ગુનો કર્યો છે આ ૬૮ ગામના લોકોએ? અને ત્યારે હું વિનંતી કરું છું કે, આ ૬૮ ગામના ખેડૂતોએ ગુનો કર્યો હોય તો આ ૬૮ ગામ વતીથી હું આ સરકારને પગે લાગુ છું કે તેમને કામ વગરના કાયદામાંથી તમે છોડો. જેટલી જરૂર હોય એટલી જમીન તમે ડેવલપ કરવા માટે રાખો. ૪૦ ટકા કપાતના નામે જગ્યા લઇ તેના માલિક તમે બનવાના છો. ચાળીસ ટકા કપાતના નામે જગ્યા લઇ તેના માલિક તમે બનવાના છો ત્યારે જરૂરિયાત પૂરતી રાખી અને બાકીની જમીન તમે છૂટી કરો એવી વિનંતી હું કરું છું. મારા વિસ્તારની અંદર આવેલા આખાને આખા તળાવોમાં ઉદ્યોગપતિઓએ દબાણ કરેલ છે અને આખા ને આખા તળાવો ગળી ગયેલા છે. કોઇ સામાન્ય નાનો એક ગુનો કરે તો એના ઉપર પાસા કરવામાં આવે છે, એના ઉપર હદપારના કેસો પણ કરવામાં આવે છે. પણ કોઇપણ વ્યક્તિ સરકારી મિલકત હોય, સરકારી જમીન હોય એ એના વ્યક્તિગત ઉપયોગ માટે જો કરે તો હું માનું છું ત્યાંસુધી જમીન મહેસૂલ કાયદો, ૧૮૭૨ પ્રમાણે એના ઉપર પણ પાસા થાય જો કરવી હોય તો અને સરકાર ઇચ્છતી હોય તો એ કરી શકે છે. કેમકે અત્યારે અમદાવાદની આજુબાજુની જમીનો કિંમતી જમીનો થઇ ગઇ છે એક એક વારના એક લાખ બે લાખ રૂપિયા જેટલા ભાવો ચાલી રહ્યા છે ત્યારે હજારો વારની સંખ્યામાં કહી શકાય, તળાવો કહી શકાય, સરકારી પડતર જમીન કે મિલકત કહી શકાય એના ઉપર કબજો કરીને અમુક માણસો બેઠાં છે ત્યારે એમના ઉપર પાસાની કાર્યવાહી થાય એ માટે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

શ્રી બલરામ ખુ. થાવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૌભાગ્ય છે કે પ્રથમ વખત હું વિધાનસભાની ચુંટણી લડીને આવ્યો છું અને પહેલીવાર આ ગૃહમાં બોલવા માટે ઉપસ્થિત થયો છું. આજે મારે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચામાં શહેરી ગૃહ નિર્માણ બાબતમાં પ્રકાશ પાડવાની ઇચ્છા છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે અંદાજપત્ર રજૂ કર્યું છે તે ખૂબજ લોકપ્રિય અને વખાણવા લાયક છે, તેમાં સામાન્ય માણસને લક્ષમાં રાખીને બજેટરી જોગવાઇઓ તેમણે કરી છે તેને હું સમર્થન આપું છું.

ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના શહેરી વિસ્તારોમાં વસતા નાગરિકોની જરૂરિયાતો પૂરી થાય અને શહેરોનો સર્વાંગી વિકાસ થાય તે ભારતીય જનતા પાર્ટી સરકારની નેમ છે. ગુજરાતમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા મુજબ શહેરી વસતિ રાજ્યની કુલ વસતિના આશરે ૪૩ ટકા જેટલી છે, એટલે કે રાજ્યની ૬.૦૪ કરોડ વસતિમાંથી ૨.૬૦ કરોડ લોકો શહેરોમાં વસવાટ કરે છે. બીજી તરફ ગુજરાતના અવિરત વિકાસ, રોજગારી, ધંધા–વ્યવસાયની ઉજ્જવળ તકો અને તમામ પ્રકારની શાંતિ, ભાતીગળ ઉમદા સંસ્કૃતિને કારણે દેશભરના લોકો ગુજરાતના નાના અને મોટા શહેરોમાં સ્થાયી વસવાટ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૭૪ માં બંધારણીય સુધારા પછી શહેરી સ્તરની સંસ્થાઓમાં વધારો થયેલ છે. શહેરી વિકાસના વિવિધ પરિણામને સુગ્રથિત સ્વરૂપે પ્રયોજી રાજ્ય સરકારે શહેરી વિસ્તાર તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અપેક્ષિત મુળભૂત નાગરિકની સુવિધાઓ/ સેવાઓ ઉપલબ્ધ કરાવવા તથા સંગીન બનાવવા માટે આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડી શહેરી ગરીબોનો સામાજિક અને આર્થિક વિકાસ કરી તેઓનું જીવનધોરણ ઉંચે લઇ જવા સરકાર અવિરત કોશિષ કરી રહેલ છે. સાથોસાથ શહેરી વિસ્તારોની સુખસગવડ ભરી પ્રાથમિક સુવિધાઓ, રસ્તા, પુલ, હોસ્પિટલ, શાળાઓ, પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, વ્યક્તિગત અને જાહેર શૌચાલયો વિગેરે ઉપરાંત આનંદ પ્રમોદ, મનોરંજન, હરવા ફરવા જેવી સુવિધાઓ રાજ્ય સરકારે ઉભી કરી છે અને તેથી પણ વધુ સુવિધાઓ ઉભી કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યના ગ્રોથ એન્જિનસમા મહાનગરો અને નગરોમાં શહેરીજનોને સુવિધાપૂર્ણ સગવડો અને શ્રેષ્ઠતમ સેવાઓ પૂરી પાડવા, પ્રજાનું જીવનધોરણ ઉંચું લાવવા અને શહેરોના નિર્માણ તેમજ સર્વસમાવેશક વિકાસની જરૂરિયાત ધ્યાને લઇ રાજ્ય સરકારે શહેરીકરણના તમામ પાસાઓને આવરી લઇ અગાઉ વર્ષ ૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઘોષિત કરેલ, ત્યારબાદ વર્ષ ૨૦૦૭માં શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના અને નિર્મળ શહેર અભિયાન હેઠળ રાજ્ય સરકારે શુદ્ધ જળ, શુદ્ધ જમીન, શુદ્ધ વાયુના ઉદ્દેશોને સિદ્ધ કરવા માટે આગવા પ્રયાસોનો શુભારંભ કરેલ છે.

આ સરકારે શહેરોના સર્વાંગી વિકાસના પ્રયાસોને અવિરતપણે આગળ વધારવાના દ્રઢ નિર્ધારને સાકાર કરવા રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે આપણા રાજ્યની શહેરીકરણની ઝડપી પ્રક્રિયા અને તેમાંથી ઉપસ્થિત થતાં પડકારોને પહોંચી વળવા સૌનો સાથ સૌના વિકાસના અભિગમ સાથે શહેરોની માળખાકીય જરૂરિયાતો સંતોષવા માટે રૂપિયા ૭૦૦૦ કરોડની માતબર જોગવાઇની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૦૯–૧૦થી અમલમાં મૂકેલ છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(રાધનપુર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એવુ લાગે છે કે, હર વખતની જેમ નાણામંત્રીશ્રી આ વખતે પણ ગુજરાતના ગરીબ, બેરોજગાર, ઓ.બી.સી., એસ.સી., એસ.ટી.ના સામાન્ય લોકોને ભૂલી ગયા લાગે છે. મને એવુ હતું કે આ વખતે કંઇક નવુ લાવશે, એમના માટેની કોઇ સારી વ્યવસ્થા કરશે પરંતુ નાણામંત્રી આ લોકો માટે કંઇ નથી લાવ્યા તેનુ દુઃખ છે, લાવ્યા હોત તો આનંદ થાત. ચૂંટણી પહેલાં આંગણવાડી આશાવર્કર, મધ્યાહન ભોજન કર્મચારીઓ માટે જે પગાર વધારાની વાતો હતી મને એમ હતું કે માનનીય નાણામંત્રીશ્રી તેમનો પગાર વધારો લાવશે પણ તે નથી લાવ્યા સાથે જે વિલેજ કર્મચારી છે, વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર, પંચાયત પટાવાળા જેમને આપણે ગુલાબી સ્વપ્ના બતાવ્યા અને એવા લોકો માટે કોઇ જ પ્રકારના પગારની વ્યવસ્થા નથી મને એમ હતું કે આ વખતે તેમના માટે કંઇક નાનું મોટું પણ પગાર ધોરણ લાવશે અને જો લાવે તો આનંદ થશે કારણ કે સામાન્ય પરિવારના યુવાનો જયારે ગામડાંની પંચાયતમાં ૭/૧૨ના ઉતારા કાઢવા આવે ત્યારે ગજવામાં રહેલાં પાંચ રૂપિયા પણ તે વાપરીને આવે છે ઘરે કંઇ જ નથી લઇ જતાં એમના માટે નાના મોટા પગારની વ્યવસ્થા કરે તો આનંદ થશે. સાથે જે પ્રકારની વાતો હમણાં કુંવરજીભાઇએ કરી કે ગુજરાતના ઓ.બી.સી. પછાત નિગમો માટે આ સભાગૃહની અંદર જે ઓ.બી.સી.ના ધારાસભ્યો બેઠા છ, જે પછાત વર્ગના ધારાસભ્યો બેઠા છે તેમના તરફથી સરકારની નીતિઓની સામે અવાજ ઉઠાવવાના બદલે તે નીતિઓની પ્રસંશા થાય ત્યારે મને કહેવાનું મન થાય છે કે,

**"हमको तो अपनो ने लुटा , गैरों में कहॉ दम था ,**

**हमारी कश्ती डूबी जहॉ पानी कम था ।।"**

કારણ જે લોકોને જે વિસ્તારનું, જે વ્યકિતનું, જે સમાજનું જે પ્રતિનિધિત્વ કરવાની પ્રજાતંત્રમાં સત્તા આપવામાં આવી તે બોલતાં નથી. આ પછાત નિગમો ચાહે ઠાકોર કોળી વિકાસ નિગમ હોય, ચાહે ગોપાલક વિકાસ નિગમ હોય, ચાહે માટીકામ બોર્ડ હોય, ચાહે કોઇ પણ બક્ષીપંચ વિકાસ નિગમના બોર્ડ હોય તે દરેક નિગમોમાં માત્ર વહીવટી ખર્ચ મૂકવામાં આવે છે તેમના માટેનું કોઇ અનુદાન, કોઇ વ્યવસ્થિત ગ્રાન્ટ મૂકવામાં આવે જેના થકી આ લોકોનો વિકાસ થાય જો માનનીય નાણામંત્રીશ્રી આ વસ્તુ લઇને આવે તો વધારે આનંદ થશે. એટલે માનનીય નીતિનભાઇ સાહેબ વર્ષોથી આ હાઉસમાં બેઠા છે તો નીતિનભાઇ સાહેબને આપના માધ્યમથી હું વિનંતી કરું છું કે આ તમામ નિગમો માટે એક–એક હજાર કરોડ રૂપિયા ત્યાં મૂકવામાં આવે અને આ મૂકવા માટે આપણે સક્ષમ ના હોય તો વિનંતી કરું છું કે વિખેરી નાંખો કારણ કે આ દિવાસ્વપ્ન સમાન છે ત્યાં રાહ જોઇને બેઠા છે તેનાથી થતું કંઇ નથી એટલે આપને વિનંતી કરું છું કે આ પછાત નિગમો માટે આપ કોઇ અલગ વ્યવસ્થા કરો. સાથે બેરોજગારીની વાત કરું તો આપણે ઘણાં બધા વાયબ્રન્ટ કર્યા, ઘણાં બધા SEZ ઘણી બધી વાતો લઇને આવ્યા છીએ

પરંતુ મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે SEZની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને SEZ થકી કેટલી રોજગારી ઉપલબ્ધ કરવામાં આવી તેનો કોઇ જ ઉલ્લેખ નથી કર્યો જો તેનો ઉલ્લેખ કર્યો હોત તો વધારે આનંદ થાત કારણ કે આ રાજયની અંદર ૩૦ લાખથી વધારે બેરોજગારો છે અને બેરોજગારોને નોકરી આપવાની, રોજગારી આપવાની નક્કર વાત લઇને નથી આવ્યા આ દુ:ખની બાબત છે. જે ઉદ્યોગો આવે છે તે ઉદ્યોગોમાં ૮૫ ટકા નોકરી આપવાનું આપણે લખાણ લેતાં હોઇએ પણ તેના અમલ માટેની કોઇ વ્યવસ્થા નથી ત્યારે નાયબ મુખ્યમંત્રીશ્રી , નાણામંત્રીશ્રી જો લઇને આવ્યા હોત તો મને વધારે આનંદ થાત. અપેક્ષા રાખું છું કે, ગુજરાતમાં આવતા ઉદ્યોગોને આટલી બધી રાહતો આપીએ છીએ. એ ઉદ્યોગોમાં ૮૫ ટકા આપણા ગુજરાતના યુવાનો માટે નોકરીઓ રીઝર્વ રાખવામાં આવે તો આ બેરોજગારી ક્યાંય નહિ રહે અને એના માટે આપ પ્રયત્નશીલ બનશો. સાહેબને બીજી પણ વિનંતી કરું કે, રાધનપુરમાંથી હું આવું છું ત્યાં પાટણ અને બનાસકાંઠામાં રોજગારી ખૂબ જ મોટો પ્રશ્ન છે. ત્યાં ખેતી પર લોકો નભે છે અને એમાં પણ જો પૂર આવે તો બધું જ સાફ થઇ જાય છે અને પૂર પછી જે સરકાર સહાય આપે છે એમાં વચેટીયાઓ પૂર રાહતના પૈસા ખાઇ જાય છે. આ પણ દુર્ભાગ્યપૂર્ણ છે. જો એમાં પણ રાધનપુરમાં કોઇ SEZ મંજૂર કરી અને ત્યાંના હજારો-લાખો યુવાનોને આપ રોજગારી આપવા માટે આગળ આવો તો હું માનું છું કે, આવનારી પેઢીઓ આપને યાદ રાખશે. સાહેબ તો વહીવટી કુશળ છે. પણ વર્ષે વર્ષે દેવું વધી રહ્યું છે. ૨૦૧૫-૧૬માં ૧ લાખ ૮૦ હજાર કરોડ, ૨૦૧૬-૧૭માં ૧ લાખ ૯૯ હજાર કરોડ, ૨૦૧૭-૧૮માં ૨ લાખ ૧૭ હજાર કરોડ, ૨૦૧૮-૧૯નો અંદાજ ૨ લાખ ૩૮ હજાર કરોડ, ૨૦૧૯-૨૦નો અંદાજ ૨ લાખ ૬૬ હજાર કરોડ અને ૨૦૨૦-૨૧ નો અંદાજ ૨ લાખ ૯૬ હજાર કરોડ એટલે હું માનું છું કે, આવતી વિધાનસભાની અંદર ત્રણ લાખને આંબી જઇશું. પણ સાહેબ આ પૈસા વાપરીએ છીએ ક્યાં? ગરીબોનું ઉત્થાન નથી થતું, આરોગ્યની સેવાઓ કથળેલી છે, જ્યાં બેરોજગારને રોજગારી નથી મળતી, જ્યાં ગામડાં અવિકસિત છે, જ્યાં પછાત વર્ગના લોકો માટે કોઇ હક્ક નથી, જ્યાં ખેડૂતોના દેવા માટે માફીની કોઇ વાતો નથી, જ્યાં એમના વ્યાજ માફી માટેની વાત નથી, જ્યાં સવર્ણ આયોગ આપ્યું છે એમાં પણ ગ્રાન્ટ મૂકવામાં નથી આવતી, જ્યાં નાના કર્મચારીઓને પગાર નથી આપવામાં આવતો તો આટલું બધું દેવું થાય છે કેમ? એનો જવાબ આપની પાસે માગું છું અને જો આવું જ ચાલશે તો હું માનું છું કે, આવનારી પેઢીઓ માફ નહિ કરે. કારણ કે, દેવું તો થશે પણ એમનો વિકાસ નહિ થાય. આ પ્રકારની જે વાત છે એની અંદર માનનીય નાણામંત્રીશ્રીને એટલી જ વિનંતી કરું કે, દેવું વધ્યું છે પણ સામાન્ય લોકોનો, ગામડાંના લોકોનો વિકાસ નથી થતો. આ દુર્ભાગ્યપૂર્ણ વાત છે. નવી ટી.પી. મંજૂર કરતાં ૨૫-૨૫ વર્ષ થાય છે પણ ચૂંટણી પહેલાં રાતોરાત ચાર-ચાર મહાનગરોની એફ.એસ.આઇ. મંજૂર કરી દઇએ છીએ અને એમાં ચોક્કસ ૪૦-૫૦ બિલ્ડરોને ફાયદો કરાવવા માટે હું માનું છું કે, આ એફ.એસ.આઇ. મંજૂર કરવામાં આવેલી. આ એફ.એસ.આઇ. એટલા માટે મંજૂર કરવામાં આવેલી કે •(×××)

સભાપતિશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : જ્યાં પોઇન્ટ ૩ની મંજૂરી આપવામાં આવેલ હતી ત્યાં તરત એવા તો કેવા નિયમો બનાવ્યા કે ત્યાં આપે રાતોરાત ૫.૪ની મંજૂરી આપી છે આ ક્યા પ્રકારની વ્યવસ્થા કરો છો? બિલ્ડરો માટે રાતોરાત કાયદા બદલાઇ જાય. ચાર મહાનગરોમાં આ એફ.એસ.આઇ. મંજૂર કરી અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે એનો જવાબ તમારે આપવો પડશે. હું સમજી શકું છું કે, મંત્રીમંડળની ફાળવણી થઇ ત્યારે આપની નારાજગી હતી પણ હવે તો શહેરી વિકાસ હવે બીજે જતું રહ્યું છે અને એમાં જે એફ.એસ.આઇ.નો પ્રશ્ન છે એ હાથ ઉપર લઇ અને ફરીથી જે સ્પેશિયલ કેસમાં એફ.એસ.આઇ. મંજૂર કરવામાં આવી છે એ કેન્સલ કરો. કારણ કે, મારા જેવા વ્યક્તિને ૫.૪ મળે છે અને નીતિનભાઇ જેવા સામાન્ય માણસને પોઇન્ટ ૩ મળે છે. બે જે ખેતર છે. બે બ્લોકમાં ૨૫ માળની બિલ્ડીંગ અને બીજાને ત્રણ માળથી વધારે મંજૂરી નથી આપવામાં આવતી આ ક્યા પ્રકારની વ્યવસ્થા ઊભી કરીએ છીએ. એફ.એસ.આઇ. કેન્સલ કરાવો અને આપ પોતે મોનીટરીંગ કરો એવી અપેક્ષા રાખું છું. અહીંયા ગૃહમંત્રીશ્રી પણ બેઠા છે. બાબુભાઇ નીતિ-નિયમોની વાત તો એવી છે કે, નીતિ-નિયમો તો નેવે મૂકી દીધા છે. કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો છે. માનનીય ગૃહમંત્રીશ્રી બેઠા છે ત્યારે આપણે હાઉસની અંદર સ્વીકાર્યું છે કે, દારૂનો ખૂબ જ મોટા પ્રમાણમાં જથ્થો મળે છે. ગુજરાતના ખેડૂતોને પાણી નથી મળતું અને આપણે ત્યાં પાણી કરતાં દારૂ વધારે મળે છે. આ વાસ્તવિકતા છે અને એના માટે દારૂબંધીનો કડક અમલ થાય અને એના માટે આપના માધ્યમથી કોઇ કાર્યવાહી થાય અને આપ કડક થાવ એવી અપેક્ષા રાખું છું. કારણ કે, જો તમે રોજગારી નહિ આપો તો ગ્રેજ્યુએટ છોકરાઓ દારૂ વેચતા થશે અને દારૂ પીને એ મરતા થશે. એટલે દારૂબંધી કરો અને સાથે રોજગારી આપો એ વાત આપની વચ્ચે લઇને આવ્યો છું ત્યારે હું સ્પષ્ટપણે એવું માનું છું કે, આ બજેટ ગરીબ માણસ માટે નથી, ખેડૂત માટે નથી, ગુજરાતની સામાન્ય જનતા માટે નથી. આ બજેટ ઉદ્યોગપતિઓ અને અમીરો માટેનું બજેટ છે એટલે એને હું સમર્થન આપતો નથી.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે. સભાગૃહનો વિરામનો સમય થયો છે.

**(વિરામ બપોરના ૨:૩૦ થી ૩:૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રીઅરવિંદ શાં. રાણા (સુરત–પુર્વ): માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી વિધાનસભામાં સન્માનનીય સભાગૃહમાં પહેલી વખત રજૂઆત કરી રહ્યો છું તે બદલ ગર્વ અનુભવી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા ૨૦૧૮–૧૯ના વર્ષનું રૂપિયા ૧,૮૩,૬૮૬ કરોડનું બજેટ રજૂ કરેલ છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે મારા વિચારો રજૂ કરું છું. રાજયનો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને આ બજેટમાં રૂપિયા ૧૨૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે બદલ સરકારને અભિનંદન આપું છું. ગુજરાત રાજયની સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે રાજયની કુલ વસતિના ૪૨.૨૮ ટકા એટલે કે રાજયના ૬.૪ કરોડમાંથી ૨.૫૭ કરોડ લોકો શહેરમાં વસવાટ કરે છે. આપણા રાજયમાં સરકારની સર્વ સમાવેષક અને સર્વજન હિતાય અને સર્વજન સુખાયની નીતિ અને આયોજનથી દેશના અન્ય રાજયોમાંથી અને રાજયના ગામડાંમાંથી લોકો રોજી–રોટી માટે હજારો અને લાખોની સંખ્યામાં પોતાના પરિવાર સાથે શહેરોમાં સુખ, શાંતિ અને સલામતીથી રહે છે. રાજયના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૦૯માં સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી વિકાસ યોજના આપણી સરકારશ્રીએ અમલમાં મૂકી હતી, જેમાં વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૪ એટલે કે પાંચ વર્ષના પહેલા તબકકામાં રૂપિયા ૭૦૦૦ કરોડની જોગવાઇ, વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ના પાંચ વર્ષના બીજા તબકકામાં રૂપિયા ૧૫ હજાર કરોડની જોગવાઇ અને વર્ષ ૨૦૧૮–૧૯ એટલે કે આ ચાલુ બજેટ નાણાકીય વર્ષ માટે પણ રૂપિયા ૪૫૩૯ કરોડની જોગવાઇ સૂચવેલ છે. આ જે રકમ છે તેના દ્વારા શહેરોમાં આંતરમાળખાકીય સુવિધાઓ, શુદ્ધ પીવાના પાણીની યોજનાઓ, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થાઓ, ઘન કચરો વ્યવસ્થાપન, રસ્તાઓ, લાઇટો, પાણી, મલ્ટીપરપઝ બિલ્ડીંગો વગેરેની સુવિધાઓ ઉભી કરવા માટે આટલી બધી માતબર રકમની જોગવાઇઓ આ બજેટમાં સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને આપણા લોકપ્રિય વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત રાજયના તમામ શહેરી નગરોની અંદર સો ટકા વિસ્તારમાં શૌચાલયો ઉભા કરવાનું જે અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં મારે આનંદ સાથે કહેવું પડે છે કે, ગુજરાત રાજય એ ખાનગી અને જાહેર શૌચાલય ઉભા કરવામાં દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. શૌચાલયને ઇજ્જત ઘરનું નામ આપીને આ અભિયાનને વેગ આપવાનું કામ આપણા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સુરત શહેરમાંથી ચૂંટાઇને આવું છું. માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે સુરત શહેર માટે પણ આ બજેટમાં માતબર રકમની જોગવાઇ કરી છે. જેમાં સુરતના ફલાય ઓવર માટે રૂપિયા ૮૦ કરોડની જોગવાઇ, રેલવે ઓવરબ્રીઝ માટે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ, તાપી નદી ઉપર બ્રીઝ બનાવવા માટે રૂપિયા ૫૦ કરોડનીજોગવાઇ, ડાયમન્ડ ગ્રીન સીટી પ્રોજેક્ટ માટે રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ, સુરત એરપોર્ટને ઇન્ટરનેશનલ સેવા પૂરી પાડવા ઇમીગ્રેશનની કામગીરી માટે રૂપિયા ૧.૧૧ કરોડની જોગવાઇ અને સાથે સાથે સુરતમાં સાઇબર ક્રાઇમ માટે નવું પોલીસ સ્ટેશન ઉભુ કરવા માટેની પણ જોગવાઇ આ બજેટમાં સૂચવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારમાં ગીચતા અને ખૂબ મોટા પ્રમાણમાં વાહન વ્યવહાર ચાલતો હોવાથી નાના મોટા અકસ્માતો કે અન્ય તબીબી સેવાની રોજબરોજ જરૂરિયાત ઉભી થાય છે અને તેના માટે રાજય સરકાર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા લોકો માટે ખૂબ જરૂરી બની ગઇ છે. અમારી આ સરકારે આ બજેટની અંદર વધુ સો ૧૦૮ એમ્બ્યુલન્સ ખરીદવા માટે માતબર રકમની આ બજેટમાં જોગવાઇ કરી છે. સૌનો સાથ અને સૌનો વિકાસ આ મંત્રને ચરિતાર્થ કરીને છેલ્લા ૨૨– ૨૨ વરસથી રાજયની પ્રજાની સેવા ભારતીય જનતા પાર્ટી કરી રહી છે. અને ગુજરાતના વિકાસને દેશ અને દુનિયાએ સ્વીકાર્યો છે. પરંતુ આપણી સામે બેઠેલા કોંગ્રેસના મિત્રો આ વિકાસને જોઇ શકતા નથી, એમને વિકાસ દેખાતો નથી. જયાં કોંગ્રેસ સત્તા પર હોય ત્યાં વિકાસ શકય જ નથી, કારણ કે કોંગ્રેસના *(×××) છે.

અધ્યક્ષશ્રીઃ આ *(×××) શબ્દો કાઢી નાંખું છું.

શ્રી અરવિંદ શાં. રાણા: વિકાસ કોને કહેવાય તેના માટે સુરતને સમજવું પડે, હું સુરત મહાનગરમાંથી ચૂંટાઇને આવું છું. સુરત મહાનગરમાં ૧૯૮૭ થી ૨૦૦૫ સુધી હું કોર્પોરેટર હતો. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૭માં કોંગ્રેસનું શાસન મેં નજીકથી જોયું છે. તે વખતે આ મિત્રોને કહેવા માગું છું કે, ૧૯૮૭ ના એમના શાસનમાં સુરતની હાલત ખૂબ જ દયનીય હતી. ઠેર ઠેર ગંદકી, રસ્તા ઉપર મોટા મોટા ખાડા, પીવાના પાણીની સમસ્યા, ડ્રેનેઝના કોઇ ઠેકાણા નહીં, વરસાદી ગટરનું કોઇ નેટવર્ક નહીં, રાજયમાં કેટલાય મેલેરિયાના કેસો થતા હતા અને તેમાંથી ૫૦ ટકા કેસો માત્ર સુરત શહેરમાં થતા હતા. દેશ ભરના *(×××)

અધ્યક્ષશ્રી: *(×××) એ શબ્દો કાઢી નાંખું છું.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે આ સુરત શહેર એ દેશનું ગંદામાં ગંદુ શહેર હતું. ૧૯૯૪ માં પ્લેગ આવ્યો હતો. આખું શહેર ખાલી, કામદારો પણ જતા રહેલા આ બધાને બચાવવા રાજય સરકારે આઇ.એ.એસ. ઓફિસરોની નિમણૂંક કરી હતી, પરંતુ પોતાનો જીવ બચાવવા કોઇ અધિકારી કે કર્મચારીઓ સુરતમાં આવવા તૈયાર ન હતા.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તેવા સમયે ભારતીય જનતા પાર્ટીના અમારા નેતાઓ કાર્યકર્તાઓ અને સંઘ પરિવારના લોકોએ જીવના જોખમે શહેરની ગંદકી સાફ કરવાનું અભિયાન ચાલુ કર્યું અને પછી કર્મચારીઓ અને અધિકારીઓ જોડાયા અને ખૂબ મોટા પ્રમાણમાં આ કાર્ય થયું હતું.

૧૯૯૫ની સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં શહેરની પ્રજાએ આનો બદલો વાળ્યો અને મને કહેતાં આનંદ થાય છે કે, ૯૯માંથી ૯૮ સીટ ભારતીય જનતા પાર્ટીને પ્રાપ્ત થઇ અને એક સીટ અપક્ષને મળી, એક પણ સીટ કોંગ્રેસને સુરતની જનતાએ આપી ન હતી. કોંગ્રેસનું નામો નિશાન સુરતે મિટાવી દીધું હતું અને કોંગ્રેસ મુકત ત્યારે સુરત બન્યું હતું. અને આમ કોંગ્રેસ મુકત થતાંની સાથે જ સુરતની પ્રગતિ અને વિકાસ આ ભાજપના શાસનમાં તેના સુર્વણ કાળની શરૂઆત કરી હતી. ૧૯૯૭ માં એટલે ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીનું શાસન સુરત શહેરમાં આવતાંની સાથે જ સુરત શહેર દેશમાં સ્વચ્છતા માટે ચંદીગઢ પછી બીજા નંબરનું શહેર ઘોષિત કરવામાં આવ્યું હતું. ૧૯૯૮માં રેલ અને ૨૦૦૦ માં ધરતી કંપ...

અધ્યક્ષશ્રીઃ આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી અરૂણસિંહ રણા.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : હું આપના દ્વારા અંદાજપત્રની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાષ્ટ્રના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલ સૂત્ર સૌનો સાથ સૌનો વિકાસ એને ચરિતાર્થ કરતું ગુજરાતનું આ બજેટ ગરીબો માટે, આર્થિક અને સામાજીક વિકાસ લક્ષી, સહકારી પ્રવૃતિને વેગવંતી બનાવતું. આ સહકારી પ્રવૃતિ અને ખેડૂતોને દૂધ ઉત્પાદકોને સરકારી નિયમ પ્રમાણે અને સહકારી પ્રવૃતિને પ્રોત્સાહન આપવા ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ બજેટમાં પૂરતી જોગવાઇ કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રી તથા નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલાના દ્રષ્ટિકોણથી આ બજેટ બનાવવામાં આવ્યું છે ત્યારે હું એમને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ સાહેબને યાદ કરીને સહકારી પ્રવૃત્તિની વાત કરવા માગું છું. મને બરાબર ખબર છે કે સન ૨૦૦૦ની સાલમાં બેંકોની પ્રવૃત્તિ, સહકારી પ્રવૃત્તિ તૂટીને કડડભૂસ થઇ ગઇ હતી તેવા સંજોગોમાં આ દેશના વડાપ્રધાન તથા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઇ શાહ સાહેબે કોઇપણ પક્ષાપક્ષીથી દૂર રહીને નહિ ભાજપ કે નહિ કોંગ્રેસ એમ જોયા વગર સહકારી પ્રવૃત્તિને વેગ આપવાનું કામ કર્યું હતું. સન ૨૦૦૦ની સાલમાં માધુપુરા બેંક તથા બીજી અન્ય બેંકો તૂટી હતી ત્યારે આખા અર્થતંત્રને જાળવવાનું કામ કર્યું હતું. આજે ગુજરાતની સહકારી પ્રવૃત્તિને સમગ્ર દેશમાં એક નમૂનેદાર બનાવેલ છે.

અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ખેડૂતોને વિના વ્યાજે પાક ધિરાણની સવલત કરી આપી છે. એમાં ચાર ટકા વ્યાજ ગુજરાત સરકાર ભોગવે છે. આ રીતે ઝીરો ટકાના વ્યાજથી ધિરાણ આપવાનું કામ કર્યું હોય તો એ આ સરકારે કરેલ છે. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ખેડૂત અકસ્માત વીમા યોજનાને પહોંચી વળવા માટે ૧૧૦૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર છેલ્લા ૩૦ વર્ષથી કોંગ્રેસ સામી પાટલી ઉપરથી આ પાટલી ઉપર આવી શકતી નથી. આ દેશના વડાપ્રધાન અને દેશના પનોતા પુત્ર દેશ માટે ખૂબ મહેનત કરી રહ્યા છે તેવે વખતે વિરોધપક્ષ પક્ષ પાસે ફકત ચાર રાજયો બાકી રહ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે સહકારી મંડળીઓને...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનુ પ્રવચન પૂરું થાય છે. નેકસ્ટ, માનનીય પુનાભાઇ ગામીત..

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ઉપનેતા અને માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા કેટલાક સૂચનો અને વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

હું છેલ્લી ચાર ટર્મથી કેટલાક કામોની રજૂઆત આ હાઉસની અંદર કરતો આવ્યો છું. જયારે જયારે મેં રજૂઆતો કરી છે ત્યારે ત્યારે માનનીય નીતિનભાઇ સાહેબે થોડે ઘણે અંશે મારા કામો કરી આપ્યા છે એટલે થોડે ઘણે અંશે હું એમનો આભાર પણ માની લઉં છું.

આ રાજય સરકાર એમ ધારે છે કે ગુજરાતના એકે એક ખૂણાનો વિકાસ અમે કરી નાખ્યો છે પરંતુ ગઇ ટર્મમાં પણ આ જ ગૃહમાં માનનીય શંકરભાઇ ચૌધરી આરોગ્ય મંત્રી હતા ત્યારે મેં રજૂઆત કરી હતી અને એમણે આ સભાગૃહમાં ખાતરી પણ આપી હતી કે તાપી જિલ્લો નવો બનાવવામાં આવ્યો છે અને એના જિલ્લાનું મથક વ્યારા શહેર છે. એની બાજુમાં જ નેશનલ હાઇવે પસાર થાય છે અને બે રાજયોને જોડતો આ રસ્તો છે. ત્યાંની જે જનરલ હોસ્પિટલ છે એને સિવિલ હોસ્પિટલ કક્ષાનો દરજ્જો આપવામાં આવેલ છે. ઘણા વર્ષોથી હું રજૂઆત કરતો આવ્યો છું કે વ્યારા ખાતે તમે જનરલ હોસ્પિટલ બનાવી છે એમાં સિટી સ્કેન મશીનની ખાસ જરૂર છે. જે હાઇવે પર મોટા મોટા અકસ્માતો થાય છે. અમારા વિસ્તારમાં હાઇવે પર આવા અકસ્માતો થાય છે. વ્યારાથી સુરત ૬૫ કિલોમીટર દૂર છે. સુરતનું અંતર ઘટાડવા માટે તાપી જિલ્લો બનાવવામાં આવ્યો. એટલા માટે કે લોકોને સગવડતા મળે. દૂર ન પડે એટલા માટે તાપી જિલ્લો બનાવવામાં આવ્યો. તાપી જિલ્લામાં જનરલ હોસ્પિટલ બનાવવામાં આવી. ત્યાં સિટી સ્કેન મશીનની અત્યંત જરૂર છે. જો આ સગવડતા થાય તો અકસ્માત પછી હોસ્પિટલમાં વધુ સમય ન જતાં ટૂંકા ગાળામાં સમયસર સારવાર મળી રહે. આના માટે હંમેશા મારી રજૂઆત રહી છે. માનનીય નીતિનભાઇ પટેલ સાહેબને મારી ખાસ નમ્ર વિનંતી છે.

ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક રસ્તાઓની પણ હું વાત કરી લઉં. જે ડોલવણ અને વ્યારા એ બે તાલુકા બનાવવામાં આવ્યા. બે વચ્ચે જે નદીઓ છે એ નદીઓ પર પણ કેટલાક પુલો આજે બન્યા નથી. જેવી રીતે સીંદીયા, મેતપુર ઝાંખરી નદી પર અમારા કોંગ્રેસના રાજમાં જે કોઝવે બનાવેલ હતો એ કોઝવે તૂટી ગયા પછી ૨૨ વર્ષથી ભાજપની સરકાર ચાલી રહેલ છે, વારંવાર રજૂઆત કરી છે તેમ છતાં પણ ત્યાં પુલ બન્યો નથી. નીતિનભાઇ પટેલ સાહેબને મારી ખાસ નમ્ર વિનંતી છે કે આ નોંધજો. હું આપને કાગળ પણ લખીશ કે આ પુલ થવાથી બન્ને તાલુકાના લોકોની અવર–જવર કરવાની સમસ્યા છે તે દૂર થાય અને તેમને સગવડતા મળે એટલા માટે આપ આ મંજૂરી આપો તો ઘણું સારું. સાથે સાથે લખાલી ગામ છે. તેની આજુબાજુ વસતા ગામડાં છે તેના કોતરો છે ત્યાં પણ પુલિયા બનાવવા માટે મારી રજૂઆત છે કેમ કે લખાલી ગામમાં સરકારે પી.એચ.સી. સેન્ટર બનાવેલું છે અને ત્યાં સરકારી માધ્યમિક શાળા પણ બનાવવામાં આવેલી છે. ચોમાસામાં શાળાના બાળકો શાળાએ જતાં બંધ થઇ જાય છે. ચોમાસામાં બીજાં ગામમાંથી દર્દીઓ આવી શકતા નથી. એટલે વ્યારા તાલુકામાં લખાલી ગામે પણ પુલ થવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી વાત કરી લઉં. મારા સાથી ધારાસભ્ય મોહનભાઇ કોટીની વાત કરતા હતા. મારે એ કોટી ઉતારવી નથી. ચડાવેલી રાખજો. વ્યારાને જોડતા ગામો આવેલા છે. અંગતરી ગામથી બેડાવાઇપુરાનું ગામ છે. છેલ્લા કેટલાક વર્ષોથી હું રજૂઆત કરતો આવ્યો છું અને એમના કેટલાક કાર્યકર્તાઓએ મને રજૂઆત કરી છે કે આ જે ચાર કિલોમીટર રસ્તો છે એ થવો જરૂરી છે. એટલે માનનીય મોહનભાઇ, તમે પણ માનનીય નીતિનભાઇ પટેલ સાહેબને વિનંતી કરો. તમે તો સરકારમાં છો.

અધ્યક્ષશ્રી : આ કાર્યકર્તાઓ સારા કહેવાય. એમના કાર્યકર્તા તમને વિનંતી કરે. તમારા કાર્યકર્તા એમને વિનંતી કરે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : એમનાથી બોલી ન શકાયું. એટલે મારી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે રાજયના ખૂણે ખૂણાનો વિકાસ જો સરકાર ઇચ્છતી હોય, ગોકુળિયા ગામના સ્વપ્ન જોતા હોય ત્યારે આવા કેટલાક અમારા ગામો પણ છે. એ ગામોને પણ અમે સુખ અને સમૃદ્ધિની દિશામાં જતા જોવા માગીએ છીએ. એટલે મારી ખાસ નમ્ર વિનંતી છે કે રાજય સરકાર જે રીતે જે દિશામાં કામગીરી કરવા જઇ રહી છે તેનો અમારા રહી ગયેલા ગામડાં છે તેમને પણ સાચો ન્યાય મળે તે દિશામાં કામગીરી થાય એવું મારું ખાસ સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને એક વિનંતી કરવા માગું છું કે આશા વર્કર બહેનો જે ચોમાસામાં પણ કામ કરે છે. આંગણવાડીના કર્મચારીઓ, આશાવર્કર બહેનો છે તેમના પગારમાં સુધારા વધારા માટે આ બજેટમાં ખાસ જોગવાઇ કરવામાં આવે તેવી મારી ખાસ નમ્ર વિનંતી અને સૂચન છે. સાથે ઉકાઇ જળાશય છે એ અમારા તાલુકામાંથી પસાર થાય છે. જે રીતે સૌરાષ્ટ્રમાં પંપીંગ સ્ટેશનો બનાવીને નહેરમાંથી ખેડૂતોને પાણી આપવામાં આવે છે એ રીતે અમારા વ્યારા તાલુકાને પાણી આપવામાં આવે એવી વિનંતી છે.

શ્રીભરતભાઇ કી. પટેલ(વલસાડ): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાથે વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે એને હું આવકારું છું અને સમર્થન આપું છું. બજેટ ઉપરની ચર્ચામાં ગ્રામ ગૃહ નિર્માણ માટે સરકારે ૭૨૩૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. જેમના દિલ અને દિમાગમાં ગામડાંનો વિકાસ રહેતો હોય તેવા નાણામંત્રીશ્રી નીતિનભાઇનો ખૂબ ખૂબ આભાર માનું છું. ગ્રામ ગૃહ નિર્માણ માટે ઘણી બધી ચર્ચા આ ગૃહમાં કરવામાં આવી છે. સરકારે વિકાસના કાર્યો પણ કર્યા છે. પણ મારે આ વિભાગમાં ચર્ચા કરતા પહેલા હું મારા વિચાર રજૂ કરું તે પહેલા માનનીય અધ્યક્ષશ્રી આપની સમક્ષ થોડીક વ્યથા રજૂ કરવા માગું છું. મને ફાળવેલ સમય કરતાં થોડોક વધારે સમય આપશો એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : તમારો સમય ફિક્સ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૮ ફેબ્રુઆરી અને પહેલી માર્ચે એમ બે તારીખે મારે બે વિષય ઉપર મારા વિચારો રજૂ કરવાના હતા. પરંતુ મારા કોંગ્રેસના મિત્રો અને કોંગ્રેસના વિપક્ષના નેતાએ વિધાનસભાના નિયમોના નિયમ બાબતે એકને એક વાત કરીને ઘણો સમય લીધો અને પોતે એનું પાલન કર્યું નહીં અને એમના ધારાસભ્યોએ પણ એનું પાલન કર્યું નહીં અને આપની •(×××)

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનો *(×××)

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દો કાઢી નાખું છું. એના કરતાં તમે અંદાજપત્ર ઉપર બોલો.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જેવા ધારાસભ્યોના વિચારો રજૂ કરવાના હતા એ કરી શક્યા નહીં. તદ્ઉપરાંત અમારા જેવા ઘણા ધારાસભ્યોના વિસ્તારના પ્રશ્નો રજૂ કરી શક્યા નથી. એવું દુઃખ છે.

અધ્યક્ષશ્રી : અંદાજપત્ર ઉપર બોલો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ તો કાયદાના નિષ્ણાત છો, જજ સાહેબ સામે એકને એક વાત કરતા હોય તો એમને બેસાડી દેવામાં આવે છે. એ કામગીરી આપે કરી છે. હવેથી આપનું રક્ષણ અમે માગીએ છીએ. હું ધારાસભ્ય તરીકે આ બીજી ટર્મમાં આવું છું.

અધ્યક્ષશ્રી : આપ બીજીવાર આવો છોને એટલે મારી વિનંતી છે કે આપ કાગળો નીચે મૂકી દો અને એમને એમ બોલો.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ ગામના વિકાસ માટે કરોડો રૂપિયા આપ્યા છે અને વિકાસ ઉપર અમે ચૂંટણી જીત્યા છીએ. વિકાસનો નકશો પર્ટીક્યુલર વાત કરું છું કે એકેએક ધારાસભ્ય અગાઉની લીડ કરતાં વધુ લીડ સાથે જીતીને આવ્યા છે. મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે વેલમાં ધસી આવવું, બૂમાબૂમ કરવી આ બધુ *(×××)

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધું અમને પણ આવડે છે પણ અમારા ગૃહના નેતાની મર્યાદા છે. માનનીય અધ્યક્ષશ્રીની મર્યાદા રાખીએ છીએ જેથી કરીને આ બધુ કરતા નથી.

અધ્યક્ષશ્રી : આભાર.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ

અધ્યક્ષશ્રી : શ્રી બળદેવજી, તમારા ૯૯ પૂરા થઇ ગયા છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબે કહ્યું છે કે તમારે હજુ ૨૫ વર્ષ રાહ જોવી પડશે એટલે તમારા જે ૪૦ વર્ષના ધારાસભ્ય છે એ ૬૦થી ૬૫ વર્ષના થશે અને તો પણ તમને સત્તા મળશે નહીં. તમારા અનુગામીએ પણ સામે બેસવાનો વારો આવશે. હું વલસાડ તાલુકાના એક ગામડાંમાંથી આવું છું અને દસ વર્ષ સુધી સરપંચપદે રહ્યો છું અને તાલુકા પંચાયતના સભ્ય તરીકે પણ ફરજ બજાવી છે. આ સમય દરમિયાન કોંગ્રેસનું શાસન હતું અને ખેડૂતોની જે દયામણી દશા હતી. ન તો ખેતરમાં પાણી હતું, ન વીજળીના ઠેકાણા હતા, ખેડૂતો ખનકીમાંથી અને ખાડીમાંથી સૂપડાથી પાણી ખેંચીને ખેતરમાં પાતા હતા. મેં પણ આ કર્યું છે. એટલા માટે આ જે નાણામંત્રીશ્રી કૃષિ અને ખેડૂતો માટે ૬૭૫૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને આ ભારતીય જનતા પાર્ટીએ ખેડૂતોને પગભર કર્યા છે તે માટે સરકારનો આભાર માનવો જોઇએ. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં દરેક ક્ષેત્રમાં બજેટની ફાળવણી કરી છે અને આ બજેટને સમર્થન આપું છું. આભાર.

શ્રી જીતેન્દ્ર ર. સુખડીઆ(સયાજીગંજ): માનનીય અધ્યક્ષ મહોદય, સન્માનનીય નાણા મંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૮-૧૯ માટે કુલ ૧,૮૩,૬૬૬ કરોડનું અંદાજપત્ર રજૂ કરેલ છે. સૌનો સાથ સૌનો વિકાસ એ મંત્રને ખ્યાલમાં રાખીને સરકારના તમામ વિભાગોમાં ખર્ચ માટેની સમતોલ ફાળવણી કરવામાં આવી છે તેથી આ બજેટ એક શ્રેષ્ઠ બજેટ બની રહેલ છે. હું શિક્ષણ વિભાગની કેટલીક બાબતો ઉપર બોલવા માગુ છું. શિક્ષણ વિભાગ હેઠળ કુલ ૧,૮૩,૬૬૬ કરોડના કુલ અંદાજપત્રમાંથી શિક્ષણ વિભાગ માટે ૨૭,૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એ કુલ બજેટની રકમના લગભગ ૧૫ ટકા જેટલી થવા જાય છે એટલે શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની ભા.જ.પ. સરકારે શિક્ષણને શું મહત્વ આપ્યું છે એ આના ઉપરથી તમને ખ્યાલ આવશે. સમગ્ર સમાજને ખ્યાલ આવશે. પ્રવેશ ઉત્સવ, ગુણોત્સવ, રાઇટ ટુ એજયુકેશન કાયદાનો કડક અમલ, પાઠયપુસ્તકો અને સાધનોની સહાય, વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ, વિદ્યાલક્ષ્મી બોન્ડ, મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના વગેરે યોજનાથી શિક્ષણ વ્યાપક અને ગુણવત્તાયુકત બન્યું છે. સૌ કોઇ એનો સ્વીકાર કરશે કે રાજયમાં શિક્ષણ વ્યવસ્થામાં આમચુર પરિવર્તન આવી રહ્યું છે અને હજી ભવિષ્યમાં આવશે. ગૃહને હું આપના માધ્યમથી એ જણાવવા માગુ છું કે, મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો, ગણવેશ, સ્ટેશનરી, ટયુશન ફી, ભોજનાલય અને છાત્રાલય વગેરેની તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે અને આ હેઠળ કુલ ૯૦૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ રકમ પણ કોઇ નાની સુની રકમ નથી એટલે ઝીણવટથી આનો વિચાર કરીને તમામ બજેટની ફાળવણીની રકમોનું એટલું વ્યાજબી રીતે એમણે આયોજન કર્યુ છે એ આના ઉપરથી દેખાઇ આવે છે. આ ૯૦૭ કરોડની રકમ છે એના અંતર્ગત ૧૪૦ લાખ વિદ્યાર્થીઓને લાભ થશે. આ સીધી એની નિશાની છે. એક ખુબ મહત્વની બાબત આપણા રાજયમાં થઇ રહી છે. શિક્ષણ એ ગુણવત્તાસભર થઇ રહે તે માટે આધુનિક પદ્ધતિથી તમામ શિક્ષણ વ્યવસ્થાનો વ્યાપ વધે તે રીતે સઘળા પ્રયત્નો આપણું શિક્ષણ વિભાગ કરી રહ્યું છે. સરકારે પણ એટલા માટે શિક્ષણ માટે સારી એવી રકમ ફાળવી છે. રાજયમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તામાં સુધારો, બાળકોનો સર્વાંગી વિકાસ અને શિક્ષકોની સજ્જતામાં વધારો કરવા માટેના અનેક પ્રયાસો જી.સી.ઇ.આર.ટી. દ્વારા કરવામાં આવ્યા છે. જી.સી.ઇ.આર.ટી. એ પ્રાથમિક સંશોધન અને તાલીમ માટેની એક મહત્વની સંસ્થા છે એ સૌ કોઇ સભ્યો જાણે છે. જી.સી.ઇ.આર.ટી.નું વીઝન વિદ્યાર્થીઓ જ્ઞાનના સર્જક બને અને તે માટે શિક્ષકોને સમર્થ બનાવવા એ એનું વિઝન રહ્યું છે એટલે તમામ આધુનિક પદ્ધતિનું આયોજન કરીને આપણા શિક્ષકો પણ શ્રેષ્ઠ બને અને શ્રેષ્ઠ શિક્ષકોના માધ્યમથી શ્રેષ્ઠ વિદ્યાર્થી બને અને સાચું જ્ઞાન મેળવે, સારું જ્ઞાન મેળવે, હોશિયારી કેળવે અને ઉત્તરોત્તર એ પોતાના જીવનમાં આગળ વધે એ એનો હેતુ છે.

## ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૧૮-૧૯નું બજેટ રૂપિયા ૧ લાખ ૮૩ હજાર ૬૬૬ કરોડનું લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રો કાયમ છેલ્લા ૧૫ વર્ષથી બોલતા આવ્યા છે. એમને સાંભળું છું કે સરદાર સરોવર અમે કર્યું. મારે એમનું ધ્યાન દોરવું છે કે અમે પણ છેલ્લા ૧૫ વર્ષથી સાંભળીએ છીએ કે મેટ્રો ટ્રેન ગાંધીનગરથી અમદાવાદ થવાની છે અને અમે રાહ જોઇએ છીએ કે ક્યારે અમને એમાં બેસવાનો મોકો મળે. અમને ઇંતજાર છે કે અમે મેટ્રોમાં જઇશું. છેલ્લા ૧૫ વર્ષથી સાંભળીએ છીએ એટલે યાદ દેવડાવવું પડે. (અંતરાય) અત્યારે ૨૦૧૭ની ચૂંટણીમાં ભારત દેશના વડાપ્રધાન સી-પ્લેનમાં ઉતર્યા હતા એટલે કદાચ આપણને પણ સી-પ્લેનમાં ફેરવશે એવો અમારો અંદાજ છે. વાસ્તવિકતા એ છે કે કોઇપણ કાર્ય કરવા માટે સમય લાગે છે. માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, વર્ષો પહેલાથી શરૂ કરીને વર્ષોથી આદિવાસીઓ માટે પેકેજો જાહેર કર્યા. ૧૫ હજાર કરોડ, ૩૦ હજાર કરોડ અને છેલ્લે ૪૪ હજાર કરોડનું પેકેજ જાહેર કર્યું. પણ વાસ્તવમાં જો એ આદિવાસીઓના ઘર ઘર સુધી મળ્યું હોત તો સોનાની નગરીઓ બન્યા હોત. વાસ્તવિકતા એ છે કે ઉંડાણના અને જંગલના વિસ્તારોમાં રહે છે એની પરિસ્થિતિ તો એની એ જ છે. ખરેખર સારી યોજના છે પણ છેલ્લા માણસને એનો લાભ મળવો જોઇએ. ત્યારના આદરણીય મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાને ટ્રાયબલની મિટિંગમાં એમ કહ્યું હતું કે આદિવાસીઓના ઘરે ઘરે નળ પહોંચી ગયા છે. કોઇને નથી મળ્યાં એવું નથી કહેતો પણ હજુ પણ વાસ્તવિકતા છે કે ગામડાંના છેવાડાના માણસને પાણીની સુવિધા નથી મળી. આખરે મોટી મોટી જળાશય યોજનાઓ બને છે એ આદિવાસી અને પહાડી વિસ્તારમાં બને છે. ત્યાંના લોકો વિસ્થાપિત થાય છે. ગામડાંના લોકો, જંગલના લોકો વિસ્થાપિત થાય, ઘર-બાર છોડીને જતા રહે પણ એ જળાશયનો લાભ બાકીના વિસ્તારના લોકોને મળે છે ત્યારે બીજું કાંઇ નહીં પણ એમને પીવાના પાણીની વ્યવસ્થા તો થવી જ જોઇએ. અસ્ટોલ યોજનાનો દાખલો આપવા માગું છું. નાણામંત્રીશ્રીએ ગયા વખતે બજેટમાં જાહેર કર્યું એને એક વર્ષ થઇ ગયું. આજની તારીખે આ યોજના ચાલુ થઇ નથી. આદિવાસીઓ માટે જાહેરાત થાય પણ એમને કામ કરવામાં રસ લાગતો નથી. આજે ગણપતસિંહભાઇ હાજર નથી, વલસાડ જિલ્લાના મંત્રી છે એ વિશેષ ધ્યાને લઇને ગયા વર્ષે જાહેર કરી પણ કામ થયું નથી. આગળ વધીને કહું તો નાણામંત્રીશ્રી અને માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી પહેલા કેન્દ્ર સરકારની પી.એમ.જી.એસ.વાય. યોજના ચાલતી હતી. ગામડાંમાં નોન પ્લાનના રસ્તાની યોજના ચાલતી હતી એ ૨૦૧૪થી બંધ થઇ ગઇ છે. હવે એમ.એમ.જે.એસ.વાય (અંતરાય) અમને જોવા મળી નથી. આ યોજનાની જાહેરાત થઇ, દરેક ધારાસભ્યને ૧૦ કરોડ રૂપિયા આપવામાં આવે છે એવી જાહેરાત પણ કરવામાં આવે છે. પણ દરખાસ્ત કરવામાં આવે ત્યારે વ્હાલા-દવલાની નીતિ મુજબ કોંગ્રેસ-ભાજપ જોઇને રસ્તાની મંજૂરી આપવામાં આવે છે. આ બાબત ખૂબ ગંભીર છે. અમે પણ પ્રજાના પ્રતિનિધિ તરીકે અપેક્ષા રાખીએ ત્યારે ભાજપ-કોંગ્રેસ ન કરવું જોઇએ. આપ તમારા આગેવાનને પણ કામ આપો એની ના નથી. અમે ધારાસભ્ય તરીકે દરખાસ્ત આપીએ છીએ એ પણ મંજૂર થવી જોઇએ અને એ બાબતને પણ ધ્યાનમાં લેવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વલસાડ જિલ્લાની અંદર સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ પણ આવેલ છે. હેલ્થની વાત કરીએ તો જ્યારે સામાન્યમાં સામાન્ય માણસ ગામડાંમાં ડૉક્ટરો રહેતા નથી કે મળતા નથી. જ્યાં તાલુકા મથકે સ્ટેટ હોસ્પિટલ હોય છે ત્યાં જ એને સુવિધા મળે છે પણ ગામડાંના છેલ્લા માણસને કોઇ મોટી બિમારી થાય તો એને સિવિલ હોસ્પિટલ સુધી આવવું પડે છે પણ વલસાડ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં અને મેડિકલ કોલેજ હોવા છતાં એમ.આર.આઇ. જેવી સુવિધા આજે પણ નથી. સિટીસ્કેન છે પણ ચાલતું નથી. અત્યારે કોઇએ એલ.એ.ક્યુ. માં પૂછ્યું ત્યારે શરૂઆત કરી છે એવું જાણવા મળ્યું છે. ખરેખર ગામડાંના લોકોને સુવિધા મળે. કારણ કે, મોટા માણસ તો ગમે ત્યાં જઇને સારવાર કરી આવશે, પૈસાદાર માણસ પ્રાઇવેટ હોસ્પિટલમાં જાય કે ગમે ત્યાં સુવિધા લેશે પણ ખરેખર જે ગરીબ માણસ છે એ ગરીબ માણસને જે સુવિધા મળવી જોઇએ. આજે વલસાડ સિવિલ હોસ્પિટલની અંદર એ સુવિધા મળતી નથી. એનાથી આગળ વધીને (અંતરાય) જેઠાભાઇ, સાંભળો. કંઇ વધારે બોલઇ જશે તો પછી તમારાથી સહન નહિ થશે. માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી વિશેષ હાઉસની અંદર કહેવાનું કે ધારાસભ્યને જે સુવિધા મળે છે, જેને હોસ્પિટલની સુવિધા મળે છે એમાં સરકારે હોસ્પિટલ નક્કી કરેલી છે એમાંથી જ એને સુવિધા મળી શકે. માની લો કે, કપરાડા કે ઉંમરગામના ધારાસભ્યને કાંઇ થયું તો જ્યાં સરકારી હોસ્પિટલ જ્યાં નક્કી કરેલ હોય ત્યાં સુધી એને લઇ જવો પડે ત્યાં સુધીમાં તો એ •(×××) એટલે વાસ્તવિકતા છે. મને એનો અનુભવ થયેલો છે. અમે જે ટ્રીટમેન્ટ લીધી છે માની લો કે વલસાડની હોસ્પિટલમાં કે જે નક્કી કરેલ હોય (અંતરાય)

અધ્યક્ષશ્રી : હા, હું કહું છું. એ શબ્દ કાઢી નાખીશ પણ એમનું પ્રવચન ચાલવા દો. બહુ જ શાંતિથી કહી રહ્યાં છે. પ્લીઝ, ગો અહેડ.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : જે વાસ્તવિકતા છે કે સરકારે જે હોસ્પિટલ નક્કી કરેલ છે માની લો કે, સુરત હોય કે વલસાડ હોય, વલસાડની હોસ્પિટલમાં સુવિધા આપણે લીધેલી હોય એને રિએમ્બર્સ કે જે એની સુવિધા હોય એ કારણ કે, દરેક ધારાસભ્ય સિટીમાં નથી રહેતા, ઘણા ધારાસભ્ય ગામડાંમાં રહે છે તો એને એની સુવિધા પણ મળવી જોઇએ એટલે માનનીય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. એ જ પ્રમાણે હાલની જે પરિસ્થિતિ છે કે વલસાડ અને ધરમપુરની સ્ટેટ હોસ્પિટલ છે એ સ્ટેટ હોસ્પિટલમાં આદરણીય મંત્રી આવીને ઉદઘાટન કરી ગયા.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. પરંતુ એક આદર્શ ધારાસભ્ય તરીકે માનનીય જીતુભાઇ ચૌધરી હું તમારી નોંધ લઉં છું કે તમે ક્યારેય કોઇની વચ્ચે બોલતા નથી. થેંક યુ. માનનીય અર્જનસિંહ ચૌહાણ. (અંતરાય) જેઠાભાઇ આપની નોંધ લઉં છું પછી.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નીતિનભાઇ સાહેબે, જે બજેટ રજૂ કર્યું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ અને માનનીય બળદેવભાઇ બેઉંની નોંધ એક સાથે લેવાની છે. (અંતરાય) બે સેકંડ મેં લીધી છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : રમત ગમત સાંસ્કૃત્તિક બાબતો માટે મારા વિચારો રજૂ કરું છું. માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું જેમણે 'સર્વ જન હિતાય સર્વ જન સુખાય'ની પરિકલ્પના સાથેનું સાકાર કરતું આ બજેટ આપ્યું છે. આ સાથે એક પંક્તિને પણ કંડારવાનું મન થાય છે.

''લીયે પ્રખર સંકલ્પ હૃદય મેં, આગે બઢતે જાયેગે
હિન્દુ રાષ્ટ્ર કા ગૌરવ, વૈભવ ધરતી મેં પ્રગટાયેગે''

પ્રબળ રાજકીય ઇચ્છા શક્તિ ધરાવતી આ સરકાર આ માનસિકતા સાથે કામ કરી રહી છે. આ બજેટમાં રમત ગમત અને સાંસ્કૃત્તિક બાબતોની પણ વિશેષ ચિંતા કરી છે. ભારત એ ૬૫% યુવાઓનો દેશ છે એમાં પણ ગુજરાતના યુવાનોની વિશેષ ચિંતા આ બજેટમાં કરી છે અને વિશેષ આપણા દિવ્યાંગ ભાઇઓ-બહેનોની પણ બજેટમાં ચિંતા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, વિદ્વવાનોએ, નિષ્ણાંતો એ જે વાત કરી છે કે, 'તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન વસે છે.' અને તંદુરસ્ત મન જ વિકાસની વાત કરી શકે. આ સાથે બીજી એક પંક્તિને મૂકવાની ઇચ્છા થઇ ખેલે ખેલ કરે હમ સમતા મિટે વિશ્વમેં વ્યાપ્ત વિષમતા. આજે પૂર્વોત્તરમાં પણ એ વિષમતા દૂર થતી જોવા મળે છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને સમર્પિત આ સરકાર છે. એના વિચારોને વરેલી આ સરકાર છે. હમણા જ ચાર દિવસ પહેલા વસંતોત્સવમાં જવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયું. આદરણીય ગણપતભાઇ વસાવાની વિશેષ ઉપસ્થિતિમાં ભરતભાઇ, રાઘવજીભાઇ પણ આ વસંતોત્સવમાં ઉપસ્થિત હતા. આદરણીય, સન્માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે જે ચીલો ચાતર્યો અને જુદા જુદા જે ઉત્સવોની વાત કરી. આ ઉત્સવમાં વસંતોત્સવમાં પણ કાશ્મીરથી કન્યા કુમારી સુધીના કલાકારોને પ્લેટફોર્મ મળ્યું છે. એ કાર્યક્રમની ભવ્યતા, દિવ્યતા જોવાનો લાભ આપ પણ માણી શકો કારણકે ૧૦મી તારીખ સુધી આ કાર્યક્રમ ચાલુ રહેવાનો છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધીના જે કલાકારો છે એમને પણ આ વિશેષમાં વિશેષ પ્લેટફોર્મ મળ્યું છે.

અધ્યક્ષશ્રી : વસંતોત્સવની વાત નીકળી છે તો એના વાયરા ખાવા બધાને ત્યાં જાહેર નિમંત્રણ છે. સરકાર તરફથી પણ આમંત્રણ છે અને ખૂબ સુંદર કાર્યક્રમ થતો હોય છે ત્યાં. પ્લીઝ, આપનું ચાલુ રાખો.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : વસંતોત્સવની વાત છે. જુદીજુદી સંસ્કૃતિ બાબત અંતર્ગત જે ઉત્સવો છે, રણોત્સવ તો ગુજરાતની સરકારે રણને પણ વિશ્વમાં ખ્યાતિ અપાવી છે. જે ગરબા શેરી સુધી સિમિત હતા આજે સરકારે ગરબાને ખ્યાતિ અપાવી આખા વિશ્વને હિલોળે ચડાવ્યું છે. સુશાસન થકી સુરાજના અભિગમ સાથે આ સરકાર કામ કરી રહી છે.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા(ગોંડલ): માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં મને પ્રથમ વખત મારી વાત રજૂ કરવાની તક આપવા બદલ સન્માનનીય ગૃહનો હું આભાર માનું છું. સૌનો સાથ સૌનો વિકાસની પરિકલ્પનાને સાકાર કરતું બજેટ રજૂ કરવા બદલ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો પણ હું આભાર માનું છું. મહિલા વિકાસની વાત કરું તો હું જે ગોંડલ વિધાનસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહી છું એ વિસ્તારમાં મહારાજા સાહેબ ભગવતસિંહજીના શાસનમાં પણ મહિલા શિક્ષણ માટે વિશેષ ભાર મુકાયો હતો અને વર્ષો પહેલા ગોંડલના વિદ્યાર્થીઓ માટે અનન્ય વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસ કરવા સારુ બેઠક રીઝર્વ કરી હતી જે બાબત સૌ સભ્યશ્રીઓ પરિચિત છે. આજે મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વાત કરી રહી છું તો વાત રજૂ કરતા પહેલા ગૃહના સૌ સભ્યશ્રીઓને જણાવતા આનંદ થાય છે કે ૪ માર્ચથી ૧૧ માર્ચ સુધી ચાલતુ સપ્તાહ આંતરરાષ્ટ્રીય મહિલા સપ્તાહ તરીકે ઉજવાઇ રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય મહિલા સપ્તાહની સૌને હું શુભકામના પાઠવું છું. સમાજમાં દરેક જગ્યાએ મહિલાઓનું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે માટે સરકાર નકકર કામ કરી રહી છે. રાજય સરકારે બેટી બચાવો, કન્યા કેળવણી, વિધવા સહાય, વિધવા તાલીમ, વિવિધલક્ષી મહિલા કલ્યાણકેન્દ્રો, સરકારી ભરતીમાં ૩૩ ટકા અનામત, સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ૫૦ ટકા અનામત, વિનામૂલ્યે શિક્ષણ, અભયમ ૧૮૧ હેલ્પલાઇન વગેરે આયોજનો થકી મહિલા સશક્તિકરણની દિશામાં નકકર આયોજન કરેલું છે. ગુજરાતમાં પણ મહિલાઓના વિકાસને હંમેશા વિશેષ પ્રાધાન્ય આપવામાં આવેલું છે. તેના માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ કાર્યરત છે. વિભાગ દ્વારા મહિલા અને બાળકોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓનું સફળ અમલીકરણ કરી સૌનો સાથ સૌનો વિકાસની ભાવનાને ચરિતાર્થ કરી છે. મહિલા વિકાસના અનેકવિધ કાર્યોના અમલીકરણમાં ગુજરાત હંમેશા કાર્યરત રહ્યું છે. રાજયમાં માતા અને બાળ આરોગ્ય કાર્યક્રમના અસરકારક અને ગુણવત્તાસભર અમલીકરણને કારણે સંસ્થાકીય

પ્રસુતિનું પ્રમાણ ૯૮.૫ ટકા સુધી પહોંચ્યું છે જેથી માતા તથા બાળ મૃત્યુના દરમાં સતત ઘટાડો થયો છે. મહિલાઓ માટે કુલ ૩૩ રોજગાર મેળાઓ મારફત ૩૦૦૦૦ થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, •(×××)

અધ્યક્ષશ્રી : આ વક્રોક્તિ કરવાની પરવાનગી નથી. સભ્યએ ધ્યાન દેવું જોઇએ. કોઇ પણ સભ્યને નથી. આપના આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આટલું સરસ બોલ્યો.

અધ્યક્ષશ્રી : પાછું સરસ બોલ્યા. મેં જે નિર્ણય લીધો એમાં કોઇ અપીલ નથી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા :આ બજેટમાં ઘણી બધી વાતો થઇ છે, પરંતુ જે પાયાનું શિક્ષણ છે એ પાયાના શિક્ષણમાં જે ખામીઓ છે, તૃટિઓ છે એના ઉપર ધ્યાન આપવામાં આવ્યું નથી. પ્રાથમિક શિક્ષણની વાત કરું. મહેશભાઇ નથી, પણ પ્રાથમિક શિક્ષણ એટલે ૧ થી ૯ ધોરણ સુધીનું એમાં જે વિદ્યાર્થી પાસ થઇને ૯ માં ધોરણમાં જાય છે તેમને લખતા વાંચતા આવડતું નથી, એની પાછળનું કારણ એ છે કે સરકારે એ જોવા માટે મને એવું લાગે છે કે કોઇ ઠેકાણે તસ્દી લીધી નથી કે કેમ પ્રાથમિક શિક્ષણ એટલું બધું ખાડે ગયું છે? એનું એક જ કારણ મને લાગે છે, સરકારને લાગે કે ન લાગે, પણ મને લાગે છે કે શિક્ષકોને ભણાવવાની જગ્યાએ સરકારના જુદા જુદા કાર્યક્રમોમાં કામે લગાડવામાં આવે છે. એટલે શિક્ષણ પાછળ ધ્યાન અપાતું નથી. બાકી આપ જાણો છો કે પ્રાચીન કાળમાં શિક્ષણ ઝાડ નીચે અપાતું હતું. મારા આદિજાતિ મંત્રી ગણપતભાઇ સાહેબ કાલે વાત કરતા હતા કે અમે ઝાડ નીચે ભણતા હતા. મારે એ કહેવું છે કે ઝાડ નીચે જે જે ભણ્યા છે, એ મિનિસ્ટર તો બન્યા છે. હું પ્રાચીન કાળની વાત કરું તો ભગવાન રામ પણ ઝાડ નીચે ભણ્યા, વિષ્ણુ ભગવાન પણ ઝાડ નીચે ભણ્યા, એકલવ્યએ પણ ઝાડ નીચે જ્ઞાન લીધું. ઝાડ નીચે જે જ્ઞાન આવે છે તે બીજે નથી આવતું. મારે બીજી વાત માધ્યમિક શિક્ષણ અંગે કરવી છે. માધ્યમિક શિક્ષણ સરકારે લગભગ પોતાની જવાબદારીમાંથી છટકીને ખાનગી એન.જી.ઓ. ને આપ્યું છે. પરિણામે આજે શું પરિસ્થિતિ છે? સંચાલકોને તમે જે ગ્રાન્ટ આપો છો એ તમે પરિણામ આધારિત આપો છો. એમાં શિક્ષકોનું મહેકમ હોય છે, એ તમે આપતા નથી અને દંડ સંચાલકોને વેઠવો પડે છે. આમાંથી બહાર આવવું પડે. ઉચ્ચત્તર શિક્ષણની વાત કરું, કોલેજોની વાત કરું તો શિક્ષણમંત્રી અત્યારે નથી, પણ મારા નર્મદામાં રાજપીપળામાં એક એન્જિનિયરિંગ કોલેજ આવેલ છે. મને સરકારે મારા તારાંકિત પ્રશ્નમાં જવાબ આપ્યો છે કે એવું કોઇ બાંધકામ થતું નથી. મારી માહિતી પ્રમાણે મારે ત્યાં એન્જિનિયરિંગ કોલેજ છે. આજે ભરુચમાં કેવી રીતે ચાલે છે. શિક્ષણ મંત્રી આનો જવાબ આપે. વિકાસની ખૂબ વાતો થઇ. ડેડિયાપાડાના ઉંડાણના વિસ્તારમાં જાવ તો ત્યાં કેવી પરિસ્થિતિ હતી. મારે આ ગૃહને જણાવવું છે. ભારત સરકારની દત્તક ગામ લેવાની યોજના, આદર્શ ગામ બનાવવાની યોજના, મારે કહેવું પડશે કે વાંદરી, કણજી, ડૂમખલ આ જે ગામો હતા તો ત્યાં કોઇ માંદુ પડે તો ઝોળી લઇને એને દવાખાને લઇ જવા પડતા હતા. રસ્તા ના મળે, પાણી ના મળે, નાળા ના મળે, ત્યારે મારે આજે અભિનંદન આપવા છે અમારા ગુજરાતના પનોતા પુત્ર રાજ્યસભાના સાંસદ સભ્ય આદરણીય શ્રી અહેમદ પટેલ સાહેબને. તેમને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછાં છે. રસ્તા બનાવ્યા, નાળા બનાવ્યા, લાઇટ આપી, ચેકડેમ આપ્યા, શિક્ષણ માટે ઓરડા બનાવ્યા, જે સરકાર ના કરી શકે તે કામો તેમણે કર્યા. જ્યારે કામ ચાલતું હતું ત્યારે સરકારે એમાં થોડાંક અંતરાયો પણ ઉભાં કર્યા કે જે રસ્તો બનતો હતો ડામરનો કે જે તમે નહિ બનાવી શક્યા, તમને બાવીસ વરસમાં એ ગામો યાદ નહિ આવ્યા, આ સંસદસભ્ય અહેમદ પટેલ સાહેબને તેના માટે હું લાખ લાખ સલામ કરું છું.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કયા રોડ બનાવ્યા એમણે?

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : બનાવ્યા છે, જોવા આવજો તમે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પી.ડી. વસાવાજીને વિનંતી છે કે, અહેમદભાઇ પટેલ સંસદસભ્ય હતા એમને પાંચ કરોડ રૂપિયાની ગ્રાન્ટ વરસે મળે, આખા વિસ્તારમાં એ રકમ ફાળવતા હોય, એમાં એમનો અધિકાર છે એમાં અમને કોઇ પ્રશ્ન નથી, પણ રસ્તો બનાવવો હોય તો પચાસ લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયાનો એક રસ્તો થઇ શકે છે. તમે શાળાના ઓરડા પણ કીધા, આની યાદી આપશો તો મને આનંદ થશે. જેથી ગૃહના અને સરકારના ધ્યાન પર આવે કે તમે જેના વખાણ કરો છો એમણે આ કામો કરેલા છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા :માનનીય નીતિનભાઇ સાહેબ આપ જાતે જોવા આવી શકો છો, મને વાંધો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મને યાદી આપો તો હું જોવા જઉંને?

અધ્યક્ષશ્રી :માનનીય વસાવાજી,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ મારે એમના હિત માટે જોવું છે, અમારી સરકારે આ કેમ ના કર્યા એ પણ મારે જાણવું છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી :માનનીય વસાવાજી, પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે અને આ યાદી તમે આપજો, અમે એ યાદીને રેકર્ડમાં લઇશું.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા ડેમની વાત કરું. સરદાર સરોવર ડેમ મારા વિસ્તારમાં આવેલો છે. ત્યાં આજે પાણીની સ્થિતિ લગભગ ૧૦૮ મીટરની છે. દર ચાર દિવસે એક મીટર પાણી ઘટી જાય છે. માનનીય નાણાં મંત્રીશ્રી મારે આપને એ કહેવું છે કે, આ પાણી જાય છે ક્યાં? બાષ્પીભવન નથી થતું આ પાણી, મોટા મોટા ઉદ્યોગપતિને તમે પાણી આપો છોને એનાથી આ પાણી ઘટી જાય છે એક એક મીટર, એની વાત નથી કરતાં. ત્યાં ખેડૂત પાણી માટે ભૂખ હડતાલ ઉપર ઉતરે. કાલાવાલાં કરે પણ ખેડૂતો માટે પાણી આપવામાં આવતું નથી. આ પરિસ્થિતિ, આ નીતિ તમારી છે. આપની પાસે તો નર્મદા નિગમ પણ છે. આપ જરા જઇ આવજો કે ત્યાં અસરગ્રસ્તોની સ્થિતિ કેવી છે?

અધ્યક્ષશ્રી :માનનીય વસાવાજી આપનો સમય પૂરો થાય છે, આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે ગરીબો માટે ગતિશીલ અને વિકાસશીલ બજેટ રજૂ કરીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટે ખૂબજ ચિંતા કરી છે તે માટે હું માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીજીનો અને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલનો બક્ષીપંચની જ્ઞાતિ વતી આભાર વ્યક્ત કરું છું અને આ અંદાજપત્રને મારું સમર્થન આપું છું.

૧૧૯૦ના વર્ષમાં ઓ.બી.સી.ના કલ્યાણ માટે રૂપિયા ૧૮.૫૪ કરોડ રૂપિયાનું બજેટ હતું, જ્યારે આજે ૨૦૧૮માં ૧૨૦૦ કરોડ રૂપિયાનું બજેટ ભારતીય જનતા પાર્ટીની વિકાસની વરેલી સરકારે ફાળવેલું છે. આ સમાજના સામાજિક ઉત્કર્ષ, શૈક્ષણિક વિકાસ તેમજ આવાસ અને આરોગ્યલક્ષી યોજનાઓનો અસરકારક અમલ કરીને રાજ્યમાં અંદાજે પચાસ ટકા જેટલી વસતિ ધરાવતી વિવિધ ૧૪૬ જેટલી જ્ઞાતિઓ માટે શ્રેણીબદ્ધ આયોજન કરેલ છે. કોઇપણ સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ એ તેનો પાયો છે. આ પાયો વધારેમાં વધારે મજબૂત થાય તે માટે આ સરકારે ઓ.બી.સી. સમાજ માટે અસરકારક પગલાં ભર્યા છે. આ સરકાર અભ્યાસ માટે પેન, પુસ્તક, ગણવેશ, બપોરે મધ્યાહ્ન ભોજન, ટેબલેટ, સ્કોલરશીપ, સારામાં સારી શારીરિક તપાસ અને વિનામૂલ્યે સારવાર, છાત્રાલયમાં રહેવાની અને જમવાની વિનામૂલ્યે સગવડો પૂરી પાડીને આ સમાજને આગળ લઇ જવા માટે કટિબદ્ધ છે. ગુજકેટ અને નીટ જેવી મહત્વની પરીક્ષાની તૈયારી માટે કોચીંગ ખર્ચ આપવા માટે ચાલુ વર્ષના બજેટમાં જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીસાહેબે ગાંધીનગરના ટાઉન હોલમાં ઠાકોર અને કોળી વિકાસ નિગમના ચેક વિતરણ સમારંભમાં હાજરી આપીને આ સમાજને બિરદાવીને અંદાજે ૯૦૦થી વધુ લાભાર્થીઓને રૂપિયા ૬૦૦ કરોડ જેટલી રકમનું ધિરાણ કરવામાં આવ્યુ છે જેનો લાભ પણ મારા જિલ્લાના લાભાર્થીઓને મળ્યો છે. આ બજેટમાં પણ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમો માટે ૫ હજાર જેટલા લાભાર્થીઓને સ્વરોજગાર અને નાના પાયાનો રોજગાર શરૂ કરવા માટે ૫૦ કરોડ રૂપિયાનું ધિરાણ મંજૂર કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ ઘરના વિદ્યાર્થીઓ માટે પ્લેન જોવું એટલે માત્ર અવકાશ તરફ નજર માંડીને આકાશમાં ઉડતાં પ્લેન જોતા હતા પણ તેમાં તેઓ કયારેય બેસવાનો વિચાર કરી શકતા ન હતા કારણ કે તેમની આર્થિક પરિસ્થિતિ તેમને સાથ આપતી ન હતી. જે માતા–પિતાએ કયારેય પ્લેનની સફર પણ કરી ના હોય અને એરપોર્ટ પણ ના જોયુ હોય એવા ગરીબ ઘરના મેધાવી વિદ્યાર્થીઓને જો પાયલોટ બનવું હોય તો આ સરકાર કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે ૪ ટકાના વ્યાજના દરે ૨૫ લાખની લોન આપે છે અને આ સહાયથી ગરીબમાં ગરીબ ઘરના વિદ્યાર્થી પણ પ્લેન ઉડાડતો થયો છે આને કહેવાય સૌનો સાથ સૌનો વિકાસ.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજના છેવાડાના માનવીની અવિરત ચિંતા કરનારી ભારતીય જનતા પાર્ટીની આ સરકારે સન્માનીય ગૃહમાં છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી ગુજરાતની જનતાની સેવા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજપત્રની સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની જોગવાઇઓને મારું અનુમોદન આપું છું, આભાર.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ ફૂલ ગુલાબી બજેટ લઇને આવ્યા છે તેમને હું અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર છેવાડાના ખેડૂત સુધી પાણી પહોંચાડવાની તૈયારી કરી રહી છે અને તરસ્યા માણસને પાણી આપવા માટેનું બજેટ પણ તેમણે બનાવી દીધું છે ત્યારે મારે કમ્પેર કરવુ છે કે ૧૯૬૦ થી ૨૦૦૦માં ૫૭૭૮ કરોડનું વાર્ષિક બજેટ હતું. ૨૦૧૮ની વાત કરીએ તો ૨૦૦૦ થી ૨૦૧૮ સુધીમાં ૩૭,૧૭૮ કરોડનું આયોજન થયેલુ છે. છેલ્લા દોઢ દાયકામાં ચાર ગણું અને તેનાથી વધારે ગણીએ તો છ ગણું વધારાનું વિકાસનું કામ કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦માં પાણીનું બજેટ માત્ર ૭ કરોડનું હતું. આજની વાત કરીએ તો ૫૪૪૫ કરોડનું આ વર્ષનું બજેટ છે. એનો અર્થ એ થાય કે લગભગ સાડા ચાર ટકા એ સિંચાઇના પાણીમાં વર્ષે બજેટ મૂકયું છે. વાર્ષિક વિકાસ યોજનાની જોગવાઇ જોતાં જ આ બધુ જોતાં ગુજરાત કંઇ અમસ્તુ ગ્રોથએન્જીન કહેવાતું નથી, જોનારા મોમાં આંગળા નાંખી જાય છે, સાંભળનારાની આંખો ચાર થાય છે તેવી ઝડપે સત્તર વર્ષમાં ગુજરાતનો વિકાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધુ ત્યારે જ શકય બને જયારે સુયોજીત અને સમયસર અમલીકરણ થાય અને છેવાડાના માનવીના વિકાસને કેન્દ્રમાં રાખીને વિકાસ થાય છે ત્યારે જ સૌનો સાથ સૌનો વિકાસ એનાથી આગળ વાત કરું તો સાહેબ,

અમારી પાર્ટી, અમારી સરકાર વાદ વિવાદમાં નથી પડતી વાદ નહીં વિવાદ નહીં અને વિકાસ સિવાય કોઇ વાત નહીં. સામેની પાર્ટીને જ્ઞાતિ, જાતિ બધુ આવડે છે પણ અમારે તો નાત નહીં, જાત નહીં અને વિકાસ સિવાય કોઇ વાત નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની વાત કરીએ તો પહેલાં એમના રાજયની અંદર આ ગુજરાતમાં બારે મહિના દુષ્કાળ જેવા હતા. મને કહેતા આનંદ થાય છે કે, કોંગ્રેસના આ રાજયમાં આંતરા વર્ષે દુષ્કાળ પડતો હતો મને કહેતા આનંદ થાય કે, આપણાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી કે જેમના સારા પગલાંથી આજે સત્તર કે વીસ વર્ષે એક પણ વખત દુષ્કાળ પડયો નથી. દુષ્કાળને પણ ભૂતકાળ બનાવ્યો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યો છે. મારે એ પણ કહેવુ જોઇએ કે પહેલાંના રાજયમાં બહેનો બેડા લઇને અડધો કિલોમીટર કે કિલોમીટર સુધી પાણી ભરવા જતાં હતા પણ આજે તમારા ઘરે બોર અને કૂવા છે. પહેલાં પાણી બોરથી દોઢસો ફૂટ કે બસ્સો ફૂટ હતું તમારા રાજયમાં કોઇએ પાણી રોકયું નહીં.

ભારતીય જનતા પાર્ટીએ ગામનું પાણી ગામમાં અને શહેરનું પાણી શહેરમાં રોકી રાખ્યું. તમારા રાજમાં બધું જ પાણી નદીઓમાં ગયું, તળાવમાં ગયું, દરિયામાં ગયું. મને કહેતાં આનંદ થાય છે કે, અમે ચેકડેમો બનાવ્યા, બોરીબંધ બનાવ્યા. ૧,૬૮,૯૨૯ ચેકડેમો બનાવ્યા. ૩,૦૫,૮૮૨ ખેત તલાવડીઓ બનાવી, ૧,૨૫,૪૭૧ બોરીબંધ બનાવ્યા, ૨૭,૨૨૬ તળાવો ઊંડા કર્યા. મને કહેતાં આનંદ થાય છે કે, કોંગ્રેસે કર્યું છે પણ એ પોરબંદરના ગાંધીની કોંગ્રેસે કર્યુ છે. જ્યારથી અલ્હાબાદના ગાંધીની કોંગ્રેસ આવી ત્યારથી દેશના વિનાશ સિવાય કંઇ કર્યું નથી. અલ્હાબાદના ગાંધીએ 'સ્વ' સિવાય કોઇ વિચાર ન કર્યો. પોરબંદરના ગાંધીમાં સરવેનો વિચાર હતો. અલ્હાબાદના ગાંધીમાં 'સ્વ'નો વિચાર હતો. ઇન્દિરા ગાંધીએ આજ સુધી 'સ્વ' સિવાય કોઇ વાત નથી કરી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા પરેશભાઇ ધાનાણીએ બજેટ ઉપર જે પોતાના વિચારો રજૂ કર્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. ૧,૮૨,૭૨૮ કરોડની માતબર રકમ ધરાવનાર બજેટ માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કર્યું છે. પ્રજાજનોને રાજ્યમાં શું જોઇએ? લોકોનું આરોગ્ય સારું હોય, લોકોને શિક્ષણ મળે, રોજગારી મળે, પાયાની સુવિધાઓ આપવામાં આવે. આ સભાગૃહની અંદર મને એક વાતનો ગર્વ પણ છે કે, મહાનગરપાલિકામાંથી આપ પણ ચૂંટાયા છો, મુખ્યમંત્રીશ્રી પણ મહાનગરપાલિકામાંથી આવે છે, નાણામંત્રીશ્રી પણ નગરપાલિકાના પ્રમુખ રહ્યા છે અને અનેક સભ્યો તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે સ્થાનિક સ્વરાજ સંસ્થામાંથી ચૂંટાયા છે. લોકોની પાયાની જે અસુવિધા છે. બજેટના આંકડાની માયાજાળ હોય. આપણા નાણામંત્રીશ્રી વિદ્વાન છે એટલે એમને અમે પહોંચી નહિ શકીએ પણ સાચા અર્થની અંદર લોકોને શું મુશ્કેલીઓ છે, પ્રજાના પ્રશ્નો, પ્રજાની પીડાને આપણે કેવી રીતે વાચા આપી શકીએ. હમણાં નાણામંત્રીશ્રી કહેતા હતા કે, ક્યાં રોડ-રસ્તાઓ બનાવ્યા છે? મારી એક વિનંતી છે કે, આપ અમારા ઘરે ચા-પાણી પીવા આવો તો આપ જોશો કે લોકોની શું મુશ્કેલીઓ છે? શું પ્રશ્નો છે અને મારા ઘરે કેટલા લોકોના મેળવડા થાય છે અને લોકો પોતાના કેટલા દુ:ખ, દર્દ અને પીડા લઇને આવે છે.

અધ્યક્ષશ્રી : તમને ચા-પાણીમાં રોડ જોઇએ છે?

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધાં એના માટે જ અહીંયા ચૂંટાઇને બેઠા છીએ કે લોકોના હક્ક અને અધિકાર, લોકોની સુવિધાઓને આપણે ન્યાય આપીએ. સરકાર સંવેદનશીલ હોવી જોઇએ, લાગણીશીલ હોવી જોઇએ. આપ જે વાત કરતા હતા કે, શબ્દોમાં જે રણકાર છે એ રણકાર તો જરૂરી છે. પણ આત્માનો અવાજ પણ જોઇએ કે જેનાથી તમારા વિદ્વાન મંત્રીમંડળના મુખ્યમંત્રીશ્રી ગુજરાતની છ કરોડથી વધારે પ્રજા આપની પાસેથી ઘણી આશા-અપેક્ષા રાખે છે, રાજકીય વાદ-વિવાદ થાય, કોંગ્રેસ-ભાજપની પણ ચર્ચા કરીએ, હો-હા થાય એ એક મર્યાદા સુધી બધું બરાબર છે. પણ સાચા અર્થની અંદર છેવાડાના પ્રજાજનો સુધી આ બજેટનો અમલ થાય, એની અંદર સરકાર કેટલી મક્કમ છે એ આપશ્રીના માધ્યમથી અમે જોવા માગીએ છીએ. આજે ગુજરાતની અંદર વિકાસોની વાત ચાલે છે. હું મેયર હતો ત્યારે હાલના વડાપ્રધાન ગુજરાત રાજયના મુખ્ય મંત્રીશ્રી હતા. અહીંયાંથી વાત થઇ કે વાદ નહીં વિવાદ નહીં, વિકાસ સિવાય વાત નહીં, પણ અમારો તો મૂળ મંત્ર એ છે કોંગ્રેસ પક્ષનો, અમારો રચનાત્મક અભિગમ છે અને આજે જે રિવરફ્રન્ટ યોજના આપણે જોઇ રહ્યા છીએ, ત્યારે હું મેયર હતો અને મુખ્યમંત્રીના હાથે એ યોજનાનું ખાતમુહર્ત કરાવ્યું અને આજે દેશ અને દુનિયામાં એ યોજનાએ નામ રાખ્યું. સાથે મળીને કામ કર્યું છે.

આજે મારે આપને આપના માધ્યમથી અહીં કહેવું છે કે, ગુજરાતની અંદર જે જી.આઇ.ડી.સી.ઓ બની. સમગ્ર દેશની અંદર તે વખતે કોંગ્રેસ પાર્ટી કાર્ય કરી રહી હતી. ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હતું. તમામ જિલ્લાઓની અંદર સ્થાનિક લોકોને રોજગાર મળે, એનું આયોજન થાય, એની વ્યવસ્થા ઉભી થાય, એના માટે જી.આઇ.ડી.સી. બનાવી અને ૧૮૨ જેટલી જી.આઇ.ડી.સી. એ વખતે હિન્દુસ્તાનની અંદર ગુજરાત પ્રથમ નંબરે આજે પણ છે. એટલી જી.આઇ.ડી.સી. કોઇપણ રાજયમાં નથી બની અને ખાસ કરીને પછાત વિસ્તારોને પણ આવરી લેવામાં આવ્યા અને એ જી.આઇ.ડી.સી.ના કારણે ગામડાં તૂટે નહીં, ત્યાં લોકોને રોજગાર મળે, સરકાર માળાખાકીય સુવિધાઓ પૂરી પાડે, રોડ, રસ્તા, વીજળી અને જે આપણા સ્થાનિક રોજગાર કરનાર વેપાર ધંધા કરવા માટે જે સાહસિકો હોય એને સસ્તા દરની લોન આપે, સબસિડી આપે. આ કોંગ્રેસ પાર્ટીની નીતિ હતી અને કોંગ્રેસ પાર્ટીની નિયત હતી. જયારે એક જ વ્યક્તિને નેનો માટે ૩૩૦૦૦ કરોડ રૂપિયા આપી દીધા, એ હું માનું છું કે તમે એ જ નીતિ... (અંતરાય) મેં કહ્યું આપ વિદ્વાન નાણા મંત્રી છો..

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્વાનની વાત નથી પણ સ્પષ્ટતા કરવા

માગું છું કે, આ ૩૩ હજાર કરોડ જેવી કોઇ રકમ આપવામાં આવી નથી, એનાથી અનેક ઘણી ઓછી રકમ છે. હું મારા પ્રવચન વખતે પણ એ કહીશ અને તમે એઇએક્યુ કરીને પણ જાણી શકો છો પણ સાહેબ, જાણીબુઝીને કોંગ્રેસના સભ્યશ્રીઓ મોટો અને ખોટો આંકડો વારંવાર દર્શાવે છે જે યોગ્ય અને સાચું નથી.

અધ્યક્ષશ્રી : આ આંકડાની સત્યતા તમારી પાસે હોય તો દસ્તાવેજ આપ જોઇને રજૂ કરો.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું અપેક્ષા રાખું કે માનનીય નાણા મંત્રીશ્રી...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જયારે વાત કરી છે તો આ આંકડો માનનીય નાણા મંત્રીશ્રી કહી દે તો સભાગૃહમાં બધાને ખબર પડે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આપવાના છે, એમના પ્રવચનમાં એ આપવાના છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ આપે તો સારી વાત છે તો સત્ય જે છે એ બહાર આવી જાય પણ મારા કહેવાનો મતલબ છે કે, એક જ વ્યકિતને જો આટલો મોટો લાભ આપવામાં આવ્યો, એ તો હકીકત છે અને એના કારણે અમે જે વાત કરીએ છીએ ગુજરાતના હક્ક અને અધિકારને નગરજનો અને પ્રજાજનો માટે વાત કરીએ છીએ કે એ જો એટલા જ લાભો બીજા લોકોને આપવામાં આવ્યા હોત તો હજારો લોકોને રોજગારી મળી હોત, હજારો સ્થાનિક લોકોને રોજીરોટી મળી હોત અને ઉદ્યોગ સાહસિકોને આપણે એના લાભો આપી શક્યા હોત. આજે બેરોજગારોની પરિસ્થિતિ ગુજરાત સરકારના રોજગાર વિભાગની અંદર દસ લાખ કરતાં પણ વધારે શિક્ષિત બેરોજગારો લખાયેલ છે. બિન લખાયેલા ચાલીસેક લાખ હશે તો આજે એ લોકોને સરકાર શું કરવા માગે છે? આજે ડિગ્રી લીધી હોય, ઇજનેરની અંદર છોકરો ભણ્યો હોય, મિકેનીકલ એન્જિનીયર થયો હોય, આઇ.ટી.ની અંદર છોકરો ભણ્યો હોય તો પણ એને દસ હજાર રૂપિયાની નોકરી કોઇપણ જગ્યાએ નથી મળતી. (અંતરાય) લાલ બહાદુર સ્ટેડીયમ અંગેની વાત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, લાલ બહાદુર સ્ટેડિયમનો વિકાસ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે સને ૨૦૧૮-૧૯નું પૂરાંતવાળું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે પ્રજા માટે શિક્ષણ હોય, આરોગ્ય હોય, રોજગારી હોય કે કિસાનોને સમતલ ભાવ મળે એના માટેનું આયોજન આ વર્ષના બજેટમાં કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે આરોગ્ય વિભાગ માટે માનનીય નાણાં મંત્રીશ્રી દ્વારા ૯૭૫૦ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાડા છ કરોડની જનતાની સુખાકારી એટલે કે આરોગ્યની દ્રષ્ટિએ તેની સુખાકારી માટે, તેનું આયુષ્ય આગળ વધે તેના માટેનું આયોજન કરવા માટે આ રાજય સરકાર ખૂબ ચિંતીત છે. આ આરોગ્યની સેવાઓ સાથે હું પણ ગુજરાતની અંદર અનેક સંસ્થાઓ સાથે જોડાયેલો છું. મારે આપના માધ્યમથી આ સભાગહ ને કહેવું છે કે, ચાલુ વર્ષે માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતની ગ્રાન્ટેડ સંસ્થાઓ માટે એટલે કે જે સરકારી ગ્રાન્ટથી, પ્રજાના પૈસાથી અને પ્રજાએ જે દાન આપ્યું છે એ દાનના કારણે અનેક સંસ્થાઓ આ ગુજરાતમાં ચાલે છે. એની અંદર ચાલુ વરસે પણ માનનીય નાણા મંત્રીશ્રીએ અને આરોગ્ય મંત્રીશ્રીએ એ સસ્થાઓને અને ગ્રાન્ટેડ સંસ્થાઓને કામના ભારણ પ્રમાણે તેમના સ્ટાફમાં વધારો કરવા માટે, અને ગ્રાન્ટમાં પણ વધારો કરવા, જે સારી સંસ્થાઓ હોય આ વરસે ગ્રાન્ટમાં વધારો અને તેના ઉપયોગમાં વધારો કરવા માટે જે ચાલુ વરસે બજેટમાં આયોજન કર્યું છે, એમાં ગુજરાતના ગ્રાન્ટેડ સંસ્થાઓના ફેડરેશનના પ્રમુખ તરીકે સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

ગુજરાતની અંદર કેન્દ્ર સરકારના નિયમો પ્રમાણે ગ્રામ્ય કક્ષાથી માંડી શહેરી વિસ્તાર માટે, આરોગ્ય માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય, સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય અને પેટા આરોગ્ય કેન્દ્રની સાથે સાથે શહેરી વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટર, સિવિલ હોસ્પીટલ અને તાલુકા અને જિલ્લા કક્ષાએ આના માટે આયોજન કરવામાં આવ્યું છે. ગઇ કાલે જયારે બજેટની ચર્ચા ઉપર વાત કરવામાં આવતી હતી ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ ગુજરાતની ૧૯૬૦ થી ૧૯૯૫ અને ૧૯૯૫ થી ૨૦૧૭ સુધીની ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના સમયની કાર્યપદ્ધતિના લેખાજોખાં અહીંયાં રજૂ કર્યા હતાં. ૧૯૬૦ થી ૧૯૯૫ સુધી ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હતું. કેન્દ્રમાં કોંગ્રેસનું શાસન હતું એ વખતે આરોગ્યની ચિંતાની વાત કરીએ તો આપણા વડીલો ગામડાંમાં કહેતા હતા કે કૂવામાં હોયતો હવાડામાં આવે, એ વખતે જે ડોકટરોની ચિંતા કરી હતી.

અધ્યક્ષશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય નૌશાદજી સોલંકી.

શ્રી નૌશાદજી ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના ઉપનેતા અને નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર ગૃહમાં લઇને આવ્યા છે તે બાબતે મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું. ગુજરાતની સાડા છ કરોડની જનતાના અવાજને વાચા આપવા અને ગુજરાતની જનતાને સાચી વિગતો સમજાવવા અને રાજયના હિતના રક્ષણની વાત કરવા માટે હું આ ક્ષણે મહામાનવ, વિશ્વ વિભૂતિ, વિશ્વ રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરને યાદ કરું છું.

ફાલ્ગુન ૧૫, ૧૯૩૯ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ડો. બાબાસાહેબ આંબેડકર આ દેશના મહાન અર્થશાસ્ત્રી હતા. એમણે આ દેશના ઉદ્યોગ અને જમીનના રાષ્ટ્રીયકરણની વાત કરી હતી. એમની આ વાત અને એમની વિચારધારાને અનુલક્ષીને આ દેશના મહાન સ્વાત્રંય સેનાની અને દેશના વડાપ્રધાનશ્રી પંડિત જવાહરલાલ નહેરૂએ આ દેશમાં રાષ્ટ્રીય ઉદ્યોગોની સ્થાપના કરી અને ભૂમિ વિહીન ગરીબો અને આદિવાસીઓને જમીન આપી અને તમામ રીતે વિકાસ કરવાનો અવસર આપ્યો. એમના પ્રતાપે આજે ૩૦૦ જેટલા જાહેર સાહસો અને રાષ્ટ્રીય ઉદ્યોગોની સ્થાપના થઇ. ઓ.એન.જી.સી, આઇ.ઓ.સી.એલ, એચ.પી.સી.એલ, અને બી.એ.સી.એલ, જેવા અનેક ઉદ્યોગો આ દેશને મળ્યા. કરોડો ગરીબ લોકોને સરકારી નોકરીઓ પ્રાપ્ત કરવાનો એમને અવસર મળ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ ક્ષણે ગુજરાતના ગૌરવવંતા પૂર્વ નાણા મંત્રીશ્રીઓને યાદ કરું છું. અનેક કુદરતી આફતો અને અસ્થિરતાઓ વચ્ચે આ રાજયના કલ્યાણની અવિરત ગતિ જાળવી રાખનાર નાણામંત્રીશ્રીઓ ડો. જીવરાજભાઇ મહેતા, શ્રી માલદેવજી ઓડેદરા, શ્રી જશવંત મહેતા, શ્રી સનતભાઇ મહેતા, શ્રી અરવિંદભાઇ સંઘવી સંભાળતા હતા. ભારતીય જનતા પક્ષની સરકાર વખતે શ્રી સુરેશભાઇ મહેતા રહ્યા હતા એ સિવાય માનનીય શ્રી બાબુભાઇ શાહ નાણામંત્રી તરીકે રહ્યા પણ એમણે ગુજરાતની જનતા ઉપર એક પણ પાઇનું કર્જ કે વ્યાજનો બોજો પડવા દીધો નહોતો અને એ રીતે રાજયની કાળજી લેતા હતા. સન ૧૯૯૮ પછી ભાજપની સરકાર આવી એમાં જે નાણામંત્રીશ્રીઓ આવ્યા એમાં માનનીય વજુભાઇ વાળા, શ્રી સૌરભભાઇ પટેલ તથા શ્રી નીતિનભાઇ પટેલ રહ્યા છે ત્યારે ગુજરાતમાં વાઇબ્રન્ટ સમિટોમાં અધધ લાખો કરોડોના એમ.ઓ.યુ થયા, આટલા લાખો કરોડોના એમ.ઓ.યુ. થયા હોય અને રાજયનું બજેટ ૧ લાખ ૮૩ હજાર કરોડ રૂપિયા જેટલું હોય તેમ છતાં રાજયની જનતા ઉપર કર્જ અને વ્યાજનો બોજો વધતો જાય છે.

વિકાસની યાત્રામાં સૌથી ઉપેક્ષિત રહેતા હોય તેવા અનુસૂચિત જાતિના ૫૦ લાખ લોકો છે જયારે અનુસૂચિત જન જાતિના આશરે એક કરોડ લોકો છે એમને બજેટમાં પૂરતી આશા અને અપેક્ષાઓ હતી પરંતુ એનાથી આ લોકોને નિરાશા થઇ છે. ગુજરાતની અંદર અનુસૂચિત જાતિની સાત ટકા વસતિ છે તે પ્રમાણે તેમને આ બજેટની અંદર આશરે ૧૩ હજાર કરોડ રૂપિયાની ફાળવણી થવી જોઇતી હતી. એ જ પ્રમાણે અનુસૂચિત જન જાતિ માટે ૨૫ હજાર કરોડ રૂપિયાની જોગવાઇ થવી જોઇતી હતી. ૧૯૭૫ની અંદર દેશના તે વખતના વડાપ્રધાન પ્રિયદર્શીની ઇન્દિરા ગાંધીએ મુખ્યમંત્રીશ્રીઓની રાષ્ટ્રીય પરિષદને સંબોધન કરતાં પોતાના વિચારો વ્યકત કર્યા હતા કે માત્ર કોઇ એક ખાતું અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિનું કલ્યાણ કરી શકે નહિ પરંતુ સરકારના તમામ ખાતા દ્વારા સંકલિત પ્રયાસો થાય અને બજેટમાં તેનો હિસ્સો સુનિશ્ચિત થાય તો જ આ જાતિઓનું કલ્યાણ થઇ શકે. આ પ્રસ્તુત બજેટમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ૧૩૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે એટલે કે ૫૦ ટકા રકમની ફાળવણી ઓછી કરવામાં આવી છે. પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે અનુસૂચિત જાતિ પેટા યોજના પ્રત્યે આ બજેટમાં ઉલ્લેખ સુદ્ધા કરવામાં આવ્યો નથી. માત્ર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં જોગવાઇની વાત કરી છે. એથી દુઃખ દાયક, પિડા દાયક બીજી શું વાત હોઇ શકે. જે રકમની ફાળવણી કરવામાં આવી છે એ માત્ર દલિતોને સીધો લાભ થાય તેવી ૧૮.૯ ટકા જેટલી જ છે. એટલે કે ૮૯ ટકા જેટલી રકમ સીધી દલિતોને મળતી નથી એથી ખૂબ જ દુઃખ થાય છે કે જે નાણાં અનુસૂચિત જાતિ માટે ફાળવવામાં આવ્યા છે કે અનુસૂચિત જાતિ માટે ફાળવવામાં આવ્યા હોય તેનો ઉપયોગ બીજી યોજનામાં કરી નાખવામાં આવે છે. છેક છેવાડે રહેતો ગરીબ દલિત અને શહેરી ઝૂંપડપટ્ટીમાં વસતો દલિત હોય એને કઇ રીતે ખબર પડશે કે બજેટમાં જે નાણાં ફાળવવામાં આવ્યા છે એનો યોગ્ય ઉપયોગ થાય છે કે કેમ? પરંતુ •(×××) ત્યારે શું થાય?

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : ડો. બાબાસાહેબ આંબેડકરજીએ કયારેય સમરસતાની વાત કરી નથી. એમણે હંમેશા સમાનતાની વાત કરી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે સમરસતાની વાત કરી ત્યારે મને *(×××) લાગે છે. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે આરક્ષિત કરવામાં આવેલા અમારા અમૂલ્ય ભંડોળમાંથી ૬૦૦ કરોડ રૂપિયા સમરસતાના નામે સમરસ છાત્રાલયો બનાવીને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અન્યાય કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : જે સમરસ છાત્રાલયો બનાવવામાં આવ્યા છે એ અનુસૂચિત જાતિના છે તેમ છતાં એમાં માત્ર ૧૫ ટકા જ દલિત વિદ્યાર્થીઓને એડમીશન આપવામાં આવે છે. આ રીતે ગુજરાતના દલિત વિદ્યાર્થીઓમાં ઘોર નિરાશા વ્યાપી ગઇ છે. આ બાબતમાં સરકારશ્રી યોગ્ય પગલાં નહિ લે તો મને ડર છે કે આવતા દિવસોમાં ગુજરાતનો યુવાન ડો. બાબાસાહેબ આંબેડકરના માર્ગે મહા આંદોલન કરશે. દુઃખ સાથે કહેવું પડે છે કે બજેટમાં શિક્ષણ માટે મસમોટી વાતો કરવામાં આવી છે. વાહ–વાહ કરવામાં આવી છે. પરંતુ દેશના ૧૮ રાજયોની સરખામણીએ ગુજરાતમાં શિક્ષણ માટે ઓછી રકમની ફાળવણી કરવામાં આવી છે. મારા મતવિસ્તાર દસાડા, પાટડી, લખતર અને લીંબડીનો નળકાંઠો જે આદિવાસી વિસ્તાર છે ત્યાં જે શાળાઓ છે લગભગ એ શાળાઓની અંદર એક પણ શારીરિક શિક્ષણનો શિક્ષક નથી. કોઇ ચિત્રકળાનો શિક્ષક નથી. ત્યાં ગ્રંથાલય કે ગ્રંથપાલ નથી. જયારે સરકારશ્રી ખેલ મહાકુંભની વાત કરતી હોય, ખૂબ સારી વાત છે. હું આવકારું છું. પરંતુ જયારે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શાળાઓમાં શારીરિક શિક્ષણનો શિક્ષક જ ન હોય તો ક્યાંથી રમશે ગુજરાત અને જીતશે ગુજરાત. જે શાળામાં ગ્રંથાલય અને ગ્રંથપાલ નથી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે.

શ્રી રાજેન્દ્રસિંહ ૨. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ ૨૦૧૮–૧૯નું ૧,૮૩,૬૬૬ કરોડનું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

નાણાંમંત્રી ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય તેવું વિઝનવાળું બજેટ લઇને આવ્યા છે તેમાં માર્ગ અને મકાન વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરું છું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૯,૨૫૨ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. હું ધ્યાનથી જોષીયારા સાહેબ, હર્ષદભાઇ રીબડીયા સાહેબને સાંભળતો હતો. તેમણે વારંવાર એક વાત કરી. હર્ષદભાઇએ એમ કહ્યું કે ગોકુળિયું ગામ. ગામડાંના રસ્તા નથી અને જોષીયારા સાહેબે એમ કહ્યું કે ૧૨–૧૫ વર્ષ સુધી રીસરફેસના કામ થતાં નથી. ૧૯૯૫ પહેલાં જયારે અમે ગામડાંમાં જતાં ત્યારે રસ્તાના ઠેકાણાં નહોતા અને ટ્રેક્ટર ઉપર જવું પડતું. એ વખતે મારા પિતાશ્રી હતા એ અમને કહેતા કે તમે આ રસ્તાના સરવે કરાવી લાવો અને એન્જિનિયરો સાથે ફરતાં ફરતાં આ તમામ કામો લગભગ સાબરકાંઠા જિલ્લામાં જે એક ગામથી બીજાં ગામને જોડવામાં આવતા એ રસ્તાઓનું કાર્ય પૂર્ણ થયું. ૧,૧૪,૦૦૦ કિલોમીટરના રસ્તાઓ ગુજરાત માર્ગ અને મકાન વિભાગ ધરાવે છે. તેમાંથી ૬૦,૦૦૦ કિલોમીટર જેટલા રસ્તાઓનું નેટવર્ક ફક્ત ગામડાંનું અર્થતંત્ર વેગવંતુ બને, ખેડૂતોને લાભકર્તા બને, શિક્ષણનો વ્યાપ વધે એ દિશામાં આ વિઝનરી નાયબ મુખ્યમંત્રીએ જે બજેટ રજૂ કર્યું એ બદલ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. માનનીય બળદેવજીએ એક વાત રસ્તાની કરી, ગયા વર્ષે મેં ગાંધીનગર સમાચારમાં અડધા પાનાની જાહેરાત જોઇ. તેમાં ગામડાંના સરપંચો અને પ્રજાએ અમારા આટલા કરોડના રસ્તા મંજૂર કરવા બદલ સરકારને જે અભિનંદન આપ્યા. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા માગું કે આ ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન છે. ૧૯મી સદી જયારે ઇંગ્લેન્ડની કહેવાતી. ૨૦મી સદી અમેરિકાની હતી અને ૨૧મી સદીમાં ભારત જયારે મહાસત્તા બનવા જઇ રહેલ છે એ સંજોગોમાં ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન છે. ગયા વર્ષની વાયબ્રન્ટ સમિટમાં પણ આદરણીય ઉદ્યોગપતિ રતનટાટાએ બહુ સરસ શબ્દો કહેલા. તેમણે કહેલું કે ગુજરાતમાં જે રોકાણ નથી કરતો એ ફૂલીશમેન છે. ગુજરાતની આંતર માળખાકીય સુવિધાઓના કારણે ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે એ આપણી નજર સમક્ષ છે. ગુજરાતમાં મહત્વાકાંક્ષી યોજના માનનીય નીતિનભાઇ ૨૦૧૬–૧૭માં જે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના લઇને આવેલા તેના થકી ૧૮,૦૦૦ ગામડાં, ૧૬,૦૦૦ પેટાપરાં, લગભગ ૩૪,૦૦૦ ગામડાંના એક બીજાંને જોડતાં રસ્તાઓના નિર્માણકાર્ય માટે ૧૦,૦૦૦ કરોડની માતબર રકમ ફાળવેલ, તેમાં અભ્યાસ કર્યો એ મુજબ લગભગ ૮,૦૦૦ કામો પૂર્ણ થવાના આરે છે. આ વર્ષે પણ એમણે જે વિશેષ જોગવાઇ કરી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ સારુ બજેટ રજૂ કર્યું છે. એમને આપના દ્વારા મંત્રીશ્રી પટેલ સાહેબને કહેવા માગું છું કે, અમારા કચ્છમાં નખત્રાણા, નલિયા, લખપત ત્યાં જીએમડીસી કોલેજ ચાલી રહી છે. એ કોલેજ નથી ગ્રાન્ટેબલ, નથી કોઇ સરકારી સહાય કરવામાં આવતી. ૨૦૦૨માં માનનીય કેશુભાઇ પટેલ સાહેબના હસ્તે આર્ટસ અને કોમર્સ કોલેજનું ઉદ્ઘાટન થયેલું. મારા વિસ્તાર નખત્રાણા, નલિયા અને લખપતમાં ૪૪૪ ગામ છે. એમાં ૧૧૭૫ કિ.મી. માર્ગ બોર્ડર ઉપર છે, એનાથી મારો વિસ્તાર બોર્ડરથી ફક્ત ૩૦ કિ.મી. દૂર છે. એ વિસ્તારમાં આજ દિન સુધી આ કોલેજને ગ્રાન્ટેબલ કરવામાં આવતી નથી, નથી કોઇ સરકારી કોલેજ ખોલવામાં આવતી અને આપણા માનનીય શ્રી અમિતાભ બચ્ચન એમ કહે છે કે '' કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.'' આપ સાહેબ પણ પધારીને અમારો વિસ્તાર પણ જુઓ. અમારી જીએમડીસી દ્વારા સરકારને ખૂબ મોટી આવક છે, એટલા મોટા ત્યાં ઉદ્યોગો છે. જીએમડીસીની ગુજરાત સરકારને મોટામાં મોટી આવક છે, ખનીજ ખાતુ, બોક્સાઇટ, નમક, પવન ચક્કી દ્વારા સરકારશ્રીને ખૂબ જ આવક છે. આજે શિક્ષણ ઉપર ભાર આપવામાં આવે છે અને આટલો બધો પૈસો વાપરે તો અમારા બોર્ડર ઉપર અમારો પછાત વર્ગ છે. ત્યાં રોજીરોટી નથી એના કારણે બોર્ડર વિસ્તારના ગામ ખાલી થઇ રહ્યા છે. એક એક ગામના રિપોર્ટ કરી શકું. નામજોગ જણાવી શકું કે કેટલા ગામ ખાલી થયા અને કેટલા થયા નથી. મારી નમ્ર અપીલ છે, મારી નમ્ર વિનંતી છે. ૪૪૪ ગામમાં એક કોલેજ આપવામાં આવે એવી મારી વિનંતી છે. સાહેબ, આપ પધારો, કોટેશ્વરના દર્શન કરી જાઓ, માતાની માનતા કરી જાઓ અને આ કોલેજની મુલાકાત લઇ જાઓ. '' વૈષ્ણવ જન તો એને કહીએ રે જે પીડ પરાઇ જાણે રે.''

અધ્યક્ષશ્રી : માનનીય સૌરભ ભાઇ, માનનીય સભ્યશ્રી જાડેજાને અભિનંદન આપવાનું મન થાય છે. પહેલીવાર ચૂંટાયેલા ધારાસભ્યશ્રી ખૂબ સારુ બોલ્યા, તેમને અભિનંદન આપું છું.

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી આદરણીય નીતિનભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને ઘણા વિષયો ઉપર સભ્યશ્રીઓએ વાત કરી એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું બજેટ ચોક્કસપણે કહી શકીએ કે બધા જ વર્ગોને ક્યાંકને ક્યાંક લાભ મળે એવું બજેટ છે. આર્થિક રીતે જોવા જઇએ તો ફાઇનાન્સિયલ સ્ટેબલ બજેટ છે અને જે પ્રમાણે ગુજરાતનો વિકાસ થાય છે આ બજેટ દ્વારા આવતા દિવસમાં ગુજરાતનો વિકાસ દર વધારે ઝડપથી આગળ વધશે એવું હું ચોક્કસપણે કહી શકું છું. બજેટ સાઇઝની

વાત થઇ. રૂ.૧,૮૩,૬૬૬/- કરોડ એમાં ગઇ સાલ કરતાં રૂ.૧૪,૮૨૮/- કરોડનો વધારો થયો. એકપણ રૂપિયાનો ટેક્સ નાખ્યા વગર વધારો થયો. સરપ્લસની વાત કરીએ તો રૂ.૭૮૩/- કરોડ, રેવન્યૂ સરપ્લસની વાત કરીએ તો રૂ.૫,૯૯૮/- કરોડ અને આમાં થોડીક વિગતવાર વાત કરીશ. ડેવલપમેન્ટ ખર્ચની વાત કરીએ, નોન ડેવલપમેન્ટ ખર્ચની વાત કરીએ તો ડેવલપમેન્ટ ખર્ચ નોન ડેવલપમેન્ટ ખર્ચ કરતાં રૂ.૪૧,૫૫૩/- કરોડ વધારે છે. વિકાસ માટે ડેવલપમેન્ટ ખર્ચ છે, નોન ડેવલપમેન્ટ ખર્ચ છે અને આવક છે અને જીએસડીપી ગુજરાતનું કેટલું છે અને થોડા આંકડા જોડે સરખામણી કરીશ, ત્યારે મને ચોકકસ ખાતરી છે વિરોધપક્ષના નેતા નથી પણ એ હોત તો ચોકકસ માનત કે, ના ગુજરાતનું બજેટ ખુબ ફાઇનાન્સીયલ સ્ટેબલ છે અને જે પ્રમાણે એમણે વાત કરી છે એ પ્રમાણે હકીકતમાં સત્ય નથી. આપણે જ આ વિધાનસભાની અંદર ૨૦૦૫ની અંદર એક ફીસ્કલ રીસ્પોન્સીબીલીટી એકટ લાવ્યા હતા એ એફ.આર.બી.એમ. એકટ શું કહે છે? એફ.આર.બી.એમ. એકટ એમ કહે છે તમારા બજેટની અંદર તમારી આર્થિક પરિસ્થિતિ કે તમારે દેવું કેટલું પડે, તમે ગેરન્ટી કેટલી આપી શકો આ પ્રમાણેના નોર્મ્સ છે અને આ નોર્મ્સ આર.બી.આઇ.એ નકકી કર્યા છે , આ નોર્મ્સ કેન્દ્ર સરકારે નકકી કર્યા છે. આ નોર્મ્સ ૧૩મા ફાઇનાન્સ કમિશને નકકી કર્યા છે. એ નોર્મ્સના આધારે ગુજરાત સરકારની આ એસેમ્બલીએ નકકી કર્યું, એની અંદર રેવન્યુ ડેફીસીટ કેટલી હોવી જોઇએ એના વિશે વાત કરી, ફીસ્કલ ડેફીસીટ કેટલી હોવી જોઇએ એના વિશે વાત કરી, દેવાની ચિંતા કરી, એ કેટલું હોવું જોઇએ એના વિશે વાત કરી અને ગેરન્ટીઓ રાજય સરકાર આપે છે એના વિશે પણ વાત કરી. એ વખતે આપણે ત્યાં ભૂકંપ આવ્યો હતો અને ભૂકંપ વખતે ખૂબ મોટા પ્રમાણમાં આપણે આપણા બજેટમાં કચ્છના લોકોને મદદ કરવા માટે આ બધા પેરા મીટર્સની બહાર નીકળી ગયા હતા અને ૨૦૦૫ની અંદર આપણે ધીમે ધીમે લાવ્યા અને આજે ગૌરવ સાથે કહીએ કે રેવન્યુ ડેફીસીટનો જે ટાર્ગેટ નકકી કર્યો હતો એ ટાર્ગેટ ૨૦૦૭-૦૮ની અંદર પૂરા કરવાનું નકકી કર્યું હતું. આપણે એ ટાર્ગેટ એક વર્ષ વહેલા પૂરું કર્યું અને ૨૦૦૬-૦૭માં પૂરું કર્યું. ફીસ્કલ ડેફીસીટ એ જી.એસ.ડી.પી.ના આધારે એનું ધોરણ હોવું જોઇએ કે રાજયનું જી.એસ.ડી.પી. કેટલું છે એના નકકી ધોરણના ૩ ટકા હોવું જોઇએ અને એ ૩ ટકાનું જે એચીવમેન્ટ કરવાનું હતું એ એચીવમેન્ટ આપણે ૨૦૦૬-૦૭માં કર્યું. મારે એટલું કહેવું છે કે આપણે આ ૩ ટકાના ડેફીસીટના ૨૦૦૬-૦૭થી આ વર્ષ સુધી આપણે વિધાનસભામાં નિયમો બનાવેલા અને આર.બી.આઇ. અને કેન્દ્ર સરકારે નિયમ બનાવેલા એ નિયમ પાળ્યા છે. કયારેય ફીસ્કલ ડેફીસીટના નિયમ તોડયા નથી. અહીંયા બધી ચર્ચા થાય છે કે દેવું આટલું વધ્યું, આટલું વધ્યું. હું દેવાની પછી વાત કરીશ, ખાલી મારે આપનું ઘ્યાન દોરવું છે. જી.એસ.ડી.પી.નું ૨૭.૧ ટકા ધોરણ હોવું જોઇએ. બીજા રાજયોએ ૨૭.૧ ટકા ધોરણ રાખ્યું નહોતું એટલે કેન્દ્ર સરકારમાં જયારે યુ.પી.એ. સરકાર હતી ત્યારે મને અનેક વખત યાદ છે કે નાણા મંત્રીશ્રીઓની મીટીંગની અંદર અનેક રાજયો કહેતા હતા કે ૨૭.૧ ટકા ધોરણની અમને મંજૂરીની છૂટ આપો અને પછી કેન્દ્ર સરકારે એની અંદર ઘણો બધો વિચાર કર્યો હતો. ફીસ્કલ ડેફીસીટમાં પણ છુટ આપવાની માગણી કરી હતી એટલે આ બધા જ નોર્મ્સ માટે આપણે ગૌરવો સાથે કહી શકીએ કે વિધાનસભાની અંદર જે એફ.આર.બી.એમ. નોર્મ્સ છે એનું સંપૂર્ણપણે આપણે પાલન કર્યુ છે. આપણા રાજયની જી.એસ.ડી.પી.ની વાત કરીએ, દેશનું જી.એસ.ડી.પી. હોય, નેશનલ એવરેજ કરતા આપણું જી.એસ.ડી.પી. વધારે હોય તો સારું કહેવાય કે ના કહેવાય? આ બેઝીક પાયો છે. ૨૦૦૪ થી ૨૦૧૦ની અંદર તો આપની સરકાર હતી. મોટા ભાગની યેર કૉંગ્રેસ હતી. ત્યારેય પણ કૉંગ્રેસ રાજય કરતા આપણું જી.એસ.ડી.પી. સારું હતું અને ૨૦૦૪-૨૦૦૫ના કરંટ પ્રાઇઝને કોન્સ્ટંટ રાખીએ તો જી.એસ.ડી.પી.નો ૧૬.૯૯ ટકા ગ્રોથ હતો. પછી આપણે બે ભાગલા કરીએ છીએ. પછી જી.એસ.ડી.પી.ના નોર્મ્સ ૨૦૧૧-૧૨થી બદલાયા. કેન્દ્ર સરકારે બદલ્યા અને એના કારણે બધા રાજયોને ઈફેકટ આવી તો ૨૦૧૧-૧૨થી આજ સુધીનો ૧૩.૫૬ ટકાનો એન્યુઅલાઇઝ ગ્રોથ છે. આ વર્ષે એડવાન્સ એસ્ટીમેટના કારણે કહી શકાય કે ૧૪ ટકાનો આપણને જી.એસ.ડી.પી.નો ગ્રોથ આવવાનો. હવે જી.એસ.ડી.પી. એટલે દરેક વ્યકિત ઉત્પાદન હોય, સર્વીસીસ હોય આ બધાનો સરવાળો કરો તો આ શું બતાડે છે? આખા દેશની પ્રગતિ જી.એસ.ડી.પી.ના આધાર પર થાય છે. એમાં આટલો સારો આપણો ગ્રોથ છે એ બીજા રાજયો કરતા વધારે છે. આવકની વાત કરીએ. મારે આદરણીય નીતિનભાઇને અભિનંદન આપવા છે. મારે પૂછવું છે કે આવકમાં વધારો કર્યો, એકેય ટેકસ વધાર્યો? એક પણ ટેક્સ વધાર્યો નથી તો પણ ગયા વર્ષ કરતાં આ વર્ષે ૧ લાખ ૩૧ થી વધારી ૧ લાખ ૪૦ હજાર થવાની છે. આટલો વધારો થયો છે. રેવન્યુ રીસિપ્ટની વાત કરી છે. એની અંદર વધુ શબ્દો ઉમેરી રાજ્યની વાત કરું તો સ્ટેટની પોતાની રેવન્યુ રીસિપ્ટ આટલા વર્ષમાં એન્યુલાઇઝ ૧૪.૧૦ ટકાનો દર વર્ષે વધારો આવે છે. આમાં વેટ આવે, ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી આવે અને આપ સૌને ખ્યાલ છે કે ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી આપના સમયમાં ૬૦ ટકા હતી. છેલ્લા ૧૫ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીના રેટ ઘટાડ્યા છે છતાં પણ ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીનો એન્યુલાઇઝ ગ્રોથ વધ્યો છે. વીજળીનો વપરાશ વધે છે ત્યારે ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી આવે છે. એક બાજુ ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીના ભાવો ઘટાડ્યા અને ૧૧ ટકા ભાવ ઘટવા છતાં આવક વધે તે શું થયું? આપણા ઘરમાં કન્ઝપ્શન વધ્યું, ફેકટરીમાં આપણી વીજળીનું ઉત્પાદન થયું એ ૧૧ ટકા થયું છે. વેટની વાત કરી. જી.એસ.ટી.ની વાત કરીએ તો ગઇ કાલે ટેક્સેશનની વાત કરતા હતા. ટેકસેશન જી.એસ.ટી. કાઉન્સિલ નક્કી કરે છે. આપણે નથી કરતાં. યુ.પી.એ. સરકારની ભલામણ હતી કે એક જ દર ૧૮ ટકાનો હોવો જોઇએ. અમે ના પાડતા હતા. સાચી વાત છે ના પાડતા હતા. એનું કારણ એ હતું કે આદરણીય નરેન્દ્રભાઇએ ૫ રેટ કર્યા. ૫ ટકાનો સૌથી નીચો દર કર્યો અને ઘરની બધી વસ્તુને ૫ ટકામાં રાખી. આપની સરકાર દરેકમાં ૧૮ ટકા કહેતી હતી ત્યારે અમે ઓટોમોબાઇલ્સથી માંડીને હાઇ-પ્રાઇઝ વસ્તુઓમાં ૨૮ ટકા કર્યો. ખેડૂતોએ ૧૮ ટકા આપવાના હતા? આજની તારીખમાં જે

તમે ઘરમાં વસ્તુઓ વાપરો છો, ૫ કે ૧૦ હજારનો પગારદાર હોય એના રેટ જી.એસ.ટી. કાઉન્સિલે ૫ ટકા રાખ્યા છે. એ છતાં મારે એટલું જ કહેવું છે કે આ વખતે એની અંદર આવકમાં થોડો વધારો થયો છે. કોઇપણ વસ્તુના ટેકસેશન વધાર્યા વગર આ થયું છે. ખર્ચની વાત કરું તો ખર્ચનો વધારો એન્યુલાઇઝ રેટે ઓછો છે. આવકના ૧૪.૮૦ ટકા છે ત્યારે ખર્ચના ૧૧.૮૫ ટકા છે. આ સારો વહીવટ ન કહેવાય? આનો અર્થ એ થયો કે રાજ્યનો સંપૂર્ણપણે ખર્ચ દર વર્ષે ૧૧.૮૦ અને આવક ૧૪.૮૦. ખર્ચમાં કેટલો કન્ટ્રોલ કરીએ છીએ? ૨૦૦૪–૦૫માં ૪૯ હજાર હતો એ આ વખતે ૧.૮૧ થયો પણ ક્યાં વધ્યો? પગારમાં અને પેન્શનમાં વધ્યો. મારે કહેવું છે કે અમે પેન્શનની નવી નીતિ બનાવી કે જેથી આવતા વર્ષોમાં ૨૦૨૫–૩૦ પછી એનું ભારણ ઘટે. એના માટે સરકારે નીતિ બનાવી. આજની તારીખમાં પેન્શન પાછળ ૧૫.૮૮ ટકા ખર્ચ છે અને સેલેરી પાછળ ૧૧.૭૩ ટકા છે. વ્યાજની વાત કરીએ તો વ્યાજ ૯.૨૫ ટકા છે. મારે આજે આપને કહેવું છે કે સારો વહીવટ કોને કહેવાય? રેવન્યુ એક્સપેન્ડિચર કન્ટ્રોલ કર્યો, સરપ્લસ વધાર્યું અને આવક પણ કરી. ખર્ચ સબસિડીમાં થાય છે એ ક્યાં થાય છે? અમે ગરીબોની ચિંતા કરીએ છીએ. અમે વીજળીના ભાવો વર્ષોથી નથી વધાર્યા. (અંતરાય) મારા સાહેબ, જે કોઇ ખેડૂત કહે કે ખેડૂતોના ભાવો વધાર્યા, વિગતો લઇને આવો. ૭૮૭૨ કરોડ રૂપિયાની આજે સબસિડી આપીએ છીએ. ઉર્જા વિભાગની જ્યારે માગણી આવે ત્યારે વીજળીના ભાવો લઇને આવજો અને હું બીજા રાજ્યના વીજળીના ભાવો લઇને આવીશ. ૧૨મી તારીખ સુધીમાં તૈયારી કરવાનો તમને સમય આપું છું. ખેતીવાડીમાં ૧૮૪૨ મળીને કુલ ૧૪૫૫૧ કરોડ રૂપિયા તો આ બજેટમાં સબસિડીમાં જાય છે. આ સબસિડી ગરીબોને નથી મળતી તો કોને મળે છે? આ ડાયરેક્ટ ગ્રાન્ટ ઇન એઇડની સબસિડીઝ કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, દેવાની વાત કરું. દેવાની બહુ ચિંતા કરો છો. કરો, કરવી જોઇએ પણ મારે આપનું ખાલી ધ્યાન દોરવું છે કે, આ દેવાની અંદર જે બે નોર્મ્સ છે એ જી.એસ.ડી.પી.નું નોર્મ્સ છે. જી.એસ.ડી.પી.ના ૨૭.૧% સુધી દેવાની કેન્દ્ર સરકારે અને આર.બી.આઇ.એ મંજૂરી આપી છે એનું ૨૦૦૬–૦૭માં જી.એસ.ડી.પી.ના ૨૫.૬૦% દેવું હતું એ દર વર્ષે ઘટાડ્યું, ઘટાડ્યું, ઘટાડ્યું ૧૭.૬૩, ૧૭.૨૧, ગઇ સાલ ૧૬.૪૬ અને આ ૨૦૧૮–૧૯માં ૧૫.૯૬ કર્યુ છે. હવે આ સાચા હકીકતના નોર્મ્સ કહેવાય અને એવરેજ કોસ્ટ ઓફ ડેપ્ટ દેવું કોને સસ્તુ મળે? આજે હું લેવા જાઉં, મારી આર્થિક પરિસ્થિતિ સારી હોય તો દેવું સસ્તુ મળેને. ગુજરાતનું દેવું જે લે છે ને એ બીજા બધા રાજ્યો કરતા ટકાવારીમાં ઓછું મળે છે. અરે, જ્યારે ઓકશન કરે છે ને, ઓક્શનમાં મૂકાય છે. ગુજરાતનું દેવું આવ્યું તો ફટ દઇને બધા લે છે અને ઓકશનની અંદર ઓછામાં ઓછું વ્યાજ ગુજરાત સરકાર ભરે છે અને આ ઓપન ઓન લાઇન આર.બી.આઇ.ના રેકોર્ડ ઉપર તમને મળશે અને કોસ્ટ ઓફ ડેપ્ટ ૨૦૦૪–૦૫ માં ૧૦.૭૯ હતું. આજે ઘટીને ૮.૬૨ થયું અને આની અંદર એન.એસ.એસ.નો ભાગ વધારે છે કે જેની અંદર આપણે ઇન્ટરેસ્ટ ફિક્સ છે. જો એ ના હોત ને તો ૭% નીચે પહોંચી ગયા હોત તો પણ ૮.૬૨% નું આપણે એ પ્રમાણે કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભ્યોશ્રીઓને થોડી વિગતે વાત કરવી છે. થોડા રાજ્યના કમ્પેરીઝન આપું એટલે તમને ચોક્કસ વિશ્વાસ બેસસે, બરાબરને? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું અને કર્ણાટકનું આ ચારમાંથી તમારું એક મોટું રાજ્ય રહ્યું રાઇટ?. હું કર્ણાટકની જોડે આંકડો આપું. કર્ણાટકનું જી.એસ.ડી.પી. ૧૧,૧૭,૦૦૦ આ ગઇ સાલના આંકડા છે. એકઝેટ આ ગઇસાલના આર.બી.આઇ.ના નેટ ઉપર મૂકેલા છે અને ૧૧,૨૫,૦૦૦ ગુજરાતનું છે. ગુજરાતનું દેવું ૧,૯૯,૦૦૦ ત્યારે કર્ણાટકનું ૧,૯૮,૦૦૦ હતું, સરખું બરાબર. હવે ફિસ્કલ ડેફિસિટ ૨૫,૬૬૦ કરોડ કર્ણાટક બોલો અને તમે પબ્લિક ઇનટુ જી.એસ.ડી.પી. રેશિયો ગણો, એનાથી માંડીને દરેક જગ્યાએ ગણો તો કર્ણાટકના પણ આંકડા, આંધ્રપ્રદેશની વાત કરું તો આંધ્રપ્રદેશનું ફિસ્કલ ડેફિસિટ ૨૦,૫૦૦ કરોડ અને રેવન્યુ ૪,૮૭૦ માયનસ, આપણે ૫૦૦૦ પ્લસ છીએ અને આંધ્રપ્રદેશનું જી.એસ.ડી.પી. કેટલું છે? ૭ લાખ કરોડ, આપણું ૧૧ લાખ કરોડ અને ૭ લાખ કરોડની સામે આંધ્રનું ૧,૬૦,૦૦૦ કરોડનું બોરોઇંગ કરે છે. બીજા રાજ્યોની પણ આપને વાત કરું તો તામીલનાડુનું રેવન્યુ નેગેટીવ એટલે માયનસ આપણે પ્લસ છીએ. એમનું રેવન્યુ નેગેટીવ ૧૫,૮૫૦ કરોડ એની આગલી સાલ ૯,૪૮૦ કરોડ એની આગલી સાલ ૬,૪૧૦ કરોડ ફિસ્કલ ડેફિસિટ કેટલું છે, ખબર છે? ૪૦,૫૩૦ કરોડ અને દેવું કેટલું? ૨,૫૬,૦૦૦કરોડ અને જી.એસ.ડી.પી. કેટલું? ૧૩,૦૦,૦૦૦કરોડ એટલે આપણાથી ૧,૦૦,૦૦૦કરોડ વધારે.આ એની પરિસ્થિતિ છે. કેરાલા ૧૩૦૦૦ રેવન્યુ નેગેટિવ, ૧૦,૦૦૦ એના આગલા વર્ષે નેગેટિવ, ૧૩,૦૦૦ એના આગલા વર્ષે નેગેટિવ અને દેવું કેટલું? ૧,૮૨,૦૦૦ કરોડ, જી.એસ.ડી.પી. કેટલું? ૬,૬૩,૦૦૦ કરોડ અને મારી પાસે બધા રાજ્યોના આંકડા છે પણ હું ઓપોઝિશનના રાજ્યની વાત કરું છું. અમારા રાજ્યો સાથે અમારે કમ્પેરિઝન નથી કરવું. મને ચોખ્ખી ખબર છે કે ગુજરાતનું પરર્ફોમન્સ બધા રાજ્યો કરતા સારું છે અને એટલે જ મારે આપને કહેવું છે કે, આ એક જ વસ્તુ દેવું, દેવું, દેવું. એ દેવું કોને મળે, ખબર છે? જેનામાં તાકાત હોય એને દેવું મળે. એમ ને એમ દેવું ના મળે અને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, દેવું ક્યાં વાપરવું એ અગત્યનું છે. આ દેવું ક્યાં વાપર્યુ છે? જે કોઇ દેવું લીધું છે એ ડેવલપમેન્ટ ખર્ચમાં વાપર્યુ છે. ડેવલપમેન્ટ ખર્ચ એટલે ક્યાં? તમે શિક્ષણને ઉત્સવ ગણો છો. અમે શિક્ષણને ઉત્સવ નથી ગણતા. શિક્ષણ પાછળ ૨૪,૦૦૦ કરોડ વાપર્યા છે. હેલ્થમાં ૯૬૦૫ કરોડ આ સોશ્યલ સેકટરની વાત કરું છું. વોટર સપ્લાયમાં ૧૮૨૦૬, સોશ્યલ વેલ્ફેરમાં ૫૮૪૦ ખાલી સોશ્યલ સેકટરમાં ૬૪૯૫૭ કરોડ વાપર્યા છે. આ સોશ્યલ સેકટર છે એટલે આજની તારીખમાં તમે જોશો તો બીજા રાજયની ડાયરેકટ સિવિલની બસો ઉતરે છે. એમને એમ નથી ઉતરતી. બીજા રાજયોમાં કયાં જવું છે? તો કહે સિવિલ. આજની તારીખમાં હાથ મૂકીને પૂછો કે આટલી બધી હોસ્પિટલ તમારા ગામડાંમાં હતી

પહેલા? સિવિલ હોસ્પટલ હતી આટલી? આટલી સારી સ્કૂલો ગામડાંમાં હતી? આટલા સ્કૂલના ઓરડા હતા? કયારેય નહોતા. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : પાટલી એ બાજુ જુદી છે એમાં કશો વાંધો નહીં પણ તમે આ બાજુ જોઇને સાંભળોને? તમે બધા આ બાજુ જોઇને સાંભળો. તમે આ બાજુ જુઓને? આ બહુ લાઇટ ટોનમાં હતુ પણ પ્લીઝ કીપ કવાઇટ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાલી એટલું જ કહેવું છે વિરોધ પક્ષના નેતાશ્રી ૧૯૯૫–૯૬ના આંકડા જુએ. એમણે ઘણા આંકડા આપ્યા. એમણે કમ્ફર્ટ ઝોનના આંકડા આપ્યા પણ એની જોડે વિકાસના આંકડા આપ્યા હોતને તો વધારે સારું હોત. હું સ્પેન્ડીંગની વાત કરું છું. ૧૯૯૫– ૯૬માં, હું ૧૯૮૯–૯૦ ની વાત નથી કરતો મારી પાસે એ પણ આંકડા છે પણ હું ૧૯૯૫–૯૬ ની વાત કરું છું જયારથી અમે સરકાર લીધી. એજયુકેશનની અંદર ૧૮૮૬ કરોડ રૂપિયા દર વર્ષે વપરાતા હતા જે આજની તારીખમાં ૨૪૦૯૭ કરોડ વપરાય છે. (અંતરાય) બરાબર બોલ્યા, મારે આ જ કહેવું છે.

અધ્યક્ષશ્રી : સામસામી ચર્ચા નહીં.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હેલ્થની અંદર એ વખતે ૪૭૦ કરોડ વપરાતા હતા અત્યારે ૯૬૦૫ કરોડ વપરાય છે. પીવાના પાણી માટે ૩૭૫ કરોડ વપરાતા હતા. આખા સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં અને આખા દેશમાં સૌથી સારું પાણીના નેટવર્કનું ગ્રીડ હોય તો એ ગુજરાતમાં છે અને ૧૮૨૦૬ કરોડ વપરાય છે. કયાં ૩૭૫ અને કયાં ૧૮૨૦૬. એ વખતે માહિતી ખાતામાં તમે ૧૩.૮૧ કરોડ વાપરતા હતા એટલે કેટલો મોટો ખર્ચો હતો એ વખતે અને શેડયૂલ કાસ્ટ, શેડયૂલ ટ્રાઇબમાં ૨૨૫ અત્યારે અમે ૪૪૧૬ એકેએક આંકડો આપું. સોશ્યલ સેકટરનું ૧૯૯૫–૯૬માં અમે લીધી ત્યારે ૩૨૬૬ કરોડ હતું આજે ૬૪૨૫૬ કરોડ છે. કયાંથી ૬૪૦૦૦ આવ્યા? આ ૬૪૦૦૦ એટલે આવ્યા કે છેલ્લા જયારથી અમે બેઠા ત્યારથી રાજયનો વિકાસ દર જે ઝડપથી ચાલ્યો એના કારણે આવક વધી અને એના કારણે જે આવક વધી એ આવક અમે આમાં ખર્ચી છે. અને ખર્ચી શેમાં? હાઉસીંગમાં. લોકોને ઘરના ઘરના સ્વપ્ના નહોતા બતાવ્યા. કરીને આપ્યા. આજની તારીખની વાત કરું ખેડૂતો (અંતરાય)

અધ્યક્ષશ્રી : એનો ઉપાય છે. આપ આ બાજુ જોઇને સાંભળોને તમે આ બાજુ જોઇ શકો છો. એ પ્રશ્ન પૂછે એટલે ખાલી સાંભળવાનો છે. તમારે જવાબ આપવાના નથી. જવાબ પછી તમારે બોલવાનું આવે ત્યારે આપજો. તમને જે પ્રશ્ન પૂછાય છે એ પ્રશ્ન સ્વરૂપે વાત છે. બળદેવભાઇ, તમે એકલા બંધ થઇ જાવ તો કોઇ નહીં બોલે. તમે બધા અહીં જુઓ, મારી સામે જુઓ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચાર રાજયો, એમાં ગુજરાત એક છે જયાં ભારતીય જનતા પાર્ટીની આપણી સરકાર છે. એક કેરાલા, વેસ્ટ બેંગાલ અને કર્ણાટક આ ૩ જગ્યાઓએ ઓપોઝિશન એટલે સામેની સરકાર કહેવાય.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી એ તમને ફોર્સ ન પાડી શકે કે તમે આમ જ જુઓ. તમે એ બાજુ જોઇ શકો છો.

શ્રી સૌરભ પટેલ : ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ સાહેબ, આપ જરાક માઇક ઉપર કહો તો વધારે સંભળાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રીએ મને પરવાનગી આપી છે. અમારી વિગતો, આંકડા, તથ્ય એવું છે કે માનનીય સૌરભભાઇ બોલે છે એ સાંભળી કોંગ્રેસવાળા અમારી સાથે આંખો નથી મિલાવી શકતા.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે શાંતિ રાખીએ.

શ્રી સૌરભ પટેલ : ૪ રાજ્યોની સરખામણી આપું છું એટલે ખ્યાલ આવશે. ખેડૂતોની ચિંતા કરી છે. એગ્રીકલ્ચર ગુજરાત ૬૭૫૫, કેરાલા ૬૧૨૪, વેસ્ટ બંગાલ ૩૭૭૩ અને આપનું કર્ણાટક ૫,૫૮૦. ઈરિગેશન એમાં ગુજરાત ૧૪,૮૯૪, કેરાલા ૧૧૮૩, વેસ્ટ બંગાલ ૨,૫૮૯, કર્ણાટક ૧૦,૧૭૬, શિક્ષણ એમાં ગુજરાત ૨૭,૫૦૦, કેરાલા ૧૭૪૦૬. કેરાલામાં શિક્ષણમાં ખર્ચો વધારે છે. વેસ્ટ બંગાલ ૬,૦૨૪, કર્ણાટક ૨૧,૪૯૨. મેડિકલ હેલ્થ સર્વિસીસમાં ગુજરાત ૯૭૫૦, કેરાલા ૭૧૫૩, વેસ્ટ બંગાલમાં ૪૨૫૫, કર્ણાટકમાં ૬૫૯૩. ઈન્ડસ્ટ્રિઝમાં ગુજરાત ૬૧૪૨, કેરાલા ૧૯૨૭, વેસ્ટ બંગાલ ૧૩૫૫, કર્ણાટક ૨૨૬૬. છે કોઇ ગુજરાતની નજીક? આને કહેવાય બજેટ, આને કહેવાય વિકાસ? વિષય કેવો આવે છે? નેનો ૩૩,૦૦૦ કરોડ. હે ભગવાન, સાહેબ, આપણે ત્યાં બજેટની ચોપડીઓ બને છે અને હવે તો ચોપડીઓ નહિ, સીડી અપાય છે. ૩૩૦૦૦ કરોડ હું કહું. ૪ વર્ષનું ઉદ્યોગ ખાતાનું બજેટ ૩૩,૦૦૦ કરોડ નથી અને ૩૩,૦૦૦ આપી દીધા. આ ૩૩૦૦૦ કરોડ નેનોને ૫ વર્ષથી એકને એક ટેપ વાગે છે. ૩૩૦૦૦ કરોડ, ૩૩૦૦૦ કરોડ. તમને ખ્યાલ છે? ૧૦૦૦ કરોડથી ઓછા આટલાં વર્ષોની અંદર. મારી પાસે એકઝેટ

આંકડા નથી એટલે હું હજારથી ઓછા કહું છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આનાથી વધારે શું જોઇએ? એક હજાર કરોડથી ઓછા. તમે ૩૪૦૦૦ કરોડ કહો છો. આની સામે મંત્રીશ્રીએ જવાબ આપ્યો. તમને સંતોષ નથી?

શ્રી સૌરભ પટેલ : એક વર્ષના નહિ. આટલાં વર્ષોનો ટોટલ સરવાળો. બીજું કહું. જમીન આપી. જમીન મફત નથી આપી. સરકારના નિયમો પ્રમાણે જમીન આપી છે. બીજું, અહી ઘણી વાતો કરી. એમ.ઓ.યુ. ની વાત કરી. વાયબ્રન્ટ ગુજરાતનું એમ.ઓ.યુ. થયું હોય ને અને એ આપણે જોવું હોય તો એકવાર દહેજના એરિયામાં જાવ, સાણંદના એરિયામાં જાવ. આપને દેખાશે. કોઇપણ મોટા પાર્કમાં જાવ. જી.આઇ.ડી.સી. માં જાવ. ત્યાં જઇને પેલાને બોલાવો અને કહો કે આ તમારું મૂડીરોકાણ ક્યારે થયું? તો એ કહેશે કે ૨૦૦૩ પછી, વાયબ્રન્ટ પછી. આવું કહેશે. આપ સમજ્યા? તમારું પણ ઘણું છે. ના નથી કહેતો. કોંગ્રેસના સમયમાં પણ છે. પણ તમારી કમ્પેરિઝન અને અમારી કમ્પેરિઝનમાં ઘણો મોટો આસમાન જમીનનો ફેર છે. નોકરી આપવાની વાત કરે. નોકરી આપવામાં ગુજરાત નંબર–૧ છે. સરકારી નોકરી એ જ નોકરી છે? સરકારી નોકરી પણ વધારે આપીએ છીએ. આજે એપ્રેન્ટીસશીપનું આદરણીય નીતિનભાઇ લાવ્યા. એપ્રેન્ટીસશીપમાં કેટલા લોકોની ભરતી થઇ શકે? કોઇપણ ફેકટરીમાં કાયદાની અંદર એપ્રેન્ટીસશીપ લેવાની જોગવાઇ છે અને એને પ્રોત્સાહન આપવા માટે ફરજિયાત લેવડાવવા માટે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ વિભાગોને સૂચના આપી દીધી છે. પછી એક એક વ્યક્તિને ફેકટરીમાં એપ્રેન્ટીસશીપમાં લો અને રાજ્ય સરકાર સામેથી આપશે. આ કયારે કર્યુ હોય? ફ્રેશમેન બહાર નીકળતો હોય અને નોકરીની શોધમાં હોય એને કોઇ લેવા તૈયાર ન હોય તો એને કહે કે ૫૦૦૦ તું આપજે, ૩૦૦૦ રાજ્ય સરકાર આપશે, ૨૦૦૦ કેન્દ્ર સરકાર આપશે એટલે ૧૦,૦૦૦ મળે એટલે એની રોજીરોટી ચાલે એના માટે એપ્રેન્ટીસશીપ થયા છે. આવા વિચાર સાથે આ સરકાર આવી છે. એટલે આજે આપણે એમ કહીએ કે રોજગારી આપો, રોજગારી એમનેમ નથી આવતી, રોજગારી માટે નીતિ બનાવવી પડે છે, રોજગારી માટે મૂડીરોકાણ લાવવું પડે છે ત્યારે રોજગારી આવે છે. આજે ટેક્ષટાઇલ પોલિસીની વાત કરું તો માનનીય વિજયભાઇએ ગારમેન્ટ ઉદ્યોગ માટે બહેનો માટે ઇન્સેન્ટીવ આપવાનું નક્કી કર્યું. હજારો બહેનોને મળે. આજે ગારમેન્ટ પાર્ક માટે સરકાર ચિંતા કરે છે. લોકોને બોલાવવાની કોશિશ કરે છે. કારણકે એક ગારમેન્ટ પાર્ક આવે તો કેટલા લોકો આવે? આ તમે ટેક્ષટાઇલ પોલિસીની વાત કરી. કપાસ અહીંયા ઉત્પાદન થાય, તામિલનાડુમાં સ્પીનીંગ કરવા જાય, પચાસ હજાર કે લાખ રૂપિયા ટ્રકનું ભાડું થાય, પાછું આવે ટ્રકમાં ત્યારે ભાડું થાય, પછી આપણે ત્યાં એનું વીવીંગ થાય. સુરતમાં પ્રોસેસીંગ થાય. શું મળ્યું વેલ્યુ એડીશન? સ્પીનીંગ યુનિટ નાંખ્યા. સ્પીનીંગ અને જીનીંગ કર્યું એના કારણે હવે તામિલનાડુમાં માલ જતો બંધ થઇ ગયો. હરિફાઇ બંધ થઇ. એ પ્રોત્સાહન માટે ઇન્સેન્ટીવ આપવું પડે. એ ઇન્સેન્ટીવ આપવાની વાત આવે એટલે તમે કહો કે આ ઉદ્યોગપતિઓની સરકાર છે. બેય બાજુ નહિ બોલો. એકબાજુ બોલો, કરવું છે આ બધું કે નથી કરવું? તમે સમજ્યા? તમે એકબાજુ નેનો નેનોની વાતો કરો આખી ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી ગુજરાતની હબ બની છે. આજે દેશની અંદર સૌથી મોટું ઉત્પાદન કરતી ઓટોમોબાઇલ કંપની મારૂતી છે અને એના કારણે એન્જિનીયરીંગ યુનિટ્સ. ડાઉન ધ લાઇન્સ યુનિટ કેટલા થયાં છે? છેક સ્ટીલથી માંડીને બધા ઉદ્યોગો આવે છે. એકબાજુ આપણા ઉપર ભલામણ આવે કે અમને નોકરી અપાવો, મારૂતી કંપનીમાં નોકરી અપાવો અને બીજીબાજુ એમ કહો કે તમે એને ઇન્સેન્ટીવ કેમ આપો છો? એટલે સ્પષ્ટપણે વિચાર લાવો. વિચારો કેવા હોવા જોઇએ? ઉદ્યોગો વિકસાવવા છે? જો ઉદ્યોગો વિકસાવવા હોય તો હરિફાઇમાં એમને શું મદદ કરવી જોઇએ, હરિફાઇમાં એમને ઇન્સેન્ટીવ આપવું જોઇએ, એ ઇન્સેન્ટીવ કઇ કઇ નીતિમાં આપવું જોઇએ. એ નીતિ આદરણીય નીતિનભાઇ લાવ્યા છે. એના માટે આ બજેટની અંદર જોગવાઇ કરી છે. એટલે એમ કહેવું છે અમારું કે પાયો મજબૂત હોય તો ઇમારત ઉભી થાય. તમે છે ને ટોપ માળની વાત કરો છો કે અમારે દસમે માળે જવું છે પણ નીચે પાયો નથી નાંખવો, પાયો નાંખ્યા વગર દસમા માળે જવાય? મારે અંતમાં એટલું જ કહેવું છે કે ભાઇ, જે કંઇ વસ્તુનો વિચાર કરો, એ વિચાર આ પ્રમાણેનો હોવો જોઇએ. આજે અમને આનંદ થયો હોત. આજે અમે ગવર્નમેન્ટ બનાવી ત્યારે શેડો ગવર્નમેન્ટ શેડો ગવર્નમેન્ટની વાત કરી, સાંભળ્યું, હું એમ કહું છું કે મને તમે શેડો બજેટ બનાવીને આપો લો, એ શેડો ડેવલપમેન્ટ આપો અને હું આદરણીય નીતિનભાઇને વિનંતી કરું કે એના માટે સ્પેશ્યલ ત્રણ કલાકના પ્રવચનનું સેશન રાખે. બરાબરને? હું તમને ચોક્કસ કહુ છું, મેં ગઇકાલે વોટ્સએપમાં જોયું, આમ નવું નિશાન તમારું આવી ગયું, ચાર, ચાર રાજ્યોમાં રહી ગયા અને હવે વિચારો નહિ બદલોને તો આમ થઇ જશે અને આ ચારમાં પણ રહેવું હોયને તો વિચારો બદલો, લોકોના હિતની વાત કરો અને સારી સારી વાત આ વિધાનસભામાં કરશોને તો આ પ્રજા તમારું સાંભળશે નહિતર આવતીસાલ શું થશે? એક્ચ્યુલી એવું કરી દઇએ કે, એક પ્રસ્તાવ મૂકીએ કે આ બાજુ એટલે કે અમારી બાજુ બધું રેડ કરી દઇએ, કેસરી કરી દઇએ અને સામેની બાજુ બધું ગ્રીન કરી

દઇએ, એ રીતે બેસવાનું, સમજ્યા? તમારે ત્યાં જ રહેવાનું છે, ભા.જ.પ. નો કલર કેસરી આ બાજુ કરી દઇએ કાયમ માટે અને તમારો આટલો પટ્ટો છેને લીલો કરી દઇએ કાયમ માટે, આ જ થશે જો તમે બજેટમાં સુધારા નહિ લાવો તો. રજૂ કરેલા અંદાજપત્ર માટે ખૂબ ખૂબ અભિનંદન આપુ છું માનનીય નીતિનભાઇને અને માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓને વિનંતી કરવી છે કે આ બજેટ સર્વાનુમતે પસાર કરે.

અધ્યક્ષશ્રી : મારે બહુ જ મહત્વની વાત કરવી છે આપ સૌના ધ્યાન માટે કે મન હોય તો માળવે જવાય અને એક કોઠાસૂઝ જે મારા ધ્યાનમાં આવી છે એને ઉજાગર કરવા માગું છું, માનનીય પ્રદ્યુમ્નસિંહજી છે જેઓ અબડાસાના ધારાસભ્યશ્રી છે, આપ જરા એક મિનિટ આપના સ્થાન ઉપર ઉભા થઇ જાઓ, બધાને પરિચય થઇ જાય. (થોડીવાર બાદ) આપ હવે બેસી જાઓ, એમણે જે પ્રવચન આપ્યું. આપ પહેલીવાર ચૂંટાયેલા છો, અહીં ઘણા એવા મિત્રો છે કે જે લોકો બે વાર અને એથી વધુ વાર ચુંટાયેલા છે, છતાં પણ આપણે લખીને લાવીએ છીએ અને બેઠુંને બેઠું વાંચીએ છીએ. એને બદલે આ એક પ્રયોગ તમારે સૌએ જાણવા જેવો છે એમણે પંદર ચિત્રો બનાવેલા છે, પોતે પેન દ્વારા હાથથી આ ચિત્રો બનાવેલા છે એમાં એક ચિત્ર એ એક મુદ્દો છે અને એમણે જે પ્રવચન આપ્યું એ આ કાગળ ઉપરથી આપ્યું, આમાંથી કોપી કઢાવીને આ બધાએ લેવાની જરૂર છે જેને આપ પણ ઉપયોગમાં લઇ શકો છો અને એ શું નિશાન કર્યા છે એ પણ એમની પાસેથી સમજવા જોઇએ એવું હું માનું છું અને એમને એમણે કરેલા પ્રવચન બદલ હું અભિનંદન આપું છું.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૫ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૭મી માર્ચ, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૭ મી માર્ચ, ૨૦૧૮
તારાંકિત પ્રશ્નો
**ગુજરાત વિધાનસભા**

**બુધવાર, તા. ૭ મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૧૬, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૩૯૦૫ શ્રી વિમલભાઈ ચુડાસમા(સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૧)

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| જુનાગઢ | ૪૮ |
| ગીરસોમનાથ | ૦૨ |
| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | |
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| જુનાગઢ | ૫૮ |
| ગીરસોમનાથ | ૦૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા, અને

(૨)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | ૪૪ |
| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | ૪૮ |

(૩) કેટલા બાળકો લાપત્તા છે?

(૩) ૧૮

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુમ થયેલ બાળકો પૈકી એક વર્ષ કરતાં વધારે સમયથી ગુમ હોય તેવા કેટલા બાળકો છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, ગુમ થયેલ બાળકો પૈકી અપહરણ થયા હોય તેવા બાળકો કેટલા છે અને તે પૈકી કેટલા બાળકોને અપહરણકર્તા પાસેથી છોડાવ્યા અને તે પૈકી કેટલા અપહરણકર્તા સામે કાર્યવાહી કરવામાં આવી?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જે કહેવામાં આવ્યું એમાં મારે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવું છે કે, જે બાળકો ગુમ થયા છે એ બાળકોમાં જુનાગઢમાં કુલ ૮૯ પૈકી એક માસ સુધીમાં મળી આવેલા બાળકો ૬૨ છે અને ગીર-સોમનાથમાં ૩ બાળકો પૈકી શૂન્ય છે. જુનાગઢમાં એક થી છ માસ સુધીમાં મળી આવેલ બાળકો ૧૯ છે અને ગીર-સોમનાથમાં ૨ છે. જુનાગઢમાં છ થી બાર માસ સુધીમાં મળી આવેલ બાળકો સાત છે અને ગીર-સોમનાથમાં એક પણ નથી. એક વર્ષથી વધુ સમયગાળા માટે ગુમ થયેલ બાળકોની સંખ્યા જુનાગઢમાં માત્ર એક છે અને ગીર-સોમનાથમાં પણ એક છે. એટલે જુનાગઢમાં કુલ ૮૯ બાળકો પરત આવ્યા છે અને ગીર-સોમનાથમાં ૩ એટલે કુલ ૯૨ જેટલા બાળકો આ ગાળા દરમિયાન પરત આવ્યા છે. બીજા પ્રશ્નના જવાબમાં કુલ સંખ્યામાંથી જે ૧૫ થી ૧૮ વર્ષના બાળકો ગુમ થયા છે એના ૯૦ ટકા કિસ્સાઓમાં દીકરીઓનું પ્રમાણ વધારે છે અને આ કિસ્સાઓમાં માત્ર અને માત્ર પ્રેમ-પ્રકરણના કારણે પોતાનું ઘર છોડીને જતા રહ્યા હોય છે. કેટલાક કિસ્સાઓમાં કૌટુંબિક ઝઘડાઓ થતાં બાળકો પોતાની માતા સાથે જતા રહેતા હોય છે અને ઘણી વખત પોતાના અભ્યાસક્રમના કારણે અથવા પરીક્ષામાં નાપાસ થવાના કારણે ઘર છોડીને જતા રહે છે. આપણા રાજ્યની અંદર બાળકોને ઉપાડીને લઇ જવાના કોઇ કિસ્સા ધ્યાનમાં આવતા નથી અને જે કિસ્સાઓ છે એ બધાંની અંદર રાજ્ય સરકાર દ્વારા સમગ્રતયા રાજ્યનું missing child cell છે અને એનું નિયમન state CID crime દ્વારા

થાય છે અને જે તે રેન્જ એસ.પી.ને પૂછપરછ કરીને બાળકોના વાલીઓનો સંપર્ક કરીને બાળકોને પરત લાવવાની રાજ્ય સરકારની સઘન ઝુંબેશ ચાલુ છે અને કાયમી સંજોગોમાં પણ એ કામગીરી હાથ ઉપર લેવામાં આવી છે.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે બાળકો પરત મળેલ નથી તેની તપાસ કરતાં કયા કારણો જાણવા મળે છે કે જેને કારણે એ બાળકો પરત મળ્યા નથી?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ આપણને મોટાભાગના બાળકો પરત મળી ગયા છે જે મારા મૂળ જવાબમાં આવી ગયું છે અને જે બાળકો નથી મળ્યા એના કારણોનો મેં અગાઉ ઉલ્લેખ કર્યો એ પ્રમાણેના કારણોના આધાર ઉપર આ બાળકો આપણને નથી મળ્યા.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એમાં બંને વર્ષોમાં જુનાગઢ જિલ્લામાં તા. ૧/૧/૨૦૧૬થી તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધીના સમયગાળામાં ૧૦૬ બાળકો ગુમ થયા છે અને ગીર–સોમનાથ જિલ્લામાં તા. ૧/૧/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં ૪ બાળકો ગુમ થયા છે. એમાંથી ૯૨ જેટલાં બાળકો મળી આવ્યાં છે. બાકીના ૧૮ જેટલાં બાળકો મળી આવ્યાં નથી, અને શોધવાના બાકી છે તો આ જે ગુમ થયેલાં છે એ ૧૮ બાળકો લગભગ કેટલી ઉંમરનાં છે અને એના માટે પોલીસે શું કાર્યવાહી કરી? માનનીય અધ્યક્ષશ્રી, જે ગુમ થયા પછી ઘણી વખત એના વાલી કે વારસદારો પોલીસ સ્ટેશને જાય તેમ છતાંય એમની સમયસર ફરિયાદો નહીં લેવાના કારણે પણ આ બનાવોમાં લાંબો સમય જતો રહે તો એનો જે અપહરણકર્તા હોય કે ગુમ થયા હોય અને પછીથી એને લઇ જવાનો સમય મળી જાય છે એટલે સમયસર ફરિયાદ પોલીસ સ્ટેશનમાં લેવાય એના માટે માનનીય મંત્રીશ્રી શું કાર્યવાહી કરવા માગે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પોતાનો પ્રશ્ન પૂછ્યો એમાં કુલ પૈકીના ઉંમરવાઇઝ એમણે વર્ગીકરણ માગ્યું છે. તો જુનાગઢની અંદર...

અધ્યક્ષશ્રી : આ વર્ગીકરણ લાંબું થશે, તો સામાન્ય કારણોથી ચાલી જશે માનનીય કુંવરજીભાઇ. આપ સામાન્ય કારણો આપો. એક એક બાળકનું ગણાવવા જશે તો ઘણું થઇ જશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બધી વાત નથી કરતો પણ કુલ જે બાળકો છે એમાં જુનાગઢની અંદર ૧૫ થી ૧૮ વર્ષના કુલ ૮૭ પૈકીના ૭૭ દીકરા, દીકરીઓ એની અંદર છે અને એ જ પ્રમાણે ગીર સોમનાથની અંદર જે કુલ બાળકો છે એમાં ૧૫ થી ૧૮ વર્ષના કુલ બે પૈકીના એક, આમ કરીને કુલમાં ૯૦ ટકા જેટલા માત્રને માત્ર ૧૫ થી ૧૮ વર્ષના સમયગાળાના છે અને માનનીય અધ્યક્ષશ્રી, આ બાકી રહેલાં ૧૮ બાળકોનું સેપરેટ ઉંમરનું વર્ગીકરણ હાલ મારી પાસે અવલેબલ નથી એ હું રેકર્ડ ઉપર મૂકી દઇશ.

સુરત જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગો માટે ગ્રાન્ટ

* ૩૦૪૨ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે સરકારે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરેલ છે ? | (૨) |

| અનુ | જિલ્લો | ફાળવવામાં આવેલ ગ્રાન્ટ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | શૂન્ય |
| ૨ | ૨૦૧૭ | ૩.૬૨ |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લાની અંદર વર્ષ ૨૦૧૭ની અંદર ખનિજ પરિવહન અસરગ્રસ્ત માર્ગ માટે ૩.૬૨ કરોડ રૂપિયા માર્ગોની જાળવણી માટે ફાળવેલ છે તેમાંથી હાથ ધરવામાં આવેલાં કામોની વિગત શું છે તથા આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે કામો સુરત જિલ્લાની અંદર કરવામાં આવ્યાં છે એક તો કન્સ્ટ્રક્શન રોડ છે, આરેજ– આંત્રોલી– બોરીગલ વીલેજ રોડ તાલુકા માંડવીની અંદર કરવામાં આવ્યો છે અને એની ૨૬.૯.૧૬ તારીખે એની પ્રપોઝલ કરવામાં આવી, ૫ કિલોમીટરનો રોડ હતો, ૨ કરોડ અને ૧૦ લાખ રૂપિયાનો એની એલોટેડ ગ્રાન્ટ હતી. ગ્રાન્ટનો ઓર્ડર તા. ૧.૨.૧૭ના રોજ કરવામાં આવ્યો છે એનું રિટેન્ડરીંગ તા. ૨૦.૯.૧૭ના રોજ કરવામાં આવ્યું છે. વર્કઓર્ડર આપ્યો છે એ તા. ૯.૧.૧૮ના રોજ આપ્યો છે. ટાઇમલીમીટ ૬ છે એટલે તા. ૮.૭.૧૮ સુધીમાં એની કામગીરી પૂર્ણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો જે રોડ છે એ માંગરોળ તાલુકાની અંદર છે અને કપીલકોડી–રાંતોલા વીલેજનો રિસર્ફેસીંગનું કામ છે. ૬ કિલોમીટરનું કામ છે, ૨૬.૧૫ રૂપિયાનો, એની ગ્રાન્ટ ઓર્ડર તા. ૧૫.૬.૧૭ એ કરેલ છે, અને ટેન્ડરીંગ તા. ૨૭.૯.૧૭ કરી વર્ક ઓર્ડર તા. ૨૩.૨.૧૮ના રોજ આપી બે મહિનામાં એટલે કે ૨૨.૪.૧૮ સુધીમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ત્રીજું, માંડવીની અંદર છે. આરથી શેલી ટુ મધરકુલી, આંત્રોલી વીલેજનો છે, ૪.૯૫ કિલોમીટરનો છે અને

એનું રિટેન્ડરીંગ તા. ૧૮.૬.૧૭ એ થઇ ગયું છે, વર્ક ઓર્ડર તા. ૨૨.૯.૧૭ના રોજ આપવાનો છે અને એની ટાઇમલીમીટ છ માસની છે, ૩૦.૪.૧૮ સુધીમાં આ કામગીરી પૂર્ણ થશે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે મુકેશભાઇએ પ્રશ્ન પૂછયો એ ખૂબ અગત્યનો છે. અમારો આદિવાસી વિસ્તાર છે તેમાં તાપી નદીનો જે પટ છે ત્યાં વ્યાપક પ્રમાણમાં ખાણમાં ચોરીઓ થાય છે. મામલતદાર કલેકટર અને...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : આ રસ્તા રીપેર કરવા માટે છે. ગ્રામ્ય કક્ષાએ જે રસ્તા હોય તેમાં સામાન્ય રીતે ૧૦ ટન સુધીનું વજન વહન કરી શકે તેવા હોય તેની સામે ખનિજ લઇ જાય છે તે ૪૦ થી ૫૦ ટન લઇને જાય છે. રસ્તાને રીપેર કરવાનો સવાલ પછી આવે છે આ રસ્તાઓ ટકતા જ નથી. તો તેના માટે આપ શું કરવા માગો છો? એક અને માંડવીના જે રસ્તો છે તે માનનીય મંત્રીશ્રીએ કહ્યા છે આટલા આટલા રિપેર કરવાના છે તો એનો મને ફરી જણાવે તો મને આનંદ થશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આનંદભાઇને આનંદ થશે.

શ્રી સૌરભ પટેલ : એમણે જે પહેલો પ્રશ્ન પૂછયો એ સ્પેસિફિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે પૂછયો છે એના માટે અલગ નોટિસ આપવી પડશે. અને રૂ. ૩.૬૨ કરોડના જે ૩ કામો લીધાં છે, તે પછીનાં બન્ને કામો બે તાલુકા માંડવીના છે અને એક માંગરોળનો છે, એમાં જે કામો લીધાં છે તેના વર્કઓર્ડર અપાઇ ગયેલા છે આ ત્રણેય કામોના ગામોના નામ છે તે બોડીગલ્લા વીલેજ રોડ છે, પછી એક માધુરી કુરી આંત્રોલી વીલેજનો છે, એક રાતોલા વીલેજનો રોડ છે.બેજીકલી મારે એટલું કહેવું છે સાહેબ કે જે માઇનીંગ એરિયા છે તેની અંદર આપણે ગ્રાન્ટ આપીએ છીએ, તેના રોડ રસ્તાના કામ અને તેના રીપેરીંગ કરાવવા માટે રાજય સરકાર સીધી ગ્રાન્ટ આપે છે અને એ ગ્રાન્ટના આધાર પર આ ત્રણ કામો સુરત જિલ્લામાં લીધાં છે અને એ બધાં કામો પ્રગતિમાં છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, ખાણ ખનિજ ડિપાર્ટમેન્ટ દ્વારા જે ઇન્ફ્રાસ્ટકચર પ્રોજેકટ નવા લાવવાના છે તે કયા કયા પ્રકારના છે? અને આની ગ્રાન્ટ ફાળવવાની શું પ્રથા હોય છે અને કયા પ્રકારથી એને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે નીતિ બનાવી છે. અને ૨૦૦૭-૮ થી જે કોઇ એરિયાની અંદર માઇનીંગ થતું હોય તેમાં રોજની ટ્રકો જતી હોય તે ગામડાંની અંદર કોઇ તકલીફ હોય, ગામડાંમાં નાના મોટા કામો કરાવવા હોય તે માટેની મીનરલ પોલીસીની અંદર આ કામો રોડ, વીજળી, હેલ્થ છે, પ્રાયમરી સ્કૂલ હોય, પીવાના પાણીના કામો હોય એવા કામો સ્ટેટ બજેટની અંદરથી ડાયરેકટલી જોગવાઇ કરવામાં આવી છે. અને આવા કામોની જોગવાઇ કરવામાં આવે છે ત્યારે કન્સર્ન જિલ્લાનો જીઓલોજીસ્ટ હોય તે આઇડેન્ટીફાઇ કરી કયો રોડ એકદમ ખરાબ થઇ ગયો છે તેને માટે સ્ટેટ બજેટની અંદર લેવાયો ન હોય તેને જોબ નંબર ન મળ્યો હોય તો તેના માટે કમિશનર જીઓલોજીસ્ટ લખે છે કે એને પ્રિન્સીપલ મંજૂર રાખો તો સારું અમે તમને બજેટ આપીશું, તમે રોડ જોઇ લો. તે ડિસ્ટ્રીક્ટ જીઓલોજીસ્ટ આર. એન્ડ બી. ની સાથે લઇ ડીટેઇલ એસ્ટીમેટ બનાવે છે અને એસ્ટીમેટમાં લઇ તેનું કામ બતાવે છે અને એ પ્રપોઝલ કમિશનર જીઓલોજીસ્ટને મોકલી આપે છે અને એ ઓ.કે . કરે ત્યારે તેવા ઇન્ફ્રાસ્ટકચર કામો જિલ્લા પંચાયતમાં દાખલા તરીકે હોય તો આરએન્ડ બી અને ડિસ્ટ્રીક્ટ પંચાયત દ્વારા આ કામગીરી કરાવવામાં આવે છે. નાણાકીય જોગવાઇ વિભાગ કરતો હોય છે. એનો સ્ટેટ બજેટમાંથી ખર્ચ કરવાનો હોય છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લાની સાથે સાથે ગુજરાતના અન્ય વિસ્તારોમાં ખાણ ખનિજ વિસ્તારોમાં વહનને કારણે ઘણા બધા રસ્તાને નુકસાન થતું હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે લીઝની મંજૂરી મર્યાદિત હોય છે, સ્થળ પરની પરિસ્થિતિ જુદી હોય છે, ત્યાં વહન વ્યાપક પ્રમાણમાં થતું હોય છે.ગેરકાયદેસર વહન પણ ઘણું બધું થતું હોય છે તેવા વિસ્તારોને આપણે કાંઇ લાભ આપી શકીએ છીએ કે કેમ?

શ્રી સૌરભ પટેલ :આ યોજનાના વ્યાપ કરતાં વધારે સરકારના આર.એન્ડ બી. ડિપાર્ટમેન્ટમાંથી બજેટ રોડ રસ્તા માટેનું ફાળવવામાં આવે છે. કરોડો કરોડો રૂપીયાની ગ્રાન્ટો આ મિનરલ બેરીંગ એરીયાની અંદર ટ્રકોનું જયાં વહન વધારે થતું હોય ત્યાં ગ્રાન્ટો આવે છે. બીજું ડીસ્ટ્રીક મિનરલ ફંડ ઉભું થયું છે અને જે કોઇ વિસ્તારની અંદર માઇનીંગ એકટિવીટી ચાલતી હોય, અને એમાંથી રોયલ્ટી અને એ ડીએનએ ફંડમાં જાય છે અને આ ફંડ ટકાવારીના આધાર પર એ વિસ્તારના પંચાયત અથવા ગામડું એ રીતે સંપૂર્ણપણે એના બધા કામો હાથ પર લેવામાં આવે છે અને છેલ્લી કેન્દ્ર સરકારની નવી ગાઇડ લાઇન નક્કી થઇ છે તે રીતે દર વરસે કરોડો કરોડો રૂપિયાની રોયલ્ટીનો હિસ્સો ડિસ્ટ્રીક્ટ પંચાયતો લઇ જશે અને એના કારણે આ બધા કામો કરાવી શકશે અને છેલ્લે કેન્દ્ર સરકારમાંથી નવી ગાઇડ લાઇન નક્કી થઇ છે એ મુજબ દર વર્ષે કરોડો રૂપિયાની રોયલ્ટીનો હિસ્સો ડિસ્ટ્રીક્ટ પંચાયતોને મળે છે એના કારણે બધા કામો કરાવી શકાશે.

ફાલ્ગુન ૧૬, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

રા.અ.પો.દળ જૂથ–૭, નડિયાદની આરોગ્ય ચકાસણી

* ૩૩૫૪ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે, તે વાત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રા.અ.પો.દળ જૂથ–૭, નડિયાદ યુનિટમાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે ? | (૨) ૩૦૩૧ |

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે પોલીસ આરોગ્ય ચકાસણી કાર્યક્રમ શું છે અને એમાં કયા રોગોની તપાસ કરવામાં આવે છે. ચકાસણી દરમિયાન જો કોઇ રોગ જણાઇ આવે તો એની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલ પ્રશ્નમાં એમને રાજ્યના પોલીસ તંત્રના આરોગ્ય અંગેની વાત કરી છે. આ પોલીસ તંત્ર સમગ્ર રાજ્યની શાંતિ અને સલામતી અને સુરક્ષા માટે પોલીસ એક્ટ પ્રમાણે ૨૪ કલાક સતત કામ કરતું હોય છે ત્યારે એણે પોતાના સ્વાસ્થયની ચિંતા નથી કરી એણે ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષાની ચિંતા કરી છે. એવા પોલીસ તંત્રના સ્વાસ્થયની ચિંતા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૪ થી એનું અમલીકરણ કરવામાં આવે છે.એના પરિવારના લોકોની પણ ચકાસણી કરવામાં આવે છે. મેડીકલ કેમ્પ રાખીને post screening advice suggested investigation, low haemoglobin અને આના સંદર્ભના બાકીના જેટલા miscellaneousજેટલા પ્રકારના ઇન્વેસ્ટીગેશન કરીને એને કોઇ chronic કે અન્ય પ્રકારના disease કે નહિ એ પ્રકારનું detection કરવામાં આવે છે. અને એમાંથી એને કોઇ પ્રકારની વધારે મેડીકલ સર્વિસીસ અથવા ઓપરેટીવ પાર્ટસની આવશ્યકતા હોય તો એને બાકીના ઓપરેશન્સ કરવાની રાજ્ય સરકાર દ્વારા એ પોલીસ કર્મચારી તરીકે એને reimbursementના માધ્યમથી મદદ કરવામાં આવે છે. આમ દેખાવમાં નાની લાગતી યોજના છે પરંતુ પોલીસ અને પોલીસ પરિવારને રાજ્ય સરકારની યોજનાના માધ્યમથી એના વેલ્ફેર પ્રવૃત્તિના માધ્યમથી એમાં રાજ્ય સરકાર ઇન્વોલ્વમેન્ટ થઇને આ ઉત્તમ પ્રકારની કામગીરી પોલીસ તંત્રના પરિવારો માટે રાજ્ય સરકારે હાથ ઉપર લીધી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આમાં વર્ગ–૩ના બધા જ કર્મચારીઓનો સમાવેશ થઇ જાય છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ કર્મચારીઓ આમાં આવી જાય છે. ઉચ્ચ અધિકારીઓથી માંડીને નીચેના તમામ અધિકારીઓ, કર્મચારીઓ આમાં આવી જાય છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્ય અનામત પોલીસ દળ જૂથ–૭ નડિયાદ માટે વર્ષ ૨૦૧૬–૧૭ માં આરોગ્ય ચકાસણીમાં જે પરિવારોને આવરી લીધા હતા એના પરિણામોની વિગતો શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અત્યાર સુધીમાં છેલ્લા બે વર્ષમાં સન ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં ૧૧૮૦ અને ૧૮૫૧ એટલે ૩૦૩૧ હતા. જે પૈકી પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ બે વર્ષમાં ૧૭૪૯ હતા જયારે બાળકોની સંખ્યા ૪૯૪ હતી, મહિલાઓની સંખ્યા ૪૬૪ હતી. આ સારવાર દરમિયાન કેન્સરના કુલ પાંચ કેસ મળ્યા હતા. ડાયાબીટીશના ૯૧, કીડની યુરીનને લગતા ૨૧ કેસ, આજકાલ સતત કામના સ્ટ્રેસના કારણે બ્લડ પ્રેસરના ૩૨૫ કેસ મળ્યા હતા. Heart related ૫૮ કેસીસ લીવરના પાંચ જેટલા કેસ આમ જુદા જુદા પ્રકારના ડીસીસ યુરીન એમના ઇન્વેસ્ટીગેશન દરમિયાન ધ્યાન ઉપર આવ્યા છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પોલીસ વિભાગ માટે જે સારવાર આપવામાં આવે છે. એ સારવારના અંતે પોલીસ દળના કેટલા જવાનોને સારવાર આપવામાં આવી અને એની પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો? કયાંક ખર્ચ કરવાનું લાગે કે કોઇ ગંભીરપ્રકારની બિમારી હોય તો મફત સારવાર આપવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ, ૩૦૩૧ જણાને સારવાર આપવામાં આવી છે એ લેખિતમાં જવાબ છે. બાકીનો પ્રશ્ન રહ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આમાં તમામ પ્રકારનો ખર્ચ તેના સ્વાસ્થ્ય સંદર્ભમાં હોય એ તેમની સોસાયટી દ્વારા કરવામાં આવે છે. પરંતુ ફર્ધર આગળની મેડિકલ સારવાર માટે જે પણ આવશ્યકતા હોય એ તેને રીએમ્બર્સમેન્ટ દ્વારા મળતી હોય છે.

# તા. ૭ મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

### રાજ્યની એફ.એસ.એલ.માં નાર્કો એનાલીસીસ

* ૩૩૨૭ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં નાર્કો–એનાલિસીસ પદ્ધતિથી કેસોનું પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે ? | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ.માં નાર્કો એનાલિસીસ પદ્ધતિથી કુલ ૮૪ કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

શ્રી બલરામ ખુ. થાવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે નાર્કો ટેસ્ટની વાત કરી છે તે શું છે એ અંગે થોડી માહિતી આપો. જવાબમાં જણાવેલું છે કે ૮૪ કેસો પૈકી અન્ય કયા રાજ્યોએ અને કેન્દ્રની એજન્સીઓએ મદદ માગી છે? તેની વિગત આપશ્રી આપશો તેવી વિનંતી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પોલીસ તંત્ર દ્વારા જે ક્રાઇમ થાય છે તેમાં ડ્યુરીંગ ઇન્વેસ્ટીગેશન જે જુદી જુદી સિસ્ટમ આપણે એપ્લાય કરી છે તેના કારણે ક્રાઇમ કરવાવાળા લોકોને આઇડેન્ટીફીકેશન માટે આપણાં સારા પરિણામોના મૂળની અંદર આપણી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા કેટલીક હાઇ ટેક્નોલોજીવાળી સિસ્ટમ ડેવલપ કરી છે. તેમાં આખા દેશમાં આપણને સૌને ગૌરવ થાય, એ ગુનેગારને પકડવા માટેની, ગુનેગારને આઇડેન્ટીફાઇ કરવા માટેની એક નાર્કો એનાલિસ સિસ્ટમ આખા દેશમાં માત્રને માત્ર ગુજરાત રાજ્યમાં થાય છે. આ નાર્કો એનાલિસીસના સંદર્ભમાં માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તે અંગે સમગ્ર સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે જયારે કોઇ પુરાવાની જરૂર હોય અને શકમંદ વ્યક્તિ સહકાર ન આપે અને કોર્ટની પરવાનગી મળે ત્યાર બાદ આ નાર્કો એનાલિસીસ કરવામાં આવે છે. આરોપી સંપૂર્ણ સભાન અવસ્થામાં કોઇ પણ જવાબ આપતા એ ખચકાટ અનુભવતો હોય છે. તેને સોડિયમ બેન્ટાથોલ નામનું ઇન્જેકશન આપીને અર્ધ બેભાન અવસ્થામાં લાવવામાં આવે છે. પછી તેના સાઇકોલોજીકલ ડિપાર્ટમેન્ટના નિષ્ણાતો દ્વારા તેને જુદા જુદા પ્રશ્નો પૂછીને તેનું એનાલિસીસ કરવામાં આવે છે. આ એનાલિસીસ દરમ્યાન તેના પ્રશ્નના જવાબો તેના માઇન્ડમાં હોય છે તેમાંથી એ સાચા જવાબો નીકળે છે અને તેમાંથી ક્રાઇમ ડિટેકશનમાં આપણે સારી પ્રગતિ કરી શકીએ છીએ. તેમનો બીજો પ્રશ્ન હતો કે ૮૪ પૈકી અત્યાર સુધીમાં ૧૫૪ વ્યક્તિઓનો નાર્કો એનાલિસીસ કરવામાં આવ્યો હતો અને તેમાં રાજ્ય તથા કેન્દ્રના કુલ ૫૮ કેસોમાં ૮૮ વ્યક્તિઓના નાર્કો ટેસ્ટ કરીને ક્રાઇમ ડિટેકશનમાં મદદ રહી છે. આખો કોઠો લાંબો છે એટલે બધું નથી કહેતો, પરંતુ દેશમાં નાર્કો એનાલિસીસ માત્રને માત્ર ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં કરવામાં આવે છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે રાજ્યની એફ.એસ.એલ. એ ભારતની શ્રેષ્ઠ લેબોરેટરી છે અને સ્ટેટ ઓફ આર્ટ છે ત્યારે હમણાં જ આઇ.એન.એક્સ. મિડિયા કૌભાંડમાં સંડોવાયેલા કાર્તિક ચિદમ્બરમને જો વિવિધ સાઇકોલોજીકલ ટેસ્ટ કરવામાં આવે તો આ ગુનો ઉકેલવામાં મદદરૂપ થઇ શકાય?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ નાર્કો એનાલિસીસ મેં કહ્યું છે તે પ્રમાણે કોઇએ ગુનો કર્યો હોય અને એ માનતા ન હોય તો તેને સોડિયમ બેન્ટાથોલના ઇન્જેકશનથી કરી શકાય. માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે. નરેન્દ્રભાઇ મોદી જયારથી આ દેશના પ્રધાનમંત્રી બન્યા છે તેમણે તમામ ક્ષેત્રેથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે ભલભલા આરોપીઓને પકડીને જેલના હવાલે કરવા માટેનું કામ કર્યું છે. તેમાંનો આ કાર્તિક ચિદમ્બરમ નામનો આરોપી છે તેને કેન્દ્ર સરકાર દ્વારા જો રાજ્યને કહેવામાં આવશે તો રાજ્ય દ્વારા પણ તેની પૂરતી તપાસ કરીને તેણે જે સાચું કરેલું કૃત્ય છે તે બહાર લાવવામાં અમે કેન્દ્રની એજન્સીને મદદરૂપ થવા માટે તૈયાર છીએ.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આશારામબાપુ પર નાર્કો ટેસ્ટ કર્યો હતો કે નહીં? બીજો મારો પ્રશ્ન એવો છે કે લલિત મોદી, નિરવ મોદી, •(×××) કે વિજય માલ્યા.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન જ રદ કરવામાં આવે છે. એનો હેતુ બરાબર નથી. એમનું માઇક બંધ કરવામાં આવે. આપ બેસી જાઓ. (અંતરાય) આપનો પ્રશ્ન પૂછવાનો ઇરાદો બરાબર નથી. માનનીય પિયુષભાઇ, માનનીય જગદીશભાઇ, આપ બધા બેસી જાઓ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કાર્તિ ચિદમ્બરમની એમણે વાત કરી છે.

અધ્યક્ષશ્રી : એ આરોપી છે. કાર્તિ ચિદમ્બરમ આરોપી છે. જે આરોપી ન હોય એની ગૃહમાં વાત ન થઇ શકે. (અંતરાય) ઉલટ તપાસ સ્વરૂપ પ્રશ્ન ન પૂછી શકાય. આપણે બધા જાણીએ છીએ. એમણે તો સભ્યશ્રીને માહિતી આપી છે. આપ બધા બેસી જાઓ, પ્લીઝ. સમય બગાડશો નહીં, પ્લીઝ બેસી જાઓ. બીજા પ્રશ્નો પૂછવાના છે. બધા બેસી જાઓ. આપના ઉપનેતા ઉભા છે. બેસી જાઓ.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજકીય અવલોકન નહીં કરું.

અધ્યક્ષશ્રી : એ પ્રશ્ન પૂછવા માગતા નહોતા. એમને ચિઠ્ઠી આપવામાં આવી હતી. પહેલા હાથ ઉંચો કર્યો પણ પછી એ પૂછવા માગતા નહોતા. છતાંય મેં તેમને તક આપી. પછી આ પ્રકારના પ્રશ્ન પૂછવા દેવાય નહીં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે વાત કરી કે જે લોકો આરોપી હોય એમનો નાર્કો ટેસ્ટ કરવામાં આવે છે. એમણે કાર્તિ ચિદમ્બરમનું નામ આપ્યું. સવાલ એ છે કે આશારામ, નિરવ મોદી એ લોકોનો નાર્કો ટેસ્ટ (અંતરાય)

અધ્યક્ષશ્રી : દંડકશ્રી, પ્લીઝ. ૪૦ વર્ષની મારી ફોજદારીની વકિલાત છે, આરોપી જ્યાં સુધી સંમતિ ન આપે ત્યાં સુધી આ ટેસ્ટ થતા નથી. (અંતરાય) એ તો ભવિષ્યની વાત છે. એ કરાવવા માગશે તો કરાવવા તૈયાર છે. હવે આપ બેસી જાઓ. મેં જવાબ આપી દીધો છે. તમારે બીજા પ્રશ્નો પૂછવાના છે. આપના નેતા ઉભા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય ન હોય એવા કોઇ વ્યક્તિનો ઉલ્લેખ અહીંયાં થતો નથી. અમે વિનંતી કરીએ છીએ કે તંદૂરસ્ત ચર્ચા થાય અને એના માટે રાજકીય ટિપ્પણીઓ ટ્રેઝરી બેન્ચમાંથી ન થાય. ચર્ચા કરતા અમારા સભ્યોને ઉશ્કેરવા માટે રાજકીય અવલોકનો થશે તો એનો રાજકીય જવાબ સાંભળવાની એમણે ક્ષમતા રાખવી પડશે. આપના અધ્યક્ષસ્થાને સુંદર રીતે અને તંદૂરસ્તપણે ચર્ચા થાય એવું અમે ઇચ્છીએ છીએ. એના માટે આપ સરકારને અને ટ્રેઝરી બેન્ચને ઠપકો આપો કે આ ગૃહના સભ્ય ન હોય એમનો ઉલ્લેખ એ છોડી દે તો તંદૂરસ્ત ચર્ચાઓ આગળ વધશે.

અધ્યક્ષશ્રી : ચાલો, શ્રી પિયુષભાઇ દેસાઇ.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મને પહેલા રક્ષણ આપો. કારણ વગર આ બધી વાતો ચાલે. મારો અગત્યનો પ્રશ્ન હતો. ગુજરાતમાં ખૂબ જ અગત્યની પદ્ધતિથી ગુનાનું એનાલિસિસ થાય છે. એનાથી કઇ કઇ અગત્યની માહિતી આ નાર્કો એનાલિસિસથી મળી શકે? હાલમાં જે પદ્ધતિ છે એનાથી ક્યા ક્યા ગુનાની માહિતી આપને મળેલ છે. એ મંત્રીશ્રી જણાવે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ ગુનેગારને પકડવા માટે જ્યારે ગુનેગાર પોતે સંમતિ આપે ત્યારબાદ એના આધાર ઉપર આ ટેસ્ટ કરવામાં આવે છે. એમણે જે કહ્યું એમાં બે-ત્રણ કિસ્સાઓ મારા ધ્યાનમાં આવ્યા છે એ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. ઉમરગામ પોલીસ સ્ટેશનની અંદર ૨૦૦૭માં થયેલ ગુનામાં ચાર લોકોનું નાર્કો એનાલીસીસ છ મહિના પહેલા કરવામાં આવ્યું અને એમાંથી સાચા ગુનેગારને આપણે પકડી શકયા છીએ. એ જ રીતે છત્તીસગઢ રાજયના દુર્ગ જિલ્લાના રાયપુરની અંદર આત્મહત્યાના કેસમાં ૨૦૦૮માં ખુનનો ગુનો દાખલ થયેલ. પરંતુ કોઇ ગુનેગાર નહીં મળી આવેલા. આના સંદર્ભમાં પણ આપણે ગુનેગારને પકડી પાડેલ છે અને આપણે જે ઇન્વેસ્ટીગેશન કર્યુ એના આધાર ઉપર એફ.એસ.એલ.નો બહુ જ અગત્યનો ભાગ રહેલ છે. એ જ પ્રમાણે ૨૦૧૭માં સીમલા ખાતે ૧૪ વર્ષની બાળકીનો બળાત્કાર કરીને ખુન કરવામાં આવેલ જે સંદર્ભમાં હિમાચલ પ્રદેશ પોલીસ દ્વારા છ વ્યકિતઓની ધરપકડ કરવામાં આવેલ. એ વખતે જે તે ધરપકડો ખોટી કરવામાં આવેલી હતી પરંતુ આપણે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના માધ્યમથી એમાં સાચી હકીકતો બહાર કરીને જે લોકોએ આ ગુનામાં ખોટા લોકોની ધરપકડ કરી હતી એ આઇટેન્ડીફાઇ કરીને એ જે પોલીસ અધિકારીઓ હતા એ પોલીસ અધિકારીઓને આપણા રીપોર્ટના કારણે સસ્પેન્ડ પણ કર્યા. આમ નાર્કો એનાલીસીસ ક્રાઇમ ડીટેકશન માટે એક બેસ્ટ વેપન તરીકે હાલ આપણી રાજય સરકાર ઉપયોગ કરી રહી છે.

### ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં નવી જેટી

* ૨૪૨૧ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જેટીઓ બનાવવામાં આવી ? | ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા નવી જેટી બનાવવામાં આવી નથી. |

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રશ્ન પૂછયો છે કે છેલ્લા બે વર્ષની અંદર કેટલી જેટી બનાવવામાં આવી તો એમાં જવાબમાં લખ્યું છે કે એક પણ જેટી બનાવવામાં આવી નથી. મારે આપના મારફત મંત્રીશ્રીને પૂછવું છે કે માછીમારી કરનારનો દરીયાકાંઠાની અંદર બહુ વ્યાપક પ્રમાણમાં એમનો બીઝનેસ જયારે હોય ત્યારે એમને સુવીધાઓ આજના સમયમાં જે મળતી હોય એમાં મુખ્ય એમના વ્યવસાય સાથે સંકળાયેલી વસ્તુ છે એ જેટી છે. આપણે શહેરની અંદર પણ ટ્રાફીકની સમસ્યાઓ નડતી હોય એ નિવારવા રસ્તાઓના ડેવલપમેન્ટ કરતા હોઇએ છીએ. જેમ રોડ ઉપર ટ્રાફીકની સમસ્યાઓ નડતી હોય એ રીતે આ દરીયાઇ ખેડુ માટે પણ માછીમારી કરનાર લોકો માટે પણ ટ્રાફીકની સમસ્યાઓ નડતી હોય છે એટલે મારી વિનંતી એ છે માનનીય મંત્રીશ્રીને કે આ માછીમાર સમાજ માટે કોઇ નવી જેટીઓ બનાવવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન કે જેટીની આજની તારીખ સુધીમાં કેટલી દરખાસ્ત કેન્દ્ર સરકારને આપણે મોકલી? એમાં મારા વિસ્તારનું સુત્રાપાડા બંદર છે એની જેટીની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલી છે કે કેમ? અને મોકલી હોય તો આજની પરિસ્થિતિએ જેટી બનાવવાનું કામ કયા તબકકે પહોંચેલું છે એ માનનીય મંત્રીશ્રી જણાવે. બીજો આ અતિ મહત્વનો પ્રશ્ન છે. માંગરોળ તાલુકાનું શેરીયાઇ બારાવી જેટીનું કામનું ૨૦૧૫ની અંદર ટેન્ડર બહાર પડી ગયું. એજન્સી ફીકસ થઇ ગઇ. એજન્સીનું નામ છે સર્જન

કંસ્ટ્રકશન, અમદાવાદ કંપનીને ટેન્ડર એલોટ થઇ ગયું. ૪૬૫ લાખ રૂપિયાનું ટેન્ડર હતું. આજની તારીખે એ કામ ત્યાં થયેલું નથી. તો ન થવાના કારણો શું છે અને જેટી જો બનાવવા માગતા હોય તો એ કયારે કામ ચાલુ કરવા માગો છો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સવાલો પૂછયા છે એ મોટા ભાગના સવાલો તો ફીશરીઝ વિભાગને લગતા છે. મેરીટાઇમ બોર્ડના નથી પણ મારી પાસે જે માહિતી છે એ કહું. ફીશરીઝ ડીપાર્ટમેન્ટ પણ જાતે જેટી બનાવે છે અને ગુજરાત મેરીટાઇમ બોર્ડને જે જવાબદારી ફીશરીઝ ડીપાર્ટમેન્ટ આપે છે એ કામ એકઝીકયુશન મેરીટાઇમ બોર્ડ કરે છે પણ મારી પાસે જે માહિતી છે એ માહિતી ફીશરીઝ ડીપાર્ટમેન્ટ પાસેથી લીધી છે એ હું આપને આપુ છું. જેટલી માહિતી છે એટલી પૂરતી કરું છું. વેરાવળમાં સોમનાથમાં એક ફિશિંગ હાર્બર છે એ ફિશિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા એની કામગીરી ચાલી રહી છે. ૪૫૫૫ સ્મોલ બોટ આજની તારીખે રજિસ્ટર્ડ છે. ફિશનું ઉત્પાદન ૨.૨૧ લાખ મે.ટન છે. એની જરૂરિયાત હોવાના કારણે, ઉત્પાદન વધારે હોવાના કારણે, જરૂરિયાત વધારે હોવાના કારણે બીજા ફેઝ–૨માં ૨૬૦ કરોડના ખર્ચે કામ હાથ પર લેવાનો નિર્ણય કર્યો છે. એસ.જી. ઇન્ડિયાને એ કામ ઓલરેડી કન્સલ્ટન્ટ તરીકે આપી દીધું છે. ૧૦૦૦ બોટ વધારે આવી શકે, ૧૩૦૦ મીટર લોન્ગ વોક અને જેટી બનાવવાનું કામ હાથમાં લીધું છે. ડી.પી.આર. અને એસ્ટિમેટ આ બધું ફિશિંગ ડિપાર્ટમેન્ટે કર્યું છે. વહીવટી મંજૂરી આજની તારીખમાં ગુજરાત સરકાર દ્વારા વિભાગને આપવાની બાકી છે. માંગરોળ ફિશિંગ ડિપાર્ટમેન્ટની વાત કરું તો ફેઝ–૩માં વહીવટી મંજૂરી રૂપિયા ૧૪૩ કરોડની મળી ગઇ છે. આની અંદર ગુજરાત મેરી ટાઇમ બોર્ડને એક્ઝિક્યુશન માટેની જવાબદારી સોંપી છે. ૨૫ કરોડ કેન્દ્ર સરકાર આપવાની છે અને ૫૦–૫૦ ટકા ગુજરાત સરકાર અને ગુજરાત મેરીટાઇમ બોર્ડ આનો ખર્ચ કરવાના છે. એના ટેન્ડર ઇન્વાઇટ કરી દીધા છે. ૫ બીડ આવ્યા હતા ૧૧૬ કરોડના ખર્ચનું કામ હતું. પણ એક વ્યકિત હાઇકોર્ટમાં જવાના કારણે મુલતવી રહ્યું હતું. ફાઉન્ડેશન સેરેમની પણ તા. ૨–૧૦–૨૦૧૭ના રોજ થઇ ગયો છે અને માઇનીંગ વર્કસના રીવાઇઝ એસ્ટિમેટ આપી અને આવતા દિવસોમાં ટેન્ડર રીવાઇઝ કરી (અંતરાય) આપે તકલીફ કીધી એટલે ફિશરીઝ ડિપાર્ટમેન્ટે કેટલી કામગીરી હાથમાં લીધી છે અને કઇ કઇ કામગીરી છે અને ટ્રાફિક જામ થાય છે એનો ઉકેલ લાવવા માટેની માહિતી આપી છે. નવા બંદર ફિશિંગ હાર્બર છે એમાં પણ કન્સલ્ટન્ટ પ્રીપેર કરવાનું ડી.પી.આર. આપી દીધું છે સેંકશન્ડ એપ્રુવલ ૧૫૮ કરોડ રૂપિયા માટેના છે એનું ડિટેઇલ એનાલિસિસ સરવેનું કામ ચાલું છે. આ કામગીરી જી.એમ.બી. દ્વારા કરવામાં આવી છે. ૫૦–૫૦ ટકાના ધોરણે આ કામ સરકાર અને મેરીટાઇમ બોર્ડ કરવાના છે. એના માટે ૨૨૧ કરોડના ટેન્ડર ઇન્વાઇટ કરી દીધા છે. ૨૩૨૪ મીટરની લંબાઇ કરવામાં આવશે. ત્રણ એજન્સીઓએ બીડ સબમિટ કર્યા છે અને આવતા દિવસોમાં બીડનું કામ પૂરં થશે એટલે એ કામગીરી હાથમાં લેવામાં આવશે. સૂત્રાપાડા ફિશિંગ હાર્બર, ગીર સોમનાથમાં ફિશિંગ ડિપાર્ટમેન્ટની જવાબદારી છે. એમાં ૧૪૬ કરોડનો પ્રી–ફિઝિબિલિટી રિપોર્ટ વાપ્કોઝ દ્વારા કરવામાં આવ્યો છે. ડીટેઇલ એન્જિનિયરીંગ અને એન્વાયરમેન્ટલ એનાલિસિસ અત્યારે કરવામાં આવ્યા છે. આવતા ત્રણ વર્ષમાં આ કામગીરી સૂત્રાપાડાની અંદર હાથમાં લેવામાં આવશે. એવી રીતે મઢવર ફિશિંગ હાર્બર ગીર સોમનાથમાં છે એનું પણ ફિશિંગ ડિપાર્ટમેન્ટ છે એ એની કેપેસિટી વધારવા માટે ૧૧૫ કરોડના ખર્ચે કામ હાથમાં લીધું છે. ટેકનો–ઇકોનોમિકલ રિપોર્ટ ફાઇનલ થવાની પ્રોસીઝરમાં છે. ટૂંક સમયમાં વહીવટી મંજૂરી મળી જાય પછી એની ટેન્ડર પ્રોસેસ બધી હાથ પર લેવામાં આવશે. મારે કહેવું છે કે ફિશરીઝ ડિપાર્ટમેન્ટ આ બધી જાતે કામગીરી કરે છે અને જ્યાં મેરીટાઇમ બોર્ડને કહે છે કે તમે એક્ઝિક્યુશન કરો એ જ મેરીટાઇમ બોર્ડ કરે છે. આપની ચિંતા માટે છેલ્લા બે વર્ષમાં ઘણા ખર્ચા પોરબંદર, વેરાવળ, મીયાણી, નવા બંદર, સલાયા અને સચાણાની અંદર ફિશિંગ એક્ટિવિટીઝ વધે અને વધારે કેપેસિટી થાય એના માટે મોર્ડનાઇઝેશનથી માંડીને ઘણા બધા ખર્ચા ફિશિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવે છે.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્ય સરકારની જુનાગઢ જિલ્લામાં હાર્બર વિકસાવવાની શું યોજના છે અને હોય તો તેની વિગતો આપો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા અગાઉના જવાબમાં માહિતી આપી દીધી છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શેરીઆજ બારાની જેટીનું કામ છેલ્લા ૨૦ વર્ષથી અટકેલ છે. આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું, ક્યારે શરૂ કરવામાં આવશે અને ક્યારે પૂરું કરશો?

અધ્યક્ષશ્રી : આપણે સ્પષ્ટ ઉચ્ચાર ના થતો હોય તો કોઇવાર પૂછે.

શ્રી બાબુભાઇ કા. વાજા : મારો પ્રશ્ન સાવ ટૂંકો અને ટચ છે. મેં આમાં કાંઇ વિવરણ પણ નથી કર્યું.

અધ્યક્ષશ્રી : ના, ના, પ્રશ્ન ટૂંકો જ છે પણ ઉચ્ચાર પેલા હોય એના કારણે મંત્રીશ્રી ફરી પૂછતા હોય છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : કોઇ વાંધો નહિ.

અધ્યક્ષશ્રી : ગુજરાતમાં જ છે, તમે ગુજરાતનું જ પૂછ્યું છે. માનનીય મંત્રીશ્રી, આપ બેસી જાવ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢની અંદર માંગરોળના પ્રશ્નનો જવાબ જ અત્યારે મારી પાસે છે. બાકીનો ફિશરિઝ ડિપાર્ટમેન્ટનો હોઇ જુદી નોટિસ આપવી પડશે.

અધ્યક્ષશ્રી : આમાં ઘણા પ્રશ્ન થઇ ગયા પૂંજાભાઇ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, માનનીય મંત્રીશ્રીએ મેરીટાઇમ બોર્ડ દ્વારા આ કામગીરી કરવામાં આવે છે અને ફિશરિઝ ડિપાર્ટમેન્ટ કરે છે એમાં નવા બંદરનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો. ત્રણ કોન્ટ્રાકટરોના હજી બીડ આવ્યા છે તો ચૂંટણી પહેલા રાષ્ટ્રપતિના હસ્તે માનનીય અધ્યક્ષશ્રી, આ જેટીનું

ખાતમુહૂર્ત કરવામાં આવ્યું તો કયા કારણો હતા? હજુ તો તમે ફાઇનલ કર્યુ જ નથી તો ખાતમુહૂર્ત કયા આધારે કરવામાં આવ્યું? એક. માંગરોળ તાલુકો જિલ્લો જૂનાગઢ એ માંગરોળમાં જ શેરિયાતબારા બંદર આવે છે. આ શેરિયાતબારાનું બંદર મંજૂર કરવામાં આવ્યું છે. એન્જસી ફિક્સ થયેલી જ હતી હજી સુધી એનું કામ પૂર્ણ થયેલું નથી. એ જૂનાગઢમાં અને માંગરોળમાં જ આવે છે તો આ કામ સમય મર્યાદામાં ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે આદરણીય પ્રેસિડન્ટનો જ્યારે ફાઉન્ડેશન લેઇંગ સેરિમની માંગરોળમાં તા. ૨-૧૦-૨૦૧૭માં કરવામાં આવી અને સ્ટ્રકચર, ઓકશન હોલ, શેડ, ડોરમેટરી, એડમિનિસ્ટ્રેશન બિલ્ડિંગ આ બધાનું કામ ચાલુ થઇ ગયેલું છે અને ધીમે ધીમે આગળ બધા જેટલા કામો આપેલા છે એ બધા કામો થશે અને ખાતમુહૂર્તમાં જે કામ કરવાનું છે એ ઓલરેડી કામ ચાલુ થઇ ગયું છે.

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, રાજ્ય સરકારે છારાખાતે ગ્રીન ફિલ્ડ પોર્ટ વિકસાવવાનું નક્કી કરેલ તે વાત ખરી છે? જો હા, તો તેની વિગત શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથની અંદર જે છારા પોર્ટ છે એ ખૂબ મોટું પોર્ટ આવતા વર્ષોની અંદર આવવાનું છે. ૨૦૧૦ની અંદર એનું ડી.પી.આર. માટેની મંજૂરી આપી હતી અને ૨૦૧૪ની અંદર એ મંજૂરી મળી ગઇ છે. કન્શેશન એગ્રીમેન્ટ કંપની જોડે ૨૦૧૫માં સાઇન થઇ ગયો છે. કંપનીને ફાયનાન્શિયલ કલોઝર મળી ગયું છે અને ૨૦૧૭માં કંન્ટ્રકશન કરવા માટેની પરમિશન આપી દીધી છે. આશરે જે મૂડીરોકાણ થવાનું છે ૩૨૨૨ કરોડનું મૂડીરોકાણ થવાનું છે અને એમાં બ્રેકવોટર છે, શોર પ્રોટેક્શન છે, બલ્ક બોટ છે, એપ્રોકેશન છે, પંપઆઉટ છે આવી અનેક અનેક એક્ટિવિટી જે છે એના કારણે ૩૨૨૨ કરોડમાં કંપની કરવાની છે અને ખૂબ મોટા પ્રમાણની અંદર એ વિસ્તારની અંદર આવતા દિવસોમાં એક નવું પોર્ટ ઊભું થાય છે. એલએનજી ટર્મિનલ માટે પણ એમણે મંજૂરી માગેલી છે. ટર્મિનલ માટે પણ આપણે આગળ વધી રહ્યાં છીએ. એટલે આમ જોવા જઇશું તો ગીર સોમનાથને એક ખૂબ સારું પોર્ટ આવતા ૨-૫ વર્ષમાં મળશે.

## ખેડા જિલ્લા પોલીસનાં રહેણાંક મકાન

* ૩૩૫૮ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાંક મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ -૧૦૩ રહેણાંક મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) આ માટે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂ.૧૩૩૦.૦૦ લાખ. |

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૭-૧૮ માં ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના કેટલા મકાન પૂર્ણ કરવામાં આવ્યા? અને એના માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? આવાસ નિગમ દ્વારા ટેન્ડરની પ્રક્રિયા કઇ રીતે કરવામાં આવે છે? અને છેલ્લા ૩ વર્ષમાં ખેડા જિલ્લામાં રહેણાંકના મકાનો બાંધવામાં આવ્યા તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મૂળ જવાબમાં કુલ ૧૦૩ મકાનો માટે રૂ. ૧૩૩૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. એમનો બીજો પ્રશ્ન પ્રોસેસનો છે. નિવિદાથી ટેન્ડર આપીને કરવામાં આવે છે અને એમાં જુદા જુદા સેકસન હોય છે. ૫ લાખ સુધીના હોય તો એમ.ડી.ને પાવર્સ આપેલા હોય છે. ૫ લાખથી વધારેના હોય તો એનું ઇ-ટેન્ડરિંગ કરવામાં આવે છે. આ ઉપરાંત ૫ લાખથી ૧ કરોડ રૂપિયાનું હોય તો સિંગલ બીડ પ્રક્રિયાથી પર્શન્ટેઝ રેટ આધારે ઓન લાઇન મંગાવવામાં આવે છે અને ૧ કરોડથી ૭ કરોડના પણ આ રીતે સિંગલ બીડ પ્રક્રિયાથી પર્સન્ટેઝ રેટ આધારે ઓન લાઇન મંગાવવામાં આવે છે. એ પ્રમાણે ૭ કરોડથી ૧૦ કરોડ અને આ પ્રમાણે જુદી જુદી પ્રક્રિયા અને પ્રક્રિયાના આધાર ઉપર ચેરમેન, એમ.ડી., સચિવ ખર્ચ, સચિવ માર્ગ-મકાન, સચિવ ગૃહ વિભાગ આની એક કમિટી હોય છે અને એ કમિટીની અંદરથી સંપૂર્ણ પ્રક્રિયા કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, એમના દ્વારા બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે અમારા ખેડા જિલ્લામાં આ પ્રકારેના બિનરહેણાંકના કેટલા મકાનો બન્યા? આ રાજ્ય સરકારે મેં જેમ અગાઉ કહ્યું હતું તેમ કે પહેલા પોલીસ સ્ટેશન અને પોલીસ સ્ટેશન પછી આઉટ પોસ્ટની પણ પ્રક્રિયા હાથ પર લે છે. એમ આની અંદર પણ ખલાલની અંદર સોથી મોટું ટેન્ડર એ ૧૯ કરોડના ખર્ચે લગભગ પૂર્તતાના આરે છે. આ ઉપરાંત રઢુ, ઘોડાસર, નિર્માલી, આંતરોલી, રૌદાવત, લાલી, ખલાલ, લસુંદ્રા, સરસમણી, છીપડી અને તાનીચલ આ બધી જ જગ્યાએ આઉટ પોસ્ટો પણ બનાવવામાં આવી છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પોલીસ આવાસ નિગમ દ્વારા પોલીસ વિભાગ માટે કયા સંવર્ગ માટે કયા કયા પ્રકારના રહેણાંકના મકાનો બાંધવામાં આવે છે અને તેમાં શું શું સુવિધા આપવામાં આવે છે અને બાંધ્યા પછી કોઇ ચકાસણી કરવાની થાય છે કે કેમ? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

## તા. ૭ મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ તંત્રમાં જે જુદાજુદા સંવર્ગના પોલીસ કર્મચારીથી અધિકારી છે એના માટે જુદાજુદા કેટેગરીના મકાનોની ફાળવણી કરવામાં આવે છે. એમાં ખાસ કરીને કોન્સ્ટેબલ, હેડકોન્સ્ટેબલ માટે બી, પોલીસ સબઇન્સ્પેકટર માટે સી, પોલીસ સબ ઇન્સ્પેકટર માટે ડી, નાયબ પોલીસ અધિક્ષક માટે ઇ તથા ઇ–૧ જે ડી.એસ.પી. કક્ષાના અધિકારીઓ માટે આવે છે. આનું થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન કરાવવામાં આવે છે. જેના કારણે આની ગુણવત્તામાં પણ સારામાં સારી રીતે પોલીસ કર્મચારીને મકાન મળી શકે. એમને સૌથી અગત્યનો પ્રશ્ન કર્યો એ પ્રમાણે હું અને માનનીય મુખ્યમંત્રીશ્રી એક વખત આ રીતે રહેણાંકના મકાનોના લોકાર્પણ કાર્યક્રમમાં ગયા હતા . એ કાર્યક્રમના ઉદ્દ્ઘાટન પછી માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાઉન્ડ લીધો અને રાઉન્ડમાં એમણે જોયું કે એક પોલીસ કોન્સ્ટેબલ કે જેની ઉંમર શરૂઆતની ૨૫, ૩૦ કે ૩૫ વર્ષની હોય અને એ પોતે એન્ટર થતા હોય અને એને એક રસોડુ, એક રૂમ અને એક નાનો ડ્રોઇંગ રૂમનું મકાન આપો તો એના માટે એ અપૂરતું હોય છે. એના માતાપિતા એની સાથે રહેતા હોય તો તાત્કાલિક એ જ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાતના પોલીસ કોન્સ્ટેબલોને હવે એક રૂમ નહીં, બે રૂમ આપવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે અને એના આધાર ઉપર માર્ગ અને મકાન વિભાગ સાથે કન્સલ્ટેશન કરીને આગામી જે નવા મકાનો બનશે એમાં અમે એ પ્રક્રિયામાં આગળ વધી રહ્યા છીએ.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત સરકારના વિકાસના ત્રણ આધારસ્તંભો છે. શાંતિ, સલામતિ અને સુરક્ષા તેના ભાગરૂપે રાજય સરકારે ૧૭૫૩૨ કોન્સ્ટેબલોની પારદર્શક ભરતી કરી છે એ બદલ સરકારને હું અભિનંદન પાઠવું છું અને માનનીય મંત્રીશ્રી જાણવા માગું છું કે પોલીસ કોન્સ્ટેબલોને હાલમાં અપાતા મકાનની સુવિધામાં કોઇ વધારો કરવાનું વિચારો છો કે કેમ? અને આ વર્ષે પોલીસ ખાતા માટે રહેણાંકના મકાનો માટે કેટલી ગ્રાન્ટ આપવાના છો?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની પોલીસ ડિપાર્ટમેન્ટના રહેણાંક અને બીન રહેણાંકના મકાનના ઇન્ફ્રાસ્ટ્રકચર માટેની અપેક્ષા હતી કે આ વખતે ચાલુ વર્ષના નાણાના બજેટમાં કેટલી ફાળવણી કરવામાં આવી છે. હું એમને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં રહેણાંક માટે પોણા બસ્સો કરોડની ૨૦૧૬–૧૭માં અને ૨૦૧૭–૧૮માં ૧૧૭ કરોડની અને એ રીતે બીન રહેણાંકના ૨૦૧૬–૧૭માં ૭૯ કરોડ અને ૨૦૧૭–૧૮માં ૬૦ કરોડ અને ચાલુ વર્ષે જે હમણા જ વિધાનસભાની અંદર આપણે આગામી દિવસોમાં બજેટ મંજૂર કરવા જઇ રહ્યા છીએ એમાં માનનીય નાણામંત્રી દ્વારા ચાલુ વર્ષે રહેણાંક માટે ૨૨૦ કરોડની માતબર જોગવાઇ કરી છે અને એ પ્રમાણે બીન રહેણાંક માટે ઇન્ફ્રાસ્ટ્રકચર, પોલીસ સ્ટેશન અને એ બધા માટે ૬૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

### અલ્ટ્રાટેક અને નર્મદા સિમેન્ટ કંપની લીઝનું ચેકીંગ

* ૨૦૧૮ શ્રી અમરિષભાઈ ડેર (રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવેલ અલ્ટ્રાટેક અને નર્મદા સિમેન્ટ કંપનીની કેટલી માઈનીંગ લીઝ જિલ્લામાં કાર્યરત છે. | (૧) |

| કંપનીનું નામ | કાર્યરત લીઝોની સંખ્યા |
|---|---|
| અલ્ટ્રાટેક | ૦૧ |
| નર્મદા | ૦૧ |

(૨) ઉકત લીઝમાંથી છેલ્લા બે વર્ષમાં કયા પ્રકારનો કેટલો ખનીજનો જથ્થો કાઢવામાં આવ્યો,

(૨)

| કંપનીનું નામ | ખનીજનો પ્રકાર | કાઢવામાં આવેલ જથ્થો (ઉત્પાદન મે.ટન લાખમાં) |
|---|---|---|
| અલ્ટ્રાટેક | લાઇમસ્ટોન | ૭૬.૦૧ |
| | માર્લ | ૨૫.૩૪ |
| નર્મદા | લાઇમસ્ટોન | ૨૩.૮૯ |

(૩) ઉકત લીઝોનું કેટલીવાર ચેકીંગ કરવામાં આવ્યું, અને

(૩)

| કંપનીનું નામ | ચેકીંગની સંખ્યા |
|---|---|
| અલ્ટ્રાટેક | ૦૨ |
| નર્મદા | શુન્ય |

(૪) ચેકીંગ દરમ્યાન કોઈ ગેરરીતિ સામે આવી છે કે કેમ ?

(૩) ના જી.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું આદરણીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આવી કંપનીઓ આપવામાં આવેલ લીઝમાં દરિયાઇ સપાટીથી નીચે ખોદકામ કરી શકે કે કેમ? તેમજ આપેલી લીઝની ચારેબાજુની હદમાં કેટલા મીટર છોડીને ખોદકામ કરવાનો નિયમ છે અને સાથેસાથે આવી કંપનીઓએ જે ગામો દત્તક લીધેલા છે એ ગામોની

માળખાગત સુવિધાઓ અને સામાજિક જે સુવિધાઓ છે એ એમને ન મળી હોય આવી કંપનીઓ દ્વારા તો આપણે એમના ઉપર કોઇ જાતના પગલાં લેવા ઇચ્છીએ છીએ કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેજર મિનરલ્સ હોય કે માઇનોર મિનરલ્સ હોય પણ એના નિયમ પ્રમાણે એ લોકોએ કામ કરવું પડે એ પ્રમાણે પ્રક્રિયામાં ધ્યાન રાખવું પડે. આ સવાલ અલ્ટ્રાટેક અને નર્મદા સિમેન્ટનો પૂછેલ છે. એમાં જણાવ્યું છે કે અલ્ટ્રાટેકમાં બે વાર સંપૂર્ણપણે ચેકિંગ કરવામાં આવ્યું છે, જ્યારે ચેકિંગ કરવામાં આવ્યું, ત્યારે જે વ્યક્તિ ચેકિંગ કરવા જાય છે એ બધી જ તપાસ કરતા હોય છે. દાત. લીઝ બાઉન્ડ્રી, વાયર ફેન્સિંગ બરાબર છે કે નહિ તે કરવાનું હોય છે. એનું રજિસ્ટર બરાબર છે કે નહિ તે જોવું પડે છે. ફરજિયાત રજિસ્ટર નંબર, ક્વાર્ટરલી રિટર્ન એણે બરાબર ભર્યા છે કે નહિ તે ચેક કરે છે. સરકારના નિયમો પ્રમાણે એમની પાસે જીયોલોજિસ્ટ માઇનિંગ એન્જિનિયર છે કે નહિ તે ચેક કરે છે. રોયલ્ટી સરકારને ભરે છે, ડેડ રેન્ટ ભરે છે, સરફેસ રેન્ટ ભરે છે? આ બધું જ ચેક કરે છે. માલ કાઢતી વખતે વે–બ્રીજ બરાબર મેઇન્ટેન થાય છે કે નહિ તે પણ જોવે છે. ઇ–ગવર્નન્સનું સંપૂર્ણપણે ઇમ્પ્લીમેન્ટેશન થાય છે કે નહિ? આવી બધી જુદી જુદી એક્ટિવિટી જોયા પછી જો અધિકારીને એમ લાગે કે બધુ બરાબર છે તો ચેકિંગમાં ઓ.કે. કરે છે અને કદાચ કંઇક ખોટું લાગે તો નિયમ પ્રમાણે એને દંડ આપવામાં આવે છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બંને કંપીનીઓમાં છેલ્લાં બે વર્ષમાં કયા ખનીજોનું કેટલું ઉત્પાદન થયું અને સરકારને તેમાંથી રોયલ્ટી કેટલી મળી?

શ્રી સૌરભ પટેલ : આ અલ્ટ્રાટેક સિમેન્ટમાં એનું જે ઓપરેટિવ લિસ્ટ છે તે કોચાવામાં છે અને રાજુલા જાફરાબાદમાં ૯૫૩ એકરમાં લીઝ કરેલ છે. એને ત્યાં આજની તારીખમાં ૨૦૧૬ માં ૩૯ લાખ અને ૨૦૧૭ માં ૩૬ લાખ મેટ્રિક ટનનું ઉત્પાદન થયું. એમ કુલ ૭૬ લાખનું લાઇમસ્ટોનનું ઉત્પાદન થયું. માલનું ૨૦૧૬ માં ૧૩ લાખ ટનનું અને ૨૦૧૭ માં ૧૨ લાખ ટનનું એમ ૨૫ લાખ ટનનું થયું. કુલ રોયલ્ટી આ બંને જગ્યાએથી મળી એમાં ૨૦૧૬ માં લાઇમસ્ટોનમાં ૩૨ કરોડ અને ૨૭ કરોડ એમ ૫૯ કરોડ મળી છે. અને જે માલમાં છે એ ૨૦૧૬ માં ૫.૮૯ અને ૬.૬૮ એમ ૧૨.૫૭. આ પ્રમાણેની રોયલ્ટી અલ્ટ્રાટેકમાંથી મળેલી છે. નર્મદાની અંદર એ બાબરકોટ વીલેજ જાફરાબાદ તાલુકામાં ૫૬૫ હેક્ટર જગ્યા છે. લાઇમસ્ટોન અને માલ બંનેનું ઉત્પાદન કરે છે. ઉત્પાદન ૨૦૧૬ માં લાઇમસ્ટોનનું ૧૩ લાખ અને ૨૦૧૭માં ૧૦ લાખ એમ કરીને ૨૩ લાખ છે. માલનું ૬ લાખ ૫૯ હજાર એનું ઉત્પાદન છે. એની રોયલ્ટીની આવક કરીએ તો ૨૦૧૬ માં લાઇમસ્ટોનમાં ૧૦ કરોડ અને ૨૦૧૭ માં ૮ કરોડ એમ કરીને ટોટલ ૧૮.૭૪ થાય છે. અને માલમાં કહીએ તો ૨૦૧૬ માં ૨ કરોડ ૧૮ લાખ અને ૨૦૧૭ માં ૧ કરોડ ૬૬ લાખ એમ કરીને ૩ કરોડ ૮૪ લાખ થાય છે. આ પ્રમાણેની રોયલ્ટી આપણે આ બંને અલ્ટ્રાટેક સિમેન્ટ અને નર્મદા સિમેન્ટની લાઇમસ્ટોન અને માલમાં મળે છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે ૩ પ્રશ્નો પૂછ્યા, એમાંથી એક પણ પ્રશ્નનો જવાબ આપ્યો નથી. ત્રણેય પ્રશ્નોના જુદા જવાબ આપ્યા છે. મેં મંત્રીશ્રીને પૂછ્યું આવી કંપનીઓને આપવામાં આવેલ લીઝમાં દરિયાઇ સપાટીમાંથી કેટલા મીટર સુધી એ ખોદકામ કરી શકે? બીજો પ્રશ્ન એમને લીઝ આપીએ છીએ એ લીઝને કેટલા મીટર છોડીને એણે ખોદકામ કરવાનું છે. ત્રીજો પ્રશ્ન જ્યારે આવી કંપનીઓને લીઝમાં જમીનો આપીએ છીએ, ત્યારે એની આજુબાજુના સરાઉન્ડિંગ એરિયામાં આવેલા ગામોને દત્તક લીધેલા હોય છે આવા દત્તક લીધેલા ગામની જે પરિસ્થિતિ છે, તેમાં માળખાકીય સુવિધાઓ અને સામાજિક સુવિધાઓ ન સુધરી હોય તો તેના ઉપર પગલાં લેવાં ઇચ્છીએ છીએ કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ચેકિંગમાં એવી કોઇ માહિતી આવી નથી કે નિયમોનો એમણે ભંગ કર્યો હોય. દરિયાઇ સપાટીથી નીચે કેટલો નિયમ છે એ મારા ધ્યાનમાં નથી. કદાચ નિયમની અંદર નહિ હોય તો એની સામે યોગ્ય પગલાં લઇશું. ચેકિંગમાં આવો કોઇ વિષય આવ્યો નથી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં અલ્ટ્રાટેકમાં બે વખત ચેકિંગ થયું તેવું જણાવ્યું છે. નર્મદા સિમેન્ટ કંપની વર્ષોથી ત્યાં કામગીરી કરે છે. સરકારને રેવન્યુ મળે છે

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવના ન આપશો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : એના માટે અભિનંદન આપું છું. પરંતુ નર્મદાનું એકપણ વખત ચેકીંગ થયું નથી તેના શું કારણો છે અને આ બન્ને કંપનીઓના સર્વિસ ટેક્સ પેટે કેટલું લેણું છે અને તેઓ ભરતા નથી તો તે લેવા માટે કોઇ કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સર્વિસ ટેક્સનો ઇસ્યુ મારામાં ન આવે અને બીજું રાજ્યની અંદર હજારોની સંખ્યામાં ક્વોરીઝ, રેતી, માઇનીંગ, સિમેન્ટ અને લાઇમ સ્ટોનની લીઝ આવેલી છે, રાજ્ય સરકારના અધિકારીઓ આ બધી જ જગ્યાએ રેગ્યુલર ચેકીંગ કરવામાં પહોંચી ના શકે, એમાં પહેલી પ્રાયોરિટી કે જ્યાં જ્યાંથી કમ્પ્લેઇન આવે છે એ સંપૂર્ણપણે એટેન્ડ કરવામાં આવે છે, એ એટેન્ડ કરીને પછી બીજીબધી કામગીરી કરે છે. બીજી ઘણીબધી પ્રોસેસ હોય છે, નર્મદા માટે કોઇ ફરિયાદ આવી નથી, એટલે નર્મદાનું કોઇ ચેકીંગ થયું નથી, પરંતુ આપની પાસે જો કોઇ ફરિયાદ આવતી હોય અને આપને લાગતું હોય કે નર્મદા આટલી આટલી ભૂલ કરે છે તો અમારું ધ્યાન દોરવામાં આવે તો અમે ચોક્કસ ચેકીંગ કરીશું.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને પુછવું છે કે, અમરેલી જિલ્લામાં અલ્ટ્રાટેક અને નર્મદા સિમેન્ટ કંપનીની કાર્યરત ના હોય તેવી કેટલી લીઝો છે અને તેના કારણો શું છે.

તા. ૭ મી માર્ચ, ૨૦૧૮

તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : કુલ આઠ લીઝ આપેલી છે એમાંથી બે વર્કીંગ છે અને છ કાર્યરત નથી અને એમાં નર્મદા સિમેન્ટની જાફરાબાદ તાલુકાની એક બોકસાઇટ અને નેચરલ કીની છે, એમ.ઓ.ઇ.એફ. ની નોન ઓપરેટીવ ઇ.સી. મંજૂર ન થવાના કારણે એ ચાલુ નથી થઇ. નર્મદા સિમેન્ટની બીજી જાફરાબાદની અંદર લાઇમ સ્ટોનની છે એ પણ એમ.ઓ.ઇ.એફ.ની અંદર પેન્ડિંગ છે ઇ.સી. મળ્યું નથી. પછી જાફરાબાદની અંદર નર્મદા સિમેન્ટની લાઇમ સ્ટોન માટેની આપણે લીઝ આપેલી છે એમાં એમને ઇ.સી. કલીયરન્સ મળેલું નથી. અલ્ટ્રાટેક સિમેન્ટની જાફરાબાદમાં લાઇમ સ્ટોન માટેની લીઝ આપેલી છે એમાં પણ ઇ.સી. કલીયરન્સ મળેલું નથી. જાફરાબાદની અંદર અલ્ટ્રાટેકની એક બીજી લીઝ પણ આપેલી છે એનું પણ ઇ.સી. કલીયરન્સ મળ્યું નથી. નર્મદા સિમેન્ટને કાગવદર ગામની અંદર જાફરાબાદ તાલુકામાં નેચરલ કી નું આપેલું છે એની ડિમાન્ડ અત્યારે ન હોવાના કારણે એ આજે એડેટીવ સર્વિંગ અપાય છે એ અત્યારે ચાલતું નથી એટલે એમાં અત્યારે ઓપરેશન નથી.

ભાવનગર અને બોટાદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૩૯૯૦ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૧)

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| ભાવનગર | ૮૩ |
| બોટાદ | ૩૩ |
| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | |
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| ભાવનગર | ૭૯ |
| બોટાદ | ૨૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા, અને

(૨)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | ૯૧ |
| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | ૬૬ |

(૩) કેટલા બાળકો લાપત્તા છે ?

(૩) ૬૨

શ્રી કનુભાઇ મ. બારૈયા (તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર બોટાદ અને ભાવનગર જિલ્લામાં કેટલા બાળકો ગુમ થયેલા છે અને તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા છે અને કેટલા બાળકો હજીસુધી લાપત્તા છે?

| (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવેલ છે ? | (૨) રૂ.૧૦.૬૪ કરોડ. |

---------

### વલ્લભીપુર તાલુકામાં જી.આઈ.ડી.સી.

* ૩૧૪૧ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઈ.ડી.સી. આવેલી છે,

(૧) ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે ૮ અને ૨ જીઆઈડીસી કાર્યરત છે.

| ભાવનગર જિલ્લો | બોટાદ જિલ્લો |
|---|---|
| (૧) ચિત્રા<br>(૨) વરતેજ<br>(૩) વિઠ્ઠલવાડી | |
| (૪) શિહોર–શિહોર–૧ અને<br>(૫) શિહોર–૨ | (૧) ગઢડા–ઢસા |
| (૬) મહુઆ | (૨) બોટાદ |
| (૭) પાલીતાણા | -- |
| (૮) વલ્લભીપુર | -- |

(૨) વલ્લભીપુર તાલુકામાં કોઈ જી.આઈ.ડી.સી. આવેલ છે કે કેમ, અને

(૨) હા.

(૩) જો ના, તો ક્યાં સુધીમાં બનાવવાનું સરકારનું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### મહેસાણા અને રાજકોટ જિલ્લામાં ગુમ થયેલ મહિલાઓ

* ૩૯૦૮ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલી મહિલાઓ ગુમ થયા અંગેની ફરીયાદો મળી,

(૧)

| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા | મળેલ ફરીયાદો |

| | |
|---|---|
| મહેસાણા | ૫૦૭ |
| રાજકોટ શહેર | ૩૫૩ |
| રાજકોટ ગ્રામ્ય | ૨૧૮ |
| તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | |
| જિલ્લા | મળેલ ફરીયાદો |
| મહેસાણા | ૩૬૬ |
| રાજકોટ શહેર | ૩૭૮ |
| રાજકોટ ગ્રામ્ય | ૨૨૮ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી મહિલાઓ પરત મળી, અને

(૨) ૧૬૦૯

(૩) બાકી મહિલાઓને શોધી કાઢવા શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ગુમ થયેલ મહિલાઓ શોધવા માટે ફોટા, વર્ણન સાથેની માહિતી દુરદર્શન ટી.વી. ચેનલ, સ્થાનિક ટી.વી. ચેનલો દ્વારા પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં ફોટા, વર્ણન સાથેની સંપૂર્ણ માહિતી મોકલવામાં આવેલ છે. ઈ-ગુજકોપ પ્રોજેકટ અંતર્ગત ફોટા સાથેની માહિતી અપલોડ કરવામાં આવેલ છે. નારી સંરક્ષણ ગૃહ, અનાથ આશ્રમો, જાહેર સ્થળો, પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ અને પોલીસ ચોકીમાં પોસ્ટરો લગાડી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે.

---------

## રાજકોટ જિલ્લામાં મેન્યુફેકચરીંગ પોલીસી અંતર્ગત મંજૂર એકમો

* ૩૩૯૯ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ અંતિત છેલ્લાં બે વર્ષમાં મેન્યુફેકચરીંગ પોલીસી અંતર્ગત રાજકોટ જિલ્લામાં કેટલા એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી,

(૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મેન્યુફેકચરીંગ પોલીસી અંતર્ગત ૩૭ એકમોની અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભું થયું, અને

(૨) કુલ મૂડીરોકાણ રૂ.૮૬૩૩.૮૪ લાખ.

(૩) આ એકમો થકી કેટલી રોજગારી ઉભી થયેલ છે ?

(૩) ૨૬૩ (રોજગારી સંખ્યામાં)

---------

## તાપી અને વલસાડ જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૩૯૬૯ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૧)

| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| તાપી | ૧૦ |
| વલસાડ | ૮૪ |
| તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | |
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| તાપી | ૦૧ |
| વલસાડ | ૫૬ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા, અને

(૨)

| | |
|---|---|
| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૮૪ |
| તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | ૪૮ |

(૩) કેટલા બાળકો લાપત્તા છે ?

(૩) ૧૯

ફાલ્ગુન ૧૬, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નો

---------

વાંસદા તાલુકા જેલમાં કેદી રાખવાની ક્ષમતા

* ૪૦૩૦ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં આવેલ જેલમાં કેટલા કેદીઓ રાખવાની ક્ષમતા છે, અને | (૧) ૨૦ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર કેટલા કેદીઓને રાખવામાં આવ્યા હતા ? | (૨) શૂન્ય. |

---------

સુરત જિલ્લામાં ટેક્ષટાઈલ પાર્ક

* ૩૩૬૭ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટેની યોજના હેઠળ ટેક્ષટાઈલ પાર્ક સ્થાપવા માટે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાની કુલ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી ? | કુલ–૭ (સાત). |

---------

અમદાવાદ અને આણંદ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૩૪૮૯ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) અમદાવાદ અને આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચોરી, લૂંટફાટ, ખૂનના ગુના બન્યા, અને

(૧)

| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | | | |
|---|---|---|---|
| જિલ્લા/શહેર | ચોરી | લૂંટફાટ | ખૂન |
| અમદાવાદ શહેર | ૫૮૬૯ | ૩૭૮ | ૧૯૩ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૫૯ | ૩૬ | ૪૮ |
| આણંદ જિલ્લા | ૫૮૬ | ૬૭ | ૩૮ |

(૨) તે અન્વયે કેટલા ઈસમો પકડાયા ? — (૨) ૫૫૮૫.

---------

સુરત જિલ્લામાં ટેકનીકલ ટેક્ષટાઈલ ક્ષેત્રે મૂડીરોકાણ

* ૪૨૬૩ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી–૨૦૧૨ હેઠળ ટેકનીકલ ટેક્ષટાઈલ ક્ષેત્રની તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ૨૬ (છવ્વીસ). |
| (૨) ઉકત સ્થિતિએ આ એકમોમાં કેટલું મૂડીરોકાણ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૪૪૨૦૯.૪૩ લાખ. |

---------

ખેડા જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૪૩૦૨ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના | (૧) હા, જી. |

પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

(૨) ૧ (એક).

---------

ફોર્ડ કંપની દ્વારા મૂડીરોકાણ

* ૪૨૬૬ શ્રી સુરેશભાઈ પટેલ (મણીનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફોર્ડ કંપનીએ પોતાનું ઉત્પાદન એકમ ગુજરાત રાજ્યમાં સ્થાપેલ છે તે વાત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો તેમના દ્વારા ગુજરાતમાં કેટલું મૂડીરોકાણ આવેલ છે, અને

(૨) ૧૦,૩૦૦.૦૦ કરોડનું મૂડીરોકાણ.

(૩) આ એકમ થકી કેટલી રોજગારી ઉભી થનાર છે ?

(૩) ૨૮૧૭ રોજગારી (સંખ્યામાં)

---------

અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૩૯૪૩ શ્રી રાજેશભાઈ ગોહિલ (ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૧)

| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| અમદાવાદ શહેર | ૩૯૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૧૪ |
| મહેસાણા | ૧૦૬ |
| તા.૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | |
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| અમદાવાદ શહેર | ૪૧૧ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૨૪ |
| મહેસાણા | ૧૧૧ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા, અને

(૨)

| સમયગાળો | બાળકોની સંખ્યા |
|---|---|
| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | ૫૯૫ |
| તા.૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | ૪૯૭ |

(૩) કેટલા બાળકો લાપત્તા છે ?

(૩) ૩૬૬.

---------

ખેડા અને દાહોદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૩૯૬૩ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે

(૧)

વર્ષમાં વર્ષવાર ખેડા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| ખેડા | ૧૬ |
| દાહોદ | ૪ |
| તા.૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | |
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| ખેડા | ૧૭ |
| દાહોદ | ૨ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા, અને

(૨)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | ૨૦ |
| તા.૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | ૧૩ |

(૩) કેટલા બાળકો લાપત્તા છે ?

(૩) ૦૬.

---------

કચ્છ જિલ્લામાં એ.ટી.વી.ટી. હેઠળ કામગીરી

* ૨૦૨૭ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એ.ટી.વી.ટી. યાજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એ.ટી.વી.ટી. યોજના હેઠળ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કચ્છ જિલ્લાને નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

| નાણાંકીય વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૯૦૦.૦૦ |
| ૨૦૧૭–૧૮ (તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિ એ) | ૧૧૭૭.૯૪ |
| કુલ | ૩૦૭૭.૯૪ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી રકમ ફાળવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ મુજબ

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે?

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે મંજૂર થયેલ કામો અને પૂર્ણ થયેલ કામોની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| મંજૂર થયેલ કામો | ૧૭૪૩ |
| પૂર્ણ થયેલ કામો | ૧૬૪૬ |

પરિશિષ્ટ–૧ (રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકાનુ નામ | ૨૦૧૬–૧૭ | | ૨૦૧૭–૧૮ (તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ) | |
|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
| ૧ | અબડાસા | ૨૦૦.૦૦ | ૧૭૫.૩૦ | ૧૨૫.૦૦ | ૯૩.૭૮ |
| ૨ | અંજાર | ૧૫૦.૦૦ | ૧૩૫.૪૬ | ૧૧૨.૨૩ | ૯૬.૪૯ |
| ૩ | ગાંધીધામ | ૧૫૦.૦૦ | ૯૬.૭૫ | ૧૨૫.૯૨ | ૮૮.૦૬ |
| ૪ | ભચાઉ | ૧૭૫.૦૦ | ૧૪૪.૦૨ | ૯૬.૦૦ | ૧૧૫.૭૦ |
| ૫ | રાપર | ૨૫૦.૦૦ | ૨૨૫.૬૬ | ૯૬.૦૦ | ૧૮૨.૨૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | નખત્રાણા | ૨૦૦.૦૦ | ૧૬૬.૬૨ | ૧૫૦.૦૦ | ૧૧૯.૨૬ |
| ૭ | લખપત | ૨૫૦.૦૦ | ૨૦૩.૩૯ | ૧૨૫.૦૦ | ૧૧૬.૨૫ |
| ૮ | મુંદ્રા | ૧૭૫.૦૦ | ૧૦૮.૯૦ | ૧૦૫.૦૦ | ૫૧.૮૮ |
| ૯ | માંડવી | ૧૫૦.૦૦ | ૯૨.૨૭ | ૧૦૫.૦૦ | ૪૦.૨૫ |
| ૧૦ | ભુજ | ૨૦૦.૦૦ | ૧૬૬.૩૩ | ૧૩૭.૭૯ | ૧૧૪.૧૩ |
| | કુલ | ૧૯૦૦.૦૦ | ૧૫૧૪.૭૦ | ૧૧૭૭.૯૪ | ૧૦૧૮.૦૮ |

---------

એમ.એસ.એમ.ઈ. નો વિકાસ માટે નવી વ્યવસ્થા

* ૪૨૫૯ શ્રી કાંતિભાઇ બલર (સુરત ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા એમએસએમઇ (micro, Small & Medium Enterprise) એકમોના વિકાસ કરવાના હેતુથી MSME Commissinerateની નવા અલાયદા તંત્રની રચના કરવામાં આવેલ છે એ વાત સાચી છે, અને | (૧) હા, |
| (૨) જો હા, તો તેમાં શું કામગીરી કરવામાં આવે છે? | (૨) માઈક્રો, સ્મોલ અને મીડીયમ કક્ષાના એકમો માટેની ઔદ્યોગિક નીતિ–૨૦૧૫, મેન્યુફેક્ચરીંગ પોલિસી ટેક્ષટાઇલ પોલિસી, ડિફેન્સ પોલિસી તેમજ Incentive to Industries જેવી ઔદ્યોગિક નીતિઓ હેઠળની વિવિધ પ્રોત્સાહક યોજનાઓની અમલીકરણ તથા મોનીટરીંગની કામગીરી કરવામાં આવે છે. |

---------

ભરૂચ જીલ્લામાં સી.ઇ.ટી.પી. યોજના

* ૪૨૬૫ શ્રી દુષ્યંતભાઇ પટેલ (ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની અંતિત છેલ્લા બે વર્ષમાં સી.ઇ.ટી.પી. (કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) યોજના અન્વયે કુલ કેટલી સી.ઇ.ટી.પી.ની અરજીઓ મળેલ છે, | (૧) ૪ (ચાર) |
| (૨) આ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં સી.ઇ.ટી.પી. ને કેટલી નાણાંકીય સહાય આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૩૨૪.૪૩/– લાખ |
| (૩) આ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં મંજૂર થયેલ સી.ઇ.ટી.પી. (કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) થી કેટલા ઔદ્યોગિક એકમોએ લાભ લીધેલ છે? | (૩) ૨૦૨૭ ઔદ્યોગિક એકમોએ લાભ લીધેલ છે. |

---------

મહિસાગર જિલ્લામાં ઘરથાળનાં પ્લોટ

* ૪૧૯૨ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગ્રામ ગૃહ નિર્માણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા અન્વયે કેટલી અરજીઓ આવી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

| તાલુકો | ઘરથાળ પ્લોટની મળેલ અરજીઓ |
|---|---|
| લુણાવાડા | ૩૩ |
| સંતરામપુર | ૨૦ |
| કડાણા | ૦ |

| | |
|---|---|
| ખાનપુર | ૦ |
| વિરપુર | ૦ |
| બાલાશિનોર | ૧૯ |
| કુલ | ૭૨ |

(૨) તે પૈકી કેટલા લોકોને ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા, અને

(૨) ફાળવેલ પ્લોટ–૪૭

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા લોકોને ઘરથાળના પ્લોટ ફાળવવાના બાકી છે ?

(૩) ફાળવવાના બાકી પ્લોટ–૧૮.

---------

હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કુટર્સ કંપની દ્વારા મૂડીરોકાણ

* ૪૨૭૦ શ્રીમતિ મનીષા વકીલ (વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કુટર્સ કંપનીએ પોતાનું ઉત્પાદન એકમ ગુજરાત રાજ્યમાં સ્થાપેલ છે તે વાત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો તેમના દ્વારા ગુજરાતમાં કેટલું મૂડીરોકાણ આવેલ છે, અને | (૨) રૂ. ૧૩૦૦ કરોડ |
| (૩) આ એકમ થકી કેટલી રોજગારી ઉભી થનાર છે? | (૩) ૩૦૦૦ (રોજગારી સંખ્યામાં) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ |

---------

બારડોલી નગરપાલિકાને સફાઇ માટે સહાય

* ૪૨૮૩ શ્રીમતી ઝંખના પટેલ (ચોર્યાસી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે સહાય આપવાની કઇ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે તા.૨૫/૦૨/૨૦૧૪ના ઠરાવથી સફાઇવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ બારડોલી નગરપાલિકાને ઉક્ત યોજના હેઠળ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવેલ છે? | (૨) સફાઇવેરા પ્રોત્સાહક યોજના અન્વયે બારડોલી નગરપાલિકાને વર્ષ–૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨ /૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ.૭૩,૪૮,૩૧૩/– ની સહાય આપવામાં આવેલ છે. |

---------

મારૂતિ સુઝુકી કંપની દ્વારા મૂડીરોકાણ

* ૪૨૬૮ શ્રી રાકેશભાઈ શાહ (એલિસબ્રિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મારૂતિ સુઝુકી કંપનીએ પોતાનું ઉત્પાદન એકમ ગુજરાત રાજ્યમાં સ્થાપેલ છે તે વાત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો તેમના દ્વારા ગુજરાતમાં કેટલું મૂડીરોકાણ આવેલ છે, અને | (૨) રૂ. ૩૦૯૦.૦૮ કરોડનું મુડીરોકાણ |
| (૩) આ એકમ થકી કેટલી રોજગારી ઉભી થનાર છે? | (૩) ૨૩૨૬ (રોજગારી સંખ્યા) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ |

---------

ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં ગુમ થયેલ મહિલાઓ

* ૩૯૩૩ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં જીલ્લાવાર કેટલી મહિલાઓ ગુમ થયા અંગેની ફરીયાદો મળી, | (૧) |

| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા | મળેલ ફરીયાદો |
| ગીરસોમનાથ | ૧૪ |
| પોરબંદર | ૩૨ |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | |
| જિલ્લા | મળેલ ફરીયાદો |
| ગીરસોમનાથ | ૨૦ |
| પોરબંદર | ૩૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી મહિલાઓ પરત મળી, અને | (૨) ૭૫ |
| (૩) બાકી મહિલાઓને શોધી કાઢવા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ગુમ થયેલ મહિલાઓ શોધવા માટે ફોટા, વર્ણન સાથેની માહિતી દુરદર્શન ટી.વી.ચેનલ, સ્થાનીક ટી.વી.ચેનલો દ્વારા પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં ફોટા,વર્ણન સાથેની સંપુર્ણ માહિતી મોકલવામાં આવેલ છે. ઇ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત ફોટા સાથેની માહિતી અપલોડ કરવામાં આવેલ છે. નારી સંરક્ષણ ગૃહ, અનાથ આશ્રમો તેમજ જાહેર સ્થળોએ, પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ અને ચોકીમાં પોસ્ટરો લગાડી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે. |

---------

સીઆટ લી. કંપની દ્વારા મૂડીરોકાણ

* ૪૨૭૫ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સીઆટ લી કંપનીએ પોતાનું ઉત્પાદન એકમ ગુજરાત રાજ્યમાં સ્થાપેલ છે તે વાત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો તેમના દ્વારા ગુજરાતમાં કેટલું મૂડીરોકાણ આવેલ છે, અને | (૨) ફેઝ I- રૂ. ૮૦૮.૫૯ કરોડ<br>ફેઝ II- રૂ. ૫૫૭.૭૫ કરોડ<br>રૂ. ૧૩૬૬.૩૪ કરોડ |
| (૩) આ એકમ થકી કેટલી રોજગારી ઉભી થનાર છે? | (૩) ૧૭૫૪ રોજગારી |

---------

રાજ્યની પોલીસ તાલીમ સંસ્થાઓ દ્વારા રીફ્રેશર તાલીમ.

* ૪૩૦૩ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની પોલીસ તાલીમ સંસ્થાઓમાં કર્મચારી/અધિકારીઓને રીફ્રેશરની કોઈ તાલીમ આપવામાં આવી હતી કે કેમ, અને | (૧) હા, |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

રાજ્યની ચાર પોલીસ તાલીમ સંસ્થાઓમાં પોલીસ કોન્સ્ટેબલ,પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને આઈ.પી.એસ મળીને કુલ-૬૧૨ અધિકારી./કર્મચારીઓને નીચેની વિગતે રીફ્રેશરની તાલીમ આપવામાં આવેલી છે.

(૧) ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ. કુલ-૪૧૨

(૨) પોલીસ તાલીમ શાળા, વડોદરા. કુલ-૨૬

(૩) પોલીસ તાલીમ મહાવિદ્યાલય,જૂનાગઢ. કુલ-૨૮

(૪) રાજ્ય અનામત પોલીસ તાલીમ કેંદ્ર ચોકી સોરઠ. કુલ-૧૪૬

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જી.આઈ.ડી.સી.

* ૨૪૫૨ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઈ.ડી.સી. કાર્યરત છે, | (૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે ૩-૩ જી.આઈ.ડી.સી. કાર્યરત છે. |

| અરવલ્લી જિલ્લો | સાબરકાંઠા જિલ્લો |
|---|---|
| મોડાસા | ઈડર |
| માલપુર | હિંમતનગર |
| ભિલોડા (વાંકાનેર) | તલોદ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી નવી જી.આઈ.ડી.સી. સ્થાપવામાં આવી, અને | (૨) અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના શીણાવાડા મુકામે જી.આઈ.ડી.સી. સ્થાપવા જમીન સંપાદનની કાર્યવાહી પૂરી થઈ છે. |
| (૩) તાલુકા કક્ષાએ એકપણ જી.આઈ.ડી.સી. ન હોય તો નવી જી.આઈ.ડી.સી. બનાવવાનું શું આયોજન છે ? | (૩) ના, જી. |

---------

પંચમહાલ જિલ્લામાં ઘરથાળના પ્લોટ

* ૪૨૦૩ શ્રી જેઠાભાઈ આહિર (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગ્રામ ગૃહ નિર્માણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ. |

| તાલુકો | ઘરથાળ પ્લોટની મળેલ અરજીઓ |
|---|---|
| ગોધરા | ૪ |
| શહેરા | ૦ |
| મોરવા (હ) | ૩૦ |
| કાલોલ | ૧૦ |
| હાલોલ | ૦ |
| ઘોઘંબા | ૦ |
| જાંબુઘોડા | ૦ |
| કુલ | ૪૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલા લોકોને ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા, અને<br>(૩) ઉકત સ્થિતિએ કેટલા લોકોને ઘરથાળના પ્લોટ ફાળવવાના બાકી છે ? | (૨) અને (૩) લેન્ડ કમિટીની બેઠક ન મળવાને લીધે કોઈને પ્લોટ ફાળવવામાં આવ્યા નથી. |

---------

## તા. ૭ મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### બનાસકાંઠા જિલ્લામાં આઈ.પી.સી. કલમ–૩૦૨ હેઠળ ગુના

* ૩૫૮૯ શ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આઈ.પી.સી. કલમ–૩૦૨ હેઠળના કેટલા ગુના નોંધાયા, અને

(૨) તેમાં કેટલા આરોપીને પકડવામાં આવ્યા અને કેટલા પકડવાના બાકી છે ?

જવાબ

(૧)

| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | |
|---|---|
| તાલુકા | ગુનાઓની સંખ્યા |
| પાલનપુર | ૮ |
| વડગામ | ૬ |
| દાંતા | ૯ |
| ડીસા | ૭ |
| અમીરગઢ | ૮ |
| લાખણી | ૪ |
| દાંતીવાડા | ૧ |
| ધાનેરા | ૧ |
| થરાદ | ૮ |
| વાવ | ૬ |
| સુઈગામ | ૪ |
| દિયોદર | ૪ |
| ભાભર | ૪ |
| કાંકરેજ | ૫ |

(૨) ૧૮૧ પકડવામાં આવ્યા અને ૧૬ પકડવાના બાકી છે.

---------

### સિધ્ધપુર નગરપાલિકાને સફાઈ માટે સહાય

* ૪૨૮૫ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે સહાય આપવાની કઈ યોજના અમલમાં છે, અને

(૨) વર્ષ ૨૦૧૭–૧૮માં ઉકત સ્થિતિએ સિધ્ધપુર નગરપાલિકાને ઉકત યોજના હેઠળ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે તા.૨૫–૨–૨૦૧૪ ના ઠરાવથી સફાઈવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે.

(૨) સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે સિધ્ધપુર નગરપાલિકાને વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કુલ રૂ.૨૯,૦૩,૭૮૫/– ની સહાય આપવામાં આવેલ છે.

---------

### એમ.એસ.એમ.ઈ. ના વિકાસ માટે નવી વ્યવસ્થા

* ૪૨૫૮ શ્રી જગદીશ પંચાલ (નિકોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા એમ.એસ.એમ.ઈ. (Micro Small & Medium Enterprise) એકમોના વિકાસ કરવાના હેતુથી MSME Commissinerate ની નવા અલાયદા તંત્રની રચના કરવામાં આવેલ છે એ વાત સાચી છે, અને

(૨) જો હા, તો તેમાં શું કામગીરી કરવામાં આવે છે ?

જવાબ

(૧) હા.

(૨) માઈક્રો, સ્મોલ અને મીડીયમ કક્ષાના એકમો માટેની ઔ. નીતિ–૨૦૧૫, મેન્યુફેકચરીંગ પોલિસી ટેક્ષટાઈલ પોલિસી, ડિફેન્સ પોલિસી તેમજ Incentive

to Industries જેવી ઔદ્યોગિક નીતિઓ હેઠળની વિવિધ પ્રોત્સાહક યોજનાઓની અમલીકરણ તથા મોનીટરીંગની કામગીરી કરવામાં આવે છે.

---------

## તા. ૭ મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### કચ્છ જિલ્લામાં મુખ્ય ખનીજના બ્લોકની હરાજી

* ૪૨૫૧ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના એમ.એમ.ડી.આર. અમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ અમલમાં આવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં મુખ્ય ખનિજના કેટલા બ્લોકની હરાજીથી નિકાલ કરવામાં આવેલ છે, અને | (૧) ૦૩ (ત્રણ). |
| (૨) ઉકત હરાજીમાંથી કેટલી આવક પ્રાપ્ત થયેલ છે ? | (૨) રૂ.૧૭૮૪.૮૧ લાખ. |

---------

### ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસનો ખર્ચ

* ૩૧૪૨ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઘોઘાથી દહેજ રો-રો ફેરી સર્વિસ ક્યારે શરૂ કરવામાં આવેલ, | (૧) પ્રથમ તબક્કે પેસેન્જર ફેરી સર્વિસ તા.૨૨-૧૦-૨૦૧૭ થી શરૂ કરવામાં આવેલ. |
| (૨) ઉકત સ્થિતિએ આ સર્વિસ ચાલુ છે કે બંધ, અને | (૨) પેસેન્જર ફેરી સર્વિસ ચાલુ છે. |
| (૩) ઉકત સર્વિસ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૫૦૬.૩૫ કરોડ. |

---------

### મેકસીસ રબ્બર કંપની દ્વારા મૂડીરોકાણ

* ૪૨૭૮ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેકસીસ રબ્બર કંપનીએ પોતાનું ઉત્પાદન એકમ ગુજરાત રાજ્યમાં સ્થાપેલ છે તે વાત સાચી છે, | (૧) હા, ડીસેમ્બર-૨૦૧૬. |
| (૨) જો હા, તો તેમના દ્વારા ગુજરાતમાં કેટલું મૂડીરોકાણ આવેલ છે, અને | (૨) રૂ.૧૦૨૦.૦૦ કરોડનું મૂડીરોકાણ. |
| (૩) આ એકમ થકી કેટલી રોજગારી ઉભી થનાર છે ? | (૩) ૨૦૦૦ (રોજગારી સંખ્યામાં) |

---------

### ગાંધીનગર અને પાટણ જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૩૯૨૦ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

જવાબ

(૧)

| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| ગાંધીનગર | ૧૧૮ |
| પાટણ | ૨૪ |
| તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | |
| જિલ્લા | બાળકોની સંખ્યા |
| ગાંધીનગર | ૧૦૫ |
| પાટણ | ૨૧ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા, અને

(૨)

| સમયગાળો | બાળકોની સંખ્યા |
|---|---|
| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૧૨૪ |
| તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | ૯૩ |

(૩) કેટલા બાળકો લાપત્તા છે ?

(૩) ૫૧

---------

**માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો**

**પોઇન્ટ ઓફ ઓર્ડર પરના નિર્ણયો**

અધ્યક્ષશ્રી : તા. ૨૧-૨-૨૦૧૮ના રોજ પ્રશ્નોત્તરી કાળ પૂરો થયા બાદ માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશે નિયમ-૮૯નો ઉલ્લેખ કરી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી જણાવ્યું હતું કે, પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન દરેક પ્રશ્નમાં પાંચ મિનિટ કરતા વધુ સમય ન જાય અને વધુમાં વધુ પ્રશ્નો હાથ ધરી શકાય તે બાબતે સ્પષ્ટ નિર્ણય માટે માર્ગદર્શન માગ્યુ હતું.

આ પોઇન્ટ ઓફ ઓર્ડરની ચર્ચામાં માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદિપસિંહ જાડેજા, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી અને સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે પોતપોતાના મંતવ્યો વ્યકત કર્યા હતા. તત્સમયે આ પોઇન્ટ ઓફ ઓર્ડર પરનો વિગતવાર નિર્ણય મેં અનામત રાખ્યો હતો.

આ બાબતે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૯ અને તે સંબંધે પુરોગામી અધ્યક્ષશ્રીઓએ આપેલા નિર્ણયો તથા ગૃહની તે દિવસની પ્રશ્નોત્તરીકાળની કાર્યવાહીની નોંધ હું જોઇ ગયો છું. પ્રશ્નોત્તરીકાળની આ કાર્યવાહીમાંથી માનનીય સભ્યશ્રીઓએ દરેક પ્રશ્નના સંદર્ભમાં પૂછેલા પૂરક પ્રશ્નો અને તેના માનનીય મંત્રીશ્રીઓએ આપેલા જવાબોની વિગતો મેં રેકર્ડમાંથી ચકાસી છે, જે નીચે મુજબ છે.

<u>તારીખ:૨૧-૦૨-૨૦૧૮ની પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ-૧ના પ્રશ્નમાં,</u>

(૧) પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાને પૂરક પ્રશ્ન પૂછવાની તક મળતાં પ્રસ્તાવના સહિત બે પૂરક પ્રશ્નો પૂછયા હતા.
(૨) માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલને પૂરક પ્રશ્નની તક આપતાં તેઓએ એક પૂરક પ્રશ્ન પૂછયો હતો.
(૩) માનનીય સભ્યશ્રી સી.જે.ચાવડાને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતાં તેઓએ પૂર્વભૂમિકા સાથે એક પૂરક પ્રશ્ન પૂછયો હતો.
(૪) માનનીય સભ્યશ્રી ઋષિકેશભાઇ પટેલને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતાં તેઓએ પૂર્વભૂમિકા સાથે એક પ્રશ્ન પૂછયો હતો.

ઉકત તમામ પૂરક પ્રશ્નોના માનનીય મંત્રીશ્રીએ વિગતવાર જવાબો આપ્યા હતા અને તેમાં કુલ ૧૭ મિનિટનો સમય ગયો હતો.

<u>અગ્રતાક્રમ-૨ પરના પ્રશ્નમાં</u>

(૧) પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી મોહનલાલ વાળાને પૂરક પ્રશ્ન પૂછવાની તક મળતાં પ્રસ્તાવના સહિત ત્રણ પૂરક પ્રશ્નો પૂછયા હતાં.
(૨) માનનીય સભ્યશ્રી કેતનભાઇ ઇનામદારને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતાં તેઓએ એક પૂરક પ્રશ્ન પૂછયો હતો.
(૩) માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતાં એક પૂરક પ્રશ્ન પૂછયો હતો.
(૪) માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ પ્રશ્ન ક્રમાંક-૩ પાછો ખેંચાયેલો હોવા છતાં તે સંબંધમાં રજૂઆત કરી હતી અને મંત્રીશ્રીએ તેના વિગતવાર જવાબો આપ્યા હતા, જેમાં કુલ ૭ મિનિટનો સમય ગયો હતો.

<u>અગ્રતા ક્રમ-૩ પરનો પ્રશ્ન પાછો ખેંચાયેલો હતો તથા અગ્રતા ક્રમ-૪ પરના પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી ગેરહાજર હતા.</u>

<u>અગ્રતા ક્રમ-૫ પરના પ્રશ્નમાં</u>

(૧) પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયાને પૂરક પ્રશ્ન પૂછવાની તક મળતાં પ્રસ્તાવના સહિત ત્રણ પૂરક પ્રશ્નો પૂછાયા હતાં. આ પ્રસ્તાવના અને તેના પછી ત્રણ પૂરક પ્રશ્નો,
(૨) માનનીય સભ્યશ્રી ગોવિંદભાઇ પટેલને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતાં તેઓએ ત્રણ પૂરક પ્રશ્નો પૂછયા હતા.
(૩) માનનીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડાને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતાં રાજકીય અવલોકનો સાથે એક પૂરક પ્રશ્ન પૂછયો હતો.
(૪) માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતાં તેઓએ પૂર્વભૂમિકા સાથે ત્રણ પૂરક પ્રશ્નો પૂછયા હતા તેમજ

(૫) માનનીય સભ્યશ્રી યોગેશભાઇ પટેલે– એક રજૂઆત કરી હતી

આ પૂરક પ્રશ્નોના માનનીય મંત્રીશ્રીએ વિગતવાર જવાબો આપ્યા હતા. જેમાં પણ કુલ ૧૭ મિનિટનો સમય ગયો હતો.

અગ્રતા ક્રમ–૬ પરના પ્રશ્નમાં

(૧) પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી હસમુખભાઇ પટેલને પૂરક પ્રશ્ન પૂછવાની તક મળતાં તેઓએ પ્રસ્તાવના સાથે બે પૂરક પ્રશ્નો પૂછ્યા હતા.

(૨) માનનીય સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયાને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતાં તેઓએ પૂર્વભૂમિકા સાથે ત્રણ પૂરક પ્રશ્નો પૂછ્યા હતા.

(૩) માનનીય સભ્યશ્રી અનિલભાઇ જોષીયારાને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતા તેઓએ પૂર્વભૂમિકા સાથે એક પૂરક પ્રશ્ન પૂછ્યો હતો. (અંતરાય) જેને સાંભળવું ના હોય તે બહાર જઇ શકે.

(૪) માનનીય સભ્યશ્રી બ્રિજેશ મેરજાને પૂરક પ્રશ્ન પૂછવાની તક આપતાં તેઓએ એક પૂરક પ્રશ્ન પૂછ્યો હતો.

(૫) માનનીય સભ્યશ્રી ભગવાનભાઇ બારડે એક પૂરક પ્રશ્ન બાદમાં પુનઃ પૂરક પ્રશ્ન પૂછ્યો હતો.

(૬) માનનીય સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયાને ફરી તક આપતાં પુનઃ પૂરક પ્રશ્ન પૂછ્યો હતો.

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે એક રજૂઆત કરી હતી અને તેમાં કુલ–૧૮ મિનિટનો સમય ગયો હતો.

આમ, આ દિવસની પ્રશ્નોત્તરી દરમિયાન કુલ–૧૯ સભ્યશ્રીઓએ એકથી વધુ પૂરક પ્રશ્નો પૂછ્યા હતા. પૂર્વભૂમિકાઓ મૂકી હતી, પ્રસ્તાવનાઓ તેમજ રાજકીય અવલોકનો સાથે કુલ–૨૮ પૂરક પ્રશ્નો પૂછ્યા હતા અને ત્રણ રજૂઆત કરી હતી. આ પૂરક પ્રશ્નો અને રજૂઆતોના માનનીય મંત્રીશ્રીઓએ વિગતવાર જવાબો આપ્યા હતા. પ્રશ્નોત્તરીકાળની કાર્યવાહી દરમિયાન મેં પણ અવાર–નવાર સભ્યશ્રીઓ તેમજ મંત્રીશ્રીઓને પ્રશ્નોત્તરીનો સમય વેડફાય નહીં તે માટે ટકોર કરી હતી અને પ્રસ્તાવના, રાજકીય અવલોકનો ન કરવા અને ટૂંકમાં પ્રશ્નો પૂછવા અને ટૂંકમાં જવાબો આપવા આદેશ આપ્યા હતાં. પ્રશ્નોત્તરી કાળ દરમિયાન વધુમાં વધુ પ્રશ્નોની ચર્ચા થાય તે માટે મેં પૂરતી કાળજી રાખી હતી, તેમ છતાં તે દિવસે અધ્યક્ષ સ્થાનેથી અપાયેલ નિર્દેશોનું પાલન થયું ન હતું.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ – ૮૯માં પ્રબંધ કરવામાં આવ્યો છે કે, કોઇપણ તારાંકિત પ્રશ્નના અપાઇ ચૂકેલા જવાબમાંની કોઇ હકીકત પરત્વે વધુ સ્પષ્ટતા મેળવવા સારું પૂરક પ્રશ્ન પૂછી શકાશે પરંતુ અધ્યક્ષને એમ લાગે કે, કોઇ પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ સ્વરૂપનું છે અથવા પ્રશ્નોને લગતા નિયમોનું ઉલ્લંઘન કરે છે તો અધ્યક્ષ એ પૂરક પ્રશ્ન નામંજૂર કરી શકશે. વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું છે કે, અધ્યક્ષ તે કોઇપણ પ્રશ્ન ઉપર પાંચ મિનિટ કરતાં વધુ સમય માટે પૂરક પ્રશ્ન પૂછવા દેશે નહિ. નિયમોમાં પાંચ મિનિટ કરતાં વધારે સમય માટે પૂરક પ્રશ્નો પૂછવા નહિ દેવાની જોગવાઇ હોવા છતાં પણ તેનું વ્યવહારમાં પાલન આગળ જણાવેલ ઘટનાક્રમને કારણે કરવું મુશ્કેલ છે. મારા પુરોગામી અધ્યક્ષે આપેલ નિર્ણય ક્રમાંક–૯ (અધ્યક્ષના અગત્યના નિર્ણયો સન ૨૦૦૩ થી ૨૦૦૭) અનુસાર કોઇપણ પ્રશ્ન પાછળ કેટલો સમય જશે તે પ્રશ્નનો વિષય, પ્રશ્ન સાથે સંકળાયેલ જાહેર હિત, તેમાં સમાવિષ્ટ વિગતો, પૂરક પ્રશ્નનો વ્યાપ વગેરે બાબતો ઉપર આધારિત છે. ભૂતકાળમાં જાહેર હિતને સ્પર્શતા પ્રશ્નો પર ૧૫ થી ૨૦ મિનિટનો સમય ગયાના અનેક દાખલાઓ રેકર્ડ ઉપર છે. પ્રશ્નના વિષયમાં વિશાળ જાહેર હિત સમાયેલ હોય ત્યારે અધ્યક્ષ માટે પાંચ મિનિટની સમય–મર્યાદા જાળવવાનું નિયમથી પણ અપેક્ષિત નથી. પ્રશ્નોત્તરી કાળ તમામ સભ્યશ્રીઓ માટે ખૂબ જ મહત્ત્વનો સમય હોવાથી ભવિષ્યમાં સભ્યશ્રીઓ પૂરક પ્રશ્નો કોઇ પણ પ્રકારની પૂર્વભૂમિકા કે રાજકીય અવલોકનો કર્યા વગર ટૂંકમાં પૂછે અને મંત્રીશ્રીઓ પણ તેના ટૂંકમાં જવાબો આપે તો આ કાળ દરમિયાન વધુમાં વધુ પ્રશ્નો હાથ ધરી શકાશે. આ સંજોગોમાં માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરનો હું અસ્વીકાર કરું છું.

પોઇન્ટ ઓફ ઓર્ડર પરનો અન્ય નિર્ણય

તા. ૨૬/૨/૨૦૧૮ના રોજ સભ્યશ્રી અમિતભાઇ ચાવડાના આણંદ અને વડોદરા જિલ્લામાં જમીન તકેદારી સમિતિમાં ફરિયાદો અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫૩૯ની ચર્ચા બાદ સભ્યશ્રી શૈલેષ પરમારે અન્ય ત્રણ સભ્યો દ્વારા પૂછવામાં આવેલ પૂરક પ્રશ્નના જવાબો માનનીય મંત્રીશ્રીએ સંતોષકારક આપ્યા ન હોવાનું જણાવીને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપવામાં કાળજી રાખવી જોઇએ તે બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો. આ પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં સંસદીય બાબતોના મંત્રીશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી અને કોંગ્રેસ પક્ષના દંડકશ્રી અમિતભાઇ ચાવડાએ પોત પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતાં. આ મંતવ્યો સાંભળ્યા બાદ પૂરી વિગતો ચકાસી મારો નિર્ણય પછી જાહેર કરીશ તેમ મેં તત્સમયે જણાવ્યું હતું. આ પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં ગૃહની કાર્યવાહીનો રેકર્ડ, નિયમો, પૂર્વ અધ્યક્ષોના નિર્ણયો વગેરે હું તપાસી ગયો છું. માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે ટાંકેલ પૂર્વ અધ્યક્ષનો પાના નં–૫૮ પરનો નિર્ણય ક્રમાંક – ૫૫ (સન ૧૯૮૫ થી ૨૦૦૨) તથા માનનીય સંસદીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ ટાંકેલ પૂર્વ અધ્યક્ષનો નિર્ણય ક્રમાંક – ૧૨ (સન ૨૦૦૩ થી ૨૦૦૭) પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, સભ્યશ્રી ઇચ્છે તે રીતે મંત્રીશ્રી પ્રશ્નનો જવાબ આપી ન શકે. સાથે–સાથે તે બાબત પણ પ્રસ્તુત છે કે, મૂળ પ્રશ્નને સુસંગત પૂરક પ્રશ્નોના જવાબોની માહિતી મંત્રીશ્રીઓ પાસે હોય તે પણ અપેક્ષિત છે. સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ વડોદરા જિલ્લામાં મળેલ પાંચ ફરિયાદો ૨ વર્ષ કે તેથી વધુ સમયથી પડતર રહેવાના

કારણોની માહિતી માંગી હતી. સંભવ છે કે, જુદી–જુદી ૫ ફરિયાદ પડતર રહેવા માટે જુદી–જુદી વિસ્તૃત માહિતી થાય અને તત્સમયે મંત્રીશ્રી પાસે માહિતી ઉપલબ્ધ હોય તો મંત્રીશ્રી માહિતી ગૃહના ટેબલ ઉપર મૂકવા અથવા સભ્યશ્રીને પાછળથી અલગ રીતે આપવા જણાવી શક્યા હોય. આ પ્રશ્નની ચર્ચામાં મેં પણ ૧૨ મિનિટનો સમય ફાળવ્યો હતો અને લગભગ તમામ પૂરક પ્રશ્નોના જવાબો મંત્રીશ્રીએ સંતોષકારક રીતે આપ્યા હતાં. તેમ છતાં સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ પૂરક પ્રશ્નથી માંગેલ માહિતી મંત્રીશ્રીએ તેમને અલગ રીતે લેખિતમાં પૂરી પાડવી.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોના જવાબમાં વિસંગતતા હોવા બાબત**

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજનો તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧ જેમાં શ્રી વિમલભાઇ ચુડાસમાએ પ્રશ્ન પૂછ્યો છે કે, ગીર–સોમનાથમાં ૨૦૧૬માં કેટલા બાળકો ગુમ થયા અને ૨૦૧૭માં કેટલા બાળકો ગુમ થયા. એના જવાબમાં બંને વર્ષોમાં ૨–૨ના આંકડા આપ્યા છે. એ જ પ્રશ્ન પાના નં–૬૫ ઉપર પ્રશ્ન ક્રમાંક–૧૭૩ છે. જેમાં સભ્યશ્રી મોહનલાલ વાળાએ આ પ્રશ્ન પૂછ્યો છે. એ પ્રશ્નમાં ૨૦૧૬માં ગીરસોમનાથમાં ૧૬ બાળકો ગુમ થયાં હતાં અને ૨૦૧૭માં ૨૨ બાળકો ગુમ થયાં હતાં. મેં વિધાનસભા દ્વારા આપવામાં આવેલ શુદ્ધિપત્રક પણ જોયું તો એમાં પણ આ જે ભુલ દેખાય છે એનો સુધારો થયેલ નથી, માટે બન્ને જવાબો સરકારના વિભાગ તરફથી આપવામાં આવ્યા છે એ બન્નેમાં બહુ મોટો તફાવત છે તો આપશ્રી આમાં રૂલિંગ આપો એવી હું આપને વિનંતી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મારે સ્પષ્ટતા કરવાની જ હતી કે, તા. ૨૭.૨.૨૦૧૮ની પ્રશ્નોત્તરીમાં જે વખતે અમે આ જવાબ આપ્યો એ વખતની સ્થિતિ અને આજ સુધીમાં અમારા વહીવટમાં પોલીસ તંત્ર દ્વારા જે આખી ઝુંબેશ કરાવી એના કારણે આંકડાઓનો તફાવત આમાં ચોક્કસ જોવા મળે છે.

અધ્યક્ષશ્રી : માહિતી એ રીતે આપવી જોઇતી હતી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સંસદીય બાબતોના ખૂબ જાણકાર મંત્રીશ્રી છે. વિધાનસભાના નિયમોના નિયમો અનુસાર આ વિધાનસભાની એક પ્રશ્નોત્તરીમાં ચોક્કસ સમયના ઉલ્લેખ સાથે પ્રશ્ન ક્રમાંક–૧ તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીરસોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલાં બાળકો ગુમ થયાં? માનનીય અધ્યક્ષશ્રી, આજની જ પ્રશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંક– ૧૭૩માં લખ્યું છે કે, તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીરસોમનાથ જિલ્લાની અંદર કેટલાં બાળકો ગુમ થયાં એટલે તા. ૩૧.૧૨.૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એક જ જિલ્લાની અંદર એ અલગ આંકડાઓ સરકારશ્રીએ વિધાનસભાગૃહની અંદર રજૂ કર્યા છે. કોઇ સુધારો હોય તો શુદ્ધિપત્રકની અંદર આપણે એનો ઉલ્લેખ કરવો જોઇએ પણ એ શુદ્ધિપત્રકની અંદર એનો ઉલ્લેખ કર્યો નથી એટલે માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગે છે કે, આ વિધાનસભાની અંદર એક જ જિલ્લામાં એક જ સ્થિતિએ નિયત કરેલા ચોક્કસ સમયગાળામાં અલગ અલગ જવાબોથી •(×××) અને વિધાનસભાના નિયમો અનુસાર આમાં અર્ધો કલાકની ચર્ચા માનનીય મંત્રીશ્રીએ આપવી જોઇએ.

અધ્યક્ષશ્રી : બંને પક્ષોને મેં સાંભળ્યા.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મીસપ્રિન્ટ હોઇ શકે , પણ વિધાનસભાને ગેરમાર્ગે દોરવાનો ઈરાદો તો હરગીઝ ન હોઇ શકે. અને (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, બૂમાબૂમ કરવાની જરૂર નથી, શાંતિથી ચર્ચા થાય છે આપ સાંભળો. શા માટે બૂમાબૂમ કરીએ છીએ? આપણે સભ્ય સમાજમાંથી ચૂંટાઇને આવ્યા છીએ અને લાખો લોકોના પ્રતિનિધિ છીએ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મીસપ્રિન્ટ હોઇ શકે, સ્લીપ ઓફ પેન હોય અને માનનીય મંત્રીશ્રીએ ખુલાસો પણ કર્યો કે, જે તે સમયની બંને સમયની તપાસના આધારે જે આંકડા છે. આ એક વસ્તુ છે છતાં જે આક્ષેપ કરવામાં આવે છે કે, ગેરમાર્ગે દોરવામાં આવે છે. સાહેબ, કોઇપણ સંજોગોમાં સરકાર ગૃહને ગેરમાર્ગે દોરવા માટે ક્યાંય હોય નહીં, ઈરાદો પણ ન હોઇ શકે, એટલે મને તો આપશ્રીને અનુરોધ છે કે, એ શબ્દો સભ્યશ્રી પાછા ખેંચે અથવા તો એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ મુદ્દો સંવેદનાનો મુદ્દો છે. આ વિધાનસભા વિધાનસભા નિયમોના નિયમ અનુસાર ચાલે છે. માનનીય સંસદીય મંત્રીશ્રી આપે ચલાવવાની છે. આ સુધારા યાદી છે. સુધારા યાદીની અંદર પ્રશ્ન ક્રમાંક–૧ કે પ્રશ્ન ક્રમાંક–૧૭૩ બેમાંથી એક પણ પ્રશ્નની અંદર શુદ્ધિપત્રકની અંદર આંકડાઓની શુદ્ધિનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પહેલી વાત આ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ વિધાનસભા ગૃહમાં તા. ૭.૩.૨૦૧૮ના રોજ રાજયના આંકડાઓ વિવિધ સભ્યશ્રીઓના પ્રશ્નોમાં રાજય સરકારે આ ફ્લોર ઉપર આપ્યા. ૪૯૫૧ જેટલાં બાળકો રાજયમાં છેલ્લા બે વર્ષમાં ગુમ થયાં છે, સરકારે આપેલા આંકડાઓની ઉપર અમને વિશ્વાસ હતો, આ જ આંકડાઓ અમે આ ગુજરાતની જનતાની જાણ માટે પ્રસિદ્ધ કર્યા હતા. આ સરકારના મહિલા મંત્રીશ્રીએ વિધાનસભાના દરવાજે મીડીયા ગેલેરીમાં જઇ અને ઇલેક્ટ્રોનિક્સ મિડીયાની સામે એ વાત સ્વીકારી કે ગૃહમાં આપેલા આંકડા ખોટો હોઇ શકે. મેં એની વીડીયો કલીપીંગ જોઇ છે મેં પોતે જોઇ છે. આપ પણ માનનીય અધ્યક્ષશ્રી ખરાઇ કરી શકો છો, એટલે માનનીય મંત્રીશ્રીએ જયારે આ વિધાનસભામાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આપેલા આંકડાઓ ...બાપુ સાહેબ અવિશ્વાસ વ્યકત કર્યો હોય ત્યારે આ બાળકો ગુમ થવાની ખૂબ જ સંવેદનશીલ બાબત છે. મારી વિનંતી છે કે આ અંગે નિયમો પ્રમાણેની અરઘા કલાકની ચર્ચા આપીને સરકાર પણ વિસ્તૃત સ્પષ્ટતા કરે, મને લાગે છે કે આના કારણે ગુજરાતની જનતા પાસે સત્ય જાય અને આવા બનાવો બનતા ભવિષ્યમાં રોકી શકાય, એટલે મારી વાતને સકારાત્મક લઇ અને નિયમોમાં પણ જોગવાઇ છે, સ્પષ્ટતા નથી થઇ. અરઘા કલાકની

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય પ્રદિપસિંહજીએ સ્પષ્ટતા કરી અને જવાબ આપી દીધો છે.

શ્રી પરેશ ધાનાણી : આ સરકારે કરેલી સ્પષ્ટતા કરતાં, સરકાર ઉદાર મન રાખીને અરઘા કલાકની ચર્ચા નિયમોમાં જોગવાઇ છે એ પ્રમાણે આપવામાં આવે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આના માટે અરઘા કલાકની ચર્ચા હોઇ શકે નહીં, આમાં સ્લીપ ઓફ પેન હોઇ શકે. વી વીલ ટેઇક કેર.

શ્રી પરેશ ધાનાણીઃ વિધાનસભામાં મીડીયાની સામે મૂકેલા આંકડા ..

અધ્યક્ષશ્રી : હવે મારે આમાં ઇન્ટરવીન થવું પડે છે. આ રીતે સામ સામે દલીલ ચાલે છે. માનનીય ધાનાણીજી આપની વાત સાંભળી લીધી, મંત્રીશ્રી આપની વાતમાં કંઇ રહી ગયું હોય તો કહી શકો છો.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ જ કે માનનીય વિપક્ષના નેતાશ્રીની વાતને એ રીતે હું લઉં છું. એટલે જ મેં કહ્યું કે ઇટ મે બી સ્લીપ ઓફ પેન, સ્લીપ ઓફ પ્રિન્ટ અને વી વીલ ટેઇક કેર. સાહેબ, અમે જોઇ લઇશું. અને સંવેદનશીલની વાત કરે છે તો પ્રદિપસિંહે માનનીય અધ્યક્ષશ્રી, બધા જ જવાબો આપી દીધા છે.

અધ્યક્ષશ્રી : આપ બેસો. આપ બેસોને.આપણે આ રીતે સામ સામ બોલતા રહીશું તો કયારેય પૂરું નહીં થાય. આપ ન ઉભા થશો પ્લીઝ, આપ બેસી જાઓ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર સંવેદનશીલ છે અને સમાજનું કોઇ પણ બાળક હોય તે અમારું બાળક છે એમ માનીએ છીએ અને એ રીતે માનનીય અધ્યક્ષશ્રી, તપાસ કરીએ છીએ. અને એ રીતે સંવેદનશીલ થઇને મંત્રીશ્રીએ પણ પોતાના વિભાગને સૂચના આપી છે. અને એ રીતે કામગીરી કરીને જવાબો પણ એ રીતે આપ્યા છે. અને જે ધ્યાન ઉપર મુદ્દો આવ્યો છે માનનીય અધ્યક્ષશ્રી, એમાં મેં ફલોર ઉપર કહ્યું છે કે વી વીલ ટેઇક કેર.

અધ્યક્ષશ્રી : બન્ને પક્ષોને મેં સાંભળ્યા છે. પ્રથમદર્શીય રીતે બન્ને જે આંકડા છે તેમાં વિરોધાભાસ દેખાય છે. પરંતુ માનનીય મંત્રીશ્રી જાડેજાજીએ જે ખુલાસો આપ્યો, તેમ છતાં વધુમાં ખુલાસો સરકાર તરફથી ફરીથી આપવામાં આવે, કે લેટેસ્ટ પરિસ્થિતિ તેમાં શું છે, એ જવાબ રેકોર્ડ ઉપર મૂકવામાં આવે. અને સભ્યશ્રીને પહોંચાડવામાં આવે, આપણે આગળ વધીએ છીએ, નેકસ્ટ. અને આપે જે અરઘા કલાકની ચર્ચાની માગણીની વાત કરીને માનનીય પરેશભાઇ, તેના માટે નિયમ–૯૨ ની નોટિસ આવશે તો તેનો વિચાર થશે. નેકસ્ટ.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

પારૂલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની હાલાકી અંગે

શ્રી પુંજાભાઇ ભી. વંશ (ઉના ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

‘‘તાજેતરમાં વડોદરાની પારૂલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ પાસે ખોટા કામો કરાવવા, વધારે ફી ઉઘરાવવી અને હાજરી ઓછી કહીને ફોર્મ રોકવા, નિયમ વિરૂદ્ધ કોલેજને મળેલ પરમીશનથી વધુ એડમિશન આપવા તેમજ ફી ભર્યાની રિસીપ્ટ ડિલીટ કરી બેલેન્સ શીટમાં આવક ઓછી દર્શાવવી વગેરે બાબતોના ઉલ્લેખવાળી ૮ પાનાની ચિઠ્ઠી સહિત યુનિવર્સિટીના કર્મચારીનો કમાટીબાગ પાસે મૃતદેહ મળવાથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ મૃતક કર્મચારીના પરિવારજનોમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા રાજય સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં.’’

શ્રીભૂપેન્દ્રસિંહ મ.ચૂડાસમા (શિક્ષણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, પારૂલ યુનિવર્સિટી, મુ.વાઘોડીયા, જી. વડોદરાના કર્મચારી શ્રી હરીશભાઇ ઇશ્વરભાઇ રાણાની તા. ૨૦.૨.૨૦૧૮ના રોજ મૃત્યુની ઘટના બનેલ હતી. ત્યાર બાદ તા. ૨૧.૦૨.૨૦૧૮ના રોજ રાત્રે ૧.૨૦ કલાકે પોલીસ તંત્ર સમક્ષ ફરિયાદ અરજી આવતાં મરણ જનાર હરીશ રાણાના મૃતદેહનું પેનલ ડોકટર દ્વારા પી.એમ. કરાવવામાં આવેલ છે. તે મુજબ પી.એમ. ના પ્રાથમિક તારણ મુજબ હ્રદયની ધમનીઓની બિમારીના લીધે હ્રદય બંધ થવાથી થયેલ છે. તેમ છતાં મૃતદેહના પી.એમ. વખતે મૃત્યુનું ચોકકસ કારણ જાણવા સારુ ડોકટરોએ વિશેરા લીધેલ છે જે વિશેરા એફ.એસ.એલ સુરત ખાતે સ્પેશ્યલ કેસ તરીકે તપાસણી અર્થે મોકલવામાં આવેલ છે. પોલીસ તંત્ર દ્વારા લેવામાં આવેલ વિશેરાનું એફ.એસ.એલ. સર્ટીફીકેટ સુરત ખાતેથી આવેલ નથી. હાલ આ બાબતે અકસ્માત મોતની તપાસ ચાલુ છે.

તદુપરાંત પોલીસ તપાસ દરમ્યાન જણાયેલ છે કે સ્વ.શ્રી રાણાનો મૃતદેહ મળ્યો તે કારમાં કોઇ ચિઠી મળેલ ન હતી પણ શ્રી રાણાના ઘરે તા. ૨૨.૨.૧૮ ના રોજ થયેલ પોલીસ તપાસમાં શ્રી રાણાના મોટાભાઇ શ્રી શૈલેષ રાણાએ મૃતકની બેગ પોલીસને સોંપતા તેમાં મળેલ ડાયરીમાં આઠ પાનાનું લખાણ મળી આવેલ છે, જે કથિત લખાણ શ્રી રાણા દ્વારા જ લખાયેલ છે કે કેમ? તે અંગે એફ.એસ.એલ. માં વધુ તપાસ પોલીસ દ્વારા હાથ ધરાયેલ છે. જેનો રિપોર્ટ આવવાનો બાકી છે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

માનનીય ધારાસભ્યશ્રી દ્વારા ઉપસ્થિત કરાયેલ મુદ્દાઓ પારૂલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ પાસે ખોટા કામ કરાવવા, વધારે ફી ઉઘરાવવી અને હાજરી ઓછી કરીને ફોર્મ રોકવા, નિયમ વિરૂદ્ધ કોલેજને મળેલ પરમીશનથી વધુ એડમિશન આપવા, તેમજ ફી ભર્યાની રિસીપ્ટ ડીલીટ કરી બેલેન્સશીટમાં આવક ઓછી દર્શાવવી વિગેરે બાબતો અંગે રાજય સરકારે, ઘટનાની જાણ થતાં જ તા. ૨૨.૨.૨૦૧૮ ના રોજ પારૂલ યુનિવર્સિટી પાસે વિગતવાર અહેવાલ માંગેલ. જેના અનુસંધાને પારૂલ યુનિવર્સિટીનો અહેવાલ તા. ૨૨.૨.૨૦૧૮ ના રોજ સરકારને મળેલ છે. આ અહેવાલ ઘટનાના સંદર્ભમાં હોઇ તા. ૩.૦૩.૨૦૧૮ ના લેખિત પત્રથી શૈક્ષણિક અનિયમિતતાના મુદ્દાઓના સંદર્ભમાં મુદ્દાસર જવાબ માંગવામાં આવ્યો. પારૂલ યુનિવર્સિટી દ્વારા આ અંગે તા. ૫.૦૩.૨૦૧૮ ના રોજ રજૂ કરવામાં આવેલ અહેવાલના મુદ્દાઓની ચકાસણીની કાર્યવાહી શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાયેલ છે. જેના તારણો અન્વયે રાજય સરકાર ઉચિત કાર્યવાહી કરશે.

સમગ્ર ઘટના પ્રત્યે સરકાર ગંભીર છે તથા કોઇ પણ શેહ શરમ વગર કસૂરવારોને શિક્ષા કરવા કટિબદ્ધ છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર કહે છે કે તેઓ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે સંવેદનશીલ છે. આ વિદ્યાર્થીઓ માટેનો અતિ સંવેદનશીલ મુદ્દો છે. ખાનગી યુનિર્વસીટીઓને સરકાર સતત નવી નવી મંજૂર આપતી જાય છે. સરકાર વિદ્યાર્થીઓના ભવિષ્યની વાત કરે છે અને બીજી બાજુ વિદ્યાર્થીઓના ભવિષ્ય બાબતમાં ચેડાં થાય છે. આવી બે ધારી રાજય સરકારની નીતિ કારણે ગુજરાતના વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બન્યું છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એવા સંજોગોમાં મુખ્ય સવાલ એ ઉપસ્થિત થાય છે કે વધારે ફી ઉઘરાવવી. ઓછી હાજરી કહીને ફોર્મ રોકવા, નિયમ વિરુદ્ધ કોલેજને મળેલ પરમિશનથી વધુ એડમીશન આપવા તેમજ ફી ભર્યાની રિસીપ્ટ ડિલીટ કરી બેલેન્સ શીટમાં આવક ઓછી દર્શાવવી. આ પછી સરકારે તા. ૨૨–૨–૧૮ના રોજ પારૂલ યુનિવર્સિટી પાસેથી અહેવાલ માગ્યો અને સેઇમ ડે પારૂલ યુનિવર્સિટીએ અહેવાલ મોકલી આપ્યો એના આધારે રાજય સરકારે તા. ૩–૩–૧૮ના રોજ પાછા લેખિત પત્રથી વધારે સ્પષ્ટતા સાથે અહેવાલ માંગવામાં આવ્યો. જયારે પારૂલ યુનિવર્સિટી તરફથી ૫–૩–૨૦૧૮ના રોજ ફરીથી અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ સીધો સવાલ પૂછો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : આ ગંભીર બાબત એટલા માટે છે કે ઉભા કરેલા પ્રશ્નોમાં સરકારે કોઇ જવાબ આપ્યો નથી. ૫–૩–૧૮ના રોજ જે અહેવાલ રાજય સરકારને પારૂલ યુનિવર્સિટીએ આપ્યો અને એમાં સરકાર જણાવે છે કે અમે આ મુદ્દાઓની ચકાસણી કરીને શિક્ષણ વિભાગ આગળની કાર્યવાહી કરશે તો આ અહેવાલ સોંપવામાં આવ્યો છે એમાં કયા કયા પ્રકારના મુદ્દાઓનો અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં કઇ ગંભીર પ્રકારની ક્ષતિઓ આ યુનિવર્સિટી દ્વારા આચરવામાં આવી છે. મારો બીજો સવાલ એ છે કે..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી પુંજાભાઇ, પ્રસ્તાવના વધારે કરવામાં આવે છે એના કારણે વધારે સમય જાય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : બીજો પ્રશ્ન એ પૂછવા માગું છું કે યુનિવર્સિટીમાં ફેકલ્ટી વાઇઝ કેટલા વિદ્યાર્થીઓ છે એમાં સેમેસ્ટર વાઇઝ કેટલી ફી લેવામાં આવે છે, કેટલું ડોનેશન લેવામાં આવે છે અને ૯મી તારીખે રાજયભરના વાલીઓ ગાંધીનગરમાં આવીને આ અંગે ચિંતા કરવાના છે તો રાજય સરકાર શું અમલીકરણ કરવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : વિશ્વની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને રાજય સરકારે સરકારની યુનિવર્સિટીઓની સાથે સાથે ખાનગી યુનિવર્સિટીઓને પણ મંજૂરી આપે છે અને ગઇ વખતે જયારે ગોકુલને પરવાનગી આપી ત્યારે પણ મેં કહ્યું હતું કે આ બધી યુનિવર્સિટીઓને માન્યતા આપી છે એ બધી યુનિવર્સિટીઓ સારી છે. ચાલતા ચાલતા પડી જવાય એટલે ચાલવાનું બંધ ન કરી દેવાય. કયાંક ભૂલ થઇ હોય તો એમાં ધ્યાન રખાય. આ બાબતમાં રાજય સરકારે પ્રોએકટીવ રોલ કર્યો છે. આ સરકાર સંવેદનશીલ છે. આ સરકાર નિર્ણાયક છે. એનો પૂરાવો આ જવાબમાંથી મળી જશે. હું બે ભાગમાં જવાબ આપીશ એક મારા વિભાગે કરેલ કાર્યવાહી અને બીજું ગૃહ વિભાગે કરેલ કાર્યવાહી. અમે પ્રોએકટીવ થઇને કામગીરી કરી છે. તા. ૨૦–૨–૧૮ના રોજ આ ઘટનાની જાણ થતાં તરત જ શિક્ષણ વિભાગ દ્વારા પારૂલ યુનિવર્સિટી પાસેથી અહેવાલ માગવામાં આવ્યો એના અનુસંધાને ૨૨–૨–૧૮ના રોજ પારૂલ યુનિવર્સિટીએ અહેવાલ આપ્યો. કથિત આઠ પાનાના લખાણના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા આપવામાં આવ્યો હતો એમાં શૈક્ષણિક અનિયમિતતાના મુદ્દાઓ ઉપર વિભાગ દ્વારા ફરીવાર તા. ૨૨–૨–૧૮ના અહેવાલથી સંતોષ ન થતાં ફરીથી તા. ૩–૩–૧૮ના પત્રથી યુનિવર્સિટી પાસેથી મુદ્દાસર ખુલાસાવાર જવાબ માગ્યો જેના અનુસંધાને યુનિવર્સિટી તરફથી ૫–૩–૧૮ના રોજ જવાબ મળ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ગુજરાતના કોઇ પણ વિદ્યાર્થી કે વાલીના ભાવિ સાથે ચેડાં થાય તે અમે ચલાવી લેવા માગતા નથી. કોઇને છાવરવા માગતા નથી. કોઇ હકીકત છૂપાવવા માગતા નથી. કોઇ વ્યક્તિને બચાવવા માગતા નથી. અમારી પ્રતિબદ્ધતા જૂઓ, આ જ યુનિવર્સિટીના ચેરમેન સામે જે આક્ષેપો થયા અને ગૃહ વિભાગે અને શિક્ષણ વિભાગે ભેગા થઇને તે ચેરમેનશ્રીની ધરપકડ કરાવી. આજે પણ જેલમાં છે. બે વર્ષ થયા. એ સરકારની પ્રતિબદ્ધતા. (અંતરાય) તમે બોલતા હતા ત્યારે હું શાંત હતો. શિક્ષણ વિભાગે તાત્કાલિક પ્રોએકટીવ રોલ લઇને તેમને ચેરમેન પદેથી પણ દૂર કર્યા. ગૃહ વિભાગે કેવી સુંદર કામગીરી કરી છે. મૃત્યુની ઘટનાની જાણ થતાં જ તુરત પોલીસ વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરાઇ અને તાત્કાલિક મૃતદેહનું પેનલ ડોકટરો દ્વારા પોસ્ટમોર્ટમ કરાવ્યું. પોસ્ટમોર્ટમમાં જણાયું છે, મૃત્યુનું સંભવિત કારણ, હૃદયની ધમનીની બીમારીના લીધે હૃદય બંધ થવાને કારણે થયું છે.

મૃત્યુનું અંતિમ અને ચોક્કસ કારણ જાણવા માટે વિશેરા મેળવીને. વિશેરા એટલે આંતરડાની અંદર ખોરાક ખાધા પછી જે અસર થઇ હોય એ શું અસર થઇ છે એ જાણવા માટે એફ.એસ.એલ. સુરતને અમે મોકલ્યું છે અને તેનો અહેવાલ બાકી છે. ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક પુરાવો એકત્રિત કરવાની તજવીજ હાથ ધરાયેલ તથા પોલીસ વિભાગ દ્વારા જાહેર રસ્તા પર લગાડેલ સી.સી. ટી.વી. કેમેરા દ્વારા મૃતકનું વાહન પાર્ક થયું ત્યારથી લઇને મૃતદેહ મળ્યો સુધીની ઘટના કેમેરામાં કેદ થયેલ હતી. મૃતદેહ મળ્યો ત્યાં સુધીની આખી ઘટના એમાં આવેલી છે. મૃતકના ઘરેથી મળેલ કથિત લખાણવાળી ડાયરીના આઠ પાનાના લખાણને પણ ચોકસાઇ કરવા માટે વૈજ્ઞાનિક પુરાવા અને ફીંગર પ્રિન્ટ એક્સપર્ટ દ્વારા પણ અગ્રતાના ધોરણે અમે તપાસ કરાવી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ઘટનામાં કોઇ પણ પ્રકારનું ગુનાહિત કૃત્ય જણાશે તો રાજ્ય સરકાર તાત્કાલિક ધોરણે ફોજદારી રાહે કાર્યવાહી કરશે અને કોઇ પણ દોષિત હશે તો કોઇ પણ પ્રકારની શેહ-શરમ રાખ્યા સિવાય અમે કડકમાં કડક પગલાં લઇશું. માનનીય મુખ્યમંત્રીની સૂચનાથી કયાંય પણ કંઇ લીકેજ ન રહી જાય, કયાંય પણ તપાસમાં કોઇ કચાશ ન રહી જાય એટલા માટે ઉચ્ચસ્તરીય સમિતિની ૫મી તારીખે રચના કરી છે. તેમાં અગ્ર સચિવશ્રી-ઉચ્ચ અને ટેક્નિકલ વિભાગ તેના અધ્યક્ષ રહેશે. ટેક્નિકલ નિયામકશ્રી અને ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી એ બન્ને તેના સભ્ય રહેશે. આ બધી જ બાબતો. ફી વધારે લે છે. ઓછી લે છે. હેરાનગતિ છે. આવી નાની મોટી કોઇ પણ ફરિયાદ હશે તો આ ઉચ્ચસ્તરીય સમિતિ તેની તપાસ કરશે. ૯મી તારીખની વાત તમે કાઢી તો સારું થયું. મને બોલવાની તક મળી. માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ચાલે છે. કુમળા બાળકને માનસિક શાંતિ જોઇએ. સમાજનું વાતાવરણ એકદમ હળવું અને પ્રફુલ્લિત જોઇએ. ડહોળાયેલું હોય તો તેના ઉપર સીધી અસર પડે છે. આ કહેવાતા વાલીઓ, બાળક વગરના વાલીઓ, પબ્લિસિટી સ્ટંટ કરવાવાળા વાલીઓ કેવી માગણીઓ લઇને આવે છે? જે કંઇ માગણીઓ લઇને આવે છે તેની તમે વકીલાત કરતા હો તો તમે એમને કહેજો કે રેલી લઇને આવે છે એ પહેલાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, તમે નથી કરી. એમણે તમને નથી કહ્યું.

ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કરતા હો તો. ના કરતા હો તો કંઇ વાંધો નહીં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપના માટે કહ્યું જ નથી. આપનું નામ નથી લીધું.

ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મેં એવું કહ્યું, કરતા હો તો. ન કરતા હો તો સવાલ જ નથી. અમે નથી કરતા. અમે તો ૧૭,૪૧,૦૦૦ બાળકો આ સરકારના બાળકો છે એમ માનીને આખી વ્યવસ્થા શાંતિપૂર્ણરીતે પતે તેના માટેની વ્યવસ્થા કરીએ છીએ. કોઇ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને એની વ્યવસ્થા કરીએ છીએ અને આ રેલી એ માત્રને માત્ર પબ્લિસિટી સ્ટંટ છે. બાળકોના ભવિષ્ય માટે તમે પણ આજે નિવેદન આપો કે આ રેલી ન થાય અને આ રેલી માત્રને માત્ર ભવિષ્ય બગાડી રહેલ છે. આ સંજોગોમાં અમે અમારી પોલીસની વ્યવસ્થા કરીશું, શિક્ષણ વિભાગ દ્વારા વાલીઓને સમજાવવાની વ્યવસ્થા કરીશું. અમારી બધી વ્યવસ્થા છે જ. આ સમિતિને તમારામાંથી પણ કોઇએ ધ્યાન દોરવું હોય તો દોરી શકે છે. એમણે બીજી વાત કરી કે કેટલા વિદ્યાર્થીઓ છે? શું ફી લે છે? બધી જ માહિતી મારી પાસે છે. પણ અડધો પોણો કલાક થશે તમે કહેતા હોવ તો કહું. બાકી ટેબલ ઉપર મૂકી દઇશ.

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે, એમણે જે રીતે માહિતી આપી કે હૃદયની ધમનીના કારણે હૃદય બંધ થઇ ગયું હતું. વિશેરા લઇને એફએસએલ સુરત ખાતે આની તપાસ સોંપવામાં આવી હતી. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે પોલીસ તંત્રને એટલો પણ ખ્યાલ નહીં હોય એવું જવાબ ઉપરથી લાગે છે. વિશેરાની તપાસનું એફએસએલ સુરત ખાતેથી સર્ટિફિકેટ મળેલ નથી અને આની તપાસ ચાલુ છે. સવાલ એટલો પૂછવો છે કે આ તપાસ એફએસએલ, સુરતમાં થતી નથી તો કઇ જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને એનો રિપોર્ટ કેટલા સમયમાં સરકાર રજૂ કરશે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, યોગ્ય જગ્યાએ મોકલવામાં આવ્યું છે. રિપોર્ટ ૧૫ દિવસમાં આવી જવાનો છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જે જવાબ રજૂ કર્યો છે. બાપુ કોઇ જવાબ રજૂ કરે તો એમની નિષ્ઠા પ્રત્યે મને હંમેશાં માન છે. પરંતુ જયેશભાઇ નામનો વ્યક્તિ આ યુનિવર્સિટીનો ચેરમેન છે. આપે સસ્પેન્ડ કર્યા છે એવું મને હમણાં જાણવા મળ્યું. આ વ્યક્તિ ઉપર અનેક વખત અનેક રજૂઆતો થઇ છે. દીકરીઓને પોતાની રૂમમાં બોલાવે, એમને કેફી દ્રવ્ય પાય અને અનેક પ્રકારના કૃત્યો કરે એવું ધ્યાન ઉપર આવ્યું છે અને રેકર્ડ ઉપર પણ છે. ત્યારપછી એમને જેલના હવાલે કરવામાં આવ્યા. એમના પ્રથમ રેક્ટર ગયા અને બીજા રેક્ટર આવ્યા ત્યાર પછી આ બધી બાબતો ધ્યાન ઉપર આવી. જયેશભાઇ અત્યારે પોતે જેલમાં છે. એમના મારફત આ રાણા ઉપર કોઇ દબાણ કરવામાં આવ્યું હોય અને કોઇપણ પ્રાથમિક અહેવાલમાં એ કહેવામાં આવે છે કે ધમની અને હૃદયની બિમારીના કારણે આ થયું છે. માણસ જ્યારે ટેન્શનમાં હોય અને ટેન્શનમાં આવેલ માણસની ધમનીઓ અને એના હૃદય ઉપર હુમલો આવે એ સ્વાભાવિક બાબત છે એ આરોગ્ય ખાતાએ

સ્વીકાર્યું છે. ત્યારે આ બાબત ખૂબ જ ગંભીર ગણીને આ યુનિવર્સિટીમાં ખોટું ચાલે છે અને ઘણી યુનિવર્સિટીમાં ખોટું ચાલતું હશે. •(×××) અને આ યુનિવર્સિટીએ આપ્યું છે. *(×××).

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પૂછોને, હવે હું થાક્યો. શ્રી વિરજીભાઇ, આપ પ્રશ્ન પૂછો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : પ્રાથમિક તપાસના અહેવાલ ઉપર આમની ઉપર તાત્કાલિક અસરથી ગુનો નોંધીને એમના ભાઇએ આઠ પાનાનો પત્ર રજૂ કર્યો છે એ પત્રના આધારે, એ પત્રને ટાઇપ કરાવ્યો છે કે હાથથી લખ્યો છે એ હું જાણતો નથી. પણ એ પત્રના આધારે તાત્કાલિક અસરથી એમના ઉપર કાર્યવાહી કરવા માટે આ સરકાર કટિબદ્ધ છે કે કેમ? એ હું જાણવા માગું છું.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવની જાણ થતા તરત જ શિક્ષણે વિભાગે અને ગૃહ વિભાગે એની કામગીરી શરૂ કરી દીધી છે. ૧૧૬ના સંદર્ભમાં ચેરમેનની વાત કરી નથી. છતાં રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા જાહેર કરવા માટે મેં કહ્યું હતું. એમના ઉપર ગુનો નોંધાયો અને અમે એમને જેલમાં ધકેલ્યા છે અને આજે પણ એ જેલમાં છે. આ સન્માનનીય ગૃહને કહેવું છે કે બીજી કોઇપણ યુનિવર્સિટીમાં તમારા ધ્યાનમાં કંઇપણ આવે તો અમારું ધ્યાન દોરે અમે કાંઇપણ છૂપાવવા માગતા નથી કે છાવરવા માગતા નથી.

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં આ યુનિવર્સિટી આવેલ છે. જે તે વખતે બનાવ બન્યા હતા ત્યારે મેં પહેલ કરીને અને અમારી સરકારે પહેલ કરીને પારૂલ યુનિવર્સિટીના ચેરમેનને જેલ ભેગા કર્યા હતા. આ જે કૃત્ય ચાલી રહ્યું છે એના કારણે ત્રાસ આપીને આપઘાત કરતા હોય તેવું બીજી યુનિવર્સિટીમાં થતું હોય તો સરકારે તપાસ કરવી જોઇએ. મારા મત વિસ્તારમાં સાત-આઠ કોલેજો આવેલ છે. એમાં તપાસ કરવા માગો છો કે કે કેમ? આવું બીજી વખત ન થાય અને અમારી સરકાર બદનામ ન થાય તે માટે મારું સરકારને સૂચન છે. ખરેખર તપાસ થવી જોઇએ. આવી યુનિવર્સિટીની અંદર આવી રીતે કુમળી છોકરીઓની સાથે આવા કૃત્ય કરતા હોય એવાને ખરેખર જેલમાં ધકેલવા જોઇએ. એવી મારી વિનંતી છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મધુભાઇએ કહ્યું એ બધી જ તપાસ આ સમિતિ કરવાની જ છે. કોઇપણ પ્રકારની કોઇ ફરીયાદ આવે તો અમે સાંભળીશું. તમારી પાસે પણ કોઇ ફરિયાદ આવે તો મને અથવા આ સમિતિને તમે મોકલી આપજો અને નિષ્પક્ષ તપાસ થશે અને બીજું માનનીય સભ્યશ્રી વિરજીભાઇએ કહ્યું હતું કે તાત્કાલિક ધોરણે પણ એવી કોઇ વ્યવસ્થા નથી કે ગુનો બને તરતજ. એની તપાસ તો થવી જ જોઇએ, નિયમાનુસાર થવી જોઇએ, કાયદેસર થવી જોઇએ એ બધી તપાસ અમે કરી રહ્યા છીએ અને એવી તપાસ અમે કરીએ છીએ કે જેવી તપાસ ચેરમેન સામે થઇ અને એ છટકી ના શકયા એવી તપાસ અમે કરવા માગીએ છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૫-૨૦૧૬નો વર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ (ઉર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૭ મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૮

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વર્ષિક અહેવાલ

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૬–૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૧૦–૨૦૧૧ના વાર્ષિક હિસાબો

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૧૦–૨૦૧૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ, તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

ઓડિટ અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

નાણા વિભાગના જાહેરનામાની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : નાણા વિભાગના,

(૧) સન ૧૯૩૨ના ભારતના ભાગીદારી અધિનિયમ અન્વયેના તા. ૭/૧૦/૨૦૧૭ના, જાહેરનામા ક્રમાંકઃ જીએચએન(૯૪)પીઆર–૨૦૧૭(૨) –૬ તથા

(૨)સન ૧૯૭૮ના ઇનામી ચિટ અને નાણાં પરિચલન(પ્રતિબંધ) અધિનિયમ અન્વયેના તા. ૧૨/૬/૨૦૧૭ના, જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન–૨૨) એમઆઇએસ–૧૦૨૦૧૬–૧૦૪૯–એન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

**સરકારી વિધેયક**

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૪**

**ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૮**

સન ૨૦૧૮ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંકઃ૧૪–સન ૨૦૧૮નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરુ છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૮નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીની જાહેરાત

( ચર્ચાનો સમય ઠરાવવા અંગે)

અધ્યક્ષશ્રી : આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ચાર સભ્યશ્રીઓએ મુદ્દા આપેલ છે. આજનો ગૃહની બેઠકનો સમય બપોરના ૧૨ થી સાંજના ૫–૧૫ સુધીનો છે. આથી વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલા એટલે કે સાંજના ૪–૧૫ વાગ્યે પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા સમાપ્ત કરી બધી બાબતો સભાગૃહના મત ઉપર મૂકવાની થાય. પરંતુ આજરોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૧૮–૧૯ના વર્ષના અંદાજપત્ર પરની ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર છે. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળી રહે તે હેતુથી નિયમ ૩૯ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નિયમ ૨૩૮(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા અને મતદાન માટે ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવે છે. પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે જે ૪ સભ્યોએ મુદ્દા આપ્યા છે તે દરેક સભ્યશ્રીને ચર્ચા માટે ૩ મિનિટનો સમય ઠરાવું છું. તદનુસાર આ મુદ્દા પરની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયકને સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જ્યારે પૂરક બજેટ રજૂ કર્યું છે એ વખતે પણ માનનીય સભ્યશ્રીઓને શા માટે આ કરવું પડ્યું એની વિગતવાર માહિતી મેં આપી હતી અને એના આધારે આજે આ અંગેનું બિલ સન્માનનીય સભાગૃહમાં મેં રજૂ કર્યું છે. ૨૦૧૭–૧૮ના અંદાજપત્રમાં જુદી જુદી માગણીઓ હેઠળના મતપાત્ર અને બિન મતપાત્ર એવા સદરો મંજૂર કરવામાં આવેલા છે અને એના સુધારેલા અંદાજોને ધ્યાનમાં લેતા નીચે મુજબની પૂરક માગણીઓ કરવામાં આવેલ છે. એમાં મહેસૂલી માગણી છે એની રકમ ૧૦ હજાર ૧૮૨ કરોડ ૩૩ લાખ રૂપિયા છે અને મૂડી માગણી ૬૦૯ કરોડ ૭૫ લાખ રૂપિયા અને બન્નેનો સરવાળો કુલ ૧૦ હજાર ૭૯૨ કરોડ ૮ લાખ રૂપિયાની આ દરખાસ્ત છે. ઉપર મુજબની કુલ

---

* વિધેયક તા. ૧લી માર્ચ, સન ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જે રજૂઆતોની ગ્રાન્ટ છે એ વિધાનસભા ગૃહમાં પૂરક માગણીઓ જે રજૂ કરી એ ૧૦ હજાર ૧૮૨ કરોડ ૩૩ લાખની છે એ મહેસૂલ ખર્ચની રકમ છે. બાકીની ૬૦૯ કરોડ ૭૫ લાખ મૂડી ખર્ચની છે. આ માગણીઓ મોટાભાગની પૂરક માગાણીના રૂપે જે ઉભી થઇ છે એના જો કારણો હું માનનીય સભ્યશ્રીઓને આપું તો સાતમા પગારપંચના અમલના કારણે જે પગાર–ભથ્થા વધ્યા એની જોગવાઇ, મોંઘવારી ભથ્થા વધ્યા એની જોગવાઇ, પેન્શન અને ગ્રેજ્યુઇટીની ચૂકવણી કરી એની જોગવાઇ, સરકારી મિલકતો, કામોમાં જે વળતર, કિંમત એટલે કે વીજ એ બધો જે વપરાશ થાય છે એની બાબત અને ખાસ કરીને ખેડૂતોને કૃષિ વિષયક સબસિડી આપવામાં આવે છે એનો સમાવેશ થાય છે. નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ માટે રાજ્ય સરકારે જે પ્રોત્સાહક સ્કીમો અમલમાં મૂકી છે એના કારણે, ટેક્સટાઇલ ઉદ્યોગના વિકાસ માટે જે ટેક્સટાઇલ પોલિસી રાજ્ય સરકારે અમલમાં મૂકી છે એનો ખર્ચ. કૃષિ ક્ષેત્રે જોખમોના વ્યવસ્થાપન માટેની જે વ્યવસ્થાઓ છે પાક વીમો વગેરે એના માટેની જોગવાઇઓ છે. આપત્તિ વ્યવસ્થાન, કોઇ કુદરતી આપત્તિ આવે એના માટે જે વધારાનો ખર્ચ થયો એના માટેની વ્યવસ્થા છે. બીજું, નાણાપંચની ભલામણો અનુસાર પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવા જે ખર્ચ કરવામાં આવ્યો એની બાબત છે. મેટ્રો લીંક અમદાવાદ–ગાંધીનગરની જે આપણી કામગીરી ચાલે છે એના માટેની વધારાની જોગવાઇ છે. રસ્તા, પુલો, પાણી પુરવઠા, પાક વીમા યોજના, મગફળી અને કપાસની રાજ્ય સરકારે જે વિપુલ માત્રામાં ખેડૂતોને મદદ કરવા માટે ખરીદી કરી આવી બધી બાબતો આમાં સમાવિષ્ટ છે. માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપણું બજેટ જે આપણે મંજૂર કર્યું હતું એમાં જે વધારાની બાબતો છે એનું આજે પૂરક વિનિયોગ વિધેયક બિલના સ્વરૂપે મેં રજૂ કર્યું છે. આને આપ મંજૂર કરો એવી આશા રાખું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી સાહેબશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે એમાં મંજૂરી આપવામાં કોઇ વાંધો નથી. ફક્ત ચિંતાનો એક વિષય છે. એ ચિંતા છે અને સમગ્ર ગુજરાતની પ્રજાની એ ચિંતા છે એટલે કરું છું. આપણે આ વખતે ૧,૭૬,૦૦૦કરોડ રૂપિયાનું બજેટ ગુજરાતના પ્રશ્નોના વિકાસ માટે રજૂ કર્યુ અને આપ જે જે પ્રશ્નોનું વાંચન કર્યુ એ પ્રશંસનીય છે એમાં ખોટું નથી પણ જે સૌથી અગત્યનો મુદ્દો એ છે કે આપણે આજે ૧,૮૭,૦૦૦ કરોડનું એક વર્ષનું બજેટ રજૂ કરીએ એના કરતા રાજ્યનું દેવું એનાથી વધી ગયું છે. આ દેવું છે એ ચિંતાનો વિષય છે અને દેવું વધ્યું એ વધતું જાય છે. કોઇ પ્રોજેક્ટ કરવા માટે, નર્મદાનો પ્રોજેક્ટ કરવા માટે કે કોઇ ૧૦૦૦ મે.વોટનું વિદ્યુત મથક ઊભું કરવા માટે કે એવા કોઇ મોટા મોટા પ્રોજક્ટો હાથ ધરવા માટે લોન લેવી પડે એ સમજી શકાય એવી બાબત છે પણ દર વર્ષે લોન લેવી જ એવું થોડું છે સાહેબ? માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે પણ પૂરક બજેટમાં, પૂરક માગણીઓમાં પણ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ની વ્યાજની ચુકવણી હતી એની માગણી કરી હતી, એના માટે તો આયોજન હતું જ. ૯૦૦ કરોડની વ્યાજની ચુકવણીનું આયોજન તો હતું. પરંતુ ચાલુ વર્ષે પાછી લોન લેવી પડે અને પાછું એમાં જે વ્યાજ ચુકવવાનું એનું પણ પૂરક માગણીમાં વ્યાજ વધતું જાય છે અને વ્યાજનું દર ગુજરાતનું દરેક બાળક આજે ૩૫ થી ૪૦ હજારના દેવા સાથે જન્મે છે. જે રાજ્ય શ્રેષ્ઠી ગણાતું, જે રાજ્ય બીજા રાજ્યને મદદ કરતું એમાં કુદરતી આપત્તિ આવી જાય તો લોકો ગુજરાત તરફ મીટ માંડીને બેસતા કે ગુજરાતમાંથી મદદ આવશે અને ગુજરાતમાંથી ૫૦ કરોડ, ૧૦૦ કરોડ, ૫૦૦ કરોડ બીજા રાજ્યોને મદદ કુદરતી આપત્તિઓમાં કરતા હતા. આજે પણ કરતા હોઇશું પણ એની સાથે સાથે વ્યાજ લેવાનું અને લોન લેવાની અને એના ઉપર વ્યાજ આપવાનું એનાથી ગુજરાતની પ્રજાને કોઇ ફાયદો નથી તો એમાં કાપ મૂકી શકાય કે કેમ? લાંબા ગાળાનું આયોજન કરવાનું અને હવે પછી લોન લેવામાં થોડી ધીરજ અને સંયમ કેળવવો જોઇએ અને બાકીનું જે તમે સાતમા પગાર પંચના તફાવતના બિલો કર્મચારીઓને આપો છો, પગાર વધારો આપો છો એ પ્રશંસનીય છે એમાં ખોટું નથી. ઉલ્ટાનું અમે એમ કહીએ છીએ કે, તમે ચાર હપ્તે શું કામ? એક હપ્તે તફાવતની રકમ આપો તોય અમને વાંધો નથી પણ જે વ્યાજે લોન લ્યો છો અને લોન લઇને વ્યાજ ચુકવીને જે દરે વધતું જાય છે અને વ્યાજ ઉપર વ્યાજ, વ્યાજનું વ્યાજ એમ ગુજરાતને દેવામાં ડૂબાડતા જાવ છો એટલા પુરતી ચિંતા વ્યક્ત કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે તે બાબતમાં પ્રાથમિક ધિરાણ કરતી સહકારી મંડળીઓ છે તેની ચિંતા અંગે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગુ છું કે, સરકાર કોઇ જાહેરાત કરે છે અને ખેડૂતો માટે જાહેરાત કરે છે એને ખૂબ જ આવકારું છું. ખેડૂત દેવાદાર બનતો જાય છે, તેને દેવામાંથી બહાર લાવવો બહુ જરૂરી છે. એટલે સરકારની ચિંતાની સાથે વિરોધપક્ષ તરીકે પણ ચિંતામાં એમની સાથે સંમતિ આપીએ છીએ. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, સાથો સાથ સહકારી મંડળીઓ છે એ મંડળીઓ આપણી એક મહત્વની મંડળીઓ છે, એ ખેડૂતોનું ધબકાર અને હૃદય છે. સરકારે ૩%ની જાહેરાત કરી. ખેડૂતોનું વ્યાજ તે દિવસથી જ બંધ થઇ જાય છે અને મંડળોઓને આ ધિરાણનું વ્યાજ ૪–૪ મહિના સુધી સરકારમાંથી આવતું નથી. હું મંડળીનો એક પ્રમુખ છું. હું સીધી રીતે માનનીય મંત્રીશ્રીને સમજાવવા માગુ છું કે મારી મંડળીનું ધિરાણ ૧૦ કરોડ છે. આપે જાહેરાત કરી છે મેં ૧૦ કરોડનું ધિરાણ છે એ બેંક મારફત મેળવેલું છે. મારું વ્યાજ આજથી બંધ થઇ ગયું. આપના તરફથી વ્યાજની રકમ મોડી આપવામાં આવે તો મારી મંડળીને ૫ લાખ રૂપિયા માસિક ખર્ચ થાય છે, એ વ્યાજ ભરવું પડે છે. ૪ મહિના મોડું આવ્યું તો ૨૦ લાખ રૂપિયા થયું. પ્રાથમિક સહકારી મંડળીનો નફો ૩–૪ લાખ રૂપિયા છે એના કારણે ગુજરાતની મોટાભાગની સહકારી મંડળીઓ ઇનબેલેન્સ થઇ છે. હવે આ મંડળીઓ ઇનબેલેન્સ થશે અને ભાંગી જશે તો ખેડૂતોના હાથ ઉપર નુકસાન થવાનું છે. નાબાર્ડની પણ વ્યાજની રકમ ૪%ની ઘણી મોડી આવે છે. રાજ્ય સરકારે ચૂંટણીના કારણે આ જાતની જાહેરાત કરી હતી. હું માનનીય

નાણામંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે આપે કરેલી જાહેરાત પાંચે પાંચ વર્ષ સુધી ચાલુ રાખવામાં આવે અને જ્યાં સુધી સરકાર ચુકવણી કરે નહિ ત્યાં સુધી એનું વ્યાજ લેવાનું બંધ કરવા માટે જો ફરજ ન પાડવામાં આવે તો આ પ્રાથમિક સહકારી મંડળીઓ ચાલુ છે એ ચાલુ રહેશે અને આ જે ઇનબેલેન્સ થઇ છે. સરકારની જોગવાઇના કારણે એ મંડળીઓ બાબત સરકાર શું વિચારવા માગે છે એટલું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે એમાં ખાસ જે છેલ્લા ઘણા સમયથી સેલ્ફ ફાઇનાન્સ કોલેજોનું પ્રમાણ વધતું જાય છે અને એમાં આદિવાસી વિદ્યાર્થીઓ છે એ ફી ન ભરી શકવાને કારણ કે ભણવાનું છોડી દે છે. એના માટેની જોગવાઇ છે લગભગ આપણે ત્યાં ગુજરાતમાં ૨૦૦૯માં એનો ઠરાવ થયો હતો, સરકારે ફરી પાછો ઠરાવ બદલ્યો. ૨૦૧૧માં ફરી ઠરાવ કર્યો કે આ લોકોને ફીમાં માફી આપવી અને સ્કોલરશીપ આપવી પછી બે ત્રણ વર્ષ ભુલાઇ ગયું. ફરી પાછું ૨૦૧૪માં સરકારે, આદિજાતિ વિકાસ વિભાગે શિક્ષણ વિભાગને જાણ કરી, આ બાબતમાં માર્ગદર્શન મેળવ્યું અને શિક્ષણ વિભાગે તાત્કાલીક તા. ૧૪ જુન, ૨૦૧૪ થી ફ્રી શીપ કાર્ડ આપવાનું નકકી કર્યું. શિક્ષણ વિભાગે ફરી પાછી આદિજાતિ વિકાસને ફાઇલ મોકલી અને આદિજાતિ વિકાસ વિભાગે ત્રણ વર્ષ સુધી આની કોઇ કામગીરી ન કરી અને એના લીધે ઘણાબધા છોકરાઓ જે સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં એડમિશન ન મેળવી શકયા પછી અચાનક તા. ૧૪-૮-૨૦૧૭ ફરી પાછા આદિજાતિ વિકાસના જાગ્યા, ફરી પાછા માર્ગદર્શન માટે એમણે સચિવશ્રીને જાણ કરી અને મીનવાઇલ એનો તા. ૨૯-૮-૨૦૧૭ ના રોજ જવાબ પણ આવી ગયો પણ પરિસ્થિતિ એ થઇ કે ત્યાં સુધી તા. ૮,૯,૧૦,૧૧ આ ચાર દિવસ ઓગષ્ટ-૨૦૧૭માં જે મેડિકલ અને એન્જિનિયરીંગમાં એડમિશન મેળવવાના હતા એ એડમિશન થઇ ગયા અને એના લીધે એ છોકરાઓ એડમિશન પૈસા ન હોવાને કારણે મેળવી શકયા નહીં એટલે પરિસ્થિતિ એ છે સરકાર ઘણા સમયથી આ પોસ્ટમેટ્રીક સ્કોલરશીપ અને આ જે ફી છે એ ફીમાં માફી હોય છે એ માફીનો અમલ કરતી નથી એના લીધે અમારા છોકરાઓને ખૂબ મોટું નુકસાન જાય છે. કોઇ ચોકકસ એની વ્યવસ્થા થાય અને ફ્રીશીપ કાર્ડ છે એ ચાર દિવસમાં રજૂ કરવાનું હોય છે. એ ચાર દિવસમાં જે છોકરાઓ રજૂ નથી કરી શકતા એનું કારણ એ છે કે એ સર્ટીફીકેટ તકેદારી અધિકારી પાસેથી લેવાનું હોય છે અને તકેદારી અધિકારીની મોટાભાગની જગ્યાઓ ખાલી છે અને એક એક તકેદારી અધિકારી પાસે ત્રણથી ચાર જગ્યાનો ચાર્જ છે એટલે ચાર દિવસમાં મળી શકતું નથી એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં કોઇ જોગવાઇ કરવામાં આવે અને આ જે છોકરાઓ છે આદિવાસી એને ભણી શકે એ માટે ફ્રીશીપ કાર્ડ વહેલામાં વહેલી તકે મળી જાય એવી વ્યવસ્થા કરવામાં આવે અને એમના સ્કોલરશીપના ફોર્મ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં ભરાય એવી કોઇ જોગવાઇ કરવામાં આવે તો મને લાગે છે કે આ છોકરાઓ ભણી શકશે તો આપ એવી વ્યવસ્થા કરશો એવી વિનંતી સાથે હું વિરમું છું.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે એમાં હું થોડી વાત અને મારા સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું. ભૂતકાળની અંદર જિલ્લા પંચાયતોની અંદર જે રીતે વહીવટીતંત્ર ચાલતું હતું એમાં જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ હતા એમાં તાલુકા, જિલ્લા પંચાયતના સદસ્યોનું ત્યાં પૂરતું મહત્વ જળવાઇ રહેતું હતું. ઉપરાંત ત્યાં જે તાલુકા પંચાયતના અને જિલ્લા પંચાયતના સદસ્યો હોય, જિલ્લા પંચાયતમાં જિલ્લા પંચાયતની જુદીજુદી સમિતિઓના ચેરમેન હોય એ ચેરમેનને બધાને વિશ્વાસમાં લઇને એના નીચે આવતા વિભાગની ચર્ચાઓ થયા પછી જિલ્લા વિકાસ અધિકારી એ અંગેની ચર્ચાઓ કરીને આગળના નિર્ણયો કરતા. રાજયની અંદર મોટાભાગની જિલ્લા પંચાયતોમાંથી ભારતીય જનતા પાર્ટીની સત્તા ગયા પછી આ બધા તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યો બધાને લગભગ આપણી ભાષામાં કહીએ તો સત્તા વિહોણા બનાવી દીધા છે. છેલ્લે છેલ્લે એક નિર્ણય થયો કે પહેલા પંચાયતનો વહીવટ ચૂંટાયેલા સરપંચ અને એના સદસ્યો મારફત થતો એ બરાબર છે એની અંદર હવે ફરજિયાત રીતે તલાટી મંત્રીઓને મૂકયા. સારી વાત છે પણ એમાં પ્રશ્ન એવો ઉપસ્થિત થાય છે કે જે જગ્યાએ સરપંચો છે એ અભણ હોય, અશિક્ષિત હોય, જેને અક્ષરજ્ઞાન ન હોય એવા ચૂંટાઇને આવ્યા હોય અથવા તો મહિલા સરપંચ હોય તે જગ્યાએ તલાટી મંત્રીનો મીસયુઝ, દુરઉપયોગ કરીને કયાંક ને કયાંક વહીવટની અંદર ફસાઇ જાય એવા પ્રયત્નો તલાટી મંત્રી તરફથી ન થાય એ જોવાની વાત પણ માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકું છું. બીજું, જે જિલ્લા પંચાયતના પ્રમુખ અને જુદીજુદી સમિતિઓના ચેરમેન હતા. શિક્ષણ સમિતિ હોય, આરોગ્ય સમિતિ હોય, ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ હોય એ સમિતિના જે ચેરમેન હોય, જિલ્લા પંચાયતના ડી.ડી.ઓ. સાથે બેસીને એના વિભાગની જે બદલીઓ ખાસ કરીને એવી જગ્યાએ કરવી પડતી હોય કે શિક્ષક હોય તો કયાંક ત્યાં સ્થાનિક ફરિયાદ આવી હોય, રજૂઆત આવી હોય તો એમની સાથે સંકલન રાખીને એમના ફેરફાર કરવામાં આવતા. કયાંક ગામડાંમાં પ્રવાસમાં તાલુકા, જિલ્લા પંચાયતના સદસ્યો જતા હોય, તલાટી મંત્રી હોય, ગ્રામસેવક હોય એમની કોઇની ફરિયાદ ત્યાં સ્થાનિક કક્ષાએથી આવી હોય તો એ વાત ત્યાં જિલ્લા પંચાયતના પ્રમુખ સાથે મૂકીને એની ચર્ચા થયા પછી એને ફેરફાર કરવાની જરૂર હોય તો થઇ શકતી. હવે અત્યારે તો કોઇ જિલ્લા પંચાયતની, તાલુકા પંચાયતની ફરિયાદો જિલ્લા વિકાસ અધિકારી સાંભળ્યા વિના પોતાની મનસુફી પ્રમાણે સરકારને વિશ્વાસમાં લઇને કાર્યવાહી કરે છે. આ જૂના ધોરણ મુજબ ચાલુ રહે તેવી હું આપના મારફત કહેવા માગુ છું. સ્વ ભંડોળની રકમ સામાન્ય રીતે જિલ્લા પંચાયતો પોતાની જરુરિયાત હોય તેવી જગ્યાએ આ જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યોની સૂચના મારફત વાપરી શકતા એના બદલે સ્વ ભંડોળની રકમ જિલ્લા વિકાસ અધિકારી મનસુફી પ્રમાણે ગમે તેને આપી શકે છે. જે જૂના ધોરણો પ્રમાણે તેમાં જરૂરી જણાય તો ફેરફાર કરે તે માટેની

મારે મંત્રીશ્રીને વિનંતી છે. જે નાણા પંચના સૂચનો હોય, સ્વ ભંડોળના હોય એ તો તાલુકા, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સીધા પ્રજાના પ્રતિનિધિ છે અને એમને કઇ જગ્યાએ જરૂરિયાત છે એ વિશેષ ખ્યાલ હોય. એમને વિશ્વાસમાં લઇને આ કામગીરી થાય.

અધ્યક્ષશ્રી : હજુ બાકી હોય તો લેખિતમાં આપી દેશો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીઓએ અહીયા મુદા ઉપસ્થિત કર્યા છે, એમાં સૌથી પહેલાં માનનીય સભ્યશ્રી સી.જે. ચાવડા તરફથી સરકારી દેવા બાબતનો મુદો ઉપસ્થિત કરવામાં આવ્યો છે. કોઇ દેવું કરવું પડે તેવી સ્થિતિનો હું તરફદાર નથી, પણ દેવું કેમ કરવું પડે છે અને એ લીધેલી લોનનો કયાં ઉપયોગ કરવામાં આવે છે અને એનાથી પ્રજાને, રાજ્યને, ખેડૂતોને, ગરીબોને, આદિવાસીઓને શું ફાયદો થાય છે, એ બધાના મૂલ્યાંકન સાથે આપણે જોઇએ તો આપણી જરૂરિયાત પ્રમાણે આપણે લોનો મેળવીએ છીએ. અહીયા આપણે બધા જાગૃત, વિદ્વાન બેઠા છીએ. અમેરિકા જેવો સાધન સંપન્ન દેશની ગવર્નમેન્ટને પણ જાહેર દેવું છે અને હોય છે. સાઉદી અરેબિયા કે અબુધાબી હોય કે જયાં અનેકગણી આવક આખી દુનિયાની છે, એવા દેશો પણ અર્થવ્યવસ્થાના ભાગરૂપે બહારથી લોનો મેળવે છે અને વર્લ્ડ બેન્ક એ જુદા જુદા દેશોને લોન આપવા માટે છે. આખી દુનિયાના દેશોએ ભેગા થઇને એનું નિર્માણ કર્યુ છે. એશિયામાં એશિયન ડેવલપમેન્ટ બેન્ક છે એનું બધા દેશોની સરકારોએ ભેગા થઇને નિર્માણ કર્યુ છે. આવી બેન્કો દ્વારા આપણને જે લોનો મળે એની સાથે સાથે દેશના, રાજ્યના વિકાસ માટે, પરદેશમાં બહુ વ્યાજની આવક નથી હોતી. બીજા દેશો એક બીજા સાથે મિત્રતા કેળવવા બહુ નજીવા દરની લોનો આપે છે. દા.ત. આપણે મેટ્રો માટે અન્ય કામ માટે જાયકાની જે લોન લીધી છે. બુલેટ ટ્રેન માટે ભારત સરકારે જાપાનની લોન લીધી છે. પહેલાં કોંગ્રેસની સરકારે પાણી પુરવઠા માટે નેધરલેન્ડની પણ લોન લીધેલી છે. એ પહેલાં કોંગ્રેસની સરકાર વખતે આરોગ્ય વિષયક સેવાઓ માટે બીજા દેશની લોન લીધેલી. આ બધું સમજી લો કે ન લઇએ તો આપણી આવકમાં પગાર કરીએ અને દર વર્ષે થોડું થોડું કરીએ તો હું નથી માનતો કે દાયકાઓ સુધી આપણે પ્રજાને જે ઇચ્છીએ છીએ કે માનવ સેવા, વ્યવસ્થા, શિક્ષણ, આરોગ્ય, પીવાનું શુદ્ધ પાણી ઝડપથી પહોંચાડી શકીએ. આપણે આ બધુ કરવું પડે અને આખી દુનિયાની સરકારો કરે છે. બધા જ રાજ્યોની સરકારો કરે છે. ગુજરાત જેનાથી જુદું પડે છે. એને આ માનનીય સી.જે. ચાવડાના ધ્યાને મુકવું છે કે અમે સાહેબ એમાં જરૂરિયાત પ્રમાણે ઘટાડો પણ કરતા જઇએ છીએ. આપણી આવક વધે તો લોન ઓછી લઇએ છીએ. હું બે જ આંકડા આપું છું. ૨૦૦૪-૦૫ માં ગુજરાતમાં ૧૦.૭૯ ટકા જે જાહેર દેવાનો ખર્ચ હતો. એ અમે તબક્કાવાર ઘટાડતા જઇએ છીએ. ૨૦૦૪-૦૫ માં ૧૦.૭૯ હતો એ ૨૦૧૬-૧૭ માં ઘટાડી ૮.૯૦ થયું છે. આ ૨ ટકાનો ઘટાડો દેખાય. પણ રકમની દ્રષ્ટીએ એક મોટી બચત રાજ્ય સરકારની આપણે કરીએ છીએ. એની સામે બીજી રીતે જોઇએ તો આંકડા આપું મહેસૂલી આવકની સામે જે વ્યાજ ચુકવીએ છીએ. લોન લઇએ તો સ્વાભાવિક છે કે વ્યાજ આપવું પડે. તો ૨૦૦૪-૦૫માં ગુજરાત સરકારની જે મહેસૂલી આવક હતી. એના ૨૬.૮૨ ટકા રકમ એ દેવાનું વ્યાજ ભરવામાં રાજ્ય સરકાર આપતી હતી, હવે અમે જે ક્રમાનુસાર દેવામાં ઘટાડો કર્યો, મને આનંદ છે કે, વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૩.૬ ટકા જેટલા નીચા વ્યાજ ચૂકવણીના ખર્ચે આપણે પહોંચ્યા છીએ. એટલે કે, ૨૦૦૪-૦૫ માં જે ૨૬.૮૨ ટકા આવકની રકમ વ્યાજ ભરવામાં જતી હતી એને આપણે ઘટાડીને અરધી કરી દીધી છે અને ૧૩.૬ ટકા સુધી લાવ્યા છીએ. આપણા મોટા પ્રોજેક્ટ જે સભ્યશ્રીએ કહ્યું છે એ સાચું કહ્યું છે કે નર્મદા છે, રસ્તા છે, મેડિકલ કોલેજો છે, હોસ્પિટલો છે, આ બધું એકવાર થઇ જશે પછી રાજ્યની આવક વધવાની છે. એ કાયમી ખર્ચો નથી એ વન ટાઇમ પ્રોડક્ટીવ ખર્ચો છે. નર્મદા બની જાય, ખેડૂતોને પાણી મળે, કૃષિ ઉત્પાદન વધે, ખેડૂતો સુખી થાય, રાજ્ય સુખી થાય. ૫૫,૦૦૦ કરોડ રૂપિયા અત્યારસુધી નર્મદામાં લગભગ આપણે ખર્ચ કરી ચૂક્યા છીએ. હવે એ બંધ થવાનું છે ધીમે ધીમે કારણકે એનું મોટાભાગનું કામ પૂરું થયું છે. સૌની યોજના, સુજલામ-સુફલામ યોજના, પીવાનું પાણી આપવાની યોજનાઓ, ત્રીસ ચાળીસ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ અત્યારસુધી અમારી ભા.જ.પ.ની સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. એનો લાભ હવે લોકોને પહોંચી ગયો છે એટલે હવે એ ખર્ચ બંધ થવાનું છે. તો એનો લાભ મળવાનો છે. તો જે મોટા ખર્ચ છે એ બંધ થશે અને એમાંથી જે પ્રોડક્ટીવ ઉત્પાદન થવાનું છે એનો લાભ આપણને થવાનો છે એટલે અમે બહુ કરકસરથી સરકારના દરેક કામ કરીએ છીએ એ આપ સૌની જાણકારી માટે.

બીજું, ગઇકાલે સૌરભભાઇએ કહેલું એટલે અત્યારે એ હું રિપિટ નહિ કરું પણ કર્ણાટક છે, તામિલનાડુ છે, આંધ્રપ્રદેશ છે, પશ્ચિમ બંગાળ છે, કેરાલા છે આ સરકારના કામોની નાણાકિય સ્થિતિ, એનું દેવું, એનું ભારણ, આવક સામે દેવું, એ બધું ગુજરાત કરતાં અનેકગણું વધારે છે. એટલે આપણે આપણા રાજ્યને આગળ વધારવા માટે આ બધી કામગીરી કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. જોષીયારાજીએ જે વાત કરી, આદિજાતિ કલ્યાણમાં આદિવાસી વિદ્યાર્થીઓની સ્કોલરશીપ અને ફી માટે. જે એક વાત ફેલાવવામાં આવે છે અમારી સરકાર અંગે કે સેલ્ફ ફાઇનાન્સ કોલેજો કરી છે, સાચી વાત એ છે કે, સરકારી કોલેજો એ લગભગ ૧૦૦ ટકા મફત શિક્ષણ આપે છે. કોઇને કહીએ તો આજે નવાઇ લાગે, ગુજરાતની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મેડિકલ કોલેજમાં આજે વિદ્યાર્થી એમ.બી.બી.એસ. નો અભ્યાસ કરે તો એને એક વરસની ફી અત્યારે માત્ર ૬૦૦૦ રૂપિયા ભરવાની થાય છે, અત્યારે ગામડાંમાં પણ બાલમંદિરમાં બાળકને મૂકીએ તો એક વરસના રૂપિયા ૧૦,૦૦૦ની ફી ખાનગી સ્કૂલમાં લેવામાં આવે છે. અમે મેડિકલનો વિદ્યાર્થી ૬,૦૦૦ રૂપિયામાં ભણાવીએ છીએ અને કેટલી સીટો, અગાઉની સરકાર વખતે ગુજરાતમાં મેડિકલ સીટો બહુ મર્યાદિત હતી અને કોલેજો પણ મર્યાદિત હતી, અમે સીટો વધારી, કોલેજો વધારી અને આજે તમે છાપામાં વાંચ્યું હશે કે નવી એમ.બી.બી.એસ.ની સીટો અને પી.જી.ની સીટોને પણ

એમ.સી.આઇ.એ મંજૂરી આપી છે. લગભગ ૪૦૦૦ની સીટો ગુજરાતમાં એમ.બી.બી.એસ.ની પહોંચી છે અને એમાં પણ જે મેં કારણો બતાવ્યા છે કે ખર્ચો કેમ વધ્યો? મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં અમારા મુખ્યમંત્રી વિજયભાઇએ નક્કી કર્યું છે કે ગુજરાતની મેડિકલ કોલેજ, સરકારી હોય કે સેલ્ફ ફાઇનાન્સ હોય એમાં કોઇપણ જ્ઞાતિ જાતિની દીકરી અને એના પરિવારની છ લાખ રૂપિયાથી ઓછી આવક હોય અને એ દીકરી ભણતી હોય તો એની સંપૂર્ણ ફી અમારી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર ભરે છે. છોકરીઓને એમ.બી.બી.એસ. માં પણ મફત ભણવાનું. મુખ્યમંત્રી સ્વાવલંબનમાં જે વિદ્યાર્થીઓ સારા પર્સન્ટાઇલ મેળવી અભ્યાસ કરે છે એની પચાસ ટકા ફી એન્જિનિયરીંગ હોય, આઇ.ટી. હોય, કોઇપણ વિદ્યાશાખા હોય એની રાજ્ય સરકાર ૫૦ ટકા ફી સેલ્ફ ફાઇનાન્સમાં પણ ભરે છે. આદિજાતિ વિદ્યાર્થીઓની વાત કરું. સરકારે મેડિકલની સીટો વધારી, એન્જિનિયરીંગ સીટો વધારી, આઇ.ટી. ની સીટો વધારી. એલ.એલ.બી.ની સીટો વધારી, બી.એ. બી.કોમ. બી.એસ.સી. બધામાં વધારો કરેલ છે અને હું એમ માનું છું કે, એના આંકડા નથી મારી પાસે. આદિજાતિ વિદ્યાર્થીઓ મોટાભાગના બક્ષીપંચના વિદ્યાર્થીઓ અને મોટાભાગના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ એ અનામતની જે આપણી પદ્ધતિ છે, શિક્ષણમાં રિઝર્વેશન છે એના કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ સરકારી સંસ્થાઓમાં જ પ્રવેશ લઇ લે છે અને તેમને બીજો કોઇ ખર્ચ કરવો પડતો નથી છતાંય તેમને વધુ અભ્યાસ કરવા માટે આપણે શિષ્યવૃત્તિ આપીએ છીએ. સમયની મર્યાદા છે હું આંકડો આપી દઉં આ વર્ષે અમે જે ૧,૪૧,૦૭૧ વિદ્યાર્થીઓની ૧૪૫ કરોડ રૂપિયાની સબસિડી, સ્કોલરશિપ મંજૂર કરી દીધી છે. જે બીજી દરખાસ્તો આવી છે તે ૪૫,૦૨૦ વિદ્યાર્થીઓની છે તેને પણ, બધુ ઓન લાઇન કોઇ વચેટીયો નહીં, કોઇ ભ્રષ્ટાચાર નહીં સીધી વિદ્યાર્થીના ખાતામાં રકમ જમા થાય, કોઇને કરગરવા ના જવું પડે, કોઇ અરજી નહીં કરવાની મહિનો થાય અને સ્કોલરશિપ સમય પ્રમાણે તેના ખાતામાં જમા થાય એ કામ અમે કરી રહ્યાં છીએ બધાની અમે કાળજી રાખીએ છીએ. માનનીય વિરજીભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો મેં અગાઉ પણ કહ્યું હતું ભૂતકાળની સરકારો વખતે ખેડૂતોને ૧૮-૧૮ ટકા વ્યાજ બેંકમાં ભરવું પડતું હતું અમારી ભાજપની સરકાર આવી, કેન્દ્રમાં આવી, અહીંયા આવી આજે ગુજરાતના ખેડૂતોને ઝીરો ટકો વ્યાજ, સાહેબ શુન્ય ટકો ગુજરાતના ખેડૂતોને ભરવું પડે છે. ગુજરાતના ખેડૂતોને ૨૦ હજાર કરોડ રૂપિયા ઉપર જે બેન્કોમાંથી, સહકારી બેન્કોમાંથી લોન લે છે ટૂંકી મુદતની, કૃષિ વિષયક તેનું સંપૂર્ણ વ્યાજ ભારત સરકાર અને ગુજરાત સરકાર ભરે છે ખેડૂતને એક રૂપિયો પણ વ્યાજ ભરવાનું નથી એ અમે કર્યુ છે. એટલે એ વ્યાજ ખેડૂતોની સહકારી ક્ષેત્રની અમે પૂરેપૂરી કાળજી રાખીએ છીએ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૧૮નું ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, અનુસુચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૧૮નું ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૧૮નું ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજપત્ર પરના મારા વિચારો રજૂ કરું છું.

માનનય અધ્યક્ષશ્રી, ગઇકાલે માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ fiscal deficit, annualized growth, GSDP આ અંગેના આંકડા તેમણે રજૂ કર્યા હતા. ગુજરાતના વિકાસદરની વાસ્તવિકતા એ ૨૦૧૨-૧૩ના પ્રમાણમાં ૨૦૧૫-૧૬માં ઘટતી જાય છે. વર્ષ ૨૦૧૨-૧૩માં જે વિકાસ દર ૧૦.૮૪ ટકા હતો એ બિહાર અને તામિલનાડુ કરતાં નવમા ક્રમે હતો. એ વિકાસ દર આજે ૮.૩ ટકા પર આવીને અટક્યો છે. વિપક્ષ હર-હંમેશ વિધાનસભા ગૃહમાં દેવા માટે સરકારનું ધ્યાન દોરતો રહ્યો છે અને શાસક પક્ષ એ માટે એના જવાબો પણ આપતા રહ્યા છે. વર્ષ ૨૦૧૪-૧૫ માં વિકાસ લક્ષી ખર્ચ ૭૦.૩૯ ટકા હતો જ્યારે બિન વિકાસ લક્ષી ખર્ચ ૨૯.૬૧ ટકા હતો. એ પરિસ્થિતિની સામે ૨૦૧૮-૧૯માં વિકાસ લક્ષી ખર્ચ ૬૧.૪૪ ટકા થયો છે અને બિન વિકાસ લક્ષી ખર્ચ ૩૮.૫૬ ટકા થયો છે. આનો અર્થ એ થયો કે, વર્ષ ૨૦૧૪-૧૫ના પ્રમાણમાં વર્ષ ૨૦૧૮-૧૯ના વિકાસ લક્ષી ખર્ચમાં ૮.૯૫ ટકાનો ઘટાડો થયો છે અને એની સામે વર્ષ ૨૦૧૪-૧૫ના પ્રમાણમાં વર્ષ ૨૦૧૮-૧૯ના બિન વિકાસ લક્ષી ખર્ચમાં ૮.૯૫ ટકાનો વધારો થયો છે. એટલે વિકાસ લક્ષી ખર્ચમાં ઘટાડો થતો જાય છે અને બિન વિકાસ લક્ષી ખર્ચમાં વધારો થતો જાય છે. અત્યારે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી દેવા અંગેની ચિંતા કરીને અલગ-અલગ રાજ્યોના આંકડાઓ ટાંકીને માહિતી આપી રહ્યા હતા.

સભાપતિશ્રી (ડો.નીમાબેન આચાર્ય) અધ્યક્ષસ્થાને

૨૦૦૧ના વર્ષમાં ગુજરાતની આઉટ સ્ટેન્ડિંગ લાયેબિલીટી ૪૨૭.૮૧ બિલિયન હતી અને આજે ૨૦૧૭માં ગુજરાતની આઉટ સ્ટેન્ડિંગ લાયેબિલીટી ૨૪૮૪ બિલીયન ઉપર આંબી ગઇ છે. એનો મતલબ એ થયો કે, ૨૦૦૧ કરતાં ૨૦૧૭માં એટલે કે કુલ ૧૭ વર્ષમાં રાજ્યની આઉટ સ્ટેન્ડિંગ લાયેબિલીટીમાં ૨૦૫૬.૨૯ બિલિયનનો વધારો થયો છે. બીજા રાજ્યોમાં હું આંધ્ર

પ્રદેશનો આંકડો આપું તો આંધ્ર પ્રદેશની આઉટ સ્ટેન્ડિંગ લાયેબિલીટી ૨૦૦૧માં ૪૧૮.૦૯ બિલિયન હતી જે ૨૦૧૭માં ૧૬૦૯ પોઇન્ટ something છે. એનો મતલબ ૧૧૯૦.૯૧ બિલિયનનો વધારો થયો છે. એટલે કે ડબલ વધારો થયો છે. જે રીતે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ શિક્ષણ ઉપર ચર્ચા કરી એ પ્રમાણે શિક્ષણ અને આરોગ્ય ઉપર હું ખાસ વાત કરું છું કે, ૨૦૧૭–૧૮ના બજેટની અંદર ૧૬.૦૭ ટકા શિક્ષણ માટે ફાળવવામાં આવ્યા હતા. આ વખતના બજેટમાં શિક્ષણ માટે ફક્ત ૧૩.૦૯ ટકા ફાળવવામાં આવ્યા છે. એવી રીતે આરોગ્યમાં વર્ષ ૨૦૧૭–૧૮માં ૫.૩ ટકા ફાળવવામાં આવ્યા હતા જ્યારે આ વખતે ૪.૫ ટકા ફાળવવામાં આવ્યા છે. રાજ્ય સરકાર કૃષિની ચિંતા કરે છે, ખેડૂતોની ચિંતા કરે છે. મારે દુ:ખ સાથે કહેવું પડે કે,વર્ષ ૨૦૧૭–૧૮ના અંદાજપત્રમાં ૬ ટકા જેટલો કૃષિ માટે સમાવેશ કરવામાં આવ્યો હતો અને આ વખતે ૩.૩ ટકા બજેટ આપવામાં આવ્યું છે.

એવી જ રીતે ગ્રામ વિકાસમાં ૨૦૧૭–૧૮માં ૪.૨ એ આજે ઘટીને ૩ ટકા પર આવી ગયેલ છે. શિક્ષણની ખૂબ મોટી ચર્ચા થઇ. માનનીય શિક્ષણ મંત્રીશ્રી અહીં બેઠા છે અને માનનીય નાણાં મંત્રીશ્રી જ્યારે પુનઃ વિનિયોગમાં જવાબ આપી રહ્યા હતા ત્યારે મારે કહેવું છે કે, જે રીતે સરકારે વાત કરી કે પહેલાં લોકોને બહાર એન્જીનિયરીંગ, મેડીકલ, ટેકનીકલ કોલેજોમાં ભણવા જવું પડતું હતું, એટલે આપણે પ્રાઇવેટ સંસ્થાઓને ટેકનીકલ, મેડીકલ કે અન્ય કોલેજો આપણે આપવાનું ચાલુ કર્યું અને એને બજારમાં એમ કહેવાય છે કે, સરકાર છે એ શિક્ષણનું વેપારીકરણ એક તરફ કરી રહી છે એવા આક્ષેપો થતા રહેલા છે ત્યારે થોડાક આંકડા તરફ હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. ૨૦૧૭–૧૮ની હું વાત કરીશ કે જે ઇજનેર, સ્નાતક અને ફાર્મસી કોલેજો છે એમાં જે સંખ્યાઓ હતી, ૨૩૮ કોલેજ છે એમાં ૨૯૮૪૯ બેઠકો ખાલી રહી હતી. આવી જ રીતે ૨૩૦ કોલેજોની વાત કરું તો કોલેજોની સંખ્યામાં વધારો થયો, એની સામે ૨૫૮૯ બેઠકો ખાલી રહી હતી. આવી રીતે સ્વનિર્ભર ટેકનીકલ સંસ્થાઓ છે એ ટેકનીકલ સંસ્થાઓની અંદર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૧૫–૧૬માં લગભગ ૨ લાખ ૧૬ હજાર જેટલી હતી, આજે ૨૦૧૬–૧૭ની અંદર એ ઘટીને ૧,૮૬,૫૦૦ ઉપર પહોંચવા આવી છે. એવી જ રીતે છોકરીઓની ઇજનેર અને ટેકનીકલ અભ્યાસક્રમોની અંદર ૨૦૧૫–૧૬માં ૪૨૯૩૭ની સંખ્યા હતી એ આજે ઘટીને ૩૦૦૦૯ ઉપર આવી છે. એક બાજુ કોલેજોની સંખ્યા વધતી જાય છે, અને બીજી બાજુ કોલેજોમાં ભણનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે. આ રિયલ વાસ્તવિકતા છે. સમય બદલાય એમ શિક્ષણ બદલાય ત્યારે મારે આપને એક સૂચન કરવું છે કે, નવી યુનિવર્સિટીઓ, નવી કોલેજો સેલ્ફ ફાઇનાન્સ આપવાનું સરકારે બંધ કરવું જોઇએ જેથી કરીને આ સંખ્યાઓ જે ઘટે છે એ સંખ્યાઓ ઘટે નહીં અને એમાં સરકારને પણ સરળતા રહેશે અને વિદ્યાર્થીઓને પણ સરળતા રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.એ. સરકાર ઉપર ખૂબ આક્ષેપો થયા. છેલ્લા બે વર્ષમાં વિધાનસભાની ચોપડીના આધારે કહું છું અને મેં જોયું અને ૧૧ થી ૧૨ વિભાગોની માહિતી અત્યારે મારી પાસે છે કે રાજય સરકારે કેન્દ્ર સરકાર પાસે કોઇ ગ્રાન્ટ માગી હોય અને એ ગ્રાન્ટ આપ્યા પછી કેન્દ્ર સરકારે રાજય સરકારને કેટલી ગ્રાન્ટ આપી તો છેલ્લા બે વર્ષમાં મારી પાસે ૧૧ થી ૧૨ વિભાગોની માહિતી છે એને આધારિત હું આપને કહું છું કે રાજય સરકારે ૧૩૮૧૮.૯૦ કરોડ રૂપિયા ગ્રાન્ટની માગણી કરી જેની સામે ગુજરાતના આપણા પનોતા પુત્ર અને ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકારે ૬૭૯૭.૧૯ કરોડ રૂપિયાની ફકત ગ્રાન્ટની ફાળવણી કરી એ બતાવે છે કે, ૭૦૬૧.૯૭ કરોડ રૂપિયાની ઓછી ગ્રાન્ટ રાજય સરકારને આપેલી છે.

એ જ રીતે ચૂકવેલા વ્યાજ અને મુદલમાં દિન પ્રતિદિન વધારો થતો ગયો છે. ટાટા નેનોની વાત થઇ. ૩૩૦૦ કરોડ રૂપિયાની વાત છે, માનનીય નાણાં મંત્રીશ્રી હમણાં એમના વક્તવ્યમાં જવાબ આપવાના છે એવું એમણે વચન આપ્યું છે. ટાટા નેનો ૨૦૧૦–૧૧ થી ૨૦૧૭ સુધીમાં ૨,૫૬,૨૫૯ કારનું ઉત્પાદન કર્યું અને સરકાર સાથે જે કરાર થયેલો હતો કે પ્રથમ તબક્કામાં અઢી લાખ થી સાડા ત્રણ લાખ કારનું ઉત્પાદન કરવું પડશે અને તા. ૧.૧.૨૦૦૯ના રોજ ઠરાવની શરતો મુજબ, નંબર–૧૨ મુજબ, કારનું ઉત્પાદન કરવું પડશે અને કરાર ભંગ નહીં કરવો પડે. આ ટાટા નેનો સાથેના કરારમાં લખેલું છે પણ આજે આ કંપની દ્વારા કારનું ઓછું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં કહીને હું મારી વાત પૂરી કરીશ. ગઇ કાલે આપણા ગણપતભાઇ વસાવા જે રીતે વાત કરી રહ્યા હતા કે, હું સ્કુલમાં ઝાડ નીચે બેસીને ભણીને બેઠો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગણપતભાઇ વસાવા જે સ્કૂલમાં,જે વાડીમાં રહે છે એ સ્કૂલમાં, ત્યાં વાડીમાં પ્રાથમિક શાળા આવેલી છે. ત્યાં એક થી સાત ધોરણ ચાલે છે. સરકારી પ્રાથમિક શાળામાં ભણેલા છે. એ રીતે એમણે જે માધ્યમિક કર્યું એ રાજપીપળાની સરકારી કોલેજમાં કર્યું છે અને એ કોંગ્રેસ દ્વારા સ્થાપિત થયેલી છે. તો માનનીય અધ્યક્ષશ્રી, આ મારા મુદાઓ મેં રજૂ કર્યા છે એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપશે.

શ્રી પુર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : ૨૦૧૮–૨૦૧૯ નું બજેટ ગૃહમાં રજૂ કરવા બદલ ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલને લાખ લાખ અભિનંદન આપું છું.

સમગ્ર ગુજરાતની કાયાપલટ માટે અને સમગ્ર ગુજરાતના ભવ્ય અને દિવ્ય નિર્માણ માટે અને ઝડપી વિકાસ માટે, સમગ્ર ગુજરાતને નંબર વનનની ઉંચાઇએ લઇ જવા માટે અને સાડા છ કરોડ ગુજરાત વાસીઓના આંકાક્ષા અને અપેક્ષાઓ અને ઇચ્છા પરિપૂર્ણ કરતું આ બજેટ છે. આ બજેટ સર્વસ્પર્શી છે, સર્વ વ્યાપી, સર્વ પ્રિય અને સ્વીકૃત છે. આ બજેટ સર્વ સ્પર્શી એટલા માટે છે કે બાળક હોય, કિશોર હોય, યુવાન હોય, મહિલાઓ હોય, વૃદ્ધ હોય તમામને સ્પર્શ કરતું આ બજેટ છે, ગુજરાતની સાડા છ કરોડની જનતાને સ્પર્શ કરતું આ બજેટ છે.

## તા. ૭ મી માર્ચ, ૨૦૧૮

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

સર્વ વ્યાપી એટલા માટે કે આ સમગ્ર વિસ્તાર ગુજરાતનો અને ભૌગોલિક ભૂ ભાગ એને કવર કરતું અને તમામ નગર , મહાનગર, તાલુકા અને જિલ્લાને તમામ સ્થળ ઉપર ભૌગોલિક ભાગ પર વ્યાપ્ત છે ત્યારે આ સર્વ વ્યાપી આ બજેટ છે.

સર્વ સ્વીકૃત એટલા માટે કે સમાજની અંદર અનેક સામાજીક સંસ્થાઓ, રાજકીય સંસ્થાઓ, અનેક ધાર્મિક અનેક શૈક્ષણિક સંસ્થાઓ છે અનેક પ્રોફેસર અને એડવોકેટ, અને શિક્ષકો એ તમામે સ્વીકૃત કરેલ છે, કે લોકોનું જીવન ધોરણ ઉંચું લાવવા માટેનું બજેટ છે. એટલા માટે સર્વસ્વીકૃત આ બજેટ છે.

સર્વ પ્રિય એટલા માટે કે આમાં ન તો વ્યકિતવાદ કે સગાવાદ છે, ન તો જ્ઞાતિવાદ છે કે ન તો દંશ વાદ છે. આ બજેટ દલિતો માટે શોષીતો માટે, પીડીતો માટે, ગરીબો માટે, મધ્યમ વર્ગ માટે, મજદૂર માટે, કિસાન માટે, માલધારી માટે, સાગર ખેડૂ માટે, અનુસુચિત જન જાતિ, આદિજાતિઓ માટે, સર્વણો માટે બક્ષીપંચ માટે તમામ સમાજના તમામ લોકોને પ્રિય છે એ એટલા માટે કે કોઇનું પણ તૃષ્ટિકરણની નીતિ નથી. સૌના સાથ અને સૌના વિકાસના આદર્શ નિયમને સાર્થક કરતું આ બજેટ છે.

૧૪ મી જાન્યુઆરીએ ખગોળીય બ્રહ્માંડમાં એક ઘટના ઘટે છે, કુદરતી અને વૈજ્ઞાનિક ઘટના છે કે, દિવસ મોટો થાય, રાત નાની થાય, સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થાય એવી જ રીતે આખા વરસની અંદર મહાસાગર પણ એ જ દિવસે પાણી લેતો નથી. અને એને આપણે નાળિયેરી પુનમ તરીકે રક્ષાબંધન તરીકે ઉજવીએ છીએ. કહેવાનો મતલબ એ છે કે, ઉત્સવની વાત સમાજમાં અસરકાર રીતે અમલ થાય એ રીતે ધર્મની સાથે સામેલ કરીએ છીએ. એવી જ રીતે સમાજમાં લોકોપયોગી યોજનાઓના અસરકારક અમલ થાય તે માટે ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે યોજનાઓને ઉત્સવો અને મેળાઓ જોડે જોડેલી છે. એની સાથે જોડવામાં એટલા માટે આવે છે કે ગરીબમાં ગરીબ, અસરગ્રસ્ત તમામ લોકો સુધી પહોંચાય એટલા માટે અમે મેળા અને ઉત્સવ તરીકે એને જોડયું છે.

ઉત્સવો અને મેળાઓ તો આ દેશનો પ્રાણ છે એ કોંગ્રેસના લોકોને નહીં સમજાય. એ તો ઉત્સવ કે મેળાનું નામ આવે એટલે તાયફા કહે, સાચી હકીકત એ છે કે આ રીતે લોકો સુધી પહોંચવું તે આપણી સંસ્કૃતિ છે.

સાહેબ, મારે યાદ કરવી છે, રોજગારીની વાત. યુવા રોજગારી સશકિતકરણની વાત કરવી છે. ૨૦૧૭માં મેગા જોબ ફેર કરીને ૫૧ હજાર લોકોને રોજી રોટી આપવામાં સફળ રહ્યા છીએ, સીધા પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. ૨૦૧૭ માં ૬૦૮ ઔધોગિક રોજગારી મેળા કરવામાં આવ્યા છે અને ૨,૮૧,૬૮૧ લોકોને રોજગારી આપી છે. સાહેબ અમે મહિલા રોજગારના મેળાના માધ્યમથી ૩૦,૦૧૧ મહિલાઓને રોજગારી આપી છે. અમે ૧૦૦ ભરતી મેળાનું આયોજન કરવાનો નિર્ણય કર્યો અને ૩ લાખ યુવાનો નોકરી આપવાનો નિર્ણય કર્યો સાહેબ અને તેના માટે અમે ૨૦૧૮ના બજેટમાં સૌથી મોટી જે ઘટના છે તે એ છે કે ૭૮૫ કરોડની જોગવાઇ સાડા ત્રણ લાખ યુવાનોને રોજગારી આપવા માટે કરી છે. અને ૪ લાખ યુવાનોને ખાનગી એકમોમાં નોકરી આપવા, રોજગારી આપવા માટે જોગવાઇ કરી છે. ૨૦૧૭માં ૧૮૫ તાલુકા કક્ષાએ રોજગારી મેળા થયા અને ૩૭૮ જિલ્લા કક્ષાના રોજગાર મેળા થયા. ચાર લાખ લોકોને રોજગારી આપી. આપણે બજેટની અંદર ગ્રેજયુએટ યુવાનોને ૩ હજાર સ્ટાઇપેન્ડ, ડિપ્લોમાને બે હજાર અને અન્યને ૧૫૦૦ સ્ટાઇપેન્ડ આપ્યું અને એના લીધે એક લાખ યુવાનોને લાભ મળશે, રોજગારી વેતનમાં સહાય મળશે એના માટે ૨૭૨ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. સુથારી કામ, લુહારી કામ, મોચી કામ, માટી કામ હોય, દરજી કામ હોય આવા અનેક વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને છ ટકા વ્યાજની સબસિડી એમાં મહિલા હોય, દિવ્યાંગ હોય, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ હોય એને વધુ બે ટકા એટલે કે આઠ ટકા વ્યાજ અને સબસિડી. સન ૨૦૧૭મા ૭૩ હજાર જેટલા લોકોને સરકારી નોકરી આપી છે અને આ વર્ષે એટલે કે સન ૨૦૧૮માં નવા ૩૦ હજાર લોકોને રોજગારી આપવાના છીએ. આ ન ભૂતો ન ભવિષ્યતિ. ગુજરાત આ રીતે નોકરી આપવાની બાબતમાં સમગ્ર દેશમાં પ્રથમ રાજય છે. આ રીતે રોજગારી આપવાનું આપે કામ કર્યું છે, ગુજરાત નંબર વન છે ગુજરાત પ્રથમ છે તેથી સરકારને લાખ લાખ અભિનંદન છે.

જ્ઞાતિવાદ, પ્રાંતવાદથી ઉપર ઉઠીને રાષ્ટ્રવાદ મજબૂત થાય એ માટે સમાજની સમરસતાના માધ્યમથી સમાનતા લાવવાનું કામ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે અને એટલા માટે એનું જો જીવતું જાગતું પ્રમાણ મેળવવું હોય તો હિન્દુસ્તાનના ૩૧ પ્રાંતમાંથી લોકો ગુજરાતમાં આવીને રોજીરોટી મેળવે છે, વેપાર કરે છે, ધંધો કરે છે અને અહીંયા રહે છે એનું જીવતુ જાગતું પ્રમાણ છે આ ગુજરાતમાં લાખો લોકો અન્ય રાજયમાંથી આવીને સુખી સંપન્ન થયા છે.

સન ૨૦૧૭માં અમારી સમરસતા સામે જ્ઞાતિવાદનું ઝેર ફેલાવવામાં આવ્યું છે. મારે એ વાત નથી કરવી, ગૃહમાં અમારું સંખ્યાબળ ૧૦૦નું છે. પરંતુ મારે ૨૦૧૮ની વાત કરવી છે કે નગરપાલિકાની ચૂંટણીમાં અમને જનસમર્થન ૧૨૫માં મળ્યું છે. અમારે માટે રાષ્ટ્રવાદ છે, અમારે સમરસતા અમે સામાજિક સમરસતા, સામાજિક સમાનતા અને સામાજિક સદભાવનામાં વિશ્વાસ રાખીએ છીએ. એટલે ૧૯૭૫માં સામાવાળાએ દેશની અંદર તેઓ રોજગારી આપવામાં અસમર્થ હતા ત્યારે તેમણે શું કર્યું કે તે વખતે તેઓની સરકારે સરમુખ્યતારશાહી લાવીને લોકશાહીમાં જબરજસ્તીથી લોકોની નશબંધી કરાવી આવું હિટલર જેવું કામ કર્યું છે એ કયારેય માફ નહિ થાય. એટલા માટે અમારું ભારતીય જનતા પાર્ટીનું સૂત્ર છે લોકશાહી ટકે અને રોજગારી વધે, એ ભાજપની દેન છે. સાહેબ ૨૦૧૬માં યુવાનોને બે લશ્કરી ભરતી મેળા, બે નેવી ભરતી મેળા, એક એરફોર્સ ભરતી મેળા, આ રીતે પાંચ ભરતી મેળામાં ૧૨૮૭ યુવાનોને પસંદ કરીને રોજગારી આપી છે. ૨૦૧૭માં ૨ લશ્કરી ભરતી મેળા, બે એરફોર્સ ભરતી મેળા, એક નેવી ભરતી મેળાના માધ્યમથી ૭૫૬ ઉમેદવારને પસંદ કરવામાં આવ્યા છે અને આ

રીતે રોજગારી આપી છે. લશ્કર અને અર્ધ લશ્કરની ભરતી માટે ૧૫૦૦ યુવાનોને ૪૫ દિવસની તાલીમ આપી છે ત્યારે મારે ગુજરાતના યુવાનોને કહેવું છે, સૈન્ય બાબતની ટીકા કરી છે યુપીના નેતાઓને મારો દલિત પરિવાર, ગરીબ પરિવાર, મારો મધ્યમવર્ગનો પરિવાર, મારો એસ.સી. કે એસ.ટીનો પરિવાર મારો બક્ષીપંચનો પરિવાર અમે કોઇ યુવાનોમાં ભેદભાવ રાખતા નથી. અમે કોઇનો અંગૂઠો કાપી લેવાની વાત કરતા નથી માત્રને માત્ર દેશ ભકિત અને રાષ્ટ્રવાદ કરીએ છીએ. એટલે કહું છું કે જે.એન.યુ.માં આતંકવાદી અફઝલને દેશભકત ગણાવે છે એના કરતાં મારા ગુજરાતનું શિક્ષણ લાખ દરજ્જે સારું કે લોકો દેશ ભકિત માટે જીવે છે અને દેશ માટે મરે છે. જે. એન. યુ. કરતાં અમારી ગ્લોબલ યુનિવર્સિટી સારી. ૨૦૧૬ના દિન દયાળ ઉપાધ્યાયજીના જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી કરી, ન મૂડીવાદ, ન સામ્યવાદ કે સમાજવાદ, રોજગારી એ આર્થિક ઉપાર્જન છે. આર્થિક ઉપાર્જન જીવન સરળ બનાવે છે. એટલે ચાર સુખ મળે છે, શરીરનું સુખ, મનનું સુખ, બુદ્ધિનું સુખ, આત્માનું સુખ, વ્યકિત અને પ્રકૃતિ બંને એકબીજાના પૂરક છે. વનસ્પતિ કાર્બન ડાયોકસાઇડ લઇને ઓકસીજન છોડે છે. જયારે માણસ ઓકસીજન લે છે અને કાર્બન ડાયોકસાઇડ છોડે છે. આ રીતે એકબીજાના પૂરક છે એટલે વ્યકિત મહેનત કરે અને કમાય પ્રકૃતિ છે. વ્યકિત મહેનત કરીને ન કમાય અને બીજાનું ખાય એ વિકૃતિ છે. વ્યકિત મહેનત કરે અને પોતે કમાઇ અને પોતે ન ખાય અને બીજાને ખવડાવે એ સંસ્કૃતિ છે. અમે આ સંસ્કૃતિને વરેલા લોકો છીએ. પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીના જીવનની પ્રેરણા છે. અમારી ભારતીય જનતા પાર્ટીનો પૂર્વ પક્ષ ભારતીય જનસંઘના સ્થાપકે જે અમને સંસ્કૃતિ આપી છે એને રસ્તે ચાલનારા અમે લોકો છીએ.

સભાપતિશ્રી : વિરામનો સમય થાય છે, માનનીય સભ્યશ્રી આપનું પ્રવચન પૂરું થાય છે.

(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી *(×××)નાણાં વિભાગ મેળવવામાં સફળ રહ્યા પરંતુ ગુજરાતની પ્રજાની અપેક્ષા અને આકાંક્ષાઓ પૂર્ણ કરવામાં.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આ *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે કારણ કે આમાં લડાઇ જેવું કશું હોતું નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાની આશા અને અપેક્ષાઓ પૂર્ણ કરવામાં માનનીય નાણામંત્રીશ્રી સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે ત્યારે સરકાર દ્વારા અને ભાજપના મિત્રો દ્વારા સતત એક વાત અહીં ગૃહમાં અને ગૃહની બહાર કાયમ માટે કહેવામાં આવે છે કે કોંગ્રેસે ૬૦ વર્ષમાં શું કર્યું? ત્યારે મારે સરકારને કહેવું છે કે કોંગ્રેસે ૬૦ વર્ષમાં શું કર્યું છે તેની સંપૂર્ણ વિગતો લઇને આજે હું અહીં આવ્યો છું. સરકાર સમય આપે તો તમામ વિગતો હું રેકર્ડ ઉપર મૂકવા માગું છું.

અધ્યક્ષશ્રી : ૧૫ થી ૨૫ના સમય સુધીમાં જેટલું મૂકવું હોય એ મૂકો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : સરકાર પોતાની નિષ્ફળતાઓ ઢાંકવા માટે કોંગ્રેસ ઉપર પ્રહારો કરે. ૬૦ વર્ષ શું કર્યું તેમાં ૨૨ વર્ષ પણ આવી જાય છે એ સરકાર ન ભૂલે. કોંગ્રેસે ૬૦ વર્ષમાં શું કર્યું તે કહેવાને બદલે, હિસાબ માગવાને બદલે તમે ૨૨ વર્ષમાં શું કર્યું છે એ સત્ય હકીકતો આ ગૃહ સમક્ષ મૂકવામાં આવશે તો આનંદ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન. આ બજેટમાં સરકાર કોઇ નવી નવી બાબતો કે નવી યોજનાઓ લઇને આવ્યા હોત તો આનંદ થાત પણ સરકાર દ્વારા જે કોઇ કોંગ્રેસની યોજનાઓ છે એ યોજનાઓના નામો બદલાવીને તમારા નામે એ યોજનાઓને ચડાવી દેવામાં આવે એવી બાબતો રેકર્ડ ઉપર આવી છે ત્યારે આ સન્માનનીય ગૃહનું, સરકારનું અને ગુજરાતની પ્રજાનું આપના મારફત હું ધ્યાન દોરવા માગું છું. યુ.પી.એ. સરકારની યોજના હતી નિર્મલ ભારત. તમારી એન.ડી.એ.ની સરકારે તેને સ્વચ્છ ભારત નામ આપ્યું. યુ.પી.એ.ની યોજના હતી ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર. એનું નામ આપ્યું જન-ધન યોજના. યુ.પી.એ.ની યોજના હતી રાષ્ટ્રીય પેન્શન યોજના. તેનું નામ આપ્યું અટલ પેન્શન યોજના. નેશનલ ઇ-ગવર્નન્સ પ્લાન યુ.પી.એ.ની યોજના હતી. તેને નામ આપ્યું ડિજીટલ ઇન્ડિયા. જે.એન.એન. યુ.આર.એમ.ની યોજના હતી ભારત સરકારની યુ.પી.એ.ની, તેનું નામ આપ્યું સ્માર્ટ સિટી. આમ આદમી બીમા યોજના યુ.પી.એ.ની યોજના હતી તેનું નામ આપ્યું પ્રધાન મંત્રી સુરક્ષા બીમા યોજના. પ્લાનીંગ કમિશન હતું તેની સામે નીતિ આયોગ આપ્યું. રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હતી તેનું નામ દિનદયાળ ગ્રામજયોતિ યોજના આપ્યું. નેશનલ મેન્યુફેકચરીંગ પોલીસી-૨૦૧૧ તેનું નામ આપ્યું મેઇક ઇન ઇન્ડિયા. એકસીલરેટેડ ઇરીગેશન બેનિફીટ પ્રોગ્રામની યોજના જે યુ.પી.એ.ની હતી તેનું નામ એન.ડી.એ. એ આપ્યું પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના. છેલ્લા ચાર વર્ષ થઇ ગયા. તમે શું કર્યું? આ યોજના તો યુ.પી.એ.ની સરકારની હતી. યુ.પી.એ. સરકાર લાવી હતી અને તમે માત્ર તેના નામ બદલીને ગુજરાતની પ્રજાને ગુમરાહ કરવા માટેની વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર દેવાની વાત કરું તો ગઇ કાલે અહીં સૌરભભાઇ પટેલ વાત કરતા હતા. જાહેર દેવું કરવામાં હિંમત હોવી જોઇએ. તાકાત હોવી જોઇએ. વાત સાચી છે. તાકાત અને હિંમત હોય તો જ જાહેર દેવું થાય અને સતત

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

કહેવામાં આવે છે કે રીઝર્વ બેંકની ગાઇડલાઇન મુજબ ગુજરાત સરકાર દેવું કરે છે, તેના નોર્મ્સ મુજબ. એક સિક્કાની હંમેશા બે બાજુ હોય છે અને બીજી બાજુ હોય છે ત્યારે હકીકતમાં બીજી બાજુ જોવું જોઇએ.

અધ્યક્ષશ્રી : એમને શાંતિથી બોલવા દો. આ શ્રી પુંજાભાઇ છે. બેસી જાઓ. એમને બોલવા દો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે જાહેર ક્ષેત્રની અનેક સાધન-સંપત્તિઓ વૈશ્વિક સંસ્થાઓ સામે ગીરવે મૂકીને લોનો લીધી છે. નર્મદા ડેમ અને અન્ય સાધનો પણ ગુજરાત સરકારે ગીરવે મૂકીને લોન લીધી છે ત્યારે ગીરવે મૂકો ત્યારે ૩૧મી માર્ચ ગુજરાતનો પ્રત્યેક નાગરિક ઉપર રૂ. ૩૩૪૩૬.૬૪ નો દેવાદાર બનશે. મારે સરકારને કહેવું છે કે એ તમારો અધિકાર છે. પરંતુ તમે જે દેવું કરો છો એ દેવું ક્યા વિકાસના કામો માટે કરવામાં આવે છે એ ગુજરાતની જનતાને તમારે જુદા જુદા માધ્યમો દ્વારા જાણ કરવી જોઇએ એવી રાજ્ય સરકારને વિનંતી કરું છું અને રાજ્ય સરકાર પાસે હું માગણી કરું છું. સામાન્ય નાગરિકોને આ માહિતી આપવી જોઇએ કે આ દેવું શાના માટે કરો છો અને ક્યા વિકાસ માટે તમે કરો છો? આ બજેટની અંદર સામાજીક સેવાઓ માટે અગાઉ વાતો કરવામાં આવી છે એટલે હું એનું પુનરાવર્તન નહીં કરું. પરંતુ સામાજીક સેવાઓ માટે બજેટની અંદર ઘટાડો કરવામાં આવી રહ્યો છે અને ઉત્તરોત્તર ઘટાડાના કારણે ખેડૂતોના નામે આ સરકાર જેટલી વાતો કરે છે, આ બજેટની અંદર ખેડૂતોને ફાયદો થાય એવા કોઇપણ પ્રકારની આ બજેટમાં જોગવાઇ નથી. રાજ્યની અંદર ૧૬.૭૪ લાખ કુટુંબો દેવાદાર છે અને સરેરાશ એક કુટુંબના માથે રૂ. ૩૮૧૦૦/-નું દેવું છે. ભારત સરકારના ૨૦૧૩ના એનએસઓ રિપોર્ટ મુજબ ૧૬.૭૪ લાખ ખેડૂત કુટુંબોના માથે આ દેવું છે એ ગ્રામ્ય ગુજરાતના ૫૮.૭૧ લાખ કુટુંબો પૈકી ૩૯.૩૦ લાખ કુટુંબો દેવાદાર છે. ત્યારે આ બજેટમાં ખેડૂતોને રાહત થાય એના માટેની કોઇ વ્યવસ્થાઓ નાણામંત્રીશ્રીએ ઉભી કરી હોય એવું મને લાગતું નથી. સરકાર પાસેથી જાણવું છે કે યાત્રાધામ વિકાસની વ્યાખ્યા શું? અંબાજી હોય, સોમનાથ હોય, ડાકોર હોય અને એ રેકર્ડ ઉપર હોય જે પ્રાચીન અવસ્થાથી પ્રાચીન કાળની અંદર જે તીર્થધામો આવે છે, યાત્રાધામોના અને પ્રવાસ ધામોને વિકસાવવાના નામે કોઇ ખાનગી સંસ્થાઓ, કોઇ ખાનગી આશ્રમોને *(×××) તરીકે વર્તન કરતા હોય એવા આશ્રમો છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જે વિગતો છે એ આશ્રમોનો હું દાખલો આપું છું. રાજ્ય સરકારને ચેતવું છું કે પ્રવાસન ધામ અને યાત્રાધામને વિકસાવો એની સામે વાંધો હોઇ શકે નહીં. પણ જે પ્રાઇવેટ આશ્રમો છે એ આશ્રમોને તમે પ્રવાસન ધામના નામે કરોડોની ગ્રાન્ટો આપો એ કોઇપણ સંજોગોમાં ઉચિત નથી. ઉના તાલુકાના, હું નામ આપું છું નાણા મંત્રીશ્રી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇ જે આક્ષેપ કરે છે એ ધાર્મિક લાગણી દૂભાય એવો છે. એમણે એમ કહ્યું કે ખાનગી આશ્રમો જે *(×××) જેમ ચાલે છે એને રાજ્ય સરકાર કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપે છે

અધ્યક્ષશ્રી : કાઢી નાખ્યા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાઢી નાખ્યા એ અગત્યની વાત નથી. મારી એમને વિનંતી છે કે, કોઇ સંસ્થાને આપ્યા હોય તો અમને જણાવે. અમારી કોઇ ભૂલ હશે તો અમે સુધારીશું. પહેલા તમે નામ આપો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ઉના તાલુકાના ...

પોઇન્ટ ઓફ ઓર્ડર

આક્ષેપો કરતા પહેલા અધ્યક્ષશ્રીની મંજૂરી લેવા બાબત

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. વિધાનસભાના નિયમોના નિયમમાં બહુ સ્પષ્ટ જોગવાઇ છે. આક્ષેપ કરતા પહેલા આ બધી વિગતો આપની સમક્ષ મૂકવી પડે અને આપની અનુમતી લેવી પડે અને આપના દ્વારા અનુમતી મળ્યા બાદ જ એ સભાગૃહની અંદર એ ઉલ્લેખ કરી શકે.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવે છે અને એમનું એ ભાગનું પ્રવચન કાઢી નાખવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગના પત્રમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સીમર ગામે જગજીવન સેવા આશ્રમને રૂ. ૬.૭૯ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે અને ચાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. હું રેકર્ડ ઉપર ગૃહમાં કહું છું. મારે ફકત સરકારનું એટલું જ ધ્યાન દોરવું છે. હું ધર્મનો વિરોધી નથી.

અધ્યક્ષશ્રી : આપના વકતવ્યનો સમય પૂરો થાય છે. માનનીય શ્રી અભેસિંહભાઇ તડવી...પ્લીઝ આપ બેસી જાવ પુંજાભાઇ..

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આ ગૃહના વડીલ નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એ બજેટને આખા ગુજરાતના તમામ સમાજે આવકાર્યુ છે. તમામ જ્ઞાતિ-સમાજે આવકાર્યુ છે. આદિવાસી સમાજના લોકોએ આવકાર્યુ છે. બક્ષીપંચના લોકોએ આવકાર્યુ છે પણ સામેવાળા આવકારતા નથી. હમણાં

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

પુંજાભાઇ બહુ સીનીયર સભ્ય છે અને બોલતા હતા કે ખેડૂતોની ચિંતા કરી નથી. અમારા નીતિનભાઇ સાહેબને અભિનંદન આપવા પડે કે કૃષિકલ્યાણ માટે ૬,૭૫૫ કરોડની જોગવાઇ આ બજેટમાં એમણે કરી છે. ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને ગુજરાત રાજય પણ ખેતીમાં અગ્રેસર છે. ખેડૂતોને પૂરતી વીજળી, પાણી અને ખાતર જેવી પ્રાથમિક સુવિધાઓ મળવાથી ખેતીથી ગુજરાતના ખેડૂતો સમૃદ્ધ બન્યા છે. રાજય સરકારે ખેડૂતોને પાકોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે અનેક આયોજનો કરેલ છે. નર્મદા યોજનાનો સિંચાઇનો લાભ મળવાથી ખેડૂતો ડબલ પાક લેતા થયા છે. મારે કહેવું પડે કે જયારે નર્મદા યોજના બની ત્યારથી મારા સંખેડા વિધાનસભા વિસ્તારમાં ૬૦ ટકા વિસ્તારને પાણીથી સિંચાઇનો લાભ મળે છે. પહેલાના વખતમાં ખેડૂતોને સાધનની વ્યવસ્થા નહોતી અને આ વખતે ખેડૂતોને ખૂબ પાક થવાથી ખેડૂતોના ઘરે ઘરે મકાનો બન્યા છે. ગામડે ગામડે મોટર સાયકલો આવી છે. લગ્નો થાય છે. પહેલા સાયકલોના ઠેકાણા નહોતા. અમારી સરકારની સુઝબુજને કારણે આ વસ્તુ બની છે. પહેલા મંડળીઓ ૧૫ ટકા, ૧૮ ટકા વ્યાજ લોનનું લેતી હતી. અત્યારે આ સરકારમાં ૩ ટકા, ૭ ટકાના દરે લોન મળે છે, અને હવે ઝીરો ટકાથી ત્રણ લાખ સુધીનું ધિરાણ મળે છે એટલે અમારો આદિવાસી સમાજનો ખેડૂત, સીમાંત ખેડૂતને લાભ થાય છે એ આ લોકોને સમજાતું નથી. એમની આંખમાં *(×××) થયો છે એટલે બધે જ એવું દેખાય છે.

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના કલ્યાણ માટે ટ્રેકટરની ખરીદીમાં ૨૯ હજાર ખેડૂતોને લાભ, ૩૩ હજાર ખેડૂતોને ઓજારો માટે સહાય, જનજાતિના ખેડૂતો માટે કીટસમાં સહાય, ખેડૂતોને સમયસર પૂરતા જથ્થામાં રાસાયણિક ખાતર મળે તે માટે ૨૮.૫૦ કરોડની જોગવાઇ, રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના અંતર્ગત ૩૦૦ કરોડની જોગવાઇ, ખેડૂતોને રોઝડા, ભુંડોથી બચવા માટે તારની વાડ માટે ૨૦૦ કરોડની જોગવાઇ, જળસંગ્રહ માટે ૨૮૯૬ કરોડની જોગવાઇ. તુવેરની ટેકાના ભાવે ખરીદી, કપાસની ટેકાના ભાવે ખરીદી, મગફળીની ટેકાના ભાવે ખરીદી. બજેટમાં ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મારા વિસ્તારમાં ગયા વખતે તુવેરોની ખરીદીનો પ્રશ્ન ઉભો થયેલો તે વખતે હું ધારાસભ્ય નહોતો પણ અમારા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીને અમે આગેવાનો સાથે મળવા આવ્યા અને તે વખતે આ બાજુ ઉત્તર ગુજરાતમાં તુવેરની ખરીદી પૂરી થઇ ગઇ હતી અને અમારો પાક મોડો થવાના કારણે અમારા વિસ્તારમાંથી અમે મુખ્યમંત્રીશ્રીને મળ્યા અને તે વખતે ૧૮૮૦ ખેડૂતોની સંખ્યા અને ૩૧,૨૮૨ ક્વિન્ટલ તુવેરની ખરીદી બાકી હતી અને ૧૫ કરોડ ૭૯ લાખ ૭૬ હજાર ૬૨૫ રૂપિયાની ખરીદી રાતોરાત અમારા મુખ્યમંત્રીશ્રીએ દિલ્હીમાં પુરષોત્તમભાઇ રૂપાલા સાહેબને વાત કરી અને અમને કહ્યું કે તમે બેસો, હુકમ લઇને જાઓ. આ મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપવા પડે. આખા છોટા ઉદેપુર જિલ્લામાં એમણે ૧૫ કરોડ જેટલી રકમ મે મહિનામાં આપીને ખેડૂતોને મદદ કરી છે. આ વખતે પણ અમારા ફળદુ સાહેબ તુવેરની ખરીદી માટે ટેકાના ભાવ લઇને આવ્યા છે એમને અભિનંદન આપું છું. માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જ્યારે આ બજેટ લઇને આવ્યા હતા ત્યારે એવું લાગતું હતું કે, આ બજેટનો ઘોડો ઘડાક ઘડાક ચાલશે. પણ જ્યારે વિધાનસભાની અંદર બજેટ રજૂ થયું ત્યારે બજેટમાં આપણને લાગ્યું કે આ ઘોડો *(×××). આ બજેટમાં કોઇપણ સમાજનો માણસ હોય, આદિવાસી, દલિત, ઓ.બી.સી., વેપારી વર્ગ કે ખેડૂત હોય, ગુજરાતની કોઇપણ પ્રજાનો વિકાસ થાય એવું આ બજેટમાં કોઇ જગ્યાએ દેખાતું નથી. જ્યારે વાયબ્રન્ટ સમિટ દ્વારા ઉદ્યોગો માટે વિદેશમાંથી આપણે ઉદ્યોગકારોને બોલાવીએ છીએ. જ્યારે વિદેશમાંથી ઉદ્યોગકારો આવે છે ત્યારે એમના માટે લાલ જાજમ બિછાવવામાં આવે છે. એમના માટે વાત કરવામાં આવે છે કે તમને મફતના ભાવે જમીન આપવામાં આવશે, સબસિડી આપવામાં આવશે, અનેક લાભો આપવામાં આવશે. વિદેશના ઉદ્યોગપતિઓ કાળો કોટ પહેરીને આવે છે ત્યારે સમિટ પૂરતા આવે છે અને પછી બીજા વર્ષે આવે છે ત્યારે ગુજરાતમાં કોઇ ઉદ્યોગ સ્થપાતો નથી. મારે એ જ કહેવું છે કે આ ગુજરાતમાં પણ ગુજરાતી લોકો ઉદ્યોગો સ્થાપી શકે એવા સક્ષમ છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ક્યારેય ગુજરાતના ઉદ્યોગકારો માટે ચિંતા કરી નથી. ગુજરાતના ઉદ્યોગકારોની અંદર એવી તાકાત છે. ધીરુભાઇ અંબાણીની વાત કરો, અદાણીની વાત કરો, કરશનભાઇ પટેલની વાત કરો ત્યારે મોટા મોટા ઉદ્યોગો એ લોકો સ્થાપે છે. વાયબ્રન્ટ સમિટ જ્યારે રાખે છે ત્યારે કેમ આ ગુજરાતના કે ભારત દેશના કોઇ ઉદ્યોગકારને બોલાવવામાં આવતા નથી? શુટ અને બુટ વાળા તમને કેમ પસંદ આવે છે? ભારત દેશના માણસો ધોતી પહેરીને ઉદ્યોગ સ્થાપે તેમાં તમને રસ નથી કે ગમતા નથી એ સમજાતું નથી. ભારત દેશના લોકો, ગુજરાતી લોકો ઉદ્યોગો સ્થાપે એ માટે પણ એમના માટે પણ લાલ જાજમ બિછાવવી જોઇએ. એમના માટે સ્પેશિયલ યોજના બનાવવી જોઇએ. ગુજરાતના ઉદ્યોગકારોમાં એક તાકાત છે. પહેલાં એવું લાગતું હતું કે, માનનીય મંત્રીશ્રી બજેટ લઇને આવ્યા ત્યારે કોઇએ કહ્યું કે, *(×××) ત્યારે એવું લાગતું હતું કે મહિલાઓ માટે પણ કંઇક સારી યોજના લાવશે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## તા. ૭ મી માર્ચ, ૨૦૧૮
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

અધ્યક્ષશ્રી : *(×××) વાત કાઢી નાખવામાં આવે છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ માટે એક એવું કારણ બતાવો કે ગુજરાતની મહિલાઓ પોતાની શકિત બતાવી શકે, પોતાનો ઉદ્યોગ સ્થાપી શકે, કોઇપણ પ્રવૃત્તિ કરી શકે એ માટે કોઇ યોજના લઇને સરકાર આવી હોય તો બતાવે. મહિલા દિવસ પૂરતી ઉજવણી કરવામાં આવે છે. બીજી વાત કરું તો જ્યારે અમે પણ ગૃહમાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા છીએ ત્યારે આપના દ્વારા વાત કરીએ, સારા વિકાસના કામો માટે બાંધકામ મંત્રીશ્રી અમને કાગળ લખે કે તમારા વિકાસના આટલા આટલા કામો મંજૂર થયા છે. અમે એ વિસ્તારના ધારાસભ્ય હોવા છતાં કાગળ કોને લખવામાં આવે? જે તે વિસ્તારના એમ.પી.ને કાગળ લખવામાં આવે, એના પછી તાલુકાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખો હોય એમને કાગળ લખવામાં આવે છે, ત્રીજા નંબરે કે ચોથા નંબરે જે તે વિસ્તારના ધારાસભ્ય હોય એમનું એમના પત્રમાં નામ લખવામાં આવે છે. અમે કહ્યું કે પાર્લામેન્ટ મેમ્બર કેન્દ્ર લેવલના હોય છે. તમે તમારા પાર્ટીના માણસને કાગળ લખો અમને વાંધો નથી પણ સાહેબ, તમે જે રાજ્યના બાંધકામ મંત્રી છો, અમે તમારા ધારાસભ્ય છીએ. તમે કેમ આવું અમારી જોડે વર્તન રાખો છો અને અપમાન કરો છો? આ બહુ મહત્વનો મુદ્દો છે. સામાન્ય કોઇ માણસ હશે એ બજારમાં બાંધકામ મંત્રીનો કાગળને લઇને ફરશે અને વાત કરશે *(×××) જ્યારે બધા કહેતા હોય કે આદિવાસી સમાજના લોકોને અમે જમીનો આપી દીધી. સાચી પરિસ્થિતિનો ખ્યાલ હું તમને કહું ઘણી જમીનોની માગણી લોકોએ કરી છે. એમને જેટલી પુરતા પ્રમાણમાં જમીન જોઇતી હતી એટલી અરજીના પ્રમાણમાં જમીન નથી મળી. જ્યારે ગરીબ આદિવાસી જંગલમાં રહેતો હોય અને જ્યારે જમીનની માગણી કરે છે ત્યારે એની માગણી અરજીને ધ્યાનમાં રાખવામાં નથી આવતી. એનું મોઢું જોવામાં આવે છે કે એ ક્યા પક્ષમાંથી આવે છે? એનું મોઢું જોવામાં આવે છે. ગરીબ આદિવાસી સાચો માણસ જમીન લઇ શકતો નથી. મારે આપના દ્વારા વિનંતી છે કે જે ગરીબ આદિવાસીઓએ જંગલની જમીનની માગણી કરી છે, સાચી માગણી હોય તો જમીન પણ એમને મળવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કેટલીક વખતે કહીએ છીએ કે, ટ્રાયબલ વિસ્તારની અંદર શૌચાલય બનાવ્યા છે. શૌચાલય બનાવે એ કેવા? મારા જેવો ૬ ફૂટનો માણસ આટલો દેખાય અને ત્યાં સુધી ધાબું ભરી દીધું હોય. રેકોર્ડ ઉપર બતાવી દેવામાં આવે કે આટલા શૌચાલય બનાવ્યા છે. અમુક જગ્યાએ નાના નાના બનાવવામાં આવ્યા છે અને બેઠા હોય તો શરીર દેખાય એવા શૌચાલય બનાવ્યા છે. એની અંદર પાણીની પણ વ્યવસ્થા કરવી જોઇએ. કહેવાય છે કે અમારો દેશ શૌચાલયવાળો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઘણી વખતે જોઇએ છીએ ત્યારે કહેતા હતા કે, ભાઇ, ટ્રાયબલ વિસ્તારની અંદર સૈનિક સ્કૂલો ખોલવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું છે કે ઘણી વખતે મારી સામેની પાર્ટીના મિત્રો કહે છે કે અમે આદિવાસીઓના ઘેર ઘેર ચૂલા સુધી નળ નાખી દીધા અને આદિવાસીઓ નળમાંથી પાણી પીએ છે. સાહેબ, ટ્રાયબલનું એક ઘર બતાવો કે એના ચૂલા સુધી એક નળ મૂક્યો હોય? વારંવાર આપણે ગૃહની અંદર કહીએ છીએ કે, તમારે ટ્રાયબલની અંદર આદિવાસી સમાજને પાણી પીવડાવવું હોય તો હેન્ડપંપ સિવાય તમે પાણી પીવડાવી શકતા નથી ત્યારે સામા પક્ષમાંથી કહેવામાં આવે છે કે, અમે હેન્ડપંપ મુક્ત ગુજરાત બનાવવા માગીએ છીએ. ટ્રાયબલ વિસ્તારની અંદર તમારે પાણી પીવડાવવું હોય તો તમે હેન્ડપંપ સિવાય કોઇ કાળે પાણી પીવડાવી શકવાના નથી. સરકારે એના માટે જૂથ યોજના બનાવી. ટ્રાયબલ વિસ્તારમાં એક પણ એવી યોજના બતાવો કે ત્યાં જૂથ યોજનાઓ ચાલતી હોય? જે કોઇ યોજના ચાલે છે એ કાગળમાં ચાલે છે બાકી કોઇપણ જગ્યાએ ચાલતી નથી. ટ્રાયબલનું પાણી કેવું પાણી હોય છે? ટ્રાયબલ વિસ્તારમાં ખારુ પાણી નીકળતું હોય છે. ખોરાક અને દાંત પીળા થઇ જાય એવું ક્ષારવાળું પાણી ઘણી જગ્યાએ નીકળે છે. આપણે કેટલી વખતે કહીએ છીએ પણ એના માટે વ્યવસ્થા થાય તો સારું.

માનનીય અધ્યક્ષશ્રી, મા-વાત્સલ્ય અને મા-અમૃત્તમના કાર્ડ હતા એ પત્રકારોને પણ આપવામાં આવ્યા હતા એવું મને જાણવા મળ્યું છે. જ્યારે મા-અમૃત્તમ કાર્ડ જે ગરીબ લોકોને હજુ સુધી મળ્યા નથી ત્યારે પત્રકારોને પણ મા-અમૃત્તમ કાર્ડ આપવામાં આવ્યા છે ત્યારે મારી વિનંતી છે કે એમને કાર્ડ પુરતા આપ્યા છે પણ એમને વિશિષ્ટ સગવડો મળવી જોઇએ એપોલો હોસ્પિટલ હોય કે બીજી હોસ્પિટલ હોય. બીજા રાજ્યોની અંદર, હરીયાણા જેવા રાજ્યોની અંદર તો પત્રકારોને પેન્સન પણ આપવામાં આવે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી અશ્વિનભાઇ કોટવાલઃ મારો છેલ્લો મુદ્દો છે. અમારા મત વિસ્તારના વિકાસ માટે રાજય સરકારમાંથી એક કરોડ રૂપિયા આપવામાં આવતા હોય છે. અમારો વિસ્તાર બહુ મોટો છે. જયારે અમારા મતદારો દોઢ લાખ હતા ત્યારે એક કરોડ રૂપિયાની અમારી ગ્રાન્ટ હતી હવે અમે અઢી, અઢી લાખ મતદારોના પ્રતિનિધિ થયા છીએ. તો વિસ્તાર બહુ મોટો છે એના માટે પણ થોડીક આવક વધે એવી નાણામંત્રીશ્રીને વિનંતી કરે.

અધ્યક્ષશ્રી: ધારાસભ્યોનો કવોટા વધારે ફાળવવામાં આવે એવું કહેવું છે ને તમારું? આપનું વકતવ્ય પૂરું થાય છે. આપના વકતવ્યની અંદર *(×××) એવું જે બોલ્યા છે એ શબ્દ કાઢી નાખવામાં આવે છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી વી. ડી. ઝાલાવાડીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં દેશમાં વિકાસની જે લહેર જાગી છે તેમાં ગુજરાત સોળે કળાએ વિકાસની સિદ્ધિ મેળવીને દેશનું રોલ મોડલ બન્યું છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલસાહેબે રજૂ કરેલ બજેટને હું વધાવું છું અને એ વિશે મારા વિચારો વ્યકત કરું છું. ગુજરાત આવનારા દિવસોમાં પણ નંબર-૧ નું સ્થાન જાળવી રાખશે અને સૌ ગુજરાતીઓ વિકાસને કાયમી રાખવા માટે વર્ષ ૨૦૧૭માં નાગરિકો દ્વારા ભા.જ.પ.ની સરકાર ઉપર વિશ્વાસ મૂકી ફરી વિકાસને સમર્પિત સરકારને સેવા કરવાની તક આપી છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે બજેટમાં કુલ ૧૪૩૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીના વિઝન અને પ્રેરણાથી રાજયમાં એરપોર્ટ જેવા જ બસપોર્ટ બનાવવાના અભિગમથી રાજય સરકાર દ્વારા રાજયના વિવિધ શહેરો જેવા કે અમદાવાદમાં બે, વડોદરામાં બે તથા મહેસાણામાં એક આધુનિક બસસ્ટેન્ડની સગવડો જનતાને મળી રહે છે. જયારે મારા સુરત ખાતે આવું બસસ્ટેન્ડ કાર્યાન્વિત છે અન્ય ૯ સ્થળોએ આવા બસસ્ટેન્ડના કામ પ્રગતિમાં છે. પ્રવાસીઓને બસ સુવિધા નિયમિત મળી રહે તે માટે એસ.ટી. નિગમમાં ૨૬૨૦ ડ્રાઇવરોની નિમણૂક કરવામાં આવી છે. કનેકટીવીટી સફળતાની ચાવી છે એ પછી કોઇપણ પ્રકારની હોય જેમકે રોડ, રેલવે, પાણી, પ્રાથમિક સુવિધા કે કોઇપણ પ્રકારની હોઇ શકે છે. જયાં કનેકટીવીટી નથી ત્યાં પ્રગતિ નથી થતી માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ રોડ સુધારવા ઉપર વધારે ભાર મૂકયો હતો. કેશલેસ ઇન્ડીયા અને ડીઝીટલ ઇન્ડીયા ઝુંબેશ અંતર્ગત નિગમના તમામ બસસ્ટેન્ડો અને ૪૫ વોલ્વો બસમાં પી.ઓ.એસ. મશીન આપવા ઉપરાંત વોલેટ પેમેન્ટની સગવડ શરૂ કરવામાં આવી છે. ટોલનાકા પરથી પસાર થતી બસોમાં RF ટેગ લગાવી toll booth payment ની અમલવારી કરવામાં આવી છે. મુસાફર જનતા ઝડપથી અને સરળતાથી ઓન લાઇન બુકીંગ કરાવી શકે તે માટે નિગમ દ્વારા મોબાઇલ એપ લોન્ચ કરવામાં આવી છે. જેમાં એડવાન્સ બુકીંગ, current booking તેમજ bus rank વગેરે જેવી બાબતો સામેલ કરવામાં આવી છે. માર્ગ અકસ્માતો ઘટાડવા અને નાગરિકોની સલામતિ માટે રાજય સરકાર દ્વારા અનેક પ્રકારનાં પગલાં લેવામાં આવ્યાં છે. માર્ગ સલામતિના હેતુસર રાજયની રોડ સેફટી પોલિસી પણ જાહેર કરવામાં આવી છે આ ઉપરાંત સ્ટેટ રોડ ઓથોરીટી તથા સ્ટેટ રોડ સેફટી કાઉન્સીલની રચના પણ કરવામાં આવી છે. માર્ગ સલામતિ બાબતે હાથ ધરવામાં આવેલ પ્રયત્નના ફળસ્વરૂપે રાજયમાં અકસ્માતોની સંખ્યામાં ૧૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. નવરચિત બોટાદ તેમજ અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીના નવા મકાનનું બાંધકામ પૂર્ણ થયું છે. બાવળા આર.ટી.ઓ. કચેરી નવનિર્મિત ભવનમાં કાર્યરત થઇ છે. વાહન વ્યવહારની કચેરીઓમાં અદ્યતન ટેકનોલોજી, વિવિધ સોફટવેર એપ્લીકેશન જેવા કે preference number પસંદગીના નંબર માટે ઇ ઓકશન વગેરેના અમલીકરણથી રોજની કામગીરી સરળ, પારદર્શક અને ઓછી ખર્ચાળ બની છે.

ડો. આશા પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, Coming together is a beginning, keeping together is a progress, working together is a success. ટોટલ બજેટ આઉટ લેટની વાત કરું તો ૧.૮૩ લાખ કરોડ છે. જી.ડી.પી. ૧૪ લાખ ૯૬ હજાર ૧૩ કરોડ ૨૦૧૮-૧૯ નો છે. જે આંકડાકીય રીતે ૧૩.૩ એટલે કે હાયર છે. પણ ૨૦૧૮-૧૯ ના ભાવોને ધ્યાનમાં રાખીને વાત કરવામાં આવે તો તે ૧૦.૧ જ છે. એટલે કે આગળના વર્ષમાં જે ૧૦.૩ હતો, એની સાપેક્ષમાં ઓછો છે. ૧૦.૧ જ છે. મેન્યુફેકચરિંગ સેકટરની વાત કરીએ તો ૪૫ ટકા અને સર્વિસ સેકટરની વાત કરીએ તો ૩૬ ટકા જી.ડી.પી.માં એનો મોટો ભાગ છે. આ વર્ષના બજેટમાં આવકમાં મેન્યુફેકચરિંગમાં ૧૧.૨૦થી ઘટીને ૧૦.૨૦ ટકા થયો છે. ખેતી, જંગલમાં ૧૦.૪ થી ઘટીને ૪.૭ ટકા થયો છે. આ ઘટાડો દર્શાવે છે કે રાજયના ઉદ્યોગ સેકટરમાં સરકારના પગલાથી નાના મોટા ગૃહ ઉદ્યોગો પડી ભાંગ્યા છે અને ઉદ્યોગકારોને ખૂબ નુકસાન થયેલ છે. ખેતીવાડીની આવકમાં પણ ઘટાડો થયેલ છે અને ખેડૂતની બહેતર હાલતનો અંદાજ એ આપણને ઝાંખી થાય છે. મારે આપના માધ્યમ દ્વારા કહેવું છે કે આપનો આવકનો ભાગ જોઇએ તો સ્ટેટ જી.એસ.ટી. ૪૮ ટકા છે. સેલ્સ ટેક્સ વેટ ૨૩ ટકા છે અને રેવન્યુ સ્ટેમ્પ ડ્યૂટી ૯ ટકા છે. જ્યારે ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી nine point, etc. છે. કેન્દ્રનો હિસ્સો ૨૧.૫૦ ટકા છે. કહેવાનો મીનિંગ છે કે સરકારને વાપરવાના હતા ૨૦૧૭-૧૮માં એના કરતા ૩૨૨૧ કરોડ ઓછા વાપરેલ છે, જે ૮.૬ ટકા ઓછા વાપરેલ છે. મહેસૂલી ખાધની વાત કરીએ તો ૨૫,૫૮૪ કરોડ એટલી બધી મહેસૂલી ખાધ છે. જે સરકારશ્રીનો ખર્ચ વધારે દર્શાવે છે. જો ઉત્સવ, મેળાઓ, વાયબ્રન્ટના નામે કરોડો રૂપિયાનો ખર્ચો ઘટાડીને જો તેને નીચી લાવવી હોત તો સરકાર આ બજેટમાં કરી શકી હોત? આપના માધ્યમ દ્વારા મારે કહેવું છે કે નવા જી.ડી.સી.આર. પ્રમાણે ડી.પી. એરિયામાં નાની નગરપાલિકા વિસ્તારમાં એન.એ. ધરાવતા સરકારશ્રી દ્વારા ૨૫ ટકા જમીન રિઝર્વેશન તરીકે રાખવા જણાવેલ છે. તેમાં જો જમીનના ટુકડો નાનો કે મોટો હોય છતા પણ ખેડૂતની ૨૫ ટકા જમીન એ કાપી લેવામાં આવે છે. તેની સામે ખેડૂતોને કોઇ વળતર કે લાભ મળતો નથી. આવા નાના નાના રિઝર્વેશનના જે ટુકડાઓ છે, એનો કોઇ ઉપયોગ થતો નથી. આપના માધ્યમ દ્વારા મારે કહેવું છે કે આ અંગે સરકારશ્રી દ્વારા પુનઃવિચારણા કરવામાં આવે અને આ નિયમને દૂર કરવા વિનંતી કરવામાં આવે. સરકારશ્રી દ્વારા સેટેલાઇટ દ્વારા જે જમીનની માપણી કરી, ખેડૂતોની સ્થળ, સ્થિતિ પ્રમાણેના માપ સાથે નવા ૭/૧૨ આપવામાં આવે છે. ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સરકારની પહેલ ખૂબ આવકાર્ય છે. પરંતુ હકીકત કઇક અલગ જ છે. જે તે સરવે કરવાવાળી કંપની તે ઊંચા ભાવે ટેન્ડર આપે છે અને માપણી કરાવે છે. કામગીરીમાં મોટો ભ્રષ્ટાચાર પણ થયેલ છે. સરવે કંપની દ્વારા તદન ખોટી રીતે ઓફિસમાં જ બેસી આ કામગીરી કરવામાં આવે છે. ખોટા આકાર અને એરિયાવાળા ૭/૧૨ આપવામાં આવે છે. ઘણીવાર તો કેટલાક લોકોના ૭/૧૨

પણ ગુમ થઇ જાય છે. જે માપણી રદ કરી લોકોને જૂદા ૭/૧૨ ના પુનઃ ઉતારા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. ખેડૂતોને નવી માપણી માટે જે અરજી કરી છે, તેમને ડી.આઇ.એલ.આર. ઓફિસના અધિકારો દ્વારા ખુલ્લો ભ્રષ્ટાચાર કરવામાં આવે છે. ખેડૂતો નવી માપણી માટે અરજી કરે તો માત્ર તેનો એરિયા અને આકાર સુધારી આપવામાં આવે છે, પરંતુ તેની અસર આજુબાજુના ખેતર, જમીન ઉપર થવાની હોય તે થતી નથી અને એક ખારાશ સમાન બની જાય છે અને લોકોને ખોટા રસ્તે દોરવા સમાન બની જાય છે. પ્રજા ઉપર વિવિધ વેરાઓ નાખતી ખુદ સરકારનો કરોડોનો ટેક્સ બાકી છે. ૨૦મી ફેબ્રુઆરીએ ગુજરાતની ભાજપ સરકારે ૧.૮૩ લાખ કરોડનું જે બજેટ મંજૂર કર્યુ છે. એ બજેટમાં વિવિધ પ્રકારના ૬ વેરા ૪૫ હજાર નવસો...

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સન્માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલ દ્વારા જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે એ બજેટ ૧,૮૩,૬૬૬ કરોડ રૂપિયાનું છે, જે આ ગૃહમાં સૌપ્રથમવાર મોટામાં મોટું બજેટ છે, તે બદલ માનનીય નાણામંત્રી સાહેબનો હું હૃદયથી આભાર માનું છું. ખાસ કરીને આ સભાગૃહમાં પ્રથમવાર બજેટ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું, ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લાં દોઢ દાયકાથી રાજ્યનો જે હરણફાળ વિકાસ કર્યો છે તે માટે તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ખાસ કરીને હું આ વિધાનસભા ગૃહમાં આદિવાસી વિસ્તારમાંથી આવું છું અને આ આદિવાસીઓના વિકાસ માટે બજેટમાં જે ૧૩,૦૦૦ કરોડ કરતાં પણ વધુ રકમની જોગવાઇ કરવામાં આવી છે, તે બદલ આ રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. રાજ્યમાં ૧૪ જિલ્લાઓમાં અને પર તાલુકાઓમાં આદિવાસી વિસ્તાર આવેલો છે. ઉમરગામથી અંબાજી સુધી પૂર્વ પટ્ટીમાં ડુંગરાળ વિસ્તારમાં ભૌગોલિક રીતે ખૂબ ખરાબ પરિસ્થિતિમાં આ આદિવાસી વિસ્તાર આવેલો છે. આ વિસ્તાર માટે આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને લાખ લાખ અભિનંદન આપું છું કે એમણે વનબંધુ યોજના બનાવીને ભૂતકાળની ચાર દાયકામાં ચાલેલી સરકારે આદિવાસી વિકાસ માટે માત્ર સાડા છ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરેલ હતો ત્યારે આ સરકારમાં દર વરસે ૬ હજાર કરોડ રૂપિયા કરતાં પણ વધુ રકમનું આયોજન કરીને અત્યારસુધી ૭૦,૬૬૨ કરોડ રૂપિયાનો આ સરકાર દ્વારા આદિવાસી વિકાસ માટે ખર્ચ કરવામાં આવ્યો છે, તે બદલ હું આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના રાહબર હેઠળ ચાલતી આ સરકારે ચાલુ વરસે આ બજેટમાં આદિવાસી વિકાસમાં વનબંધુ યોજનાના દસ મુદ્દા કાર્યક્રમમાં ૧૩,૨૭૮ કરોડ રૂપિયાની જોગવાઇ સામે વરસોથી કોંગ્રેસની સરકારોએ કોઇ નક્કર યોજના ન બનાવી એ યોજનામાં ખાસ કરીને આદિવાસી વિસ્તારના બાળકો માટે દૂધ સંજીવની યોજના જે બનાવી છે અને ૨૦ લાખ કરતાં પણ વધુ બાળકોને ૨૦૦ મીલીમીટર જેટલું દૂધ આપવામાં આવે છે અને એના માટે રૂપિયા ૩૭૭ કરોડની જોગવાઇ કરેલી છે, એના માટે હું આ સંવેદનશીલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. શિક્ષણક્ષેત્રે આદિવાસીઓની ચિંતા કરી હોય તો આ સરકારે કરી છે. ભૂતકાળની સરકારો માત્ર આશ્રમશાળા અને છાત્રાલયોનું નિર્માણ કરી શકેલ હતી પણ એનાથી વિશેષ વધીને આ સરકારે આદર્શ નિવાસી શાળા, મૉડેલ સ્કૂલો, એકલવ્ય સ્કૂલ બનાવેલ છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે, તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. સરકાર તરફથી બજેટની અંદર વિકાસની વાત છે, ખેડૂતોની વાત છે, રોજગારીની વાત છે, વ્યસનની વાત છે, પરંતુ કઇ જગ્યાએ આ વિકાસ અને રોજગારી છે તેની વાત કરીએ તો વાયબ્રન્ટમાં કંપનીઓને રાતોરાત જમીનની ફાળવણી કરવામાં આવે છે, પરંતુ ખેડૂતને જ્યારે જમીનના પ્રશ્નો હોય છે ત્યારે તેનું નિરાકરણ નથી થતું અને એના કારણે ભાનુભાઇ જેવાને આત્મવિલોપન કરવું પડે છે. ખેડૂતોની વાત કરી ત્યારે ખેડૂતોને વીજળીની વાત હતી તેમના ઘરમાં જેટલા વીજળીના કનેકશનો કપાયેલાં છે તેની વાત હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબે ૭-૧૦-૧૭ના પરિપત્ર ૧૦૩, ૧૩ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી, પરંતુ આજદિન સુધી તેનો અમલ કરવામાં આવ્યો નથી. કેમ કરવામાં આવ્યો નથી તે પ્રશ્ન મારા માટે છે અને સરકારને પણ હું પૂછું છું. ઘણાં જિલ્લાઓના વિકાસની વાતમાં પૂર્વગ્રહ રાખવામાં આવે છે. સાબરકાંઠા જિલ્લો હોય, અરવલ્લી જિલ્લો હોય, મહીસાગર જિલ્લો હોય જે જિલ્લાની અંદર આજે કેમ વિકાસની રૂપરેખા દેખાતી નથી? કેમ તેની અંદર તકલીફ દેખાય છે? આ જિલ્લાઓની જી.આઇ.ડી.સી.ની હું વાત કરું તો જે જી.આઇ.ડી.સી.ઓ આપવામાં આવી છે તેમાં માત્ર ગૃહ ઉદ્યોગ ચાલતા હોય એવા નાના નાના ઉદ્યોગો ચાલી રહ્યાં છે. કેમ તેનો વિકાસ નથી? જયારે મહેસાણા, બનાસકાંઠા, પાટણ જિલ્લાની અંદર જયારે વાયબ્રન્ટની કંપનીઓ આવતી હોય તો આ જિલ્લાઓની અંદર કેમ નથી? માત્ર એકબાજુનો વિકાસ કેમ છે એ પણ મારા માટે મોટો પ્રશ્નાર્થ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા માગુ છું કે, અમારા જિલ્લાની અંદર યુનિવર્સિટી કયાં છે? કયાં છે રીવાઇઝડ રસ્તાના નવા રસ્તા? કયાં છે એસ.ટી. બસો? પાંચ વર્ષ દરમિયાન એસ.ટી.બસોના એટલા જ રૂટ છે અને તેમાં કોઇ પણ એસ.ટી.બસનો વધારો કરવામાં આવ્યો નથી. કયાં છે ખેડૂતો માટે પાણી? કયાં છે કોલેજો? કયાં છે સરકારી સાયન્સ સ્કૂલો? કયાં છે પાકા મકાનો? ૮૦ ટકા મકાનો આ જિલ્લાઓની અંદર તે કાચા મકાનો છે. કયા ગામડાંને જોડતાં રસ્તા? કયાં છે રોજગારી? કયાં છે ગરીબ બી.પી.એલ.કાર્ડ? બી.પી.એલ.કાર્ડ જે જોઇતા હોય તેટલા પ્રમાણમાં મળ્યાં નથી. આપણે ઝાંઝરી ધોધના વિકાસની વાતો કરીએ પણ કેમ તેની પાછળ વિકાસ કરવામાં આવતો નથી? આ એક માત્ર અરવલ્લી જિલ્લાનો સૌથી મોટો ધોધ છે. બે જણાં ગઇકાલે મૃત્યુ પામ્યાં છે એની પહેલાં પણ અમદાવાદની બે દીકરીઓ મૃત્યુ પામી હતી અને અત્યાર સુધીની અંદર ૧૦૦થી વધારે લોકોના મૃત્યુ થયા છે ત્યારે એની એક ખાલી ફાળવણી કરવાની આવે છે તેને રીંગ મારવાની તો

તે પણ કરી શકયા નથી અને આપણે વિકાસની વાતો કરી રહ્યાં છીએ. હું ગાંધીના ગુજરાતની વાત કરું છું સફાઇ કામદારોને પગાર ફિક્સ પગાર ઉપર આજદિન સુધી, જે ગાંધીએ સફાઇ કામદારોની સતત ચિંતા કરી હતી તે સફાઇ કામદારોને પગાર નથી આપ્યો, ચોકીદારોને જે સુજલામ્ સુફલામના હોય કે વન વિભાગના ચોકીદારો હોય તેને પણ આજે ફિક્સ વેતન ૧૫૦૦, ૨૦૦૦, ૩૦૦૦ આપી તેમનું આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું છે. અને પોલીસ તંત્રની વાત કરીએ તો હું આપને કહું કે જે પોલીસવાળાની ચોવીસ કલાક ડ્યુટી હોય છે.

અધ્યક્ષશ્રી : તમે શારીરિક શોષણ નહીં પણ આર્થિક શોષણ કહેવા માગો છો.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક શોષણ. આપણે પોલીસ તંત્રની વાત કરીએ તો તેમને ૮ કલાકની જગ્યાએ ૨૪ કલાકની ડ્યુટી કરાવવામાં આવે છે. હોમગાર્ડનું પણ એ રીતે જ તેમનું શોષણ થઇ રહ્યું છે. હું ધ્યાન ઉપર લેવા જેવી વાતો કરું તો બજેટની અંદર બોર્ડર ઉપરથી ઘુસતા દારૂને રોકવામાં નથી આવી રહ્યો. એના કેમેરા બંધ છે, મેઇક ઇન ઇન્ડિયાની આપણે વાત કરીએ તો તેમાં આપણે સેન્સરનો ઉપયોગ કરીને કેમ બોર્ડર ઉપરથી દારૂની જેટલી પણ હેરાફેરી થતી હોય તેને રોકી શકયા નથી? આ આપણે મેઇક ઇન ઇન્ડિયાની વાત લઇને નીકળ્યાં છીએ પરંતુ આપને કહેવા માગુ છું કે, આપણે સૂત્ર બહુ સારા વાપરીએ છીએ કે " સૌનો સાથ અને સૌનો વિકાસ "પરંતુ હું એમ કહેવા માગુ છું કે, "સૌનો સાથ અને અમુક જ વ્યકિતઓનો વિકાસ થઇ રહ્યો છે." તો બોર્ડર ઉપરથી ઘૂસતો દારૂ દિવસે અને દિવસે વધી રહ્યો છે અને તેના કેમેરા પણ બંધ છે. આપણાં પ્રશ્નોત્તરીની અંદર પણ તેનો જવાબ આપેલો છે ત્યારે હું આપને કહેવા માગુ છું કે, જયારે ધોરણ–૧૦ના વિદ્યાર્થીઓ ઉપર કેમેરાથી તેની વોચ રાખવામાં આવી રહી હોય છે ત્યારે એ સારી વાત છે. તો આ બોર્ડર ઉપરથી બીજા રાજયોની અંદર દારૂ ખુલ્લેઆમ આવી રહ્યો છે તેના ઉપર પ્રતિબંધ મૂકીને તેને કવર કરવામાં આવે તેનું સુંદર આયોજન બજેટની અંદર કરવુ જોઇતું હતું. જે લોકો ગ્રેજયુએટ થયા છે તે લોકોને રોજગારી નથી અને રોજગારી ના હોવાના કારણે એટલી વિકટ પરિસ્થિતિ થાય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આરોગ્ય અને તબીબી વિભાગ માટે રૂપિયા ૯૭૫૦/–કરોડનું બજેટ રજૂ કર્યુ છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાગરિકોનું સ્વાસ્થ્ય સારું રહે, તંદૂરસ્ત રહે તે સરકારની પ્રાયોરિટી છે. આજે હેલ્થ ઇન્સ્યોરન્સ નહીં પણ હેલ્થ એન્સ્યોરન્સની જરૂર છે એ આપણી પ્રાયોરિટી છે. Hon'ble Prime Minister in one of his programmes said "We will focus of preventive health care, we will think of preventive approach instead of wellness approach" માનનીય અધ્યક્ષશ્રી, હાર્ટ એટેક આવે ત્યારે હૃદયને લોહી પૂરી પાડતી નળીઓ જયારે બ્લોક થઇ જાય ત્યારે હૃદયનો હુમલો આવે અને નળી વધુ બ્લોક રહે તો એ નળીઓની દિવાલોને નુકસાન થાય. એટલે પહેલાં કલાકની અંદર જો cardiac patient ને ટ્રીટમેન્ટ આપવામાં આવે તો એ ટ્રીટમેન્ટ દ્વારા તેની નળીઓને વધારે નુકસાન ના થાય તેને ડોકટરની ભાષામાં ગોલ્ડન અવર કહે છે.

એવી ઘણી વ્યક્તિઓને આ ગોલ્ડન અવર્સમાં બચાવવાનો પ્રયાસ કર્યો છે. ગઇ કાલે વિરોધ પક્ષના સભ્યશ્રી કહેતા હતા કે, ધારાસભ્યને જો ટ્રીટમેન્ટ બરાબર ન મળે તો એને ઉપર જવાનું થાય ત્યારે મારે એના અનુસંધાનમાં ગોલ્ડન અવર્સની વાત કરવી છે કે, સરકારે એના માટે રૂ. ૩૦ કરોડની જોગવાઇ કરેલી છે અને હું માનું છું ત્યાં સુધી કે, અહીંયા બેઠેલ જેટલા પણ ૧૮૨ ધારાસભ્યો છે એ નસીબજોગે ચૂંટાઇને આવ્યા છે તો આપે સેવા માટે આવ્યા છીએ ત્યારે હજી વધારે સેવા કરીએ એવી ભગવાનને પ્રાર્થના કરીએ. કોઇ ઉપર ન જાય અને ગોલ્ડન અવર્સનો કેવી રીતે વધારેમાં વધારે ઉપયોગ થઇ શકે એની પણ યોજના સમજી લે. 'સબકા સાથ સબકા વિકાસ'ના મંત્ર સાથે ચાલતી આ સરકાર છે. જ્યારે સીનિયર સીટીઝનો માટે હેલ્થ સ્કીમ શરૂ કરી છે. સારા સ્વાસ્થ્ય માટે ઘણા નિર્ણયો લીધા છે. ગરીબ અને મધ્યમ વર્ગના સીનિયર સીટીઝન સાથે એમની બિમારીના સમયે એમની સાથે ઊભા રહેવાનો નિર્ધાર કર્યો છે. સીનિયર સીટીઝનને ખાસ કરીને ઘૂંટણ અને થાપાના હાડકાં બદલવાની આવશ્યકતા ઊભી થાય તેથી તેમને પણ આર્થિક સહાય આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. Knee replacement અને hip replacement માટે એક પગના ઓપરેશન માટે રૂ. ૪૦,૦૦૦/–ની સહાય અને બે પગના ઓપરેશન માટે રૂ. ૮૦,૦૦૦/–ની સહાયની ઘોષણા કરી છે. જ્યારે સીનિયર સીટીઝનની વાત થાય ત્યારે મને એક જૂના પિક્ચરના ગીતની પંક્તિ યાદ આવે છે, ''કિસીને અપના બના કે મુઝકો મુશ્કુરાના શીખા દીયા, અંધેરે ઘરમે કિસીને હસકર ચિરાગ જેસે જલા દિયા'' આવી ભાવના ગુજરાતના સીનિયર સીટીઝનને આપણા નાણામંત્રીશ્રની નીતિનભાઇ પટેલ માટે આવે છે. મારે આજે આયુર્વેદ વિશે પણ કહેવું છે. આયુર્વેદ એ પંચમ વેદ તરીકે પણ ઓળખાય છે. હું હમણાં થોડા દિવસો પહેલાં એક રેસ્ટોરન્ટમાં જમવા ગઇ ત્યારે બિલ આપવા કાઉન્ટર ઉપર ગઇ ત્યારે ત્યાં બેઠેલા નોકરને મેં પૂછ્યું કે, રેસ્ટોરન્ટ કે માલિક કહાં હૈ.'' એણે કીધું કે, ''સામને કી હોટલ મે ખાના ખાને ગયે હૈ.'' જીસકો અપને આપ પે ભરોસા નહિ વો અપની પરંપરા પર ભરોસા નહિ જગા સકતે. આ પરિસ્થિતિ આયુર્વેદની હતી. આપણા પૂર્વજોએ ઝાડવાના મૂળથી લઇને ફળ સુધીનો કેવી રીતે બિમારીની દવામાં ઉપયોગ થાય એની શોધ કરી હતી. આજે આપણે આયુર્વેદને હોલિસ્ટીક હેલ્થ તરીકે જોઇએ છીએ અને આયુર્વેદને પ્રોત્સાહન મળે તે માટે ૬ સરકારી આયુર્વેદની કોલેજોની ક્ષમતા વધારીને ૬૦ થી ૧૦૦ કરવા માટે રૂ. ૨ કરોડની ફાળવણી કરી છે તથા આયુષ્ય આરોગ્ય મેળા યોજવા માટે રૂ. ૧.૭૦ કરોડની જોગવાઇ કરી છે. ટુરિઝમની વાતો કરતા હતા કે

ટુરિઝમમાં કાંઇ છે જ નહિ. અમે તો ટુરિઝમથી ઉપર જઇને આયુર્વેદિક ટુરિઝમ કરવાની વાત કરીએ છીએ ત્યારે આ સરકારે અંબાજી, દ્વારકા, સોમનાથ, સાપુતારા, નવસારી, વલસાડ, વડનગર ખાતે આયુર્વેદ ટુરિઝમ માટે અવેરનેસ સેન્ટર શરૂ કરવા માટે રૂ. ૫ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. આવી તો ઘણી યોજનાઓ આપણી સરકારની પ્રબળ ઇચ્છાશક્તિ પ્રમાણે કરવામાં આવી છે ત્યારે મારે કહેવું છે કે, ફલ કે લિયે શ્રમ સબકો કરના પડતા હૈ, રબ સિર્ફ લકીરે દેતા હૈ, રંગ હમકો ભરના પડતા હૈ. એ વૃત્તિથી આ કર્મઠ સરકાર કામ કરી રહી છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી માનનીય નીતિનભાઇ પટેલ વર્ષ ૨૦૧૮-૧૯ માટેનું જે બજેટ લઇને આવ્યા છે એના માટે મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. ગઇ કાલે ભાવનગરમાં ખૂબ જ દુ:ખદ ગમખ્વાર અકસ્માત થયો અને ૩૨ જેવા લોકોના મૃત્યુ થયા. એવો જ ગમખ્વાર અકસ્માત મારા વિસ્તાર વિરમગામમાં હાંસલપુર ચોકડી ઉપર થોડાક સમય પહેલાં થયો અને પાંચ લોકોના ઘટના સ્થળે મૃત્યુ થયાં અને સાત લોકોને ઇજાઓ થઇ હતી તો જો આ બજેટમાં વિરમગામ જેવા તાલુકા મથક કે અન્ય તાલુકા મથકો કે જયાં આવા અકસ્માતો થાય છે ત્યાં બ્લડની તાત્કાલિક જરૂરિયાત હોય છે તો એ માટે ત્યાં બ્લડ બેંક સ્થાપવા માટેનું આ બજેટમાં આયોજન હોત તો મને આવકારદાયક લાગત. આવા અકસ્માતો થતા હોય છે ત્યારે જીવનમાં એટલા મોટા ઘણા કમાતા લોકો એમાં જાન ગુમાવતા હોય છે ત્યારે આ બજેટમાં આવા અકસ્માતો થાય અને આકસ્મિક મૃત્યુ થતાં હોય એવાં પરિવારો માટે એમના માટે વળતરની એક આગવી યોજના આ બજેટમાં લાવ્યા હોત તો આ બજેટ મને યોગ્ય લાગત.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મોડલની વાત કરતી પ્રવર્તમાન સરકારને મારે કહેવું છે કે, આજે મારો વિસ્તાર વિરમગામ તાલુકો એટલે અત્યંત પછાત વિસ્તાર છે. ગામડાંની આજીવિકાનું સાધન એક માત્ર ખેતી છે અને ખેતી ન પાકે તો ત્યાં જીવી શકાય નહીં એવી પરિસ્થિતિ છે અને આ કાંઠા ગાળાનો વિસ્તાર એટલે નળ સરોવરની આજુબાજુમાં આવેલો વિસ્તાર હોવાથી ત્યાં ખેડૂતો પોતાનો બોરીંગ બનાવીને સિંચાઇનું પાણી લઇને ખેતી કરી શકતા નથી ત્યારે ખૂબ જ અન્યાય કરીને આ વિસ્તારને ત્યાં આગળ ખેતીની સિંચાઇ થઇ શકે એના માટે કમાન્ડ એરિયામાંથી બાદ રાખીને મારા વિસ્તારના અસલ ગામ હોય, નાની કિસોલ, મોટી કિસોલ, રૂપાવટી, વેકરીયા, કૂલેટા એવી જ રીતે સાણંદ તાલુકાના કેટલાક ગામો છે, બાવળા તાલુકાના કેટલાંક ગામો છે એમને કમાન્ડ એરિયામાંથી બાકાત રાખવાથી આ ખેડૂતોને ખૂબ જ અન્યાય થયો છે માટે આ બજેટમાં જો આ કાંઠા ગાળાના ગામડાં, બાવળા તાલુકાના ગામડાં, સાણંદ તાલુકાના ગામડાંના ખેડૂતો માટે કમાન્ડ એરિયા ત્યાંથી હટાવીને કમાન્ડ એરિયા લઇને ખેડૂતોની ખેતી થઇ શકે એવું કંઇક નર્મદાની સિંચાઇની કેનાલોનું આયોજન થયું હોત તો આ બજેટ આવકારવા લાયક હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આગળ વાત કરું તો, ગુજરાતમાં ગોપાલક બોર્ડ ભૂતકાળની કોંગ્રેસની સરકારે આપેલું અને સારી વાત છે કે, એ બોર્ડને ભારતીય જનતા પાર્ટીની સરકારે નિગમ બનાવ્યું, પણ એ નિગમ બનાવ્યા પછી એને જે બજેટ માલધારીઓના વિકાસ માટે આપવું જોઇએ એ બજેટ ખૂબ અપૂરતું આપવાના કારણે મારે આજે ગૃહને યાદ કરાવવું છે અને ગૃહના સભ્યશ્રીઓનું પણ ધ્યાન દોરવું છે કે, ચોમાસાનો સમય હોય ત્યારે પેલા માલધારીઓ કચ્છ, કાઠિયાવાડ કે હાલાર પ્રદેશના માલધારીઓ પોતાની વણઝાર લઇને રોડ ઉપર જતા જોવા મળે છે. એક બાજુ ઉંટ ઉપર એની ઘરવખરી લાદેલી હોય છે અને બીજી બાજું એના નાના બાળકો લાદેલાં હોય છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપણે ચિંતા એ કરવી જોઇએ કે, આવા રખડતું, ભટકતું સ્થળાંતર કરતા જીવન જીવતાં માલધારીઓ માટે જેમ ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે અમુક સમાજો માટે આશ્રમશાળાઓ બનાવી હતી, છાત્રાલયો બનાવ્યા હતાં, કાયમી ધોરણે સ્થાયી રીતે છાત્રાલયો કે આશ્રમશાળાઓ બનાવીને આવું રખડતું, ભટકતું જીવન જીવતા માલધારી, આહીર સમાજ હોય, વાદી સમાજ હોય કે વણઝારા સમાજ હોય એવા ઘણા નાના સમાજો છે કે જે રખડતું, ભટકતું જીવન જીવે છે તો એમના બાળકોના અભ્યાસ માટેની ચિંતા જો આ બજેટમાં સરકાર તરફથી કરવામાં આવી હોત તો આ બજેટ આવકારદાયક મારા ખ્યાલથી લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ સૌનો વિકાસ કરતી ભારતીય જનતા પાર્ટીની સરકાર (અંતરાય) સાહેબ, મને એક મિનિટનો સમય વધારે આપવામાં આવે, આ ગૃહમાં જીવનમાં પહેલી વખત બોલવાનો મોકો મળ્યો છે, ત્યારે મારે કહેવું છે કે, મારે આ ગૃહને અને ખાસ કરીને શાસક પક્ષના સભ્યશ્રીઓને આજે યાદ કરાવવું છે કે, એમ કહેવામાં આવે છે કે, ૬૦ વર્ષમાં કોંગ્રેસે શું કર્યું? આ દેશ આઝાદ થયો ત્યારે ટાંકણી પણ નહોતી બનતી, મોટી મોટી મશીનરી અને હવાઇ જહાજો ઉડતા થયા હોય તો એ શું ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયા છે? રેલ્વે, રસ્તા બન્યા, જે નદીઓ પર બંધો થયા હતા એ શું ભારતીય જનતા પાર્ટીના સમયમાં બન્યા, રોડ, રસ્તા લાઇટ, પાણી અને ગામે ગામ બસો દોડતી હતી એ શું ભારતીય જનતા પાર્ટીના સમયમાં બન્યા? મોટી મોટી ડેરીઓ બની...

અધ્યક્ષશ્રી : માનનીય સંગીતાબેન.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ માનનીય નાણાં મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગ ઉપર બોલી રહી છું ત્યારે આ પ્રવાસન વિભાગ માટે ૨૮૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મનુષ્યનો સ્વભાવ નવું જોવાનો અને નવું જાણવાનો અને નવું જાણવા અને જોવા માટે નવી નવી જગ્યાએ ફરતા રહેવાનો હોય છે. સીમેન્ટ અને કાંક્રીટમાં રહીને કંટાળેલા લોકો કુદરતી સાનિધ્યને શોધતા હોય છે. તેના માટે ગામડાંની

જીવન શૈલીને માણવા માટે લોકો ફરવા જવા માગતા હોય છે જેના માટે લોકો સતત ધાર્મિક અને હીલસ્ટેશનની મુલાકાતે અને પ્રવાસે જતા હોય છે. ધાર્મિક સ્થળોની વાત કરું તો સોમનાથ, ડાકોર, પાવાગઢ, અંબાજી, શામળાજી જેવા ધાર્મિક સ્થળો આવેલા છે અને હીલ સ્ટેશનની વાત કરીએ તો સાપુતારા, કચ્છ અને કચ્છનું સફેદ રણ એવા અનેક સ્થળો આવેલા છે. તો એના માટે મારે એવું કહેવું છે કે, આટલો બધો કચ્છનો વિકાસ થયો છે, ડેવલપીંગ થયું છે ત્યારે અહીંયાં આપણા વડાપ્રધાનશ્રીએ ડેવલપમેન્ટ કર્યું, આ પહેલાંના વડાપ્રધાનોને અને તેમની સરકારો હતી તેમને ડેવલપમેન્ટ માટે આ કેમ નહીં દેખાયું. એમને પૂછવું છે, એટલા માટે મારે કહેવું છે કે અહીં બેસીને શું સાંભળું છું, સાહેબ છોડીને બહાર જાઉં તો પણ ઘોંઘાટ જ સાંભળું છું, બની ગયા છે સૌ કોઇ અસર કર્તુતોના બાળ એમની ઇચ્છાના ઘરના બારણા બંધ છે સાહેબ, અમારાથી નારાજગી શાને, તમારું દર્દ સત્તાનું તમારાથી સહાતું નથી સાહેબ, એટલે આજે તમે ત્યાં છો અને અમે અહીંયાં છીએ.

ગુજરાતના પ્રવાસન વિભાગે નવા નવા આયોજન થકી પ્રવાસીઓને આકર્ષિત કર્યા છે અને જેના માટે સરસ અને સારા– સારા આયોજન પ્રવાસન વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે. આ રંગબેરંગી અસંખ્ય મેળાઓનું આયોજન અને નવરાત્રીના તહેવાર, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, રણોત્સવ હોય, તરણેતરનો મેળો હોય, સાપુતારાના ચોમાસાના તહેવારોનું મહત્વ સ્વીકારી, ગુજરાતના પ્રવાસન વિભાગે આનો પ્રચાર અને પસાર કરવા માટે ખૂબ સક્રિયા ભૂમિકા ભજવી છે. આજે સંપૂર્ણ વિશ્વમાં ગુજરાતીઓ વસી રહ્યા છે અને કહેવાય છે કે જયાં જયાં વસે ગુજરાતી ત્યાં ત્યાં ઉજવાય છે નવરાત્રી, મારે એ જ કહેવું છે કે નવરાત્રી ઉત્સવ એ ગુજરાતની ઓળખ આ નવરાત્રીના ગરબાથી થઇ રહી છે. ત્યારે તેને માધ્યમ બનાવી મોટા આયોજન કરવામાં આવે અને તેના કારણે લોકોને ઘણો લાભ પણ થાય છે. ગુજરાતની મુલાકાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં ૮.૨૩ કરોડ પ્રવાસીઓની સંખ્યામાંથી વધારો થતાં વરસ ૨૦૧૬–૧૭ માં ૪.૪૮ કરોડ પ્રવાસીઓ ગુજરાત રાજયની મુલાકાતે આવ્યા છે. ગુજરાત રાજયને સમગ્ર ભારતમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચાર કરવા માટે ખુશ્બુ ગુજરાતકી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. મને આનંદ છે કે ગુજરાત રાજયની જીડીપીમાં પ્રવાસન ઉધોગનો હિસ્સો ૨.૭ ટકા છે.

મારે કહેવું છે, હું મારા સુરત શહેરની વાત કરું તો સુરતમાં સોળમી સદીનું ગોપી તળાવ આવેલું છે અને જે શહેરની શોભા માટે મલય ગોપીએ સન ૧૬૫૧માં આ તળાવ બનાવ્યું હતું અને સુરતના નવાબ હૈદરઆલીએ શહેરની ફરતે દિવાલ બાંધવા માટે આ તળાવને ખોદી નાંખ્યું હતું. ત્યાર બાદ તળાવના ભાગ ભગ્ન થઇ ગયો હતો. આટલા વરસો પછી સુરત મહાનગરપાલિકા દ્વારા આ તળાવમાં પાણી ભરી, રૂ. ૪૮.૨૮ કરોડના ખર્ચે તેનું રીડેવલોપીંગ કરવામાં આવ્યું હતું. આ સુરતના લોકો માટે ગોપી તળાવ એક નજરાણું બન્યું છે. અને તેને જયારથી ડેવલપીંગ કર્યુ છે ત્યારથી ગોપી તળાવ એવા ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. અને ૫૦ લાખ જેટલા લોકો તેની મુલાકાત લીધી છે. મારે એક માગણી કરવી છે. મહિલા આંતરરાષ્ટ્રીય દિવસ આવે છે એટલે અમને બોલવા તો દેવા જ પડશે. જેવી રીતે ચોર્યાસી તાલુકાના સુવાની બીચને વિકસીત કરવાનું કામ સરકારે હાથમાં લીધું છે. એવી જ રીતે મને ઓલપાડ તાલુકાના ડબારી દરિયા કિનારે ભગીવટી નામનું પ્રતિષ્ઠિત સ્થળ આવેલું છે ત્યાં દર રવિવારે પાંચથી દસ હજાર લોકો આવે છે. હમણાં પુરાતત્વ વિભાગ દ્વારા થોડા દિવસ પહેલા દરિયા કિનારે જૂની દ્વારકા નગરી હતી એના અવશેષ મળ્યા હતા ત્યારે આ સ્થળને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તેવી હું માનનીય મંત્રીશ્રીને માગણી કરું છું.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ બજેટ ખેડૂત અને ગામડાં વિરોધી હોય તેવું મને લાગી રહ્યું છે. સરકારશ્રી એની વાતોમાં અને એના ભાષણમાં કે વચનોમાં વાત કરે કે અમે ખેડૂતોની આવક બમણી કરીશું. બમણી કરવા માટેના નક્કર આયોજન કે પ્લાન આ બજેટમાં નથી લાગી રહ્યા. સરકારને જો ખેડૂતની આવક બમણી કરવી હોય તો સરકાર આજે ટેકાના ભાવની ખરીદી કરી રહી છે એના માટે ગોડાઉનોનું આયોજન લઇને આવી હોત તો મને ગમત. આ સરકારને ખેડૂતની આવક બમણી કરવી હોય તો મામૂલી રકમ તાર ફેન્સિંગમાં ફાળવી છે. ૨૦૦ કરોડની વાત કરે છે. આપણું રાજય તેમજ દેશ ખેતી પ્રધાન કહેવાતા હોય ત્યારે ખેડૂતના દીકરાને રોઝ, ભૂંડથી બચાવવા માટે આ બજેટમાં વધારો કર્યો હોત અને ઓનલાઇન અરજી થાય એની સમય મર્યાદામાં વધારો કરવામાં આવે તો ખેડૂતને ન્યાય મળી રહેત.આ સરકાર *(×××) એટલા માટે કહું કે કૃષિ મંત્રી, મારુ કુટુંબ છે પરંતુ થોડા ભોળા છે એટલે માનનીય નીતિનભાઇએ એમને અન્યાય કર્યો હોય તેવો ભાષ થઇ રહ્યો છે. કૃષિ મંત્રી ભોળા એટલે કે આ બજેટમાં ખેડૂતની આવક બમણી કરવા માગતા હોય તો ખેડૂતોના દીકરાને રાત્રે વીજળી નહિ પરંતુ દિવસે વીજળી આપી હોત અને ઉધોગપતિઓ ઉપર કાપ મૂકયો હોત તો મને ગમત. ખેડૂતને જો દિવસે વીજળી આપવામાં આવે એનો ટાઇમ વિદ્યુત બોર્ડમાંથી નક્કી કરવામાં આવે છે એના માટે કોઇ આગેવાન જી.ઇ.બી.ને ફોન કરે કે રાજકીય માણસ ફોન કરે તો ત્યાંથી એવું કહેવામાં આવે કે દિવસનો વારો ચાર વાગ્યાથી છે. આ સરકારનો દિવસ ચાર વાગ્યે ઉગે તેવો ભાસ થઇ રહ્યો છે. દિવસની વીજળીની વાત કરનાર આ સરકાર ખેડૂતના દીકરાને ચાર વાગ્યે ખેતરે જાવાનું, ખેતરે જાય પાછું રાત્રે છ કલાકે ઘેર આવે પાછા ખેડૂતના દીકરાને રોઝ, ભૂંડ તડગવા માટે ખેતરે જવાનું આ પરિસ્થિતિ આ સરકારમાં ઉભી થઇ છે. એટલે *(×××) કહી શકું. *(×××) એટલા માટે કોંગ્રેસના શાસનમાં ગરીબ માણસને મફત પ્લોટ આપવામાં આવતા હતા. આ સરકાર આ બજેટમાં મફત પ્લોટની ફાળવણી કરી નથી. બી.પી.એલ.લાભાર્થીઓ માટે આંબેડકર આવાસ યોજના

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હોય કે સરદાર આવાસ યોજના હોય એ છેલ્લા ત્રણ ચાર વર્ષથી બંધ થઇ ગઇ હોય તેવી પરિસ્થિતિનો ભાસ થઇ રહ્યો છે. ગરીબ માણસને ૨૦૧૨ની અંદર વડાપ્રધાને પોતાના ભાષણોની અંદર કહ્યું હતું. સામેની પાર્ટીમાંથી વાતો આખો દિવસ વડાપ્રધાનની કરે છે. પરંતુ વડાપ્રધાનના ભાષણો જોઇને એના વચનો નીભાવવાના પ્રયત્ન કરશે તો મને ગમશે. ૨૦૧૨માં ૫૦ લાખ મકાનની વાત કરી હતી પરંતુ એમાંથી જો પાંચ લાખ મકાન બનાવ્યા હોય તો માનનીય નાણાંમંત્રીશ્રી જણાવે.

અમારા વિસ્તારમાં આવેલા મીડલ કલાસના ઉદ્યોગોને ખતમ કરવાનું કામ કર્યું છે. હું સાવરકુંડલા વિસ્તારમાંથી આવું છું એ કાંટા ઉદ્યોગથી ફેમસ હતો પરંતુ ૧૫ વર્ષથી મૃતઃપ્રાય થયો છે. ૨૦૧૨માં વડાપ્રધાને સાવરકુંડલામાં કહ્યું હતું કે કાંટા ઉદ્યોગ માટે જી.આઇ.ડી.સી. આપીશું પરંતુ આ બજેટમાં જી.આઇ.ડી.સી.નો ઉલ્લેખ સુદ્ધા નથી. આ સરકારનું બજેટ એટલા માટે *(×××) કહી શકું કે આ સરકારે દસ હજારની વસતિ માટે ગટર યોજના કરી, સ્વચ્છતાના નારા લગાવે પરંતુ એ નારા લગાવાથી સ્વચ્છતા થતી નથી. અમારા લીલીયા શહેરનો હાઇકોર્ટમાં કેસ ચાલે છે લોકો ગટરના પાણીથી ખદબદતા વિસ્તારમાં રહે છે. એ ગટર સાફ કરવાનું કોઇ આયોજન કે એની મશીનરી ફાળવાનું આયોજન આ બજેટમાં નથી ત્યારે આ સરકાર એટલા માટે *(×××) કહું. આપ સાવરકુંડલામાં આવો તો ખબર પડે.

અધ્યક્ષશ્રી : *(×××) જે શબ્દો વાપરે છે એ હું રદ કરું છું. બહાર વપરાતા શબ્દો અહીં નહીં વપરાય.(અંતરાય) આ વાતને બીજી રીતે કહી શકાય. એ પછી એમને સમજવું હશે તો સમજાવીશ. અત્યારે દૂર કરવામાં આવે છે. એમનું પ્રવચન તો પૂરું થવા દો.

શ્રી પ્રતાપ દુધાત: ખેડૂતોને અન્યાય થતો હોય એવો મને ભાસ થાય છે. હું સાવરકુંડલા વિસ્તારમાંથી આવું છું. ત્યાં ભાજપના આગેવાનો કે ભાજપના ધારાસભ્યો આખા હિંદુસ્તાનમાં ભાજપ ખીલ્યું છે તેવી વાત કરે છે ત્યારે મારા વિસ્તારની અંદર પણ ગાંડા બાવળ ખીલ્યા છે. જે બાવળના ફળ નથી મળતા, કાંટા વાગે છે. એ પરિસ્થિતિ નિર્માણ થઇ. આ ગાંડા બાવળ કાઢવાની કોઇક યોજના લાવ્યા હોત તો મને ગમત. ખેડૂતનો દીકરો ખેતીથી દૂર થતો જાય છે ત્યારે આ સરકારના બજેટમાં ગાંડા બાવળના કાંટા વાગે એ પ્રમાણે કંઇ નક્કર આયોજન નથી. આ બજેટ ગામડાં વિરોધી બજેટ છે. આ બજેટ મિડલકલાસ વિરોધી બજેટ છે. આ બજેટ ગરીબ માણસ વિરોધી છે. આ બજેટમાં રોજગારીની ખાલી પેપર ઉપરની વાતો થઇ છે. ૨૦૦૭-૦૮માં હીરા ઉદ્યોગમાં મંદી આવી. આજના વડાપ્રધાન અને ત્યારના મુખ્યમંત્રી યોજના લાવ્યા હતા કે હું રોજગારીની તકો ઉભી કરીશ. જે જે વચનો વડાપ્રધાને આપ્યા હતા. તમે માળા જપતા હો, તેમના વખાણ કરતા હો તો આ બજેટમાં એ વાત ઉપર તમે મક્કમ રહીને એમણે આપેલા વચનો જો તમે નિભાવો તો મને ગમશે. દિવાસ્વપ્ન બજેટ છે. આ સપનાના સોદાગર ટાઇપનું બજેટ મને લાગી રહ્યું છે ત્યારે નક્કર આયોજનો થાય, ગુજરાતનો ખેડૂત, ગુજરાતનો ગરીબ માણસ, ગુજરાતનો મિડલ કલાસ આજે દેવામાં દબાઇ રહ્યો છે એવો મને બજેટમાં ભાસ થઇ રહ્યો છે.

અધ્યક્ષશ્રી : આપના વકતવ્યનો સમય પૂરો થયો છે અને તમારા વકતવ્યમાં જે કોઇ અસંસદીય શબ્દો હશે એ કાઢી નાખવામાં આવશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ નીતિની ટીકાઓ કરવા માટે ગુજરાતી ભાષાકોષની અંદર બહુ સીમિત શબ્દો છે. એવું ન થાય કે આ ગૃહની અંદર કોઇ પણ વ્યક્તિને આ પક્ષે કે પેલા પક્ષે ટીકા કરવા માટેના શબ્દો ન રહે.

અધ્યક્ષશ્રી : જોઇ લઇશું. આઇ વીલ કન્સીડર.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. આદિવાસી વિસ્તાર વિકાસ વિષે આ બજેટમાં અમારા આદિવાસી વિસ્તારની ખૂબ ચિંતા કરી છે. છેવાડાના આદિવાસી વિસ્તારનો વિકાસ કરવા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશા તત્પર રહે છે અને ખૂબ ચિંતા કરે છે. હું હમણાં ઘણું બધું વિચારતો હતો કે ૬૦ વર્ષ અને ૨૨ વર્ષ. ૬૦ વર્ષથી કોંગ્રેસ રાજ કરતી હતી. તો ૬૦ વર્ષ અને ૨૨ વર્ષમાં ઘણો તફાવત છે. એમને વિકાસ કરવાનો કોઇ વિચાર નહોતો આવ્યો. આદિવાસી વિસ્તારની કોઇ ચિંતા ન કરી. અમારા આદિવાસી વિસ્તારના ભાઇઓ અને બહેનોની ચિંતા કરતી હોય તો એ ભાજપની સરકાર. હમણાં સભ્યશ્રીએ વાત કરી તેમ બસો કેવી હતી? જૂની બસો હતી. તે વખતે કોઇ જગ્યાએ રોડ નહોતા. મોટા મોટા ખાડા પડેલા. તે વખતે બસ બગડી જાય તો મારો ધક્કો હાઇસો..મારો ધક્કો હાઇસો.. આમ કરતા હતા. હવે બસને ધક્કો મારવો પડતો નથી. એવું મારા જોવામાં આવ્યું નથી. પાંચ ફૂટ નજીક બસ આવી જાય તો પણ ખ્યાલ આવતો નથી. તે વખતે આવી બધી ઘણી તકલીફો હતી. આદિવાસી વિસ્તારમાં ટ્રાઇબલની ગ્રાન્ટ, આદિવાસી ભાઇઓ, બહેનો, ખેડૂતો માટે અને યુવાન મિત્રોને શ્રમ અને રોજગાર માટેના જે તાલીમ વર્ગો એ આઇ.ટી.આઇ. હોય કે કોમ્પ્યુટર હોય, સીવણકલાસ હોય, રોજગારી માટે ખેતીવાડીના સાધનો આપવા માટે જે બિરસા મુંડા ભવનમાંથી સેન્ટીંગ લાવવાનું હોય, સુથારી કામ હોય, કડિયાકામ હોય, હાથલારી, દુકાનદારીનો ધંધો-રોજગાર કરતા હોય. એનાથી ભારતીય જનતા પાર્ટીની સરકાર રોજગારી આપી રહી છે અને આપણા સન્માનનીય ચેરમેન સાહેબ જેઠાભાઇ ભરવાડ બોલવાના છે. આદિવાસી વન બંધુ કલ્યાણ યોજનાથી જે મહિલાઓને ડેરી આપવામાં આવી અને અમારી આદિવાસી બહેનો ડેરી ચલાવે છે અને ડેરીમાંથી ભેંસો અને ગાયો બધુ આપવામાં આવે છે. એ ડેરીમાંથી ભેંસો અને ગાયો જાહેર મેળા કરીને આપવામાં આવે છે અને મેળાની અંદર બહેનો જ્યારે ભેંસો

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ખરીદી કરવા જાય ત્યારે ભેંસો ખરીદીને લાવે છે. જેનાથી એમનું કુટુંબ અને એમનો પરિવાર પગભર બની અને આગળ વધી રહ્યો છે. કોંગ્રેસના શાસનમાં તે વખતે તેમને આવી કોઇ જાણકારી નહોતી. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી લોકોમાં ખૂબ જાગૃતિ આવી. જાગો અને જગાડો અને જાગતા રહો અને સ્વસ્થ રહો અને સ્વચ્છ બનાવો એવી આ ભાજપની સરકારે યોજનાઓ આપી છે. કોઇપણ વ્યક્તિ બસની અંદર બેઠા હોય, ગાડીની અંદર બેઠા હોય ત્યારે તેમની પાસે રહેલો કાગળ કે અન્ય વસ્તુ બહાર નાખતા અચકાય છે. શહેરો સ્વચ્છ બનાવવા માટે આજે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ, શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને આપણા શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ ખૂબ મહેનત કરી રહ્યા છે. આપણને ગાડીમાંથી કચરો બહાર નાખતા ખૂબ ગભરાટ લાગે છે. કેમ કે ચારે બાજુ કદાચ કેમેરો હોય તો ! એમ કરીને બધાને ગભરાટ થાય છે. કેમેરામાં આવીએ તો, એટલે બધા લોકો ગભરાઇ જાય છે. એટલે આ સરકાર સ્વચ્છ દેશ બનાવવા માટે આટલી બધી મહેનત કરે છે. જ્યારે આદિવાસી વિસ્તારની અંદર વિકાસ થયો છે અને આ બજેટની અંદર અમારા હિત માટેની જોગવાઇ થઇ, છેવાડાના વિસ્તાર માટે જોગવાઇ થઇ છે. આજે પશુપાલન હોય, ખેતીવાડી હોય, આરોગ્ય હોય. તે વખતે આરોગ્યની આટલી બધી સુવિધા નહોતી. આજે અમારા વિસ્તારની અંદર સીએચસી અને પીએચસીના દવાખાના બની ગયા છે. પહેલા દૂર જવું પડતું હતું ત્યારે આજે નજીકમાં દવાખાના બની ગયા છે.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના નાણા મંત્રી અને આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ વર્ષ ૨૦૧૮નું રૂ. ૧,૮૩,૬૬૬ કરોડનું જાહેર કર્યું છે એમાં મારું વક્તવ્ય રજૂ કરું છું.

આ બજેટની અંદર ખેડૂતોના માલના નિકાલ માટેની કોઇ વ્યવસ્થિત આયોજન કે જોગવાઇ નથી. આ ગુજરાતના ખેડૂતોને આ સરકારના શાસનમાં પોતાનો માલ વેચવા માટે સાત સાત દિવસ સુધી લાઇનમાં ઉભા રહેવુ પડે છે. આવા બનાવ બની રહ્યા હોય એવી આ પહેલી સરકાર છે અને એમનો માલ અમારા મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની અંદર તુવેરનો મબલખ પ્રમાણમાં પાક થતો હોય, એ પણ સાત સાત દિવસ સુધી લાઇનમાં ઉભા રહીને માલ વેચાતો હોય અને એના પણ પૈસા ત્રણ ત્રણ મહિને ખેડૂતોના ખાતામાં જમા થતા હોય એવી આજે પરિસ્થિતિ છે. આજેપણ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ખેડૂતો પોતાનો માલ સંગ્રહ કરીને સરકારના ટેકાના ભાવની રાહ જોઇને બેઠા છે. આ વર્ષે ચૂંટણીનો માહોલ હતો એટલા માટે સરકાર દ્વારા માલ ખરીદવામાં આવેલો અને આ વર્ષે ચૂંટણીનો માહોલ ગયા પછી હજારો ક્વિન્ટલ તુવેરનો માલ ખેડૂતોના ઘરમાં પડ્યો છે. આપશ્રીના માધ્યમથી કહેવા માગું છું કે આ શાસનમાં ખેડૂતોને હાથકડી સાથે દર્શાવવામાં આવે છે. ખેડૂતોને ન્યાય મળતો નથી. પોતાનો માલ બચાવવા માટે ખેડૂતો કેનાલમાંથી પાણી લેતા હોય તો ત્યાં એસઆરપીની ચોકી ગોઠવવામાં આવે છે. આજે પણ મારા વિસ્તારના ખેડૂતોને જાણે મોટર તે પોતે બનાવતા હોય, એમ કરીને તમારી મોટર વધારે લોડ લે છે અને ખેડૂતોને હજારો રૂપિયાનું બિલ જીઇબી દ્વારા આપવામાં આવે છે અને એને કોઇપણ સાંભળનાર નથી. આજે જીઇબી દ્વારા ઓછા વોલ્ટેજે વીજળી આપવામાં આવે છે અને એના કારણે તમારી મોટર વધારે લોડ લે છે એમ કરીને એને નોટિસ આપવામાં આવે છે. આ બધાનું એવિડન્સ આપ્યું છતાં પણ જીઇબી સાંભળવા માટે તૈયાર નથી અને ખેડૂતોને હજારો રૂપિયાના બિલની નોટિસો આપવામાં આવે છે. અમારા વિસ્તારની અંદર સીસીઆઇ દ્વારા અનેક વિસ્તારોમાં કપાસ ખરીદવામાં આવતો હતો. પરંતુ આજની આ સરકારમાં સીસીઆઇ દ્વારા જાણે મીલીભગત હોય એમ ખેડૂતો પાસેથી મનમાની પ્રમાણે કપાસ લેવામાં આવે છે. શેરડીની પરિસ્થિતિમાં પણ એવું જ છે. એ જ રીતે સુગર ફેક્ટરીઓમાં પણ થાય છે. છેલ્લા ઘણા વર્ષોથી બીજી સુગર ફેકટરી કરતા મારી મધ્ય ગુજરાતમાં વડોદરા સુગર ફેક્ટરી આવેલી છે એમાં એક એક હજાર રૂપિયા સાઉથ ગુજરાતની સુગર ફેક્ટરી કરતા ઘણા વર્ષોથી ઓછા મળે છે અને ખેડૂતોને મોટામાં મોટું નુકસાન જાય છે. એવી જ રીતે કોંગ્રેસના દિવસોમાં, કોંગ્રેસના શાસનની અંદર બે મોટી મોટી સુગર ફેકટરીઓ બનાવવામાં આવેલી. એમાં રેવા સુગર ફેકટરીની જગ્યા વેચાઇ ગઇ, મશીનરી વેચાઇ ગઇ પણ કરોડો રૂપિયા ખેડૂતોના હજી પણ બાકી છે. એવી જ રીતે નરોળમાં આવેલી સરદાર સુગરમાં પણ કરોડો રૂપિયા ખેડૂતોના બાકી છે. સુગર ફેકટરી વેચાઇ ગઇ, જગ્યા વેચાઇ ગઇ, એની મશીનરી વેચાઇ ગઇ પણ ખેડૂતોને આજે પણ ન્યાય મળતો નથી. અત્યારે માંડવી સુગર ફેક્ટરી સાઉથ ગુજરાતમાં આવેલ છે એમાં કરોડો રૂપિયા અમારા વિસ્તારના ખેડૂતોના સલવાયેલા છે એનો પણ ન્યાય મળતો નથી અને બજેટમાં ખેડૂતોને પૈસા આપવાની કોઇપણ જાતની જોગવાઇ કરવામાં આવેલ નથી. આજે અમારા વિસ્તારમાં હજારો યુવકો બેરોજગાર છે. ઘણી બધી કંપનીઓ એવી છે એમાં એક પ્લુસ્ટર કેલીકો નામની કંપનીમાં દસ-પંદર વર્ષથી નોકરી કરતા હતા પણ જયારે એમને કાયમી કરવાનો વખત આવ્યો ત્યારે ફેકટરી અને કંપનીના માલિકો દ્વારા એમને છૂટા કરવામાં આવ્યા અને એમની જગ્યાએ નવા માણસોની ભરતી કરવામાં આવી. ઘણી બધી રજૂઆતો થઇ, પ્રેસ થઇ, છોકરાઓ-યુવકોએ આંદોલન કર્યુ પણ આજદીન સુધી એ છોકરાઓને લેવામાં આવ્યા નથી અને કોઇ એમનું સાંભળતું નથી. આ નોકરી માટે પણ એ લોકો બધે આમ તેમ રઝળે છે. ૪૦ વર્ષથી વધુ ઉંમર થઇ હોવાથી એ છોકરાઓને આજે પણ કોઇ નોકરીમાં લેવા તૈયાર નથી. આવી કંપની ઉપર સરકારશ્રીએ દેખરેખ રાખવી જોઇએ. આવા લોકોને ન્યાય આપવો જોઇએ. આવા બેરોજગાર યુવકોને રોજગારીની તકો ઉભી થાય તેવી સ્પષ્ટ જોગવાઇ કરવી જોઇએ. પર્યાવરણને લગતા અમારા વિસ્તારના ત્રણ જી.આઇ.ડી.સી. સેન્ટરો આવેલા છે. એમાં પણ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા પ્રદૂષણ નિયંત્રણની કલમ અધિનિયમ- ૧૯૮૧, ૩૧-અ મુજબ કેટલી કંપનીઓને નોટીસ આપવામાં આવી છે છતાં આજે પણ એ કંપનીઓ ચાલે છે.

તા. ૭ મી માર્ચ, ૨૦૧૮

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી જેઠાભાઇ ઘે. આહિર(ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એ બજેટમાં મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી.. (અંતરાય) જે કોંગ્રેસવાળા મિત્રો મને ડીસ્ટબ કરવાની વાત કરે છે ને તો હું બધું શરૂ કરીશ તો એ બધા ઉભા થઇને ભાગી જશે. મારે એટલું જ કહેવું છે જીતુભાઇ, કે કોંગ્રેસના વખતમાં મારા મિત્ર સી. જે. ચાવડા કહેતા હતા કે અમારે ત્યાં ડેરીઓ હતી, કોંગ્રેસના વખતમાં ડેરીઓ આપી હતી, તો મારે શ્રી સી. જે. ચાવડાને કહેવું છે કે ચાવડા સાહેબ, જી.ડી.ડી.સી.ની જે ડેરીઓ હતી એ બધી કોંગ્રેસના વખતમાં બંધ થઇ ગઇ. અમદાવાદની અંદર આબાદ ડેરી હતી એ કોંગ્રેસના વખતમાં બંધ થઇ ગઇ હતી. મારે આપને યાદ કરાવવું છે કે કોંગ્રેસના વખતમાં જે ડેરીઓ ચાલતી હતી ત્યારે લગભગ ૨૦ વર્ષથી જે રીતે ગુજરાતની અંદર ડેરીની પ્રગતિ થઇ છે એવી પ્રગતિ કોંગ્રેસના વખતમાં નથી થઇ. આજે ડેરીઓ જે ભાવ પશુપાલકોને ચૂકવે છે એ ભાવ ૬૮૦ તી ૭૦૦ રૂપિયાનો ભાવ ચૂકવે છે જયારે કોંગ્રેસના વખતમાં ૧૫૮ રૂપિયાનો ભાવ ચૂકવવામાં આવતો હતો. એ વખતના સમયમાં દુધની ડેરીઓ માટે સહકારી ક્ષેત્રનું ટર્નઓવર ૭૫૪ કરોડ જેટલું હતું, આજે જોઇએ તો ૨૭ હજાર કરોડથી ઉપરનું બજેટ આજે ડેરી ફેડરેશન ચલાવે છે. મારે એટલું જ કહેવું છે કે આ કોંગ્રેસના મિત્રો જે ખેડૂતોની વાતો કરે છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ખેડૂતોની આત્મહત્યા થવાનું શૈલેષભાઇ બંધ થયું છે. હું અને તમે જુઓ છો મને યાદ છે કે ચીમનભાઇની સરકારમાં મહેસાણાની અંદર જયારે આંદોલન થયું ત્યારે એક ટ્રક ભરાય એટલા ખાસડા પડતા મૂકીને ખેડૂતો ભાગી ગયા હતા. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ખેડૂતોના ઘેર ફોર વ્હીલ, ટુ વ્હીલ આ બધી સગવડો ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી થઇ છે. મારે કહેવું છે કે આજે જે કાંઇ વિકાસ થયો છે એ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી થયો છે. આવો વિકાસ આજ સુધી થયો ન હતો. બધા ઘણી વાતો કરતા હતા. પ્રતાપભાઇ કહેતા હતા કે ખેડૂતોની સાથે આવું છે. પ્રતાપભાઇ, અત્યારે મગફળીના ટેકાના ભાવથી ખરીદીનું કામ ભાજપ સરકાર કર્યું છે. તુવેરની ખરીદીનું કામ ભાજપ સરકારે કર્યું છે. ભાજપ સરકાર આવ્યા પછી આંગણવાડીમાં ભણતા બાળકોને, ધાત્રી માતાઓને દૂધ આપવાનું કામ તથા જે બાળકોમાં વિટામીન ની ખામી હોય એ બાળકોને ફ્લેવર્ડ મિલ્ક આપવાનું કામ ભાજપ સરકારે કર્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી કોલ્ડ સ્ટૉરેજમાં સબસિડી આપીને ખેડૂતોને સદ્ધર બનાવવાનું કામ કર્યું છે. ફૂડ પ્રોસેસિંગ માટે ૩૪ કરોડની જોગવાઇ, મધમાખીના ઉછેર માટે ૧ કરોડની જોગવાઇ કરી છે. નવો કન્સેપ્ટ છે. બનાસ ડેરી મધમાખીના ઉદ્યોગ માટે ઘરે ઘરે ફરીને મધ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરીને આ કામની શરૂઆત કરી છે. આ બધી સગવડો કોના વખતમાં થઇ? મારે કહેવું છે કે આ વર્ષે નવી બે વેટરનરી કોલેજો ભારતીય જનતા પાર્ટીના વખતમાં ૨૩ કરોડનું ફંડ ફાળવીને ઉભી કરવા માટેની વ્યવસ્થા કરી છે. તમારા વખતમાં માણસો માટે ડોકટરો ન હતા. ભાજપ સરકારના વખતમાં પશુઓને વગર પૈસે સારવાર મળી રહે એવી વ્યવસ્થા થઇ છે. કુંવરજીભાઇ, મારે તમને યાદ દેવડાવવું છે કે આ વખતે અમારા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ કચ્છ અને સૌરાષ્ટ્ર માટે લગભગ બન્ને સંઘોના વિકાસ માટે ૨૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી છે. પેલા લાઇટની વાતો કરે છે. મને ખ્યાલ છે કે પહેલા ખેડૂતોને લાઇટ નહીં પણ જવા માટે રસ્તા પણ ન હતા. પીવા માટે પાણી ન હતું. સૌરાષ્ટ્ર માટે પાણી માટે ટ્રેનો મોકલવી પડતી હતી. કોંગ્રેસના વખતમાં ટેન્કરોની વ્યવસ્થા હતી. ભાજપ સરકાર આવ્યા પછી ટેન્કરો ગાયબ થઇ ગયા. આજે મારે કહેવું છે કે આ કોંગ્રેસ વાળા *(×××) . ગઇ વખતે ચૂંટણીમાં ઘરનું ઘર લાવ્યા હતા એ ક્યાં ગયા? જરા એમને પૂછો તો ખરેખર ઘરનું ઘર ક્યાં છે? તમે બધા વાતો કરો છો કે ૫૦ લાખ ઘરો ક્યાં ગયા? પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સવા લાખ રૂપિયા આપીને ગરીબ ખેડૂતોના પરિવારોને પોતાનું ઘર બને એના માટે અમારી સરકારે વ્યવસ્થા કરી છે. મારે એટલું જ કહેવું છે કે કોંગ્રેસના મિત્રો ખોટા *(×××) કરે છે.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત વિરોધી સરકાર છે એવું કહેતા હતા. ખેડૂતો માટે આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ખેડૂતોનો જે ગ્રોથ થયો છે એ આજ સુધી કયારેય નથી થયો. ભાજપ સરકાર આવ્યા પછી ખેડૂતોના ઘરે, પશુપાલકોના ઘેર ફોર વ્હીલર, ટુ વ્હીલર, મોટરસાઇકલો, પેટ્રોલ, ડિઝલ જે જોઇએ તે આજે અવેલેબલ છે. ગામડાંમાં ૨૪ કલાક લાઇટ આપવાનું કામ અમારી સરકારના વખતમાં થયું છે. મારે એ કહેવું છે કે કોંગ્રેસના વખતમાં હમણાં કહેતા હતા કે પાણી નથી મળતું પણ દારુ બહુ મળે છે. મારે એ યાદ અપાવીને શૈલેષભાઇને કહેવું છે કે, અમદાવાદ શહેરની સ્થિતિ શું હતી એ યાદ કરો. દારુના અડ્ડાઓ ચાલતા હતા.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલ સાહેબના અંદાજપત્ર પર હું મારો વિચાર રજૂ કરું છું. અમારા વડીલ મિત્રો જે પ્રકારે ભાજપની વાતો કરતા હતા એ જોતા તો એવું લાગે છે આપણા ઘરે જન્મેલું બાળક એ જો ૧૦ વર્ષનો છોકરો હોય, ભાજપનું શાસન હોય તો આજે એ મોટો જ ના થાત. અહીં ઘણી બધી વિકાસની વાતો કરવામાં આવી છે. આરોગ્યની વાતો કરવામાં આવી છે ત્યારે હું મારા વિસ્તારની થોડી બાબતો પ્રત્યે આપનું ધ્યાન દોરું છું.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૧૬, ૧૯૩૯ શાકે
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની અંદર જેમાં બીજા નંબરની ઓ.પી.ડી. આવે છે એવી ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં કેન્સર વોર્ડ એક વર્ષથી બંધ કરી દેવામાં આવ્યો છે. જ્યાં માત્ર ને માત્ર કેન્સર સર્જન નિવૃત્ત થતા એક વર્ષથી એ બિલ્ડિંગ લગભગ એક કે બે કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે ત્યારે ભાવનગર સિવિલ હોસ્પિટલને ચાર જિલ્લાઓ લાગુ પડે છે. વિશેષ ભાવનગર સિવિલ હોસ્પિટલની અંદર ન્યુરો સર્જનને આપણે ટેમ્પરરી વિઝિટિંગમાં બોલાવવામાં આવે છે. પિડિયાટ્રિક સર્જન છે જ નહિ, નેફ્રો સર્જન છે જ નહિ અને પ્લાસ્ટિક સર્જનની પણ જરૂરિયાત છે ત્યારે આ બાબતે માનનીય નીતિનભાઇએ બજેટમાં જોગવાઇ કરી હોત તો અમને ખૂબ આનંદ થાત અને અમે પણ એમને સહકાર આપત. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠા બેઠા) : ડોક્ટરો નથી આવતા.

શ્રી કનુભાઇ મ. બારૈયા : અમે ક્યાંથી લઇ આવીએ? એ તો તંત્રની જવાબદારી છે. ભાવનગર મહારાજાએ બનાવેલી આવડી મોટી સિવિલ હોસ્પિટલની અંદર એમ.આર.આઇ. અને સિટી સ્કેન માટેના મશીનો એ આપણે કોઇ સહયોગ નામની પ્રાઇવેટ કંપનીને આપીને, દર્દીઓ પાસેથી પૈસા લઇને એમની પાસે કામ કરાવીએ છીએ ત્યારે એ કામ આ બજેટની જોગવાઇની અંદર લઇને સરકારશ્રીએ કરવું જોઇએ એવું અમે માનીએ છીએ. મોટાભાગનો સ્ટાફ કોન્ટ્રાક્ટ બેઇઝ ઉપર કામ કરે છે ત્યારે આપણે બધા સમજી શકીએ છીએ કે કોન્ટ્રાક્ટ બેઇઝ ઉપર કામ કરતો માણસની એના કામ પ્રત્યે બહુ વફાદારી હોતી નથી ત્યારે આ કોન્ટ્રાક્ટ બેઇઝના સ્ટાફને કાયમી કરવામાં આવે અને સ્ટાફની ભરતી કરવામાં આવે એવી અમે માનનીય નીતિનભાઇને વિનંતી કરીએ છીએ ત્યારે હું જે મત વિસ્તારમાંથી આવું છું એ તળાજા તાલુકાના સી.એચ.સી. સેન્ટરની અંદર ૩ એમ.બી.બી.એસ. અને ૧ સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા છે ત્યારે હાલની તારીખે સુપ્રિટેન્ડન્ટ ત્યાં છે જ નહિ અને માત્ર ને માત્ર ર એમ.બી.બી.એસ. ડોકટરથી સમગ્ર સી.એચ.સી. સેન્ટર ચલાવવામાં આવે છે. ર કલાર્કની જગ્યા છે અને ૧ કલાર્કને ડેપ્યુટેશન પર બોલાવીને ચલાવવામાં આવે છે. આ જ પરિસ્થિતિ સી.એચ.સી. અને પી.એચ.સી. સેન્ટરોની છે ત્યારે આમાં કાયમી ધોરણે એમ.ડી.ની ભરતી કરવામાં આવે. તળાજા તાલુકોએ ત્રણ–પોણા ત્રણ લાખની વસ્તી ધરાવતો તાલુકો હોય અને સી.એચ.સી. સેન્ટરની અંદર એક પણ એમ.ડી. ડોકટર ના હોય તે આપણા માટે ખરેખર *(xxx) (શેઇમ શેઇમના પોકારો ) આ સ્થિતિમાં સંપૂર્ણપણે ભરતી કરવામાં આવે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઉદ્યોગોની વાત કરવામાં આવી. ભૂતકાળમાં ૩૫ વર્ષ પહેલા આ જ વિધાનસભાના કોંગ્રેસ પક્ષના માનનીય સનતભાઇ મહેતાએ ૧૯૮૨ની અંદર અલંગમાં પહેલું શીપ લગાડવામાં આવ્યું હતું. આજે ૩૫ વર્ષ પછી આ બજેટની અંદર ફક્ત ૨૦ કરોડની જ જોગવાઇ કરવામાં આવી છે. ૨૦ કરોડનું તો એક શીપ આવે છે ત્યારે અલંગની અંદર ૩૫ વર્ષ પછી પણ પાણીની ખૂબ જ તકલીફ છે, રોડ–રસ્તાની ખૂબ જ તકલીફ છે અને ૨૫ થી ૨૮ જેટલા મજૂરો જ્યારે બીજા રાજ્યના અને આપણા રાજ્યના કામ કરી રહ્યાં છે ત્યારે એમને રહેવા માટે વસાહતની ઘણી જ મોટી મુશ્કેલી છે. ત્યારે ૨૦ કરોડ એ ખૂબ જ ઓછી રકમ કહેવાય. ત્યાં વિશ્વનું અને એશિયાનું મોટામાં મોટું શીપ બ્રેકીંગ યાર્ડ આવ્યું હોય ત્યારે એના માટે વધારે જોગવાઇની જરૂર છે. વિશેષમાં, તળાજા તાલુકાની અંદર જયારે શીપ બ્રેકીંગ યાર્ડ આવ્યું હોય ત્યારે જી.આઇ.ડી.સી.ની પણ વિકાસ માટે ખાસ જરૂરિયાત છે ત્યારે તળાજા તાલુકાને આજ સુધી જી.આઇ.ડી.સી. ફાળવવામાં આવી નથી.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, કનુભાઇ, ૧૦ વર્ષનું બાળક મોટું થયું હોત પણ એ અભણ મોટું થયું હોત. (અંતરાય) આજે ગુજરાતના શાળા પ્રવેશ મહોત્સવ પહેલાના તમારા વખતના બાળકો જે મોટા થયા છે એ બધા અસાક્ષર છે અને શાળા પ્રવેશ મહોત્સવ શરૂ થયો એ પછીના જે બાળકો છે એ બધા સો ટકા સાક્ષર છે એટલા માટે કહું છું. (અંતરાય) તમને બધાને કહું છું. તમે બધા બોલતા હતા ત્યારે હું શાંત બેઠો હતો. તો હવે તમારે બધાએ શાંત રહેવું જોઇએ કે નહીં? (અંતરાય) વિકાસની રાજનીતિને કારણે અમે છઠ્ઠી વખત દેશમાં ઇતિહાસ સર્જીને ઐતિહાસિક જીત મેળવીને આવ્યા છીએ અને આ શાસન જે દ્રઢતાથી ચાલી રહ્યું છે, મકકમતાથી ચાલી રહ્યું છે. મને એક પંક્તિ યાદ આવે છે. કદમ અસ્થિર હો જેના એને રસ્તો નથી જડતો, વિકાસ લઇને ચાલનારા ભા.જ.પ.ને જાતિવાદ નથી નડતો, જેના હ્રદયમાં ભારત ભકિત હોય, જેની આંખોમાં બુદ્ધ અને મહાવીરની કરૂણા હોય, જેમના મસ્તિષ્કમાં દીન દયાળ, અટલજી, નરેન્દ્રભાઇની પંચનિષ્ઠા હોય, જેમના હાથ પગ ભારત માતાની સેવા માટે ઉત્સુક હોય એવા દેશ પ્રત્યેના સંસ્કાર સાથે અમે આ ગૃહમાં આવ્યા છીએ. અહીં વિજયભાઇની ઝડપ છે, નીતિનભાઇની નીતિમત્તા છે. આ સરકાર ગરીબોની અને વંચિતોની છે, કિસાનોની અને કામદારોની છે, આ સરકાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની છે. અમે સવારે ઉઠીને ભારત માતાને વંદન કરીએ છીએ. આ કારણથી કેટલાક લોકોને અમારી વાત ન સમજાય તો અમે શું કરીએ? અમને ભારત ભાગ્ય વિધાતા એવા લોકોના આશીર્વાદ મળ્યા છે એટલા માટે અમે અહીંયા બેઠા છીએ (અંતરાય) તમારે તો ઘણા વધારે જોઇતા હતા. આ સભાગૃહે માનનીય નરેન્દ્રભાઇનો આભાર માનવો જોઇએ કે આ દેશમાં વર્ષોથી ચાલતી આવતી વર્ષોજુની જાતિવાદી વોટની રાજનીતિમાંથી વિકાસની રાજનીતિ કોઇએ આ દેશમાં શીખવાડી હોય, બતાવી હોય, અનુભવ કરાવ્યો હોય અને સાબિત કરી બતાવ્યું હોય તો એ નરેન્દ્રભાઇ મોદીએ વોટની રાજનીતિ નહીં, પણ વિકાસની રાજનીતિનો એક નવો યુગ ગુજરાતથી શરૂ થયો છે. બે ક્ષિતિજો

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે, એક તરફ અમે ગરીબ કલ્યાણ મેળો પણ કરીએ છીએ અને બીજી તરફ બુલેટ ટ્રેન પણ લાવીએ છીએ. આ બે ક્ષિતિજો જોડતી વિકાસયાત્રાને દેશને નવભારત, ન્યુ ઇન્ડિયા તરફ દોરી જશે એ નક્કી છે. આ સરકારનું આ બજેટ વિકાસના નવા તબકકાનો દસ્તાવેજ છે. જગત ગુજરાત તરફ મીટ માંડી રહ્યું છે કે ગુજરાત શું કરે છે? તમને પણ અનુભવ થતો હશે પણ તમે બોલી નથી શકતા. અમે આજે દેશના ૨૧ રાજયોમાં છીએ. જયાં તમે હતા ત્યાં અમે છીએ. તમારે ટીકા કરવાને બદલે, વિકાસનો વિરોધ કરવાના બદલે આત્મખોજ કરો કે આવું કેમ બન્યું? હું તમને પોઝિટિવ કહું છું કે આમાંથી કેટલાક લોકો મનમાં વિચારતા હશે કે બાપુની વાત સાચી છે. ૨૧ માંથી ૪ ઉપર આવી ગયા છો અને અમે ૪ માંથી ૨૧ ઉપર આવી ગયા છીએ. મેં માહિતી મેળવી છે. એટલે જાણ માટે કહું છું. ખાતું ન ખૂલ્યું હોય તે રીતે સત્તા મળે તો કેવી રાજનીતિ હશે? અમારા ભાજપના કાર્યકરો, તમે પણ જાવ છો એમ અમારા બે-ત્રણ કાર્યકરો, દિલ્હીના અમારા મિત્રો આ ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં ગયા હતા. ૨૫ વર્ષની સામ્યવાદી પાર્ટીના શાસનમાં શું હતું? લોકોએ કેમ ભાજપને પસંદ કર્યો? દેશમાં ખાસ કરીને ગુજરાતમાં જે વિકાસની રાજનીતિ છે, જે ત્રિપુરાના લોકોએ જોઇ. કેવી પરિસ્થિતિ આજના દિવસે? ખોવાઇ જિલ્લો અને હેડક્વાર્ટર ૫૦,૦૦૦ ની વસતિ અને આખા જિલ્લામાં માત્ર ૪ પેટ્રોલ પંપ, જિલ્લા હેડક્વાર્ટરમાં ડ્રાઇ કિલનની વ્યવસ્થા નહિ, રહેવા લાયક કોઇ સારી હોટલની વ્યવસ્થા નથી. બે મહિનામાં એક ઇનોવા ગાડી જોઇ, તેવું મારા મિત્રએ કહ્યું. ગુજરાતમાં ખરાબમાં ખરાબ રોડ, ત્યાંનો સારામાં સારો રોડ અને આપણે ત્યાં કોઇ દિવસ એવરેજ વિધાનસભાનું મતદાન ૯૨ ટકા અત્યાર સુધી આપણે જોયું નથી. કેટલો વિકાસ એમને ગમ્યો હશે અને કેટલી નફરત એ શાસનમાં થઇ હશે? લોકોએ વિધાનસભામાં એવરેજ ૯૨ ટકા મત એ ભાજપને આપ્યા છે. અમારી જવાબદારી ચોક્કસ વધી જાય છે. પ્રજા હવે વિકાસને મત આપી રહ્યા છે. વિકાસની હરિફાઇ કરોને? અમારા વિરજીભાઇ જ્યારે પ્રવચન કરતા હતા ત્યારે હું હાજર નહોતો, પણ ફળદુ સાહેબે કહ્યું કે વિરજીભાઇએ પડકાર ફેક્યો હતો તો એમને મારા વતી જવાબ આપી દેજો. ૧૯૯૫ પછી આજસુધી વિરજીભાઇએ કહ્યું હતું કે કોઇ માઇનોલાલ ગૃહમાં છે કે ચર્ચા કરે કે નાની મોટી મધ્યમ સિંચાઇ યોજના. આ અંગે મારી પાસે આખું પત્રક છે. ૧૯૯૫ પછી ૫૮ યોજનાઓ એમાંથી ૪૬ આજે પૂર્ણ છે. પ્રગતિ હેઠળ ૮ છે. આ યોજનાથી ૮૮,૭૭૬ હેકટરમાં ફાયદો થયો છે. અને આજે ૧,૩૮૭ કરોડનો ખર્ચો પણ થયો છે. મારા પ્રવચન પછી (અંતરાય) આ બધાં નામ સાથે છે. મારે બીજું ઘણું કહેવાનું છે. તો પછી મારું પ્રવચન આ લિસ્ટમાં પૂરું થઇ જાય. આ બધાં નામ સાથે છે. હું માનનીય અધ્યક્ષશ્રી કહું છું તમને પહોંચાડી દઇશ. મારી કે ફળદુ સાહેબની ઓફિસમાં આવીને આ લિસ્ટ જોઇ જજો. રેકર્ડ ઉપર..જવાહરભાઇ.

અધ્યક્ષશ્રી : મારે અહીયા ભાર ઊભો નથી કરવો. આપ એમને ત્યાંથી જોઇ શકો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ બજેટને હું સમતોલ, સર્વાંગી, પ્રજાલક્ષી અને દૂરંદેશી કહું છું. આજે જે કઇ છે ને તે કોઇ ૧ વર્ષ, ૫ વર્ષના બજેટનું પરિણામ નથી અને એક મૉડેલ રાજ્ય તરીકેનું સર્ટીફિકેટ અમે નથી આપતા. અમે આપીએ તો અમે કરેલાં કામની કદર કરીએ. પણ તટસ્થ લોકો યુ.પી.એ. સરકારના ૧૦ વર્ષના શાસનમાં હું તમને રેકર્ડ ઉપર કહું છું કે અમને ૩૫ર જેટલા એવોર્ડ મળ્યા છે. રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી, બધાને બધાં ઇન્ફ્રાસ્ટ્રકચરનાં કામો. નરેન્દ્રભાઇએ થીગડ થાગડ નથી કરી. પહેલાં શોધ કરી કે પાણીની તંગી કેમ છે? વીજળી કેમ નથી? રસ્તો કેમ સાંકડા છે? એકેએક બાબતને નરેન્દ્રભાઇએ પહેલાં એનું નિદાન કર્યુ અને પછી ઉપાય કર્યો અને ઉપાય કર્યા પછી એનો અમલ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, આપણને બધાને ખબર છે કે, ૯૫ પહેલાં, ૨૦૦૨ પહેલાં અમદાવાદ ખેડાનો રસ્તો સિંગલ હતો આપણે બધા બે બે કલાક સુધી રાહ જોઇને ઉભા રહેતા હતા આપણને ખબર છે, એ પછીથી બાયપાસ કર્યો, આપણને ક્યાં ખબર નથી ભાઇ? એ સિંગલ રસ્તામાંથી ડબલ રોડ થયો. અમારી પ્રગતિ, એનું માપદંડ શું? સામાન્ય પ્રજાનું જીવનધોરણ સુધરે એ માપદંડ કહેવાય અને આજે તમે ૧૯૯૫થી, ૧૯૯૮ થી કે ૨૦૦૨ થી ક્રમશઃ તબક્કાવાર તમે જૂઓ કે પહેલાં એ આદિવાસી હોય, દલિત હોય કે ગુજરાતનો કોઇપણ ખેડૂત હોય તો એ પહેલાં દિવાળી કેવો ઉજવતો હતો અને આજે કેવી રીતે ઉજવે છે? પહેલાં પોતાના દીકરા દીકરીઓના લગ્ન કેવી રીતે કરતાં હતા, આજે કેવી રીતે કરે છે? પહેલાં હોળી કેવી રીતે કરતા હતા, આજે કેવી રીતે કરે છે? આ બધાજ તહેવારો સારી રીતે ઉજવાય છે અને બધાજ વર્ગનું જીવનધોરણ સુધર્યું છે કોઇ એક વર્ગનું સુધર્યું છે એવું નહિ. આજે વિદેશ જનારાઓની સંખ્યા સૌથી વધારે આખા દેશમાં કોની છે? ગુજરાતની છે. એનું કારણ શું છે? ગુજરાતની ખરીદશકિત, આવક, જીવનધોરણમાં વધારો થયો છે. પહેલાં જે ગામમાં સાયકલ નહોતી, સ્કૂટર નહોતું, આજે એ જ ગામમાં ગાડીઓ છે, કોઇ નાનો મોટો પ્રસંગ હોય તો પહેલાં આયોજન પાર્કીંગનું કરવું પડે, નાના નાના ગામમાં પણ. આ જીવનધોરણ સુધર્યાના દાખલા છે. એનો તમને પણ અનુભવ થાય છે. ૧૯૯૮ અને પછી આજના દિવસ સુધીના આંકડા જૂઓ. પહેલાં ૧૯૯૪-૯૫માં રાજ્યમાં ભા.જ.પ.નું શાસન આવ્યું એ પહેલાં રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન ૬૩૫૧૬ હતું, જે ૨૦૧૬-૧૭માં ૧૮ગણું વધ્યું છે અને ૧૧,૫૮,૧૫૧ કરોડનું થયું. જીવનધોરણ સુધર્યું છે એની વાત. હમણાં હું કરું. દિવથી અમદાવાદની ફલાઇટની શરૂઆતમાં શ્રી જે.એન. સિંહા આપણા કેન્દ્રિય મંત્રી સાથે હતો. મંત્રીજી હું ઓફિશિયલ કહુ છું કે, આખા દેશમાં આ ઉડાન શરૂ કર્યું કે જે ગરીબ માણસ હવાઇ ચપ્પલ પહેરે તો નરેન્દ્રભાઇએ નક્કી કર્યું કે એ માણસ હવાઇ સફર પણ કરે. દિવથી અહીંયા આવવું હોય તો માત્ર ૧૮૦૦ રૂપિયામાં અહીંયા અવાય. સામાન્ય માણસ પણ આવી શકે. બસની ટીકીટ પણ વધારે થાય. આ આખી ઉડાનની જે સ્કીમ થઇ એ આખા દેશની અંદર સૌથી વધારે ફલાઇટની કોઇ માગણી હોય અને વીધીન ધ સ્ટેટ, દિવ-અમદાવાદ, અમદાવાદ-ભાવનગર, મુન્દ્રા-ભુજ-સુરત, વીધીન સ્ટેટ આટલા નાના સ્ટેટમાં પણ વધારેમાં વધારે ઇન્ટર સ્ટેટ ફેસેલીટી આખા રાજ્યની અંદર, આખા દેશની અંદર કોઇ માંગતું હોય તો એ ગુજરાત માગે છે. માણસને પોતાના કુટુંબનું

ભરણપોષણ કરવાનું ન પાલવતું હોય તો હવાઇ જહાજમાં ન બેસે. પણ હવે એની ખરીદ શક્તિ, એનું જીવનધોરણ, એની આવક વધી છે. આવેલા ઉદ્યોગોને કારણે એની જમીનના ભાવ વધ્યા છે. એ આખા રાજ્યની અંદર આપણે જોઇ રહ્યા છીએ. સળંગ બાવીસ વરસ, આ ગુજરાતની પ્રજાની પરિપક્વતા માટે જેટલા પણ હું અભિનંદન આપુંને એટલા ઓછાં છે. અમને ઠપકો પણ આપ્યો, કંઇક નારાજગી પણ વ્યક્ત કરી. કંઇક ગુસ્સો પણ વ્યક્ત કર્યો,પરંતુ સત્તાને લાયક તો અમને જ ગણ્યા. અમારી નીતિ, નિયતિ, પ્રમાણિકતા, નિષ્ઠા ઉપર પ્રજાને અતૂટ વિશ્વાસ છે. પ્રજાએ વિચાર્યું હશે કે કોંગ્રેસને સત્તા ઉપર લાવીશું તો, વળી પાછું દસ વરસ યુ.પી.એ. ની સરકારમાં શું થયું એવું તો નહિ બનેને? કેવું બન્યું હતું? ૧,૭૬,૦૦૦ કરોડ રૂપિયાનું ટુ-જી સ્પેક્ટ્રમ સ્કેમ, ૧૪૦૦૦ કરોડ રૂપિયાનું સત્યમ સ્કેમ, ૭૦,૦૦૦ કરોડ રૂપિયાની કોમન વેલ્થ ગેઇમ્સનું સ્કેમ, ૧,૮૬,૦૦૦ કરોડ રૂપિયાનું કોલસા કૌભાંડ, ૩૬,૦૦૦ કરોડ રૂપિયાનું ચોપર્સ કૌભાંડ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે મુદ્દા ન્યાયપાલિકાઓ પાસે પેન્ડિંગ છે એના નિર્ણયો થઇ ગયા, આ બે લાખ કરોડ રૂપિયાનું ટુ-જી સ્કેમ કહેતા હતા, આપણા ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ દિલ્હી ગયા પછી એનું ઇન્ટરનેશનલ ઓક્શન થયું, ઓનલાઇન ઓક્શન થયું બાપુ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમે સ્કેમ કર્યા પછી એ જ કરવું પડેને?

શ્રી પરેશ ધાનાણી : અરે, બાપુ આ જુઠ્ઠા આરોપો જે મૂક્યા હતા તેનો પરપોટો ન્યાયપાલિકાએ ફોડી નાંખ્યો છે અને આ જેટલા મુદ્દાઓ છે તેના જો તેઓ આક્ષેપ કરે તો એના એવિડન્સ આપે નહીંતર રેકર્ડ ઉપરથી આ તમામ શબ્દો દૂર થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપની પાસે તો બીજુ ખૂબ સારુ સારુ બોલવાનું છે ચાલો હવે આ વાતોને જવા દઇએ.

શ્રી પરેશ ધાનાણી : આ પરંપરા ઉભી નથી કરવી. ( જવાહરભાઇ બેઠા બેઠા બોલતાં )

અધ્યક્ષશ્રી : તમને પહેલાં કાઢવા પડશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૮માં તમારે જવાનું કારણ હોય તો આ કારણ છે જેના કારણે તમે ઘરભેગાં થયા છો. (અંતરાય) અમને ૧૯૯૮માં (અંતરાય) હજુ અમરીશભાઇ ઓછામાં ઓછાં દસ વર્ષ તમારે ત્યાં બેસવાનું છે. અમને વારસામાં તમે શું આપ્યું હતું? અમને વારસામાં દુષ્કાળ, નબળી કૃષિ ઉત્પાદકતા, કાયદો વ્યવસ્થાની નબળી સ્થિતિ, તોફાની વાતાવરણ, કોમી તોફાન, કર્ફ્યુ, હડતાળ બધાને યાદ છે કે તમે પોરબંદરની જેલ પણ બંધ કરવી પડતી હતી. આ નવા તમારા અને અમારા સભ્યશ્રીઓને ખ્યાલ નહીં હોય કે સરકાર જેલ ના સાચવી શકે? જેલમાં કેદીઓ રહેતાં નહોતાં એટલે કોંગ્રેસની સરકારે ઓફિશ્યલ જેલ બંધ કરી દીધેલી આવો વારસો તમે અમને આપેલો હતો. કાચા રસ્તા આપેલા, અધૂરી નર્મદા યોજના આપેલી, અપૂરતી વીજળી આપેલી આ બધા તમે વારસામાં આપેલા હતા. હવે પુંજાભાઇ કહેતા હતાં કે નામ બદલાયા, તમે શું આપ્યું? હવે પુંજાભાઇ તમે ગણો, રાજયમાં સીંગલ રસ્તા ડબલ થયા, ડબલ રસ્તાઓ ફોર લેન થયા, ફોર લેન રસ્તા સિકસ લેન થયા આ અમે આપ્યું. આ રસ્તા સીંગલ, ડબલ, ફોર, સિકસ તે માત્ર અને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અને તમારી સરકારમાં મને એક ફોર લેન બતાવો? આજે ના બતાવો તો કાલે બતાવજો. રાજયમાં અદ્યતન આરોગ્ય સુવિધા આપી (અંતરાય) આ તમે લખો છોને? પીવાના પાણીની અદ્યતન વ્યવસ્થા, સૌની યોજના, શિક્ષણની વ્યવસ્થા, યુનિવર્સિટી, કોલેજ, માથાદીઠ આવકમાં નોંધપાત્ર વધારો, મા-વાત્સલ્ય ગરીબીના નામે, ગરીબોના નામે તમે વર્ષો સુધી વોટ લીધા પણ કોઇ દિવસ એક ગરીબ માંદો પડે ત્યારે તેનું શું થાય તે વિચાર્યુ છે ખરું? આ નરેન્દ્રભાઇ અને આનંદીબહેને વિચાર્યુ કે બે લાખ રૂપિયા સુધીનું કવચ તમને અમે આપીશું અને ગરીબ માણસ માંદો પડે અને તેને ખબર પડે કે ઘરમાં દીકરાને, દીકરીને, પત્નીને કે પતિને કેન્સર થયુ છે તો એ દવાખાને જવાની હિંમત ના કરે. અને અમારા શાસનમાં પેલુ કાર્ડ લઇને જાય અને તેને લઘર-વઘર અવસ્થામાં જોઇને ડોકટર એમ કહે આ તારાથી શકય નથી. ત્યારે પેલો હિંમતથી કહે કે સાહેબ, કેટલો ખર્ચો થાય છે? તો કહે છે પચાસ હજાર રૂપિયા તો કહે લો આ કાર્ડ ભારતીય જનતા પાર્ટીની સરકારનું છે તમે પચાસ હજાર રૂપિયા કાપી લો અને હજુ દોઢ લાખ રૂપિયા બચવાના છે. આ મા-વાત્સલ્ય યોજના તે કોઇ તવંગર માટે નહીં માત્ર અને માત્ર ગરીબો માટે. ૧૦૮ની સુવિધામાં પહેલાં રોડ ઉપર અકસ્માત થાય અને મારો અને તમારો બન્નેનો અનુભવ છે કોર્ટ કચેરીના ધક્કાની બીકને કારણે, સમય વ્યસ્ત થશે તેના કારણે કોઇ માણસ તરફડતો હોય તો આપણે ઉભાં રહેતાં નહોતાં. અને ઉભાં રહીએ તો પોલીસ આપણને પૂછે અને પછી પી.એમ. થાય ત્યાં તમે આવો, તમે કેમ નીકળા હતા, કોર્ટનો સમન્સ આવે, નોકરી ધંધા હોય એ આપણો બધાનો અનુભવ છે. માનનીય નરેન્દ્રભાઇએ જે કંઇ કામ કર્યુ છે તે મૌલિક કર્યુ છે. આ કામ મૌલિક કહેવાય કે માત્ર

દસ મિનિટ કે પંદર મિનિટ તેનાથી વધારે ના થાય. અને એ સુસજ્જ અને ૧૦૮ના કારણે હજારોની સંખ્યામાં અકસ્માતમાં ઘાયલ થયેલા લોકો બચ્યાં છે અને મારી બહેન–દીકરીની દસ હજારથી વધારે ડિલીવરી કરાવી અને ભાજપની સરકારે જાન બચાવી છે.

અમને જો મત મળતા હોય ને તો એ જ્યોતિગ્રામના જ મળે છે. આજે પણ કોઇ કોંગ્રેસના રાજમાં મને ૨૪ કલાક વીજળી બતાવો અને અમે તો ૨૦૦૩થી આપીએ છીએ અને આ જ્યોતિગ્રામ એટલે માત્ર ઘરોમાં લાઇટ નહિ પણ પહેલાં સાત વાગે લાઇટ બંધ થઇ જાય. જેના લીધે નાના–મોટા ધંધા બંધ કરવા પડે, વાર–તહેવારમાં ઘરાકી બંધ થઇ જાય. જ્યોતિગ્રામ આવવાથી નવરાત્રિમાં આખી રાત ધંધા ચાલે, વાર–તહેવારે દરજી, મોચી, લુહાર, સુથાર, પાન–બીડીવાળા બધાના ધંધા ડબલ થઇ ગયા અને શિક્ષણ મંત્રી તરીકે કહું તો પહેલાં બોર્ડમાં જે નંબર લાવતા હતા એ માત્ર શહેરના વિદ્યાર્થીઓ જ આવતા હતા. જ્યોતિગ્રામ આવ્યા પછી પર્સેન્ટાઇલ, પર્સેન્ટેજમાં અને એક થી ૧૦ નંબરોમાં જિલ્લા કક્ષાએ હવે ગામડાંના વિદ્યાર્થીઓ આવે છે. એનું કોઇ એ કારણ હોય તો માત્ર ને માત્ર જ્યોતિગ્રામ છે. પહેલાં સાત વાગે વીજળી બંધ થઇ જાય. શહેરના વિદ્યાર્થીઓ આખી રાત વાંચી શકે અને મારા ગામડાંનો વિદ્યાર્થી લાઇટના અભાવે વાંચી ન શકે. હવે એ વિદ્યાર્થી જ્યોતિગ્રામના કારણે, ૨૪ કલાક વીજળીના કારણે વાંચી શકે છે. મારા પરમ મિત્રએ એમ કહ્યું હતું કે એક દાંતીવાડા કેન્દ્ર હતું. એના ચાર ઝોન પાડ્યા. પોરબંદરની આબોહવા દાંતીવાડાથી અલગ છે. જુનાગઢની આબોહવા દાંતીવાડાથી અલગ છે. કચ્છની આબોહવા દાંતીવાડાથી અલગ છે. નવસારીની આબોહવા દાંતીવાડાથી અલગ છે અને એટલા માટે અમે ચાર યુનિવર્સિટી કરી અને આજે ચારે–ચાર યુનિવર્સિટી સંશોધનમાં હરિફાઇ કરે છે. જે બિયારણ નવસારીમાં કામ લાગે, જુનાગઢમાં કામ લાગે એનું સંશોધન દાંતીવાડામાં ન થાય. અમારી ટીકા કરતાં હતાં કે એક હતી એની ચાર કરી. ચાર કરી તો ગુજરાતના ખેડૂતોને ફાયદો થયો અને એનું જ પરિણામ છે કે, ૨૦૦૩માં ૯ હજાર કરોડની આવક હતી એ વધીને આજે ૧ લાખ ૪૦ કરોડ પર પહોંચી છે. તમારા જમાનામાં ઉદ્યોગ માટે અમદાવાદથી વાપી એ વ્યાખ્યા હતી. આજે ગુજરાતનો કોઇ તાલુકો બાકી નથી કે જ્યાં વાઇબ્રન્ટ ગુજરાતના કારણે નાના–મોટા ઉદ્યોગો ના ગયા હોય. પહેલાં આપણા સૌના કાર્યકર્તા આવે કે આ અધિકારી માનતા નથી. હું એને કહીને આવ્યો છું કે, ''કામ કરો નહિ તો હું તમને કચ્છ મોકલી આપીશ.'' એટલે પેલા અધિકારી કહે કે, ''ના કચ્છ ના મોકલતા. '' આજે મારા અધિકારી કહે છે કે, ''સાહેબ કચ્છ મોકલી આપો ને.''આ પ્રગતિ કરી છે. કચ્છમાં એગ્રીકલ્ચર સુધર્યું, ધંધા–રોજગાર સુધર્યા, રસ્તા સુધર્યા. ઔદ્યોગિક નીતિ, વાઇબ્રન્ટ ગુજરાત આ બધું લખો છો ને તમે પુંજાભાઇ. હું તો બોલતા બોલતા થાકી ગયો. તમારા જમાનામાં રેકર્ડ પર હજ યાત્રા પર કેટલા જતા હતાં અને આજે કેટલા જાય છે એ જુઓ. પહેલાં કોટા બાકી રહેતો હતો અને આજે બાકીના રાજ્યોમાંથી કોટા લાવવો પડે છે. એ એટલા માટે કે, હું કહું છું કે, ''રાજ્યનો વિકાસ સમતોલ થયો છે.'' માત્ર હિંદુઓ પૂરતો નહિ, મુસલમાનોને પણ વિકાસનો લાભ મળ્યો છે. પહેલાં ગરીબ માણસ હજ કરવા જવાનું વિચારતો નહોતો. હવે એ માણસ સક્ષમ થયો છે. આખી જિંદગી પંચરની લારી કરી ચલાવ્યું. આજે એ લારીવાળો દુકાનવાળો થયો. સાયકલમાંથી રીક્ષાવાળો થયો અને રીક્ષામાંથી ટ્રકવાળો થયો. લેન્ડ રીફોર્મ કર્યા, મેટ્રો ટ્રેન કરી. વૈશ્વિક ફલક પર ગુજરાતની ઓળખ થઇ છે. પહેલાં ગુજરાતને કોઇ ઓળખતું ન હતું. અરે, ભારતમાં પણ કોઇ ઓળખતું ન હતું. આજે માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય શૈલેષભાઇ, પહેલાં પણ ગુજરાતને ઓળખતું હતું પણ હવે વધારે સારી રીતે ઓળખે છે, હવે એક વિકસિત રાજય તરીકે ઓળખે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને રોકવા નથી માગતો પણ હું શાંતિથી સાંભળી રહ્યો હતો પણ બાપુ, વઘારેલી ખીચડી દાઢે વળગે એવી પરિસ્થિતિ છે. મહાત્મા ગાંધીજીના લીધે ગુજરાત ઓળખાયું હતું, સરદાર વલ્લભભાઇ પટેલના લીધે ગુજરાત ઓળખાયું હતું.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું ક્યાં ના પાડું છું પણ? માનનીય અધ્યક્ષશ્રી, હા, ઓળખાય છે, મેં સુધારી લીધું.

શ્રી શૈલેષ મ. પરમાર : અને ભાજપના નામે ગુજરાત ઓળખાય છે તો *(×××)

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કયાં સુધી? કયાં સુધી? હવે એકનો એક શબ્દ કયાં સુધી વટાવશો? દુનિયા ભૂલી ગઇ, દુનિયા ભૂલી ગઇ અને સાહેબ, નિર્દોષ ૫૮ કારસેવકોને સળગાવી માર્યા, એ કોઇ નહીં ભૂલે. એ કોઇ નહીં ભૂલે.

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો, શાંતિ રાખો, સામ સામે થઇ ગઇ વાત.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૧૬, ૧૯૩૯ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બધા ઉત્સવો થયા, બધા ઉત્સવોમાં પણ માનનીય નરેન્દ્રભાઇનું જે મૌલિક ચિંતન રહ્યું, (અંતરાય) હું રણોત્સવ અને પતંગોત્સવની વાત કરવા માગું છું. પહેલાં ત્યાં રહેનારા લોકો અહીં બેઠા છે એ એમ કહેતા હતા કે, અમારા બાપદાદા વર્ષોથી રહે છે પણ અમને આવો વિચાર નહોતો આવ્યો અને આજે માત્રને માત્ર રણોત્સવના કારણે આખા કચ્છની આખી ઇકોનોમી વધી ગઇ છે એનો સ્વીકાર કરો. ત્યાં વધારે પ્રવાસીઓ આવે છે અને ત્યાંના ગરીબ માણસોને લાભ થાય છે.

હવે છેલ્લે, પતંગ ઉત્સવની વાત કરું તો, પહેલા ૩૦ કરોડ રૂપિયાનું ટર્ન ઓવર, જેમાં ૯૮ ટકા મારા મુસલમાનભાઇઓની રોજીરોટી છે, એ માત્ર ત્રણ મહિના જ કમાઇ શકતા હતા પણ પતંગોત્સવના કારણે ૩૦ કરોડ રૂપિયામાંથી ૩૦૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર થયું. એ આખી જિંદગી માનનીય અધ્યક્ષશ્રી, હવે એમને બારે માસ રોજીરોટી મળે છે એટલે હું માનનીય નીતિનભાઇના આ અવ્વલ બજેટને ટેકો આપું છું.

અધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, આજ રોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ દસ મિનિટ બાદ ગુજરાત પાર્લામેન્ટરી એસીસીએશનની વાર્ષિક સામન્ય સભાની બેઠક વિધાનસભા ભવનના ચોથા માળે આવેલા શાસક પક્ષના ખંડમાં રાખવામાં આવી છે. તેમાં તમામ સભ્યોને અચૂક હાજર રહેવા માટે મારી વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૮મી માર્ચ, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું**

તા. ૮મી માર્ચ, ૨૦૧૮
વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા અંગે

**ગુજરાત વિધાનસભા**

**ગુરૂવાર, તારીખ ૮મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૧૭, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨.૦૦ કલાકે મળ્યું,**
**સભાપતિ ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

## વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા અંગે

સભાપતિશ્રી : આજે હેપી વુમેન ડે છે. સૌને મારી ખૂબ શુભેચ્છા. માનનીય મુખ્ય મંત્રીશ્રી.

શ્રી વિજય રૂપાણી( માનનીય મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે આપશ્રી પણ અધ્યક્ષસ્થાને બિરાજયા છો. અહીયાં પણ અનેક મહિલા ધારસભ્યશ્રીઓ છે. સમગ્ર ગુજરાતની વિશ્વમાં વસતિ ગુજરાતી બહેનો, આ બધાંને વિશ્વ મહિલા દિન નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

સ્વાભાવિક છે કે, ચુનોમાં ઘણા વખત પછી આવી મહિલા દિવસની ઉજવણી, આપણી સંસ્કૃત્તિમાં તો અનાદિકાળથી મહિલાઓનું સન્માન અને સ્થાન પુરુષ સમોવડી ગણવામાં આવ્યું છે ત્યાં સુધી કે, આપણા ત્યાં ઇશ્વરના સ્વરૂપમાં પણ મહિલાઓને સ્થાન આપ્યું છે. મા જગદંબા, મા ભગવતી, કાલિમા, દુર્ગામા, ખોડલમા, ઉમિયામા, લક્ષ્મીમા, ચામુંડામા અનેક લોકોને આપણે શક્તિ તરીકે મહિલાને આપણે પૂજીએ છીએ અને એટલે જ આપણે ત્યાં નારી તું નારાયણી, એ ભાવથી આપણી સંસ્કૃત્તિ, આપણો સમાજ આગળ વધતો આવ્યો છે અને પહેલું સ્થાન મહિલાને આપ્યું છે. એટલે જ આપણે એમ કહીએ છીએ કે, સીતારામ, રામસીતા નથી બોલતા, સીતારામ બોલીએ છીએ, એ પછી આપણે કહીએ છીએ કે રાધાકૃષ્ણ, રાધેશ્યામ એમાં પણ પહેલું મહિલાનું સ્થાન છે. લક્ષ્મીનારાયણ, એમાં પણ પહેલાં લક્ષ્મી છે અને પછી નારાયણ છે એટલે એ રીતે આપણે મહિલાને હંમેશાં આગળ રાખવાનો પ્રયત્ન કર્યો છે ત્યાં સુધી કે ઓળખમાં પણ મા પહેલાં, હનુમાનજીની ઓળખ અંજલીપુત્ર, એમાં પણ પહેલાં માને રાખી છે. એવી જ રીતે દેવકીનંદન, એટલે કે દેવકી પહેલાં અને પછી નંદન, મેં આપને એ વાત કરી છે તો આ આપણી પરંપરા રહી છે અને હું તો ત્યાં સુધી કહીશ કે, નારી શબ્દમાં નરનો સમાવેશ થાય છે. વુમેન શબ્દમાં મેનનો સમાવેશ થાય છે, ફીમેલ શબ્દમાં પણ મેલનો સમાવેશ થાય છે એટલે નારી, નર, મેલ, ફીમેલ, વુમેન, મેન એટલે દરેક જગ્યાએ સ્ત્રીનું મહત્વ આપણે ત્યાં રાખવામાં આવ્યું છે.

ગુજરાતમાં પહેલાં મહિલા મુખ્ય મંત્રી ભારતીય જનતા પાર્ટીએ માનનીય આનંદીબેનને બનાવ્યા છે, કોંગ્રેસે નથી બનાવ્યા, અને આજે એ ગવર્નર તરીકે બેઠા છે. (અંતરાય) એટલે મહેરબાની કરીને એવી વાત કરો નહીં.

સભાપતિશ્રી : માનનીય વીરજીભાઇ, આજે બહેનોનું સારૂં સારું સાંભળોને, બહેનોનાં વખાણ થાય છે તો એમાં મજા આવવી જોઇએ .

શ્રી વિજય રૂપાણી : માનનીય સભ્યશ્રી, આપ બેસો, બેસો, આ તો એમને યાદ દેવડાવું છું. ત્યાંથી કોમેન્ટ થાય છે એટલે એનો જવાબ આપું છું અને આપણે ત્યાં બહેનોનું સશક્તિકરણ થાય, વુમેન એમ્પાવરમેન્ટ અને એટલા માટે જ લોકલ સેલ્ફ ગવર્મેન્ટમાં ૫૦ ટકા બહેનોની સ્વભાગીદારી અને બહેનો પણ શક્તિશાળી બને. બહેનો પાવરમાં આવે. શૈક્ષણિક, આર્થિક, સામાજિક, રાજકીય દરેક બાબતમાં બહેનોને અગ્રસ્થાન મળે, ૩૩ ટકા પોલીસમાં બહેનોનું રિવઝર્વેશન આપણે લાવ્યા છીએ. અફસર બિટિયાં, બિટિયાં પણ અફસર બને અને શાસનમાં મહત્વની ભૂમિકા ભજવે. એ આપણે કરી રહ્યા છીએ. સાથે સાથે બહેનો માટે, મહિલાઓ માટે સુરક્ષા, મહિલાઓ માટે શિક્ષણ, મહિલાઓ માટે સ્વાલંબન અને એ બધા માટે આપણે સૌ સાથે મળીને બહેનોને વુમન એમ્પાવરમેન્ટની દિશામાં પ્રત્યન કરી રહ્યા છીએ, એટલે વિશ્વ મહિલા દિન નિમિત્તે રાજય સરકારે આજથી પ્રારંભ કર્યો છે અને બેટી બચાવો બેટી પઢાવો એ પણ વધુ તાકાત સાથે આગળ લઇ જવા માગીએ છીએ.

ગુજરાતમાં કમનસીબે સેકસ રેશીયોમાં પુરુષો વધુ જન્મે છે, બાળકી એટલે કે દીકરીઓ ઓછી જન્મે છે એ પણ કલંક આપણે દૂર કરવાનું છે અને આજે સવારે રાજય સરકારે નન્ની પરીયાં, નન્ની પરી, અવતરણ જે દીકરીઓ જન્મી છે તેમના સન્માન માટે આજે સવારે હોસ્પિટલમાં અમે લોકો અલગ અલગ જગ્યાએ જઇને આ દીકરીઓના સન્માનનો એ કાર્યક્રમ કરવામાં આવ્યો છે. આગામી એક વર્ષ બેટી બચાવો બેટી પઢાવો એને માટે સરકાર પૂરેપૂરી કટીબદ્ધતા સાથે આગળ વધવા માગે છે.

સ્ત્રીભૃણ હત્યા એ એક કલંક છે, આ કલંક સંપૂર્ણરીતે દૂર થાય અને તેને માટે કડકમાં કડક કાયદામાં જે જોગવાઇઓ છે તેનું પાલન કરીને આ કલંક દૂર કરવા માટે આપણે પ્રયત્નો કરવાના છે. સામૂહિક રીતે કરવાના છે એમાં પક્ષાપક્ષીની વાત નથી, આ એક સામાજીક આવશ્યકતા છે. જેને માટે કારણ કે, જો નારી નહીં રહે, દીકરીઓ નહીં રહે તો આજે પણ ઘણા

તારાંકિત પ્રશ્નો

ગામડાંમાં યુવાનોની સંખ્યા વધુ હોઇ, દીકરીઓ હોતી નથી અને તેના કારણે દૂર દૂર લગ્ન કરવા માટે બીજા પ્રાંતમાં જવું પડે છે. અને આ રેશીયો જો ઇનબેલેન્સ થશે તો એક મોટી ઉપાધિ આપણા સામાજીક જીવનમાં આવશે. એને દૂર કરવા માટેની પણ આપણા સૌની જવાબદારી છે અને આજના દિવસે અહીં યાં પણ ત્રણ બહેનો છે, આપ પણ અહીયાં બિરાજો છો. તો અમને આનંદ છે અને એટલા માટે વિશ્વ મહિલા દિન નિમિત્તે આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. બેટી બચાવો બેટી પઢાવો, એ દિશામાં આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ જે ઝુંબેશ શરૂ કરી છે, વર્ષોથી દેશભરમાં આ વિશેનો પ્રોગ્રામ લઇને આગળ વધી રહ્યા છે ત્યારે આપણે પણ બહેનોનું સન્માન અને સાથે સાથે બેટી બચાવો બેટી પઢાવો એ દિશામાં આગળ વધીશું.એને માટે આપણે સૌ સંકલ્પ કરીએ અને વિશ્વ મહિલા દિન નિમિત્તે અહીં બેઠેલી બધી બહેનોને શુભેચ્છા પાઠવું છું અને ગુજરાતની તમામ મહિલાઓને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. (સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે હાથ ઉંચો કરતાં)

સભાપતિ : પ્રશ્નોત્તરી શરૂ કરીએ. મહિલા દિન માટે પ્રશ્નોત્તરી પછી મારી અને આપની બધાની ચર્ચા રાખીશું. પ્રશ્ન ક્રમાંક –૧. સભ્યશ્રી અરવિંદભાઇ.

**તારાંકિત પ્રશ્નો**

રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમનતંત્ર હેઠળની પ્રયોગશાળાઓ

* ૪૫૮૩ શ્રી અરવિંદ રાણા (સુરત પૂર્વ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યનાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ કેટલી પ્રયોગશાળાઓ કાર્યરત છે, અને | (૧) ૩(ત્રણ). |
| (૨) આ પ્રયોગશાળાઓ ક્યાં આવેલ છે ? | (૨) વડોદરા, રાજકોટ અને ભુજ ખાતે આવેલ છે. |

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે ગુજરાત અને દેશની તમામ મહિલાઓને આ ગૃહ મારફતે હું શુભેચ્છાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભાજપની આપણી આ સરકાર લોકોને શુદ્ધ અને આરોગ્યપ્રદ ભોજન મળે, લોકોનું સ્વાસ્થય સુખાકારીમય રહે, તથા શારીરિક દુઃખ દર્દ આવે ત્યારે શુદ્ધ દવાઓ અને ઔષધિ લોકોને પ્રાપ્ત થાય અને ભેળસેળ કરનારોઓને શિક્ષા મળે અને સજા થાય, એટલા માટે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાત લેબૉરેટરીમાં કેટલા નમૂનાઓની ચકાસણી કરવામાં આવે છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અરવિંદભાઇએ જે રીતે પ્રશ્ન પૂછયો એ પ્રમાણે સમગ્ર ગુજરાતની જનતાને શુદ્ધ ખોરાક મળે, શુદ્ધ દવાઓ મળે, પીવાના પાણીથી માંડીને અન્ય પીણાંઓ અને જે જરૂરીયાતની ખાદ્ય–ખોરાકની ચીજ વસ્તુઓ છે દૂધ સહિતની એ શુદ્ધ મળે, એ માટેની વ્યવસ્થા આરોગ્ય વિભાગ તરફથી ઉભી કરવામાં આવે છે. એક વ્યવસ્થા રાજ્ય સ્તરે તથા બીજી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકઓના સ્તરે થાય છે. ગુજરાતમાં નગરપાલિકા, મહાનગરપાલિકા કે સરકાર દ્વારા જે સેમ્પલ એકત્રિત કરવામાં આવે છે. સેમ્પલ વેપારી પાસેથી, ઉત્પાદક પાસેથી, રીટેઇલર પાસેથી કે હોલસેલરને ત્યાંથી પછી એ પેકીંગ હોય કે લૂઝ હોય એનું ટેસ્ટીંગ રાજ્ય સરકારની અદ્યતન લેબૉરેટરીઓ છે એમાં કરવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે આપણી બધી જ લેબૉરેટરીઓ દેશની અંદર ખૂબ જ ઉચ્ચ પ્રકારના સાધનો ધરાવતી અને માન્યતા પ્રાપ્ત લેબૉરેટરીઓ છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એમ આપણી આ જે ચાર મુખ્ય લેબૉરેટરીઓ છે એના દ્વારા ૬૦૪૧ નમૂનાઓની ચકાસણી કરીને એનો રિપોર્ટ આપવામાં આવ્યો છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન છે તો આ પ્રસંગે મારે કહેવું છે કે સ્ત્રી અને પુરુષ જીવનરૂપી રથના બે પૈડા છે. કોઇપણ એક વ્યકિત વગર જીવનરૂપી રથ આગળ વધી શકતો નથી. બન્ને એકબીજા વગર આગળ વધી શકતા નથી.

સભાપતિશ્રી : માનનીય સંગીતાબહેન, આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : સમાજને પણ મહિલાનું મહત્વ સમજાય છે. આજે વિશ્વ મહિલા દિને સૌને અભિનંદન પાઠવું છું. આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયની ખોરાક અને ઔષધ નિયંત્રણ પ્રયોગશાળાઓમાં સન ૨૦૧૬–૧૭ દરમિયાન કેટલા ખોરાકના નમૂનાઓ પ્રયોગશાળા દીઠ તપાસવામાં આવ્યા, એ પૈકી કેટલા સબ સ્ટાન્ર્ડડ, મીસ બ્રાન્ડ અને અન સેઇફ થયેલા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નમૂનાઓ લેબૉરેટરીઓમાં પહોંચાડવામાં આવે છે ત્યાં એનું મૂલ્યાંકન થાય છે અને વૈજ્ઞાનિક પદ્ધતિથી તપસણી થાય છે. માનનીય સભ્યશ્રી સંગીતાબહેને પૂછ્યું એ પ્રમાણે વડોદરા લેબૉરેટરી છે એમાં ૮૫૫૯ નમૂના મોકલવામાં આવ્યા છે. રાજકોટની લેબૉરેટરીમાં ૩૭૩૧ નમૂના મોકલવામાં આવ્યા છે જયારે ભૂજની પ્રયોગશાળામાં ૩૬૮૦ નમૂના મોકલવામાં આવ્યા છે. આ બે વર્ષનો સરવાળો છે. બે વર્ષમાં ૧૫૯૭૦ નમૂના મોકલવામાં આવ્યા હતા એ પૈકી વડોદરામાં ૩૪૮ નમૂના સબ સ્ટાન્ર્ડડ સાબિત થયા હતા. ૪૫૭ નમૂના મીસ બ્રાન્ડ સાબિત થયા અને ૩૩ નમૂના અન સેઇફ

સાબિત થયા હતા. રાજકોટની લેબોરેટરીમાં ૨૫૨ નમૂના સબ સ્ટાન્ડર્ડ, ૪૦ નમૂના મીસ બ્રાન્ડ અને ૩૧ નમૂના અન સેઇફ માલુમ પડ્યા હતા. ભૂજની લેબોરેટરીમાં ૭૫ સબ સ્ટાન્ડર્ડ, ૭૬ મીસ બ્રાન્ડ અને ૨૯ અન સેઇફ માલુમ પડ્યા હતા.

ડો. આશા પટેલ : આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે માનનીય નીતિનભાઇ સાહેબે ચાર લેબોરેટરીની વાત કરી છે જયારે જવાબમાં ત્રણ લેબોરેટરી જ બતાવેલ છે. તો આ ચોથી લેબોરેટરી કયાં આવેલી છે એ જણાવવામાં આવે. ઉત્તર ગુજરાતમાં એક પણ લેબોરેટરી આવેલ નથી તો સરકાર ત્યાં ચાલુ કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાજય સરકારની મુખ્ય ત્રણ લેબોરેટરીઓ છે એ સિવાય અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશન પોતાની સ્વતંત્ર લેબોરેટરી ધરાવે છે, ત્યાં પણ નમૂનાઓનું ટેસ્ટીંગ કરવામાં આવે છે એ પ્રમાણે માહિતી આપવામાં આવી છે. બીજું આપનુ સૂચન છે. નમૂના ચાર લેબોરેટરીમાં મોકલવામાં આવે છે ત્યાં ટેસ્ટીંગ થાય છે એટલે કોઇ ભૌગોલિક વિસ્તાર તરીકે મુકતા નથી. એક મધ્ય ગુજરાતમાં, એક સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં એમ સરકારની ત્રણ લેબોરેટરીઓ આવેલી છે. જયારે અમદાવાદ શહેરમાં કોર્પોરેશનની લેબોરેટરી કાર્યરત છે.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે દેશ, દુનિયા અને ગૃહની બહેનોને વુમન્સ ઇન્ટરનેશનલ ડે નિમિત્તે વિશ કરવા માગું છું. હું આજે ગર્વની લાગણી મહેસૂસ કરું છું કે આપ એક સ્ત્રી તરીકે, એક અધ્યક્ષા તરીકે આપ ત્યાં બિરાજમાન છો. આ ગૃહના નેતા અને અધ્યક્ષ બન્નેને આ નિર્ણય માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું આજના દિવસે ડો. બાબાસાહેબ આંબેડકરને પણ યાદ કરવા માગું છું. જેઓ હિંદુ કોડ બિલ સંસદમાં લાવ્યા અને મહિલાઓને સશક્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા એડ્જ્યુકેટીંગ કેસના ચુકાદા આવ્યા અને શું દંડ કરવામાં આવ્યા છે? તથા વડોદરામાં ૨૦૧૬–૧૭ દરમ્યાન કેટલા ઔષધ અને સૌંદર્ય પ્રસાધનના નમૂનાઓ તપાસવામાં આવ્યા, તે પૈકી કેટલા ઔષધ અને સૌંદર્ય પ્રસાધનના નમૂના પ્રમાણસર અને અપ્રમાણસર માલૂમ પડ્યા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કઇ લેબમાં કેટલા નમૂના તપાસ્યા અને કેટલા પાસ થયા અને કેટલા નાપાસ થયા એ માહિતી મેં અગાઉ આપી છે. બીજો માનનીય મનીષાબેને પ્રશ્ન પૂછ્યો છે કે કેટલો દંડ કરવામાં આવ્યો? ૨૦૧૬–૧૭માં આ કાયદા અન્વયે જે એડ્જ્યુકેટીંગ કેસની સુનાવણી કરીને જે સજા કરવામાં દંડની જોગવાઇ કરવામાં આવી છે એ પ્રમાણે ૨૦૧૬માં ૪૫૭ કેસમાં દંડ કરવામાં આવ્યો. ૨૦૧૭માં ૪૨૩ કેસમાં દંડ કરવામાં આવ્યો અને જો રકમમાં જોઇએ તો ૨૦૧૬માં ૨,૨૯,૬૨,૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો અને ૨૦૧૭માં ૨,૭૨,૩૪,૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આજે આપે મને બોલવાની તક આપી તે બદલ આપનો આભાર. માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો તેમાં હું ફક્ત રાજકોટનું એટલા માટે પૂછવા માગું છું કે સૌથી વધારે દૂધમાં ભેળસેળ થતી હોય તો એ સૌરાષ્ટ્ર વિસ્તારમાં થાય છે. નાના બાળકોને આપવા માટે દૂધ ઉપયોગમાં લેવામાં આવે છે તેમાં સૌથી વધુ ભેળસેળ સૌરાષ્ટ્રમાં થાય છે. ત્યારે રાજકોટ ખાતેની લેબોરેટરી આવેલી છે તેમાં છેલ્લા એક વર્ષના સમય દરમ્યાન દૂધને લગતા કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા અને તેમાં કેટલા નમૂનાઓમાં ભેળસેળ માલૂમ પડી અને તેના માટે શું કાર્યવાહી કરવામાં આવી છે? અને છેલ્લા એક વર્ષમાં જે નમૂના લેવામાં આવ્યા એ વર્ષમાં કયા સમય દરમ્યાન લેવામાં આવ્યા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કઇ ચીજવસ્તુના સેમ્પલ મોકલવામાં આવ્યા એ માહિતી સ્વાભાવિક મારી પાસે ન હોય. કારણ કે કેટલી લેબોરેટરી છે એ મૂળ પ્રશ્ન છે. એટલે સૌરાષ્ટ્રમાં કે કોઇ પણ વિસ્તારમાં મેં શરૂઆતમાં જે કહ્યું તે પ્રમાણે દૂધ, ખાદ્ય પદાર્થો પેકીંગમાં હોય કે લૂઝ હોય, તેમાં જે ભેળસેળ થાય તેના નમૂના આપણે લઇએ છીએ. રાજકોટમાં જનરલ મેં જે જવાબ આપ્યો છે કે ૨૦૧૬માં ૩૭૩૧ નમૂના તપાસવામાં આવ્યા છે અને ૨૦૧૭માં ૩૫૮૫ નમૂના તપાસવામાં આવ્યા છે.

### આણંદ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૪૦૭૯ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩–૧૪ તથા ૨૦૧૪–૧૫ ની આણંદ જીલ્લામાં વાણિજ્યિક વેરાની કુલ કેટલી રકમ વસુલવાની બાકી છે, રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) ઉક્ત રકમ વસુલવા સરકારે કયા પ્રકારના પગલાં લીધાં ?

**જવાબ**

(૧) (રકમ રૂ. લાખમાં)

| વર્ષ | બાકી રકમ | આવક |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૧૭૫.૩૧ | ૩૧૩૮૦.૧૮ |
| ૨૦૧૪–૧૫ | ૨૭૪.૮૪ | ૩૩૨૨૬.૨૪ |

(૨) શક્ય વસુલાતના કેસોમાં ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે લેવાપાત્ર થતાં પગલાં લેવામાં આવેલ છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિવસની બધાને શુભેચ્છાઓ છે. મુખ્યમંત્રીશ્રીએ બહુ સારી વાત કરી. તેમાં હું અને મારી પાર્ટી પણ સંમત છીએ. આપણે નદીઓને પણ માતા ગણીએ છીએ. ગંગા માં, નર્મદા માં,

સરસ્વતિ માં. તેને પણ જો શુદ્ધ રાખીએ અને ઈન્ડસ્ટ્રીઝનું પાણી અંદર ન જવા દઈએ એવું આપણે ૧૮૧ જણાં નક્કી કરીએ તો તેમાં ઘણો સુધારો થાય એવો છે અને પર્યાવરણ બચે એવું છે. મારા પ્રશ્ન ઉપર આવું કે આ જે ટેક્સ છે એ ઘણાં વખતથી બાકી છે. સરકારને વિકાસ માટે પૈસાની જરૂર છે. તો વસૂલાત ન કરવાના કારણો શું? પાંચ–પાંચ વર્ષથી ટેક્સ વસૂલાત ન થઇ તેના કારણો શું? પાંચ લાખથી ઉપર કેટલી વ્યકિતઓ અને કઇ કઇ વ્યકિતઓના બાકી છે તેની માહિતી આપવા વિનંતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નનો જવાબ પણ સ્વયં સ્પષ્ટ છે. ૨૦૧૩–૧૪માં રૂ. ૧૭૫.૩૧ લાખ બાકી છે અને ૨૦૧૪–૧૫માં રૂ. ૨૭૪.૮૪ લાખ બાકી છે. શ્રી નિરંજનભાઇ, ૨૦૧૩–૧૪માં રૂ. ૩૧૩૮૦.૧૮ લાખ અને ૨૦૧૪–૧૫માં રૂ. ૩૩૨૨૬.૨૪ લાખની એમાં આવક થઇ છે. એની સામે કોઇ પેઢી ફેઇલ થઇ હોય, કોઇ વિવાદમાં હોય, કોઇ ટ્રીબ્યુનલમાં અપીલમાં ગયા હોય, કોઇ કમિશ્નરમાં અપીલમાં ગયા હોય, કોઇ હાઇકોર્ટમાં ગયા હોય એ પ્રકારના કેસો છે. પેઢી બિલકુલ બંધ થઇ ગઇ હોય અને વ્યક્તિ મળતા ન હોય એવા પણ કેસ છે. પરંતુ આ બધા કેસોની રકમ બહુ નાની છે. મનાઇ હુકમની કક્ષાએ રૂ. ૧.૧૭ લાખની વિવાદાસ્પદ રકમ છે. કંપની ફેઇલ થઇ હોય અને લીકવીડેટર નીમ્યા હોય એવા ૧ કેસ છે જેના રૂ. ૭.૫૭ લાખ બાકી છે અને ધંધો બંધ થઇ ગયો હોય એવી લગભગ ૧૬ પેઢીઓ છે. જેની પાસે રૂ. ૧.૨૧ લાખની વસૂલાત આટલા વર્ષો સુધીની બાકી છે. આ પ્રકારના વિવાદ હોય, કોર્ટનો સ્ટે હોય, વ્યક્તિ ન મળતા હોય, મામૂલી રકમ હોય. એ બધુ જોઇને રૂ. ૧.૨૧ કરોડની થાય છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, આગળના સભ્યશ્રીએ નદીને માતા કહીએ છીએ એમ કહ્યું. મારે મારા વડીલને એ પણ કહેવું છે કે પહેલા એવું ગીત હતું ‘‘માનો તો મેં ગંગા મા હું, ન માનો તો બહેતા પાની’’ એ એમના સમયમાં ગીત હતું. આજે એ ગંગા શુદ્ધિકરણનું કામ ચાલે છે, કારણ કે એ મા છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે આણંદ જિલ્લામાં ૩૧–૧૨ની સ્થિતિએ તાલુકાવાર ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં કેટલા કેસો બાકી છે અને એ કેસોમાં કેટલી રકમ સંડોવાયેલી છે? આણંદ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં બાકી વસૂલાતમાંથી કેટલી વસૂલાત થયેલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સંડોવાયેલી રકમ એ કાયદાકીય શબ્દ છે એટલે એને એ રીતે નહીં લઇએ. આણંદ જિલ્લો રાજ્યનો વ્યાપારી દ્રષ્ટિએ અગ્રેસર જિલ્લો છે. વેપાર, ધંધા, ઉદ્યોગ, ખેતી, પશુપાલન અને ડેરીઓના કારણે ખૂબ સારા પ્રમાણમાં રાજ્યને ત્યાંથી આવક થાય છે. આણંદ જિલ્લામાં ૨૭ રજિસ્ટર્ડ વેપારીઓ પાસેથી રૂ. ૩.૩૬ કરોડની રકમ બાકી છે. ઉમરેઠમાં કોઇ બાકી નથી. પેટલાદમાં ૩ છે. એમના રૂ. ૧.૭૦ લાખની રકમ બાકી છે. બોરસદમાં ૨ બાકી છે. એના રૂ. ૩.૭૪ લાખ બાકી છે. આંકલાવમાં કોઇ બાકી નથી. સોજીત્રામાં ૧ બાકી છે, ખંભાતમાં ૨ બાકી છે, તારાપુરમાં ૧ બાકી છે. આમ કુલ ૭૬ વેપારીઓ પાસે વસૂલાત બાકી છે અને રૂ. ૪૫૦/– લાખની કુલ વસૂલાત બાકી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિન નિમિત્તે આપ સૌને શુભ કામનાઓ પાઠવું છું. આદરણીય ઈન્દિરા ગાંધી દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન હતા એનું મને ગૌરવ છે. માનનીય મંત્રીશ્રીને મારે ખાસ એ પૂછવું છે અને માનનીય સભ્યશ્રી રાવલે કીધું કે ગંગામાતાને સાફ કરવાનું પણ અભિયાન કર્યુ છે. ગંગા સાફ કરતા પહેલા બેંકો સાફ ના થઇ જાય એનું ખાસ ધ્યાન રાખજો. (અંતરાય) મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે આણંદ જિલ્લામાં સૌથી વધુ આવક છે તો આ જિલ્લા પૂરતી મર્યાદિત આવક જિલ્લાને આપવા માગો છો કે નહીં? માનનીય મંત્રીશ્રીએ કીધું કે સમગ્ર ગુજરાતમાં સૌથી મોટી આવક આણંદ જિલ્લાની છે. સારી આવક છે. વધારે આવક આણંદ જિલ્લાની છે. જે તાલુકાવાર બાકી છે એ બાકી કેટલા સમયમાં લેવા માગીએ છીએ અને જે કોર્ટ કેસ છે એ કેટલા લોકો સામે કોર્ટકેસ બનેલા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજેન્દ્રભાઇ આમ તો બહુ ધીરગંભીર ધારાસભ્ય છે. સીનીયર પણ છે અને આ બેંકો બધી જે સાફ થઇ એ એમની વાત બિલકુલ સાચી છે પણ બેંકોનું ધિરાણ કઇ સરકાર વખતે કેટલા અબજો રૂપિયા(અંતરાય) સાહેબ, અમારી પાસે તો સ્વચ્છતાની કામગીરી છે. ગંદકી કરી કોંગ્રેસે અને સફાઇ કરવાનું કામ અમારા પાસે આવ્યું છે. સરકારી તિજોરીને ઉપરથી, નીચેથી, ચારે પડખેથી બાકોરા પાડી એવો પંજો પડયો હતો ભૂતકાળમાં કે, પ્રજાના અબજો, અબજો રૂપિયા એ પંજો ઉપાડી ગયો. અત્યારે અમે એને બરોબર વેલ્ડીંગ કરી પાકી તીજોરીઓ બનાવવાનું કામ કરીએ છીએ. દેશની પ્રજાને જે નુકસાન થયું એ કોના સમયમાં પૈસા અપાયા એ અગત્યનું છે. અમે આ બધું અટકાવ્યું છે. આની ચર્ચા જોઇતી હશે તો આપણે અલગ ફરી કરીશું. અત્યારે એમનો જે પ્રશ્ન છે આણંદ જિલ્લામાં જુદી જુદી દ્રષ્ટિએ જે વસુલાતો બાકી છે એનું રેવન્યુ રાહે, કોર્ટ રાહે અને જપ્તી રાહે અથવા એની મિલકત હોય એને સીજ કરી એ પ્રકારે જુદી જુદી કાયદેસરની જે સરકારને સત્તાઓ છે એ પ્રમાણે વસુલાત માટે પગલા લેવામાં આવી રહ્યાં છે.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે બાકી વસુલાત માટે કાયદાની જોગવાઇ અનુસાર કઇ કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાર્યવાહીનો એક ભાગ મેં કીધો. બીજો જે પ્રશ્ન છે એકલી કાર્યવાહી નથી કરતા એની સામે વસુલાત પણ રાજય સરકાર એટલે કે અમારું તંત્ર એ પ્રાપ્ત કરે છે. ૨૦૧૨–૧૩માં ૨૪૮ કરોડ ૨૧ લાખ રૂપિયા વસુલાતની આવક મેળવી. ૨૦૧૩–૧૪માં ૨૬૩ કરોડ ૩૩ લાખની આવક પ્રાપ્ત થઇ. ૨૦૧૪–૧૫માં ૨૮૯ કરોડ ૧૭ લાખની આવક પ્રાપ્ત થઇ. ૨૦૧૫–૧૬માં ૩૧૪ કરોડ ૯૭ લાખની આવક પ્રાપ્ત થઇ અને ૨૦૧૬–૧૭માં ૩૫૫ કરોડ ૪૦

લાખની આવક પ્રાપ્ત થઇ. આમ વર્ષવાર જોઇએ તો આણંદ જિલ્લામાં વેરાની વસુલાત એ વધતી જાય છે અને એનો લાભ રાજયને મળે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બેંકોની વાત થઇ, આમ તો •(×××) એવું લાગે છે.

સભાપતિશ્રી : આ શબ્દો હું રેકોર્ડ ઉપરથી કાઢી નાખુ છું.

શ્રી અમિત ચાવડા : બેંકોની વાત થઇ ત્યારે આ જે નિરવ મોદીની વાત હોય, લલિત મોદીની વાત હોય તો આખા દેશના લોકો પૂછી રહ્યા છે કે આ ચોકીદાર છે કે ભાગીદાર છે? મારે માનનીય મંત્રીશ્રીને એટલો જ પ્રશ્ન પૂછવો છે કે આણંદ જિલ્લાનો જે પ્રશ્નમાં જવાબ આપ્યો છે વસુલાતનો એમાં કેટલા લોકો સામે જમીન મહેસુલ કાયદા અન્વયે કાર્યવાહી કરવામાં આવી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું છે કે આ પંજો બધે પડતો હતો. એ ભૂતકાળમાં ગુજરાની તિજોરીમાં પડતો હતો. આ નવા યુવાન ધારાસભ્યો કે જેમનો જન્મ પાછળથી થયો હશે એમને ખબર નહીં હોય. તમારા નેતાઓએ ગુજરાતમાં જ્યારે દુષ્કાળ પડ્યો અને સૌરાષ્ટ્રમાં ઢોરવાડા ગુજરાત સરકારે ચાલુ કરેલા તો ગાયનું ઘાસ પણ તમારા નેતાઓએ છોડ્યું ન હતું. નિર્દોષ અને અબોલ જીવોનું ઘાસનું કોંગ્રેસ સરકાર વખતે કૌભાંડ થયું હતું. રફાળેશ્વર કૌભાંડ એ કોંગ્રેસ માનનીય મુખ્ય મંત્રીશ્રી.છે નહીં એટલે તમારે બોલવું નહીં. તમારે શરમાવું જોઇએ. (અંતરાય) કોંગ્રેસે વનો વેચી માર્યા. જંગલોના જંગલો સાફ કરી દીધા હતા. અમે આવ્યા એટલે હવે ગુજરાતમાં લીલોતરી દેખાય છે. બાકી તમે જંગલો વેચી મારેલા, આજે *(×××). અમે કહીએ એ સાંભળો અને અમે કહીએ એ સ્વીકારો.

ભાવનગર ખાતે વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭માં ઊર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

* ૪૪૯૯ શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭માં મે. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન, મુંબઈએ, મીઠી વીરડી, ભાવનગર ખાતે ૬૦૦૦ મે.વો. સ્થાપિત વીજ ક્ષમતાના પાવર પ્લાન્ટ માટે અંદાજીત મૂડી રોકાણ રૂપિયા ૫૦,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કરેલ હતા તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા મેગાવોટનો પાવર પ્લાન્ટ કાર્યરત છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વીજળી ઉત્પન્ન થઈ ? | (૨) અને (૩)<br>હાલમાં, આ પ્રોજેક્ટના અમલીકરણની પ્રક્રિયા માટે જમીન સંપાદન સહિતની આવશ્યક એવી વિવિધ મંજૂરીઓ મેળવવાની કાર્યવાહી થઈ રહી છે અને ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ થયે, પ્રોજેક્ટ કાર્યાન્વિત થઈ શકશે. આથી, હાલમાં, વીજ ઉત્પાદનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, સબસે પહેલે તો આજ મહિલા દિન કે અવસર પર ગુજરાત કી તમામ મહિલાયે ઔર દેશકી તમામ મહિલાઓ કો મેરી શુભેચ્છાયેં દેતા હૂં.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭ માં ઉર્જા વિભાગે કુલ કેટલી વીજ ક્ષમતાના, કેટલી રકમના એમ. ઓ. યુ. કર્યા હતા. તે પૈકી ઉત્પાદનમાં કેટલા આવ્યા, કેટલા મંજૂરી હેઠળ છે અને કેટલા પડતા મૂકવામાં આવ્યા છે? મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, મોટા એકમો ૫૦ હજાર કરોડના એમ. ઓ. યુ. કરી ગયા પણ કોઇ કામગીરી કરતા નથી તે વાયબ્રન્ટ સમિટની નિષ્ફળતા દર્શાવે છે. આવા એકમો સામે કે જે ખોટા એમ. ઓ. યુ. થયા છે એ ખોટા એમ. ઓ. યુ. બદલ શું કાર્યવાહી કરવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન છે કે ૨૦૦૭માં ઉર્જા ક્ષેત્રે એમ. ઓ. યુ. કરનાર કેટલીક કંપનીઓએ સરકારી પડતર ખરાબાની જમીનની માગણી કરેલી તેમાં કેટલી જમીનો શું ભાવથી આપેલી તે જણાવે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ખોટા એમ. ઓ. યુ. કર્યા. મારે સભ્યશ્રીને એટલું કહેવું છે કે આ ન્યુક્લિયર પાવર કોર્પોરેશન એ કેન્દ્ર સરકારની કંપની છે અને યુ.પી.એ. સરકારમાં આદરણીય મનમોહનસિંહ પ્રધાનમંત્રી હતા ત્યારે ન્યુક્લિયર પાવર દ્વારા અનેક પ્રોજેક્ટો દેશમાં નાખવા માટેનો વિચાર મૂકાયો હતો અને કેન્દ્ર સરકારની કેબિનેટે એ મંજૂર કર્યો હતો. એ જે પ્રોજેક્ટો મંજૂર કર્યા હતા એમાં ગુજરાતમાં ન્યુક્લિયર પાવર માટેની માગણી આપણે કરી હતી અને એના આધારે એન.પી.સી.એ ગુજરાત સરકાર સાથે એગ્રીમેન્ટ કર્યા. પહેલો વિષય એ છે કે આપ કહો છો કે ખોટા એમ. ઓ. યુ. કર્યા છે તો આવો ખોટો વિચાર લઇને આદરણીય મનમોહનસિંહ આવ્યા છે એવું ન કહી શકાય. ખોટા એમ. ઓ. યુ. નથી થયા (અંતરાય) ન્યુક્લિયર પાવર કોર્પોરેશનના એમ. ઓ. યુ. થયા એની એક્ચ્યુઅલ કિંમત ૭૫ હજાર

• આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામભાં આવ્યા.

કરોડના પ્રોજેકટો છે. એટલે ૭૫ હજાર કરોડના એમ. ઓ. યુ. થયા. એમાં ૬ હજાર મેગાવોટના પાવર પ્રોજેક્ટ નાખવાના હતા. એમાં એન.સી.પી. અને ગુજરાત સરકાર વચ્ચે એમ. ઓ. યુ. થયા અને પછી પ્રોસેસ બધી કહેતા હોવ તો સમજાવું. એ પ્રોસેસ આધારિત કામગીરી થઇ છે. આ કામગીરી એન.સી.પી. દ્બારા ગુજરાતમાં કરવામાં આવી છે. મારે સભ્યશ્રીને કહેવું છે કે એન.સી.પી.એ આ પ્રોજેક્ટ ૨૦૦૬માં નક્કી કર્યો અને ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડની નોડલ એજન્સી તરીકે એની સ્થાપના થઇ. પછી સાઇટ સિલેકશન નક્કી થયું. એટલે સાઇટ સિલેકશનમાં ૬ જગ્યા ગુજરાત સરકારે આપી. ૬માં એક ધોલેરા ધંધૂકા તાલુકાની અંદર, ભાનગઢ હતી ધંધૂકા તાલુકાની અંદર, નવાગામ હતું ધંધૂકા તાલુકાની અંદર, છાયા મીઠી વિરડી ઘોઘા તાલુકાની અંદર, આદરી વેરાવળ તાલુકામાં અને મગપુર માગરોળ તાલુકામાં આમ ૬ જગ્યાઓ એ જ લોકોએ નક્કી કરી. આ ૬ જગ્યાઓ નક્કી કરવાના મેજર કારણો કે ફેક્ટર હતા કે આ ૬ જગ્યા કેમ? એક તો એ લોકોએ પોપ્યુલેશન ૫ કિલોમીટર, ૧૦ કિલોમીટર, ૧૫ કિલોમીટરમાં રેડિએશનમાં કેટલી વસતિ ધરાવે છે એ જોયું પછી આજુબાજુમાં ઇન્ફ્રાસ્ટ્રકચર શું છે એ જોયું અને પછી લેન્ડ અને લેન્ડની સાઇટની અંદર જે સોઇલ ટેસ્ટીંગથી માંડીને એ જોયું. ડિટેઇલ મેપ ઓફ ધ લોકોશન અને દરિયા કિનારે પોર્ટથી નજીક કયુ છે એ જોવામાં આવ્યું. પીપાવાવ પોર્ટ અને કલ્પસર પ્રોજેક્ટની આખી વિગત લીધી. પછી રિઝર્વ ફોરેસ્ટ છે કે નહિ એ બધું જોવામાં આવ્યું. એટલે આ બધા રિટો કર્યા પછી કેન્દ્ર સરકારની એક સાઇટ સિલેકશન કમિટી હતી એ સાઇટ સિલેકશન કમિટીમાં ચેરમેન ન્યુક્લિઅર પાવર કોરપોરેશન ઓફ ઇન્ડિયાના, મેમ્બર એટોમિક એનર્જી રેગ્યુલેશન બોર્ડ, મેમ્બર મિનિસ્ટ્રી ઓફ એન્વાનર્યમેન્ટ, મેમ્બર સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટી, ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરના એક સભ્ય હતા. ન્યુક્લિઅર એનર્જી ઇન્દિરા ગાંધી સેન્ટર ઓફ એટોમિક રિસર્ચના સભ્ય હતા અને ઓટોમિક મિનરલ ડિરેક્ટર ઓફ એક્સપ્લોઝર રિસર્ચના એક મેમ્બર હતા અને હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ પાવર ગુજરાતના અને મેમ્બર સેક્રેટરી ન્યુક્લિઅર આ લોકોએ તેઓ આ સાઇટ ઉપર અનેકા અનેક વખત ગયા. હું ડિટેઇલ સાથે કહી શકું કે ૩ થી ૪ વાર ગયા એના પછી સભ્યશ્રીઓએ ૬ માંથી એક સાઇટ સિલેક્ટ કરવામાં આવી અને એ સાઇટ સિલેક્ટ કરવામાં આવી (અંતરાય)

સભાપતિશ્રી : આપ બેસો ઇમરાનભાઇ તમારો પ્રશ્ન તમે પૂછ્યો છે તમારો જવાબ શાંતિથી સાંભળો.

શ્રી સૌરભ પટેલ : એક સાઇટ સિલેક્ટ કરીને એ કેન્દ્ર સરકારમાં મોકલવામાં આવી અને કેન્દ્ર સરકારે એ સાઇટ સિલેક્ટ કરી. એટલે આ આખી પ્રોસેસ થયા પછી સાઇટ સિલેકશન થયું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસની સૌને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. Non-conventional energy sources માં આજે દેશભરની અંદર ગુજરાત પ્રથમ ક્રમાંક છે ત્યારે non-conventional energy sources માં કેટલા એમ. ઓ. યુ. થયા? કેટલા એમ. ઓ. યુ. કાર્યરત છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પેસિફિક પ્રશ્ન ન્યુક્લિઅર પાવર કોરપોરેશનનો વિષય છે અને એ એટેમિક એનર્જીનો છે. હું ખાલી એમને એટેમિક એનર્જી વિષે ગુજરાતની અંદર જે કાર્યરત થયા છે એના વિષે વાત કરું તો કાંકરાપારમાં ૪૪૦ મે.વો.નું આપણે ત્યાં અને એમાં ગુજરાતનો શેર ૧૨૫ મે.વો. એ આજની તારીખમાં ગુજરાતની અંદર એક જ ન્યુક્લિઅર પાવર પ્રોજેક્ટ કાર્યરત છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, જે રીતે મંત્રીશ્રીએ જવાબ આપ્યો. આ ચોપડીની અંદર પ્રશ્નોત્તરીમાં આ જ રીતના રાજ્ય સરકાર દ્બારા ૨૦૦૭માં પ્રશ્ન નં. ૬૬માં ૨૦૦૦ મે.વો., પ્રશ્ન નં. ૨૬માં ૧૦૫૦, પ્રશ્ન નં. ૨૩૬માં ૨૦૦૦ એમ ૨૦૦૭ માં જ ૫૫૦ મે. વો. નું ઉત્પાદનના એમ. ઓ. યુ. થયા હતા અને ટોટલી ૨૦,૦૦૦ કરોડના એમ. ઓ. યુ. થયા હતા. એવી રીતે ૨૦૦૯માં ૪ પ્રશ્નો છે જેમાં ૧૬૪૦ મે. વો. નું એમ. ઓ. યુ. થયું અને ૭૬૫૦૦ કરોડનું એમાં મૂડીરોકાણ થયું. માનનીય અધ્યક્ષશ્રી, એમાં મેં સાતે સાત પ્રશ્નના જવાબ વાંચ્યા. મંત્રીશ્રીએ સાતે સાત પ્રશ્નના જવાબમાં એક સરખો જવાબ છે ઇન ધ સેન્સ કે જમીન બાબતમાં ઘણા લોકોએ પ્રોજેક્ટ પડતો મૂકી દીધો. ૨૦૦૭ માં જે એમ. ઓ. યુ. થયા ૫૦૫૦ મે. વો. ના થયા ૨૦,૦૦૦ કરોડનું રોકાણ થયું. એમાંના ૧૧ વર્ષ થયા પછી એક પણ એમ. ઓ. યુ. થયેલો પ્લાન્ટ કાર્યરત થયો નથી તો જે એમ. ઓ. યુ. થયા હતા એ એમ. ઓ. યુ. ખોટા હતા. એ એમ. ઓ. યુ. મૂડીરોકાણના કારણસર જે લોકોએ એમ. ઓ. યુ. કર્યા એના શું કારણો હતા? અને કયા કારણોસર એમ. ઓ. યુ. રદ કરવામાં આવ્યા? કયા કારણોસર ૧૧-૧૧ વર્ષ સુધી આ લોકોને જમીનની બાબતમાં આપવામાં આવ્યું નથી એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું દાખલા તરીકે ન્યૂક્લીયર પાવર કોર્પોરેશનની વાત કરું. આ ન્યૂક્લીયર પાવર કોર્પોરેશને એમ. ઓ. યુ. કર્યું. એમ. ઓ. યુ. કર્યા પછી સાઇટ સિલેકશન આવી, સાઇટ સિલેકશન થઇ ગયા પછી જે ટોટલ રીકવાયરમેન્ટની જગ્યા હતી એ ૭૭૭ હેકટર નકકી કરી. એ ૭૭૭ હેકટરમાં ૩ ગામડાં આવ્યા. એ ૩ ગામડાંની અંદર જાસપરા, માંડવા અને ખાડરપર. આ ૩ ગામડાંની ૫૮૫ હેકટર, ૧૦ હેકટર, ૧૩ હેકટર જમીન સંપાદન કરવાનો વિષય આવ્યો. આ જમીન સંપાદન કરવાનો વિષય આવ્યો એટલે ગામડાંના લોકોએ વિરોધ કર્યો. આપણે સરસ મજાનું એમને એક પેકેજ બનાવીને મૂકયું, રાજય સરકારે પેકેજ પણ એપ્રુવ કર્યું. ન્યુકલીયર પાવર કોર્પોરેશનના બોર્ડમાં એ પેકેજ જાય એ પહેલા કાયદો ૨૦૧૩ ની અંદર બદલાયો અને એ કાયદો બદલાવાને કારણે આખી પ્રોસેસ ફરીથી કરી. બીજું, આ જગ્યા લોકો આપવા તૈયાર નથી આજની તારીખે અને આજે આપણે કહી શકીએ કે આ જગ્યાએ એ લોકો ન આવે એના માટે ઘણા વિરોધો કર્યા છે. દા.ત. હું નામ આપું, શ્રી ચીનુભાઇ વૈદ્ય, શ્રી શરદ મહેતા, ડો. કનુભાઇ કળસરીયા, ઉત્થાનના નફીસા બારોટ, શ્રી અરૂણભાઇ દવે

આવા બધા લોકોએ ખૂબ મોટા પ્રમાણની અંદર વિરોધ કર્યો. ગામડાંની અંદર જઇ અને એ લોકોને ઉશ્કેર્યા અને એના કારણે આજની તારીખમાં પણ ગામવાળા માપણી કરવા દેતા નથી અને બીજું, ઘણીબધી મહેનત કરી છે એવું પણ નથી ન્યૂકલીયર પાવર કોર્પોરેશન, ગુજરાત સરકારે ૬૩ તો મિટિંગો બોલાવી છે. મન્થલી લેન્ડ રીકવીઝેશન મિટિંગો બોલાવી છે ૬૩ એને ફાયદા સમજાવવા માટે સી.એસ.આર. એકટીવીટી ચાલુ કરી. સ્કૂલોથી માંડી, રોડ રસ્તાથી માંડી બધુ ચાલુ કર્યું અને પબ્લીક અવેરનેસ પ્રોગ્રામ કર્યો atom on wheels programmeકર્યો અને ૨૪૦ જગ્યાએ ચાર મહિનાની અંદર પ્રોગ્રામ કર્યો સમજાવવા માટે. નેશનલ ટ્રીબ્યુનલની અંદર શક્તિસિંહ ગોહિલજી એટલે ત્યાંના સરપંચ, ચોખવટ કરવી જરૂરી છે. પાર્ટી એક બાજુ, આપણે વિચાર બાજુ પર મૂકીએ કે થયું, ન થયું પણ આ પાટલી કે તે પાટલી એટલે પોલિટીકલ વીલ નહીં હોય ને તો આ પ્રોજેક્ટ બહુ અઘરો છે એટલે આપણે પહેલા પોલિટીકલ વીલ લાવવા પડે અને એમાં ખાસ કરીને ભાવનગર જિલ્લાના સદસ્યોએ લાવવા પડે. મારે આજે કહેવું નથી પણ પોલિટીકલ વીલ ગઇ સાલ અનેક અમારા પ્રયાસ કર્યા છતાં ત્યાં ભાવનગરની અંદર લોકલ લોકોએ રાજકીય લાભ લેવા માટે આ ગામડાંમાં જઇ અને પ્રોજેક્ટ ન થાય એવો પ્રચાર કર્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીએ વાત કરી અલગ અલગ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા એન.જી.ઓ. એ જે સરકાર, ખોટું થતું હોય, ગરીબ માણસને અન્યાય થતો હોય એના માટે લડત આપતા હોય એના તમે નામોનો ઉલ્લેખ કર્યો છે. આપણે જે વાત કરી મેં જે પ્રશ્ન આપને પૂછયો ૨૦૦૭માં તમારે પહેલા જવાબ આપવો જોઇએ. આખા બધા પ્રશ્નોત્તરીમાં ટોટલી એ છે. તમારા બે પ્રશ્નોમાં એવું છે કે એ લોકોએ રસ ના દાખલ કરતા આ પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવ્યો છે. બીજા એક પ્રશ્નમાં લખ્યું છે કોલ બ્લોકની જગ્યા હોવાને કારણે આ પ્રોજેક્ટ પડતો મૂકવા માટેની ભલામણ કરી છે. (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પહેલા પ્રશ્નના સવાલનો જવાબ માગતા હોય તો હું આપી શકું પરંતુ એ બધાનો ભેગો જવાબ માગે તો ભેગો ખાલી એક સેન્ટેન્સ કહું આપને કે પાવર પ્રોજેક્ટ નાખવો હોય તો એના માટે ૧૦ વસ્તુની જરૂરિયાત જોઇએ. સૌથી મોસ્ટ ઇમ્પોર્ટન્ટ એ ફ્યૂઅલ છે. ફ્યુઅલ કયું કે ગેસ લેવું છે કે કોલ લેવું છે. ગેસ એકવાર લાવે તો ઇમ્પોર્ટ ગેસ કરવો પડે છે. એલએનજી ટર્મીનલ ઉપર ગેસ કરવો પડે અને આજે ગેસના ભાવો બરાબર ન થતા હોય તો એ વ્યક્તિ પ્રોજેક્ટ નાખતા નથી. બીજું, કોલ. કોલની અવેલીબીલીટી ન હોય તો પણ કોલના કારણે માઇન્સ ના મળે. આના કારણે પણ એ લોકો પ્રોજેક્ટ નાખતા નથી. ત્રીજું, બેંકીંગ કલોઝર હોવું જોઇએ. કોઇપણ પ્રોજેક્ટ નાખવો હોય, દસ પંદર હજાર કરોડનો હોય તો બેંકોને એમ લાગવું જોઇએ કે આ પ્રોજેક્ટ વાયેબલ છે અને આ પ્રોજેક્ટ વાયેબલ હોય તો ફાઇનાન્સીયલ કલોઝર આપે છે. અગત્યનું એ નથી, અગત્યનું એ છે કે ગુજરાતની વીજળીની પરિસ્થિતિ એ અગત્યની છે એટલે મહેરબાની કરીને આ પહેલા સવાલ Nuclear Power Corporation એ આખા દેશની અંદર આદરણીય મનમોહનસિંહજીએ જે ૬ કે ૮ પ્રોજેક્ટ નકકી કર્યા હતા એમાં આજની તારીખે એક પણ પ્રોજેક્ટ કાર્યરત થયો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકાર વતી સૌરભભાઇની વાતમાં વધુ સ્પષ્ટતા કરું.(અંતરાય) નહિ, નહિ ભાઇ, શાંતિ રાખો, શાંતિ રાખો. હું છું પણ (અંતરાય) મને પરવાનગી આપી છે.

સભાપતિશ્રી : નાયબ મુખ્યમંત્રીશ્રી તરીકે પૂરક જવાબ આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભાઇ, મને માનનીય અધ્યક્ષશ્રીએ પરવાનગી આપી છે.

સભાપતિશ્રી : નાયબ મુખ્યમંત્રીશ્રી તરીકે જવાબ આપે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શૈલેષભાઇ પછી તમે પૂછજો. અમને કોઇ વાંધો નથી. આપ પૂછો અમે..

સભાપતિશ્રી : શૈલેષભાઇ આપને તક આપી. એમને પણ તક આપો. પ્લીઝ બેસો. પ્લીઝ બેસો (અંતરાય)

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી,

સભાપતિશ્રી : આપ બેસો, મુખ્યમંત્રીશ્રી જવાબ આપે છે.

શ્રી વિજય રૂપાણી : ભાઇ, બધા સાંભળો તો ખરા. સવાલ એટલો છે કે (અંતરાય) ભાઇ સાંભળો તો ખરા? આ એમ. ઓ. યુ. સેન્ટ્રલ ગવર્નમેન્ટ સાથેના એમ. ઓ. યુ. છે. એટલે મનમોહનસિંહની સરકાર વખતે એમ. ઓ. યુ. થયા છે. એટલે નામનો ઉલ્લેખ કર્યો છે. આ એમ. ઓ. યુ. (અંતરાય) સાંભળો. મારી વાત સાંભળો. પુંજાભાઇ આ સેન્ટ્રલ..

સભાપતિશ્રી : પુંજાભાઇ બેસો. શાંતિ રાખો. તમને તક આપવામાં આવશે.(અંતરાય) સૌ બેસો.

શ્રી વિજય રૂપાણી : પુંજાભાઇ સાંભળો તો ખરા.

સભાપતિશ્રી : તમને તક આપું એટલે બોલજો.

શ્રી વિજય રૂપાણી : આ એમ. ઓ. યુ. આ પ્રશ્ન ન્યુક્લિયર પાવર (અંતરાય) સાંભળો તો ખરા.

સભાપતિશ્રી : પુંજાભાઇ સાંભળો.

શ્રી વિજય રૂપાણી : આ પ્રશ્ન ન્યુક્લિયર પાવરનો પ્રશ્ન છે. એટેનેમિક પાવર સ્ટેશન ઊભું કરવાનો છે. (અંતરાય) ૧૧ વર્ષ નહિ, હજી નથી થવાનું. સાંભળો તો ખરા. એનું કારણ એ છે કે આ કોઇ ન્યુક્લિયર પાવર કોર્પોરેશન સિવાય નાખી જ ન શકે. સાંભળો તો ખરા. આ પાવર કોર્પોરેશન સાથે જ એગ્રીમેન્ટ થાય. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન સાથે જ એગ્રીમેન્ટ થયા છે. સેન્ટ્રલ ગવર્નમેન્ટ સાથેની વાત આવે છે, એટલે મનમોહનસિંહની વાત આવી. હું પૂરું કરી લઉં. હવે સવાલ એ આવે છે કે જાપાનમાં સુનામી થઇ. એને કારણે ન્યુક્લિયર પાવર લીક થયો અને ઘણા બધા પ્રોબ્લેમ થયા. આ વાતાવરણના કારણે ભારતભરમાં ૬ જગ્યાએ ન્યુક્લિયર પાવર નાખવાની વાત આવી. ત્યારે હું સંસદમાં હતો. અમેરિકા સાથે મનમોહનસિંહે કરાર

કર્યા અને ન્યુક્લિયર પાવર નાખવાનો એગ્રીમેન્ટ કર્યો. એના આધાર ઉપર ૬ જગ્યાએ નાખવાના હતા. એમ. ઓ. યુ. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઈન્ડિયા સાથે કર્યા હતા. પછી સુનામીના કારણે જે સમસ્યા થઇ. વાતાવરણ એવું બન્યું કે આપણી આજુબાજુ આ પાવર સ્ટેશન સ્થાપવા ન દેવાય. કાલ સવારે દરિયા કિનારે સુનામી આવે તો લોકો એનાથી ગભરાઇ જાય. આંદોલન ચગ્યા. જમીન એક્વાયર ન થઇ. આખી યોજના પડતી મૂકાઇ ગઇ છે. આ આજની તારીખે થવાના નથી. આ વાસ્તવિકતા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીનો પ્રશ્ન સ્વયં સ્પષ્ટ હતો. આજની તારાંકિત પ્રશ્નોત્તરીમાં વિવિધ ક્રમે ૯ જેટલા પ્રશ્નો વાયબ્રન્ટ મહોત્સવ અંતર્ગત વીજ ઉત્પાદન કરવા સરકારી એકમો, ખાનગી એકમોએ કેટલા લાખ– કરોડોના રોકાણ સાથેના કુલ કેટલા એમ. ઓ. યુ. કર્યા? આજે વાયબ્રન્ટ ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭ માં થયા એમાં આ ૨૦૦૩માં, ૨૦૦૫માં, ૨૦૦૭માં, ૨૦૦૯માં જેના કરાર થયા હોય એ કામો તો જમીન ઉપર ઉતરવાં જોઇતાં હતાં. એટલે આપના મારફત મંત્રીશ્રી પાસેથી ગુજરાત જાણવા માગે છે કે તમે વાયબ્રન્ટ ૨૦૦૭ માં પાવર ઉત્પાદન, વીજળી ઉત્પાદન કરવા માટે આ પ્રશ્ન છે એ ન્યુક્લિયર પાવર કોર્પોરેશનનો છે. તત્કાલીન ભારત સરકારે ગુજરાતની અંદર વીજળીનું ઉત્પાદન વધારવા માટે ગુજરાતને ઊર્જાવાન બનાવવા માટે આ પ્રોજેક્ટ સામે ચાલીને આપ્યો હતો. પણ રાજય સરકાર જમીન સંપાદનને કારણે એટલે રાજય સરકાર તેને જમીન ફાળવવામાં નિષ્ફળ ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, બાકીના જે સાત પ્રશ્નો છે તેમાં પણ કેટલીક ખાનગી કંપનીઓ સાથે આપે એમ. ઓ. યુ. કર્યા છે. આખી બૂક મેં વાંચી છે. એકપણ ખાનગી કંપની હોય કે સરકારી કંપની તે હજુ સુધી આજે આઠ–દસ વર્ષ પછી પણ તે પ્રોજેક્ટનું અમલીકરણ કરી શકી નથી. આજે કાગળ ઉપર જ બધા એમ. ઓ. યુ. પડ્યા છે. આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૦૭માં ભારત સરકાર, રાજય સરકાર અને તેના સાહસો અને ખાનગી ઉત્પાદક કંપનીઓ ગુજરાતની અંદર વીજળી ઉત્પન્ન કરવા માટે, પાવર સ્ટેશન નાખવા માટે કુલ કેટલા લાખ કરોડ રૂપિયાના ખર્ચે, કુલ કેટલી કંપનીઓએ એમ. ઓ. યુ. કર્યા હતા. કેટલા એમ. ઓ. યુ. કર્યા હતા. કેટલા લાખ કરોડ રૂપિયાના રોકાણ માટેનું અન્ડરસ્ટેન્ડીંગ કર્યુ હતું. તે પૈકી આવા કેટલા એમ. ઓ. યુ. હજું કાગળ ઉપર છે. આખી બૂકના નવ પ્રશ્નોમાંથી એકપણ પ્રશ્નમાં ખાનગી કંપનીઓએ એમ. ઓ. યુ. કર્યા તેને સરકારની જમીનો પૂરી પાડવામાં આવી છે પણ પાવર ઉત્પાદન કરી શકયા નથી. સરકારની કંપનીએ જયારે ઇચ્છા વ્યક્ત કરી તો તેમાં કેન્દ્ર સરકારને દોષિત ઠરાવે છે. કેન્દ્ર સરકારે તો ગુજરાતમાં ઉર્જાવાન બનાવવા માટે...

સભાપતિશ્રીઃ આપનો પ્રશ્ન પૂછો. સમય જાય છે. પંદર મિનિટ થઇ ગઇ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી સ્પષ્ટપણે જાણવા માગુ છું કે, વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૦૭ અંતર્ગત ગુજરાતની અંદર વીજળી ઉત્પાદન કરવા માટે કેન્દ્ર સરકાર, રાજય સરકાર, તેના સાહસો અને ખાનગી કંપનીઓએ કેટલા લાખ કરોડના રોકાણે કેટલી વીજળી ઉત્પાદન કરવા માટેના એમ. ઓ. યુ. કર્યા હતા અને તે પૈકી...

સભાપતિશ્રી : આની અલગ ચર્ચા રાખવી પડે તેવો વિષય છે. અત્યારે તમારા પ્રશ્નનો જવાબ મુખ્યમંત્રીશ્રી આપે છે.

શ્રી વિજય રૂપાણી :માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર ન્યુક્લિયર પાવર કોર્પોરેશન સાથેનો છે. આ બધા પ્રશ્નનો કોઇ અર્થ નથી. તેના માટે અલગ નોટીસ આપવી પડે તો અલગ જવાબ મળશે.

સભાપતિશ્રીઃ આ પ્રશ્નને લગતો જ જવાબ માગો. પ્રશ્નની મર્યાદામાં રહીને પૂછો.

શ્રી વિજય રૂપાણી :માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપું છું. અત્યારે પ્રશ્ન બહુ સ્પષ્ટ છે. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન સાથે ભાવનગરમાં ૬૦૦૦ મે.વો. સ્થાપિત વીજ ક્ષમતાના પાવર પ્લાન્ટ માટે અંદાજીત મૂડી રોકાણ રૂપિયા ૫૦,૦૦૦ કરોડના એમ. ઓ. યુ. થયેલા હતા તે હકીકત સાચી છે? તેનો જવાબ અમારે આપવાનો છે. આ પ્રશ્નો માટે અલગ નોટીસ આપવી પડે. પાવર સ્ટેશનમાં કોલ પાવર, ગેસ પાવર આ બધા પાવર સ્ટેશનોના એમ. ઓ. યુ. થયા છે અને કામ ચાલે છે. તેનો જવાબ અત્યારે આવશ્યક નથી પણ ન્યુક્લિયર પાવરમાં મેં કહ્યું તેમ માત્ર ગુજરાત નહીં પણ અમેરિકા સાથે જે કરાર કર્યા હતા તેના માટે ભારતભરમાં છ જગ્યાએ ન્યુક્લિયર પાવર માટે સ્ટેશન ઉભા કરવાના હતા. તેમાં ગુજરાતનું પણ એક હતું. સુનામીના કારણે ભારતમાં આ છ એ છ જગ્યાએ પાવર સ્ટેશન ઉભા થયા નહીં. સુનામી પછી આ વસ્તુ થઇ શકી નથી અને અત્યારે થવાની પણ નથી.

સભાપતિશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ ૫. તમે પ્રશ્નમાં ભાષણ કરો છો. તમે મર્યાદામાં રહીને સ્પષ્ટ પ્રશ્ન પૂછો. એ ચિંતા તમે ન કરો. તમે બેસો. માઇકની ચિંતા તમે શું કામ કરો છો, હું અહીંયાં બેઠી છું. તમે લોકો સૂચના નહીં આપો. તમારે કોઇએ સૂચના નથી આપવાની. અમે સૂચના આપીશું. જરાય નહીં, બિલકુલ ડીસ્ટર્બ ન કરો. માઇકની સૂચના અમે આપીશું એ તમારો વિષય નથી. (અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી આ રીતે આદેશ ન આપી શકે. આપને સૂચના આપવાનો અધિકાર છે.

સભાપતિશ્રીઃ આપના સભ્યશ્રીઓને કહો કે પહેલાં બેસી જાય. દંડકશ્રી આપ બધાને બેસાડી દો. આપ સૌ બેસો. આપ બધા બેસો. બેસો હવે વચ્ચે કોઇ ના બોલે. બધા બેસો.

## તા. ૮મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય ઉર્જામંત્રીશ્રીને હું પુછવા માગું છું કે, જે કંપનીઓએ સામેથી ચાલીને ગુજરાત સરકાર સાથે વાયબ્રન્ટ–૭ માં એમ. ઓ. યુ. કર્યા હતા, (અંતરાય) આ વાયબ્રન્ટ મહોત્સવ છે, ઉર્જાનો પ્રશ્ન પુછું છું..

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ આની અંદર માત્ર ભાવનગર જિલ્લાના પાવર પ્રોજેકટની વાત છે આપ એની મર્યાદામાં રહીને પ્રશ્ન પુછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે ઉર્જામંત્રીશ્રીને હું પુછવા માગું છું કે, ભારત સરકારે આ પ્રોજેકટ સામેથી ગુજરાતને આપ્યો હતો કે જેથી કરીને ગુજરાતમાં ઉર્જાનું ઉત્પાદન વધે તો મારી જાણ મુજબ આપણે એમને જમીન ફાળવી શક્યા નથી, એ જમીન નહિ ફાળવવાનું કારણ સરકારે હમણાં જમીન સંપાદન કાયદામાં ફેરફાર કર્યો . (અંતરાય)

સભાપતિશ્રી : પરેશભાઇ, પ્રજાનો અવાજ સર્વોપરી છે, ૬૪ મિટિંગો સરકારે કરી છે અને જવાબમાં સૌરભભાઇએ બધી વાત કરી દીધી છે આપ બેસી જાઓ.

### અમદાવાદ સિવિલ હોસ્પિટલનાં ટ્રોમા સેન્ટરમાં સારવારની સુવિધા

* ૩૬૪૬ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નવા ટ્રોમા સેન્ટરને ચાલુ ક્યારે કરવામાં આવ્યું, અને

(૨) તેનાથી દર્દીઓની સારવારની સેવાઓમાં શું વધારો થશે ?

**જવાબ**

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નવા ટ્રોમા સેન્ટરને તા.૨૨–૧૨–૨૦૧૫ના રોજ ચાલુ કરવામાં આવેલ છે.

(૨) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નવા ટ્રોમા સેન્ટરમાં કેજ્યુઅલ્ટી રીસેપ્શન રજીસ્ટ્રેશન અને ટ્રાઈએજ અને ફાસ્ટ ટ્રેક એરીયાની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે. જેનાથી માસ કેજ્યુઅલટી મેનેજમેન્ટ વખત તેમજ નેચરલ ડીઝાસ્ટર વખતે પણ વધારે દર્દીઓના ધસારાને ખુબ જ સરળતાથી પદ્ધતિસરની ખુબ જ ઝડપી સારવાર મળે તે રીતની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.

| ક્રમ | સેવાઓમાં થયેલ વધારો | જુનુ ટ્રોમા સેન્ટર | નવું ટ્રોમા સેન્ટર |
|---|---|---|---|
| ૧ | તાત્કાલિક સારવાર પથારીની સંખ્યા | ૨૩ | ૬૦ |
| ૨ | આઈ.સી.યુ.ની પથારીની સંખ્યા | ૩૧ | ૬૦ |
| ૩ | પીડિયાટ્રીક આઈ.સી.યુ (બાળકો માટે) પથારીની સંખ્યા | ૦૬ | ૧૨ |
| ૪ | વેન્ટીલેટરની સંખ્યા | ૫૨ | ૮૮ |

- જરૂરીયાતમંદ દર્દીઓને ડાયાલીસીસ સારવાર નવા ટ્રોમામાં મળી રહે તે માટે હીમોડાયાલીસીસ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે.
- ટેલી રેડિયોલોજીની અદ્યતન સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ૨૪ કલાક પ્રધાનમંત્રીશ્રી દીનદયાળ જન ઔષધી સ્ટોર કાર્યરત છે, જેમાં જેનરીક દવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- લેબોરેટરી વિભાગ તાત્કાલિક સારવારમાં જરૂર પડતા તમામ ટેસ્ટની અદ્યતન સેવાઓ ઉપલબ્ધ કરાવેલ છે.
- રેડિયોલોજી એક્સ–રે સેવાઓ ઉપલબ્ધ કરાવેલ છે.

- રાઉન્ડ ધ ક્લોક ઈ.સી.જી. અને ફાર્મસીની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- ટ્રોમા સેન્ટર ખાતે સેન્ટ્રલ સ્ટરાઈલ સ્પ્લાય વિભાગ પ્લાઝમા સ્ટરીલાઈઝર, ઈ.ટી.ઓ. અને સ્ટીમ સ્ટરીલાઈઝર જેવા અદ્યતન ઉપકરણો ઉપલબ્ધ કરાવેલ છે.
- ટ્રોમા સેન્ટર ખાતે મેડીકો લીગલ કેસીસ માટે પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવેલ છે.
- ટ્રોમા સેન્ટર ખાતે સર્વિસ એરીયામાં અદ્યતન મેડીકલ રેકર્ડ વિભાગ અને આઈ.ટી. સેલ કાર્યરત કરવામાં આવેલ છે.
- માઈનોર ઓપરેશન થીએટરની (જેમાં નાના ઓપરેશન તેમજ પ્રોસીજર કરવામાં આવેલ છે.) ઇમરજન્સી સર્જીકલ ઓટી અને ઇમરજન્સી ઓર્થોપેડીક ઓટીની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- ટ્રોમા સેન્ટરમાં દર્દીઓના કાઉન્સેલીંગ માટે કાઉન્સેલર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- ટ્રોમા સેન્ટરમાં હેલીપેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા અસારવા વિસ્તારમાં એટલે કે અમદાવાદમાં આવેલ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણી અમદાવાદની સિવિલ હોસ્પિટલ જે રાજ્ય સરકાર હસ્તક કાર્યરત છે એ આપણા આખા દેશની મોટામાં મોટી જાહેર સેવા આપતી સરકારી હોસ્પિટલ છે અનેક સેવાઓ આપણે ત્યાં આપવામાં આવે છે. સ્પેશ્યાલિસ્ટ અને સુપર સ્પેશ્યાલિસ્ટ રાખીને સારવાર આપીએ છીએ. એમાં ઉમેરો કરવા માટે અમે આધુનિક, વિશાળ નવું ટ્રોમા સેન્ટર જે કાર્યરત કર્યું છે કે એકલું અમદાવાદ કે ગુજરાત નહિ, આજુબાજુના રાજસ્થાન, મધ્યપ્રદેશ કે મહારાષ્ટ્રમાંથી પણ જે દર્દીઓ આધુનિક સારવાર માટે અહીંયા આવે એમને આપણે ટ્રોમા સેન્ટરમાં તાત્કાલિક સારવાર આપીએ છીએ અને માનનીય પ્રદીપભાઇએ જે પ્રશ્ન પુછ્યો છે એ પ્રમાણે ૨૦૧૬માં આ ટ્રોમા સેન્ટરની અંદર ૨,૬૬,૫૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી છે અને ૨૦૧૭માં ૨,૬૯,૫૦૦ જેટલા દર્દીઓને આ ટ્રોમા સેન્ટરમાં વિવિધ પ્રકારની ઓપરેશનો સહિતની સારવાર આપવામાં આવી છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં આવેલ આ અદ્યતન ટ્રોમા સેન્ટરમાં જે દર્દીઓની સેવા કરવામાં આવે છે એમાં માસ કેજ્યુલિટી હોય કે નેચરલ ડિઝાસ્ટર હોય ત્યારે વિવિધ પ્રકારના કેસો એમાં આવતા હોય છે, ક્યાંક એકસીડન્ટ હોય છે, ક્યાંક બર્ન્સ હોય છે ક્યાંક ઇલેક્ટ્રીકલ ડિઝાસ્ટર હોય છે, પોઇઝનીંગ હોય છે આવા એકસીડેન્ટવાળા કેસો જે આવે છે એના ટાઇપ ઓફ કેસીસની સંખ્યા માનનીય મંત્રીશ્રી જણાવશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેસીસની સંખ્યા હું આપું છું માનનીય રાકેશભાઇને પણ આ ટ્રોમા સેન્ટરમાં અગાઉ સિવિલ હોસ્પિટલમાં આપણી પાસે ૨૩ પથારી હતી તાત્કાલિક અરજન્ટ સારવાર માટે આ નવું ટ્રોમા સેન્ટર થયું એમાં ૬૦ થઇ છે આઇ.સી.યુ. જે અગાઉ ૩૧ હતા એ વધીને ૬૦ થયા છે, પીડીયાટ્રીક નાના બાળકો, જે પ્રસૂતિ સમયે કોઇ બિમારી હોય એમને અગાઉ સારવાર આપવા માટે ફક્ત ૬ પથારી હતી એ વધારીને ૧૨ કરી છે અને વેન્ટીલેટર, જે દર્દીઓને ખૂબ ઉપકારક સિસ્ટમથી જીવન આપે છે એ અગાઉ ૫૨ (બાવન) હતા એ ટ્રોમા સેન્ટરમાં વધારીને ૮૮ કર્યા છે અને ઓપરેશન થિયેટર આપણે આધુનિક પ્રકારના ત્યાં ઉપલબ્ધ કરાવ્યા છે એ ૪ ઓપરેશન થિયેટર ત્યાં ઉપલબ્ધ કરાવ્યા છે અને અહીંયા માનનીય રાકેશભાઇએ પુછ્યું એમાં એકસીડેન્ટના જે કેસ આવ્યા કોઇપણ જગ્યાએથી એવા ૬૬૨૫ ઇજાગ્રસ્તોને સારવાર આપી છે, દાઝી જવાના જે કેસો હોય, કોઇ આગ લાગી હોય અને દાઝી ગયા હોય એવા ૫૯૯ કેસો આવ્યા એમને પણ સારવાર આપવામાં આવી છે.

સભાપતિશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

તા. ૮મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

રાજ્યમાં ટ્રેક્ટર, ટ્રેક્ટરની ટ્રોલી અને ટ્રેક્ટરના ટાયર પરનો વેરો

* ૪૪૬૦ શ્રી સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ટ્રેક્ટર, ટ્રેક્ટરની ટ્રોલી અને ટ્રેક્ટરના ટાયરો ઉપર કેટલા ટકા વેરો લેવામાં આવે છે,

Hb-796-1 (૨) ઉક્ત વેરા પેટે રાજ્ય સરકારને છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ, અને

(૩) ઉક્ત વેરો નાબુદ કરવાની વિચારણા કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨) (રકમ રૂ. કરોડમાં)

| ૨૦૧૬–૧૭ | તા.૧–૪–૧૭ થી તા.૩૦–૬–૨૦૧૭ (વેટ) | તા.૧–૭–૧૭ થી તા.૩૧–૧–૨૦૧૮ (જીએસટી) |
|---|---|---|
| ૧૧૫.૮૪ | ૩૭.૪૪ | ૪૧.૮૩ |

(૩) જીએસટી હેઠળની ચીજો પર વેરો નાબૂદ કરવાની કે ઘટાડો કરવાની સત્તા જીએસટી કાઉંસિલ હસ્તક છે. કાઉંસીલની મંજૂરી વગર રાજ્ય સરકાર વેરામાં વધારો–ઘટાડો કે નાબુદી કરી શકે નહીં.

પત્રક

| | |
|---|---|
| (૧) ટ્રેક્ટર | (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ૧૮૦૦ સીસીથી વધુ એન્જીન ક્ષમતા ધરાવતા સેમી ટ્રેલર્સ માટેના રોડ ટ્રેક્ટર્સ સિવાયના ટ્રેક્ટર પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૬% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૬% મળીને કુલ ૧૨% વેરો લેવામાં આવે છે.<br>(૨) ૧૮૦૦ સીસીથી વધુ એન્જીન ક્ષમતા ધરાવતા સેમી ટ્રેલર્સ માટેના રોડ ટ્રેક્ટર્સ પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૧૪% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૧૪% મળીને કુલ ૨૮% વેરો લેવામાં આવે છે. |
| (૨) ટ્રેલર | (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ખેતીવિષયક હેતુઓ માટેના સેલ્ફ લોડીંગ અથવા સેલ્ફ અનલોડીંગ ટ્રેલર પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૬% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૬% મળીને કુલ ૧૨% વેરો લેવામાં આવે છે.<br>(૨) ખેતીવિષયક હેતુ માટેના સેલ્ફ લોડીંગ અથવા સેલ્ફ અનલોડીંગ ટ્રેલર સિવાયના ટ્રેલર અને સેમી ટ્રેલર પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૧૪% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૧૪% મળીને કુલ ૨૮% વેરો લેવામાં આવે છે. |
| (૩) ટ્રેક્ટરના ટાયરો | તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ટ્રેક્ટરના ટાયર પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ તથા નોટીફીકેશન નં.૧૯/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૯% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૯% મળીને કુલ ૧૮% વેરો લેવામાં આવે છે. |

---------

અમદાવાદ શહેરી વિસ્તારમાં પાણી જન્ય રોગના કેસો

* ૪૫૭૯ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરી વિસ્તારમાં પાણી જન્ય રોગના કેટલા કેસો નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| રોગનું નામ | નોંધાયેલ કેસોની સંખ્યા |
|---|---|
| ઝાડા–ઉલટી | ૯૨૧૩ |
| કમળો | ૨૩૭૬ |

| | |
|---|---|
| ટાઈફોઈડ | ૨૮૦૭ |
| કોલેરા | ૮૮ |

(૨) સરકાર દ્વારા આ રોગના અટકાયત માટે કયા પગલાં ભરવામાં આવેલ છે, અને | (૨) પત્રક–૧ મુજબ

(૩) તે પૈકી કોલેરાના કેટલા કેસો નોંધાયેલ છે ? | (૩) ૮૮

પત્રક–૧

- અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પાણી જન્ય રોગચાળાના નિયંત્રણ અર્થે અસરગ્રસ્ત વિસ્તારમાં મેડીકલ ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અંગેની કામગીરી કરવામાં આવે છે.
- સદરહુ વિસ્તારમાં પાઇપ લાઇન લીકેજીસ શોધી તેના રીપેરીંગ માટે એન્જીનીયરીંગ વિભાગને જાણ કરી તે અંગેની કામગીરી કરાવવામાં આવે છે.
- દરેક ઝોનમાં વોર્ડ વાઇઝ રોગ નિયંત્રણના ભાગ રૂપે પાણીની ક્લોરીનની માત્રા તપાસવા માટે રેસીડ્યુઅલ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવે છે અને ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવે છે.
- અમદાવાદ મહાનગરપાલિકામાં સેન્ટ્રલ લેબોરેટરી વિભાગ દ્વારા પાણીની ગુણવત્તા તપાસવા માટે પાણીના સેમ્પલ લઈ પૃથ્થકરણ અર્થે મોકલી આપવામાં આવે છે.
- અસરગ્રસ્ત વિસ્તારમાં હોટલ ચેકિંગ દરમ્યાન સડી ગયેલા તેમજ બિન આરોગ્ય ખાદ્ય પદાર્થો જેવા કે વાસી ખોરાક, ફળો, શાકભાજી વિગેરેનો નાશ કરવામાં આવે છે.
- અમદાવાદ મહાનગરપાલિકાના કામદારો દ્વારા જે તે વોર્ડ વિસ્તારમાં સફાઈ અંગેની કામગીરી/જંતુનાશક દવાનો છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે.
- સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા શાળા, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ, હોટેલોમાં અને અન્ય સ્થળોમાં દુષિત ગંદકી, બિન આરોગ્ય ખાદ્ય પદાર્થ અંગે પાણીની ટાંકીની સફાઈ તેમજ સ્વચ્છતા અંગે નોટીસ આપવામાં આવે છે.
- બોમ્બે પ્રોવેન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ હેઠળ વોર્ડના સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા પાણીજન્ય રોગચાળા અટકાયતી પગલાના ભાગરૂપે યોગ્ય કામગીરી ન કરતા ઈસમો સામે બી.પી.એમ.સી. એક્ટ મુજબ ઈસમો સામે નોટીસ આપવામાં આવેલ છે.
- હેલ્થ સૅનિટેશન મોબાઈલ કોર્ટ દ્વારા જે તે સ્થળ ઉપર નોટીસ આપવામાં આવે છે. તેમજ આવેલ ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે છે અને વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવે છે.
  પાણીજન્ય રોગચાળા અંગે લોકોમાં જનજાગૃતિ આવે તે માટે આરોગ્ય પત્રિકાઓનું વિતરણ કરવામાં આવે છે.
- અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જે તે વિસ્તારમાં મેડીકલ મોબાઈલ વાન દ્વારા સ્થળ ઉપર ઓ.પી.ડી. ચલાવવામાં આવે છે અને પ્રાથમિક તબીબી સારવાર આપવામાં આવે છે.

---------

### દાહોદ જિલ્લાની કડાણા જળાશય અધારીત ઉદવહન સિંચાઈ યોજના

* ૩૬૫૬ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કડાણા જળાશય આધારીત દાહોદ જીલ્લા માટેની ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી કયા તબક્કે છે, | (૧) કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) સદર કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થનાર છે, | (૨) જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં. |
| (૩) કેટલા હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળનાર છે, અને | (૩) ૧૦,૦૦૦ હેક્ટર. |
| (૪) તેનાથી કેટલા ડેમ/તળાવો ભરવામાં આવનાર છે? | (૪) ૦૫(પાંચ) ડેમ અને ૫૪(ચોપન) તળાવો. |

---------

### અમરેલી જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૦૫૫ શ્રી વિરજીભાઈ ઠુમ્મર (લાઠી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં વર્ષ–૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો મળવા પાત્ર

(૧)

| ક્રમ | આરોગ્ય કેન્દ્રની વિગત | મળવાપાત્ર | મંજુર | વધ/ઘટ |
|---|---|---|---|---|

છે, તેની સામે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા છે ? અને કેટલી ઘટ છે, અને

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પ્રા.આ.કેન્દ્રો | ૩૮ | ૪૧ | ૩ વધારે |
| ૨ | સા.આ.કેન્દ્રો | ૦૯ | ૧૨ | ૩ વધારે |

(૨) ઉક્ત ઘટ પૂરી કરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ખેડા જીલ્લામાં કાર્યરત નવા વીજ સબ-સ્ટેશન

* ૩૭૦૦ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૦(દસ) નવા વીજ સબસ્ટેશનનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કુલ રૂ. ૬૭૯૨.૬૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

રાજ્યમાં સ્કુલ હેલ્થ પ્રોગ્રામ હેઠળ બાળકોને સારવાર

* ૨૦૩૬ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની ગંભીર બિમારીઓના સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત ખરી છે,

(૨) જો હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં થેલેસેમિયા પિડીત કેટલા બાળકોના ઓપરેશન અને સારવાર પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કિસ્સામાં થેલેસેમીયા પિડીત બાળકોનો બોનમેરો ટ્રાન્સપ્લાન્ટનાં ઓપરેશનનો ખર્ચ નામંજૂર કરવામાં આવ્યો ?

જવાબ

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં થેલેસેમિયા પિડીત કુલ-૧૦(દસ) બાળકોના ઓપરેશન અને સારવાર પાછળ કુલ રૂ. ૯૪,૦૨,૫૧૬ (ચોરાણુ લાખ બે હજાર પાંચસો સોળ રૂપિયા) ખર્ચ થયો.

(૩) ઉક્ત સ્થિતિએ એક પણ કિસ્સામાં થેલેસેમીયા પિડીત બાળકોનો બોનમેરો ટ્રાન્સપ્લાન્ટનાં ઓપરેશનનો ખર્ચ નામંજૂર કરવામાં આવ્યો નથી.

---------

બનાસકાંઠા અને ડાંગ જીલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૪૪૬૯ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામના તળાવો ઉંડા કરવામાં આવ્યા.

જવાબ

(૧)

| બનાસકાંઠા જીલ્લો | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકો | ગામોની સંખ્યા | ઉંડા કરેલ તળાવોની સંખ્યા |
| ૧ | ડીસા | ૧૫ | ૧૭ |
| ૨ | દિયોદર | ૧૩ | ૧૩ |
| ૩ | સૂઈગામ | ૯ | ૧૦ |
| ૪ | કાંકરેજ | ૯ | ૧૧ |
| ૫ | ધાનેરા | ૨ | ૨ |
| ૬ | ભાભર | ૨ | ૨ |
| ૭ | લાખણી | ૧ | ૧ |
| ૮ | વાવ | ૩ | ૩ |

| | | | |
|---|---|---|---|
| ૯ | પાલનપુર | ૧૦ | ૧૦ |
| ૧૦ | અમીરગઢ | ૧ | ૧ |
| ૧૧ | દાંતા | ૧ | ૧ |
| ૧૨ | વડગામ | ૪ | ૪ |
| ૧૩ | દાંતીવાડા | ૩ | ૩ |
| | કુલ | ૭૩ | ૭૮ |

- ડાંગ જીલ્લામાં કોઈ તળાવ ઉંડુ કરવામાં આવેલ ન થી.

(૨) ઉક્ત તળાવો ઉંડા કરવા પાછળ જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) નીચે મુજબ જિલ્લાવાર ખર્ચ થયેલ છે.
બનાસકાંઠા જિલ્લો–રૂ. ૪,૫૦,૫૮,૦૦૦/–
ડાંગ જિલ્લો– રૂ. ૦.૦૦

(૩) કેટલી એજન્સીએ તળાવો ઉંડા કરવાની કામગીરી કરેલ અને તે પેટે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ?

(૩) બનાસકાંઠા જિલ્લો–૪૩ એજન્સીઓ, ડાંગ જિલ્લો– ૦ એજન્સી

| અનુ | એજન્સીનું નામ | ચુકવેલ રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|
| | બનાસકાંઠા જિલ્લો–૪૩ એજન્સીઓ | |
| ૧ | અંબર કન્સ્ટ્રકશન ઝેરડા | ૪૮.૧૯ |
| ૨ | ગિરીશ એલ. પટેલ પાલનપુર | ૦.૮૫ |
| ૩ | ઠક્કર ભદ્રેશ એલ. એગોલા | ૧૧.૩૬ |
| ૪ | ડી.સી.પટેલ મેગાળ | ૨૪.૧૨ |
| ૫ | દિલાવરખાન કે. પરમાર ધાણધા | ૩.૮૧ |
| ૬ | નવજીવન કન્સ્ટ્રકશન પીંપળી | ૩૯.૫૦ |
| ૭ | પ્રભુ એન્ટરપ્રાઈઝ હરિગઢ | ૧.૩૫ |
| ૮ | વિરપતસિંહ એમ. રાજપૂત તરખડિયા | ૩.૬૧ |
| ૯ | શિવમ એન્જિનીયર્સ કહોડા | ૫.૭૨ |
| ૧૦ | શિવમ એન્ટરપ્રાઈઝ કહોડા | ૬.૬૮ |
| ૧૧ | શિવશક્તિ કન્સ્ટ્રકશન થલવાડા | ૧૪.૬૫ |
| ૧૨ | શ્રી મહાલક્ષ્મી કન્સ્ટ્રકશન ઝેરડા | ૧૧.૭૩ |
| ૧૩ | શીવાભાઈ પુરાભાઈ પટેલ | ૪.૫૭ |
| ૧૪ | નવીન કન્સ્ટ્રકશન | ૪.૭૮ |
| ૧૫ | પી.એલ.રબારી | ૪.૪ |
| ૧૬ | જય રામદેવ કન્સ્ટ્રકશન | ૬.૫ |
| ૧૭ | એન.આઈ.પટેલ | ૪.૯૮ |
| ૧૮ | જગદીશભાઈ એમ.રાવલ | ૬.૪૮ |
| ૧૯ | રવિ કન્સ્ટ્રકશન | ૪.૦૯ |
| ૨૦ | નવરંગ કન્સ્ટ્રકશન | ૨૮.૭૯ |
| ૨૧ | કનુભાઈ આર.પરમાર | ૩.૯૫ |
| ૨૨ | એલ.કે.પટેલ | ૨૭.૩૧ |
| ૨૩ | બી.એમ.બી. અર્થમુવર્સ | ૪.૧૮ |
| ૨૪ | એ.આર.પટેલ કોઠીગામ | ૬.૬૯ |
| ૨૫ | ઢેંગાભાઈ મહાદેવભાઈ રાજપુત | ૬.૦૫ |
| ૨૬ | આર.ડી.પટેલ સૂઈગામ | ૧૩.૬૦ |
| ૨૭ | દિનેશચન્દ્ર આર.પંડ્યા | ૬.૬૬ |
| ૨૮ | પટેલ રવજીભાઈ ખેમાભાઈ | ૬.૬૭ |

| | | |
|---|---|---|
| ૨૯ | શરદ કન્સ્ટ્રકશન | ૧૩.૩૯ |
| ૩૦ | ભગાભાઈ જી. ચૌધરી | ૬.૭૧ |
| ૩૧ | રામેશ્વર કન્સ્ટ્રકશન | ૬.૬૯ |
| ૩૨ | દિનેશભાઈ કાળુભાઈ ભાંડવા | ૬.૨૩ |
| ૩૩ | પ્રગતિ કન્સ્ટ્રકશન | ૬.૮૩ |
| ૩૪ | ફલજીભાઈ સરદારભાઈ ઉપલાણા | ૩.૯૭ |
| ૩૫ | રમેશકુમાર વી. પટેલ | ૯.૩૭ |
| ૩૬ | જય જશનાથ કન્સ્ટ્રકશન કં. | ૧૧.૪૬ |
| ૩૭ | સંદિપકુમાર વી. દવે | ૬.૮૬ |
| ૩૮ | રાખશીયા ડેવલોપર્સ | ૬.૮૪ |
| ૩૯ | વિકાસ ઈલેક્ટ્રીકલ | ૬.૮ |
| ૪૦ | ભવાની કન્સ્ટ્રકશન | ૧૩.૫૯ |
| ૪૧ | નરેશ આઈ. પટેલ | ૨૦.૪ |
| ૪૨ | ડી.સી.પટેલ એન્ડ કં. | ૬.૬૮ |
| ૪૩ | શ્રી મહાલક્ષ્મી કું. | ૧૩.૪૯ |

---------

તિથોર ખાતે મહી નદી ઉપર આડબંધ બાંધવા મળેલ સૈદ્ધાંતિક મંજુરી

* ૨૪૨૮ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તિથોર, તા.પાદરા જિ. વડોદરા ખાતે મહી નદી ઉપર આડબંધ બાંધવા સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મહી નદીમાં દરિયાની ભરતીના કારણે કિનારાના ગામોની જમીનમાં વધતી ખારાશ અટકાવવા ઉક્ત સ્થિતિએ સરકારનું શું આયોજન છે ? | (૩) ખંભાતના અખાતમાં કલ્પસર યોજનાનું આયોજન કરેલ છે. |

---------

અમદાવાદમાં સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં સારવારની સુવિધા

* ૩૬૪૭ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલમાં, અમદાવાદ ખાતે નવા ટ્રોમા સેન્ટરને ચાલુ ક્યારે કરવામાં આવ્યું, અને | (૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નવા ટ્રોમા સેન્ટરને તા.૨૨/૧૨/૨૦૧૫ મંગળવારના રોજ ચાલુ કરવામાં આવેલ છે. |
| (૨) તેનાથી દર્દીઓની સારવારની સેવાઓમાં શું વધારો થશે ? | (૨) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નવા ટ્રોમા સેન્ટરમાં કેજ્યુઅલ્ટી રીસેપ્શન રજીસ્ટ્રેશન અને ટ્રાઈએજ અને ફાસ્ટ ટ્રેક એરીયાની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે. જેનાથી માસ કેજ્યુઅલટી મેનેજમેન્ટ વખત તેમજ નેચરલ ડીઝાસ્ટર વખતે પણ વધારે દર્દીઓના ધસારાને ખુબ જ સરળતાથી પદ્ધતિસરની ખુબ જ ઝડપી સારવાર મળે તે રીતની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે. |

| ક્રમ | સેવાઓમાં થયેલ વધારો | જુનુ ટ્રોમા સેન્ટર | નવું ટ્રોમા સેન્ટર |
|---|---|---|---|
| ૧ | તાત્કાલિક સારવાર પથારીની સંખ્યા | ૨૩ | ૬૦ |
| ૨ | આઈ.સી.યુ. ની પથારીની સંખ્યા | ૩૧ | ૬૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | પીડિયાટ્રીક આઈ.સી.યુ.(બાળકો માટે) પથારીની સંખ્યા | ૦૬ | ૧૨ |
| ૪ | વેન્ટીલેટરની સંખ્યા | ૫૨ | ૮૮ |

- જરૂરિયાતમંદ દર્દીઓને ડાયાલીસીસ સારવાર નવા ટ્રોમામાં મળી રહે તે માટે હીમોડાયાલીસીસ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે.
- ટેલી રેડિયોલોજીની અદ્યતન સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ૨૪ કલાક પ્રધાનમંત્રીશ્રી દીનદયાળ જન ઔષધી સ્ટોર કાર્યરત છે. જેમાં જેનરીક દવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- લેબૉરેટરી વિભાગ તાત્કાલિક સારવારમાં જરૂર પડતા તમામ ટેસ્ટની અદ્યતન સેવાઓ ઉપલબ્ધ કરાવેલ છે.
- રેડિયોલોજી એક્સ–રે સેવાઓ ઉપલબ્ધ કરાવેલ છે.
- રાઉન્ડ ધ ક્લોક ઈ.સી.જી. અને ફાર્મસીની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- ટ્રોમા સેન્ટર ખાતે સેન્ટ્રલ સ્ટરાઈલ સ્પ્લાય વિભાગ પ્લાઝમા સ્ટરીલાઈઝર, ઈ.ટી.ઓ, અને સ્ટીમ સ્ટરીલાઝર જેવા અદ્યતન ઉપકરણો ઉપલબ્ધ કરાવેલ છે.
- ટ્રોમા સેન્ટર ખાતે મેડીકો લીગલ કેસીસ માટે પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવેલ છે.
- ટ્રોમા સેન્ટર ખાતે સર્વિસા એરીયામાં અદ્યતન મેડીકલ રેકર્ડ વિભાગ અને આઈ.ટી. સેલ કાર્યરત કરવામાં આવેલ છે.
- માઈનોર ઓપરેશન થીએટરની (જેમાં નાના ઓપરેશન તેમજ પ્રોસીજર કરવામાં આવેલ છે.) ઈમરજન્સી સર્જીકલ ઓટી અને ઈમરજન્સી ઓર્થોપેડીક ઓટીની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- ટ્રોમા સેન્ટરમાં દર્દીઓના કાઉન્સેલીંગ માટે કાઉન્સેલર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- ટ્રોમા સેન્ટરમાં હેલીપેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.

---------

મહેસાણા જિલ્લામાં માનસિક રોગોની હોસ્પીટલ

* ૪૪૮૪ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માનસિક રોગોની એક હોસ્પિટલ મહેસાણામાં વર્ષ ૨૦૧૫–૧૬ સુધીમાં કાર્યાન્વિત કરવાનું આયોજન હતુ તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત હોસ્પિટલની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) હાલ ૬૫ પથારીની માનસિક રોગોની હોસ્પિટલનું બાંધકામ ચાલુ છે. જે માટે જરૂરી મહેકમ મંજુર કરવામાં આવેલ છે. |

(૩) કેટલા ખર્ચે ક્યાં સુધીમાં મહેસાણામાં માનસિક રોગોની હોસ્પિટલ શરૂ થશે ?

(૩) માનસિક રોગોની હોસ્પિટલ રૂ. ૫.૬ કરોડના ખર્ચે બાંધકામ પૂર્ણ થયેથી શરૂ થશે.

---------

વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

* ૪૨૪૬ શ્રી શૈલેશભાઈ મહેતા (ડભોઈ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે, કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા ટી.બી. ના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

(૩) ઉક્ત ટી.બી.ના દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

જવાબ

(૧) હા.જી.

(૨)

| તાલુકાનું નામ | નોંધાયેલ દર્દીઓ |
|---|---|
| વડોદરા | ૫૯૯ |
| પાદરા | ૪૬૮ |
| સાવલી | ૩૮૮ |
| ડભોઈ | ૩૬૮ |
| કરજણ | ૩૧૦ |
| શિનોર | ૧૨૪ |
| વાઘોડીયા | ૩૫૫ |
| ડેસર | ૧૭૯ |
| કુલ | ૨૭૯૧ |

(૩) ઉક્ત ટી.બી. ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા વડોદરા જિલ્લામાં, જીલ્લા ક્ષય કેન્દ્ર, મેડિકલ કોલેજ, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડેઝીગ્રેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર અને નોન ડેઝીગ્રેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર ખાતે નિદાન અને સારવાર પુરી પાડવામાં આવે છે. તાલીમબદ્ધ લેબ. ટેકનીશીયન દ્વારા ગળફાની તપાસ કરવામાં આવે છે. ઉપરાંત તાલીમબદ્ધ ડોટ્સ પ્રોવાઈડર (આશા) દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકૂળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ વિના મુલ્યે સારવાર પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

---------

પેન્શન અને પ્રોવિન્ડન્ટ ફંડની કચેરીમાં ના લેણા પ્રમાણપત્રની પડતર અરજીઓ

* ૩૬૪૯ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મકાન /વાહન પેશગી અન્વયે ના લેણાં પ્રમાણપત્રની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) (અ) મકાન પેશગી–૫૨(બાવન)
(બ) વાહન પેશગી–૦૪(ચાર)

(૨) હાલમાં તે પૈકીની કોઈ પણ અરજી પડતર નથી.

---------

જામનગર જી.જી. હોસ્પિટલમાં નર્સીંગ સ્ટાફની ઘટ

* ૨૦૬૩ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગરમાં આવેલ જી.જી. હોસ્પિટલમાં એમ.સી.આઈ. તથા સરકારના નિયમ મુજબ દર્દીઓના પ્રમાણમાં નર્સીંગ સ્ટાફ પુરતો નથી

જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગરની જી.જી. હોસ્પિટલમાં નોર્મ્સ મુજબ મળવાપાત્ર જગ્યાઓની સામે ૮૭% જગ્યા ભરાયેલ છે.

તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ ખુટતા સ્ટાફની ક્યાં સુધીમાં ભરતી કરવામાં આવશે ?

(૨) ખાલી જગ્યાઓ નિયમિત ભરતી પ્રક્રિયાથી ના ભરાય ત્યાં સુધી આઉટ સોર્સથી ભરવા માટેની પ્રક્રિયા હાથ ધરાયેલ છે.

---------

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં સિકલસેલ એનેમીયાના દર્દીઓ

* ૪૪૮૭ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જીલ્લાવાર સીકલસેલ એનીમીયાથી પીડાતા દર્દીઓની સંખ્યા કેટલી છે, અને

(૨) સીકલસેલ એનીમીયાને નિયંત્રણ કરવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પગલાંઓ લીધાં ?

જવાબ

(૧)

| બનાસકાંઠા | સાબરકાંઠા |
|---|---|
| ૩૭૭ | ૬૨૯ |

(૨) સિકલસેલ એનેમીયાને નિયંત્રિત કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર માસે નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

- સીકલસેલ એનીમીયાનાં દર્દીઓને સ્ક્રીનીંગ, નિદાન તેમજ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.
- દર્દીને ફોલીક એસીડ, ન્યુમોકોકલ વેક્સીન, હાઈડ્રોકસીયુરીયા તથા દર્દશામક દવાઓ વિનામૂલ્યે આપી જીવન ધોરણ સુધારવા તથા આરોગ્યપ્રદ જીવન જીવવા માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- દર્દીને સ્ક્રીનીંગ અંગેનું કાર્ડ આપવામાં આવેલ છે. જેનાં આધારે ક્રાઈસીસની પરિસ્થિતિમાં તેઓને જરૂરી નિદાન તથા સારવાર ઝડપથી અને વિનામૂલ્યે મળી રહે.
- દર્દીનાં નિદાન, સારવાર તથા પરામર્શ વિગેરેની માહિતી ધરાવતી નોંધપોથી આપવામાં આવેલ છે. જેથી તેઓની ભૂતકાળની માહિતીનાં આધારે જરૂર જણાયે વધુ અસરકારક સારવાર થઈ શકે.
- આદિજાતી વિકાસ વિભાગ સીકલસેલનાં આદિજાતિ દર્દીને માસિક રૂ.૫૦૦/– ની સહાય આપવામાં આવે છે.
- દર્દીને અવાર નવાર લોહી ચડાવવાની જરૂરિયાત રહેતી હોઈ બ્લડ ટ્રાન્સફ્યુઝનની સુવિધા તદ્દન મફત આપવામાં આવેલ છે.
- સમયાંતરે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ કરવામાં આવેલ છે જેથી સ્થળ પર જરૂરી પરામર્શ, નિદાન તથા સારવાર થઈ શકે.
- આશા બહેનો દ્વારા સીકલસેલના દર્દીને ક્રાઈસીસ વખતે સારવાર માટે હોસ્પિટલમાં તથા ગર્ભવતી માતાઓને પી.એચ.સી/સી.એચ.સી. પર લઈ જવામાં આવે છે.
- સીકલસેલ રોગ અંગે જનજાગૃત્તિ લાવવા હેતું વિવિધ માધ્યમથી પ્રચાર પ્રસારની કામગીરી ગ્રામ્ય કક્ષા સુધી હાથ ધરવામાં આવેલ છે.

## તા. ૮મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

### રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાનો રાણીંગપર–કુલજર રસ્તાનો કોઝવે

* ૩૬૧૭ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના રાણીંગપર અને સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના કુલજર ગામ વચ્ચેનો રસ્તો અને કોઝવે ભારે વરસાદને કારણે તૂટી જવા પામેલ અને બે ગામ વચ્ચેનો સંપર્ક તૂટી ગયેલ, તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) અને (૨)<br>આ રસ્તા પર આવેલ હયાત કોઝવે ને નુકશાન થતા નવા પુલ માટે રૂ.૧૬૦.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે, અને નકશા–અંદાજ બનાનવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |
| (૨) જો હા, તો આનો કાયમી ઉકેલ લાવવા સરકારનું શું આયોજન છે ? | |

---------

### કચ્છ અને ભરૂચ જિલ્લામાં રોડના નવિન જોબનંબર ફાળવવા

* ૪૪૭૮ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા રોડના નવીન જોબ નંબર ફાળવવામાં આવ્યા અને કેટલા રોડના કામ પૂર્ણ થયા, | (૧) ઉક્ત સ્થિતિએ ૬૫૦ જોબ નંબર ફાળવવામાં આવ્યા. જે પૈકી ૨૫૨ કામો પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ હલકી ગુણવત્તાનો માલસામાન વાપરવા અંગે કેટલી ફરીયાદો સરકારને મળી અને તે અન્વયે શા પગલાં ભર્યા,<br>(૩) તે પૈકી કેટલા કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા, અને<br>(૪) બ્લેકલિસ્ટ થયેલ કોન્ટ્રાક્ટરોને ફરીથી રોડના કામ આપવાના કારણો શાં છે. | (૨) (૩) અને (૪)<br>આ પ્રકારની કોઈ ફરીયાદ મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં વેટની આવક

* ૪૫૨૩ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ, અને

જવાબ

(૧) (રકમ રૂ.કરોડમાં)

| જિલ્લાનું નામ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૨૦૧૭ સુધી |
|---|---|---|
| | વેટ | વેટ |
| ગીર સોમનાથ | ૩૯૦.૬૫ | ૧૨૯.૮૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર સૌથી વધુ વેટની આવક કયા પાંચ ક્ષેત્રમાંથી મળેલ છે ?

(૨)

| | ગીર સોમનાથ | | જુનાગઢ | |
|---|---|---|---|---|
| ક્રમ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૨૦૧૭) સુધી | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૨૦૧૭) સુધી |
| ૧ | સીમેન્ટ | સીમેન્ટ | ટોબેકો/બીડી | ટોબેકો/બીડી |
| ૨ | સોડા એસ | યાર્ન | ઓટોમોબાઈલ્સ | કોટન |
| ૩ | યાર્ન | સોડા એસ | કોટન | ઓટોમોબાઈલ્સ |
| ૪ | ઓટોમોબાઈલ્સ | પેટ્રોલ/ડીઝલ | પેટ્રોલ/ડીઝલ | પેટ્રોલ/ડીઝલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | પેટ્રોલ/ડીઝલ | કોટન | ચા | ચા |

---------

## ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૪૨૪૫ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા બાળકોની તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આરોગ્ય તપાસણી કરવામાં આવી, | (૧) કુલ – ૩,૦૯,૩૪૨ બાળકો |
| (૨) તે પૈકી કેટલા બાળકોને કયા પ્રકારની બીમારીઓ જણાઈ આવી, | (૨) તે પૈકી કુલ-૨૪,૧૧૮ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ અને ચામડીની બિમારીઓ જણાઈ આવી. |
| (૩) ગંભીર રોગની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી, અને | (૩) ગંભીર રોગની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની સંસ્થાઓ ખાતે સારવારની વ્યવસ્થા કરવામાં આવી. |

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

| | |
|---|---|
| (૪) કેટલા બાળકને હૃદય રોગની સારવાર આપવામાં આવી? | (૪) કુલ – ૧૭૨ |

--------

## અમરેલી જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર

* ૪૫૯૮ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખુશી યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને | (૧) ૮૦૯ |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૧૦૧૧ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

## રાજ્યમાં ટ્રેક્ટર, ટ્રેક્ટરની ટ્રોલી અને ટ્રેક્ટરના ટાયર પરનો વેરો

* ૪૫૧૨ શ્રી પ્રવિણભાઈ મુસડિયા (કાલાવડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૧૮ની સ્થિતિએ રાજ્યમાં ટ્રેક્ટર, ટ્રેક્ટર ટ્રોલી અને ટ્રેક્ટરના ટાયરો ઉપર કેટલા ટકા વેરો લેવામાં આવે છે, | (૧) પત્રક મુજબ |
| (૨) ઉક્ત વેરા પેટે રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ, અને | (૨) (રકમ રૂ. કરોડમાં) |

| ૨૦૧૬-૧૭ | તા.૧-૪-૧૭થી તા.૩૦-૬-૨૦૧૭ (વેટ) | તા.૧-૭-૧૭થી તા.૩૧-૧-૨૦૧૮ (જીએસટી) |
|---|---|---|
| ૧૧૫.૮૪ | ૩૭.૪૪ | ૪૧.૮૩ |

(૩) ઉકત વેરો નાબુદ કરવાની વિચારણા કયા તબક્કે છે?

(૩) જીએસટી હેઠળની ચીજો પર વેરો નાબૂદ કરવાની કે ઘટાડો કરવાની સત્તા જીએસટી કાઉંસિલ હસ્તક છે. કાઉંસીલની મંજૂરી વગર રાજ્ય સરકાર વેરામાં વધારો–ઘટાડો કે નાબુદી કરી શકે નહીં.

પત્રક

| | |
|---|---|
| (૧) ટ્રેકટર | (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ૧૮૦૦ સીસીથી વધુ એન્જીન ક્ષમતા ધરાવતા સેમી ટ્રેલર્સ માટેના રોડ ટ્રેકટર્સ સિવાયના ટ્રેકટર પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૬% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૬% મળીને કુલ ૧૨% વેરો લેવામાં આવે છે.<br>(૨) ૧૮૦૦ સીસી થી વધુ એન્જીન ક્ષમતા ધરાવતા સેમી ટ્રેલર્સ માટેના રોડ ટ્રેકટર્સ પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૧૪% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૧૪% મળીને કુલ ૨૮% વેરો લેવામાં આવે છે. |
| (૨) ટ્રેલર | (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ખેતીવિષયક હેતુઓ માટેના સેલ્ફ લોડીંગ અથવા સેલ્ફ અનલોડીંગ ટ્રેલર પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૬% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૬% મળીને કુલ ૧૨% વેરો લેવામાં આવે છે.<br>(૨) ખેતીવિષયક હેતુ માટેના સેલ્ફ લોડીંગ અથવા સેલ્ફ અનલોડીંગ ટ્રેલર સિવાયના ટ્રેલર અને સેમી ટ્રેલર પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૧૪% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૧૪% મળીને કુલ ૨૮% વેરો લેવામાં આવે છે. |
| (૩) ટ્રેકટરના ટાયરો | તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ટ્રેકટરના ટાયર પર નોટીફીકેશન નં.૧/૨૦૧૭ તથા નોટીફીકેશન નં.૧૯/૨૦૧૭ મુજબ કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૯% અને ગુજરાત માલ અને સેવા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ ૯% મળીને કુલ ૧૮% વેરો લેવામાં આવે છે. |

---------

## દાહોદ જિલ્લામાં મા અમૃતમ યોજના હેઠળ સારવાર

* ૪૦૮૨ શ્રી ભાવેશભાઈ કટારા (ઝાલોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્સર, હૃદય અને કીડનીની બિમારીના દર્દીઓને મા અમૃતમ યોજના અંતર્ગત કેટલા દર્દીઓને કઈ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી, અને

**જવાબ**

(૧) પત્રક–અ મુજબ.

(૨) આવી બિમારીના દર્દીઓને દાહોદ શહેર ખાતે સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવા સરકાર દ્વારા શું આયોજન કરેલ છે ?

(૨) આવી બિમારીના દર્દીઓને દાહોદ શહેર ખાતે સારવાર મળી રહે તે માટે દાહોદની એક(૧) ખાનગી અને એક (૧) સરકારી હોસ્પિટલને યોજના હેઠળ સંલગ્ન કરવામાં આવેલ છે. વધુમાં યોજના હેઠળ નોંધાયેલ દર્દીઓ રાજ્યભરમાં યોજના હેઠળ જોડાયેલ ૧૭૪ હોસ્પિટલ (૧૦૮ ખાનગી ૨૧ સરકારી ૪૫ ડાયાલીસીસ સેન્ટર) ખાતે સારવાર લઈ શકે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૪૪૮ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો છે, અને

**જવાબ**

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર તળાવની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | તળાવોની સંખ્યા |
|---|---|---|
| સાબરકાંઠા | હિંમતનગર | ૮૨ |
| | ઈડર | ૧૦૦ |

| | | |
|---|---|---|
| | વડાલી | ૫૮ |
| | પ્રાંતિજ | ૪૭ |
| | તલોદ | ૩૯ |
| | વિજયનગર | ૩૧ |
| | ખેડબ્રહ્મા | ૬૬ |
| | પોશીના | ૯૯ |
| | કુલ | ૫૨૨ |
| અરવલ્લી | મોડાસા | ૭૭ |
| | ધનસુરા | ૪૦ |
| | માલપુર | ૫૦ |
| | મેઘરજ | ૧૬૧ |
| | ભિલોડા | ૧૩૩ |
| | બાયડ | ૬૦ |
| કુલ | | ૫૨૧ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા અને કેટલા તળાવો ઉંડા કરવાનું બાકી છે ?

(૨) છેલ્લા બે વર્ષમાં ઉંડા કરેલ તેમજ છેલ્લા બે વર્ષમાં રજુઆતો અન્વયે મળેલ સૈધ્ધાંતિક મંજુરીઓ પૈકી તાંત્રિક અને ભૌગોલીક રીતે હાથ ધરી શકાય તેવા બાકી તળાવોની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ઊંડા કરાવામાં આવેલ તળાવોની સંખ્યા (કુલ) | ઊંડા કરવાના બાકી તળાવોની સંખ્યા (કુલ) |
|---|---|---|---|
| સાબરકાંઠા | હિંમતનગર | ૯ | ૦ |
| | ઈડર | ૧૯ | ૬ |
| | વડાલી | ૭ | ૩ |
| | પ્રાંતિજ | ૮ | ૦ |
| | તલોદ | ૯ | ૧ |
| | વિજયનગર | ૦ | ૦ |
| | ખેડબ્રહ્મા | ૦ | ૦ |
| | પોશીના | ૦ | ૦ |
| | કુલ | ૫૨ | ૧૦ |
| અરવલ્લી | મોડાસા | ૧ | ૨ |
| | ધનસુરા | ૨ | ૧ |
| | માલપુર | ૩ | ૧ |
| | મેઘરજ | ૨ | ૧ |
| | ભિલોડા | ૪ | ૨ |
| | બાયડ | ૧ | ૦ |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૪૫૧૧ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામના તળાવો ઉંડા કરવામાં આવ્યા,

જવાબ

(૧)

| જામનગર જિલ્લો | |
|---|---|
| તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
| જામનગર | ૧૪ |

| | |
|---|---|
| કાલાવડ | ૧૩ |
| ધ્રોલ | ૯ |
| જોડીયા | ૧૩ |
| લાલપુર | ૬ |
| જામજોધપુર | ૯ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | |
| ખંભાળીયા | ૧૮ |
| ભાણવડ | ૧ |
| કલ્યાણપુર | ૧૫ |
| ઓખામંડળ | ૬ |

(૨) ઉકત તળાવો ઉંડા કરવા પાછળ જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લાનું નામ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| જામનગર | ૨૮૦.૪૩ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦૦.૨૪ |

(૩) કેટલી એજન્સીએ તળાવો ઉંડા કરવાની કામગીરી કરેલ અને તે પેટે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ?

(૩)

| ક્રમ | એજન્સીનું નામ | ચુકવવામાં આવેલ રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | રાધેશ્યામ કંન્સ્ટ્રકશન સણોસરી | ૯.૬૯ |
| ૨ | અંજલી કંન્સ્ટ્રકશન મોટી ભલસાણ | ૩.૬૮ |
| ૩ | સોહમ કોર્પોરેશન અમદાવાદ | ૮૫.૨૮ |
| ૪ | લગારીયા કંન્સ્ટ્રકશન સણોસરા | ૨૪.૦૫ |
| ૫ | જ્યોતી કંન્સ્ટ્રકશન, આલીયાબાડા | ૭.૩૮ |
| ૬ | જાડેજા કંન્સ્ટ્રકશન જામનગર | ૬.૧૧ |
| ૭ | અક્ષર એન્ટરપ્રાઈઝ, જામનગર | ૧૨.૦૪ |
| ૮ | રોબર્ટ કંન્સ્ટ્રકશન મોરબી | ૧૧.૨૯ |
| ૯ | ન્યુ ગોજીયા એન્ડ કું ધોરાજી | ૧૨.૦૦ |
| ૧૦ | જે એન્ડ બી કંન્સ્ટ્રકશન, કાલાવડ | ૯.૬૬ |
| ૧૧ | કૌશાલી કન્સ્ટ્રકશન | ૩.૬૩ |
| ૧૨ | સહારા ઈફ્રા. કં. સોમનાથ | ૭.૬૦ |
| ૧૩ | સ્નેહ કન્સ્ટ્રકશન બાંકોડી | ૯૯.૭૩ |
| ૧૪ | કે એન ચાવડા, ભાટીયા | ૮.૩૯ |
| ૧૫ | નીલેશ રામાણી રાજકોટ | ૮.૭૮ |
| ૧૬ | દીપ કન્સ્ટ્રકશન હાડાટોદા | ૪.૯૦ |
| ૧૭ | ગુરૂકૃપા કન્સ્ટ્રકશન ભાયુખાખરીયા | ૨.૫૦ |
| ૧૮ | ઓમરૂદ્ર કન્સ્ટ્રકશન, સુરેન્દ્રનગર | ૨.૦૪ |
| ૧૯ | ડી એન્ટરપ્રાઈઝ ગાંધીનગર | ૭.૯૩ |
| ૨૦ | શ્રી પીઠડકૃપા કન્સ્ટ્રકશન, ભંડારીયા | ૬.૯૮ |
| ૨૧ | આર.એચ.વસાયા, ટીમલા | ૬.૯૩ |
| ૨૨ | રાધે કન્સ્ટ્રકશન, જામનગર | ૮.૦૪ |
| ૨૩ | સુભાસ એસ પરમાર, વેરાવળ | ૧૬.૪૦ |
| ૨૪ | અભ્યાય કન્સ્ટ્રકશન, ભાટીયા | ૧.૫૪ |
| ૨૫ | પી.એન.રામદતી, સણોસરી | ૧.૪૫ |
| ૨૬ | રોયલ કન્સ્ટ્રકશન, કૃષ્ણગઢ | ૩.૫૦ |
| ૨૭ | માધવ એન્ટરપ્રાઈઝ, જામજોધપુર | ૨૧.૦૪ |

| | | |
|---|---|---|
| ૨૮ | ધ્વારકેશ કન્સ્ટ્રકશન, રાજપરા | ૧૭.૦૦ |
| ૨૯ | પી.એન. કન્સ્ટ્રકશન, પીંડારા | ૦.૭૧ |
| ૩૦ | સૃષ્ટિ કન્સ્ટ્રકશન, રાજપરા | ૨૦.૬૮ |
| ૩૧ | હરદાસ ભીમસી ગોરીયા, મહાદેવીયા | ૬.૩૩ |
| ૩૨ | જી.એલ.ડી.સી. ની યાંત્રીક મશીનરી | ૩૯.૨૫ |

---------

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો

* ૩૬૫૦ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા પેન્શન કેસો પડતર છે, અને | (૧) ૬૮૦. |
| (૨) આ પડતર કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) હાલમાં તે પૈકી કોઈ કેસ પડતર નથી. |

---------

સૌની યોજના અંતર્ગત નર્મદાથી ડેમોમાં પાણી ભરવાની કામગીરી

* ૩૬૬૨ શ્રી અરવિંદભાઈ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌની યોજના અંતર્ગત કુલ કેટલા જિલ્લાઓમાં નર્મદાના પાણીથી ક્યા ડેમો ભરવાનું આયોજન છે, અને | (૧) ૧૧ જિલ્લાઓમાં ૧૧૫ ડેમ (સામેલ *પત્રક મુજબ.) |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સૌની યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) પ્રથમ તબક્કા હેઠળના કામો પૂર્ણ થયેલ છે. બીજા તબક્કા હેઠળના કામો પ્રગતિ હેઠળ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

નાંદોદ તાલુકાના રાજપરા થી ઉમરવા રોડનું કામ

* ૪૪૦૭ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રાજપરા થી ઉમરવા રોડનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજૂર કરેલ છે,અને | (૨) રૂ.૧૧૧ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો તબક્કે. |

---------

દસક્રોઇ તાલુકામાં મેશ્વો નદી પર પુલ બનાવવાનું આયોજન

* ૫૭૬૬ શ્રી કનુભાઇ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૧/૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના ચાંદીયેલ રણોદરા ચવલજ રોડથી ભાવડા ઉન્ડ્રેલ ભીતીયા રોડને જોડવા મેશ્વો નદી પર બ્રીજ બનાવવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે? | (૨) રૂા. ૧૧૦૦.૦૦ લાખ. |

---------

## તા. ૮મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં ના લેણા પ્રમાણપત્રની પડતર અરજીઓ

* ૩૬૪૮ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મકાન/વાહન પેશગી અન્વયે ના લેણાં પ્રમાણપત્રની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) (અ) મકાન પેશગી – ૫૨ (બાવન)<br>(બ) વાહન પેશગી – ૦૪ (ચાર) |
| (૨) આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૨) હાલમાં તે પૈકીની કોઇ પણ અરજી પડતર નથી. |

---------

### ધોલેરા માટે વાયબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ–૨૦૦૯માં ઉર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

* ૪૪૭૫ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ–૨૦૦૯માં અદાણી પાવર લિ., અમદાવાદે, ધોલેરા ખાતે ૨૦૦૦ મે.વો. સ્થાપિત વીજ ક્ષમતાના પાવર પ્લાન્ટ માટે અંદાજીત મૂડી રોકાણ રૂપિયા ૯,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કરેલ હતા તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા મેગાવોટનો પાવર પ્લાન્ટ કાર્યરત છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વીજળી ઉત્પન્ન થઈ? | (૨) અને (૩) હાલની સ્થિતિએ આ વીજ યોજનાને ઇંધણની ઉપલબ્ધિ ન હોવાને કારણે, ડેવલોપર દ્વારા આ વીજ યોજના સ્થાપી શકાયેલ નથી. આથી, આ પ્રોજેક્ટ દ્વારા વીજળીનું ઉત્પાદન થતું નથી. |

---------

### ભાવનગર જિલ્લામાં લીલવણથી દાઠા જતા રસ્તાનું કામ

* ૪૨૪૦ શ્રી કેશુભાઇ નાકરાણી (ગારીયાધાર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના બે તાલુકાને જોડતા લીલવણથી દાઠા જતા રસ્તાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનું અને ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૨) રૂ. ૧૧૫.૦૦ લાખ<br>નકશા અંદાજોની પ્રક્રિયામાં |

---------

### નર્મદા ડેમમાં પાણીના જથ્થાની સંગ્રહ શક્તિ

* ૪૪૯૩ શ્રી લાખાભાઇ ભરવાડ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ નવા ગામ કેવડીયા સ્થિત નર્મદા બંધમાં કેટલો પાણીનો જથ્થો સંગ્રહી શકાય તેમ છે, અને | (૧) કુલ ૯૪૬૦ મીલીયન ક્યુબીક મીટર પાણીનો જથ્થો સંગ્રહી શકાય તેમ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલો પાણીનો જથ્થો સંગ્રહિત હતો? | (૨) છેલ્લા બે વર્ષમાં, દરેક માસના અંતે સંગ્રહિત પાણીના જથ્થાની વિગત નીચે મુજબ છે. |

| મહીનો | સંગ્રહાયેલ પાણીનો જથ્થો (મીલીયન ક્યુબીક મીટર) | | |
|---|---|---|---|
| | વર્ષ–૨૦૧૬ | વર્ષ–૨૦૧૭ | વર્ષ–૨૦૧૮ |
| જાન્યુઆરી | – | ૪૯૨૭ | ૩૯૧૬ |
| ફેબ્રુઆરી | ૪૦૪૧ | ૪૯૦૮ | – |

| | | | |
|---|---|---|---|
| માર્ચ | ૪૦૧૯ | ૪૭૮૪ | – |
| એપ્રિલ | ૪૫૦૦ | ૪૬૮૧ | – |
| મે | ૪૯૧૮ | ૪૮૩૪ | – |
| જુન | ૪૨૪૦ | ૪૨૨૧ | – |
| જુલાઇ | ૪૯૨૦ | ૫૦૪૩ | – |
| ઓગષ્ટ | ૫૫૧૮ | ૫૭૨૧ | – |
| સપ્ટેમ્બર | ૫૨૦૨ | ૭૦૬૯ | – |
| ઓક્ટોબર | ૫૦૮૧ | ૬૬૨૨ | – |
| નવેમ્બર | ૫૦૦૦ | ૫૬૮૩ | – |
| ડીસેમ્બર | ૪૭૪૨ | ૪૬૭૯ | – |

---------

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૪૪૫૬ ડૉ. સી.જે. ચાવડા (ગાંધીનગર ઉત્તર ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનમાં સને ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં કેટલા સમય માટે વર્ષવાર પ્લાન્ટ બંધ રહ્યો અને

(૨) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પ્લાન્ટ બંધ રહેવાના કારણો શાં છે અને વર્ષવાર કેટલું વીજ ઉત્પાદન થયુ?

જવાબ

(૧) અને (૨)

તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી અને ઉત્પાદન સમયે જ તેનો વપરાશ કરવો જરૂરી છે. આમ, વીજ ઉત્પાદન જે–તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટકાઇ જવું, સમારકામની જરૂરીયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. આ ઉપરાંત નામ. વીજ નિયમન આયોગની “મેરિટ ઓર્ડર” ની માર્ગદર્શિકાને ધ્યાને લઈ તેમજ લો ડિમાન્ટ (low demand) ને કારણે SLDC (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) ની સૂચના મુજબ જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુક્ત અનિવાર્ય કારણોસર તત્પૂરતા સમય માટે હંગામી ધોરણે બંધ રાખવા પડે છે અથવા જે તે સમયની જરૂરિયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે. તેમ છતાં, સને ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ દરમ્યાન વર્ષવાર પ્લાન્ટના કેટલાક યુનિટો બંધ રહેવાના સમયની વિગતો નીચે મુજબ છે.

| યુનિટ નંબર | વર્ષવાર બંધ રહેવાનો સમય (કલાકમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (એપ્રિલ થી ડિસેમ્બર) |
| યુનિટ–૧ | ૮૭૮૪ | ૩૭૨૦ | આ યુનિટો તા. ૩/૯/૧૬ના રોજથી સેવા નિવૃત્ત કરવામાં આવ્યા છે. |
| યુનિટ–૨ | ૮૭૮૪ | ૩૭૨૦ | |
| યુનિટ–૩ | ૪૭૨૫ | ૭૦૨૨ | ૧૮૧૪ |
| યુનિટ–૪ | ૪૭૭૪ | ૬૦૨૨ | ૨૧૮૨ |

| | | | |
|---|---|---|---|
| યુનિટ–૫ | ૮૧૫ | ૧૦૨૩ | ૧૨૩૦ |

તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષવાર થયેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે.

| યુનિટ નંબર | વર્ષવાર થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (એપ્રિલ થી ડિસેમ્બર) |
| યુનિટ–૧ | ૦ | ૦ | – |
| યુનિટ–૨ | ૦ | ૦ | – |
| યુનિટ–૩ | ૬૬૨ | ૨૯૮ | ૮૪૫ |
| યુનિટ–૪ | ૬૫૨ | ૪૬૦ | ૭૭૭ |
| યુનિટ–૫ | ૧૪૧૭ | ૧૪૧૪ | ૧૦૩૦ |

---------

અરવલ્લી જિલ્લામાં મેશ્વો ડેમમાંથી પાણી છોડવા બાબત

* ૪૦૭૪ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં મેશ્વો ડેમમાંથી છેલ્લા બે વર્ષમાં રાઇપેરીયન રાઇટ પ્રમાણે નદી લીલી રાખવા ક્યારે પાણી છોડવામાં આવ્યું, | (૧) ઉપલબ્ધિ અને જરૂરિયાત મુજબ મે–૨૦૧૬માં |
| (૨) આ ડેમમાંથી પાણી છોડવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો મળી, અને | (૨) ૦૯ (નવ) રજૂઆતો |
| (૩) પાણી ન છોડવાના કારણો શા છે? | (૩) પ્રોજેક્ટ રિપોર્ટ પ્રમાણે રાઇપેરીયન રાઇટ નથી પણ ઉપલબ્ધિ અને જરૂરિયાત મુજબ છોડવામાં આવેલ છે. |

---------

તાપી અને પંચમહાલ જિલ્લામાં સિકલસેલ એનેમીયાના દર્દીઓ

* ૪૫૪૫ શ્રી સુનીલભાઈ ગામીત (નિઝર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તાપી અને પંચમહાલ જિલ્લામાં જીલ્લાવાર સિકલસેલ એનીમીયાથી પીડાતા દર્દીઓની સંખ્યા કેટલી છે, અને

(૨) સિકલસેલ એનીમીયાને નિયંત્રિત કરવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પગલાંઓ લીધા?

જવાબ

(૧)

| તાપી | પંચમહાલ |
|---|---|
| ૨,૯૬૫ | ૨,૬૭૯ |

(૨) સિકલસેલ એનેમીયાને નિયંત્રિત કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર માસે નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

- સિકલસેલ એનીમીયાના દર્દીઓને સ્ક્રીનીંગ, નિદાન તેમજ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.
- દર્દીને ફોલીક એસીડ, ન્યુમોકોકલ વેક્સીન, હાઇડ્રોક્સીયુરીયા તથા દર્દશામક દવાઓ વિનામૂલ્યે આપી જીવન ધોરણ સુધારવા તથા આરોગ્યપ્રદ જીવન જીવવા માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- દર્દીને સ્ક્રીનીંગ અંગેનું કાર્ડ આપવામાં આવેલ છે. જેનાં આધારે ક્રાઇસીસની પરિસ્થિતિમાં તેઓને જરૂરી નિદાન તથા સારવાર ઝડપથી અને વિનામૂલ્યે મળી રહે.
- દર્દીના નિદાન, સારવાર તથા પરામર્શ વિગેરેની માહિતી ધરાવતી નોંધપોથી આપવામાં આવેલ છે. જેથી તેઓની ભૂતકાળની માહિતીના આધારે જરૂર જણાયે વધુ

અસરકારક સારવાર થઇ શકે.

- આદિજાતિ વિકાસ વિભાગ સિકલસેલનાં આદિજાતિ દર્દીને માસિક રૂ. ૫૦૦/- ની સહાય આપવામાં આવે છે.
- દર્દીને અવાર નવાર લોહી ચડાવવાની જરૂરીયાત રહેતી હોઈ બ્લડ ટ્રાન્સફ્યુઝનની સુવિધા તદ્દન મફત આપવામાં આવેલ છે.
- સમયાંતરે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ કરવામાં આવેલ છે જેથી સ્થળ પર જરૂરી પરામર્શ, નિદાન તથા સારવાર થઇ શકે.
- આશા બહેનો દ્વારા સીકલસેલના દર્દીને ક્રાઈસીસ વખતે સારવાર માટે હોસ્પિટલમાં તથા ગર્ભવતી માતાઓને પી.એચ.સી/સી.એચ.સી. પર લઇ જવામાં આવે છે.
- સીકલસેલ રોગ અંગે જનજાગૃતિ લાવવા હેતું વિવિધ માધ્યમથી પ્રચાર પ્રસારની કામગીરી ગ્રામ્ય કક્ષા સુધી હાથ ધરવામાં આવેલ છે.

---------

રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ઉજાલા યોજના

* ૩૬૮૫ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં ૨૫,૯૧,૦૦૯ અને પોરબંદર જિલ્લામાં ૧૨,૫૬,૩૫૫ એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી બલ્બના વપરાશથી રાજકોટ જિલ્લામાં વાર્ષિક અંદાજીત ૧૯.૨૯ કરોડ યુનિટની અને પોરબંદર જિલ્લામાં વાર્ષિક અંદાજીત ૯.૩૫ કરોડ યુનિટની વીજ બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે? | (૩) એલઈડી બલ્બના વપરાશથી રાજકોટ જિલ્લામાં વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂ. ૮૬.૭૯ કરોડની અને પોરબંદર જિલ્લામાં વાર્ષિક અંદાજીત રૂ. ૪૨.૦૮ કરોડની બચત થશે. |

---------

વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના

* ૩૭૦૫ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશનાં વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૨૧૪ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૪૨.૫૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

પાટણ અને ભાવનગર જિલ્લામાં વેટની આવક

*૪૪૮૧ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

તા. ૮મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને પાટણ અને ભાવનગર જિલ્લામાંથી છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ, અને

(૨) તે પૈકી જિલ્લાવાર સૌથી વધુ વેટની આવક ક્યા પાંચ ક્ષેત્રોમાંથી મળેલ છે?

(૧) (રકમ રૂ.કરોડમાં)

| જિલ્લાનું નામ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ (૩૧/૧૨/૨૦૧૭ સુધી) |
|---|---|---|
| | વેટ | વેટ |
| પાટણ | ૧૦૬.૭૩ | ૫૬.૧૯ |

(૨)

| | પાટણ | | ભાવનગર | |
|---|---|---|---|---|
| ક્રમ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ (૩૧/૧૨/૨૦૧૭ સુધી) | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ (૩૧/૧૨/૨૦૧૭ સુધી) |
| ૧ | ઓઈલ એન્ડ ઓઈલ સીડ | ઓઈલ એન્ડ ઓઈલ સીડ | શીપ બ્રેકર્સ | શીપ બ્રેકર્સ |
| ૨ | કોટન જીનીંગ | ઓટો મોબાઈલ્સ | ગેસ | ગેસ |
| ૩ | પેટ્રોલિયમ પ્રોડક્ટ | પેટ્રોલિયમ પ્રોડક્ટ | આર્યન એન્ડ સ્ટીલ | આર્યન એન્ડ સ્ટીલ |
| ૪ | ઓટો મોબાઈલ | કોટન જીનીંગ | ટોબેકો | ટોબેકો |
| ૫ | સર્જિકલ ગ્લોવઝ | પેપર | ઓટો મોબાઈલ્સ | ઓટો મોબાઈલ્સ |

---------

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં આવેલ ડેમો

* ૨૦૪૪ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા ડેમ બનાવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત ડેમોના સમારકામ અને નિભાવણી માટે છેલ્લા બે વર્ષમાં ડેમવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) * આ બંને જિલ્લાઓમાં કોઈ મોટા ડેમો નથી.
* ગીર સોમનાથ જિલ્લો-૫ મધ્યમ ડેમ
* જુનાગઢ જિલ્લો-૭ મધ્યમ ડેમ

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

| ક્રમ નં. | ડેમનું નામ | છેલ્લા બે વર્ષમાં સમારકામ અને નિભાવણી પાછળ કરેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | હિરણ ૧ | ૨૩.૧૧ |
| ૨ | હિરણ ૨ | ૭.૦૦ |
| ૩ | શિંગોડા | ૧૮.૫૫ |
| ૪ | મચ્છુન્દ્રી | ૧૬.૪૫ |
| ૫ | રાવલ | ૨૫.૨ |
| ૬ | મધુવંતી | ૦.૯૪ |
| ૭ | આંબાજળ | ૨.૯૯ |
| ૮ | ઝાંઝેશ્રી | ૧.૬૮ |
| ૯ | ધ્રાફડ | ૨૯.૦૯ |
| ૧૦ | ઉબેણ | ૪.૪૬ |
| ૧૧ | ઓઝત વિયર | ૦.૦૦ |
| ૧૨ | ઓઝત-૨ | ૧૨.૭૫ |

---------

ફાલ્ગુન ૧૭, ૧૯૩૯ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### કવાંટ અને છોટાઉદેપુર તાલુકાના વીજળીકરણ વગરના ગામો

* ૪૪૫૧ શ્રી સુખરામભાઈ રાઠવા (જેતપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ અને છોટાઉદેપુર તાલુકાના કેટલા મહેસૂલ ગામો વીજળીકરણ વગરના છે, અને | (૧) છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં સામેલ ૧૩૨ મહેસુલ ગામોમાંથી ૧૩૧ ગામોમાં વીજળીકરણ થયેલ છે, પરંતુ પાઢરીયા ગામમાં વસ્તી ન હોવાથી તેમાં વીજળીકરણ થયેલ નથી. જ્યારે છોટાઉદેપુર તાલુકામાં સામેલ ૧૪૪ મહેસુલ ગામોમાંથી તમામનું વીજળીકરણ થયેલ છે. |
| (૨) મહેસૂલ ગામના પેટાપરાઓનું વીજળીકરણ કરવા અંગની કેટલા ગામોની દરખાસ્ત સરકાર હસ્તક પડતર છે? | (૨) એક પણ દરખાસ્ત પડતર નથી. |

---------

### ઠાસરા તથા ગળતેશ્વર તાલુકામાં ગામોને જોડતા રસ્તાઓ

* ૨૦૪૦ શ્રી કાન્તીભાઈ પરમાર (ઠાસરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઠાસરા તથા ગળતેશ્વર તાલુકામાં ગામથી પેટાપરાને જોડતા રસ્તા કેટલા પૂર્ણ થયા અને કેટલા બાકી રહેલ છે, સદર બાકી રસ્તાઓ પૂર્ણ કરવા માટે શું આયોજન છે? | ઠાસરા તાલુકાના ૮૧ તથા ગળતેશ્વર તાલુકાના ૪૪ રસ્તાઓ પૂર્ણ થયેલ છે. ઠાસરા તાલુકાના ૧૦ અને ગળતેશ્વર તાલુકાના ૦૨ રસ્તાઓ બાકી, જે તાંત્રિક જરૂરીયાત અને આંતરિક અગ્રતા અનુસાર હાથ ધરવાનું આયોજન છે. |

---------

### અમદાવાદની ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા દર્દીઓને પૂરી પાડેલ સેવાઓ

* ૩૬૬૪ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદની ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી, અને | (૧) અમદાવાદની ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮,૦૧,૩૪૬ દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી છે. |
| (૨) આ પૈકી કેટલાને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી? | (૨) આ પૈકી નીચે મુજબના દર્દીઓને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી. |

| સારવારની વિગત | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
|---|---|---|
| આઉટડોર | ૩,૯૪,૭૧૨ | ૩,૫૮,૪૯૯ |
| ઈન્ડોર | ૨૨,૮૭૦ | ૨૫,૨૬૫ |
| કુલ દર્દીઓ | ૪,૧૭,૫૮૨ | ૩,૮૩,૭૬૪ |
| ઉક્ત ઈન્ડોર અને આઉટડોર પૈકી સર્જીકલ સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે. | | |
| સર્જીકલ | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |

---------

### જુનાગઢ જિલ્લાની જનરલ હોસ્પિટલમાં વર્ગ–૧ તથા વર્ગ–૨ ના ડોકટરનું મંજુર મહેકમ

* ૪૫૭૦ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જીલ્લાની જનરલ હોસ્પિટલમાં | (૧) સુપર સ્પેશ્યાલીસ્ટ વર્ગ–૧ની બે જગ્યા |

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| તા.૩૧/૧૨/૧૭ની સ્થિતિએ સુપર સ્પેશ્યાલીસ્ટ વર્ગ–૧ તથા વર્ગ–૨ના ડોક્ટરોની મંજૂર થયેલી કઈ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | તા.૨૨/૭/૨૦૧૦થી ખાલી છે. સુપર સ્પેશ્યાલીસ્ટ વર્ગ–૨ની કોઈ જગ્યા મંજૂર થયેલ નથી. |
| (૨) જીલ્લા કક્ષાની જનરલ હોસ્પિટલમાં ડોક્ટરોની ખાલી જગ્યા રહેવાના શા કારણો છે, અને | (૨) (અ) તબીબી શિક્ષક વર્ગ–૧ તથા વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવાર ન મળવાના કારણે ખાલી રહેલ છે.<br>(બ) તબીબી અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યાઓ એમસીઆઈના નોર્મ્સ મુજબ જરૂરી ન હોવાથી ભરવાની રહેતી નથી.<br>(ક) તજજ્ઞ વર્ગ–૧ પરના તબીબોને મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા સામે સમાવેશ કરેલ હોઈ જગ્યા ખાલી ગણવાની રહે છે અને ભરવાની થતી નથી. |
| (૩) ઉક્ત તમામ જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવનાર છે? | (૩) ઉમેદવારો ઉપલબ્ધ થયે બનતી ત્વરાએ. |

---------

ગુડઝ અને સર્વિસ ટેક્સનાં અમલીકરણ માટે સોફ્ટવેર

* ૫૭૦૪ ડૉ.નીમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્બારા ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ની અમલીકરણ હાર્ડવેર અન સોફ્ટવેર બાબતે કોઈ તૈયારી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) સામેલ પત્રક મુજબ |

- સોફ્ટવેર બાબતે કરેલ તૈયારીઓ

  (૧) ગુજરાત રાજ્ય દ્બારા ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) માં મૉડેલ–૨ નો વિકલ્પ પસંદ કરાયેલ છે. જેના લીધે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ નેટવર્ક (GSTN) દ્બારા તૈયાર કરાયેલ '' બેંક ઓફીસ સોફ્ટવેર'' નો ઉપયોગ રાજ્યવેરા ખાતા દ્બારા કરવામાં આવેલ છે.

  (૨) તારીખ ૦૧/૦૭/૨૦૧૭ની ગુડ્ઝ તથા સર્વિસ ટેક્ષ ના અમલીકરણ સારૂ રાજ્યવેરા ખાતા સાથે સંકળાયેલ ૫.૦૯ લાખ જેટલા વેપારીઓનુ જીએસટીમાં માઇગ્રેશન કરાવવુ જરૂરી હતુ. આ માટે ખાતા ધ્વારા તમામ વેપારીઓના પાન નંબર વેરીફાય કરી જીએસટીએનથી યુઝર આઇડી અને પાસવર્ડ મેળવવામાં આવેલ છે. આ યુઝર આઇડી અને પાસવર્ડ વેપારી પોતાના વેટ લોગીનમાં જ મેળવી શકે તે સારૂ સોફ્ટવેર ડેવલપ કરી નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરેલ છે.

  (૩) જીએસટી ચીજવસ્તુના દર, એચ.એસ.એન કોડ, નોટિફિકેશન, સરક્યુલર વગેરે સરળતાથી મેળવી શકાય તે સારૂ વેબસાઇટ Update કરવામાં આવેલ છે.

  (૪) જીએસટીના રીફંડ ચુકવણી અંગે VATIS એપ્લીકેશનમાં જરૂરી મોડ્યુઅલ તૈયાર કરેલ છે.

- હાર્ડવેર બાબતે કેરલ તૈયારીઓ

  (૧) ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ નેટવર્ક (GSTN) દ્બારા રાજ્યવેરા ખાતાના અધિકારીશ્રીઓ માટે તૈયાર કરવામાં આવેલ ''બેંક ઓફીસ સોફ્ટવેર'' માં વેપારીશ્રીઓની આવતી અરજીઓ ઉપર યોગ્ય કાર્યવાહી કરવાના હેતુથી તમામ અધિકારીશ્રીઓને ડિઝીટલ સિગ્નેચરની ફાળવણી કરવામાં આવેલ છે.

  (૨) રાજ્યવેરા ખાતાના અધિકારી/કર્મચારી GST ની કામગીરી સારી રીતે કરી શકે તે માટે જરૂરી કુલ ૧૪૫૦ કોમ્પ્યુટર્સ અને ૧૩૫૦ પ્રિન્ટર્સની ખરીદી કરવામાં આવેલ છે.

  (૩) ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ નેટવર્ક (GSTN) ના કનેકટીવીટી સર્વિસ પ્રોવાઇડર્સ દ્બારા GSTN ના ડેટા સેન્ટર અને રાજ્યવેરા ખાતાના ડેટા સેન્ટર વચ્ચે MPLS કનેકટીવીટીની સર્વિસ માટે જરૂરી હાર્ડવેરને ઇન્સ્ટોલ કરી MPLS કનેકટીવીટીની સેવા પુરી પાડેલ છે.

---------

વડોદરા જિલ્લાના સાવલી–ટીમ્બા રસ્તાને ચાર માર્ગીય કરવા બાબત

* ૪૨૪૩ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ડેસર તાલુકા મથકે થી પસાર | (૧) હા, જી. |

થતાં સાવલી–ટીમ્બા રસ્તાને ચાર માર્ગીયકરણ કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને — (૨) રૂ.૯૦૦.૦૦ લાખ.

(૩) આ કામગીરી તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે? — (૩) પ્રગતિમાં.

---------

પોરબંદર જિલ્લામાં કૃષિ વીજ જોડાણો

* ૫૭૨૧ શ્રી હર્ષ સંઘવી (મજૂરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પોરબંદર જીલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને — (૧) ૨૯,૨૩૧ કૃષિ વિષયક વીજ જોડાણો છે.

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં પોરબંદર જીલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસિડી ચૂકવવામાં આવી? — (૨)

| નાણાંકીય વર્ષ | ચુકવેલ સબસિડીની રકમ (રૂ.) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૪૦.૫૫ કરોડ |
| ૨૦૧૬–૧૭ | ૪૪.૧૨ કરોડ |
| કુલ | ૮૪.૬૭ કરોડ |

---------

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૪૪૩ શ્રી ભીખાભાઈ જોષી (જૂનાગઢ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ ખાતે આવેલ સરકારી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, — (૧) અને (૨) સામેલ *પત્રક મુજબ.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? — (૩) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

અરવલ્લી જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ કનેકશનો

* ૪૬૦૨ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને — (૧) કુલ ૩૬૭૧ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? — (૨) રૂ.૧૯૩.૨૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષના અમલીકરણ માટેની તાલીમ

* ૪૫૯૪ શ્રી જગદીશ પંચાલ (નિકોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની — (૧) અને (૨) ૬૬૫૩ કમર્ચારીઓ/અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે.

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલા અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે ?

---------

અમરેલી અને બોટાદ જિલ્લામાં વેટની આવક

* ૪૫૨૪ શ્રી જે.વી.કાકડીયા (ધારી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને અમરેલી અને બોટાદ જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ, અને

(૨) તે પૈકી જિલ્લાવાર સૌથી વધુ વેટની આવક ક્યા પાંચ ક્ષેત્રમાંથી મળેલ છે ?

જવાબ

(૧) (રકમ રૂ.કરોડમાં)

| જિલ્લાનું નામ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૨૦૧૭ સુધી) |
|---|---|---|
| | વેટ | વેટ |
| અમરેલી | ૬૦૦.૫૭ | ૨૫૨.૫૪ |

(૨)

| ક્રમ | અમરેલી | | બોટાદ | |
|---|---|---|---|---|
| | ૨૦૧૬–૨૦૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૨૦૧૭ સુધી) | ૨૦૧૬–૨૦૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૨૦૧૭ સુધી) |
| ૧ | સીમેન્ટ | સીમેન્ટ | કોટન | કોટન |
| ૨ | કોટન | કોટન | કોટન સીડ | કોટન સીડ |
| ૩ | ઓટોમોબાઈલ્સ | પેટ્રોલીયમ પ્રોડકટ | પેટ્રોલ–ડીઝલ | પેટ્રોલ–ડીઝલ |
| ૪ | પેટ્રોલીયમ પ્રોડકટ | ઓટોમોબાઈલ્સ | એડીબલ ઓઈલ | એડીબલ ઓઈલ |
| ૫ | ઓઈલ સીડઝ | ઓઈલ સીડઝ | તમાકુ અને તેની બનાવટો | તમાકુ અને તેની બનાવટો |

---------

તાપી અને ભરૂચ જિલ્લામાં સિકલસેલ એનેમીયાના દર્દીઓ

* ૪૫૪૨ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર સીકલસેલ એનીમીયાથી પીડાતા દર્દીઓની સંખ્યા કેટલી છે,

(૨) સીકલસેલ એનીમીયાને નિયંત્રિત કરવા રાજ્ય સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પગલાંઓ લીધાં ?

જવાબ

(૧)

| તાપી | ભરૂચ |
|---|---|
| ૨,૯૬૫ | ૧,૨૮૦ |

(૨) સિકલસેલ એનેમીયાને નિયંત્રિત કરવા ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર માસે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

- સીકલસેલ એનીમીયાનાં દર્દીઓને સ્ક્રીનીંગ, નિદાન તેમજ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.
- દર્દીને ફોલીક એસીડ, ન્યુમોકોકલ વેકસીન, હાઈડ્રોકસીયુરીયા તથા દર્દશામક દવાઓ વિનામૂલ્યે આપી જીવન ધોરણ સુધારવા તથા આરોગ્યપ્રદ જીવન જીવવા માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- દર્દીને સ્ક્રીનીંગ અંગેનું કાર્ડ આપવામાં આવેલ છે. જેનાં આધારે ક્રાઈસીસની પરિસ્થિતિમાં તેઓને જરૂરી નિદાન તથા સારવાર ઝડપથી અને

વિનામૂલ્યે મળી રહે.

- દર્દીનાં નિદાન, સારવાર તથા પરામર્શ વિગેરેની માહિતી ધરાવતી નોંધપોથી આપવામાં આવેલ છે. જેથી તેઓની ભૂતકાળની માહિતીનાં આધારે જરૂર જણાયે વધુ અસરકારક સારવાર થઈ શકે.
- આદિજાતિ વિકાસ વિભાગ સીકલસેલનાં આદિજાતિ દર્દીને માસિક રૂ.૫૦૦/– ની સહાય આપવામાં આવે છે.
- દર્દીને અવાર નવાર લોહી ચડાવવાની જરૂરિયાત રહેતી હોઈ બ્લડ ટ્રાન્સફ્યુઝનની સુવિધા તદ્દન મફત આપવામાં આવેલ છે.
- સમયાંતરે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ કરવામાં આવેલ છે જેથી સ્થળ પર જરૂરી પરામર્શ, નિદાન તથા સારવાર થઈ શકે.
- આશા બહેનો દ્વારા સીકલસેલના દર્દીને ક્રાઈસીસ વખતે સારવાર માટે હોસ્પિટલમાં તથા ગર્ભવતી માતાઓને પી.એચ.સી. /સી.એચ.સી. પર લઈ જવામાં આવે છે.
- સીકલસેલ રોગ અંગે જનજાગૃતિ લાવવા હેતું વિવિધ માધ્યમથી પ્રચાર પ્રસારની કામગીરી ગ્રામ્ય કક્ષા સુધી હાથ ધરવામાં આવેલ છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૩૭૦૮ શ્રી શશીકાંત પંડ્યા (ડીસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૨૭૬૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૬૭.૭૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

નર્મદા ડેમના ઉપરવાસમાં થયેલ કામનું પુરાણ

* ૩૮૭૧ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ નર્મદા ડેમની ઉપરવાસમાં માટી–ઝાડવાઓનું (કાંપ) નું પુરાણ (સીલ્ટીંગ) થઈ ગયું છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો આ સીલ્ટીંગ થયેલું કાંપ, માટી ઝાડવા કાઢવા માટે સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને<br>(૩) જો હા, તો કેવા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૧), (૨) અને (૩) સિંચાઈ યોજનાઓમાં સીલ્ટીંગ એ સતત પ્રક્રિયા છે. જેના માટે યોજનાનાં આલેખનમાં જરૂરી જોગવાઈ કરવામાં આવેલ હોય છે. તેથી હાલનાં તબક્કે ડીસીલ્ટીંગ કરવાની જરૂરીયાત રહેતી નથી. |

---------

તા. ૮મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

ઠાસરા તાલુકાના ચંદાસર રસુલપુર એકલવેલુ રોડને પહોળો કરવાની કામગીરી

* ૪૪૧૨ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાનાં ઠાસરા તાલુકાના ચંદાસર રસુલપુર એકલવેલુ રોડને પહોળા કરવાનું સરકારની યોજના છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજુર થયેલ છે, અને | (૨) ૭.૧૦ કી.મી. લંબાઈ માટે રૂ.૩૦૭.૦૦ લાખ. |
| (૩) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

રાજ્યમાં ટ્રેક્ટર, ટ્રેક્ટરની ટ્રોલી અને ટ્રેક્ટરના ટાયર પરનો વેરો

* ૪૫૦૪ શ્રી પરસોત્તમ સાબરીયા (ધ્રાંગધ્રા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ટ્રેક્ટર, ટ્રેક્ટરની ટ્રોલી અને ટ્રેક્ટરના ટાયરો ઉપર કેટલા ટકા વેરો લેવામાં આવે છે, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉકત વેરા પેટે રાજ્ય સરકારને છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ, અને | (૨) (રકમ રૂ. કરોડમાં) |

| ૨૦૧૬–૧૭ | તા.૧–૪–૨૦૧૭ થી તા.૩૦–૬–૨૦૧૭ (વેટ) | તા.૧–૭–૨૦૧૭ થી તા.૩૧–૧–૨૦૧૮ (જીએસટી) |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, પાટણ જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને | (૧) કુલ ૬૦ (સાઇઠ) તળાવો |
| (૨) ઉક્ત સ્થિતિએ તેનો ખર્ચ કેટલો થયો? | (૨) રૂ. ૩૬૨.૫૭ લાખ |

---------

### ખેડૂતોને એકજ સર્વે નંબરમાં બીજું કૃષિ વીજ જોડાણ

* ૪૬૦૪ શ્રી પિયુષભાઇ દેસાઇ (નવસારી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને એક જ સર્વે નંબરમાં બીજું વીજ જોડાણ મળી શકે કે કેમ, અને<br>(૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૧) અને (૨) હા, રાજ્ય સરકારના તા.૧૮–૧૦–૨૦૧૬ના ઠરાવથી કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને સુનિશ્ચિત નીતિ અને ધારા ધોરણો અંતર્ગત એક જ સર્વે નંબરમાં બીજું વીજ જોડાણ આપવાનું ઠરાવેલ છે. |

---------

### પીપાવાવ–અમરેલી ખાતે વાયબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ–૨૦૦૭માં ઉર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ

* ૪૫૨૯ શ્રી અમરીશભાઇ ડેર (રાજુલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ–૨૦૦૭માં ટૉરેન્ટ પાવર લી., અમદાવાદે, પીપાવાવ–અમરેલી ખાતે ૨૦૦૦ મે.વો. સ્થાપિત વીજ ક્ષમતાના પાવર પ્લાન્ટ માટે અંદાજીત મૂડી રોકાણ રૂપિયા ૮,૦૦૦ કરોડના એમ.ઓ.યુ કરેલ હતા તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા મેગાવોટનો પાવર પ્લાન્ટ કાર્યરત છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વીજળી ઉત્પન્ન થઇ? | (૨)અને(૩) ઉક્ત વીજ મથક જે કોલ–માઇન્સ આધારિત હતું, તે કોલ બ્લોક ડીએલોકેટ થતાં, ડેવલોપરે આ પ્રોજેક્ટ પડતો મૂકવા ભલામણ કરેલ. તદ્નુસાર, પ્રોજેકટ પડતો મૂકવામાં આવતાં, વીજ ઉત્પાદનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

---------

### આણંદ જિલ્લામાં નવી સિવીલ હોસ્પીટલનું બાંધકામ

* ૩૯૯૭ શ્રી કાન્તીભાઇ સોઢા પરમાર (આણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નવી સિવિલ હોસ્પીટલનું બાંધકામ પુર્ણ ન થાય ત્યાં સુધી હંગામી વ્યવસ્થા માટે આણંદ નગરપાલિકા સાથે સમજુતી કરાર કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા |
| (૨) જો, હા, તો તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કયારે કેટલા નાણા ફાળવવામાં આવ્યા, અને | (૨) નાણાં ફાળવવામાં આવેલ નથી. |
| (૩) સમજૂતિ કરાર મુજબ ઉક્ત સ્થિતિએ કેટલી | (૩) આણંદ નગરપાલિકાની હયાત હોસ્પીટલ જે તે |

| | |
|---|---|
| પથારીની હોસ્પીટલ કાર્યરત છે? | સ્થિતિમાં કાર્યરત છે. |

---------

મોરબી જિલ્લામાં કૃષિ વીજ જોડાણોની અરજીઓ

* ૩૬૩૩ શ્રી બ્રિજેશ મેરજા (મોરબી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ મોરબી જિલ્લામાં કેટલા કૃષિ વીજ જોડાણો આપવા માટેની કેટલી અરજીઓ કેટલા ગામોની પડતર છે, અને | (૧) ૩૦૩ ગામોની કુલ ૮૪૩૯ અરજીઓ પડતર છે. |
| (૨) ઉક્ત પડતર અરજીઓના નિકાલ માટે શું આયોજન છે? | (૨) ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પ્રક્રીયા સતત ચાલતી પ્રક્રીયા છે. આ હેતુ માટે પ્રતિવર્ષ નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને પડતર અરજીઓનો અગ્રતાક્રમ અનુસાર શક્ય તેટલી ઝડપથી નિકાલ કરવાનું આયોજન છે. |

---------

સાબરકાંઠા જિલ્લામાં આદીજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૩૬૯૦ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આદીજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૫૭૫ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૨૫૮૭.૩૯ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

રાજ્યમાં ખેતી વીજ કનેકશનોની પડતર અરજીઓ

* ૪૫૫૬ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની અરજીઓ પડતર હોવા છતાં રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો ન આપીને રાજ્ય સરકાર અન્ય રાજ્યોમાં વીજળી વેચે છે, તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો તેના શા કારણો છે? | (૧) અને (૨) એ હકીકત સાચી નથી કે રાજ્યમાં ખેડૂતોને નવા વીજ જોડાણો ફાળવવામાં આવતાં નથી. એક નવું કૃષિ વિષયક વીજ કનેકશન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા<br>રૂ. ૧.૭૦ લાખનો અંદાજિત ખર્ચ થાય છે, તેમ છતાં રાજ્ય સરકારના ખેડૂતલક્ષી અભિગમને કારણે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૫ વર્ષથી સતત દર વર્ષે આશરે ૧ લાખ જેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે, વર્ષ ૨૦૧૩–૧૪ થી જાન્યુઆરી ૨૦૧૮ અંતિત કુલ ૫,૧૬,૬૪૫ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવેલ છે.<br><br>વીજળી અન્ય રાજ્યને વેચવાની બાબતને સંબંધ છે ત્યાં સુધી અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોની માંગણી વિના વિક્ષેપ પૂરી પાડવા કટીબદ્ધ છે તેમ છતાં શિયાળો / વર્ષાઋતુ વખતે રાજ્યના તમામ ગ્રાહકોની વીજ માંગ ઓછી હોય ત્યારે વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરી વીજળી પૂરી પાડવાનો ખર્ચ ઘટાડવાના હેતુથી રાજ્યની વીજ માંગને કોઇપણ પ્રકારની |

અસર કર્યા સિવાય પાવર એક્ષચેન્જ થકી વીજળી વેચવામાં આવે છે.

તદ અનુસાર, આ હેતુથી ૬૩૫ મિલિયન યુનિટ જેટલી વીજળી પાવર એકસચેન્જ થકી વેચવામાં આવેલ છે.

આમ, નવા કૃષિ વીજ જોડાણોની અરજી પડતર રાખીને રાજ્ય સરકાર દ્વારા વીજળી બીજા રાજ્યોને વેચવામાં આવે છે, તે હકીકત સાચી નથી.

---------

ડાંગ જિલ્લામાં હેન્ડપંપ શારવા બાબત

* ૪૪૦૪ શ્રી ભરતભાઇ પટેલ (વલસાડ) : માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જીલ્લામાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા કેટલા હેન્ડપંપ શારવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કાર્યરત કરવામાં આવ્યા

જવાબ

(૧) અને (૨)

વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જીલ્લામાં નીચે મુજબ હેન્ડપંપ બોર શારવાની કામગીરી કરવામાં આવી.

| તાલુકો | કુલ શારવામાં આવેલ હેન્ડપંપ ના બોર | સફળ બોર | નિષ્ફળ બોર | પૂર્ણ કરી કાર્યરત કરેલ હેન્ડપંપ |
|---|---|---|---|---|
| આહવા | ૯૪ | ૮૪ | ૧૦ | ૮૪ |
| સુબીર | ૮૦ | ૭૫ | ૫ | ૭૫ |
| વઘઇ | ૪૮ | ૪૫ | ૩ | ૪૫ |
| કુલ | ૨૨૨ | ૨૦૪ | ૧૮ | ૨૦૪ |

---------

નર્મદા જિલ્લામાં સૌની યોજના અંતર્ગત નર્મદાથી ડેમો ભરવાનું આયોજન

* ૫૭૬૮ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સૌની યોજના અંતર્ગત કુલ કેટલા જિલ્લાઓમાં નર્મદાના પાણીથી ક્યા ડેમો ભરવાનું આયોજન છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સૌની યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) ૧૧ જિલ્લાઓમાં ૧૧૫ ડેમ (સામેલ *પત્રક મુજબ.)

(૨)

- પ્રથમ તબક્કા હેઠળના કામો પૂર્ણ થયેલ છે.
- બીજા તબક્કા હેઠળના કામો પ્રગતિ હેઠળ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

સુરત જીલ્લામાં આદીજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૪૬૦૭ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જીલ્લામાં આદીજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) ૫૩૫૬

(૨) રૂ. ૧૦૯૫૭.૬૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

બનાસકાંઠા અને નવસારી જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી.

* ૪૫૪૯ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામના તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૧)

| બનાસકાંઠા જીલ્લો | | | |
|---|---|---|---|
| અ.નં | તાલુકો | ગામોની સંખ્યા | ઉંડા કરેલ તળાવોની સંખ્યા |
| ૧ | ડીસા | ૧૫ | ૧૭ |
| ૨ | દિયોદર | ૧૩ | ૧૩ |
| ૩ | સૂઇગામ | ૯ | ૧૦ |
| ૪ | કાંકરેજ | ૯ | ૧૧ |
| ૫ | ધાનેરા | ૨ | ૨ |
| ૬ | ભાભર | ૨ | ૨ |
| ૭ | લાખણી | ૧ | ૧ |
| ૮ | વાવ | ૩ | ૩ |
| ૯ | પાલનપુર | ૧૦ | ૧૦ |
| ૧૦ | અમીરગઢ | ૧ | ૧ |
| ૧૧ | દાંતા | ૧ | ૧ |
| ૧૨ | વડગામ | ૪ | ૪ |
| ૧૩ | દાંતીવાડા | ૩ | ૩ |
| કુલ | | ૭૩ | ૭૮ |

| નવસારી જિલ્લો | | | |
|---|---|---|---|
| અ.નં | તાલુકો | ગામોની સંખ્યા | ઉંડા કરેલ તળાવોની સંખ્યા |
| ૧ | ગણદેવી | ૮ | ૮ |
| ૨ | ચીખલી | ૩ | ૩ |
| ૩ | જલાલપોર | ૧ | ૧ |
| કુલ | | ૧૨ | ૧૨ |

(૨) ઉકત તળાવો ઉંડા કરવા પાછળ જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) નીચે મુજબ જિલ્લાવાર ખર્ચ થયેલ છે.
બનાસકાંઠા જિલ્લો – રૂ. ૪,૫૦,૫૮,૦૦૦/-
નવસારી જિલ્લો – રૂ. ૦,૬૫,૦૦,૦૦૦/-

(૩) કેટલી એજન્સીએ તળાવો ઉંડા કરવાની કામગીરી કરેલ અને તે પેટે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ?

(૩) બનાસકાંઠા જિલ્લો-૪૩ એજન્સીઓ,
નવસારી જિલ્લો- ૨ એજન્સી

| બનાસકાંઠા જિલ્લો-૪૩ એજન્સીઓ. | | |
|---|---|---|
| અનું. | એજન્સીનું નામ | ચૂકવેલ રકમ રૂ.(લાખમાં) |
| ૧ | અંબર કન્સ્ટ્રકશન ઝેરડા | ૪૮.૧૯ |
| ૨ | ગિરીશ એલ.પટેલ પાલનપુર | ૦.૮૫ |
| ૩ | ઠક્કર ભદ્રેશ એલ. એગોલા | ૧૧.૩૬ |
| ૪ | ડી.સી. પટેલ મેગાળ | ૨૪.૧૨ |
| ૫ | દિલાવરખાન કે.પરમાર ધાણધા | ૩.૮૧ |
| ૬ | નવજીવન કન્સ્ટ્રકશન પીંપળી | ૩૯.૫૦ |
| ૭ | પ્રભુ એન્ટરપ્રાઇઝ હરિગઢ | ૧.૩૫ |
| ૮ | વિરપતસિંહ એમ.રાજપૂત તરખડિયા | ૩.૬૧ |
| ૯ | શિવમ એંજિનીયર્સ કહોડા | ૫.૭૨ |
| ૧૦ | શિવમ એન્ટરપ્રાઇઝ કહોડા | ૬.૬૮ |
| ૧૧ | શિવશક્તિ કન્સ્ટ્રકશન થલવાડા | ૧૪.૬૫ |
| ૧૨ | શ્રી મહાલક્ષ્મી કન્સ્ટ્રકશન ઝેરડા | ૧૧.૭૩ |

| | | |
|---|---|---|
| ૧૩ | શીવાભાઈ પુરાભાઈ પટેલ | ૪.૫૭ |
| ૧૪ | નવીન કન્સ્ટ્રકશન | ૪.૭૮ |
| ૧૫ | પી.એલ.રબારી | ૪.૪ |
| ૧૬ | જય રામદેવ કન્સ્ટ્રકશન | ૬.૫ |
| ૧૭ | એન.આઈ.પટેલ | ૪.૯૮ |
| ૧૮ | જગદીશભાઈ એમ.રાવલ | ૬.૪૮ |
| ૧૯ | રવિ કન્સ્ટ્રકશન | ૪.૦૯ |
| ૨૦ | નવરંગ કન્સ્ટ્રકશન | ૨૮.૭૯ |
| ૨૧ | કનુભાઈ આર.પરમાર | ૩.૯૫ |
| ૨૨ | એલ.કે.પટેલ | ૨૭.૩૧ |
| ૨૩ | બી.એમ.બી. અર્થમુવર્સ | ૪.૧૮ |
| ૨૪ | એ.આર.પટેલ કોઠીગામ | ૬.૬૯ |
| ૨૫ | ઢેંગાભાઈ મહાદેવભાઈ રાજપુત | ૬.૦૫ |
| ૨૬ | આર.ડી.પટેલ સુઈગામ | ૧૩.૬૦ |
| ૨૭ | દિનેશચંદ્ર આર. પંડ્યા | ૬.૬૬ |
| ૨૮ | પટેલ રવજીભાઈ ખેમાભાઈ | ૬.૬૭ |
| ૨૯ | શરદ કન્સ્ટ્રકશન | ૧૩.૩૯ |
| ૩૦ | ભગાભાઈ જી. ચૌધરી | ૬.૭૧ |
| ૩૧ | રામેશ્વર કન્સ્ટ્રકશન | ૬.૬૯ |
| ૩૨ | દિનેશભાઈ કાળુભાઈ ભાંડવા | ૬.૨૩ |
| ૩૩ | પ્રગતિ કન્સ્ટ્રકશન | ૬.૮૩ |
| ૩૪ | ફલજીભાઈ સરદારભાઈ ઉપલાણા | ૩.૯૭ |
| ૩૫ | રમેશકુમાર વી.પટેલ | ૯.૩૭ |
| ૩૬ | જય જશનાથ કન્સ્ટ્રકશન કં. | ૧૧.૪૬ |
| ૩૭ | સંદીપકુમાર વી.દવે | ૬.૮૬ |
| ૩૮ | રાખશીયા ડેવલોપર્સ | ૬.૮૪ |
| ૩૯ | વિકાસ ઈલેક્ટ્રીકલ | ૬.૮ |
| ૪૦ | ભવાની કન્સ્ટ્રકશન | ૧૩.૫૯ |
| ૪૧ | નરેશ આઈ. પટેલ | ૨૦.૪ |
| ૪૨ | ડી.સી.પટેલ એન્ડ કં. | ૬.૬૮ |
| ૪૩ | શ્રી મહાલક્ષ્મી કું. | ૧૩.૪૯ |
| | નવસારી જિલ્લો–૨ એજન્સીઓ | |
| ૧ | પી. સી. પંચાલ, મરોલી | ૫૨.૯૯ |
| ૨ | એવરસાઇન, બીલીમોરા | ૧૨.૦૧ |

---------

## જુનાગઢ જિલ્લામાં મુખ્ય જિલ્લા માર્ગને પહોળા કરવાના કામો

* ૪૪૧૧ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન મુખ્ય જિલ્લા માર્ગને પહોળા કરવાના કામો મંજુર થયેલ છે તે હકીકત સાચી છે | (૧) હા,જી |
| (૨) જો હા, તો કેટલી રકમનું કામ મંજુર થયેલ છે, અને | (૨) ૭ કામો<br>રૂ. ૧૧૨૩.૦૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) નકશા અંદાજો બનાવવાની પ્રક્રીયામાં. |

---------

## ફાલ્ગુન ૧૭, ૧૯૩૯ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### નર્મદા યોજનાનું પાણી શેત્રુંજી ડેમમાં નાખવા બાબત

* ૨૪૩૬ શ્રી કનુભાઇ બારૈયા (તળાજા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ નર્મદા યોજનાનું પાણી શેત્રુંજી ડેમમાં નાખવાનું સરકારનું કોઇ આયોજન હતું કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું પાણી ડેમમાં માસવાર નાંખવામાં આવ્યુ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### બનાસકાંઠા સિવિલ હોસ્પિટલમાંથી દારૂની પરમીટ આપવા બાબતની અરજીઓ

* ૨૦૪૩ શ્રી કાંતીભાઇ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા સિવિલ હોસ્પિટલમાંથી દારૂની પરમીટ આપવા માટે કેટલા ઇસમોની પ્રમાણપત્ર કે ભલામણ કરવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતેથી નીચે મુજબ દારૂની પરમીટ આપવા ભલામણ કરવામાં આવી છે.

| વર્ષ | નવી પરમીટ | રીન્યુ | કૂલ |
| --- | --- | --- | --- |
| ૨૦૧૬ | ૧૯ | ૩૮ | ૫૭ |
| ૨૦૧૭ | ૫૩ | ૪૬ | ૯૯ |
| કૂલ | ૭૨ | ૮૪ | ૧૫૬ |

સરકારી હોસ્પિટલ, ડીસા અને સરકારી હોસ્પિટલ થરાદની માહિતી શૂન્ય છે.

(૨) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા સિવિલ હોસ્પિટલમાં પરમીટ માટેની કેટલી અરજીઓ પેન્ડીંગ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠાની જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે પરમીટ માટેની કોઇ અરજી પેન્ડીંગ નથી.

---------

### ઉકાઇ–કાકરાપાર યોજનાના કમાન્ડ વિસ્તારમાં નહેર સુધારણાના કામો

* ૪૩૮૭ શ્રી મુકેશભાઇ પટેલ (ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉકાઇ–કાકરાપાર યોજનાના કમાન્ડ વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮માં નહેર સુધારણાનાં કામો હાથ ધરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા તો, કુલ કેટલી રકમનાં કામો હાથ ધરવામાં આવનાર છે, અને | (૨) કુલ રૂ. ૨૩૭.૮૧ કરોડ |
| (૩) આ કામો કુલ કેટલા કિ.મી. લંબાઇની નહેરમાં કરવામાં આવશે? | (૩) ૪૯૩.૨૨ કિ.મી. |

---------

### ખેડા અને નર્મદા જિલ્લામાં વેટની આવક

*૪૫૪૦ શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

તા. ૮મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સરકારને ખેડા અને નર્મદા જિલ્લામાંથી છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ, અને

(૧) (રકમ રૂ.કરોડમાં)

| જિલ્લાનું નામ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ (૩૧/૧૨/૨૦૧૭ સુધી) |
|---|---|---|
| | વેટ | વેટ |
| ખેડા | ૨૬૩.૭૦ | ૧૨૭.૩૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર સૌથી વધુ વેટની આવક ક્યા પાંચ ક્ષેત્રોમાંથી મળેલ છે?

(૨)

| | ખેડા | | નર્મદા | |
|---|---|---|---|---|
| ક્રમ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ (૩૧/૧૨/૨૦૧૭ સુધી) | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ (૩૧/૧૨/૨૦૧૭ સુધી) |
| ૧ | બેવરેજીસ (ઠંડાપીણા) | બેવરેજીસ (ઠંડાપીણા) | સુગર મોલાસીસ | સુગર મોલાસીસ |
| ૨ | તમાકુ અને તેની બનાવટો | તમાકુ અને તેની બનાવટો | પેટ્રોલ/ડીઝલ | પેટ્રોલ/ડીઝલ |
| ૩ | ઓટોપાર્ટસ | પેટ્રોલીયમ પ્રોડક્ટ્સ | દવાઓ | દવાઓ |
| ૪ | પેટ્રોલીયમ પ્રોડક્ટ્સ | ઓટોપાર્ટસ | કપચી/મેટલ | અનાજ કરીયાણા |
| ૫ | સિમેન્ટ | સિમેન્ટ | અનાજ કરીયાણા | કપચી/મેટલ |

---------

સુરત ખાતે વાયબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯માં ઊર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

* ૪૪૯૮ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯માં ટૉરેન્ટ પાવર લિ. એ, સુરત ખાતે ૩૦૦૦ મે.વો. સ્થાપિત વીજ ક્ષમતાના પાવર પ્લાન્ટ માટે અંદાજીત મૂડી રોકાણ રૂપિયા ૧૦,૫૦૦ કરોડના એમ.ઓ.યુ. કરેલ હતા તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા મેગાવોટનો પાવર પ્લાન્ટ કાર્યરત છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વીજળી ઉત્પન્ન થઈ ? | (૨) અને (૩)<br>હાલની સ્થિતિએ આ વીજ યોજનાને ગેસ મળવાની અનિશ્ચિતતાને કારણે, ડેવલોપર દ્વારા આ વીજ યોજના સ્થાપી શકાયેલ નથી. આથી, આ વીજ યોજના દ્વારા વીજળીનું ઉત્પાદન થતું નથી. |

---------

અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ ખાતે ઉપલબ્ધ સેવાઓ

* ૪૫૭૬ શ્રી સુરેશભાઈ પટેલ (મણીનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ ખાતે ક્યા પ્રકારની તબીબી સેવાઓ આપવામાં આવે છે, અને | (૧) કેન્સર ઇન્સ્ટીટ્યુટમાં નીચે દર્શાવ્યા મુજબની સેવાઓ આપવામાં આવે છે.<br>૧. સર્જીકલ વિભાગઃ કેન્સર થયેલ દર્દીની સારવાર, |

ઓપરેશનની સેવા મળે છે.

૨. મેડીકલ વિભાગઃ કેન્સર થયેલ દર્દીને કીમોથેરાપી (દવાની) સારવાર મળે છે. આ ઉપરાંત બોનમેરો ટ્રોન્સપ્લાન્ટની કામગીરી થાય છે.

૩. રેડિયો થેરાપી વિભાગઃ આ વિભાગમાં કેન્સર થયેલ દર્દીને શેકની સારવાર મળે છે.

૪. ગાયનેક વિભાગઃ આ વિભાગમાં સ્ત્રીઓમાં થતા કેન્સરની સારવાર ઉપલબ્ધ છે.

૫. રેડીઓલોજી વિભાગઃ આ વિભાગમાં એક્સ રે, સીટી સ્કેન, એમ.આર.આઈ., સોનોગ્રાફી વગેરે સેવાઓ ઉપલબ્ધ છે.

૬. ન્યુકલીયર મેડીસીન વિભાગઃ ગામા કેમેરા, બોન સ્કેન, રીનલ સ્કેન, રેડીયો આયોડીન સારવાર. ઉપરાંત પેટ–સ્કેનની પણ સેવા ઉપલબ્ધ છે.

૭. ન્યુરો ઓન્કોલોજીઃ આ વિભાગમાં મગજમાં થતા કેન્સરની સારવાર ઉપલબ્ધ છે.

૮. પેથોલોજી વિભાગઃ આ વિભાગમાં કેન્સરના દર્દીનું નિદાન બાયોપ્સી તથા સાયટોલોજી દ્વારા થાય છે. તથા લોહીના રીપોર્ટ થાય છે.

૯. પેઈન પેલીએટીવ કેરઃ કેન્સરનો રોગ વધી જવાથી દર્દીને થતા દુઃખાવામાં રાહત આપવાની સારવાર તથા જે દર્દીઓને હોસ્પીટલમાં સારવાર આપવાની હોય પરંતુ દર્દમાં રાહત માટે ઘરે સારવાર ઉપલબ્ધ કરવામાં આવે છે. સંસ્થા દ્વારા હોમ કેર અને હોસ્પીસની સેવાઓ પણ આપવામાં આવે છે.

૧૦. કોમ્યુનીટી ઓન્કોલોજીઃ આ વિભાગમાં હોસ્પિટલ બેઈઝ કેન્સર રજીસ્ટ્રી તથા નેશનલ કેન્સર પ્રોગ્રામ (આર.એમ.સી.આઈ) હેઠળ પોપ્યુલેશન બેઈઝડ સેન્સર રજીસ્ટ્રી ચાલે છે. આ ઉપરાંત આ વિભાગ દ્વારા કેન્સરના વહેલા નિદાન માટે કેન્સર ડીટેક્શન કેમ્પ તથા અવેરનેશની કામગીરી ચાલે છે.

૧૧. આ ઉપરાંત સંસ્થામાં સ્ટોમા કેર, બ્લડબેંક, ફીજીયોથેરાપી, પ્રોસ્થેસીસ લેબ, ફાર્મસી, લાયબ્રેરી, હોમ હોસ્પીસ વગેરે વિભાગ પણ આવેલ છે. જેના દ્વારા કેન્સરના દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવે છે.

૧૨. રીસર્ચ વિભાગ આ વિભાગમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રોજેક્ટમાં સંશોધનની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત M.Sc. (Cancer Biology) નો અનુસ્નાતક અભ્યાસક્રમ પણ આવે છે.

૧૩. આ ઉપરાંત દરેક વિભાગમાં સ્નાતક, અનુસ્નાતક તથા સુપર સ્પેસ્યાલિસ્ટ અભ્યાસની તાલીમ પણ આપવામાં આવે છે. દર વર્ષે ૧૦ નવા સ્ટુડન્ટ કેન્સર સર્જરી અને મેડીસીનમાં (M.CH. & DM) ના કોર્સ માટે લેવામાં આવે છે.

(૨) આ સુવિધાઓનો લાભ રાહત દરે તેમજ વિનામુલ્યે કોને કોને આપવામાં આવે છે?

(૨)

| | |
|---|---|
| મા યોજના | રાજ્યમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની આરોગ્ય સુરક્ષા માટે |

| | |
|---|---|
| | કુટુંબદિઠ વાર્ષિક મહતમ રૂ. ૨/- લાખ સુધીની કેશલેશ સારવાર આપવામાં આવે છે. |
| વાત્સલ્ય યોજના | આ યોજના અન્વયે રૂ. ૨.૫૦/- લાખ સુધી પારિવારિક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોના તમામ સભ્યોને (મહત્તમ કુંટુંબના કુલ પાંચ વ્યક્તિ સુધી)ને લાગુ પાડવામાં આવે છે. નવા જન્મતા બાળકોને આ યોજનામાં છઠ્ઠા સભ્ય તરીકે આવરી લેવાના રહેશે. કુટુંબદિઠ વાર્ષિક મહતમ રૂ. ૨/- લાખ સુધીની કેશલેશ સારવાર આપવામાં આવે છે. |
| લો ઈન્કમ ગ્રુપ | જેની આવક રૂ. ૨/- લાખ અથવા એનાથી ઓછી આવક ધરાવતા દર્દીઓને ૫૦% ની રાહત આપવામાં આવે છે. |
| અનુસુચિત જાતિ | અનુસુચિત જાતિનું પ્રમાણપત્ર તથા જેની આવક રૂ.૬૮,૦૦૦/- થી ઓછી હોય તેને સંપુર્ણ ફ્રી સારવાર મળે પરંતુ જેની આવક રૂ.૬૮,૦૦૦/- થી વધારે હોય તેને ૫૦ % રાહત દરે સારવાર મળે છે. |
| અનુસુચિત જન જાતિ | અનુસુચિત જન જાતિના દર્દીઓને સંપુર્ણ ફ્રી સારવાર મળે છે. |
| સ્કુલ હેલ્થ સ્કિમ | જે બાળક ૧૮ વર્ષથી નીચે હોય તેને જીલ્લા પંચાયત તથા ગાંધીનગર સ્કુલ હેલ્થની ઓફીસથી કેન્સર હોસ્પિટલમાં સારવાર કરવા માટેનો મંજૂરી પત્ર લાવે ત્યારથી તેને ફ્રી સારવાર આપવામાં આવે છે. |
| આર.એસ.બી.વાય. | આર.એસ.બી.વાય. કાર્ડ ધરાવતા દર્દીઓને વાર્ષિક રૂ.૩૦,૦૦૦/- સુધીની સારવાર વિના મુલ્યે આપવામાં આવે છે. |
| આ ઉપરાંત સરકાર માન્ય પત્રકારો, કેદીઓ, ધારાસભ્યશ્રીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓને ૧૦૦ % વિના મુલ્યે સેવા આપવામાં આવે છે. | |

---------

બારડોલી તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ ક્રાયક્રમ

* ૩૬૫૪ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાષ્ટ્રીય | (૧) ૯ યોજનાઓ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ. ૧૪૩.૦૧ લાખ |

---------

આણંદ જિલ્લામાં નવિન મિની પાઇપ લાઇન પાણી પુરવઠા યોજના

* ૪૪૦૫ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી નવિન મિની પાઈપ લાઈન પાણી પુરવઠા યોજના કરવામાં આવી, અને | (૧) અને (૨) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૫૦ નવીન મીની પાઈપ લાઈન પાણી પુરવઠા યોજના કરવામાં આવેલ છે જે તમામ યોજના ચાલુ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નવિન મિની પાઈપ લાઈન પાણી પુરવઠા યોજનામાં પાણી પુરવઠો ચાલુ કરેલ છે? | |

---------

સૌની યોજના હેઠળ નર્મદાના પાણીથી ડેમો ભરવાનું આયોજન

* ૪૩૯૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌની યોજના અંતર્ગત કુલ કેટલા જિલ્લાઓમાં નર્મદાના પાણીથી ક્યા ડેમો ભરવાનું આયોજન છે, અને | (૧) ૧૧ જિલ્લાઓના ૧૧૫ ડેમ (સામેલ *પત્રક મુજબ) |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સૌની યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) * પ્રથમ તબક્કા હેઠળના કામો પૂર્ણ થયેલ છે.<br>* બીજા તબક્કા હેઠળના કામો પ્રગતિ હેઠળ છે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

સુરેન્દ્રનગર જિલ્લાનો હળવદ–સરા રોડ પહોળો કરવાની કામગીરી

* ૩૬૭૫ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ–સરા રોડ પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હાજી, આ રસ્તાની કિ.મી.૦/૦ થી ૪/૦ની લંબાઈમાં રસ્તાનું ચારમાર્ગીયકરણ કરવાનું આયોજન છે. તેમજ કિ.મી. ૯/૫ થી ૨૫/૮ માં મજબુતીકરણનું આયોજન છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૩૧૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજ તબક્કે. |

---------

રાજકોટ જિલ્લાનો કોઠારીયા–નેકનામ રોડ પહોળો કરવાની કામગીરી

* ૪૫૮૬ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ–ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લાનો કોઠારીયા–નેકનામ રોડને પહોળો કરવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હાજી, |
| (૨) જો હા, તો કેટલી રકમનું અને તા.૩૧–૧૨– | (૨) રૂ. ૩૦૦.૦૦ લાખ |

| | |
|---|---|
| ૨૦૧૭ની સ્થિતિએ કયા તબક્કે છે? | નક્શા અંદાજોની પ્રક્રીયામાં. |

---------

ભાવનગર જિલ્લાના ભાવનગર–હાથબ–સોસીયો રોડ પહોળો કરવાની કામગીરી

* ૫૭૫૮ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ભાવનગર–કોળીયાક હાથબ સોસીયો રોડ પહોળો કરવાનું આયોજન છે કે કેમ, | (૧) રસ્તાની ૧૩.૩ કિ. મી. લંબાઇમાં રસ્તાને ૭.૦૦ મી. પહોળો કરવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૨૧૨૧.૦૦ લાખ |
| (૩) સદર કામગીરી કયા તબક્કે છે ? | (૩) નક્શા અંદાજ મંજૂરી તબક્કે. |

---------

પંચમહાલ જિલ્લામાં ગોમા નદીનું વહી જતું પાણી રોકવાની યોજના

* ૪૩૯૮ શ્રી સી.કે. રાઉલજી (ગોધરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ગોમા નદીમાંથી ચોમાસામાં વહી જતું પાણી રોકવા સરકારે કોઈ યોજના કરેલ છે કે કેમ, | (૧) હા જી |
| (૨) જો હા, તો આ યોજના ક્યા તબક્કે છે, | (૨) ગોમા નદી પર બે મોટા ચેકડેમો બાંધવાનું કામ પ્રગતિમાં છે તથા અન્ય બે મોટા ચેકડેમો વહીવટી મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) શૂન્ય |
| (૪) આ કામો પૂર્ણ થવાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ? | (૪) આશરે ૧૦૦૦ હેક્ટર. |

---------

બનાસકાંઠા જિલ્લાના નોન–પ્લાન રસ્તાઓ

* ૪૧૫૨ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ તથા પાલનપુર તાલુકામાં એક ગામ થી બીજા ગામને જોડતા કેટલા નોન–પ્લાન રસ્તાઓ તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડામરના બનાવવાના બાકી છે, અને<br>(૨) ઉક્ત બાકી રહેલ તમામ રસ્તાઓ ક્યાં સુધી ડામરના બનાવવાનું આયોજન છે? | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ વડગામ તાલુકાના ૨ (બે) નોન પ્લાન રસ્તા બાકી હતાં જે હાલની સ્થિતિએ ડામરના બનાવેલ છે જ્યારે પાલનપુર તાલુકાના બાકી ૮ (આઠ) રસ્તાઓ પૈકી ૨ (બે) પ્રગતિમાં છે જે બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે અને બાકી રહેલ ૬ (છ) રસ્તા તાંત્રિક જરૂરીયાત અને આંતરિક અગ્રતા અનુસાર. |

---------

સુરેન્દ્રનગર જિલ્લાના રાજપર–કોઠારીયા નોન–પ્લાન રસ્તાની કામગીરી

* ૫૭૩૪ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના રાજપર થી કોઠારીયા જતા નોન–પ્લાન રસ્તાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, અને

(૧) હાજી,

(૨) જો હા, તો કેટલી રકમનું અને તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૨) રૂ. ૨૦૦.૦૦ લાખ
ટેન્ડર મંજુરીની પ્રક્રિયામાં.

---------

રાજ્યમાં સાતમાં પગાર પંચનું પેન્શનરોને એરિયર્સ ચૂકવવા બાબત

* ૨૦૬૧ શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સાતમાં પગાર પંચમાં પેન્શનરોને મળવાપાત્ર એરિયર્સનું ચૂકવણી માટે રાજ્ય સરકાર તરફથી જરૂરી આદેશ કરવામાં આવ્યા નથી. તે હકીકત સાચી છે. | (૧) હા, જી. સાતમાં પગાર પંચ મુજબ થયેલ પેન્શન સુધારણા સંદર્ભે તા.૧/૧/૨૦૧૬થી તા.૩૦/૯/૨૦૧૬ સુધીના મળવાપાત્ર એરિયર્સની ચૂકવણી કરવા સરકાર તરફથી આદેશ કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો મળવાપાત્ર એરિયર્સની રકમ લાંબા સમય સુધી નહીં ચૂકવવાના શાં કારણો છે, અને | (૨) એરિયર્સની ચૂકવણી અંગે વિચારણા કરવા માટે નાણા વિભાગના તા.૧૦/૧૦/૨૦૧૬ના ઠરાવથી અધિકારીશ્રીઓની સમિતિ અને મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિઓ દ્વારા વિચારણા કરી જરૂરી અહેવાલ રજૂ કરવામાં આવે ત્યાર બાદ તે અહેવાલ પર સરકાર દ્વારા યોગ્ય વિચારણા કરવામાં આવશે. |
| (૩) ઉક્ત એરિયર્સ કયારે ચૂકવવામાં આવશે? | (૩) સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવે ત્યારબાદ ચૂકવવામાં આવશે. |

---------

રાજકોટ અને ભાવનગર જિલ્લામાં રોડના નવીન જોબ નંબર ફાળવવા

* ૪૫૦૮ શ્રી લલિતભાઈ વસોયા (ધોરાજી) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા રોડના નવીન જોબ નંબર ફાળવવામાં આવ્યા અને કેટલા રોડના કામ પૂર્ણ થયા, | (૧) ઉક્ત સ્થિતિએ ૬૪૦ રસ્તાના કામોને જોબનંબર ફાળવવામાં આવ્યા જે પૈકી ૧૩૩ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ હલકી ગુણવત્તાનો માલસામાન વાપરવા અંગે કેટલી ફરિયાદો સરકારને મળી અને તે અન્વયે શા પગલા ભર્યા, (૩) તે પૈકી કેટલા કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા, અને (૪) બ્લેકલિસ્ટ થયેલ કોન્ટ્રાક્ટરોને ફરીથી રોડના કામ આપવાના કારણો શું છે? | (૨), (૩) અને (૪) હલકી ગુણવત્તાનો માલસામાન વાપરવા અંગે કોઇ ફરીયાદ મળેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તાપી જિલ્લાના વાંકલા–કુભીયા–અમતાપુર રોડ પહોળો કરવાની કામગીરી

* ૫૭૪૭ શ્રી વી.ડી.ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લાના વાંકલા કુભીયા પલાસીયા અમતાપુર રોડ પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા,જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૯૩૫ લાખ |
| (૩) સદર કામગીરી તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો મંજુરી હેઠળ. |

---------

રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી મળેલ ગ્રાન્ટ

* ૩૧૯૪ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના અંતર્ગત ભારત સરકાર પાસેથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાંટની માંગણી કરવામાં આવી છે, | (૧) આ યોજનાની જોગવાઈ મુજબ પ્રોજેક્ટના તબક્કાવાર અમલીકરણ થતા અને ગ્રાંટ ઉપયોગિતા પત્રક અપાતા ગ્રાંટની ફાળવણી થતી હોય છે. જેથી અલગથી માંગણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાંટની ફાળવણી કેંદ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કરવામાં આવી અને તે પૈકી કેટલો ખર્ચ થયો, અને | (૨) તા.૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬માં ફાળવેલ ગ્રાંટ ૭૭.૭૩ કરોડ અને તા. ૧–૧–૧૭ થી ૩૧–૧૨–૧૭માં ફાળવેલ ગ્રાંટ રૂ. ૭૨.૪૦ કરોડ છે. જે સંબંધિત મહાનગરપાલિકાને ફાળવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેંદ્ર સરકારે રાજ્ય સરકારને ગ્રાંટની ફાળવણી ન કરી હોય તો તેના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પાટણ જિલ્લામાં ચેકડેમ રીપેરીંગ કરવાનો ખર્ચ

* ૪૩૮૬ શ્રી હસમુખભાઇ પટેલ (અમરાઈવાડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા ચેકડેમ રીપેરીંગ કરવામાં આવ્યા,અને | (૧) ૧૫૩ ચેકડેમ |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૦૨.૧૯ લાખ. |

---------

દસક્રોઇ તાલુકામાં મેશ્વો નદી પર પુલ બનાવવાની કામગીરી

* ૫૭૬૭ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના ચાંદીયેલ રણોદરા ચવલજ રોડથી ભાવડા ઉન્દ્રેલ ભીતીયા રોડને જોડવા મેશ્વો નદી પર બ્રીજ બનાવવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે? | (૨) રૂ. ૧૧૦૦.૦૦ લાખ. |

---------

ગુડ્ઝ અને સર્વિસ ટેક્સનાં અમલીકરણ માટેની તાલીમ

* ૫૭૧૨ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ GSTનાં અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા અધિકારી/કર્મચારીઓ ને તાલીમ આપવામાં આવી છે કે કેમ, અને | (૧) અને (૨) ૬૬૫૩ કર્મચારીઓ/અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા | |

અધિકારી/કર્મચારીઓ ને તાલીમ આપવામાં આવી છે?

---------

અમદાવાદની કામદાર રાજ્ય વીમા યોજના હોસ્પિટલ ખાતે નવી મેડીકલ કોલેજ સ્થાપવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત.

* ૪૪૫૯ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફેફસાના રોગોની કા.રા.વિ.યો. હોસ્પિટલ, નરોડા અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટે રાજ્ય સરકાર સમક્ષ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શી રજુઆત/દરખાસ્ત કરેલ હતી, અને | (૧) કોઇ દરખાસ્ત કરેલ નથી. |
| (૨) તે અન્વયે સરકારને ક્યારે શો પ્રતિભાવ મળ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યનું જાહેર દેવુ

* ૨૪૯૫ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૮૦૭૪૩ |
| ૨૦૧૬-૧૭ (સુ.અં) | ૧૯૬૮૦૯ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કેટલી રકમની લોન લીધી,અને

(૨)

| નાણાકીય વર્ષ | મેળવેલ લોન (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૩૪૮૬ |
| ૨૦૧૬-૧૭ (સુ.અં) | ૨૯૫૦૧ |

(૩) આ મેળવેલ લોન કેટલા વર્ષની મુદત માટે અને કેટલા ટકા વ્યાજના દરે મેળવેલ છે, અને આ લોન લેવાના કારણો શા છે ?

(૩)

| નાણાકીય વર્ષ | લોનની મુદ્દત (વર્ષમાં) | લોનોનું ભારિત સરેરાશ વ્યાજદર(%) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૦૭ વર્ષ થી ૩૦ વર્ષ ૬ માસ | ૮.૧૪ % |
| ૨૦૧૬-૧૭ | ૦૨ વર્ષ થી ૩૦ વર્ષ ૬ માસ | ૭.૨૪ % |

આ લોન, રાજ્યના વિકાસ આયોજનના કામો સિધ્ધ કરવા માટે તેમજ વાર્ષિક વિકાસ યોજનાના કામો માટે આ લોનનો ઉપયોગ કરવામાં આવે છે.

---------

પંચમહાલ જિલ્લામાં સિંચાઇની સુવિધા

* ૪૨૧૦ શ્રી જેઠાભાઇ આહીર (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ચાનમ હાઇલેવલ કેનાલ કયા વર્ષે અને કેટલા ખર્ચે બનાવવામાં આવેલ છે, | (૧) ૨૦૧૭<br>રૂ. ૨૩૩.૯૬ કરોડ |

(૨) તે પૈકી શહેરા તાલુકાની કેટલા હેક્ટર જમીનને સિંચાઇ આપવાનું સર્વે કરવામાં આવેલ હતું.

(૨) ૯૭૭૭ હેક્ટર

(૩) ઉક્ત સ્થિતિએ આ સુવિધા ના મળવાના કારણ શા છે,

(૩) જમીન સંપાદનમાં થયેલ વિલંબ

(૪) સર્વેમાં આવરી લેવાયેલ જમીનને સરકારનું સિંચાઈની સુવિધા આપવાનું શું આયોજન છે, અને

(૪) પાનમ હાઇલેવલ કેનાલના પાણીને લીફ્ટ કરી તળાવો ભરીને સિંચાઇ સુવિધા આપવાનું આયોજન છે.

(૫) જો હા, તો કેટલા સમયમાં સુવિધા આપવાનું આયોજન છે ?

(૫) ૨૦૨૦ સુધીમાં બે તબક્કામાં.

---------

રાષ્ટ્રીય એઇડ્સ અને એસ.ટી.ડી. નિયત્રંણ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૪૪૭૩ ડૉ. આશા પટેલ (ઉંઝા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) રાષ્ટ્રીય એઇડ્સ અને એસ.ટી.ડી. નિયત્રંણ કાર્યક્રમ અંતર્ગત કેંન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે,

(૧) (રૂ.લાખમાં)

| ક્રમ. | ફંડનું નામ | મળેલ ગ્રાન્ટ | |
|---|---|---|---|
| | | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
| ૧ | NEW DBS | ૧૩૫૪.૭૯ | ૧૨૭૮.૫૩ |
| ૨ | GFTM RD-II | ૧૨૮૯.૨૭ | ૧૨૭૮.૩૮ |
| ૩ | GFTM RD-IV | ૬૬૬.૦૦ | ૬૪૧.૫૧ |
| ૪ | GFTM RD-VII | ૨૪૪.૧૯ | ૨૩૧.૯૯ |
| ૫ | TI POOL FUND | ૨૦૧૪.૬૯ | ૧૬૮૭.૯૩ |

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨)

| ક્રમ. | ફંડનું નામ | થયેલ ખર્ચ | |
|---|---|---|---|
| | | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ તા.૩૧–૧૨–૧૭ સુધી |
| ૧ | NEW DBS | ૧૧૧૬.૮૦ | ૬૦૯.૮૫ |
| ૨ | GFTM RD-II | ૧૫૨૬.૨૪ | ૮૬૦.૬૭ |
| ૩ | GFTM RD-IV | ૭૨૫.૫૩ | ૪૫૫.૮૮ |
| ૪ | GFTM RD-VII | ૬૯.૨૨ | ૦.૪૮ |
| ૫ | TI POOL FUND | ૨૧૦૧.૧૫ | ૭૪૮.૪૮ |
| | કુલ રકમ રૂપિયા | ૫૫૩૮.૯૪ | ૨૬૭૫.૩૬ |

(૩) જો રકમ પુરી ન વપરાઈ હોય તો તેના કારણો શા છે?

(૩) વર્ષ ૨૦૧૬–૧૭:–અત્રેની કચેરી તરફથી વિવિધ સરકારી હોસ્પિટલો/સરકારી અને બિન સરકારી સંસ્થાઓને ફાળવેલ ફંડમાંથી તેઓ દ્વારા વર્ષના અંતે વણ વપરાયેલ રકમના ચેક રિફંડ તરીકે પરત મોકલાતા સદર રકમ બેલેન્સ તરીકે દેખાય છે, જે ખરેખર સંસ્થાઓ/હોસ્પિટલો દ્વારા વણ વપરાયેલ રકમ હોય છે.

વર્ષ ૨૦૧૭–૧૮:– અત્રેની કચેરી તરફથી વિવિધ સરકારી હોસ્પિટલો/સરકારી અને બિન સરકારી સંસ્થાઓને ફાળવેલ ફંડમાંથી તેઓ દ્વારા તાઃ–૩૧–૦૩–૨૦૧૮ સુધી વાપરવાની હોય છે.

---------

પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૃષિ વીજ જોડાણો

* ૩૬૯૩ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ

(૧) પોરબંદરઃ ૨૯,૨૩૧
દેવભૂમિ દ્વારકાઃ ૩૭,૫૧૮

જોડાણો છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસિડી ચૂકવવામાં આવી?

(૨)

| નાણાંકીય વર્ષ | ચૂકવેલ સબસિડીની રકમ (રૂ.કરોડમાં) | |
|---|---|---|
| | પોરબંદર | દેવભૂમિ દ્વારકા |
| ૨૦૧૫-૧૬ | ૪૦.૫૫ | ૩૦.૧૨ |
| ૨૦૧૬-૧૭ | ૪૪.૧૨ | ૩૪.૯૯ |
| કુલ | ૮૪.૬૭ | ૬૫.૧૧ |

---------

આણંદ જીલ્લામાં નવા વીજ સબસ્ટેશન

* ૪૬૦૮ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનનો કાર્યન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૫ (પાંચ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કુલ રૂ. ૩૪૧૯.૧૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

ભાવનગર જિલ્લાના ગુંદરણા ઘરાઈ બગદાણા રોડને પહોળો કરવાની કામગીરી

* ૪૪૧૦ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગુંદરણા ઘરાઈ બગદાણા રોડને પહોળો કરવાનું કામ મંજુર થયેલ છે. તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમનું કામ મંજુર થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી

(૨) રૂ.૩૩૫.૦૦ લાખ

(૩) તાંત્રિક મંજુરીના તબક્કે.

---------

મહેસાણા જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૩૭૦૬ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) ૨૫

(૨) રૂ. ૨૩૮.૧૦ લાખ

---------

કચ્છ જિલ્લામાં અનુસુચિત જાતિ યોજના હેઠળ વીજ જોડાણો

* ૩૭૦૨ શ્રી માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

જવાબ

(૧) ૭૭૨

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? — (૨) ૨૭.૧૨ લાખનો ખર્ચ થયેલ છે.

---------

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામના તળાવો ખેડવા યોજનાથી ભરવાની કામગીરી

* ૪૩૯૭ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઈડર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામના તળાવો ખેડવા યોજનાથી ભરવા બાબતની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) તે કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેની પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે ? | (૩) રૂ.૭૭.૧૯ લાખનો ખર્ચ થવા પામેલ છે. |

---------

ખેરાલુ તાલુકાના ચોટીયા, અરઠી તથા ડભોડા ગામે સિમેન્ટ કોન્ક્રીટનો રોડ કરવા બાબત

* ૪૪૧૬ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ચોટીયા, અરઠી તથા ડભોડા ગામે પાકો રોડ કરવા સરકારની યોજના છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો કેટલી રકમ મંજૂર થયેલ છે, અને | (૧) અને (૨) ચોટીયા અને અરઠી ગામે હયાત સીમેન્ટ કોન્ક્રીટ રોડ છે તથા ડભોડા ગામે સીમેન્ટ કોન્ક્રીટ રોડ કરવા માટે રૂ.૧૦૦.૦૦ લાખ મંજૂર થયેલ છે. |
| (૩) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે? | (૩) કરારખત હેઠળ. |

---------

સુરત જીલ્લામાં ૨૨૦ કે.વી. સબસ્ટેશનનો

* ૪૦૮૫ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જીલ્લાના માંડવી તાલુકામાં ૨૨૦ કે.વી. ના કેટલા સબસ્ટેશન આવેલ છે, | (૧) ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ દ્વારા ૨૨૦ કેવીના સબસ્ટેશન બનાવતા અગાઉ, આજુબાજુના વિસ્તારમાં પ્રસ્થાપિત વીજ માળખાની, તેમજ નવીન પ્રસ્થાપિત કરવાના થતાં વીજ માળખાની શક્યતાઓ અંગેની, તેમજ પ્રસ્થાપિત કરવામાં આવનાર સબસ્ટેશનની સંપૂર્ણપણે લોકઉપયોગિતાની તાંત્રિક રીતે ચચાસણી કર્યા બાદ ૨૨૦ કે.વી. સબસ્ટેશન બનાવવાનું નિશ્ચિત કરવામાં આવે છે.<br>તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ૨૨૦કેવી સબસ્ટેશનની તાંત્રિક રીતે જરૂરિયાત ન હોવાથી ૨૨૦ કે.વી. સબસ્ટેશન પ્રસ્થાપિત કરેલ નહોતું. |
| (૨) આ વિસ્તારમાં નવા ૨૨૦ કે.વી.ના સબસ્ટેશનની જરૂરિયાત હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૨) હા.જી. આ વિસ્તારમાં ભવિષ્યની વીજમાંગને અનુલક્ષીને આગોતરા આયોજનરૂપે નવા ૨૨૦કેવીના સબસ્ટેશનની જરૂરિયાત હોવાની હકીકતથી સરકાર વાકેફ છે. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં નવું સબસ્ટેશન બનાવવામાં આવશે ? | (૩) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ૨૨૦ કે.વી. સબસ્ટેશન પ્રસ્થાપિત કરવા માટે તાંત્રિક રીતે અનુકુળ જમીન પસંદગી કરવાની કાર્યવાહી આગોતરા આયોજનરૂપે હાથ ધરવામાં આવેલ છે. ઉચિત જમીન પસંદગી કરી જમીન ફાળવણી માટે કલેક્ટર કચેરી સુરતને દરખાસ્ત રજુ કરવામાં આવશે.<br>જમીનની ફાળવણી થયેથી ૨૪ માસમાં સબસ્ટેશન |

કાર્યાન્વિત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

વધુમાં, માંડવી તાલુકાથી આશરે ૩૦ કિ.મી.ના અંતરે તાપી જિલ્લાના વ્યારા તાલુકાના વિરુપુર ગામે ૨૨૦ કે.વી. સબસ્ટેશન માટે જમીનની ફાળવણી થયેલ છે. સદર સબસ્ટેશન વર્ષ ૨૦૨૦ સુધી કાર્યરત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે. વિરપુર ખાતે સબસ્ટેશન કાર્યરત થવાથી માંડવી તાલુકાને પણ તેનો લાભ મળશે.

---------

ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ અંતર્ગત થયેલ આવક

* ૪૪૬૭ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર (ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ) અંતર્ગત કેટલી આવક રાજ્ય સરકારને થયેલ છે,

(૨) જીએસટી અંતર્ગત રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ ઉક્ત માસવાર મળેલ છે, અને

(૩) જીએસટીની આવકથી રાજ્ય સરકારની આવક ઘટી હોય તો કેન્દ્ર સરકાર તરફથી ઘટાડાને પહોંચી વળવા કોઈ ખાસ રકમ ફાળવવામાં આવેલ હોય તો તે કેટલી છે?

જવાબ

(૧) (રકમ રૂ. કરોડમાં)

| | એસજીએસટી | આઇજીએસટી સેટલમેન્ટ |
|---|---|---|
| જુલાઈ–૨૦૧૭ | ૦.૨૦ | –– |
| ઓગષ્ટ–૨૦૧૭ | ૧૮૭૦.૩૬ | –– |
| સપ્ટેમ્બર–૨૦૧૭ | ૧૮૭૫.૪૨ | ૮૩૩.૨૪ |
| ઓક્ટોબર–૨૦૧૭ | ૧૮૮૦.૨૬ | ૭૨૪.૯૭ |
| નવેમ્બર–૨૦૧૭ | ૧૭૪૮.૩૮ | ૬૦૨.૩૪ |
| ડિસેમ્બર–૨૦૧૭ | ૧૭૯૦.૩૪ | ૭૪૧.૯૪ |
| જાન્યુઆરી–૨૦૧૮ | ૨૦૫૯.૫૯ | ૭૬૨.૪૧ |

(૨) આઇજીએસટી સેટલમેન્ટ (રકમ રૂ. કરોડમાં)

| | |
|---|---|
| સપ્ટેમ્બર–૨૦૧૭ | ૮૩૩.૨૪ |
| ઓક્ટોબર–૨૦૧૭ | ૭૨૪.૯૭ |
| નવેમ્બર–૨૦૧૭ | ૬૦૨.૩૪ |
| ડિસેમ્બર–૨૦૧૭ | ૭૪૧.૯૪ |
| જાન્યુઆરી–૨૦૧૮ | ૭૬૨.૪૧ |

(૩) ૨૫૩૪.૦૦ કરોડ રૂપિયા

---------

નવસારી જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઇડી બલ્બનું વિતરણ

* ૪૫૯૯ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ નવસારી જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ નવસારી જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૫,૪૯,૯૩૯ એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી બલ્બના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત ૪.૦૯ કરોડ યુનિટની વીજ બચત થશે.

(૩) એલઈડી બલ્બના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂ. ૧૮.૪૨ કરોડની બચત થશે.

---------

આણંદ જિલ્લામાં પેન્શનના પડતર કેસો

* ૪૦૮૦ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે

જવાબ

(૧) આણંદ જિલ્લામાં પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની

વર્ષમાં આણંદ જિલ્લાની પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરીમાં કેટલા પેન્શન કેસો પડતર છે, અને

(૨) આ પડતર કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

કચેરી નથી. પરંતુ તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લાના ૧૨ પેન્શન કેસો પડતર છે.

(૨) હાલમાં તે પૈકી કોઈ કેસ પડતર નથી.

---------

## આરોગ્ય અને તબીબી શિક્ષણમાં માનવ સંસાધન માટે કેન્દ્ર સરકારથી મળેલ રકમ

* ૪૪૬૨ શ્રી સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) આરોગ્ય અને તબીબી શિક્ષણમાં માનવ સંસાધન માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે,

(૨) મળેલ રકમ પૈકી વર્ષ વાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) જો રકમ ન વપરાઇ હોય તો તેના કારણો શા છે?

જવાબ

(૧) આરોગ્ય અને તબીબી શિક્ષણમાં માનવ સંશાધન માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની રકમ રાજ્ય સરકારને મળેલ છે.

| વર્ષ-૨૦૧૬ (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૧૭ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૭૬૦૬.૫૫ | ૩૩૦૦૯.૦૩ |

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર નીચે મુજબની રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ-૨૦૧૬ (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૧૭ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૧૫૮૫.૬૫ | ૨૨૬૧૫.૮૬ |

(૩) જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન થવાના કારણે ભરતી થયેલ ન હોવાથી બચતની રકમ વપરાયેલ નથી.

---------

## અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં વેટની આવક

* ૪૫૦૦ શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને અમદાવાદ અને રાજકોટ જીલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ, અને

(૨) તે પૈકી જીલ્લાવાર સૌથી વધુ વેટની આવક ક્યા પાંચ ક્ષેત્રમાંથી મળેલ છે ?

જવાબ

(૧) (રકમ રૂ. કરોડમાં)

| જિલ્લો | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ (ડીસે-૧૭ સુધી) |
|---|---|---|
| | વેટ | વેટ |
| અમદાવાદ | ૨૦૭૫૫.૯૬ | ૧૧૭૩૦.૩૩ |
| રાજકોટ | ૧૩૧૯.૩૫ | ૬૨૨.૮૫ |

(૨) (કોમોડીટીની વિગત)

| ક્રમ | અમદાવાદ | | રાજકોટ | |
|---|---|---|---|---|
| | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ (ડીસે-૧૭ સુધી) | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ (ડીસે-૧૭ સુધી) |
| ૧ | પેટ્રોલ-ડીઝલ | પેટ્રોલ-ડીઝલ | ઑટોમોબાઈલ્સ | ઑટોમોબાઈલ્સ |
| ૨ | ઑટોમોબાઈલ્સ અને ઑટો પાર્ટસ | ઑટોમોબાઈલ્સ અને ઑટો પાર્ટસ | કોટન | ફુડ |
| ૩ | તમાકુ તથા તેની બનાવટ | તમાકુ તથા તેની બનાવટ | મશીનરી પાર્ટ્સ | મશીનરી પાર્ટસ |
| ૪ | લુબ્રિકેન્ટ્સ(અધર પોટ્રોલિયમ પ્રોડક્ટ્સ) | લુબ્રિકેન્ટ્સ(અધર પોટ્રોલિયમ પ્રોડક્ટ્સ) | ફુડ | આયર્ન અને સ્ટીલ |
| ૫ | મોબાઈલ | મોબાઈલ | આયર્ન અને સ્ટીલ | સીમેન્ટ |

---------

## સુરેન્દ્રનગર જિલ્લાના રાજપર- કોઠારીયા નોન-પ્લાન રસ્તાની કામગીરી

* ૫૭૪૧ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના રાજપર થી કોઠારીયા જતા

જવાબ

(૧) હા, જી.

નોન–પ્લાન રસ્તાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી રકમનું અને તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કયા તબક્કે છે?

(૨) રૂ. ૨૦૦.૦૦ લાખ ટેન્ડર મંજુરીની પ્રક્રીયામાં.

---------

દાહોદ જિલ્લામાં મંજૂર કરેલ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૪૫૮૦ શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે,

(૧) ૩(ત્રણ)

(૨) વર્ષ ૨૦૧૧ ની વસ્તી પ્રમાણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે તેની સામે કેટલા મંજુર કરવામાં આવ્યા અને કેટલી ઘટ છે, અને

(૨) મળવાપાત્ર–૧૦ કેન્દ્રો
મંજૂર કરવામાં આવેલ
(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્ર– ૮
(૨) જિલ્લા હોસ્પિટલ –૧
(૩) સબ જિલ્લા હોસ્પિટલ –૧
કુલ–૧૦
કોઇ ઘટ નથી.

(૩) ઉક્ત ઘટ પૂરી કરવા માટે સરકારનું શું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ખેડા અને આણંદ જિલ્લામાં મહી સિંચાઈ યોજનાની નહેરો

<page* ૪૩૯૫ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહી સિંચાઈ નેટવર્ક અંતર્ગત ખેડા અને આણંદ જિલ્લાની નહેરો કેટલી લંબાઈની નહેરો છે,

(૧) ખેડા જિલ્લોઃ ૧૫૫૨.૪૭ કિ.મી.
આણંદ જિલ્લોઃ ૧૬૪૨.૪૮ કિ.મી.

(૨) તે પૈકી કેટલી લંબાઈની નહેરો પાકી અને કાચી છે, અને

(૨) ખેડા જિલ્લોઃ પાકી નહેરોઃ ૧૨૪૪. ૭૪ કિ.મી.
કાચી નહેરોઃ ૩૦૭.૭૩ કિ.મી.
આણંદ જિલ્લોઃ પાકી નહેરોઃ ૭૩૫.૬૯ કિ.મી.
કાચી નહેરોઃ ૯૦૬.૭૯ કિ.મી.

(૩) સરકાર દ્વારા કાચી નહેરો પાકી કરવા માટે શું પગલાં લેવામાં આવેલ છે ?

(૩) ખેડા જિલ્લાની ૪૩.૫૭ કિ.મી. નહેરોને રૂ. ૨૪૬૯ લાખના ખર્ચે પાકી કરવામાં આવી રહેલ છે તેમજ ૬૬.૭૯૦ કિ.મી લંબાઈની શેઢી શાખા નહેરને રૂ.૧૪૫૭૧ લાખના ખર્ચે પાકી કરવાના ટેન્ડર મંગાવેલ છે જે આગામી ચાર માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
આણંદ જિલ્લાની ૨૩૧.૯૦ કિ.મી.ની નહેરો રૂ. ૪૦૩૪ લાખના ખર્ચે પાકી કરવામાં આવી રહેલ છે.

---------

મોરબી અને રાજકોટ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો

* ૨૦૩૮ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને રાજકોટ જીલ્લામાં વિજ પુરવઠામાં

(૧) અને (૨)

| જીલ્લો | બદલવામાં આવેલ જર્જરિત વીજ વાયરો (કી.મી.) | બદલવાના બાકી જર્જરિત વીજ વાયરો (કી.મી.) |
|---|---|---|

વિક્ષેપ નિવારવા કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા,

(૨) કેટલા વિજ વાયરો બદલવાના બાકી છે, અને

(૩) તે કેટલા સમયમાં બદલવામાં આવશે?

| | | |
|---|---|---|
| મોરબી | ૧૧૨૬.૦૬ | ૫૩૬.૫૨ |
| રાજકોટ | ૨૧૧૩.૭૧ | ૧૬૭૮.૯૩ |

(૩) શક્ય એટલી ઝડપથી કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

---------

બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં રોડના નવીન જોબનંબર ફાળવવા

* ૪૪૭૦ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા રોડના નવીન જોબ નંબર ફાળવવામાં આવ્યા અને કેટલા રોડના કામ પૂર્ણ થયા,અને

(૨) ઉક્ત સ્થિતિએ હલકી ગુણવત્તાનો માલસામાન વાપરવા અંગે કેટલી ફરિયાદો સરકારને મળી અને તે અન્વયે શા પગલા ભર્યા,

(૩) તે પૈકી કેટલા કોન્ટ્રાકટરોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા,

(૪) બ્લેક લિસ્ટ થયેલ કોન્ટ્રાકટરોને ફરીથી રોડના કામ આપવાના કારણો શું છે ?

જવાબ

(૧) ઉકત સ્થિતિએ ૭૭૬ જોબ નંબર ફાળવવામાં આવ્યા, જે પૈકી ૨૭૧ કામો પૂર્ણ થયેલ છે.

(૨), (૩) અને (૪) આ પ્રકારની કોઈ ફરિયાદ મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહેસાણા અને પોરબંદર જિલ્લામાં વેટની આવક

* ૪૪૮૬ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને મહેસાણા અને પોરબંદર જીલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ, અને

(૨) તે પૈકી જીલ્લાવાર સૌથી વધુ વેટની આવક ક્યા પાંચ ક્ષેત્રમાંથી મળેલ છે ?

જવાબ

(૧) (રકમ રૂ. કરોડમાં)

| જિલ્લાનું નામ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૨૦૧૭ સુધી) |
|---|---|---|
| | વેટ | વેટ |
| મહેસાણા | ૫૬૧.૬૭ | ૨૭૧.૯૦ |

(૨)

| ક્રમ | મહેસાણા | | પોરબંદર | |
|---|---|---|---|---|
| | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧/૧૨/૨૦૧૭ સુધી) | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧/૧૨/૨૦૧૭ સુધી) |
| ૧ | કોટન/કોટન જીનીંગ | ઑટોમોબાઈલ્સ | સીમેન્ટ | સીમેન્ટ |
| ૨ | ઑટોમોબાઈલ્સ | ઓઈલ અને ઓઈલ સીડ્સ | એબ્રેસીવ | વકર્સ કોન્ટ્રાક્ટ |
| ૩ | ઓઈલ અને ઓઈલ સીડ્સ | કોટન/કોટન જીનીંગ | વકર્સ કોન્ટ્રાક્ટ | કોલ |
| ૪ | ડેરી પ્રોડક્ટ | એ.સી. | ટુ વ્હીલર | એબ્રેસીવ |
| ૫ | આયર્ન / સ્ટીલ | ડેરી પ્રોડક્ટ | કોલ | મરીન એન્જીન |

---------

નર્મદા જિલ્લામાં હેન્ડપંપો શારવા બાબત

* ૪૪૦૩ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા કેટલા હેન્ડપંપ શારવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા હેન્ડપંપ

જવાબ

(૧) અને (૨) વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં નીચે મુજબ હેન્ડપંપ બોર શારવાની કામગીરી કરવામાં આવી.

| તાલુકો | કુલ શારવામાં | સફળ | નિષ્ફળ | પૂર્ણ કરી |
|---|---|---|---|---|

કાર્યરત કરવામાં આવ્યા?

| | આવેલ હેન્ડપંપના બોર | બોર | બોર | કાર્યરત કરેલ હેન્ડપંપ |
|---|---|---|---|---|
| નાંદોદ | ૨૪ | ૨૪ | ૦૦ | ૨૪ |
| ગરૂડેશ્વર | ૧૭૭ | ૧૭૬ | ૦૧ | ૧૭૬ |
| તિલકવાડા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ડેડીયાપારા | ૭૭ | ૭૫ | ૦૨ | ૭૫ |
| સાગબારા | ૧૬ | ૧૬ | ૦૦ | ૧૬ |
| કુલ | ૨૯૪ | ૨૯૧ | ૦૩ | ૨૯૧ |

---------

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં જી.પી.એફ.ના આખરી ચૂકવણાની અરજીઓ

* ૪૫૯૬ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. આખરી ચુકવણાંની કેટલી અરજીઓ પેન્ડીંગ છે, અને

(૨) આ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

જવાબ

(૧)

| | પડતર અરજીની સંખ્યા |
|---|---|
| વર્ગ–૪ | ૦૬ |
| રોજમદાર | ૧૪ |
| વર્કચાર્જ | ૦૭ |

(૨) હાલમાં તે પૈકી કોઈ અરજી પડતર નથી.

---------

જામનગર જી.જી.હોસ્પિટલમાં ટેકનીશીયનની ખાલી જગ્યા

* ૨૦૬૫ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગર જી.જી.હોસ્પિટલમાં પેથોલોજી વિભાગમાં કાયમી ટેકનીશીયનની કેટલી જગ્યા મંજુર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ કાયમી ભરાયેલી છે અને કેટલી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) જી.જી.હોસ્પિટલ જામનગર ખાતે લેબોરેટરી ટેકનીશીયનની કુલ–૭ જગ્યાઓ મંજૂર થયેલ છે. તે પૈકી – ૪ લેબોરેટરી ટેકનીશીયન પેથોલોજી વિભાગમાં કામ કરે છે. પેથોલોજી વિભાગમાં લેબોરેટરી ટેકનીશીયનની કોઈ અલગ જગ્યા મંજૂર થયેલ નથી.

(૨) જી.જી.હોસ્પિટલ જામનગરના પેથોલોજી વિભાગમાં લેબોરેટરી ટેકનીશીયનની નીચે મુજબ જગ્યાઓ ભરાયેલી છે.

| આઉટસોર્સ | કાયમી |
|---|---|
| ૩ | ૧ |

(૩) જરૂરી જગ્યાઓ બનતી ત્વરાએ.

---------

અરવલ્લી અને દાહોદ જિલ્લામાં રોડના નવિન જોબનંબર ફાળવવા

* ૪૪૮૯ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા રોડના નવીન જોબ નંબર ફાળવવામાં આવ્યા અને કેટલા રોડના કામ પૂર્ણ થયા,

(૨) ઉક્ત સ્થિતિએ હલકી ગુણવત્તાનો માલસામાન

જવાબ

(૧) ઉક્ત સ્થિતિએ ૮૧૧ જોબ નંબર ફાળવવામાં આવ્યા. જે પૈકી ૩૨૩ કામો પૂર્ણ થયેલ છે.

(૨) (૩) અને (૪)

વાપરવા અંગે કેટલી ફરીયાદો સરકારને મળી અને તે અન્વયે શા પગલાં ભર્યા,

આ પ્રકારની કોઈ ફરીયાદ મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે પૈકી કેટલા કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા, અને

(૪) બ્લેકલિસ્ટ થયેલ કોન્ટ્રાક્ટરોને ફરીથી રોડના કામ આપવાના કારણો શું છે?

---------

કચ્છ અને નવસારી જિલ્લામાં વેટની આવક

* ૪૪૮૦ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને કચ્છ અને નવસારી જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ, અને

(૨) તે પૈકી જીલ્લાવાર સૌથી વધુ વેટની આવક ક્યા પાંચ ક્ષેત્રમાંથી મળેલ છે ?

જવાબ

(૧) (રકમ રૂ. કરોડમાં)

| જિલ્લાનું નામ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૧૭ સુધી) |
|---|---|---|
| | વેટ | વેટ |
| કચ્છ | ૧૫૮૭.૩૭ | ૭૨૧.૧૧ |

(૨)

| ક્રમ | કચ્છ | | નવસારી | |
|---|---|---|---|---|
| | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૧૭ સુધી) | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૧૭ સુધી) |
| ૧ | આર્યન એન્ડ સ્ટીલ | આર્યન એન્ડ સ્ટીલ | ઑટો મોબાઈલ્સ | મેટલ |
| ૨ | ટીમ્બર | સિમેન્ટ | સુગર | સુગર |
| ૩ | કેમીકલ | કેમીકલ | મેટલ | પેટ્રોલ–ડીઝલ |
| ૪ | યાર્ન | ટીમ્બર | પેટ્રોલ–ડીઝલ | કેમીકલ |
| ૫ | સિમેન્ટ | યાર્ન | ટીમ્બર | ઑટો મોબાઈલ્સ |

---------

અરવલ્લી જિલ્લાના ઉભરાણ–રંભોડા રોડ પહોળો કરવાની કામગીરી

* ૫૭૫૭ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અરવલ્લી જિલ્લાના ઉભરાણ–હેલોદર–રંભોડા રોડ કિ.મી.૦–૦ થી ૨૦–૪૦ રોડ પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હાજી |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૪૦૦૦.૦૦ લાખ |
| (૩) સદર કામગીરી તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વેટની આવક

* ૪૫૧૪ શ્રી પ્રવિણભાઈ મુસડિયા (કાલાવડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ, અને

જવાબ

(૧) (રકમ રૂ.કરોડમાં)

| જિલ્લાનું નામ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડીસે–૧૭ સુધી) |
|---|---|---|
| | વેટ | વેટ |
| જામનગર | ૧૨૭૫.૩૬ | ૪૩૦.૨૨ |

(૨) તે પૈકી જિલ્લાવાર સૌથી વધુ વેટની આવક કયા

(૨) (કોમોડીટીની

પાંચ ક્ષેત્રમાંથી મળેલ છે ?

વિગત)

| ક્રમ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|
| ૧ | બ્રાસ પાર્ટ્સ | સોડા એશ |
| ૨ | ઑટોમોબાઈલ અને ઑટો પાર્ટ્સ | સિમેન્ટ |
| ૩ | સિમેન્ટ | કોલસો |
| | | ૮ | ત્રાપજ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૮ | ૮ | ૦ |
| | | ૯ | ઉંચડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૮ | ૮ | ૦ |
| કુલ | | | | ૯ | ૫ | ૪ | ૯ | ૯ | ૦ | ૯ | ૮ | ૧ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૧૮ | ૧૮ | ૦ | ૭૨ | ૬૭ | ૫ |

## સુરત જિલ્લાના માંડવી–શેરૂલ્લા રોડ પહોળો કરવાની કામગીરી

* ૫૭૪૫ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી–શેરૂલ્લા રોડ પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) (૨) અને (૩)

ટ્રાફિકનું ભારણ જોતાં હાલમાં આ રસ્તાને પહોળો કરવાની કોઈ જરૂરીયાત નથી. પરંતુ આ રસ્તાની જરૂરીયાત વાળી ૧૧.૫ કિ.મી. લંબાઈમાં મજબુતીકરણની કામગીરી માટે

| | |
|---|---|
| (૩) સદર કામગીરી તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | ૩.૨૦ કરોડની મંજૂરી આપવામાં આવેલ છે. જેની કામગીરી નકશા અંદાજ તબક્કે છે. |

---------

## ખેડા અને આણંદ જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૪૫૪૧ શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામના તળાવો ઉંડા કરવામાં આવ્યા?

(૧)

| જિલ્લો | તાલુકો | ઉંડા કરેલ તળાવના ગામની સંખ્યા |
|---|---|---|
| ખેડા | કઠલાલ | ૧ |
| | નડિયાદ | ૨ |
| | ખેડા | ૧ |
| | મહેમદાવાદ | ૩ |
| | કપડવંજ | ૧૪ |
| | વસો | ૧ |
| | માતર | ૨ |
| આણંદ | પેટલાદ | ૩ |
| | બોરસદ | ૨ |
| | સોજીત્રા | ૪ |
| | ઉમરેઠ | ૩ |
| | આણંદ | ૫ |
| | આંકલાવ | ૧ |

(૨) ઉક્ત તળાવો ઉંડા કરવા પાછળ જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લો | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|
| ખેડા | ૭૫.૮૯ |
| આણંદ | ૪૧.૩૧ |

(૩) કેટલી એજન્સીએ તળાવો ઉંડા કરવાની કામગીરી કરેલ અને તે પેટે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ?

(૨)

| જિલ્લો | એજન્સીનું નામ | ચૂકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ખેડા | રવિરાજ એસોસીયેટ, નડિયાદ | ૧૭.૮૭ |
| | શ્રી વાલીનાથ કન્સ્ટ્રક્શન, બોટાદ | ૨૦.૯૫ |
| | ધારા એન્ટરપ્રાઈઝ, પરીએજ | ૧૮.૨૨ |
| | ધારા કન્સ્ટ્રક્શન એન્ડ અર્થે મુવર્સ, અમદાવાદ | ૩.૨૫ |
| | જે.જે.પટેલ કન્સ્ટ્રક્શન, મહુધા | ૩.૫૫ |
| | રવિ કોર્પોરેશન, સજાયા | ૮.૪૬ |
| | વાડીનાથ કન્સ્ટ્રક્શન, મુ. નવાપુરા, તા.બોટાદ | ૩.૫૯ |
| | કુલ.. | ૭૫.૮૯ |
| આણંદ | ધારા કન્સ્ટ્રક્શન | ૪.૮૨ |
| | તપન કન્સ્ટ્રક્શન | ૩.૬૭ |
| | વાડીનાથ કન્સ્ટ્રક્શન, કણિયાદ | ૮.૧૬ |

| | | |
|---|---|---|
| | પંકજ જે. પટેલ એટ ધર્મજ | ૫.૬૫ |
| | ધારા એન્ટરપ્રાઈઝ, પરીએજ | ૯.૭૭ |
| | તપન કન્સ્ટ્રક્શન એટ ભાવનગર | ૦.૧૫ |
| | વાળીનાથ કન્સ્ટ્રક્શન એટ બોટાદ | ૯.૦૯ |
| | કુલ.. | ૪૧.૩૧ |

---------

દસક્રોઈ તાલુકાના ભાવડા–મામાકાના રોડને પહોળો કરવાની કામગીરી

* ૫૭૩૮ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન )જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ભાવડા ઉન્ડ્રેલ મામાકાના રસ્તાને પહોળો કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | (૨) ૪.૬૦ કી.મી. માટે રૂ. ૧૯૮.૦૦ લાખ |
| (૩) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) નકશા– અંદાજ હેઠળ |

---------

આણંદ જિલ્લાના સામરખા–સારસા–ખાનપુર રોડને પહોળો કરવાની કામગીરી

* ૫૭૬૦ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લાના સામરખા ત્રણોલ કુંજરાવ ખંભોળજ સારસા ખાનપુર રોડ પહોળો કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૨૩૬૪.૦૦ લાખ |
| (૩) સદર કામગીરી તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) નકશા અંદાજો તાંત્રિક ચકાસણી હેઠળ. |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં મંજૂર કરેલ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૪૫૭૧ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે, | (૧) કુલ – ૧૨ (બાર) |
| (૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે તેની સામે કેટલા મંજુર કરવામાં આવ્યા છે, કેટલી ઘટ છે, અને | (૨) |

| | |
|---|---|
| મળવાપાત્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૫૪ |
| મંજૂર કરવામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૫૦ |
| ઘટ | ૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકાર દ્વારા પગલા લેવામાં આવ્યા? | (૩) સર્વગ્રાહી વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે. |

---------

રાજકોટ જિલ્લામાં સુવિધાપથ યોજના

* ૫૭૪૦ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

તા. ૮મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

(૧) રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં સુવિધાપથ યોજના હેઠળ કેટલા કામો મંજૂર થયેલ છે, અને

(૧) ૨૧ કામો

(૨) આ કામો કેટલી રકમના તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૨) રૂ.૬૪૦.૦૦ લાખની રકમના ૨૧ કામો પૈકી-૧૬ કામો પૂર્ણ જ્યારે ૫ કામો ડી.ટી.પી. તબક્કે.

---------

પંચમહાલ જિલ્લાના શહેરા-આંકડીયા રોડ પરનો કોઝ વે

* ૫૭૫૦ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના શહેરા-આંકડીયા બામરોલી રોડ પર આંકડીયા ગામ પાસે કોઝ વે સાંકડું પડે તે તે સ્થળે પુલ બનાવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને | (૨) રૂ.૧૦૧ લાખ. |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

દસક્રોઈ તાલુકાના ભાવડા-મામાકાના રોડને પહોળો કરવાની કામગીરી

* ૪૫૮૪ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ભાવડા ઉન્દ્રેલ મામાકાના રસ્તાને પહોળો કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) ૪.૬૦ કી.મી. માટે રૂ.૧૯૮.૦૦ લાખ. |
| (૩) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) નકશા-અંદાજ હેઠળ. |

---------

રાજકોટ અને ભાવનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૪૫૦૯ શ્રી લલીત વસોયા (ધોરાજી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામના તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૧)

| જિલ્લાનું નામઃ ભાવનગર | |
|---|---|
| તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
| ભાવનગર | ૧૪ |
| ઉમરાળા | ૧૭ |
| ગારીયાધાર | ૫ |
| મહુવા | ૧૬ |
| સિંહોર | ૧૭ |
| વલ્લભીપુર | ૧૩ |
| પાલીતાણા | ૧૦ |
| ઘોઘા | ૩ |
| જેસર | ૨ |
| તળાજા | ૨ |
| જિલ્લાનું નામઃ રાજકોટ | |

| તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|
| જસદણ | ૬ |
| પડધરી | ૩ |
| જેતપુર | ૩ |
| રાજકોટ | ૩ |
| જામકંડોરણા | ૧ |
| લોધીકા | ૧ |
| ગોંડલ | ૮ |
| કોટડા સાંગાણી | ૧ |
| ઉપલેટા | ૫ |
| ધોરાજી | ૧૧ |

(૨) ઉકત તળાવો ઉંડા કરવા પાછળ જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લાનું નામ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ભાવનગર | ૭૦૬.૦૮ |
| રાજકોટ | ૧૬૭.૧૪ |

(૩) કેટલી એજન્સીએ તળાવો ઉંડા કરવાની કામગીરી કરેલ અને તે પેટે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ?

(૩) કુલ ૪૨ એજન્સી દ્વારા તળાવો ઉંડા કરવાની કામગીરી કરેલ છે. જેની વિગત પત્રક–૧ માં સામેલ છે.

પત્રક – ૧

એજન્સીની ચુકવવામાં આવેલ રકમ અંગેનું પત્રક

| અ.નં. | એજન્સીનું નામ | ચુકવેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અંજનીસુનુ સ્ટ્રકચર | ૨.૬૨ |
| ૨ | આકાશ એન્ટરપ્રાઈઝ | ૧.૧૯ |
| ૩ | આર જી કન્સ્ટ્રકશન રાજકોટ | ૩.૧૦ |
| ૪ | કનકેશ્વરી એન્ટ. રાજુલા | ૮.૬૮ |
| ૫ | ગોપીનાથ કન્સ્ટ્રકશન | ૩.૦૪ |
| ૬ | ગોહીલ ભુપેન્દ્રસિંહ | ૫.૨૫ |
| ૭ | દેવ એન્ટરપ્રાઈઝ | ૭.૬૮ |
| ૮ | નર્મદા જલધારા ગ્રામ વિકાસ ટ્રસ્ટ | ૨૩.૯૨ |
| ૯ | નિલગ્રીવ કન્સ્ટ્રકશન | ૦.૬૧ |
| ૧૦ | પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ | ૪.૬૩ |
| ૧૧ | બાહુબલી કન્સ્ટ્રકશન | ૧.૫૬ |
| ૧૨ | ભગવતી બિલ્ડર | ૧.૬૯ |
| ૧૩ | ભવાની કન્સ્ટ્રકશન | ૫.૩૯ |
| ૧૪ | મ.નિ. (યાં) વડોદરા | ૫૩.૮ |
| ૧૫ | મહાદેવ કન્સ્ટ્રકશન | ૨.૯૬ |
| ૧૬ | મે.વશરામભાઈ બીજલભાઈ કં. | ૫.૮૨ |
| ૧૭ | યામી કન્સ્ટ્રકશન | ૫.૧૩ |
| ૧૮ | રાજવી એન્ટરપ્રાઈઝ | ૨.૩૧ |
| ૧૯ | રામેશ્વર કન્સ્ટ્રકશન | ૬.૫૭ |
| ૨૦ | લાડલી બિલ્ડર્સ | ૮.૯૨ |
| ૨૧ | લુણાગરીયા કન્સ્ટ્રકશન | ૨૦.૮૩ |
| ૨૨ | વાલીનાથ કન્સ્ટ્રકશન | ૨.૬૭ |
| ૨૩ | વિવેક એન્ટરપ્રાઈઝ | ૦.૩૦ |
| ૨૪ | વ્રજ કન્સ્ટ્રકશન | ૧૦.૦૭ |
| ૨૫ | શિવાન્તા ઈન્ફ્રાસ્ટ્રકચર | ૩.૬૭ |
| ૨૬ | શ્રીરામ કન્સ્ટ્રકશન | ૧.૮૩ |
| ૨૭ | સુભાષ એસ.પરમાર | ૬.૧૯ |
| ૨૮ | સોમનાથ કન્સ્ટ્રકશન | ૯.૪૫ |

| | | |
|---|---|---|
| ૨૯ | સોહમ કોર્પો., અમદાવાદ | ૪૮૬.૦૭ |
| ૩૦ | સ્નેહ કન્સ્ટ્રકશન | ૬.૧ |
| ૩૧ | મધુરમ કન્સ્ટ્રકશન, ગધેથડ, ઉપલેટા | ૨.૩૬ |
| ૩૨ | રાધેશ્યામ કન્સ્ટ્રકશન મુ.જામરાવલ તા.જામકલ્યાણપુર | ૨.૨૯ |
| ૩૩ | ચીન્મય એન્ટરપ્રાઈઝ, રાજકોટ | ૦.૯૬ |
| ૩૪ | પૅરેડાઇઝ એન્જીનિયરીંગ, ઈશ્વરીયા, જસદણ | ૩.૧૯ |
| ૩૫ | સદગુરૂ કન્સ્ટ્રકશન, મું.વિરનગર, તા.જસદણ | ૫.૪૪ |
| ૩૬ | શકિત કન્સ્ટ્રકશન, ભંડારીયા | ૦.૭૯ |
| ૩૭ | નીલગ્રીવ બીલ્ડકોન, રાજકોટ | ૧.૩૪ |
| ૩૮ | શ્યામ કન્સ્ટ્રકશન, ઈશ્વરીયા, જસદણ | ૧૧.૮૩ |
| ૩૯ | ન્યુ ગોજીયા એન્ડ કું., ધોરાજી | ૧૮.૬૮ |
| ૪૦ | કુણાલ એન્ટરપ્રાઈઝ, ગોંડલ | ૬.૭૫ |
| ૪૧ | ધનંજય કન્સ્ટ્રકશન | ૧૦.૨૮ |
| ૪૨ | જી.એલ.ડી.સી. ની યાંત્રિક મશીનરી દ્વારા | ૭૯.૯૭ |

---------

સુરત જિલ્લામાં કાકરાપાર યોજનાની નહેર સુધારણાના કામો

* ૩૬૬૦ શ્રી વી.ડી.ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮ માં કાકરાપાર યોજના અંતર્ગત સુરત જિલ્લામાં નહેર સુધારનાં કામો મંજુર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આ કામો નહેરની કુલ કેટલી લંબાઈમાં અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવાનું આયોજન છે, અને | (૨) સુરત જિલ્લામાં કુલ–૨૦૨.૪૫ કી.મી. નહેરની લંબાઈમાં અંદાજીત રૂ.૯૬.૩૫ કરોડનો ખર્ચ કરવાનું આયોજન છે. |
| (૩) આ કામો થવાથી સુરત જિલ્લાના કેટલા સિંચાઈ વિસ્તારને લાભ થશે ? | (૩) ૫૦,૧૫૩ હેકટર. |

---------

અમદાવાદ શહેરમાં નવી રેફરલ હોસ્પિટલો ખોલવાની મંજુરી

* ૩૧૯૩ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮ ના બજેટમાં અમદાવાદ શહેરમાં ત્રણ નવી રેફરલ હોસ્પિટલ ખોલવાની મંજુરી આપવામાં આવી હતી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. એક શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ કઈ જગ્યાએ નવી રેફરલ હોસ્પિટલ શરૂ કરવાની મંજુરી આપવામાં આવી, અને | (૨) સ્થળ અંગે મહાનગરપાલિકાના પરામર્શમાં કાર્યવાહી ચાલુ છે. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી નાણાકીય રકમની જોગવાઈ કરવામાં આવી છે ? | (૩) રૂ.૧,૨૨,૫૦,૦૦૦/– |

---------

ભચાઉ તાલુકાના મોરગર–દેશલપર રોડને રીસરફેસ કરવાની યોજના

* ૪૪૧૫ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના મોરગર–દેશલપર રોડને રીસરફેસ કરવા સરકારની યોજના છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | (૨) રૂ.૧૩૦.૦૦ લાખ. |
| (૩) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ આ કામ ક્યા | (૩) ટેન્ડર મંજૂરી હેઠળ. |

તબક્કે છે ?

---------

બ્લડ બેંકોના પ્રોસેસિંગ દરો નક્કી કરવા

* ૪૪૫૮ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારના તા.૧૨-૦૨-૨૦૧૪ના પત્રથી બ્લડ બેંકોને બ્લડના પ્રોસેસિંગ માટેના દરો નિયત કરવામાં આવેલ છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સુચનાનુસાર રાજ્યની તમામ બ્લડ બેંકોને ભારત સરકારની સુચનાઓ અનુસરવા ક્યારે જાણ કરવામાં આવી ? | (૨) ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝનની કચેરીના પત્ર ક્રમાંકઃ GSCBT/Service Charge/636-771/2014-15, Dt.12/06/2014 થી ગુજરાતની તમામ બ્લડ બેંકોને પરિપત્ર કરેલ છે. |

---------

વલસાડ જિલ્લામાં અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજના

* ૨૪૯૩ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજનાની જાહેરાત ક્યારે કરવામાં આવી હતી, | (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજનાની તા.૧૭-૦૯-૨૦૧૬ એ જાહેરાત કરવામાં આવી હતી. |
| (૨) જાહેરાત થયા બાદ આ યોજના ક્યારે શરૂ કરવામાં આવી, અને<br>(૩) ઉકત સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) અને (૩) અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજનાને તા.૧૦-૦૭-૨૦૧૭ થી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.<br>યોજનાના ૬ પેકેજના ટેન્ડરો ક્રમશઃ માંગવામાં આવી રહેલ છે. ટેન્ડર મંજૂર થયે ૨૪ માસમાં યોજના પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

શહેરા તાલુકામાં કેનાલ દ્વારા તળાવો ભરવા બાબત

* ૪૧૯૯ શ્રી જેઠાભાઈ આહિર (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ શહેરા તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં પાનમ હાઈલેવલ કેનાલ મારફતે કેટલા તળાવો લીંકીંગ કરી સિંચાઈ માટેનું આયોજન કરવામાં આવેલ, | (૧) ૩૯ તળાવો. |
| (૨) તે પૈકીની દરખાસ્તો ક્યારે સરકારને મળી, અને | (૨) તા.૧૨-૦૪-૨૦૧૬, તા.૧૬-૦૧-૨૦૧૭, તા.૧૫-૦૧-૨૦૧૮. |
| (૩) તળાવો લીંકીંગ કરવાની દરખાસ્તોને સરકાર કેટલા સમયમાં મંજૂરી આપશે ? | (૩) તાંત્રિક અહેવાલ આવ્યેથી યથાસંભવ જલદી. |

---------

મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૪૪૭૪ ડૉ.આશા પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામના તળાવો ઉંડા કરવામાં આવ્યા,

જવાબ

(૧)

| મહેસાણા જિલ્લો | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકો | ગામોની સંખ્યા | ઉંડા કરેલ તળાવોની સંખ્યા |

| | | | |
|---|---|---|---|
| ૧ | વિસનગર | ૧૩ | ૧૬ |
| ૨ | મહેસાણા | ૧૧ | ૧૧ |
| ૩ | ઉંઝા | ૬ | ૮ |
| ૪ | બેચરાજી | ૯ | ૧૧ |
| ૫ | વડનગર | ૭ | ૯ |
| ૬ | કડી | ૧ | ૩ |
| ૭ | જોટાણા | ૯ | ૧૨ |
| ૮ | ખેરાલુ | ૫ | ૫ |
| ૯ | વિજાપુર | ૭ | ૭ |
| ૧૦ | સતલાસણા | ૧ | ૧ |
| | કુલ | ૬૯ | ૮૩ |
| સાબરકાંઠા જિલ્લો | | | |
| અ.નં. | તાલુકો | ગામોની સંખ્યા | ઉંડા કરેલ તળાવોની સંખ્યા |
| ૧ | હિંમતનગર | ૯ | ૯ |
| ૨ | ઇડર | ૧૯ | ૧૯ |
| ૩ | વડાલી | ૭ | ૭ |
| ૪ | પ્રાંતિજ | ૮ | ૮ |
| ૫ | તલોદ | ૯ | ૯ |
| | કુલ | ૫૨ | ૫૨ |

(૨) ઉક્ત તળાવો ઉંડા કરવા પાછળ જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) નીચે મુજબ જિલ્લાવાર ખર્ચ થયેલ છે.
મહેસાણા જિલ્લો – રૂ.૫,૨૫,૬૫,૦૦૦/–
સાબરકાંઠા જિલ્લો – રૂ.૧,૯૬,૧૦,૦૦૦/–

(૩) કેટલી એજન્સીએ તળાવો ઉંડા કરવાની કામગીરી કરેલ અને તે પેટે કઇ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ?

(૩) મહેસાણા જીલ્લો– ૨૯ એજન્સી અને સાબરકાંઠા જીલ્લો–૧૫ એજન્સી

| મહેસાણા જીલ્લો– ૨૯ એજન્સી | | |
|---|---|---|
| અનુ | એજન્સીનું નામ | ચૂકવેલ રકમ રૂ.(લાખમાં) |
| ૧ | જયઅંબે ઇંફ્રાકોન, વિસનગર | ૫૬.૦૧ |
| ૨ | રામેશ્વર કં. રાધનપુર | ૩૦.૨૯ |
| ૩ | ભગારામ ગ. ચૌધરી | ૧૩.૮૨ |
| ૪ | ઓહમ કોર્પોરેશન | ૬.૯૭ |
| ૫ | અજમલજી ડી. ઠાકોર | ૫૨.૬૧ |
| ૬ | અલ્પેશ એન. પ્રજાપતિ | ૨૭.૬૩ |
| ૭ | એસ.વી.કં, મહેસાણા | ૧૦.૩૪ |
| ૮ | સંજય વી. પ્રજાપતિ | ૨૯.૮૭ |
| ૯ | જગદીશ કં. વિસનગર | ૨૩.૯૯ |
| ૧૦ | ગુજરાત કં. મહેસાણા | ૦.૫૫ |
| ૧૧ | ખીમાભાઈ એન. ચાવડા | ૬.૬૪ |
| ૧૨ | રાધાસ્વામી કં. મહેસાણા | ૧૯.૮૩ |
| ૧૩ | ભુમિકૃપા કં. મંડાલ | ૧૦.૦૫ |
| ૧૪ | વિષ્ણુભાઈ એન. પ્રજાપતિ | ૩૬.૪૭ |
| ૧૫ | માતૃશ્રી કોર્પોરેશન | ૩૨.૭૯ |
| ૧૬ | પ્રમુખ કં.વડનગર | ૨૨.૪૮ |
| ૧૭ | જગદીશ બી.પટેલ, મહેસાણા | ૨૦.૬ |

| | | |
|---|---|---|
| ૧૮ | સંકેતકુમાર જે. પટેલ | ૬.૯૩ |
| ૧૯ | ડી.સી.પટેલ કં. | ૧૩.૯૫ |
| ૨૦ | પનાજી ન.ઠાકોર | ૬.૯૯ |
| ૨૧ | વિવેકકુમાર બી. પટેલ વિસનગર | ૫.૦૧ |
| ૨૨ | ઉમાપીસી એન્ટરપ્રાઈઝ | ૬.૯૦ |
| ૨૩ | નિર્મલ કં. એદ્રાણા | ૬.૯૦ |
| ૨૪ | માધવ કન્સ્ટ્રક્શન | ૧૩.૧૫ |
| ૨૫ | રામેશ્વર કન્સ્ટ્રક્શન & જી.એલ.પટેલ | ૧૨.૨૪ |
| ૨૬ | એ.એન.પ્રજાપતિ | ૧૩.૯ |
| ૨૭ | એસ.બી.ચૌધરી | ૧૮.૮૫ |
| ૨૮ | હેત એન.પટેલ | ૧૩.૮૮ |
| ૨૯ | રાઈટ કં. | ૬.૦૧ |
| | સાબરકાંઠા જીલ્લો– ૧૫ એજન્સી | |
| ૧ | સુભાષભાઈ. એસ.પરમાર | ૧૬.૩૬ |
| ૨ | બન્જારા કન્સ્ટ્રક્શન | ૧૬.૦૯ |
| ૩ | જવાહરજી મોતીજી વણઝારા | ૨૬.૧૨ |
| ૪ | નિમેષ. જી.પટેલ | ૬.૫૩ |
| ૫ | ડીએન્ટરપ્રાઈઝ | ૫૬.૮૨ |
| ૬ | કનુભાઈ. એ.પટેલ | ૬.૩૬ |
| ૭ | આર.બી.સગર | ૯.૧૦ |
| ૮ | સુધીરભાઈ.બી.પટેલ | ૫.૪૯ |
| ૯ | મિહિર.એમ.પટેલ | ૭.૮૭ |
| ૧૦ | જીવણભાઈ.એ.પટેલ | ૨૪.૧૩ |
| ૧૧ | ઉમિયા કન્સ્ટ્રક્શન | ૪.૮૭ |
| ૧૨ | દિગ્વીજયસિંહ એસ ચંપાવત | ૧.૦૬ |
| ૧૩ | દશરથભાઈ.એસ.પટેલ | ૧૦.૩૫ |
| ૧૪ | હિરાલાલ.આઇ.પટેલ | ૩.૦૬ |
| ૧૫ | રોબર્ટ કન્સ્ટ્રક્શન | ૧.૮૯ |

---------

પંચમહાલ જીલ્લાના શહેરા–આંકડીયા રોડ પરનો કોઝ વે

* ૫૭૪૯ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના શહેરા આંકડીયા બામરોલી રોડ પર આંકડીયા ગામ પાસે કોઝ વે સાંકડુ પડે તે સ્થળે પુલ બનાવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને | (૨) રૂ. ૧૦૧ લાખ. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

ભાવનગર જિલ્લાના લીલવણ–દાઠા રોડની કામગીરી

* ૫૭૩૭ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જીલ્લાના બે તાલુકાને જોડતા લીલવણ થી દાઠા જતા રસ્તાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |

અને

| | |
|---|---|
| (૨) જો હા, તો કેટલી રકમનું અને તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૨) રૂ. ૧૧૫.૦૦ લાખ નકશા અંદાજોની પ્રક્રીયામાં. |

---------

## મહેસાણા જિલ્લાના ખેરવા-નારદીપુર રોડને પહોળો કરવાની કામગીરી

* ૪૫૮૯ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ખેરવા-વેડા-નારદીપુર રસ્તાને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૨૫૫૫.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર મંજૂરી હેઠળ છે. |

---------

## રાપર તાલુકામાં બંધારા બાંધવાની યોજના

* ૪૪૦૧ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં બંધારા બાંધવાની કોઈ યોજના છે કે કેમ, | (૧) હા. પલાસવા બંધારા બાંધવાની યોજના છે. |
| (૨) જો હા, તો આ બંધારા થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ થશે, અને | (૨) પલાસવા બંધારા થકી ૮૫૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો આડકતરો લાભ થશે. |
| (૩) તેનો અંદાજીત ખર્ચ કેટલો છે? | (૩) રૂ. ૮૩૪.૫૫ લાખ અંદાજીત ખર્ચ છે. |

---------

## અરવલ્લી જિલ્લાના ઉભરાણ-રંભોડા રોડ પહોળો કરવાની કામગીરી

* ૫૭૫૫ શ્રી હિતુ નરેશ કનોડિયા (ઇડર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અરવલ્લી જિલ્લાના ઉભરાણ-હેલોદર-રંભોડા રોડ કિ.મી.૦/૦ થી ૨૦/૪૦ રોડ પહોળો કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૪૦૦૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

## મહેસાણા જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલ.ઈ.ડી.નું વિતરણ

* ૫૭૧૫ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ મહેસાણા જીલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલ.ઈ.ડી. ટ્યૂબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ મહેસાણા જીલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૬૨,૭૦૮ એલ.ઈ.ડી. ટ્યૂબલાઈટ અને ૩૨,૩૨૮ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની | (૨) એલ.ઈ.ડી. ટ્યૂબલાઈટના વપરાશથી વાર્ષિક |

વીજ બચત થશે, અને

અંદાજીત ૩૨.૦૪ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વાર્ષિક અંદાજીત ૨૩.૧૩ લાખ યુનિટની બચત થશે.

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

(૩) એલ.ઈ.ડી. ટ્યૂબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂ. ૧.૪૪ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂ. ૧.૦૪ કરોડની બચત થશે.

---------

સુરત જીલ્લામાં ૬૬ કે.વી. સબસ્ટેશનો

* ૪૦૮૬ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરત જીલ્લાના માંડવી તાલુકામાં જામણકુવા અને દેવગઢ ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશનો મંજુર થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) હા, જી. પરંતુ, સુરત જીલ્લાના માંડવી તાલુકામાં દેવગઢ ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન પ્રસ્થાપિત કરવા માટે તાંત્રિક રીતે અનુકુળ અને ઉચિત જરૂરિયાત મુજબની સરકારી પડતર જમીનની ઉપલબ્ધતા ન હોવાથી, વૈકલ્પિક જગ્યાએ સબસ્ટેશન બનાવવા માટે તાંત્રિક રીતે અનુકુળ જમીન પસંદગી કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

જ્યારે, સુરત જિલ્લાના માંડવી તાલુકામાં જામણકુવા ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન પ્રસ્થાપિત કરવા માટે તાંત્રિક રીતે અનુકુળ જમીન પસંદગી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. ઉચીત જમીન પસંદગી કરી જમીન ફાળવણી માટે કલેક્ટર કચેરી સુરતને દરખાસ્ત રજુ કરવામાં આવશે.

જમીનની ફાળવણી થયેથી દસ માસમાં સબસ્ટેશન કાર્યાન્વિત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

---------

ઔષધિય વનસ્પતિ માટેના રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૪૪૬૮ શ્રી કીરીટભાઈ પટેલ (પાટણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આયુષ સહિત ઔષધિય વનસ્પતિ માટેનું રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે,

જવાબ

(૧) આયુષ સહિત ઔષધિય વનસ્પતિ માટેનું રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી રૂ. લાખમાં | કૂલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૨૨૮.૩૬ | ૨૨૮.૩૬ |
| ૨૦૧૭–૧૮ | – | – |
| કૂલ | ૨૨૮.૩૬ | ૨૨૮.૩૬ |

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી રૂ. લાખમાં | કૂલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૨૦.૧૮ | ૧૨૦.૧૮ |
| ૨૦૧૭–૧૮ | ૨૪.૦૯ | ૨૪.૦૯ |
| કૂલ | ૧૪૪.૨૭ | ૧૪૪.૨૭ |

(૩) જો રકમ પુરી ન વપરાઈ હોય તો તેના કારણો શા છે?

(૩) વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન ભારત સરકાર તથા રાજ્ય સરકાર તરફથી મળેલ રકમ વહીવટી અને ટેકનિકલ કારણોસર પુરેપુરી વપરાઈ નથી.

---------

તાપી જિલ્લાના વાંકલા–કુભીયા–અમતાપુર રોડને પહોળો કરવાની કામગીરી

* ૫૭૫૨ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લાના વાંકલા કુભીયા પલાસીયા અમતાપુર રોડ પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૯૩૫ લાખ. |
| (૩) સદર કામગીરી તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) નકશા અંદાજો મંજુરી હેઠળ. |

---------

**વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા અંગે**

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનીય ગૃહમાં આપના એક ગૌરવવંતી મહિલાના નેતૃત્વમાં ગુજરાત વિધાનસભાનું કામકાજ સૂચારૂ રીતે આગળ ધપી રહ્યું છે ત્યારે વિશ્વ મહિલા દિને આપને આ ગૃહની અમારી બધી સન્માનીય માતાઓ, બહેનોને બધી ગુજરાતની ગૌરવવંતી નારી શકિતને વિશ્વ મહિલા દિનની હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશનો ઈતિહાસ રહ્યો છે ત્યાં નારીને નારાયણી તરીકે પૂજવામાં આવે. આ દેશનો ઈતિહાસ રહ્યો છે જયાં નારીની અંદર શકિતનું સ્વરૂપ જોવામાં આવે અને એ જ ગૌરવવંતા ગુજરાતની અંદર ,ગૌરવવંતા ભારતની અંદર એ હકીકત પણ એટલી જ સત્ય છે કોઇ અજ્ઞાન કવિએ લખ્યું છે કે,

**" हर युग में दाव पर लगती आई है बेटीयॉ, चाहे वो रामायण की सीता हो या महाभारत की द्रौपदी, क्युं हर युग में दाव पर लगती आई है बेटीयॉ "** માનનીય અધ્યક્ષશ્રી, એક માં જે ભારતના ભવિષ્યને દિગંબર અવસ્થામાં તેના ખોળાની અંદર ઉછેરીને તેને પાળી–પોષીને આંગળી પકડીને પા પા પગલી કરતા શીખવાડે, તેનો ઉછેર કરે તેને માંની કોખમાં સંસ્કારોનું શિક્ષણ, તેનું રોપણ કરવામાં આવે અને એક માં ઉછેરેલું બાળક જયારે આ પુરુષ પ્રધાન શાસન વ્યવસ્થાની અંદર પોતાના વિચારો વ્યકત કરતુ થાય એટલે જે માંએ દિગંબર અવસ્થામાં એક દીકરાને ઉછેર્યો હોય તે જ દીકરો મોટો થઇ અને આ દેશની માં સમાન નારી શકિતને મર્યાદાઓમાં રહેવાનું શિક્ષણ શીખવે તે ખૂબ દુઃખદ અને પીડાદાયક સમસ્યાનો સામનો સમગ્ર ગુજરાત કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગરવુ ગુજરાત માનનીય ગૃહના નેતાએ પણ મહિલા દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવતા ચિંતા વ્યકત કરી કે આ ગૌરવવંતા ગુજરાતની ભૂમિ ઉપર શું કામ દીકરીઓ જન્મ લેતાં ડરી રહી છે. ૨૦૦૧ થી ૨૦૧૧ના સેન્સેસમાં ખૂબ જહેમત પછી પણ પ્રતિ પુરુષે મહિલાઓનો દર તે ૨ દીકરીઓ જન્મ દર ઘટયો. ૨૦૧૧ થી ૨૦૧૩ અને ૨૦૧૪ થી ૨૦૧૬ તેમાં જે નવા બાળકોનો જન્મદર છે મેં આ ગૃહની સમક્ષ અગાઉ પણ ચિંતા વ્યકત કરી હતી ૨૦૧૧ થી ૨૦૧૩માં જે પ્રતિ પુરુષ દીકરીઓનો જન્મદર હતો તેમાં ૧૪ થી ૧૬ વચ્ચે વધુ ૬૩ ઓછી દીકરીઓ આ ગુજરાતની ધરતી ઉપર જન્મ લઇ રહી છે આ સૌની માટે ચિંતાનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે કોઇ ટીકા–ટીપ્પણીઓમાં જવા નથી માગતો કારણ કે નારીનું સન્માન એ સૌની ચિંતા હોય અને સૌએ સામુહિક રીતે ચિંતન કરી મારી ગુજરાતની ગૌરવવંતી નારી, માતા, બહેન, દીકરી એ સ્વાભિમાનથી તેના જીવનપથની મઝલને કાપી શકે એવી વ્યવસ્થા જો આપણે ઉભી કરી શકયા હોત તો મને લાગે છે કે આ સ્થિતિનો સામનો ના કરવો પડત. આ બાજુ હોય કે આ બાજુ, સત્તા પક્ષ કે વિપક્ષનો પ્રશ્ન નથી. આ ગુજરાતની આવતીકાલ સામે પ્રશ્નાર્થ ઊભો થઇ રહ્યો છે. પ્રતિ પુરૂષે દીકરીઓની ઉણપથી મને લાગે છે કે, આવનારા દિવસોમાં મહિલાઓનું સન્માન જાળવવામાં ક્યાંક મારું ગુજરાત નિષ્ફળ તો નહિ જાય, મહિલાઓ ઉપર થતાં અત્યાચારમાંથી સુરક્ષા આપવામાં ક્યાંક મારું ગુજરાત નિષ્ફળ તો નહિ

જાય એની ચિંતા થાય છે. માં, બહેન, દીકરીઓની ધોળે દિવસે શિયળ લૂંટાતા જો આપણે નહિ રોકી શકીએ તો શું આપણે આવા ગુજરાતનું નિર્માણ કરવાનું છે. એક ઘરની અંદર ગૃહિણી ઉપર અત્યાચાર થાય એમાંથી આપણે આ ગુજરાતને મુક્ત કરાવવા સામૂહિક ચિંતા કરવી પડશે. સરકારે પ્રયાસ કર્યા. મહિલાઓ માટે અલગ પોલીસ સ્ટેશન બનાવ્યા, મહિલાઓ માટે હેલ્પ લાઇનની વ્યવસ્થા કરી. હું માનનીય ગૃહના નેતાનું ધ્યાન દોરવા માગું છું કે, વિતેલા વર્ષમાં મહિલા હેલ્પ લાઇનની અંદર ત્રણ લાખ કરતાં વધુ ફરિયાદો નોંધાઇ છે. દીકરીઓને એની સમસ્યાનો અવાજ બનવા માટેની વ્યવસ્થા તો ઊભી કરી પણ એની જે ફરિયાદો નોંધાઇ એ ફરિયાદોના નિરાકરણ માટે આપણે શું વ્યવસ્થા ઊભી કરી મને લાગે છે કે, એના માટે પણ એક ઠોસ નીતિ સાથે દરેક દીકરીઓની સમસ્યાનું સમાધાન શોધવામાં જો નિષ્ફળ જઇશું તો મને લાગે છે કે, આ ગુજરાતમાં આવતા દિવસોમાં દીકરીઓના જન્મવાનો દર વધુ ઘટશે. આ સન્માનીય ગૃહ સમક્ષ જે થોડા આંકડાઓ આવ્યા છે એ સામૂહિક રીતે પોલિટીક્સથી ઉપર ઊઠી અને આ ગૃહ એના વિશે ચિંતા કરે. હમણાં જ વિધાનસભામાં જવાબ મળ્યો કે ૧૩૫૭૭ જેટલી બહેનો ગુમ થઇ છે.

સભાપતિશ્રી : પરેશભાઇ, બીજા ઘણા બધાં સભ્યોને બોલવું છે, શુભેચ્છાઓ આપવી છે એટલે ટુંકમાં જ શુભેચ્છાઓ આપો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું ટીકા–ટિપ્પણી નથી કરતો.

સભાપતિશ્રી : આજે ખૂબ સારી રીતે સારા સૂચનો કરો અને બીજા સભ્યોને બોલવાનું હોવાથી ટુંકમાં કહો.

શ્રી પરેશ ધાનાણી : નીતિનભાઇ, સમસ્યાઓ અંગે જો આપણે ચિંતન નહિ કરીએ તો આપણે નારીનું ગૌરવ વધારવા માટેની દિશા નક્કી નહિ કરી શકીએ. હું એમ નથી કહેતો કે તમારા કારણે બન્યું છે. હું એમ કહું છું કે, આ ગૃહ સામૂહિક રીતે મહિલાઓની સમસ્યાઓની ચિંતા કરવી પડશે. આ અંગે નીતિ ઘડવી પડશે અને એ નીતિનો જો આપણે અમલ કરવા સક્ષમ બનીશું તો જ આ ગૃહની મહિલાઓનું ગૌરવ વધશે. નીતિનભાઇને આંકડા નથી ગમતા તો મેં આંકડા મૂકી દીધા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે જે બોલો છો એ બોલવાનો આ પ્રસંગ નથી.

શ્રી પરેશ ધાનાણી : મહિલાઓની ચિંતા જો આપણે કરી હોત તો આ આંકડા ન આવ્યા હોત.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આજે માત્ર શુભેચ્છા પાઠવવાનો વિષય છે. તમે રાજકીય અવલોકન કરો છો.

સભાપતિશ્રી : આપને ખાલી મહિલા દિન વિશેની શુભેચ્છાઓ પાઠવવા જ કીધું છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એમાંથી રાજકીય અવલોકન તરફ જઇએ એ આજના દિવસ માટે યોગ્ય નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આંકડા નીચે મૂકી દીધા. વ્યવસ્થા હોય, નીતિ હોય, આપણો વ્યવહાર હોય અને જો આપણે દર્પણમાં આપણો ચહેરો નહિ જોઇએ તો. આપણે જે વિષય ઉપર શુભેચ્છાઓ આપવા જઇ રહ્યા છીએને..

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, નવ મિનિટ થઇ છે અને બીજા સભ્યશ્રીઓને પણ મારે બબ્બે મિનિટ આપવી છે, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણીઃ માનનીય સભ્યશ્રી, આ ગૃહની બહેનોને અભિનંદન સાથે...

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આખા સત્ર દરમિયાન માનનીય વિપક્ષના સભ્યશ્રીઓને કોઇપણ વિષય ઉપર ચર્ચા માટે સમય મળે જ છે એટલે આજના દિવસે રાજકીય અવલોકન ન કરે અને આ ગૃહ માટે શોભાસ્પદ નથી.

સભાપતિશ્રીઃ મહિલા સભ્યશ્રીઓને પણ બોલવું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય બાપુ સાહેબ, મારી આખી સ્પીચ મંગાવી લેજો, મારું કોઇ રાજકીય અવલોકન નથી. ભાજપ – કોંગ્રેસની વાત નથી.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, આપનો સમય પૂરો થાય છે . પ્લીઝ, નવ મિનિટ થઇ ગઇ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવા જ કયાં દીધો છે? મહિલાઓ પ્રત્યે હું ચિંતા વ્યકત કરી રહ્યો છું. સારાં સૂચનો કરી રહ્યો છું.

સભાપતિશ્રી : આજે ડીબેટ નથી, આપને ખાલી શુભેચ્છાઓ પાઠવવા માટે મેં સમય આપ્યો છે. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી: આ દેશમાં મહિલાઓએ..

સભાપતિશ્રી : માનનીય વિભાવરી બહેન. માનનીય પરેશભાઇ, ઘણો સમય થઇ ગયો છે.

તા. ૮મી માર્ચ, ૨૦૧૮

વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા અંગે

શ્રી પરેશ ધાનાણી: આપ અધ્યક્ષ તરીકે બિરાજમાન થયા. ભૂતકાળમાં પ્રધાન મંત્રી તરીકે સ્વ. ઇન્દીરા ગાંધીજીએ આખા દેશનું નેતૃત્વ કર્યું. પ્રતિભા પાટીલજીએ રાષ્ટ્રપતિ તરીકે આ દેશના પ્રથમ નાગરિક તરીકે સેવા આપી છે. (અંતરાય) આ દેશની એક દીકરી એ બીજા ગૃહ ઉપર પહોંચી. અહીંયા પણ માનનીય આનંદીબહેને રાજયના મુખ્ય મંત્રીશ્રી તરીકે નેતૃત્વ કર્યું. આને બીજા સ્વરૂપે ન લો, હું કોઇ ટીકા નથી કરવા માગતો.

સભાપતિશ્રી : મેં આપને સમય પણ ઘણો આપ્યો છે. મારે બીજા સભ્યશ્રીઓને પણ સમય આપવો છે અને હવે આપ પૂરું કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત આપને, વિધાનસભા સચિવાલયના બીજા બધા જ સન્માનનીય મહિલા પદાધિકારીઓને, આ ગૃહની બધી જ મારી સન્માનનીય બહેનોને અને આપના મારફત ગુજરાતની દરેક ગૌરવવંતી નારીને, એનું સ્વમાન વધે, એની સુરક્ષા વધે અને એ પગભર થઇને નારાયણીના સ્વરૂપમાં આ દેશના સંસ્કારોનું એના ખોળામાં જતન કરવા માટે સક્ષમ બને એવી હું હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું.

શ્રીમતી વિભાવરી દવે (રાજય કક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના વિશ્વ મહિલા દિવસે અહીંની ગૃહની અને ગુજરાતની અને અહીંયા મારા જે ભાઇઓ બેઠા છે તમામ ભાઇઓના ઘરવાળાં, ઘરની અંદરના પરિવારના તમામ મહિલા સભ્યોને અને ગુજરાતની તમામ મહિલાઓને હું આજની મહિલા દિનની હૃદયપૂર્વકની હૃદયના ઉંડાણથી શુભેચ્છા પાઠવું છું અને જૈસે ખાલી હૈ વો આસમાન, જીસમેં બદલીયાં ન હો. જૈસે ખાલી હૈ વો મકાન, જીસમે ખીડકીયાં ન હો. વૈસે હી, ઠીક વૈસે હી ખાલી હૈ વો ઘર, જીસમેં બેટિયાં ન હો. આપણે બધાયે આ ચિંતા કરી છે. સામેથી ચિંતા કરી છે, સરકાર ચિંતા કરે છે અને આજે દીકરી અવતરણના સ્વાગત માટે થઇને સરકારે હોસ્પિટલમાં જઇ અને માનનીય મુખ્ય મંત્રીશ્રીથી શરૂ કરીને બધા લોકો એમને આવકારવા, દીકરીના અવતરણને આવકારવા માટેનું જે કાર્ય કર્યું છે એ હું માનું છું ત્યાં સુધી અહીં બેઠેલા વિપક્ષ અને પક્ષ બધા જ સાથે રહીને સામાજિક એક ઉત્થાન ઉભું કરીએ. માનનીય નરેન્દ્રભાઇએ, કોઇ સરકાર અત્યાર સુધી નહોતું કર્યું એવું સ્ત્રીભૃણ હત્યા અટકાવવાનું અને બેટી બચાવોનું અભિયાન જે શરૂ કર્યું હતું એ સરકાર આ વખતે પણ શરૂ કરવા માગે છે. હું તો મારા વિપક્ષના મિત્રોને પણ આહવાન કરું છું. આવો, આપણે સાથે રહી અને આ ગુજરાતની દીકરીઓને જીવવા માટે, એને જન્મ આપવા માટે થઇને આપણે કટીબદ્ધ બનીએ અને ભૃણહત્યા કરતા હોય એ તમામને જે પણ કંઇ કરવામાં આવે એમાં આપણે બધા જ સાથે રહીને ભૃણહત્યા કરતા અટકાવીએ અને આપણે બધા સાથે રહીને કરીએ અને આપણે એ કહેવાની જરૂર છે કદાચ કોઇ એવું માનતું હશે કે, ડોટર ઇઝ એ ટેન્શન, પણ આપણે સમાજમાં જઇએ એવું કહેવું છે કે, નો, ડોટર ઇઝ નોટ એ ટેન્શન, બટ ડોટર ઇઝ લાઇક એ ટેન સન્સ. એ દસ દીકરા બરાબર એક દીકરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરંપરાની વાત કરી છે ત્યારે મારે કહેવું છે કે, ભારતીય સંસ્કૃત્તિમાં સ્ત્રીનું મહત્વ પુરૂષ કરતાં કદાચ વધારે પણ હશે અને જયારે સ્ત્રી ભગવાનની વાત કરીએ ત્યારે સ્ત્રી ભગવાનના પુરૂષ અને સ્ત્રી ભગવાન બન્નેને સાથે વિશ્વના બીજા કોઇ દેશમાં સ્ત્રી ભગવાન નથી પણ આપણા દેશમાં સ્ત્રી ભગવાન માતા છે અને એ માતાને શકિત તરીકે, કોઇ પુરૂષને શકિત તરીકે નહીં પણ દરેક માતાને શકિત તરીકે આ ભારતીય પરંપરામાં પૂજવામાં આવે છે અને સ્વીકારવામાં આવે છે. આ સ્ત્રી શકિત એ પરંપરાથી હતી જ અને આપણે જાણીએ છીએ કે, બ્રહ્માજીએ પણ મહત્વના ખાતાઓ નાણાં ખાતું લક્ષ્મીજીને આપ્યું, શિક્ષણ ખાતું સરસ્વતીજીને આપ્યું, સંરક્ષણ ખાતું મા દુર્ગાજીને આપ્યું. આજે દેશના વડાપ્રધાનશ્રીએ પણ આખા દેશની સુરક્ષા માટેની જવાબદારી એક મહિલાને આપી છે.

સભાપતિશ્રીઃ એમને સાંભળો, બહેનો માટે સારી વાતો કરે છે તેમને સાંભળો.

શ્રીમતી વિભાવરી દવે : આ દેશના વડાપ્રધાનશ્રીએ આખા દેશની સુરક્ષા માટે કોઇ મહિલા ઉપર વિશ્વાસ મૂકયો હોય તો તે પહેલી વાર આ દેશના વડાપ્રધાને મૂકયો છે અને દેશની સુરક્ષાની જવાબદારી એક મહિલા નિર્મલા સીતારામનજીને આપી છે, અને બીજા અન્ય દેશો માટે વિદેશ નીતિ ઘડવાનું કામ અને આગળ વધવાનું કામ અમારા સુષ્માજીને આપ્યું છે. આમ અગત્યના અને મહત્વના ખાતાંઓ વડાપ્રધાનશ્રીએ મહિલાઓને આપ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વાત થાય છે સંરક્ષણની ત્યારે મારે સંરક્ષણની અંદર કહેવું છે કે, અત્યાર સુધીમાં પહેલી વખત એક મહિલા લડાકુ વિમાન, ફાઇટર પ્લેન ઉડાડવાની જો વાત કરતી હોય તો વાત કરીએ તો એ મહિલા છે, દીકરી છે અને આ દીકરીનું આપણે બધા ખૂબ સ્વાગત કરીએ છીએ.

સભાપતિશ્રીઃ એક મિનીટમાં પૂરું કરો..

શ્રીમતી વિભાવરી દવે : મારે ઘણું બધું કહેવું છે. ઓલેમ્પીકમાં ભારતનું ગૌરવ વધાર્યું હોય કે ક્રિકેટની

વાત કરીએ તો ઈન્ટરનેશલ ક્રિકેટમાં મહિલા વર્લ્ડ કપ જીતી હોય અને ચંદ્ર ઉપર મારે કહેવું છે કે, ૧૦૪ સેટેલાઇટનું કામ હતું એક સાથે ૧૦૪ સેટેલાટ છોડવાનું કામ હતું. વિશ્વની અંદર હતું એક સાથે ૧૦૪ સેટેલાઇટ ને વિશ્વની અંદર કોઇ છોડી શકયું નથી. આ સેટેલાઇટ છોડવાનું જે કામ હતું તેમાં ઇસરોની અંદર જે ત્રણ મહિલા સાયન્ટીસ્ટ હતાં જે ત્રણ મહિલાઓ હતી એમાં સીતા શોમ સુંદરમ, નંદીની હરીનામ અને મીતલ રોહિત ત્રણ આ મહિલાઓએ ભારતીય નારીઓનું ગૌરવ વધાર્યું છે આવી ગૌરવ વધારતી આપણી ભારતીય નારીનું અને વિશ્વની અંદર નામ રોશન કર્યું છે. વિશ્વ એમ કહે છે કે ૨૧મી સદી ભારતની સદી છે, ભારત એમ કહે છે કે, ૨૧ મી સદી મહિલાઓની છે, એટલા માટે હું એમ કહું છું કે ૨૧મી સદી ભારતીય મહિલાઓની સદી છે. આપણે એ રીતે આગળ વધીએ છીએ. છેલ્લે એક પંક્તિ કહીને મારી વાત પૂરી કરીશ.

ખોદું જયાં ખાડો ત્યાં સરિતા નીકળે, બોલું જયાં સત્ય ત્યાં સંહિતા નીકળે , આજે પણ જો આવે જનક રાજા અને ચલાવે હળ તો આજે પણ આ જ જમીનમાંથી સીતા નીકળે. આટલી વાત સાથે ફરી વખત શુભેચ્છાઓ આપું છું અને આ ગૃહની અંદર મારા વિપક્ષના મિત્રોને પણ કહેવા માગું છું કે, આજે દેશની અંદર ૧૨ મહિલાઓ મંત્રી છે કેન્દ્રની અંદર, અહીં વિધાનસભામાં પણ ૯ ભાજપની અને ૪ કોંગ્રેસની અંદર મહિલા ધારાસભ્યો છે અને આજે ગુજરાતની અંદર ત્રણ મહિલા મેયરો છે, પોતાના મહાનગરોમાં શાસન કરે છે. ૬૧૬ ગ્રામ પંચાયતોમાં સંપૂર્ણ મહિલા સમરસ ગ્રામ પંચામયતો છે, આમ મહિલાઓનું ગૌરવ વધાર્યું છે. આવતા દિવસોમાં સાથે રહીને વધારીશું.

ડો. આશા પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની તમામ મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે હું ખૂબ અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું. મારે કહેવું છે કે, તેણી વગર તેનું કોઇ વજુદ જ નથી. તેવી આ સ્ત્રી શકિતની વાત કરવા નીકળી છું ત્યારે, **फुल जैसी कोमल नारी, कांटो जितनी कठोर नारी, फुल जैसी कोमल नारी, कांटो जितनी कठोर नारी, अपनो की हिफाजत मे, सबसे अव्वल नारी, दुःखों को दुरकर खुशीयों को समेटे नारी, फीर लोग क्यूं कहते है, तेरा अस्तित्व क्या है नारी, जब अपनी छोटी-छोटी खवाईशों को जीने लगती नारी, दुनिया दिखाती है, उसके उसकी दायरे सारी, अपने घर में बंधी नारी, अपने कर्म में बंधी नारी, अपनो की खुशी के लिये अपने सब सपनें कुरबान करती नारी, जब भी सब्र का बाण तुटे तो, सब पर भारी नारी, फुल जैसी कोमल नारी, कांटो जितनी कठोर नारी॥** આ નારી એકદમ કોમળ અને જરૂર પડે તો કઠોર પણ બની શકે, એવી આ નારીના જયારે સન્માનની વાત છે ત્યારે વુમેન આર ધ રીઅલ આર્કીટિકટ ઓફ સોસાયટી છે, એ આખા સમાજની, સોસાયટીની આર્કીટિકટ છે, આખી સોસાયટીનું જો બંધારણ ઘડતી હોય તો, તે આ નારી છે. ગુજરાતમાં આ નારીના સન્માનની વાત જયારે થઇ રહી છે ત્યારે, મારી તમામ નારીઓ આર્થિક રીતે, સામાજીક રીતે, માનસિક રીતે, શૈક્ષણિક રીતે તમામ રીતે સશકત થાય તો જ સાચા અર્થમાં ગુજરાતમાં નારીનું સશકિતકરણ થયું કહેવાય અને એટલા માટે મારે સભાગૃહને ખાસ કહેવું છે હું કોઇ પક્ષાપક્ષીમાં પડવા માગતી નથી. પરંતુ બહેનોની વાત કરી ત્યારે મારે એક બહેન તરીકે વાત કરવી જોઇએ. એના ગુણગાન ગાવા જઇએ તો આખો દિવસ ઓછો પડે પરંતુ અમારી સરકારના સાંસદ શ્રીમતી મીરાકુમાર લોકસભાના અધ્યક્ષ તરીકે હતા. મારે કહેવું છે કે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે શ્રીમતી સોનિયાબહેન ગાંધી હતા. મારે એ પણ કહેવું છે કે દેશના વડાપ્રધાન તરીકે શ્રીમતી ઇન્દિરાબહેન ગાંધી પણ હતા અને સાથે સાથે શ્રીમતી પ્રતિભાબહેન પાટીલ દેશના રાષ્ટ્રપતિ તરીકે કોંગ્રેસ સરકારે આપ્યા છે. મહાત્મા ગાંધીજી જયારે આંદોલન ચલાવતા હતા ત્યારે એમના ધર્મપત્નિ શ્રીમતી કસ્તુરબા ગાંધીને સાથે લઇને ચાલતા હતા. આ રીતે ગાંધીજીની વિચારધારા અને કોંગ્રેસની વિચારધારા નારીનું સન્માન કરવાની છે. આપણા લોકશાહી દેશમાં નારીનું જે મહત્વ છે એ કદીયે ભૂલી શકાય તેમ નથી.

સભાપતિશ્રી : સભાગૃહના સૌ સભ્યશ્રીઓને આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે સૌને હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવું છું. સમગ્ર મહિલા જગતને એની શકિતને મારા વંદન કરું છું. સ્ત્રીને હંમેશા સેવાનું પ્રતિક ગણું છું. સ્ત્રીને હંમેશા સમર્પણનું પ્રતિક કહ્યું છે. હંમેશા સ્ત્રીને માટે શકિતસ્વરૂપ શબ્દ વપરાયો છે. જગતની અંદર તમામ ક્ષેત્રની અંદર મહિલાઓનું જે મહત્વ છે એને સહેજ પણ ઓછું ન આંકી શકાય એ સૌ સમજે છે.

હું સમજું છું ત્યાં સુધી તમામ જગ્યાએ મહિલા વિકાસ માટે ખૂબ સારો સહકાર મળતો હોય છે. મહિલાઓમાં જે જાગૃતિ આવી છે મહિલાઓના પ્રશ્નોની સામે સરકારે અનેક યોજનાઓ બનાવી છે. હું ગણીને કહી શકું તો સો થી

વધારે યોજનાઓ સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો માટે, સ્ત્રીઓના આર્થિક ઉત્કર્ષ માટે, સ્ત્રીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે, એના રાજકીય ઉત્કર્ષ માટે, સામાજિક ઉત્કર્ષ માટે આવી અનેક સમસ્યાઓના હલ માટે અનેક યોજનાઓ બનાવવામાં આવી છે. જેના પરિણામે સમગ્ર ગુજરાતની મહિલા સંસ્થાઓ જે કામગીરી કરી રહી છે, સમગ્ર એન.જી.ઓ. કામગીરી કરી રહી છે. એ જાગૃતિના પરિણામ રૂપે આ યોજનાઓનો લાભ મહિલાઓ લેતી થઇ છે. અને જેના પરિણામે આજે જે કંઇ સમસ્યાઓ કદાચ વધારે દેખાતી હશે, સમસ્યાઓ ખૂબ વધી છે પણ હું એમ સમજુ છું કે જે મહિલાઓમાં જાગૃતિ આવી છે. પોતાની શકિતની પહેચાન એને થઇ છે, પોતાના અધિકારો છે એ અધિકારોની પણ પહેચાન એને થઇ છે એના હિસાબે કદાચ આપણને લાગતું હોય કે સમસ્યાઓ વધી છે. પણ જાગૃતિને પરિણામે મહિલાઓ જે રીતે આગળ વધી રહી છે. આપણે જોઇએ છીએ કે અનેક જગ્યાએ મહિલાઓએ પ્રગતિ કરી છે ત્યારે સેવા અને સમર્પણની મૂર્તિ બહેનો છે ત્યારે કયારેય બાંધછોડ નથી કરી. કયારેય કચાશ નથી છોડી એ ગમે તે હોદ્દા ઉપર હોય કે કાર્ય કરતી હોય પરંતુ ઘરની પરંપરા છે એ હંમેશા સંભાળતી હોય છે એની પ્રતિતિ પુરુષ સભ્યોને છે જ. કારણ કે સ્ત્રી વગરનું ઘર એ ઘર ન કહેવાય એ મકાન કહેવાય. સ્વામી સચ્ચીદાનંદજીએ પુસ્તકમાં એક સરસ ચેપ્ટર લખ્યું છે કે સ્ત્રી વગરનું ઘર કેવું બની જાય. ત્રણ દિવસ સ્ત્રી ઘરની બહાર જાય તો એ ઘરની હાલત કેવી થાય એ પોતાની જાતને પૂછી લેજો એમાં મારે વધારે ચર્ચા કરવી નથી. સમર્પણની વાત કરવી છે એમાં ચોક્કસ કહીશ કે પરિવારની નિસ્વાર્થ સેવા સ્ત્રી જ કરે છે. પોતાનો પતિ કે દીકરો કે બાળક બીમાર પડે તો એ ભગવાનને પ્રર્થના કરે છે કે હે ભગવાન એની બીમારી મને આપી દે પણ એને સાજો કરી દે. દુનિયામાં આવો જોટો કયાંય જોવા નહિ મળે. સ્ત્રીઓ વિશે ઘણું બોલી શકાય દિવસોના દિવસો ઓછા પડે. પણ આજના દિવસે હું માત્ર એટલું જ કહીશ કે મહિલા વિકાસમાં, મહિલાઓને મદદરૂપ થવા, મહિલાઓ આગળ આવે તેના માટે તમામ પ્રયત્નો આપણે સૌ સાથે મળીને કરીએ અને આજના દિવસે મહિલા જગતના સૌ સભ્યશ્રીઓને મારી ખૂબ ખૂબ શુભેચ્છા આપું છું. સંસ્થાઓ જે કામ કરે છે તેને પણ મારી ખૂબ ખૂબ શુભેચ્છા આપું છું. એટલું જ કહીશ કે સ્ત્રીની પરંપરા છે. સીતા જેવી સહનશક્તિ અને દ્રૌપદી જેવી પ્રતિકારશકિત. હમણાં જ ભાઇએ વાત કરી અને વિભાવરીબેને આપણને જે વાત કરી છે, એમણે એકે દસ કહ્યું, એક દીકરી એટલે દસ દીકરા. હું કહીશ કે એકે હજારા જેવું રૂપ પણ સ્ત્રીનું બધાએ જોયેલું છે. એટલે એટલું જ કહીશ કે આપણે સૌ સ્ત્રીઓનું સન્માન કરીએ, આપણે આત્મનિરીક્ષણ કરીએ. કયાં ખૂટે છે એ પ્રમાણે આપણે સૌ આગળ વધીશું તો ચોક્કસપણે હું કહીશ કે આવતા દિવસોમાં જે ગાયત્રી પરિવારમાં ગુરુજી શર્માજીએ જે વાત કરી છે, ૨૧સી સદી એ મહિલાઓની સદી એ વાત સાથે આપણે સૌ આગળ વધીએ એવી હૃદયપૂર્વકની શુભેચ્છા સૌને આપું છું.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિન નિમિત્તે શુભેચ્છા સંદેશની ચર્ચામાં લગભગ ૩૦ મિનિટનો સમય વ્યતિત થયો છે એટલે આજની બેઠકનો ૩૦ મિનિટનો સમય વધારવા માટે દરખાસ્ત કરું છું.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : ૧૫-૧૫ મિનિટ બન્ને પક્ષે વધારીએ.

સભાપતિશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય ૩૦ મિનિટ લંબાવવામાં આવે છે.

## ફાલ્ગુન ૧૭, ૧૯૩૯ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

### અધ્યક્ષશ્રીની જાહેરાત

બિન સરકારી વિધેયકને સમય ફાળવવા અંગે

સભાપતિશ્રી : બિન સરકારી વિધેયકો હાથ ધરવામાં આવે તે પહેલાં મારે ગૃહમાં એક જાહેરાત કરવાની છે કે, નિયમાનુસાર બિન સરકારી સભ્યોના કામકાજ માટે બે કલાકનો સમય ફાળવવામાં આવે છે. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ જે તે બિન સરકારી કામકાજ માટે સમયની ફાળવણી કરતી હોય છે. પરંતુ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિની રચના થઇ શકી ન હોવાથી નિયમાનુસાર મને મળેલી સત્તાની રૂએ, આજે હાથ ધરવાના બિન સરકારી વિધેયકો પૈકી સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇના વિધેયકને માટે ૩૫ મિનિટ, સભ્યશ્રી ગોવિંદભાઇ પટેલના વિધેયક માટે ૩૫ મિનિટ અને સભ્યશ્રી ભરતભાઇ પટેલના વિધેયક માટે ૩૫ મિનિટ તથા દાખલ કરવાના ૧૦ બિન સરકારી વિધેયકોને ૧૫ મિનિટનો સમય ફાળવ્યો છે. મને લાગે છે કે સમયની આ ફાળવણી સાથે સભાગૃહ સંમત થશે.

પોઇન્ટ ઓફ રીકવેસ્ટ

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પર વધુ સમય ફાળવવા અંગે

શ્રી પરેશ  ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા એટલે લોકોના સપનાઓનું દર્પણ એ અંદાજપત્ર હોય છે. એના સપનાઓ પૂરા થશે. માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા એટલે સરકારે કરેલી કામગીરીનું પ્રતિબિંબ. અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા એટલે લોકોની અપેક્ષાઓનું પ્રતિબિંબ. ગુરુવારે આપણી વિધાનસભાની પરંપરા મુજબ બિન સરકારી કામકાજ માટે હંમેશા વિરામ પછીના બે કલાક ફાળવીએ છીએ. આજે અંદાજપત્રની સામાન્ય ચર્ચાનો ચોથો દિવસ છે. હું માનું છું કે આમાં સરકાર પક્ષ પણ સકારાત્મક લેશે. મેં રાજયપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં પણ જયારે પ્રોરેટા સમયનો હિસાબ કર્યો તો ત્રીજા દિવસની ચર્ચામાં વિરોધપક્ષના ભાગે માત્ર ૩૨ મિનિટ આવી હતી. એનો સરવાળો કરીએ તો ૩૨ મિનિટ અમારા ભાગે આવી હતી તો સામે ૪૦ મિનિટ આવી હશે. આજે પણ ગુરુવાર અને અંદાજપત્રની સામાન્ય ચર્ચનો ચોથો અને આખરી દિવસ છે. ઠીક છે, મહિલાઓનું ગૌરવ છે એટલે એ સમયને હું અંદાજપત્રની ચર્ચા સાથે જોડવા માગતો નથી અને આપે પણ મન મોટું રાખ્યું છે. ભૂતકાળમાં ગૃહની અંદર એક પરંપરા હતી કે જયારે બિન સરકારી કામકાજનો સમય હોય એવા દિવસોમાં ગૃહનો સમય વધારીને અંદાજપત્રની ચર્ચા ઉપર પૂરો સમય મળવો જોઇએ. એટલી મારી પોઇન્ટ ઓફ રિકવેસ્ટ છે. આપણા ચાર દિવસ પૂરા ચર્ચામાં લેવાય, એના માટે ૪૫ મિનિટ ચર્ચા માટે સમય વધારીએ.

સભાપતિશ્રી : અડધો કલાક મહિલા દિન નિમિત્તે લીધો છે એટલે આપણે અડધો કલાક વધારી દીધો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા દિન નિમિત્તે ૪૦ મિનિટ જેટલો સમય ચર્ચા કરી છે એને હું જોડતો નથી. પરંતુ એક કાયમી વ્યવસ્થા માટે કહું છું. પ્રશ્નોત્તરીમાં ૩૦ મિનિટ અને અત્યારે અડધો કલાક ચર્ચા થઇ છે. આ વધારાનો સમય બધા માટે છે. એના માટે મુખ્ય દંડકશ્રી પણ સંમત થશે જ. આપણો ૪૫ મિનિટનો સમય જ અંદાજપત્ર ઉપર ચર્ચા કરવા વધવાનો છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતે કામકાજ સલાહકાર સમિતિમાં ચર્ચા કરવાની હોય. એમાં આપણે વિચારીશું. આપણે અડધો કલાક વધારી દીધો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે અંદાજપત્ર પરની ચર્ચાનો છેલ્લો દિવસ છે. એટલે એમાં આખા દિવસ જેટલો સમય ઉમેરી દઇએ. એટલે પ્રોરેટા પ્રમાણે બન્ને પક્ષને સમય મળવાનો છે. એના માટે આપને વિનંતી કરું છું.

સભાપતિશ્રીઃ નહીં, આપણે અડધો કલાક વધારી દીધો છે, નેક્સ્ટ. શ્રી અમિતભાઇ.

### અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી અમિત  ચાવડા (આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે ગૃહ, રાજ્ય અને દેશની તમામ નારી શક્તિને હું વંદન કરું છું અને શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય મહારાષ્ટ્રથી ૧૯૬૦માં અલગ પડીને અસ્તિત્વમાં આવ્યું. ૫૮ વર્ષના શાસનમાં ૨૯ વર્ષ કોંગ્રેસની સરકારોએ રાજ્ય કર્યું અને ૨૯ વર્ષ જેટલું બિન કોંગ્રેસી સરકારોએ શાસન કર્યું છે. એમાં પણ છેલ્લા ૨૩ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલુ છે. તમામ સરકારોએ અને તમામ શાસકોએ પોતાના તમામ પ્રયત્નો કરી અને ગુજરાતને પ્રગતિશીલ અને શ્રેષ્ઠ રાજ્ય બનાવવા માટે યોગદાન આપ્યું છે. કોંગ્રેસના ૧૯૬૦થી ૧૯૯૦ સુધીના શાસનકાળમાં ગુજરાતમાં જેટલી પણ મોટી યુનિવર્સિટીઓ બની, સિંચાઇ યોજનાઓ બની, ડેમો, જીઆઇડીસીઓ બની, શાળાઓ, કોલેજો બની, મધ્યાહન ભોજન યોજના હોય, મફત કન્યા કેળવણી હોય એ નીતિઓ, નિયમો, કાયદાઓ અને યોજનાઓ દ્વારા આ ગુજરાતને દેશની અગ્રીમ હરોળમાં મૂકવાનું કામ કરવામાં આવ્યું હતું. ગુજરાતે ખાલી વિકાસ થયો, વિકાસ થયો એના બદલે માનવ વિકાસને અને બધા ક્ષેત્રમાં આદર્શ રાજ્ય બનાવવું હોય તો આ રાજ્યમાં કોઇપણ જાતના નાતજાત કે ધર્મના ભેદભાવ વગર ગુજરાતનો એકેએક નાગરિક શિક્ષિત અને તંદૂરસ્ત હોય, એના માથે છત હોય, શુદ્ધ પર્યાવરણ હોય, શુદ્ધ પીવાનું પાણી મળતું હોય, સુલભ શૌચ હોય, રોજગારી માટેની અસરકારક વ્યવસ્થા હોય અને એ નિર્ભય રીતે જીવી શકે, દરેકને સમાન તક પ્રાપ્ત થાય એવું શાસન, વહીવટ અને બજેટ પૂરું પાડવું જોઇએ. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે છેલ્લા ૨૨ વર્ષના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ''સૌનો સાથ અને સૌનો વિકાસ''ના નામે મત લઇ અને ''સૌનો સાથ અને માનીતાનો વિકાસ'' એ

જાતનો વહીવટ અને બજેટ ફાળવવામાં આવે છે. શ્રી બાબાસાહેબ આંબેડકરના બંધારણના આધારે આ દેશ હોય કે રાજ્ય હોય, એમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિની ટકાવારી છે એ મુજબ બજેટમાં રકમની ફાળવણી થતી આવી છે. આ રાજ્ય સરકારે જવાબદારી સ્વીકારી છે. આ ગુજરાત રાજ્યની પર ટકા વસતિ ધરાવતી બક્ષીપંચની ૧૪૬ કરતાં વધુ જ્ઞાતિઓનો સમૂહ છે. આ ગૃહમાં પણ બક્ષીપંચ સમાજના ધારાસભ્યો હોય અને બક્ષીપંચના સમાજ માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર પોતાના બજેટમાં કુલ ફાળવણીમાંથી પર ટકાની સામે ૧ ટકા કરતા પણ ઓછી રકમની ફાળવણી કરે. એ ખરેખર આ ગુજરાતના બક્ષીપંચ સમાજને સૌથી મોટો અન્યાય છે. આ ગૃહમાં શાસક પક્ષમાં બેઠેલા એ બક્ષીપંચ સમાજના ધારાસભ્ય હોય કે મંત્રીશ્રીઓ હોય, કદાચ એમને મંત્રી બનવામાં કે યોગ્ય ખાતુ મેળવવામાં નારાજગી હોય અને ચૂપ રહે તો એ ચલાવી શકાય પણ જે સમાજમાંથી આવતા હોય, જે સમાજના મત લઇને આવતા હોય અને એ સમાજને બજેટની ફાળવણીમાં અન્યાય થતો હોય અને એવા વખતે પણ એ સમાજનું પ્રતિનિધિત્વ કરતા લોકો કે એ સમાજના મતથી ચૂંટાઇને આવનારા પ્રતિનિધિઓ દ્વારા આ ગૃહમાં અવાજ ના ઉઠાવાય તો મારું ચોકકસ માનવું છે કે સમાજને એમણે અન્યાય અને દ્રોહ કર્યો કહેવાશે. અહીંયા શાસક પક્ષના મારા મિત્રો વિકાસ, વિકાસ, હું છું વિકાસ, ઘણા બધા પ્રવચનો થયા. અહીંયા જે આપણે બજેટ ફાળવીએ છીએ એનો ખર્ચ થાય છે એના થોડા આંકડા આપવા માગું છું. રાજયમાં આપણે વિકાસલક્ષી ખર્ચ અને બિન વિકાસલક્ષી ખર્ચ તરીકે બજેટનો ખર્ચ જોતા હોઇએ છીએ. ૨૦૧૪-૧૫ના વર્ષમાં રાજયમાં ૭૦.૩૯ ટકા ખર્ચ વિકાસલક્ષી કરવામાં આવ્યો અને એની સામે બિન વિકાસલક્ષી ખર્ચની ટકાવારી ૨૯.૬૧ ટકા હતી. ત્યાર પછીના વર્ષોમાં જોઇએ તો વિકાસલક્ષી ખર્ચમાં સતત ઘટાડો થયો. પહેલાં ૭૦.૩૯ ટકા હતા. બીજા વર્ષે ૬૭.૮૮, ત્રીજા વર્ષે ૬૬.૦૪, ચોથા વર્ષે ૬૫.૧૫ અને ચાલુ વર્ષે જે અંદાજ કરવામાં આવ્યો છે એમાં ૬૧.૪૪ ટકા વિકાસલક્ષી ખર્ચ થશે એવો અંદાજ કરવામાં આવ્યો છે. એની સામે જે બિન વિકાસલક્ષી ખર્ચ છે એની ટકાવારી સતત વધતી ગઇ. ૨૦૧૪-૧૫ માં ૨૯.૬૧ થી માંડીને બીજા વર્ષે ૩૨.૧૨, ત્રીજા વર્ષે ૩૩.૯૬, ચોથા વર્ષે ૩૪.૮૫ અને આ વર્ષનો જે અંદાજ આપ્યો છે એમાં ૩૮.૫૬ ટકા ખર્ચ જે બિન વિકાસલક્ષી ખર્ચ થવાનો છે ત્યારે મારી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે ખરેખર ગુજરાતની જનતા માટે આપણે જો બજેટ વાપરવા માગતા હોય તો બિન વિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો કરવો જોઇએ. સામાજિક સેવાઓ શિક્ષણ, આરોગ્ય અને સમાજના તમામ વર્ગોની સુખાકારી માટે જે બજેટ વપરાય એમાં પણ આપણે ખૂબ વાહવાહી કરતા હોઇએ છીએ ત્યારે આખા દેશમાં ગુજરાતની જે પરિસ્થિતિ છે એ કહેવા માગુ છું કે સામાજિક સેવાઓ માટે રાજયોના જે કુલ ખર્ચો છે એમાં જે વિકસિત રાજયો છે, મોટા રાજયો છે એમાં ગુજરાતનો અઢારમો નંબર આવે છે. છત્તીસગઢ હોય તો પર.૮ ટકા, ઝારખંડ હોય તો ૫૦ ટકા, આંધ્રપ્રદેશ હોય તો ૪૮ ટકા, બંગાળ હોય તો ૪૭.૮, બિહાર ૪૭, મહારાષ્ટ્ર ૪૫ અને ગુજરાતની જે ટકાવારી ગણીએ તો ફક્ત ૪૧.૩ ટકા ખર્ચ આપણે સામાજીક સેવાઓ માટે કરીએ છીએ ત્યારે એમાં પણ વધારો કરવો જોઇએ. ગુજરાતમાં ગૃહમાં આપણે કાયદા બનાવીએ. સરકારની પ્રાથમિક ફરજ બને કે કાયદા અને નિયમો દ્વારા પ્રસ્થાપિત કરે અને એનો વહીવટમાં સારી રીતે અમલીકરણ થાય એવું આયોજન કરે પણ જયારે કાયદા બનાવનારી સરકાર કાયદાનો અમલ કરવાવાળા વિભાગો જ કાયદાનો ભંગ કરે ત્યારે કોઇપણ રાજય હોય એની અર્થવ્યવસ્થા અને એનો જે વહીવટ હોય છે એ આવનારા સમયમાં પડી ભાંગતો હોય છે. એનો એક જ દાખલો આપવા માગુ છું કે આપણા ગુજરાતના પાટનગર ગાંધીનગરને ૨૦૧૦માં કોર્પોરેશન બનાવવામાં આવ્યું. આજે માનો કે આઠ વર્ષ જેટલો સમય થયો ત્યાં સુધી આ ગુજરાતમાં જેટલા પણ રહેણાંક, સરકારી મકાનો છે એ રાજભવન હોય, મુખ્યમંત્રીનું નિવાસ હોય, મંત્રીમંડળના નિવાસ હોય, ધારાસભ્યોના નિવાસ હોય કે સરકારી જેટલા પણ રહેણાંક કે બિન રહેણાંક મકાનો હોય આ તમામ મકાનો, બિલ્ડીંગો હોય એ તમામનો કોર્પોરેશને પ્રતિવર્ષ ટેક્સ લેવાનો હોય છે. રહેણાંક અને બિન રહેણાંકના મકાનોના ટેક્સની ટકાવારી અલગ હોય છે. આ ગાંધીનગર કોર્પોરેશન દ્વારા સરકારના વિવિધ વિભાગોને વારંવાર ટેક્સની નોટીસો મોકલવામાં આવી અને એનો અંદાજ ગણીએ તો લગભગ પ્રાથમિક નોટીસ રર કરોડ કરતા પણ વધારે રકમની થાય અને આટલા વર્ષ સુધીનું દંડનીય વ્યાજ અને બધું ગણીએ તો લગભગ ૫૦ કરોડે આ રકમ પહોંચે તેમ છતાં પણ ગાંધીનગરમાં સરકારની આંખો નીચે એમના એક પણ વિભાગ દ્વારા આ ગાંધીનગર કોર્પોરેશનને ટેક્સ ચૂકવવામાં આવતો નથી. કોઇ સામાન્ય વ્યક્તિ ટેક્સ ના ચૂકવે તો કોર્પોરેશન હોય તો તાત્કાલિક એના પાણી અને ગટરના કનેકશનો કાપી, મિલકતો સીલ કરે. પણ બીજી બાજુ સરકાર હોય ત્યારે પેલા વાઘના મોમાં હાથ કોણ નાખવા જાય એવી બાબત છે. માનનીય નાણામંત્રીશ્રીને વિનંતુ કરું કે બન્ને જગ્યાએ આપણા વિભાગો હોય, આપણી સરકારમાં ટેક્સ આવવાનો હોય પણ સ્વાયત્ત સંસ્થાના વહીવટ માટે એને સ્વતંત્રતા મળે એ જરૂરી છે. મેં અભ્યાસ કર્યો હતો કે રાજ્યમાં ૩૨ હજાર કરોડ કરતા પણ વધારે રકમના વેરા વસૂલ કરવાના બાકી છે. કોઇ સામાન્ય વ્યક્તિ પાસે બાકી હોય તો સમજાય, પણ મોટા મોટા લોકો પાસેથી આ ૩૨ હજાર કરોડ રૂપિયા વસૂલવાના બાકી છે. જો આ રકમ વસૂલાય તો મારી દ્રષ્ટિએ રાજ્ય સરકારને કોઇ દેવું કરીને લોન લેવી પડે નહીં. આ ગુજરાતના ખેડૂતોને ખેતપેદાશ માટે કોઇ ખાનગી શાહુકારો પાસે જઇ વ્યાજ ભરવું પડે નહીં. ગુજરાતના યુવાનોને બેકારી ભથ્થુ આપી શકાય. ગુજરાતમાં કાચા મકાનો ધરાવતા લોકોને પાકા મકાનો આપી શકાય અને એવા અનેક લોકો કે જેઓનું ફિક્સ પગારના નામે શોષણ થાય છે એમાંથી એમને મુક્તિ આપી શકાય. સરકારને વિનંતી કરું (અંતરાય) રાજ્ય સરકારના હાથ-પગ કહેવાય એવા સરકારના કર્મચારીઓ ભારતીય જનતા પાર્ટીની નીતિઓના કારણે ગુજરાતમાં શિક્ષણનું વેપારીકરણ થયું, ખાનગીકરણ થયું, શિક્ષણ મોંઘુ થયું અને આ મોંઘુ શિક્ષણ લઇને ભણી-ગણીને બહાર આવતા ગુજરાતના યુવાધનને સરકારી નોકરી માટે પ્રયત્નો કરે, અનેક હરિફાઇમાંથી પસાર થાય અને જ્યારે એને સરકારી નોકરી મળે

ત્યારે ફિક્સ પગાર, આઉટસોર્સના નામે એનું શોષણ થતું હોય ત્યારે આ યુવાનોમાં એક નિરાશાનું વાતાવરણ ઉભું થતું હોય છે. ગુજરાતના યુવાનો સમાન કામ સમાન વેતન માટે ઘણા વર્ષોથી લડત લડી રહ્યા છે. એમને ન્યાય અપાવવા માટે ગુજરાત હાઇકોર્ટે પણ માર્ગદર્શન આપ્યું તેમ છતાં સરકાર આ ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવામાં નિષ્ફળ ગઇ છે. સમાન કામ સમાન વેતનની યુવાનોની માંગને સંતોષવામાં આ સરકાર નિષ્ફળ રહી છે. માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું કે થોડા ઉત્સવો ઓછા કરો તો ચાલશે, અદાણી અને અંબાણીને થોડી લોન ઓછી આપશો તો ચાલશે પણ આ ગુજરાતના યુવાનોની સમાન કામ સમાન વેતનની માગણી સંતોષશો તો અમને આનંદ થશે. ગુજરાતમાં પહેલા ગતિશીલ સરકાર હતી, પછી પ્રગતિશીલ સરકાર આવી પણ એનો કેવો વહીવટ ચાલે છે એનો એક દાખલો આપવા માગું છું. આણંદ જિલ્લો ૧૯૯૭માં અસ્તિત્વમાં આવ્યો. આજે ૨૦ વર્ષ થયા તેમ છતાં જિલ્લાને સિવિલ હોસ્પિટલ નથી મળી. વાસદ–બગોદરા રસ્તો ૬ માર્ગીય બનાવવાનું ૨૦૧૧માં ટેન્ડર થયું. રોજ અકસ્માતો થાય, હજારોની સંખ્યામાં લોકોએ જાન ગુમાવ્યા તેમ છતાં આટલા વર્ષો પછી કામ શરૂ થઇ શક્યું નથી. ખંભાતને બંદર બનાવવા માટે વર્ષોથી ભાષણો થયા, વોટ લીધા, સરકારો બની તેમ છતાં આજ દિન સુધી બંદર બન્યું નથી. કલ્પસરના નામે વાતો થઇ, જાહેરાતો થાય, સરવેના નામે કરોડોનું આંધણ થાય તેમ છતાં આજ દિન સુધી કલ્પસર જમીન પર આવી શકી નથી. મારા મહી કાંઠાના બન્ને જિલ્લામાં ખારાશ અટકાવવા માટે બદલપુરથી તીથલનો આડબંધ બનાવવાની વાત ચાર–ચાર ટર્મથી આ ગૃહમાં કરવા છતાં કાગળ પર ચાલે છે ત્યારે આ જાતનું બજેટ, આ જાતની જાહેરાતો ફક્ત કાગળ ઉપર ચાલે છે એ જમીન પર આવે એવી મારી વિનંતી છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો વિશ્વ મહિલા દિન નિમિત્તે હું તમામ મહિલાઓને શુભકામનાઓ આપું છું અને આ સન્માનનીય સભાગૃહને મારા ભાઇઓ પંકજભાઇ તથા પરેશભાઇ અને યોગેશભાઇ જેમણે તમામ બહેનોને જે ભેટ આપી છે એમના માટે હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય છે બ્લ્યુ રીવોલ્યુશન, મત્સ્યોદ્યોગ. ગુજરાત રાજ્ય જ્યારે વિકાસની એક હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ગુજરાતના તમામ લોકોને રોજીરોટી મળે એના માટે જે આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એમાં એમણે જે મત્સ્યોદ્યોગ માટે ફાળવણી કરી છે એમના માટે હું એમને અભિનંદન આપું છું અને મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું કોળી સમાજની, એક કાંઠા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું ત્યારે મારો ચોર્યાસી તાલુકાનો મોટાભાગનો એરિયા કાંઠા વિસ્તાર પર આવેલો છે ત્યારે સ્વાભાવિક છે કે મારા કાંઠા વિસ્તારના લોકો માછીમારી કરી પોતાનું ગુજરાન ચલાવતા હોય છે ત્યારે છેલ્લા ઘણા વર્ષોથી દરિયાનું પાણી અંદર જવાના કારણે માછીમારી મળતી નથી અને એના કારણે રોજગારી મળી શકતી નથી. અમારા લોકો રોજી–રોટી મેળવવા માટે વિદેશમાં નોકરી કરવા જાય છે. વર્ષો સુધી પોતાના પરિવારથી દૂર રહીને પોતાનું ભરણપોષણ કરતા હોય છે. એના લીધે જે લોકો ભણેલા હતા એ લોકોને નોકરી મળી ગઇ અને જે અભણ હોય એ ખરાબ લતે ચઢીને પોતાનું અને પોતાના પરિવારનું જીવન બરબાદ કરી દેતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે, ૧૯૮૪–૮૫ માં જ્યારે માછીમારીનો ધંધો, ઝીંગા ઉછેરનો ધંધો આ સન્માનનીય સભાગૃહના પૂર્વ ધારાસભ્ય સ્વ.રાજાભાઇ અને મારા પૂ.પિતાશ્રીએ આ ધંધાની નાના પાયે શરૂઆત કરી હતી ત્યારે ચેન્નઇ અને જાપાનથી અને વાઇસેગથી ટેક્નિશીયનો આવતા હતા અને અમારે ત્યાં રહેતા હતા અને કઇ રીતે આ ધંધાને આગળ લઇ જવાય એના માટેની ટ્રીક શીખવાડતા હતા. મારા પિતાશ્રી પણ ચેન્નઇ સુધી જતા હતા. કઇ રીતે આ ડેવલપ થાય એના માટેના પ્રયાસો કર્યા અને તેનું લાઇસન્સ મેળવવા માટે ત્યાં રોકાઇને લાઇસન્સ મેળવતા હતા પણ હવેની સરકાર જ્યાં આ ઝીંગાનો ધંધો કોઇ કરતા હોય ત્યાં સરકાર પોતે જઇને ત્યાંના લોકોને ટ્રેનિંગ આપે અને ત્યાં ને ત્યાં જ તેમને લાઇસન્સ મળી જાય તે રીતેનુ આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહમાં કહેવું છે કે પહેલાના લોકો, વિપક્ષના ધારાસભ્યો કહેતા હતા કે અમારે ત્યાંના લોકો દારૂના ધંધે ચઢી જાય છે. અમારે ત્યાં પણ આ જ પરિસ્થિતિ હતી. ૫૦ થી ૬૦ ટકા લોકો દારૂના ધંધે ચઢીને પોતાનું જીવન બરબાદ કરતા હતા.

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં પૂરું કરો.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : જ્યારથી આ ધંધો આવ્યો છે ત્યારથી પુરુષો તો શું સ્ત્રીઓ પણ એમને મદદરૂપ થઇને પોતાનું ગુજરાન ચલાવે છે. નાનામાં નાના લોકો આજે પોતાના દાગીના ગીરવે મૂકીને આમાં ઇન્વોલ્વ થયા છે. મને કહેતા આનંદ થાય છે કે, મારા વિસ્તારની જ વાત કરું તો બે લાખથી વધુ લોકો આ ધંધામાં પોતાનું ગુજરાન ચલાવી રહ્યાં છે. મારે કહેવું છે કે, જ્યારે સરકાર એરેટર જે ઓકસીજન પ્રોવાઇડ કરે છે તેના માટે પણ ૨૫ ટકાની ૫૦ ટકાની સહાય એટલે ૨૫ ટકા લેખે ચુકવે છે ત્યારે પી–લાઇનિગ કરીને એક નવું કોન્સેપ્ટ ઝીંગામાં ડેવલપ થયું છે તેમાં પહેલાના સમયમાં ચેન્નઇથી સીડ્ઝ એટલે બચ્ચા બાય ફ્લાઇટ બોમ્બ સુધી આવતા હતા અને બાય રોડ અહીંયા સુધી આવતા હતા અને સીડ્ઝ પણ એ જ રીતે આવતું હતું ત્યારે રિસ્ક ઘણું હતું પણ હવેના સમયમાં આ વસ્તુ ઓછી થઇ ગઇ છે. પી–લાઇનિંગ શીખવા માટે ચેન્નઇ અને જાપાનથી સુરત આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે પહેલા સુરત ડાયમંડ માટે પ્રખ્યાત હતું, સુરતનું જમણ પ્રખ્યાત હતું અને સુરતની ટેકસટાઇલ મિલ પ્રખ્યાત હતી પણ હવે ઝીંગાના ઉછેર માટે પણ પ્રખ્યાત થશે એવી મને પૂરી

ખાતરી છે. છેલ્લા ૪ વર્ષોથી સમગ્ર ભારતમાં આ માટેનો એવોર્ડ સુરત ખાતે આવે છે ત્યારે મારે કહેવું છે કે, આ ધંધાને વધારે ડેવલપ કરવામાં આવે તો રોજી–રોટીનો વધુ એક સ્કોપ મળી શકે છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૮ મી માર્ચ, મહિલા દિન છે ત્યારે વિશ્વની તમામ મહિલાઓને, આ ગૃહની તમામ મહિલાઓને મહિલા દિન નિમિત્તે શુભેચ્છા પાઠવું છું. જયાં જયાં સ્ત્રીઓની પૂજા થાય છે ત્યાં ત્યાં દેવોનો વાસ હોય છે. સ્ત્રીઓ એ સદા સ્નેહ, સહનશીલતા, ત્યાગ અને બલિદાનનું કાર્ય કર્યું છે. ભારતની નારીએ પતિ અને કુટુંબને જે પોતાનો ધર્મ ગણ્યો છે તેને કુટુંબ, સમાજ અને દેશના હિત ખાતર તે ધૂપસળીની જેમ જલી, જલીને સુવાસ ફેલાવે છે અને સુવાસ ફેલાવીને પોતાનું ગૌરવ વધાર્યું છે. નારી શકિત જગાવો, સમાજમાં બેટી પઢાવો, બેટી બચાવો એ જ આ ભા.જ.પ. સરકારની મોટી મોટી વાતો કરવામાં આવે છે (અંતરાય) સારું સારું જ બોલું છું. ત્યારે મને કહેવાનું મન થાય છે કે આપના મારફતે ભા.જ.પ. સરકારમાં જે ૯ બહેનો ચૂંટાઇ છે તો એમાંથી કમ સે કમ ત્રણ બહેનોને તો મંત્રી બનાવતા? મંત્રી બનાવ્યા હોત તો મને મહિલા તરીકે આનંદ હોત. મોર હંમેશા પીંછાથી ખીલે છે, આ ગૃહ હંમેશા મહિલાઓથી ખીલે છે. આજે જયારે મહિલા દિન હોય અને મહિલાઓએ પોતાની આગવી ઓળખ સમાજમાં, દેશમાં અને દુનિયામાં ઉભી કરી હોય તેના નામ પર આપણને ગર્વ મહેસૂસ થાય છે. આજે મહિલાઓની થોડી વાત કરવા માગું છું. યુરોપ જેવા વિકસીત દેશોમાં પણ મહિલાઓને મત આપવાનો અધિકાર નહોતો ત્યારે બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે ભારતના બંધારણમાં મહિલાઓને મત આપવાનો અધિકાર આપ્યો ત્યારે આજે હું મહિલા તરીકે એમને કોટીકોટી વંદન કરું છું. જેના કારણે આજે મહિલાઓ ગૃહમાં બેઠી છે. અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં આજ દિન સુધી મહિલા વડાપ્રધાન નથી બન્યા ત્યારે સ્વર્ગીય ઇન્દીરા ગાંધી આપણા દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન થયા હતા. તેમણે ભારત સાથે પાકિસ્તાનની લડાઇ વખતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો તેના કારણે તેમને લોખંડી મહિલાનું બિરુદ મળ્યું હતું. આજે મહિલા તરીકે મને ખૂબ ગૌરવ થાય છે કે પાર્ટીમાંથી ચૂંટાઇને આવું છું એ પાર્ટીના અધ્યક્ષ પણ મહિલા હતા. હું દિલથી સલામી અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મહિલા દિને બહેનોની થોડી સમસ્યાનું વર્ણન કરું કારણકે તો બહેનોને સમજી શકશો. આદરણીય નીમાબેન આજે સ્પિકર તરીકે બેઠા છે પણ મને દુઃખ થાય છે કારણકે એમને કાયમ માટે અમારે સ્પિકર તરીકે જોવા હતા તો મને આનંદ થાત. મહિલાઓએ ૧૯૦૯માં ન્યૂયોર્કમાં પોતાના હકકો માટે આંદોલન કર્યું અને ત્યારથી આ મહિલા દિનની ઉજવણી થઇ. (અંતરાય)

સભાપતિશ્રી : ચંદ્રિકાબેન, બીજા બધા બહેનોની ચિંતા કરો, હું તો સક્ષમ છું. મારી ચિંતા ન કરો.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : ચિંતા નથી કરી લાગણી છે. આજે આપણી વિચારધારામાં ફેરફાર નહીં થાય, સમાજની માનસિકતા નહીં બદલાય ત્યાં સુધી આપણે ગમે તેટલા બેટી બચાવો સુત્રો આપીશું અને કાર્યક્રમો કરીશું એ સાર્થક નહીં થાય. આજે ઘણીબધી બહેનો ગુમ થઇ છે અને ઘણીબધી મહિલાઓના અપહરણ થાય છે એટલે આજના દિવસે કહેવા માગતી નથી પણ આપણે બંને પાર્ટી થઇને આવા બહેનોના જે અપહરણ થાય છે, દુષ્કર્મ થાય છે એમાં આપણે ભાગ ભજવીને, સાથે મળીને કામ કરીશું. આશા વર્કર બહેનો અને મધ્યાહ્ન ભોજનની બહેનોને અને આંગણવાડીની તમામ મારી લાખો બહેનોને સમાન કામ સમાન વેતન મળતું નથી ત્યારે મારી આજના દિવસે આપણે બધાએ ચિંતા કરવાની જરૂર છે. અહીં બેઠેલા તમામ ધારાસભ્ય બહેનોને અભિનંદન એટલા માટે આપવા માગું છું. તેઓ અનામતની સીટમાંથી નથી જીત્યા, પણ સામાન્ય સીટ ઉપરથી જીત્યા છે. એટલે ખાસ અભિનંદનને હક્કદાર છે. મને કહેતા ગૌરવ થાય છે કે હું એ પાર્ટીની ધારાસભ્ય છું કે જે પાર્ટીએ ઇંગ્લેડ, અમેરિકામાં જ્યારે મહિલા વડાપ્રધાન નહોતા આપ્યા, ત્યારે આ દેશના વડાપ્રધાન ઇન્દિરા ગાંધી એટલે કે લોખંડી મહિલા વડાપ્રધાન બનાવાયા. હું એ પાર્ટીની ધારાસભ્ય છું કે આજે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહિલા અધ્યક્ષ માનનીય સોનિયા ગાંધી હતા એ પહેલા રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ આપ્યા. હું એ પાર્ટીની ધારાસભ્ય છું પહેલા મહિલા દલિત લોકસભાના સ્પીકર મીરા કુમાર આપ્યા. હું એ પાર્ટીની ધારાસભ્ય છું કે ગુજરાતના મહિલા રાજ્યપાલ કમલા બેનીવાલ આપ્યા. એટલા માટે મને ગૌરવ થાય છે કે આ ગૃહમાં ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૭ એમ ૩ વાર બેસવાનો મોકો મળ્યો છે. એ માટે હું કોંગ્રેસ પાર્ટીનો અને મારા આદરણીય જે વડીલો છે એમનો આભાર માનું છું. બીજું મને કહેવાનું મન થાય છે કે ૮મી માર્ચ આજે બહેનોનો દિવસ છે, ત્યારે આ ગૃહમાં ઘણા બધા સાથી ધારાસભ્યશ્રીઓએ રજૂઆતો કરી છે. આજે મહિલા દિન નિમિત્તે તમામ માનનીય ધારાસભ્યશ્રીને મળતી ગ્રાન્ટ ૨ કરોડ રૂપિયા કરવામાં આવે. આજે તમામ મહિલા ધારાસભ્યશ્રીની આશા અને અપેક્ષા છે. આજે થોડી બજેટની વાત કરવા માગુ છું, ત્યારે મારા જિલ્લાની વાત કરવા માગુ છું. શિક્ષણની અંદર જે મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે, પણ હકીકતે તો શિક્ષણ ખૂબ ખાડે ગયેલ છે. ગામડાંમાં જઇએ તો મારા દાહોદ જિલ્લાના ઓરડાની વાત કરું તો દાહોદ જિલ્લામાં ૧૪૧૬ ઓરડાની ઘટ છે. આ સરકારશ્રીના આંકડા છે. આ સરકાર અલગ અલગ મોટી શાળાઓનું બાંધકામ કરે છે, પણ વિદ્યાર્થીઓને ભણવા માટે પૂરતા શિક્ષકો નથી. ત્યારે વિદ્યાર્થી શું આ બિલ્ડિંગને જોઇને અભ્યાસ કરવાનો છે? જ્યારે મારા આદિવાસી વિસ્તાર દાહોદ જિલ્લાની વાત કરું ત્યારે અમારા પ્રભારી મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા એમ કહેતા હતા કે હું ઝાડ નીચે ભણ્યો છું. આપ સરકારી પ્રાથમિક શાળામાં ભણ્યા અને સરકારી કોલેજમાં કોંગ્રેસની...

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય દુષ્યંતભાઇ.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ મહિલા દિન નિમિત્તે મને એક મિનિટ વધારે આપો. એક મહિલા ધારાસભ્ય તરીકે મારી માગણી અને લાગણી છે. વિવિધ ખાતામાં નોકરી કરતા જે પતિ અને પત્ની બંને અલગ અલગ

જિલ્લામાં નોકરી કરતા હોય તો તેઓ એક જિલ્લામાં કે તાલુકામાં ફરજ બજાવે. આ પતિ અને પત્નીના જોડા એક સાથે રાખવામાં આવે તો બહેનોને મુશ્કેલી પડતી હોય તે હલ થશે. અસ્તુ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસે આ ગૃહની અંદર ચૂંટાયેલા તમામ માનનીય મહિલા ધારાસભ્ય તેમજ વિશ્વની તમામ મહિલાઓને શુભેચ્છા પાઠવું છું. શુભકામના પાઠવું છું. માનનીય નાણામંત્રીશ્રી અને ડેપ્યુટી ચીફ મિનિસ્ટર નીતિનભાઇ પટેલ જે અંદાજપત્ર લઇને આવ્યા છે, તેમાં વિશ્વની અત્યારની સૌથી મોટી સમસ્યા ક્લાઇમેટ ચેઇન્જ ઉપર મારા વિચારો રજૂ કરું છું. ક્લાઇમેટ ચેઇન્જ એ આજે સમગ્ર વિશ્વની કહી શકાય એવી સૌથી મોટી સમસ્યા પૈકીની એક છે. બીજા શબ્દોમાં કહીએ તો રાક્ષસી સમસ્યા છે અને મુખ્યત્વે માનવજાતિની છે અને એની ગંભીર અસર માનવ વસતિ ઉપર આવવાની છે, ત્યારે એવું કહેવાય છે કે એ કોઇ દંતકથા નથી એ વાસ્તવિકતા છે. ઘણા બધા ન્યૂઝપેપરમાં રોજ વાંચતા હોઇએ છીએ, ત્યારે એવું લખેલું હોય છે કે આ તો ખાલી ટ્રેલર છે. પિક્ચર તો અભી બાકી છે. મને યાદ છે કે સ્વામી વિવેકાનંદજીએ વર્ષો પહેલાં આના વિશે લખ્યું હતું અને તેમણે એમ લખ્યું હતું કે. all nature is bound by law. Law of its own action and this law cannot be broken. If you break law of nature, all nature will come to an end and there will be no more nature. આ કલ્પના સ્વામી વિવેકાનંદજીએ વર્ષો પહેલાં કરી હતી. ત્યારે આપણા ઋગ્વેદમાં પણ પાંચ તત્વોને મહત્વ આપેલ છે. આ પાંચ તત્વોમાં પૃથ્વી, હવા, જળ, તેજ અને નભ. આજે એમ કહી શકાય કે many species one future one planet. પ્રજાતિ અનેક, ભવિષ્ય એક ધરા એક. આ ખૂબ ગંભીર સમસ્યા છે. મારે તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબને યાદ કરું તો વિશ્વમાં એ એક પહેલા વ્યક્તિ હતા કે જેમણે કલાઇમેટ ચેઇન્જ અને તેની અસરો ઉપર એક કન્વીનીયન્સ એકશન નામની બૂક લખી છે. તે પહેલા વ્યક્તિ હતા કે જેમણે આ પુસ્તક લખ્યું હતું. ત્યારે ૨૦૦૯ના સપ્ટેમ્બરમાં આ રાજય સરકારે સ્વતંત્ર વિભાગ તરીકે કલાઇમેટ ચેઇન્જ વિભાગનું નિર્માણ કર્યુ હતું. એશિયામાં સૌ પ્રથમ રાજય અને વિશ્વમાં ચોથો સ્વતંત્ર સરકારી વિભાગ આ રાજય સરકાર દ્વારા સ્થાપવામાં આવ્યો હતો. આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ ચાર આર એટલે કે આલ્ફાબેટ આરનો ઉપયોગ કર્યો છે. રીયુઝ, રીસાઇકલ, રીકવર અને રીડયુસ. આ ચાર આર થી ગુજરાતને કેવી રીતે વિકાસના ગ્રોથ ઉપર લઇ જવું તે જણાવ્યું છે. સરકાર ઇચ્છે છે કે, એન્વાયરમેન્ટની સાથે સાથે ગ્રોથ પણ થાય અને તે ઝીરો ડીફેકટ અને ઝીરો ઇફેકટ સાથે થવો જોઇએ. એ માટેના રાજય સરકાર તમામ પ્રયત્નો કરે છે. આજે જોઇએ તો રાજય સરકાર દ્વારા પ્રથમ એવું દેશનું રાજય હશે કે જેણે સોલાર પોલિસી ડીકલેર કરી હતી. આજે આપણે જોઇએ છીએ કે વી આર વન ઓફ ધી સ્ટેટ કે જેની અંદર સૌથી વધારે સોલાર પાવર ઉત્પાદિત કરી શકીએ છીએ, વીજળી પેદા કરી શકીએ છીએ. એવી જ રીતે આ દેશની અંદર કાર્બન ક્રેડીટ મેળવનાર કોઇ રાજય હોય તો તે ગુજરાત છે. સૌથી વધારે કાર્બન ક્રેડીટ જો કોઇએ મેળવ્યું હોય તો તે ગુજરાતે મેળવ્યું છે. વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ની વાત કરીને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇને અભિનંદન આપું કે ન્યુ અને રીન્યુએબલ એનર્જી માટે એક એકઝીબીશન રાખવામાં આવ્યું હતું. તેની અંદર કલાઇમેટ ચેઇન્જની કોન્ફરન્સ રાખવામાં આવી હતી. તેના વિચારોની આપ લે કરવામાં આવી હતી. આ ખૂબ અભિનંદનને પાત્ર હતું. અત્યારે જોવા જઇએ તો સરકારે નવી નીતિઓ, નવી પોલિસીઓ, આર એન્ડ ડી, નોન કન્વેશન એનર્જી પ્રોસેસની મેં આગળ પ્રશ્નોત્તરીમાં કહ્યું કે ગુજરાત રાજય તેમાં સૌથી વધારે આગળ છે. આ તમામ બાબતો માટે માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન પણ આપું છું. બજેટની અંદર જોગવાઇઓ પણ કરી છે અને સાથે સાથે બધા જ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે બને તો ૦.૫ માઇક્રોનથી ઓછી પ્લાસ્ટિક બેગ પર પ્રતિબંધ મૂકવામાં આવે અને આપ પણ એક નિષ્ણાત ડોકટર છો ત્યારે અનેક પ્રકારના કેન્સર આ પ્લાસ્ટિકથી થાય છે. ચા જે પ્લાસ્ટિકના કપમાં પીએ છીએ તેમાં સરવે એવું કહે છે કે તેનાથી પણ કેન્સર થાય છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે તમામ માતાઓ અને બહેનોને મારી શુભેચ્છા પાઠવું છું. માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારી વાત કરવી છે. બજેટમાં લખેલ છે કે વધતા જતા વાહનોની સંખ્યા ધ્યાને લઇને યોગ્ય ટ્રાફિક વ્યવસ્થાપન કરવા અમારી સરકાર કટિબદ્ધ છે. આ બાબતની મારે વાત કરવી છે. હમણાં બે દિવસ પહેલાં આપણે ત્યાં એક અકસ્માત બની ગયો. આ અકસ્માત શા માટે બન્યો? તે કુટુંબે આ ટ્રક ભાડે શા માટે રાખી હતી? એને આપણી બસની વ્યવસ્થા મળી નહોતી? એને આપણી બસની વ્યવસ્થા પોષાઇ નહોતી? જેને કારણે એ માણસે આ ખટારો ભાડે રાખ્યો એ એની અજ્ઞાનતાને કારણે રાખ્યો. પણ આ માણસને કોઇએ રોક્યો નહિ. રસ્તામાં આવતી પોલીસચોકીઓ કે ટ્રાફિકવાળાએ પણ એને કોઇએ રોક્યો નહિ, તે બધાને કારણે આ બનાવ બન્યો. ત્રીસ થી એકત્રીસ લોકો આમાં ગુજરી જાય એ બહુ દુઃખદ બનાવ છે. આ બનાવ જે પુલ પર બન્યો એ પુલ ઉપર જે રેલીંગ હતી તે યોગ્ય હતી કે નહોતી? તે યોગ્ય સ્ટ્રેન્થની હતી કે નહોતી? તે યોગ્ય સ્ટ્રેન્થની નહોતી તો રેલીંગ બનાવનાર અધિકારી જે હતો તે ગુનેગાર બની જાય છે. રસ્તામાં આવતી જેટલી પોલીસ ચોકીઓ હતી, જેટલા ટ્રાફિકના હવાલદારો હતા, ટ્રાફિક માટેની વ્યવસ્થામાં જે માણસો રાખ્યા હતા તેમની પણ જવાબદારી હતી. આ અંગે આપણે વિધાનસભામાં આપણું દુઃખ વ્યક્ત કર્યું. આપણે પૈસા પણ ફાળવ્યા. પણ આપણી ફરજ શું છે? કે ભવિષ્યમાં આવો બનાવ ન બને તેની કાળજી લેવી પડે. આવી કાળજી લેવી હોય તો જે જે ગુનેગારો બન્યા છે એમની ઉપર પગલાં ભરવા જોઇએ અને જો આવું કરી શકીએ તો જ યોગ્ય ગુજરાત આપ્યું કહેવાશે.

## તા. ૮મી માર્ચ, ૨૦૧૮

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આપણું શિક્ષણ ઘણું જ કથળતું જાય છે, પણ શિક્ષણ કથળ્યું એના કારણમાં શિક્ષણ માટે જે બસ વ્યવસ્થા છે એનું સંશોધન કરીએ તો બીજો જે વિચાર આવ્યો છે તે વિચાર આપણી બસ વ્યવસ્થાનો છે. છ દિવસનું શિક્ષણ, બે દિવસ બસ સમયસર આવે છે, બે દિવસ બસ મોડી આવે છે, બે દિવસ બસ આવતી જ નથી. જેને કારણે આપણું ભવિષ્ય ધૂંધળું બનવા માંડયુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગુજરાતની સરકાર તો સંસ્કૃતિની સરકાર કહેવાય છે. આપણી સરકાર હિંદુ સંસ્કૃતિની જાળવણી કરનાર બેઠી છે. જ્યારે ગાય શબ્દ આપણે સાંભળીએ છીએ ત્યારે આપણા સૌમાં પૂજ્ય ભાવના આવી જાય છે, આપણી હિન્દુ સંસ્કૃતિનું સ્મરણ થાય છે. પણ વિટંબણા એ છે કે, રસ્તામાં રખડતી, ભટકતી, ચોમેરથી હડધૂત થતી, પ્લાસ્ટીક અને લોકોની લાકડીઓ ખાતી, ઉપર એસીડ ફેંકાતી, પુંછડાઓ કપાતી ગાયોને જોઇને હૃદય દ્રવી ઉઠે છે. શું આપણે આવી સંસ્કૃતિની કલ્પના કરેલી છે? •(×××) તમારી ફરજ તો બમણી બની જાય છે, ગૌ માતાની આ જે દશા છે એના માટે સૌથી વધુ જવાબદાર આ સરકાર જ છે. *(×××) સરકાર પાસે આ ગાયો સાચવવા માટે કોઇ નક્કર વ્યવસ્થા નથી અને નક્કર વ્યવસ્થા ન હોવાના કારણે તે ગામડેથી શહેરમાં રોડ ઉપર રખડતી જોવા મળે છે અને ટ્રાફિકની એક અવ્યવસ્થા કરે છે. હમણાં હું મારા એક મિત્રને ત્યાં અમદાવાદમાં જમવા માટે ગયો હતો, એમણે આ ગાયોની વાત કરી, એણે મારું ધ્યાન દોર્યું કે આવનારી પેઢી ગાયો માટે શું વિચારવા મંડી છે. ગાયને આપણે માતા કહીએ છીએ. એણે એની પોતાની વાત કરી કે મારું બાળક ૧૧ વર્ષનું થઇ ગયું છે, આ અગિયાર વર્ષ દરમિયાન એણે અમદાવાદની અંદર ગાયોને રખડતી, ભટકતી ટ્રાફિકની અવ્યવસ્થા કરતી જ જોઇ છે. ગાય માટે એના બાળકને લાગણી નથી થતી હવે. આપણે આપણી સંસ્કૃતિ બચાવવી હશે તો ગાયો માટેની કોઇ વ્યવસ્થા આપણે ગોઠવવી પડશે. આપણાં બાળકો માટે આપણી સંસ્કૃતિ શું હતી ગાયોને માતા તરીકે જોવા માટે અને તે ગોઠવવા માટેની વ્યવસ્થા આપણે તમામ તાલુકાઓ ઉપર ગૌશાળાઓ ખોલવી પડશે અને તેની વ્યવસ્થા કરવી પડશે અને તેનું ધ્યાન રાખવું પડશે. વાતો નહીં પણ નક્કર કામગીરી, સરકાર ખુદ સ્વીકારે ૨૨ વર્ષથી ગૌમાતાના નામે વાતો કરીએ છીએ. તમે જે ગૌમાતાની વાત કરો છો તેની વાત કરું છું. (અંતરાય)

સભાપતિશ્રી : આપ આપનું પ્રવચન ચાલુ રાખો, ક્રોસ ટોક ના કરો.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે એવી વ્યવસ્થા ગોઠવવી પડે કે રોડ ઉપર ગાયો રખડવાના બદલે તે તમામ ગૌશાળામાં રહે અને પૂજ્ય સ્થિતિમાં રહે તે જોવાની જવાબદારી આપણી છે. ૨૦૧૨માં જ્યારે ચૂંટણી આવી તેના ચારેક મહિના પહેલાં અડધા અડધા પાનાની જાહેરાતો આવતી કે, સૌની યોજના. હું જોઇને ખુશ થઇ ગયો હતો કે ઓહો હો મારા ઘરે પાણી આવી જશે. ચૂંટણી ૨૦૧૨ની પૂરી થઇ અને યોજના ભૂલાઇ ગઇ ૨૦૧૭ની ચૂંટણી આવી એટલે ફરી યાદ આવ્યુ કે આ પાંચ વર્ષ થઇ ગયા છે કંઇક કરવુ પડશે આજી ડેમમાં પાણી પહોંચાડો. આજી ડેમ ભરવા માટે નર્મદાથી, મહીથી, કયાંક સરફેસર પમ્પ મૂકી અને જમીનમાંથી પાણી કાઢયું. અમુક કિસ્સા બહેન એવા બન્યાં હતા કે નળમાંથી પણ પાણી ખેંચીને અમારો આજી ડેમ ભરી દીધો. ચોમાસામાં ડેમ તો ભરાઇ ગયો પણ અત્યારે અમારે નળમાં પાણી નથી આવતું.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાની અંદર આપણે જયારે પાણી પીએ છીએ આપણને પાણીની બોટલમાં પાણી આપવામાં આવે છે તેને શું આપણે વિકાસ કહેવો ? ૨૨ વર્ષના શાસન પછી આપણે વિકાસશીલ ગુજરાતના પાટનગરમાં *(×××) તો છેવાડાના માનવીની પીવાના પાણીની પરિસ્થિતિ શું હશે ?

સભાપતિશ્રી : એક મિનિટમાં આપ પૂરું કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) એવુ માનનીય જવાહરભાઇ બોલ્યાં. આમ તો આપણાં અધ્યક્ષશ્રીના કાર્યક્ષેત્રમાં આવતી આ બાબત છે પણ હજારો લોકો દરરોજ મુલાકાત લે છે. આપણે બધાજ અહીંયા પાણી પીએ છીએ, સ્ટાફ પાણી પીવે છે, પત્રકાર મિત્રો પાણી પીવે છે કોઇ પ્રશ્ન નથી બહેન પણ આવી ખોટી વાતો, આક્ષેપો કરી અને એ શું સાબિત કરવા માટે છે તે મને ખબર પડતી નથી. તમે શું કહેવા માગો છો તમે કહો સૌનીમાં પાણી નથી આવ્યું, બધુ *(×××) તમે કશું બોલતાં નથી. અહીંયા વિધાનસભાનું તો છોડો બહારનું બોલવું હોય તો બોલો તેનો હું જવાબ આપીશ. *(×××) એ બોલવાની તમારે કંઇ જરૂરિયાત છે.

સભાપતિશ્રી : વિધાનસભા ગૃહની વાત આપ આ રીતે કરો તે યોગ્ય નથી આપ વાત કરી લો, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લી મારી વાત પૂરી કરી દઉં છું. મારો માણાવદરનો વિસ્તાર જેમાં પાજોદ કરીને ગામ છે. પાજોદ દરબાર રૂશ્વા તરીકે પ્રખ્યાત હતા ત્યારે તેની એક શાયરી મને યાદ આવી ગઇ અને લોકશાહી વિશે આ શાયરી કરી હતી કે,

''**कैसे कैसे लोग ऐसे कैसे हो गये, और ऐसे वैसे लोग कैसे कैसे हो गये**''

---

• આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામભાં આવ્યા.

ફાલ્ગુન ૧૭, ૧૯૩૯ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસ છે ત્યારે વિશ્વની તમામ માતાઓને, બહેનોને અને આ ગૃહની બહેનોને હું શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજયના નાણામંત્રી અને ઉપ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપુ છું. આજે હું સરદાર સરોવર યોજના ઉપર મારા વિચારો રજૂ કરવા માગુ છું. માં નર્મદા ઉપર જયારે સરદાર સરોવર યોજના દેશની સૌથી મોટી યોજના છે. 'માં નર્મદા'નું નામ ખૂબ જ મીઠું છે. 'માં નર્મદા'ને પણ હું વંદન કરું છું. માં નર્મદા માટે એવું કહેવાય છે કે, જેમ બાળકના પોષણ માટે માંની છાતીમાંથી દૂધ વહે છે. એ જ રીતે ધરતી માતાની છાતી રૂપી અમરકંટક પહાડમાંથી વહેતું વાત્સલ્યરૂપી ઝરણું એના પ્રવાહથી લાખો, કરોડો લોકોની તરસ છીપાવીને સૂકી ધરતીને હરિયાળી બનાવે છે. આ ગૃહની અંદર કદાચ અત્યાર સુધીમાં વધારેમાં વધારે જો સમય ગયો હોય તો એ સરદાર સરોવર માટે ગયો છે. ૧૯૪૬માં ગુજરાત અને રાજસ્થાનની ખમીરવંતી પ્રજાને જે પાણીની ખોટ હતી એ ખોટ પૂરી કરવાનો સરદાર સાહેબને વિચાર આવ્યો એને પણ હું આજે વંદન કરું છું. આ સરદાર સરોવર યોજના વિશે સામેના પક્ષના કે અમારા પક્ષે ચિંતા કરી છે. આજે મારે કોઇ ટીકા-ટિપ્પણીમાં જવું નથી. માં નર્મદાની વાત આપણે કરતાં હોઇએ તો મારે કોઇ ટીકા-ટિપ્પણીમાં જવું નથી. ઘણા બધાં સભ્યો દ્વારા પીવાના પાણીની ચિંતા થઇ, ખેતીના પાણીની ચિંતા થઇ. આ બજેટની અંદર મારે આ નીતિનભાઇ સાહેબને અભિનંદન આપવા છે. હું ૨૦૦૭માં પણ ધારાસભ્ય હતો. મોદી સાહેબ ઉપર અને નીતિનભાઇ સાહેબ ઉપર ખૂબ જ ટીકા-ટિપ્પણીઓ થઇ છે પણ આજે નર્મદા સરોવર પૂરું કરીને લોકાર્પણ થયું ત્યારે હું આ સરકારને અભિનંદન આપું છું. આ સરોવરની લોકો કાગડોળે રાહ જોતા હતાં. આ વખતે કુદરતી રીતે વરસાદ ઓછો છે. આ સરદાર સરોવર યોજનાની જે ભૌગોલિક પરિસ્થિતિ છે એનો સૌથી મોટો સ્ત્રાવ વિસ્તાર મધ્યપ્રદેશમાં આવેલો છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની વાત છે એટલે મને એક મિનિટનો સમય આપો તો હું નર્મદાની વાત કરી શકું.

અધ્યક્ષશ્રી : એક મિનિટ વધારે આપી દીધી.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ ડેમ ઉપરથી નજર નાખીએ તો દેખાય કે આ જે સ્ત્રાવ વિસ્તાર છે એમાં ૯૭.૫ ટકા વિસ્તાર જ્યાં પાણીનો સંગ્રહ થાય એ વિસ્તાર આવેલો છે. મધ્યપ્રદેશની અંદર આપણી સરદાર સરોવર યોજના ઉપર ૩૧ જેટલા મોટા બંધો પણ છે અને નાના બંધો પણ છે અને એના કારણે જો એ ઓવરફ્લો થાય તો જ આપણા સરદાર સરોવરની અંદર પાણી આવી શકે, પરંતુ આ સરદાર સરોવર યોજનાની અંદર જે રીતે ૧૯૭૯માં ટ્રિબ્યુનલ દ્વારા જે એક્ટ થયો છે અને જે નિયમો બન્યા છે એ જ પ્રમાણે પાણીની વહેંચણી પણ થાય છે. દરેક રાજ્યના હિસ્સા પ્રમાણે વહેંચણી થાય છે. કોઇને કોઇ અન્યાય કરવામાં આવતો નથી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે રાજ્યની, દેશની અને વિધાનસભાની મહિલાઓને શુભકામનાઓ પાઠવું છું. સાથે - સાથે આજે ગૃહમાં જે તમામ મહિલા ધારાસભ્યો સામાન્ય સીટ ઉપર ચૂંટાઇને આવ્યા અને પોત-પોતાના વિસ્તારમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ લડે એ રીતે લડીને, જીતીને આવ્યા એમને પણ આજે મહિલા દિવસની શુભકામનાઓ. હું એ પાર્ટીના ધારાસભ્ય તરીકે આવું છું કે જે પાર્ટીના મહિલા દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા હતા અને એ ઇન્દીરાજી માટે અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ કે ભારત અને પાકિસ્તાનનું યુદ્ધ થયું ત્યારે જડબાતોડ જવાબ આપી પાકિસ્તાનને ધૂળ ચાટતું કરી દીધું હતું અને એક લોખંડી મહિલા તરીકે જેમણે એમનું નામ રોશન કર્યું એ વખતના વિદ્વાન અને વિરોધ પક્ષના સાંસદ સન્માનનીય અટલબિહારી બાજપાઇજીએ જેને દુર્ગાના અવતાર તરીકે પાર્લામેન્ટની અંદર એમને નવાજ્યા હતા. આ વખતે અમે પણ આશા રાખતા હતા કે, ગુજરાતમાં પણ મહિલા મુખ્ય મંત્રી મળશે. રાજયપાલ આનંદીબહેનને બનાવ્યા એ ખૂબ સારી વાત છે પણ અમે તો ખરેખર, ગુજરાતની મહિલાઓ એમને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે જોવા માગતા હતા પણ એવું નથી બન્યું એ પણ એક દુઃખદ બાબત છે.

મહિલાઓની વાત દરેક સભ્યશ્રીઓએ કરી ત્યારે આર્થિક રીતે મહિલાઓની વાત કરવામાં આવે ત્યારે હું આર્થિક રીતે વાત કરું તો આજે પણ અમૂલ ડેરીના સ્થાપક ત્રિભોવનભાઇ હોય, મણીબેન પટેલ હોય કે ડો. કુરિયર સાહેબ હોય કે ઘણા વર્ષો પહેલાં એમણે આવો મજબૂત વિચાર મૂકીને અમૂલ, બનાસ ડેરી આવી ડેરીઓ મહિલાઓએ સ્થાપી અને એની અંદર આર્થિક રીતે પગભર થઇ છે અને મારે ગૌરવ સાથે કહેવું પડે કે, આજે અમારી બનાસ ડેરી, બનાસકાંઠાની એશિયા ખંડની અંદર પ્રથમ નંબરે આવે એ પણ આ મહિલાઓને આભારી છે. એવરેજ પર ડે ૫૫ લાખ લીટર દૂધ આવે છે ત્યારે અપેક્ષા રાખીએ કે આર્થિક રીતે મહિલાઓ મજબૂત બને એના માટે વિવિધ યોજનાઓ અમલમાં છે. એમને કંઇકને કંઇક મહિલા ગૃપો હોય, બજેટની અંદર ફાળવણી હોય પણ સત્ય હકીકત એ છે કે એ માત્ર કાગળ ઉપર રહે છે સ્થળ ઉપર જે અમલીકરણ થવું જોઇએ એવું અમલીકરણ થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાપુ અને માનનીય નાણાં મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, બેટી બચાવો, બેટી પઢાવો એ સૂત્રને આપણે સાર્થક કરીએ. હું મારા બનાસકાંઠાની વાત કરું તો આજે પણ બનાસકાંઠાની અંદર એક પણ સરકારી મહિલા કોલેજ નથી. વાવ, ભાભર અને સૂઇ ગામની વાત કરું તો ગુજરાતની અંદર સાક્ષરતા દર કહેવાય, કન્યા કેળવણી કહેવાય એ ગુજરાતમાં છેલ્લામાં છેલ્લા નંબરે અત્યારે અમારો વિસ્તાર છે ત્યારે આ વખતના બજેટમાં અને લોકો તરફથી જયારે

સૂચનો આવતાં હોય છે, હું ઘણી વખત ગામડાંમાં જાઉં છું તો જોઉં છું કે દીકરીને આઠમા ધોરણ પછી ગામ લોકો નથી ભણાવતા. તો એમાં વાલીઓની એક જ રજૂઆત આવે છે કે બેન, તાલુકા કક્ષાએ દીકરીઓને રહેવા અને ભણવાની વ્યવસ્થા એક જ જગ્યાએ હોય તો સુરક્ષિત રીતે દીકરીઓ ભણી શકે તો આવી વ્યવસ્થા સરકાર મારફત દરેક તાલુકાદીઠ કરવામાં આવે એવી પણ હું અપેક્ષા રાખું છું. આપણને ખબર છે કે પાટણ હોય, વડોદરા હોય આવી યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંકુલોની અંદર જે ઘટનાઓ બને છે એનાથી પણ માતા પિતા ચિંતીત થઇને દીકરીઓને ભણાવતા નથી. આ શૈક્ષણિક રીતે મેં વાત કરી.

આજે મહિલા દિવસના નિમિત્તે સામાજિક રીતે વાત કરું તો, સામાજિક રીતે દીકરીઓનો જન્મદર માત્ર હમણાં જ રાજય સરકાર મારફત આંકડા આવ્યા કે, ૧૦૦૦ની સામે માત્ર ૮૪૮ દીકરીઓ છે. એ આવનારા સમય માટે એક મોટો પડકાર છે, રૂરલ એરિયાની અંદર આજે પણ દીકરીઓ માટે જન્મદર ઉંચો છે અને સીટીની અંદર અલગ છે ત્યારે એના માટે રાજય સરકાર માત્ર સો રૂપિયાનો ચાંદીનો સિક્કો કે કોઇ નાનકડા ઇનામથી નહીં પણ જે દીકરીઓને એક દીકરી હોય કે બે કે ત્રણ દીકરીઓ હોય એ દીકરીઓને સરકારી નોકરી આપવા માટેની અને આ રીતે દીકરીઓને ભણાવવા માટેની વ્યવસ્થા રાજય સરકાર કરે તો હું માનું છું કે સારૂ રહેશે.

સભાપતિશ્રી : હવે એક મિનિટમાં આપનું પ્રવચન પૂરૂં કરો.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી પણ મારા વિસ્તારમાંથી આવો છો ત્યારે મને બે ત્રણ મિનિટનો સમય વધારે આપશો એવી હું અપેક્ષા રાખું છું. ધાર્મિક રીતે વાત કરીએ તો ધાર્મિક રીતે પણ મહિલાઓને જે વિસ્તારની અંદર આપણે પંચાયતથી પાર્લામેન્ટ સુધી જે મહિલાઓ ચૂંટાઇને આવે છે તેમનું કામ માત્ર રાજનીતિ નહીં પણ પોતપોતાના એરિયામાં જે કોઇ ગરીબ મહિલાઓ છે એમના સુખદુઃખમાં ભાગીદાર થવા માટેની આપણી પોતાની એક નૈતિક જવાબદારી છે અને એ પ્રમાણે થાય તો આવનારા સમયમાં મહિલાઓ માટે કંઇક આપણે સારું કરી શકીશું અને જે કાંઇ મહિલાઓ માટે સંવેદનશીલ સરકાર મુખ્યમંત્રી સાહેબ અને નાણામંત્રી સાહેબ વાત કરી પણ હું આ તબકકે મારા રાષ્ટ્રીય અધ્યક્ષ સોનીયાજીને યાદ કરું તેઓ યુ.પી.એ.ના રાષ્ટ્રીય અધ્યક્ષ હતાં તે સમયે આ મહિલાઓ સગર્ભા હોય અને પોતાની ડીલીવરી માટે રૂપિયા સાત હજારની સહાય કાયદાનું રૂપ આપીને રક્ષા આપી હતી.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનાનીય પ્રવિણભાઇ.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી(કારંજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે સૌ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવું છું.

માનનીય નાણા મંત્રીશ્રી જે અંદાજપત્ર રજૂ કર્યું છે તેને મારું અનુમોદન આપું છું. આ બજેટમાં નાની વાતની ચિંતા કરી છે, તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી બન્નેને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની ભાજપ સરકાર વિકાસના મંત્રને સાચા અર્થમાં સાકાર કરવા માટે સર્વાંગી અને સમતોલ વિકાસના આધાર પર આગળ વધી રહી છે. ગુજરાતની ભાજપ સરકાર દ્વારા શહેરી વિકાસના સંદર્ભમાં અનેક વિધ પ્રજા લક્ષી અને પ્રજા હિતકારક નિર્ણયો અને લોકોની સુખાકારી માટે પારદર્શક વહીવટને સાર્થક કરતાં અનેકવિધ પગલાંઓ લીધાં છે. જે બાબતે સભાગૃહને હું અવગત કરવા માગું છું.

રાજય સરકાર સરળ, ઝડપી અને પારદર્શક વહીવટ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્વમાં લેવામાં આવેલા પ્રજાભિમુખ નિર્ણયોમાં સંકલિત જનરલ વિકાસ નિર્ણય નિયમ-૩ માં નિયમો બનાવવામાં આવ્યા તેમાં ખાસ કરીને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં તા. ૧૨.૧૦.૨૦૧૭ ના જાહેરનામાથી સંકલિત વિકાસ નિયમ-૩, નિયમો -૨૦૧૭ થી આખા રાજયમાં અમલમાં લાવવામાં આવેલ છે. જેના અમલથી આખા રાજયમાં એક સમાન કેટેગરીના શહેરોને એક સમાન લાગુ પડતાં હોવાથી આખા રાજયમાં એક સરખું કાયદાનું અર્થઘટન થાય અને જેથી લોકોને પ્લાન મંજૂર કરવામાં કાયદાના જુદા જુદા અર્થઘટન ન થાય, તેને કારણે પડતી મુશ્કેલીઓનું નિરાકરણ થાય છે.

ઓનલાઇન બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ સિસ્ટમ, સમગ્ર રાજયની નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને અર્બન સત્તા મંડળોમાં વિકાસ સર્વાંગી વસવાટની પરવાનગી માટે ઓનલાઇન બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ સિસ્ટમ આગામી એપ્રિલ માસમાં અમલમાં લાવવાની કાર્યવાહી અંતિમ તબકકામાં છે. જેના કારણે ગુજરાત રાજયના વસવાટની પરવાનગી ઝડપી, સરળ, કાર્યક્ષમ અને પારદર્શક બની રહેશે. રાજય સરકાર દ્વારા અનેકવિધિયોજનાઓ એક સાથે ગઠીત કરી તેને સાચા અર્થમાં અમલીકૃત કરી પ્રજાને સીધો લાભ મળે જેથી વચેટિયાઓ કોઇ રહે નહીં તે પ્રકારે જે યોજનાઓ ઘડવામાં આવી છે, તે માટે સરકારને અભિનંદન આપું છું. આવા માનવતાભર્યા નિર્ણયો લેવા માટે માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબને આવકારું છું.

એફોર્ટેબલ હાઉસીંગ પોલીસી, પી.પી. ધોરણે સમગ્ર રાજયમાં શહેરી વિકાસ મંત્રાલય દ્વારા આર્થિક રીતે નબળા લોકોને નજીવા ભાવે માન સન્માન સાથે રહી શકે અને મારું પોતાનું ઘરનું ગૌરવ લઇ શકે એવી ઉમદા પોલીસી અને એને માટે ખાનગી ડેવલપરોને એફોર્ટેબલ મકાનો બનાવવા માટેની પરવાનગી આપી અને તેના કારણે લોકો આ યોજનાનો લાભ લઇ શકશે. આ યોજનાનો લાભ લેનારને કેન્દ્ર સરકારની યોજના હેઠળ લોનના વ્યાજમાં પણ સીધી રાહત મળી રહેશે. એટલે મારે એ કહેવું છે કે ભાજપ જે કહે છે તે કરે છે.

રીડેવલપીંગ ટેનામેન્ટ ઇન પબ્લિક લેન્ડ, વર્ષો જૂના પબ્લિક લેન્ડ પર બંધાયેલા જર્જરીત હાલતના ટેનામેન્ટો અને એમાં રહેતા લોકોના પરિવાર સાથે સુરક્ષા માટેનો પ્રાણ પ્રશ્ન સતાવતો હતો. ભયના ઓઠા નીચે આ લોકો ટેનામેન્ટોમાં રહેતા

લોકોને માનસિક તણાવ રહેતો અને તે સહન કરતા હતા તેને માનવતાના ધોરણે ભાજપ સરકાર દ્વારા ગુજરાતમાં પ્રથમ વખત આ પોલીસી હેઠળ અનેક સુવિધા વાળું મોટું મકાન મળી રહે તે પ્રકારની પોલીસી અમલી કરવામાં આવી છે. તેનો મને વિશેષ આનંદ છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, વિરામનો સમય થયો છે, સભાગૃહ ૩–૦૦ કલાકે મળશે.

(વિરામ બપોરના ૨–૩૦થી ૩–૧૫)

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભામાં અમારી સરકાર દ્વારા નાણામંત્રી દ્વારા મારા તરફથી જે અંદાજપત્ર રજૂ કરવામાં આવેલ એના ઉપર ચાર દિવસ સુધી આપણા સન્માનનીય સભાગૃહમાં ચર્ચા થઇ છે અને અમારા માનનીય મંત્રીશ્રીઓ સહિત માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ ૭૧ માનનીય ધારાસભ્યશ્રીઓએ એમના વિચારો, સૂચનો અને ટીકાઓ દ્વારા ગૃહમાં રજૂઆત કરી અને અંદાજપત્ર વિશે પોતાના અભિપ્રાયો આપ્યા છે.

આપણી લોકશાહી પદ્ધતિ પ્રમાણે સરકાર જે કંઇ કરે છે એ બધું આ સન્માનનીય સભાગૃહની જાણકારી હેઠળ અને ખાસ કરીને નાણાકીય બાબતો હોય તો માનનીય સભાગૃહની મંજૂરી બાદ જ રાજય સરકાર ખર્ચ કરી શકતી હોય છે. મને આનંદ છે કે અમારી સરકારનું આ જે બજેટ છે એ બજેટ નાણામંત્રીશ્રી તરીકે મેં રજૂ કર્યું છે એમાં વિવિધ તબક્કે જે ચર્ચા વિચારણા અને રજૂઆતો થઇ છે એને ધારાસભ્યશ્રીઓ તરફથી ઘણા મહત્વના સૂચનો પણ થયા છે જેની મેં ગંભીરતાપૂર્વક નોંધ લીધી છે.

હું એટલું ચોક્કસ કહીશ કે બધા સભ્યશ્રીઓએ આપણા બજેટની મારી જે પ્રવચન પુસ્તિકા ''ક'' અને ''ખ'' ભાગ છે. ''ખ'' માં ટેક્સ પ્રપોઝલ છે એ બંને પુસ્તિકાઓનો, વિભાગવાર, વિગતવાર એક એક પાનાનો, કુલ ૩૬ પાના છે એનો સંપૂર્ણરીતે અભ્યાસ કર્યો હોત અથવા તો વાંચ્યા હોત તો હું માનુ છું કે, કોઇપણ ધારાસભ્યશ્રીના મનમાં કોઇ પ્રશ્ન હોય કોઇ રજૂઆત હોય એ બધી વાતનો જવાબ અમારા બજેટ પ્રવચનમાં આવી ગયો છે. પરંતુ રાજકીય રીતે સ્વાભાવિક છે વિરોધપક્ષમાં હોય એટલે પોતપોતાના વિચારો જુદી રીતે વિરોધની રીતે, વિરોધની ભાષામાં, ટીકાની ભાષામાં રજૂ કરે, જયારે અમારા ધારાસભ્યશ્રીઓએ બજેટને સમર્થન આપ્યું છે અને બજેટને પ્રજાલક્ષી ગણાવીને, વિકાસલક્ષી ગણાવ્યું છે, ગરીબ લક્ષી, ખેડૂત લક્ષી ગણાવ્યું છે. આ કોઇ પ્રવચન માટે નહિ પણ સાહિત્યના આધારે અમારા સભ્યશ્રીઓએ સૂચનો અને રજૂઆતો અને સમર્થનના રૂપમાં કહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં બે–ત્રણ પ્રકાર હોય છે. ધારાસભ્યના પ્રવચનમાં એક મુખ્ય મુદ્દો હોય છે એ મોટા નીતિવિષયક નિર્ણયોમાં. એક નિર્ણય એવો હોય કે આખા રાજયને લાગુ પડે. તો તેના વિશે વિપક્ષના નેતાશ્રી, સિનિયર સભ્યો સ્વાભાવિક છે કે પ્રવચન કરે. તેમના અનુભવના આધારે રાજય સરકારને માર્ગદર્શન આપે, ટીકા–ટિપ્પણ કરે. બીજો ભાગ જે હોય છે એ કામોને લગતો હોય છે. વિભાગને લગતો હોય છે કે આ સરકારમાં અમે કૃષિ માટે આ બજેટમાં શું આપ્યું? બહેનો માટે શું આપ્યું? ગરીબો માટે શું આપ્યું? ઓ.બી.સી. માટે શું આપ્યું, આદિજાતિ માટે શું આપ્યું? અનુસૂચિત જાતિ માટે શું આપ્યું? તો એ પણ જે તે સમુદાયના ધારાસભ્યો પોતાને જે તે સમાજના પ્રતિનિધિ ગણાતા હોય તેના ઉપર સ્વાભાવિક છે કે વિચારો વ્યક્ત કરતા હોય છે. ત્રીજો મહત્વનો પ્રકાર મારી દૃષ્ટિએ જે છે એ સ્થાનિક પ્રશ્નોને વાચા આપવાનો. આ બજેટમાં કયા જિલ્લામાં કેટલી રકમ કયા કામ માટે ગઇ? તેમાંથી કયા તાલુકાને શું લાભ મળવાનો છે? કયા શહેરને શું લાભ મળવાનો છે. અમારા શહેરોના ધારાસભ્યો છે. નગરપાલિકા વિસ્તારનું પ્રતિનિધિત્વ ઘણાં ધારાસભ્યો આ સન્માનનીય ગૃહમાં કરે છે. તો તેમની નગરપાલિકા જે ૫૦,૦૦૦, ૭૫,૦૦૦, ૨,૦૦,૦૦૦, ૫,૦૦,૦૦૦ સુધીની વસતિ ધરાવતી હોય, કોઇ મહાનગરપાલિકા હોય, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, ગાંધીનગર એ મહાનગરપાલિકાઓના જે પ્રતિનિધિ હોય તેમણે મહાનગરોને, શહેરી વસતિને શું મળ્યું. શહેરી વસતિની શું જરૂરિયાત છે તેના પ્રશ્નો રજૂ કરે. તેમાં શું ફાળવણી થઇ છે તેના વિશે માગણી કરે તો એ વધુ પુખ્ત વિચારણા મારી દ્રષ્ટિએ થઇ કહેવાય. ૧૦૦ ટકા શહેરના ધારાસભ્યો હોય. આજુબાજુ ૨૫ કિલોમીટરમાં ખેતી ન હોય અને પછી એ ખેતીની વાત કરે. ગામડાંનું પ્રતિનિધિત્વ ૧૦૦ ટકા જે વિસ્તારમાં આવતું હોય. વિચારો વ્યક્ત કરવાની દરેકને છૂટ છે. હું કોઇ મર્યાદામાં બાંધવાની વાત નથી કરતો. પણ સરકાર પાસે કેવી રીતે કામ કરાવવું, કેવી રીતે પોતાના વિસ્તારના પ્રશ્નોને વાચા આપવી. સરકારમાં દરેક વિભાગના અમારા મંત્રીશ્રીઓ અહીં બેસે છે. એ એમ ન માનતા કે ખાલી બેસે છે. દરેક ધારાસભ્યે શું સૂચન કર્યા, શું ટીકા કરી. શું માગણી કરી, બજેટમાં નહીં, પ્રશ્નોત્તરીમાં પણ અમે ઘ્યાન રાખતા હોઇએ છીએ. આપણી અધિકારી લોબી છે. તેમાં દરેક વિભાગના સચિવો બેસે છે. એ બધા જ ધારાસભ્યશ્રીઓ તરફથી જે પણ રજૂઆત થઇ હોય, તેમાં તેમને પક્ષાપક્ષી લાગુ પડતી નથી. તેમને પ્રશ્નથી લેવા દેવા હોય છે કે આ વિસ્તારમાં પાણી નથી મળતું એવો કોઇ પ્રશ્ન આવ્યો તો પાણી પુરવઠાના અધિકારી તેની નોંધ કરે, જેટલું વ્યાજબી હોય એટલું સરકાર પાસે ધ્યાન ઉપર મૂકીને કામ કરાવે. આરોગ્ય વિભાગનો પ્રશ્ન હોય, દર્દી વધારે છે પણ ડોકટર નથી, દવા નથી. એ અમારા અધિકારીઓ આ બધું નોંધતા હોય છે. આ આપણી લોકશાહી પદ્ધતિ છે. દરેક સરકારમાં હોય છે. હું જયારે ૧૯૯૦થી ૧૯૯૫ પહેલી વખત ધારાસભ્ય બન્યો ત્યારે અમે પણ અહીં બેસતા હતા. છેક છેલ્લે મારો નંબર હતો. પછી ફરતો ફરતો અહીં આવ્યો છું. એટલે ત્યારથી હું જોતો આવ્યો છું. ૧૯૯૦થી એક ટર્મ

બાદ કરતા. પોતાના વિસ્તારના પ્રશ્નોને વાચા આપવી એ દરેક ધારાસભ્યની ફરજ છે. અધિકાર પણ છે. એકલી ફરજ નથી, આપ સૌનો અધિકાર છે. પણ અધિકારને સારી રીતે જો ઉપયોગમાં લેવો હોય તો આપણાં પ્રશ્નની સચોટ રજૂઆત, ધારદાર રજૂઆત, મુદ્દાસર રજૂઆત એ ચોક્કસ સામી વ્યક્તિને તેમાં સંમત થવા પ્રેરણા આપતી હોય છે. આપણાં માનનીય અધ્યક્ષશ્રી •(xxx) તેમ કોઇ ખેડૂતોના પ્રતિનિધિ છે, કોઇ ઓ.બી.સી.ના છે. કોઇ એસ.ટી.ના છે. કોઇ એસ.સી.ના છે. કોઇ ગામડાંના છે. કોઇ વિદ્યાર્થીઓ વતી વાત કરે. અહીંયા પ્રોફેસર છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે જે કહ્યું કે *(xxx) આ શબ્દો કાઢી નાખવામાં આવે છે. કેમ કે હું આ લઇને બેઠો છું તેમાં આવું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું જાણું છું સાહેબ.

અધ્યક્ષશ્રી : વખાણ પણ કરવા એટલે મારા પહેલાંના કોઇ *(xxx) તેમનું સારું ન દેખાય. એ ભાવનાથી આ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આપનું સૂચન મને માન્ય છે. ધારાસભ્યોએ જે સૂચનો કર્યા છે તેને અમે ગંભીરતાથી લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક સૂચનો બહુ ઉપયોગી અને અનુભવથી આગળ ઉપર લાભ લેવાવાળા લાગ્યા છે. અમારા સભ્યોએ ખૂબ સુંદર રીતે માર્ગદર્શન અને રજૂઆતો કરી છે. વિરોધપક્ષનો ધર્મ અને કર્તવ્ય છે. ધર્મના ભાગરૂપે એમણે ટીકાઓ કરી છે. એ યોજનાઓ વાંચે, એ યોજનાઓની ખામીઓ શોધીને એની ટીકા કરે એ જરૂરી છે. અમે કોઇ યોજના અમલમાં મૂકી એમાં વહીવટી રીતે શું ખામી છે એ અમને જણાવે એ એક પ્રકાર છે. અરજદાર આવે તો શું તકલીફ પડે છે, ખેડૂતો વીજળી કનેક્શન માટે જાય તો શું તકલીફ પડે છે, વિદ્યાર્થી એડમિશન માટે જાય તો શું તકલીફ પડે છે, દર્દીઓ હોસ્પિટલમાં જાય તો શું તકલીફ પડે છે? એમણે વહીવટની આ ખામીઓ શોધીને ટીકાઓ કરી હોત તો ગુજરાતની જનતાને મદદરૂપ થઇ શક્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, રૂ. ૧,૮૩,૬૬૬ લાખ કરોડનું બજેટ ગુજરાતની સવા છ કરોડની વસતિ માટે અમે આપ્યું છે. હું માનું છું કે ગુજરાત સિવાય બીજું કોઇ રાજ્ય આપણા જેટલી વસતિ અથવા આપણા જેટલું કદ ધરાવતું હોય એમણે આપ્યું નહીં હોય. હું તો બધા રાજ્યોનો અભ્યાસ કરીને કહું છું. સમય મર્યાદાના કારણે વધુ નહીં કહું. માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ, શ્રી સૌરભભાઇ અને શ્રી ગણપતભાઇએ બહુ વિગતવાર ચર્ચા કરી છે. અમારા સભ્યોએ પણ ખૂબ ચર્ચા કરી છે. આપે પણ કહ્યું છે. ગુજરાત જેવું રાજ્ય વસતિના આધારે આટલું મોટું પ્લાન બજેટ રજૂ કર્યું છે એ ઈતિહાસ છે. આ ઈતિહાસ પહેલીવાર નથી રચાયો! પ્રજાએ, જનતાએ સમર્થન આપી, અનેક વિરોધો, અનેક વંટોળો, અનેક ખોટા જૂઠ્ઠાણાઓ, અનેક પ્રકારની લાલચો, લાલચો પણ કેવી ! આ વખતે એવી લાલચો અપાઇ હતી કે આ ગુજરાતનું મેં જે બજેટ રૂ. ૧,૮૩,૬૬૬/- લાખ કરોડનું રજૂ કર્યું છે એવું ત્રણ વર્ષ સુધી રજૂ કરું તો પણ બધી લાલચો સંતોષાય નહીં. એવા એક પક્ષ તરફથી વચનો અપાયા હતા. આવનારા ત્રણ બજેટમાં બીજું કશું ન કરીએ અને આપેલા ખોટા વચનો, લોભામણા વચનો પાછળ જ એ રકમ વાપરીએ તો એ પૂરા ન થાય એવા લલચામણા વચનો એક પક્ષ તરફથી આપવામાં આવેલ. હું પક્ષનું નામ નહીં દઉં. ગુજરાતની જનતાના શાણપણનો, અનુભવનો, બુદ્ધિનો, પરિપકવતાનો આભાર માનવો છે. સામે અનેકગણી લાલચો હોવા છતાં, અનેક ગણા જૂઠ્ઠાણા હોવા છતાં, અનેકગણો અપપ્રચાર હોવા છતાં, ગુજરાતની જનતાએ અમારા નેતા માનનીય નરેન્દ્રભાઇ મોદી અત્યારના વડાપ્રધાનશ્રી અને અમારા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ભારતીય જનતા પક્ષે ૨૨ વર્ષથી જનતાની સેવા કરી છે એને શિરોમાન્ય ગણી છે અને ફરીથી વધુ પાંચ વર્ષ માટે અમને સમર્થન આપ્યું છે. આ બજેટ રજૂ કરતી વખતે પ્રજાને ખોટી વાતો, લલચામણા વચનોમાં વિશ્વાસ નહોતા આપ્યા. અમારા સભ્યે આજે જ કહ્યું કે ભાજપ એટલે શું એની વાત કરી. ગુજરાતની જનતા અને હવે દેશની જનતામાં પ્રબળ માન્યતા થઇ ગઇ છે કે ભારતીય જનતા પક્ષની સરકાર જે બોલે છે એ કરી બતાવે છે. અમે કોઇ વચનો આપી ભાગી જનારા નથી. કોઇ ખાતમુહૂર્ત કરી એ પથ્થર એમને એમ પડ્યો રહે અને ૨૫ વર્ષ સુધી આગળ કશું થાય નહીં એવા ખાતમુહૂર્ત અમે કરતા નથી. હું ગેરંટી સાથે કહું છું કે જેને અભ્યાસ કરવો હોય એ કરી લે. અમારી સરકારે, અમારા મંત્રીશ્રીઓએ, અમારા ધારાસભ્યશ્રીઓએ, અમારા આગેવાનોએ જેટલા ખાતમુહૂર્ત કર્યા છે એમાંથી ૯૫ ટકા કામ અમે પૂરા કરી દીધા છે. ૫ ટકા કામ કદાચ બાકી હશે. આ કામ બાકી રહેવાના કારણો પણ છે. ક્યાંક કાયદાકીય પ્રક્રિયા બાકી હોય, ક્યાંક લોકોનો વિરોધ હોય, ક્યાંક સ્થાનિક કારણોસર એ કામ અમારા બાકી છે. બાકી હું આજે પણ આ સન્માનનીય ગૃહના સર્વમાન્ય ધારાસભ્યશ્રીઓને અમારી સરકાર વતી ખાતરી આપુ છું કે આ ૧૮૩ કરોડ ૬૬૬ લાખનું અમારું જે બજટ છે એના જે વિકાસના કામો છે એ કામો એક વર્ષમાં હાથ ઉપર લેવા, જે સમયમર્યાદામાં પૂર્ણ થતા હોય એ પૂર્ણ કરવા અને આ ખર્ચેલી રકમ નીતિનભાઇની નથી, વિજયભાઇની પણ નથી. અહીં બેઠેલા કોઇની પણ નથી. ગુજરાત સરકારની તિજોરીમાં જે રકમ જમા થાય છે એ ગુજરાતની જનતાની છે, આપણે સૌ જનતાના પ્રતિનિધિ છીએ. અમે મંત્રીઓ સરકારના પ્રતિનિધિ તરીકે, પ્રજાના ટ્રસ્ટી છીએ. ટ્રસ્ટ એટલે વિશ્વાસ. પ્રજાનો વિશ્વાસ જાળવી રાખવો, એમાં વધારો કરવો, પ્રજાનો સહયોગ મેળવવો અને અમારું જે સુત્ર છે, માનનીય વડાપ્રધાનશ્રીએ જે આખી દુનિયાને આપ્યું છે. હવે તો ઓબામાએ પણ એને સ્વીકાર્યું, વિદેશીઓએ પણ એને સ્વીકાર્યું. બહારના વડાપ્રધાન આવે, બહારના રાષ્ટ્રપતિશ્રી આવે, બધા આવીને એમ કહે

• આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામભાં આવ્યા.

કે ''સૌનો સાથ, સૌનો વિકાસ'' એ દુનિયાનું સુત્ર બન્યું છે એ રીતે અમારી સરકાર જયારે કામ કરે છે ત્યારે અમે આ બજેટ જે રજૂ કર્યુ છે, હું સર્વમાન્ય ધારાસભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે આજે નહીં તો તમને અનુકૂળ આવે ત્યારે ગાડીમાં જતા, ઘરે રાત્રે આ પુસ્તક વાંચી લેજો. હું એટલા માટે વાંચવાનું કહુ છું, સરકારની પ્રસિદ્ધિ માટે નહીં પણ જે યોજનાઓ મૂકી છે એનો લાભ તમારા વિસ્તારના નાગરિકોને તમે અપાવી શકો જો એ યોજનાની તમને ખબર હોય, મને યોજનાની જ ખબર ના હોય તો એનો પ્રચાર, પ્રસાર નહીં કરું. મને ખબર નહીં હોય એના નીતિ નિયમોની, એની જોગવાઇઓની તો હું મારા કાર્યકર દ્વારા મારા નાગરિકોને એના વિસ્તારમાં હું એનો લાભ નહીં અપાવી શકું. જેને ખબર હોય એ બીજાને લાભ અપાવી શકે એટલે ખબર રાખી, તમારા વિસ્તારના લોકોને આનો લાભ અપાવજો. હું કોઇ વિસ્તારને કે કોઇને વ્યકિતગત નથી કહેતો. સવા છ કરોડ, ૧૮૨ ધારાસભ્યો પોતપોતાના વિસ્તારમાં આનો પ્રચાર કરે અને આ પ્રજા માટે આપણે કરવાનો છે. મને નવાઇ બહુ લાગી છે. કોઇએ અમે જે સારા સારા, સાચા, પ્રજા ઉપયોગી પગલાં લીધા, જેના માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી, જેના કારણે એક ગરીબ આદિવાસી જે નાનામાં નાના પર્વત ઉપર પાંચ–સાત ઘરમાં રહે છે એનાથી માંડી અમદાવાદ, સુરત જેવા મહાનગરોમાં વસે છે એવા નાગરિકોને જેનો લાભ થવાનો છે. એક ગામડાંની પ્રાથમિક શાળા કે જયાં સો વિદ્યાર્થીની સંખ્યા નથી ત્યાંથી માંડીને મોટી યુનિવર્સિટીઓ સુધી આનો લાભ મળવાનો છે. આઇ.ટી.આઇ. ગામડાંમાં ચાલતી હોય, તાલુકા મથકે ચાલતી હોય કે જયાં છોકરાઓને રોજગારલક્ષી તાલીમ આપવા આઇ.ટી.આઇ. ચાલે છે, જુદા જુદા ટ્રેડ ચાલે છે એનાથી માંડી મેડિકલ કોલેજ, એન્જિનિયરીંગ કોલેજ, પી.ડી.પી.યુ. કોલેજ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી જેની મોદી સાહેબે સ્થાપના કરી. આપણને ગુજરાતી તરીકે તમામને ગર્વ થવું જોઇએ કે આજે પંડિત દીનદયાળ યુનિવર્સિટીની વિશ્વ કક્ષાએ પેટ્રોલિયમ ક્ષેત્રમાં નામના છે અને ભારતના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને છેલ્લા અઠવાડિયાથી આપણે રોજે વાંચીએ છીએ કે ફોર્બ્સમાં મુકેશભાઇ અંબાણી, ધીરૂભાઇ અંબાણીના દીકરા એ એના ચેરમેન છે. આવા સફળ ઉદ્યોગપતિ, સફળ ગુજરાતી જેને આપણે એનું સુકાન સોંપ્યું છે. આપણી લો યુનિવર્સિટી જે ગુજરાત સરકારની છે એની પણ માનનીય મોદી સાહેબે સ્થાપના કરેલી. ગુજરાતની લો યુનિવર્સિટીમાં જે ઉચ્ચતમ અભ્યાસ કરવો હોય એલ.એલ.બી. નહીં, એલ.એલ.બી. સિવાયના ઉચ્ચ અભ્યાસક્રમો, જેને વકીલાતમાં જવાનું છે, વિશ્વ કક્ષાની વકીલાતની ટ્રેનીંગ ત્યાં મળે છે. કોઇએ આંતરરાષ્ટ્રીય કોર્ટમાં જઇને વકીલાત કરવી હોય તો પણ કરી શકે એવી ટ્રેનીંગ મળે છે એ પણ અમારી ગુજરાત સરકારે, મોદી સાહેબે, ભા.જ.પે. બનાવી એનું આપણને બધાને ગૌરવ હોવું જોઇએ. તમે એમ ના કહેતા, કે આ મોદી સાહેબે બનાવી, આ ભા.જ.પ. સરકારમાં બની, એમ નહીં કહો તો ચાલશે પણ એક ગુજરાતી તરીકે જયાં જાવ ત્યાં કહેજો કે આ પંડિત દિનદયાળ યુનિવર્સિટી અમારા ગુજરાતની છે. અમને ગુજરાતીઓને એનાથી ગૌરવ છે. આજે વિશ્વ મહિલાદિન છે. બધા બહેનોનું ત્યાં સંમેલન છે. અમારા ભારતીય જનતા પક્ષના બધા ધારાસભ્ય બહેનો ત્યાં ગયા છે અને હું તો ગેનીબેનને પણ વિનંતી કરુ છું અને ચંદ્રિકાબહેનને પણ વિનંતી કરુ છું કે તમે પણ ત્યાં પધારો. તમને પણ અમારું આમંત્રણ છે.

મહાત્મા મંદિર દુનિયાના કોઇ નેતા અમેરિકા જેવા મહા શક્તિશાળી હોય, રશીયા, જર્મની, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા કોઇ દેશ બાકી નથી કે જેના મહાનુભાવો મહાત્મા મંદિરમાં ન આવ્યા હોય. એના વખાણ, એની સવગડ, એની સુવિધા એ કોઇ એક વ્યક્તિના વખાણ નથી. બહાર જઇને એ તો એમ જ કહેવાના છે કે ગુજરાત સારામાં સારું રાજ્ય છે. વ્યક્તિ વિશેષ નહીં જોડવાનું. વ્યક્તિ કામ કરે છે, વ્યક્તિ મદદ કરે છે, ગૌરવ ગુજરાતનું વધે છે. મને દુઃખ થાય છે અને નવાઇ લાગે છે, હું તો આખા દેશમાં કાયમ જી.એસ.ટી. કાઉન્સિલમાં બધા રાજ્યોના નાણામંત્રીશ્રીઓ સાથે અનેક વખત મળ્યો છું. છાપાઓ પણ આપણે બધા વાંચીએ છીએ, ટી.વી. જોઇએ છીએ. ગમે તે કારણોસર ગુજરાતમાં એક ખોટી પદ્ધત્તિ દાખલ થઇ ગઇ છે કે જે ગુજરાતના ઉદ્યોગપતિઓ છે, ગણમાન્ય વ્યક્તિઓ છે, તેમણે રોકાણ કર્યું, હજારો અને લાખોને રોજગારી આપી છે. અહીંયા એક ધારાસભ્યશ્રી બોલ્યા હતા એમનું નામ નથી આપવું, એમણે કહ્યું કે તમે અંબાણી સિવાય વાત કરતા નથી. વિશ્વની મોટામાં મોટી ઓઇલ રિફાઇનરી જામનગરમાં (અંતરાય) આગળ–પાછળ બધું જાણું છું. ચીમનભાઇ વખતે આ રિફાઇનરી સ્થપાયેલી. (અંતરાય) તમે પછી આવ્યા પણ ધીરુભાઇ અંબાણીએ જ્યારે જામનગરનું સ્થળ પસંદ કર્યું ત્યારે મને ખ્યાલ છે એ વખતે ભારતીય જનતા પાર્ટી, કેશુભાઇ પટેલ, અમારા ભૂપેન્દ્રસિંહ એ સરકારમાં અમે ભાગીદાર હતા. પણ બાબરી ધ્વંશ થયું એટલે અમે છૂટા પડ્યા એટલે પછી ચીમનભાઇ તમારી જોડે આવ્યા. એ તો ન આવતા પણ બાબરી ધ્વંશ થયું અને એમને સરકાર ટકાવવી હતી. શ્રી વી.પી.સીંગ રાષ્ટ્રપતિ શાસન ન નાખી દે એટલે એમણે અમારાથી છેડો ફાડ્યો અને તમે એમની સાથે બેસી ગયા. એ બેઠા એ બેઠા, પહેલી અને છેલ્લી વાર ૧૯૯૫થી ગુજરાતની જનતાએ તમને ફરી અહીં એન્ટ્રી આપી નથી. આ એટલા માટે કહું છું કે ધીરુભાઇ અંબાણી, અંબાણી ગૃપ દેશની નહીં પણ દુનિયાની મોટામાં મોટી રિફાઇનરી એમની છે અને બધું સરસ ચાલે છે. આપણને કેટલી આવક આપે છે એ ખબર છે? અહીંયા સબસિડીની વાતો કરે છે, બધું આપી દીધાની વાત કરે છે. મને ખ્યાલ છે કે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ થઇ એ વખતે ૨૫ હજાર કરોડ રૂપિયા ૧૯૯૧, ૧૯૯૨, ૧૯૯૩ના સમયની વાત છે, એમને સબસિડી આપવી એવો એ વખતની સરકારોએ નિર્ણય કર્યો હતો. અમે વિરોધ પક્ષમાં હતા, અમે એ નિર્ણયની ટીકા કરી ન હતી. અમને ખબર હતી કે આ ૨૫ હજાર કરોડ તો સાહેબ, જેમ ઘરમાં ગાય કે ભેંસ હોય એને દાણ આપીએ છીએ, ઘાસ આપીએ છીએ, એને ખાણ ખવડાવીએ છીએ એ પછી એ દૂધ આપે છે. આ રિલાયન્સ એવું દૂધ આપતી ઇન્ડસ્ટ્રીઝ થઇ છે કે ૨૫ હજાર કરોડનો ટેક્સ વાપર્યા પછી આજે ગુજરાત સરકારની તિજોરીમાં અને ભારત સરકારની તિજોરીમાં દર વર્ષે કરોડો અને અબજો રૂપિયાનો ટેક્સ જુદા જુદા સ્વરૂપે પ્રજાને ઉપયોગી થાય એ માટે આપે છે. તો પણ એની ટીકા કરવાની? અહીંયા

મોરબીના ધારાસભ્યશ્રી બ્રિજેશભાઇ બેઠા છે. પહેલા અમારા કાંતિભાઇ અમૃતિયા હતા. મોરબીમાં જમીનની કોઇ કિંમત ન હતી, કોઇ પૂછનાર ન હતું, કોઇ ઉદ્યોગો ન હતા. એ વખતે અમારી સરકારે સિરામિક ઇન્ડસ્ટ્રીઝ ત્યાં આવે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગેસની પાઇપલાઇન આપવાનો નિર્ણય કર્યો. સાબરકાંઠામાં હિંમતનગરમાં પણ ગેસ આપ્યો. એ ગેસ આપવાના દીર્ઘદ્રષ્ટિભર્યા નિર્ણયના કારણે, મારું કડી તો જૂનું છે અને જૂનામાં જૂની સિરામિક ઇન્ડસ્ટ્રીઝ ત્યાં છે. આજે મોરબી અને હિંમતનગર બન્ને જગ્યાએ ત્યાં આજે ભારતના મોટામાં મોટા સિરામિક ઉત્પાદન કરતા એકમો આવેલા છે અને ત્યાંથી દર વર્ષે ટેક્સના સ્વરૂપે ગુજરાત સરકારની તિજોરીમાં કરોડો રૂપિયા જમા થાય છે. અમે ત્યાં ઇન્ડસ્ટ્રીઝ કરી એ કોઇ ગુજરાતનો (અંતરાય)બેસી જાઓ, મેં તમારા વખાણ કર્યા છે. મારા મોઢે નામ બોલાય એ સન્માન જ કહેવાય. સારી રીતે હો, મેં તમને સન્માન આપ્યું બ્રીજેશભાઇ, બધાને હું સન્માન આપું છું. ગેનીબેનને સન્માન આપ્યું, એ પશુપાલક છે. (સમય સૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ બાકી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હું વિશેષ વાત નહિ કરું. ઉદ્યોગ સ્થાપવા એ રોજગારી વધારવાનો એક મોટામાં મોટો ભાગ છે. સાહેબ, અહીંયા રજૂઆત કરે છે. અલ્પેશભાઇ બેઠા છેને? હા. ચૂંટણી પહેલા આંદોલન કરતા હતા ‘રોજગારી આપો, રોજગારી આપો’. સાહેબ, એનો અધિકાર છે માગવાનો, દરેકને જે માગવું હોય તે માગવાનો અધિકાર છે. અમારું તો પેલું કલ્પવૃક્ષ છે. જે સાચું માગે, સારું માગે તેના મીઠા પરિણામ અને મીઠા ફળ મળે જ છે. સાહેબ, રોજગારી આપવી હોય તો બે જ ક્ષેત્ર છે. એક ગ્રામ્ય વિસ્તાર માટે ખેતીવાડી અને એક ઉદ્યોગ. ખેતીવાડીને રોજગારી આપવાનું અમે અનેકગણું કામ કર્યુ છે. સાહેબ, હું નર્મદાની આગળ-પાછળની વાતમાં નહિ જાઉં. કારણ કે, બજેટમાં જરૂર પડશે તો નર્મદાની ડિટેઇલ ચર્ચા કરીશું. આખા સૌરાષ્ટ્રના ધારાસભ્યો અહીંયા બેઠા છે એમાં ઉત્તર ગુજરાત, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ જિલ્લાના ધારાસભ્યો અહીંયા બેઠા છે. જ્યાં સુધી નર્મદા કેનાલ નહોતી આવી ત્યાં સુધી મારા કડીથી શરૂ કરીને કોઇ જમીનની કિંમત ન હતી, કોઇને પોતાનો ખાનગી ટ્યૂબવેલ હોય જે ખેડૂતને એ જ થોડીઘણી, ૫-૨૫ વીઘા ખેતી કરી શકે બાકીની જમીનો કોરી પડી રહેતી હતી, ખાલી પડી રહેતી હતી અને બિનઉત્પાદક પડી રહેતી હતી જેમ જેમ નર્મદાનું કામ અમારી ભારતીય જનતા પક્ષની સરકારે માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આગળ વધાર્યુ. જે જમીનો પડી રહેતી હતી, એની કોઇ કિંમત ન હતી, જેને પૂછનાર કોઇ ના હતું એ જમીનમાં આજે ૨ થી ૩ સિઝનના પાક ખેડૂતો લે છે. આજે હું ખાતરીથી કહું કારણ કે એ ક્ષેત્રનો જાણકાર છું. સહકારી આગેવાનો વિરજીભાઇ અને એ બધા અહીંયા બેઠા છે. સાહેબ, ગુજરાતનું કોઇ માર્કેટ યાર્ડ સિઝનની અંદર એવું નથી રહ્યું કે જ્યાં ૪ દિવસ સુધી માલ નાખો તો જગ્યા મળે. માર્કેટ યાર્ડોને બોર્ડ મારવા પડે છે કે ૩ દિવસ સુધી ખેડૂતોએ માલ લાવવો નહિ, કેમ? કૃષિ ઉત્પાદન એટલું બધું વધ્યું, ખેડૂતોએ જે ઉત્પાદન વધાર્યુ. સાહેબ, બનાસકાંઠા જ્યાંના લોકો રોજગારી માટે અમારા કડીમાં આવતા હતા, અમદાવાદ જતા હતા એ લોકોને આજે કેટલું જીરૂ થયું? ખેડૂત આવે તો એમ કહે કે મારે ૫૦ મણ જીરૂ થયું, ઉંઝા લઇ ગયો. એની આવક જુઓ. ખેડૂતોની જે આવક વધી, રોજગારી ઉભી થઇ, ટ્રેક્ટરો, બીજી સાધન સામગ્રી, ઈરીગેશન, ડ્રીપ ઈરીગેશન, પાણી બચાવવું. સાહેબ, નર્મદાનું પાણી એટલું પૂરતું નથી હું આ હાઉસમાં ઓફિસીયલ કહું છું. ડ્રીપ ઈરીગેશન અપનાવવું પડશે, પાણી બચાવવું પડશે, ટપક સિંચાઇ, ફુવારા પદ્ધતિ, આદિવાસીઓને ૮૦% અને સામાન્ય ખેડૂતોને ૭૦% સબસિડી આપીને પાણી બચાવવા માટે અમે કામ કરીએ છીએ. વીજળીમાં સાહેબ ખેડૂતોની વાત કરી કે સાહેબ, કનેશન આપતા નથી. ગયા વર્ષે અમે એક લાખ કરતા વધુ કનેશનનો ટારગેટ રાખ્યો હતો એ પૂરો કરી દીધો. આ વર્ષે પણ લગભગ એકઝેટ નથી કહેતો સવા લાખ કનેકશનનો અમે ટારગેટ રાખ્યો છે. ૧૦૦ કરતા વધુ સબસ્ટેશનો બનાવવાનું કામ કરીએ છીએ.

સાહેબ, શિક્ષણમાં ૨૫૦૦૦ કરોડનું બજેટ ગયા વર્ષે હતું. આ વખતે ૨૭૫૦૦ કરોડ કર્યુ છે. તમે વિભાગ વાઇઝ જોઇ લો. માનનીય અધ્યક્ષશ્રી, એક પણ વિભાગ એવો નથી કે જેનું અમે બજેટ ના વધાર્યુ હોય. હું કહું, મા-વાત્સલ્ય યોજના અહીંયા આપણે બધા ગરીબોના, મધ્યમ વર્ગના હમદર્દ છીએ. આપણને કોઇ માણસ બિમાર પડે. (અંતરાય) પાંચ મિનિટ મારે તો લાગશે. પંકજભાઇ સમય મર્યાદા વધારો. હું પાંચ મિનિટમાં પૂરું કરું છું. મુખ્ય યોજના મા-યોજના, મા-વાત્સલ્ય યોજના કોઇ હાથ ઉંચો કરીને એમ કહેશે કે, ઉપયોગી નથી? ચલો મને કહો. ઉપયોગી છે એને ડબલ ઉપયોગી કરી. સાહેબ, અમારી પાસે નાગરિકો અને કાર્યકરોની રજૂઆત આવતી હતી. સાહેબ, એમાં એમ કીધું કે, અઢી લાખ રૂપિયાની તમે જે આવક મર્યાદા રાખી છે એ વધારો તો સાહેબ, અમે ત્રણ લાખ રૂપિયા કરી. પહેલા સારવારની જે બે લાખ રૂપિયાની સિલિંગ હતી એ અમે ત્રણ લાખ રૂપિયા કરી. અમે બીજું પણ કર્યુ. (અંતરાય) તમે સાંભળો તો ખરા. સાહેબ ટાઇમ નથી આપતા હું તો રાત સુધી બોલવા તૈયાર છું. મને સાહેબ પાસે સમય અપાવો. સિનિયર સિટીઝન આપણા મા-બાપ, કોઇ પણના મા-બાપ ૬૦, ૬૫, ૭૦ વર્ષની ઉમર થાય ત્યારે અમુક રોગ થાય, મધ્યમ વર્ગનો માણસ હોય, ગરીબ હોય, મા-બાપ શું વિચારતા હતા કે મારે છોકરા પાસે ખર્ચો કરાવવો નથી. મારે બીમાર નથી રહેવું, ભગવાન બોલાવી લેશે એટલે હું જતો રહીશ. અમે એવું નથી રાખ્યું સાહેબ. અમે આ તબકકે શરૂઆત કરી છે. એને સફળતા મળશે, આગળ વધારીશું. કોઇપણ પરિવાર જેની વર્ષે ૬ લાખ રૂપિયાની આવક હોય એવા પરિવારના ૬૦ વર્ષથી ઉપરના મા બાપને કોઇપણ ગંભીર બીમારી થાય તો એની સંપૂર્ણ સારવાર મા વાત્સલ્ય યોજના નીચે કરવાનો અમે નિર્ણય કર્યો છે. આ મા બાપની સેવા, આશીર્વાદ અમને ફળે છે. બધાને ફળે છે એ અમે લેવાનો પ્રયત્ન કર્યો છે. ઓ.બી.સી. ની વાત થઇ છે, સરકારી પ્રાથમિક શાળાઓ, સ્કૂલો, કોલેજો બધે અમે સીટો વધારતા જઇએ છીએ. તમે સેલ્ફ ફાઇનાન્સની વાતો કરો છો. અમે સેલ્ફ ફાઇનાન્સ પણ વધારીએ છીએ અને સરકારી વ્યવસ્થાઓ જ્યાં ફી

નથી અથવા વ્યવસ્થાઓ સરકાર તરફથી છે એ પણ ક્રમાનુસાર વધારતા જઇએ છીએ. અમે એન્જિનીયરીંગ કોલેજો વધારી, અમે મેડિકલ કોલેજોની સીટો વધારી. કાલે જ મેં કીધું હતું લગભગ ૪૦૦૦ મેડિકલ સ્ટુડન્ટ ગુજરાતમાં અભ્યાસ કરે એવું તમારા વખતમાં ૧૮૦૦ થી ૨૦૦૦ હતા, અમે ૪૦૦૦ કરી દીધા. પી.જી. ની સીટો વધારી, મેડિકલ કોલેજો વધારી. આ બધું કયાંથી આવે છે? હું આ જવાબ એટલા માટે આપું છું કે તમે એમ કહેતા હતા કે આ પૈસો જાય છે કયાં? આ પૈસો ગરીબોની, ખેડૂતોની, બક્ષીપંચની, એસ.સી.ની, એસ.ટી.ની, વિધવાઓની, નિરાધારોની, સિનિયર સિટીઝનની, આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી, રસ્તા, વીજળી, નર્મદા, સિંચાઇ યોજના, સૌની યોજના, સુજલામ સુફલામ યોજના, પીવાના પાણીની યોજનાઓ, અમારા આદિજાતિ વિસ્તારના સભ્યશ્રીઓએ રજૂઆત કરી કે નર્મદા અમારે ત્યાંથી આવે છે પણ અમને પાણી નથી મળતું. હું એક સ્પષ્ટતા આ ફલોર ઉપર કરવા માગું છું નવા સભ્યશ્રીઓ ખાસ જાણી લેજો કે નર્મદાનું પાણી કયાં ફાળવાશે, કેટલું ફાળવાશે, કયા જિલ્લામાં જશે, એ ભારતીય જનતાઅ પક્ષની સરકારોએ નથી નકકી કર્યું. ૧૯૭૮માં કોંગ્રેસની સરકાર હતી એ વખતે કયા ૧૮ લાખ હેકટરમાં નર્મદાનું પાણી જશે એ પ્લાન નકકી થયો છે. અમે તો એ પ્લાન પ્રમાણે, ટ્રીબ્યુનલના આદેશ પ્રમાણે, સુપ્રિમ કોર્ટના આદેશ પ્રમાણે કામ કરીએ છીએ પરંતુ અમે આદિજાતિ વિસ્તારોને ભગવાન ભરોસે જેમ ભૂતકાળની સરકારોએ છોડયા હતા એમ છોડવા માગતા નથી. હજારો કરોડ રૂપિયાના ખર્ચે પીવાના પાણીની યોજનાઓ અને સિંચાઇના પાણીની યોજનાઓ, સેંકડોમીટર પાણી પંપીંગ કરી હજારો હોર્સ પાવરના પંપો મૂકી અને અમે જે વિસ્તારોને કોંગ્રેસની સરકાર વખતે એક ટીપું પાણી સિંચાઇનું નહોતું મળતું એમના માટે કોઇ ઈરીગેશનની સગવડો નહોતી એ આદિવાસી વિસ્તારો માટે ખાસ કરીને દાહોદથી પંચમહાલનો ઉપરનો વિસ્તાર અને આ બાજુ દક્ષિણ ગુજરાતનો વિસ્તાર, સાહેબ, અમે ગયા બજેટમાં જોગવાઇ કરી હતી. આ બજેટમાં પણ કરી છે અને આદિજાતિ વિસ્તારોમાં એ પાણી મળતું થશે ત્યારે એ વિસ્તારો પણ વધુ સમૃદ્ધ થશે. અમે ગરીબને પણ યાદ રાખ્યા છે. વિદ્યાર્થીઓ માટે પણ એક સ્કીમ કરી. બે જોડી ગણવેશ અત્યાર સુધી બાળકોને મળતો હતો, હવે ત્રણ જોડી કર્યો. એની સબસિડી વધારી પણ એક શબ્દ પણ કોઇ બોલ્યું નથી. હજારો છોકરા–છોકરીઓ એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચ એને સરકાર તરફથી મફત સાઇકલ દીકરીઓને આપવાનું અમે પ્રાવધાન વધાર્યું એની કોઇ વાત કરતા નથી. છેલ્લી એક વાત કરી લઉં. આર્થિક અનામત બહુ મોટો મુદ્દો હતો. પહેલા રિઝર્વેશન આપો, એમાં ગુજરાત વિભાજીત થઇ જાય એવું હતું. ગુજરાતમાં વર્ગવિગ્રહ પેદા થાય, મને મળે છે અને તમને નથી મળતું. તમે માગો છો તો તમે મારું લઇ લેવા નીકળ્યા છો, આ પ્રકારનું વાતાવરણ જેને જે લાગુ પડતું હતું. જેને જે ગમતું હતું એ પ્રમાણેના કડકમાં કડક, ઉશ્કેરાટવાળા ભાષણો મારે કોઇના નામ નથી લેવા. જયાં પાટીદારો હતા ત્યાં પાટીદારોને એમ કીધું કે તમને આપતા નથી એવા ભાષણો થયા. જયાં બક્ષીપંચ હતુ ત્યાં બક્ષીપંચમાં એવા ભાષણો કર્યા કે આ પટેલો, ઉજળીયાતો, સવર્ણો તમારું લઇ લેવા આંદોલન કરે છે. બે બાજું કરનારા કોણ? એક જ પાર્ટીવાળા. અહીયા જ છે. મારે કોઇના નામ દેવા નથી. બધા મનમાં, હૃદયમાં, છાતી ઉપર હાથ મૂકી અને ભગવાનને વિશ્વાસમાં લઇ પોતાની જાતને પૂછી લો. પછી અમે બુદ્ધિથી આર્થિક અનામતની બધી વ્યવસ્થા કરી. નિગમ બનાવ્યું. બાબુભાઇ શાંતિથી સાંભળો. ૫૦૬ કરોડ રૂપિયા જ્ઞાતિ ભેદ ન રહે, જાતિ ભેદ ન રહે, અસમાનતા ન રહે આ બ્રાહ્મણની દીકરી હોય, ક્ષત્રિયની દીકરી હોય, પાટીદારની દીકરી હોય, ગમે તેની હોય અને તેજસ્વી કારકીર્દિ પ્રાપ્ત કરતી હોય તો ભાજપની સરકાર આ દીકરીને પણ મદદ કરે, આદિવાસી હોય, એસ.ટી. હોય,એસ.સી. હોય, બક્ષીપંચની હોય એ દીકરીનો હાથ પણ ભાજપની સરકારે પકડ્યો છે. અમે બધાએ સાથે રાખ્યા છે. તમે શું કરતા હતા. જુદુ જુદુ રમતા હતા. આજ સમાજને મળશે. મારે સમય નથી આપવો. નવી વાત ઊભી નથી કરવી. અમારી સરકાર, કોંગ્રેસ સરકાર વખતના બજેટો જોઇ લો. જે આપવાનું થતું હતું. એક જ વર્ગને આપતા હતા. (અંતરાય) બાબુભાઇ શાંતિ રાખો. પ્લીઝ. પછી અમે આવ્યા. અમે જોયું. અનામતનો અધિકાર ડો.બાબાસાહેબ આંબેડકરે ભારતીય બંધારણે આપ્યો છે. એનો એક ઔંશ, ટકો નહિ સાહેબ, એક ઔંશ અસર ન થાય, પણ નાણાકીય રીતે મદદ કરી. વ્યવસ્થાઓની મદદ કરી અને વિદ્યાર્થીઓની કારકીર્દિ સારી બને એ માટે અમારી સરકારે આ યોજનાઓ ચાલુ કરી અને આજે અમે સરકારી નોકરીમાં વધારો કર્યો. અહીયા બેઠેલા નવા ધારાસભ્યશ્રીઓને વિનંતીથી કહેવું છે આ ભરતીનો કાપ એ અમારા વખતથી નથી. માધવસિંહજી સોલંકી, પછી ચીમનભાઇ, અમરસિંહભાઇના વખતથી આ કાપ સરકારી નોકરીમાં ચાલતો હતો. ચીમનભાઇ વખતે ટોપ હતો ૨૦ ટકા હતો. ૧૯૯૫ માં (અંતરાય) બાબુભાઇ ખબર ન પડે તો ન બોલશો. ૨૦ ટકા કાપ હતો એ ૨૦ ટકા કાપ અમે ઘટાડતા ઘટાડતા આજે અહીયા પહોંચ્યા. મને આનંદ છે. ગયા વર્ષે અમારી સરકારે સરકારી કર્મચારી તરીકે ૮૦,૦૦૦ બ્રિલિયન્ટ છોકરા, છોકરીઓની ભરતી કરી. આ વખતે નવા ૩૦,૦૦૦ છોકરા, છોકરીઓની ભરતી કરવાના છીએ. એટલે સર્વાંગી વિકાસ કોઇ જ્ઞાતિ, જાતિ, વિસ્તાર, તાલુકા, જિલ્લો કોઇ બાકી ન રહે એ બધું જ જ્યારે અમે કર્યુ છે, ત્યારે વિપક્ષના નેતાએ ટીકાઓ કરી, બીજાએ ટીકા કરી. સમયની મર્યાદામાં હું બધાને જવાબ આપતો નથી, માટે બધાને મારી વિનંતી છે કે મારી વાત ધ્યાનમાં લઇ ૧ લાખ ૮૩ હજાર ૬૬૬ કરોડનું પ્રજા લક્ષી બજેટ, સર્વાંગી વિકાસનું, સૌનો સાથ સૌના વિકાસનું અમે રજૂ કર્યુ છે તેનો તમે લાભ લો અને પ્રજાને લાભ અપાવો તેવી વિનંતી છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**નોકરીમાં ભરતીના આંકડા અંગે.**

શ્રી પરેશ ધાનાણી(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય નાણામંત્રીશ્રીએ એમના મંતવ્યમાં કહ્યું કે છેલ્લાં વર્ષમાં ૮૦,૦૦૦ જેટલા લોકોની નોકરીમાં ભરતી કરી છે. એ સરકારે આ વિધાનસભા ગૃહના ચાલુ સત્ર દરમિયાન જિલ્લા વાઇઝ આંકડા આપ્યા છે, એમાં ૧૨,૮૩૯ લોકોની ભરતી એટલે સરકારે લેખિતમાં આંકડો આપ્યો છે તે સાચો કે નાણામંત્રીશ્રીએ મૌખિક આંકડો આપ્યો એ સાચો? આ ગૃહના આંકડાઓની વિશ્વસનીયતા હવે જોખમાઇ રહી છે.

અધ્યક્ષશ્રી : આટલો જ પોઇન્ટ ઓફ ઓર્ડર છે ને આપનો?

શ્રી પરેશ ધાનાણી : એની સ્પષ્ટતા કરે. લેખિત આંકડો આપ્યો છે તે સાચો કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ આંકડો આપ્યો એ સાચો? આ ગૃહના ફલોર ઉપર ખુલાસો કરી દે. બીજું નાણામંત્રીશ્રીને સાંભળી રહ્યો હતો.

અધ્યક્ષશ્રી : બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી પરેશ ધાનાણી : એક પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન અને મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે છેલ્લાં વર્ષમાં ૮૦,૦૦૦ લોકોને નોકરી આપી તેવા શબ્દો માનનીય નાણામંત્રીશ્રીએ રેકર્ડ ઉપર કહ્યા છે એ સરકારે વિધાનસભા પ્રશ્નોત્તરીમાં માત્ર ૧૨૮૩૯ જણાને બે વર્ષમાં નોકરી આપી. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાના આંકડાઓની વિશ્વસનીયતા ઉપર અને આંકડા સરકાર આપે છે એટલે સરકારની વિશ્વસનીયતા ઉપર પ્રશ્નાર્થ ઉભો થાય છે. એટલે આમાં સ્પષ્ટતા માગુ છું અને મારી જાણકારી માટે કહું છું. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે બધા સભ્યો સરકારની તમામ યોજનાઓની જાણકારી રાખે. મેં ગયા વર્ષે ખૂબ પ્રયત્ન કર્યો. સરકારના ૨૬ વિભાગ, નિગમ, કોર્પોરેશન, સરકારી કંપનીઓને પત્ર લખ્યો. માનનીય મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં પણ પત્ર લખ્યો કે સરકારની કુલ કેટલી યોજનાઓ ચાલે છે? ૨૬ વિભાગો અને તેના બોર્ડ નિગમ, કોર્પોરેશન અંતર્ગત વ્યક્તિગત લાભાર્થીની યોજના કેટલી, ગૃપ બેનીફીશ્યરીની સ્કીમ કેટલી, સેમી ગવર્નમેન્ટ બેનીફીશ્યરી સ્કીમ કેટલી, સરકાર સંચાલિત સીધી યોજનાઓ કેટલી? તો મને સી.એમ.ઓ.માંથી તે આંકડો મળી શક્યો નથી. એટલે માનનીય નાણામંત્રીશ્રીએ ખૂબ રૂપિયા આ યોજનાઓ પાછળ ફાળવ્યા છે તો એ કુલ કેટલી યોજનાઓ આ ૨૬ વિભાગ, બોર્ડ, નિગમ, કોર્પોરેશન અંતર્ગત ચાલે છે તે યોજનાઓના નામ, લાભાર્થીઓના પ્રકાર કેવા છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે.

અધ્યક્ષશ્રી : સમજી ગયો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વી આર પબ્લીક રીપ્રેઝન્ટેટીવ. કુલ કેટલી યોજનાઓ ચાલે છે તે આપે અને લેખીત રજૂ કરશે તો પણ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : અહીં પ્રશ્નકાળ નથી એટલે આ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનની વાત રહેતી નથી. આ વાત રહેતી નથી. અત્યારે પ્રશ્ન પૂછવાનો કોઇ સમય નથી. આ પ્રશ્નકાળ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કુલ કેટલી યોજનાઓ ચાલે છે એટલું તો કહી શકે ને?

અધ્યક્ષશ્રી : પ્રશ્નકાળ નથી. આપે કહેવાતી વાત રેકર્ડ પર આવી ગઇ છે. આનું રૂલિંગ અનામત રાખવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ આના પર રૂલિંગ આપવાના છો ત્યારે કહેવું છે કે આમાં રૂલિંગ શું હોય?

અધ્યક્ષશ્રી :આમાં ઇન્ફર્મેશનવાળી વાત તો મેં કાઢી નાંખી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે તો ખાલી ઔપચારિક વાત કરી છે કે મેં પત્ર લખ્યો. અરે, હું કહું છું, બેસો બેસો. આપ બેસો, શાંતિથી બેસો. અમારી સરકાર છે એ તો વિરાટ સ્વરૂપની સરકાર છે. અમારું સ્વરૂપ પારખવા માટે એવી દ્રષ્ટિ પણ જોઇએ. એક વાર્તા છે તે ટૂંકમાં કહી દઉં. એક હાથી હતો. તે હાથીને કેટલાક અંધ લોકો જોવા ગયા. એક દિવ્યાંગના હાથમાં પૂંછડી આવી એટલે કહે કે આ તો પાતળો પગ છે. એક દિવ્યાંગના હાથમાં સૂંઢ આવી તો કહે કે આ તો થોડો જાડો છે. એક દિવ્યાંગના હાથમાં તેનો પગ આવ્યો તો કહે આ તો બહુ જાડું છે. આ સમજવાવાળા, અભ્યાસ કરવો હોય, પોઝીટીવ દ્રષ્ટિ હોય તો બધુ ખબર પડે. તેમની વાત સાચી છે કે અમારા દરેક વિભાગની સેંકડો યોજનાઓ છે. જ્ઞાતિવાઇઝ એટલે કે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી એની અનેક યોજનાઓ છે. જિલ્લાવાઇઝ યોજનાઓ છે. વિદ્યાર્થીઓની યોજનાઓ છે. ખેડૂતોની યોજનાઓ છે. સીમાંત ખેડૂત, વધારે જમીન ધરાવતો ખેડૂત તો તેની પણ યોજનાઓ છે. આમ અનેક યોજનાઓ સરકારમાં ચાલે છે તે ચોક્કસ વાત સાચી છે. જે ભરતીની વાત કરી તો તેના મને એક પત્રકારે ફોન કર્યો હતો. તમે તો આજે કહો છો. તમે કોઇને કહ્યું હશે કે કોઇ પત્રકારે તમને કહ્યું હશે. આ વખતની વિધાનસભામાં આપની અધ્યક્ષતામાં અમે મળી રહ્યા છીએ તેમાં લગભગ અંદાજે સાત હજાર જેટલા એલએક્યુ/પ્રશ્નો વિધાનસભામાં અમારા મંત્રીમંડળ પાસે સૌ સભ્યશ્રીઓએ રજૂ કર્યા છે. સાહેબ એક તારીખનો ફરક હોય તો પણ જવાબ બદલાઇ જાય છે. કોઇએ લખ્યું હોય કે માર્ચ મહિનાની સ્થિતિએ શું છે? તો જવાબ જુદો હોય. કોઇ લખે કે એપ્રિલ મહિનાની સ્થિતિ, બેસો તમને કહું. બધુ કહું છું. મેં તમને વચ્ચે નથી રોકયા.

અધ્યક્ષશ્રી : જવાબ આપે છે. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનનો જવાબ આપે છે.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમે એલએકયુ કરજો અમે તેનો જવાબ આપીશું.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો સ્પષ્ટ છે. આ ગૃહની અંદર....

અધ્યક્ષશ્રી : વારંવાર ન હોય.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર નહીં.

અધ્યક્ષશ્રી : તમારો જવાબ તેમણે નહીં આપવાનો?

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નથી  આપ્યો એટલે કહું છું.

અધ્યક્ષશ્રી : આપનો જવાબ તેમણે નહીં આપવાનો? તો એમનો જવાબ પૂરો થઇ જવા દો એક મિનિટમાં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, એ જે આંકડો આપે છે તે કયા પ્રશ્નના અનુસંધાનમાં છે તે મારે જોવું પડે. બીજું ૧૭ હજાર પોલીસ કોન્સ્ટેબલ અમે ભર્યા છે. ઓન રેકર્ડ છે. તેવી જ રીતે તલાટીઓ,શિક્ષકો, અન્ય અધિકારીઓ, એન્જિનિયરો, અમારા આરોગ્ય વિભાગમાં નર્સ બહેનો, ટેકનિશીયનો આ બધી જ કેડર ભેગા કરી તમામ કર્મચારીઓનો સરવાળો સરકારી નોકરીની ભરતીનો મેં કહ્યો છે.

શ્રી પરેશ   ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : હવે આમાં વિશેષ કંઇ રહેતું નથી, મારે રૂલિંગ આપવાનું છે. આપને સાંભળી લીધા મેં. જવાબનો જવાબ ના હોય, જવાબનો જવાબ ના હોય,

શ્રી પરેશ   ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જવાબનો જવાબ નથી આપતો હું.

અધ્યક્ષશ્રી : તો પછી આ નવું છે?

શ્રી પરેશ   ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર મારો બહુ સ્પષ્ટ હતો.

અધ્યક્ષશ્રી : એ સાંભળી લીધો મેં, મેં સાંભળી લીધો છે, હું રૂલિંગ આપી દઇશ.

શ્રી પરેશ   ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કહુ છું કે,

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, હજી નવું કંઇ કહેવાનું છે?

શ્રી પરેશ   ધાનાણી : આપ આ ગૃહના અધ્યક્ષશ્રી છો.

અધ્યક્ષશ્રી : તો તો આ ચાલે જ નહિ, સભાગૃહ જ ના ચાલે. પછી માનનીય મંત્રીશ્રી તરફથી કંઇ કહેવાનું હોય.

શ્રી પરેશ   ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ આખી •(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી પરેશ   ધાનાણી : કે લોકો આંધળા હોય, પણ હાથી આંધળો હોય તો શું થાય? મારે પુછવું છે એ. લોકો આંધળા હોય તો સુંઢ આવે, હાથ આવે, કાન આવે પણ હાથી આંધળો હોય તો શું થાય?

અધ્યક્ષશ્રી : ના ના, આ ડિબેટનો પ્રશ્ન નથી અહીંયા.

શ્રી પરેશ   ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હાથી આંધળો હોય તો પ્રજાનું શું થાય?

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ સ્કોપની બહાર જઇ રહ્યા છો.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપરની વાત છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ જે કહ્યું એનો જવાબ આપવાની જરૂર નથી, અહીંયા આ સવાલ જવાબનો વિષય નથી. આપે આપની વાત કરી, મારે માઇક બંધ કરાવવું પડશે પ્લીઝ, પ્લીઝ, હું આપને વિનંતી કરું છું કે, આપે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રેઇઝ કર્યો મેં નોંધી લીધો છે, એનો જવાબ એમણે આપ્યો, વાત પૂરી થઇ જાય છે ત્યાં આગળ. હું પોઇન્ટ ઓફ ઓર્ડરનું રૂલિંગ આપીશ, હવે એનાથી વિશેષ કંઇ ન હોય. પ્લીઝ આનાથી વિશેષ ના હોય, શૈલેષભાઇ શેના માટે બોલો છો આપ? શેના માટે? એમના જવાબનો જવાબ ના હોય, એ થઇ ગયું, એમણે આપી દીધો છે. એક મિનિટ, આપના ઉપનેતાને સાંભળું છું, બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી શૈલેષ  મ. પરમાર : આપ રૂલિંગ આપો એના પહેલાં મારે આની ઉપર ચર્ચા કરવી છે સાહેબ.

અધ્યક્ષશ્રી : ચર્ચા ન હોય. આપના નેતા પરેશભાઇએ તો કહી દીધુંને, નેતાથી ઉપર કહેશો આપ? (અંતરાય) અરે પણ એની ચર્ચા થઇ ગઇને સામે. તો તે વખતે કહેવું જોઇએને સાથે? ચાલો આપને પણ તક આપુ છું.

શ્રી શૈલેષ  મ. પરમાર : થેન્ક્યુ સાહેબ, જે રીતે મંત્રીશ્રીએ વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, તેરમી વિધાનસભા, દસમું સત્ર, અતારાંકિત પ્રશ્નોત્તરી વિધાનસભાના દરેક સભ્યશ્રીઓને આપવામાં આવી છે. એના પ્રશ્ન ક્રમાંક-૧૦૯૯૪ છે. એમાં તારીખ ૩૦-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વરસમાં કેટલી સરકારી નોકરીઓ આપવામાં આવી? જિલ્લાવાઇઝ ડિટેઇલ્સ સરકારશ્રીએ એમાં આપી હતી.

શ્રી નીતિનકુમાર ર. પટેલઃ આમાં ૨૦૧૬ની સ્થિતિનો પ્રશ્ન છે.

શ્રી શૈલેષ  મ. પરમાર :સાંભળો તો ખરા. સાંભળો તમે.

---

• આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામભાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એમને કહી દેવા દો.

શ્રી શૈલેષ મ. પરમાર : ૩૩ જિલ્લાઓમાં ૨૦૧૧–૧૨માં ૧૦૬૯૮.

અધ્યક્ષશ્રી : આંકડો કુલે કહી દોને. જે તમારે કહેવું હોય તે.

શ્રી શૈલેષ મ. પરમાર : એકજ મિનિટમાં કહી દઉં સર.

અધ્યક્ષશ્રી : ના ના, આમાં ભાષણ ન હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : ૨૦૧૨–૧૩માં ૨૩૨૨૪, ૨૦૧૩–૧૪માં ૨૪૬૫૩, ૨૦૧૪–૧૫ માં ૧૫૮૮૦, ૨૦૧૫–૧૬માં ૬૫૧૬.

શ્રી નીતિનકુમાર ર. પટેલઃ આ ૨૦૧૬ની વાત કરે છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું એ પ્રમાણે ૨૦૧૮માં ૧૨૦૦૦ કહ્યા છે નીતિનભાઇએ ભાષણમાં ૮૦૦૦૦ કહ્યા છે એ મુદ્દો છે ચર્ચામાં અને માનનીય શૈલેષભાઇ ૨૦૧૩–૧૪ની વાત કરે છે. એટલે આ કોઇ રિલેવન્ટ જ નથી.

શ્રી પરેશ ધાનાણી : તમારી સરકારના આંકડામાં તમને વિશ્વાસ નથી?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પુરો વિશ્વાસ છે એમ નહિ પણ ૨૦૧૩–૧૪ આમાં ક્યાં આવે છે?

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરવામાં આવે છે. પ્લીઝ, પ્લીઝ, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો છે. રૂલિંગ પછીથી આપવામાં આવશે.

માનનીય નીતિનભાઇ આપની અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા પૂરી થાય છે, નેક્સ્ટ. પ્લીઝ,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : આપની વાત આવી ગઇ રેકર્ડ ઉપર. વિપક્ષ તરીકે આપની વાત આવી ગઇ રેકર્ડ ઉપર. નેક્સ્ટ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના પ્રશ્નોત્તરીના જવાબમાં આંકડો ૧૨૮૩૯ છે અને ભાષણમાં ૮૦૦૦૦ કહે છે માનનીય મંત્રીશ્રી. લોકોને •(×××) તો ગુજરાતની જનતાને જાણવાનો અધિકાર છે કે કેટલા જણાને તમે નોકરી આપી.

અધ્યક્ષશ્રી : વિધાનસભાની બહાર કહેજો હવે અત્યારે અહીં નહિ. અત્યારે એ વિષય નથી. અત્યારે ના હોય આ વિષય. અહીં કોઇ આ વિષય ન હોય. એ તમે પોઇન્ટ ઓફ ઓર્ડર લીધો છે એ હું જોઇશ. આમાં કશું રહેતું જ નથી માનનીય મંત્રીશ્રી.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ *(×××) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી :આ *(×××) જે શબ્દો બોલ્યા છે એ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જ્યાંસુધી આ ટેલી ના થાય ત્યાંસુધી તમે આક્ષેપ ન કરી શકો. એટલા માટે આપને આ શબ્દો દૂર કરવા માટેની મારી માગણી છે.

અધ્યક્ષશ્રી : એ તો કાઢી નાંખ્યા છે મેં, નેક્સ્ટ.

## દાખલ કરવાના બિન સરકારી વિધયેકો

### સન ૨૦૧૮નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયકને દાખલ કરવાની આ સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં દાખલ કરવામાં અમારો કોઇ વિરોધ નથી. અમે ખોટાં વિરોધ નથી કરતા, અમે લક્ષ્ઠ પકડીએ એવુ પકડી નથી રાખતાં.

અધ્યક્ષશ્રી : આમાં ખરેખર માનનીય મંત્રીશ્રી એવુ થયુ કે એમના ધ્યાન બહાર વાત ગઇ અમે તો લખીને જ રાખ્યું છે કે આ દાખલ કરવામાં આવે છે. (અંતરાય) હવે એ તો ના પાડે પણ મારે બોલવાનુ છે ને, મેં શું સાંભળ્યું ? હા, ના એ મેં સાંભળીને ?

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

---

• આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામભાં આવ્યા.

ફાલ્ગુન ૧૭, ૧૯૩૯ શાકે

દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

સન ૨૦૧૮નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક.

શ્રી પુર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક દાખલ કરવાની આ સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત અશકત વ્યકિત (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયક

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત અશકત વ્યકિત ( પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયકને દાખલ કરવાની આ સભાગૃહન મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત અશકત વ્યકિત (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયકને દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૮નું ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયકને દાખલ કરવાની આ સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, હું સન–૨૦૧૮ ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયકને દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત ઘરેલુ કામદારો અને વૃદ્ધ વયની વ્યકિતઓની દેખભાળ કરનારનું ફરજિયાત રજિસ્ટ્રેશન (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત ઘરેલુ કામદારો અને વૃદ્ધ વયની વ્યકિતઓની દેખભાળ કરનારનું ફરજિયાત રજિસ્ટ્રેશન (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને સર્વાનુમતે વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત ઘરેલુ કામદારો અને વૃદ્ધ વયની વ્યકિતઓની દેખભાળ કરનારનું ફરજિયાત રજિસ્ટ્રેશન (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને સર્વાનુમતે વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

તા. ૮મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૮

સન ૨૦૧૮નું ગુજરાત સ્માર્ટ સિટીઝ વિકાસ સત્તામંડળ વિધેયક

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત સ્માર્ટ સિટીઝ વિકાસ સત્તામંડળ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને સર્વાનુમતે વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત સ્માર્ટ સિટીઝ વિકાસ સત્તામંડળ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું પોળ અને અન્ય હેરિટેજ બિલ્ડિંગનું સંચાલન (વાણિજ્યક ઉપયોગ પર નિયંત્રણ) અને હેરિટેજ સ્ટ્રક્ચરની જાળવણી વિધેયક

શ્રી ભુપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું પોળ અને હેરિટેજ બિલ્ડિંગનું સંચાલન (વાણિજ્યક ઉપયોગ પર નિયંત્રણ) અને હેરિટેજ સ્ટ્રક્ચરની જાળવણી વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને સર્વાનુમતે વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ભુપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું પોળ અને અન્ય હેરિટેજ બિલ્ડિંગનું સંચાલન (વાણિજ્યક ઉપયોગ પર નિયંત્રણ) અને હેરિટેજ સ્ટ્રક્ચરની જાળવણી વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર (પવિત્ર ધામની જાહેરાત કરવા) બાબત વિધેયક

શ્રી જીતેન્દ્ર ર. સુખડીઆ(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર (પવિત્ર ધામની જાહેરાત કરવા) બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને સર્વાનુમતે વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર (પવિત્ર ધામની જાહેરાત કરવા) બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો**

**ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના**

**માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૮**

કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેની માળખાકીય રચનાને સહાયરૂપ થવા ફંડ ઉભું કરવા માટેનું અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટેનું વિધેયક

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક-૧૦- સન ૨૦૧૮નું ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સભાગૃહમાં ખૂબ જ અગત્યનું અને સંવેદનાસભર વિધેયક હું લઇને આવ્યો છું. આ વિધેયક ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ અને એના બોર્ડની રચના કરવા માટેનું છે. આ વિધેયકમાં જે બોર્ડની રચના કરવા માગીએ છીએ એ બોર્ડમાં ખાસ ફંડની પણ સાથે સાથે આપણે જોગવાઇ કરવા માગીએ છીએ. પહેલા તબક્કામાં આ ફંડ જો ૫૦ કરોડ રૂપિયાનું હોય તો હું એમ માનું છું કે, આપણે આ કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની ખૂબ સારી રીતે સારવાર કરી શકીશું. બોર્ડની અંદર જે સભ્યો બનાવવામાં આવે તો એમાં હું એમ માનું છું કે, બોર્ડના અધ્યક્ષમાં માનનીય મુખ્ય મંત્રી હોય, એના સભ્યો તરીકે આદરણીય નાણા મંત્રી, આરોગ્ય મંત્રી હોય, મુખ્ય સચિવ હોય, અગ્ર સચિવ હોય એમ કરીને ટોટલ આઠ સભ્યોની આમાં નિમણૂક કરવામાં આવે. આ રીતે બોર્ડ બનાવવાની સાથે સાથે એની માળખાકીય ફંડની જે વ્યવસ્થા છે. હું માનું કે એમાં એ ફંડ આપણે એની અલગ અલગ મંડળીઓ પણ હોય છે. એની ઔદ્યોગિક સાહસ, એના સી.એસ.આર. છે corporate social

responsibility હવે તો બધા જ ઔદ્યોગિક ગૃહો પણ એની સી.એસ.આર. માંથી સામાજિક ઉત્થાન માટેના પૈસા આપણને આપે છે અને એમાંથી પણ આ ૫૦ કરોડ રૂપિયામાંથી જે કંઇ રકમ આપે એ આપણે લઇ શકીએ છીએ. એ જ રીતે જાહેર બોર્ડ હોય, જાહેર કોરપોરેશન હોય, મકાન, પુલ વિભાગ હોય એવી મંડળીઓ પણ આ ફંડ પોતાનું આપી શકે છે અને એમાંથી આપણે પ્રથમ તબક્કાનું જે ૫૦ કરોડ રૂપિયાનું ફંડ છે એ આપણે બહુ સહેલાઇથી મેળવી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે વાત કેન્સરની કરવી છે. કેન્સર એક એવો રોગ છે અને આપશ્રી જાણો છો, આપણે બધા જ જાણીએ છીએ કે, prevention is better than cure જો આ શરૂઆતના સ્ટેજમાં કેન્સરને diagnosis કરવામાં આવે તો હું એમ માનું છું કે એ મટી શકે છે. Early stage માં એને diagnosis કરવા માટેની જે જરૂરિયાત છે અને એમાં પણ ખાસ કરીને એની મુખ્ય જે જરૂરિયાત જે છે એ લોકોમાં એની જાગૃતિ થાય, એના પ્રચાર–પ્રસારની જાગૃતિ આવે અને એનું રિસર્ચ થાય અને early investigation થી સર્વ પ્રકારની સાધન સહાય હોય તો એ મટી શકે છે અને એના માટે મુખ્ય મુદ્દો છે કે માળખાકીય સુવિધા હોય અને એની બોર્ડની રચના જો હોય તો ખૂબ સારી રીતે આને આપણે આગળ વધારી શકીએ છીએ. આજે કેન્સરનું પ્રમાણ દિવસેને દિવસે સમગ્ર દુનિયા અને દેશની અંદર આગળ વધી રહ્યું છે. ભારતનો જો હું દાખલો આપું તો એક લાખની વસતિએ લગભગ ૯૦ જેટલા કેસો કેન્સરના આવીને ઉભા છે. આજે જયારે માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી પણ અહીંયાં બેઠા છે. આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન પણ છે. મહિલા સશક્તિકરણના આજે ગુજરાત એના કાર્યમાં જયારે પ્રથમ રાજય છે ત્યારે હું એટલી વાત કરવા માગું છું કે, સ્ત્રીઓને જે બ્રેસ્ટ કેન્સર થાય છે એને પોતાને ખબર નથી પડતી. ૨૭ ટકા કેસોમાં તો એને પોતાને ખબર નથી પડતી અને જયારે ૨૭ ટકા કેસો બ્રેસ્ટ કેન્સરના આજે થઇ રહ્યા છે. એને માટે ઝીરો સ્ટેજની અંદર જ જો કેન્સર સર્વિસ diagnosis થાય તો એ ટોટલ કેન્સર free બની શકે છે. એના visual inspection test આવે છે. એનું screening આવે છે અને એને જો મેમોગ્રાફી ટેસ્ટની અંદર એ પહેલાં પકડાય છે, અમારા ડોક્ટર સાહેબ પણ અહીંયા બેઠા છે એ બધા કરવા માટે હોસ્પિટલો છે, બધું જ છે પણ એની માળખાકીય ફંડની જરૂરિયાત થઇને એને જો એક અલગ બોર્ડ બનાવવામાં આવે તો હું એમ માનું છું કે ( સમયસૂચક ઘંટડી) આપણે ખૂબ આગળ વધી શકીશું. આમાં હું પ્રભારી સચિવ છું, ડ્રગ માટે મારે વાત કરવી છે તો..

સભાપતિશ્રી : આપનું વક્તવ્ય પુરૂં થાય છે. પ્લીઝ.

અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો ઉદેશ એ છે કે કેન્સર અને ડ્રગથી પીડિત લોકોને સહાય કરવા માટે આધુનિક રચના છે તેના માટે ફંડ ઉભું કરવા માટે અને આ સમસ્યાના નિયંત્રણ માટેનું આ વિધેયક લાવ્યા હોય તેમ મને લાગે છે. આ સારા હેતુ માટે બિન સરકારી વિધેયક સભ્યશ્રીએ દાખલ કર્યું છે. પરંતુ આમાં બે બાબતો સામેલ છે. એક તો કેન્સર એટલે કે આરોગ્યની બાબત છે અને ડ્રગ એ ગૃહ વિભાગનો પ્રશ્ન હોય તેમ દેખાય છે.

અત્યારે ડ્રગની વાત કરીએ તો તેમની આ સમસ્યા, ગુજરાતમાં ડ્રગનું પ્રમાણ વધ્યું હોય તેમ લાગે છે અને ચરસ અને ગાંજાનું પ્રમાણ વધ્યું છે અને જેના કારણે યુવાનો આના રવાડે ચડી ગયા છે અને ગામડાં અને પેરીફેરીનો વિસ્તાર છે એમાં આ સમસ્યાઓ ફૂલીફાલી છે તે નિવારમાં કદાચ સરકાર નિષ્ફળ ગઇ હોય તેના કારણે સભ્યશ્રીને આ બિલ લાવવાની જરૂર પડી હોય તેમ મને દેખાય છે.એટલે તેમની આ વાત સાથે બિલકુલ સમંત છું .

એમણે કેન્સરની જે વાત કરી સરકાર ઘણાં પગલાં લે છે અને નવા નવા પરિપત્રો બહાર પાડે છે અને ખાસ કરીને જે સ્કૂલો હોય ત્યાં આવા પડીકાં અને પાન મસાલા ન મળવા જોઇએ તેવા પરિપત્રો થાય છે તે સ્કૂલોના અમૂક અંતરની અંદર પડીકીઓ અને પાન મસાલા ના મળવા જોઇએ, પરંતુ આપણે જોઇએ છીએ આ સ્કૂલો હોય ત્યાં આવી પડીકીઓ અને પાન મસાલા મળતા હોય છે. આમાં પરિસ્થિતિ એવી થઇ ગઇ છે કે આ પડીકીઓ અને પાન મસાલા નાના નાના બાળકો તેને ચાવતા થઇ ગયા છે અને તેના કારણે મોઢાના કેન્સરનું પ્રમાણ વધ્યું છે.

ખાસ કરીને સાહેબ એનાથી પણ વિશેષ જે કેન્સરનું પ્રમાણ વધે છે તેનું કારણ આપણા જે ખોરાક જે શાકભાજી છે તેમાં મોટા ભાગની શાકભાજી દવાઓના ઉપયોગ સિવાય થતી નથી. અને બહુ સરસ દેખાતી શાકભાજી અને કાકડી બહુ સરસ દેખાતી હોય પણ એમાં તપાસ કરો સાહેબ, કોઇ તપાસ કરતું નથી, કે એમાં દવાઓનું પ્રમાણ ઘણું બધું વધારે છે. આ એક બહુ મોટી મુશ્કેલી છે કે તેના કારણે કેન્સરનું પ્રમાણ વધ્યું છે. સાહેબ દૂધ, નાના બાળકો ખાસ પીતાં હોય છે, આજે નાના બાળકો જે દૂધ પીવે છે તેમાં યુરિયાનું પ્રમાણ વધારે હોય છે કારણ કે પશુ પાલકોને એમને ઘાસચારો પેદા કરવો પડે છે અને ઘાસ ચારામાં પણ યુરિયા નાંખવું પડે છે અને ઘાસચારામાં પણ યુરિયાનું પ્રમાણ વધારે હોવાના કારણે દૂધમાં પણ યુરિયાનું પ્રમાણ વધારે છે, સાહેબ આની તપાસ કરવામાં આવે.

બીજી એક વાત એ છે કે, ભેળસેળીયો ખોરાક અને ઔષધિઓ પણ ભેળસેળ વાળી આવે છે, આજે પહેલો પ્રશ્ન હતો. આમ, ભેળસેળ વાળી દવાઓ અને ખોરાક છે તેના કારણે આવા રોગોનું પ્રમાણ વધ્યું છે. આજે પણ એની તપાસ માટે કોઇ ફરિયાદ કરે તો તપાસ કરવા માટેની વ્યવસ્થા છે એ ખૂબ જ ઓછી છે. એમાં જગ્યાઓ પણ ઓછી છે કદાચ તપાસ થાય તેનો

રીપોર્ટ આવે તે ઘણા સમય પછી આવતો હોય છે એટલે આપણને પરિણામ મળી શકતું નથી. આમ, એમની જે ચિંતા છે એ બહુજ વાજબી છે. સાથે એક બીજી ચિંતા એ છે કે જે સરકારી હોસ્પીટલો છે, આપણે ત્યાં એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ છે જ પણ સરકારી હોસ્પિટલમાં ડોકટરોનું જે પ્રમાણ હોવું જોઇએ તે પ્રમાણે ડોકટરો હોતા નથી, તેના લીધે ચિંતા છે. સાહેબ સરકારના સ્પેશયાલીસ્ટ ડોકટરો છે તેમને પૂરો પગાર મળવો જોઇએ અને ઇન્સેન્ટીવ જે મળવા જોઇએ તે આપી શકતી નથી. તેના લીધે મેં આ વખતે પ્રશ્ન પૂછયો હતો કે ટીકુ કમિશનનો અમલ જે સ્પેશ્યાલીસ્ટ ડોકટરો છે તેમને માટે કયારે કરવાના છો? તેમાં આ નીતિવિષયક બાબત છે એવો જવાબ આપી દીધો છે. આના કારણે ડોકટરો સરકારી હોસ્પીટલોમાં રહે તેના કરતાં એક દિવસમાં કમાણી કરી લેતા હોય છે, પ્રાઇવેટ દવાખાના ખોલો તો. આપણે જગ્યા ઘણી વધારી નીતિનભાઇએ ચાર હજાર જેટલી મેડિકલમાં જગ્યાઓ ઉભી કરી અને પી.જી. માં ૨૧૫૦ જેટલી જગ્યાઓ ઉભી કરી છે, તે સારી બાબત છે. અને એમને ડાયવર્ટ સરકારી હોસ્પિટલોમાં કરી શકતાં નથી. એની પાછળના પણ કારણો છે એક તો પગાર સામે વાંધો છે એમને પગાર ઘણો ઓછો મળે છે. બીજું માનનીય નીતિનભાઇ સાથે પણ વાત કરી હતી કે પછાત વિસ્તારોમાં ડોકટરો જાય એના માટે પ્રોત્સાહન આપવાની વાત હતી. એના માટે પછાત એલાઉન્સ આપતા હતા એ આપવામાં આવે અને બીજું જે ટીકુ કમીશનનો લાભ ડોકટરોને આપો તો મા વાત્સલ્ય અને મા અમૃતમ યોજના કરવાની જરૂર નહિ પડે. આ યોજનામાં આપણે ફંડ તો આપીએ જ છીએ એ પૈસા સરકારી તિજોરીમાંથી જાય છે. જો સરકાર આ વ્યવસ્થા સરકારી હોસ્પિટલોમાં ચાલુ કરે નવી હોસ્પિટલો ઉભી કરે ત્યાં સ્પેશ્યાલિસ્ટ ડોકટરો લાવે તો મને ચોક્કસ ખાતરી છે કે મા અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના ચાલુ કરવાના પ્રયત્નો કર્યા છે એ નહિ કરવા પડે.

માનનીય સભ્યશ્રી પિયુષભાઇએ જે ચિંતા વ્યકત કરી એ યોગ્ય છે. સરકાર જો વ્યવસ્થા ન કરી શકે તો માનનીય સભ્યશ્રી આપ આ બિલ પાછુ ખેંચતા નહિ. ફંડ ઉભુ કરવાની વાત ઘણી સારી છે. જે ઔદ્યોગિક એકમો છે એમની સામાજિક જવાબદારી છે એ આમાં ફંડ આપે તો ખૂબ મોટા પ્રમાણમાં પ્રજાને લાભ મળી રહેશે. હું માનનીય સભ્યશ્રીના બિલ સાથે સંમત થઇને વિરમું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય સભાગૃહમાં અમારા સાથી સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૧૮નું ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

કેન્સર એ અતિ ગંભીર પ્રકારનો રોગ છે. આપણા પરિવારમાં કયારેક કોઇ નીદાન વખતે આપણને માલુમ પડે પરિવારનો કોઇ દીકરો કે દીકરી કે ઘરનો મોભીને આ પ્રકારનો કેન્સર રોગ થયો છે એવું માલુમ પડે તો આખા પરિવાર ઉપર આભ તૂટી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

આ કેન્સર રોગ ગુટકા, તમાકુ કે વધુ પડતા દારૂના સેવનથી આજના જમાનામાં જોવા મળે છે. આજે અનેક પ્રકારના કેન્સરો જોવા મળે છે. હાડકાનું કેન્સર, સ્વરપેટીનું કેન્સર, ફેફસાનું કેન્સર, આંતરડાનું કેન્સર આવા જુદા જુદા અનેક પ્રકારના કેન્સરો થાય છે. આજની જીવન શૈલીના આધારે નાના બાળકોથી માંડીને મોટા સુધીનાને બ્લડ કેન્સર થતું હોય છે.

આપણા દેશની અંદર કેન્સર જાગૃતિ માટે આ રોગને નાથવા માટે દુનિયાભરમાં જાગૃતિ લાવવા માટે ખૂબ મોટા પ્રમાણમાં પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. સૌ પ્રથમ તો ચોથી ફેબ્રુઆરીએ વિશ્વ કેન્સર દિવસ તરીકે ઉજવીએ છીએ. ૧૫મી ફેબ્રુઆરીએ કેન્સર વિન્ટર ડે તરીકે ઉજવીએ છીએ. એજ પ્રમાણે આજ જયારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોય એ દિવસે પણ આપણે કેન્સરની જાગૃતિ માટેનું કામ કરીએ છીએ. આ બાબતમાં મારે એક વાત કહેવી છે. ગુજરાતના તાત્કાલિન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે એક નિર્ણય કર્યો હતો કે આપણી બહેનો, માતાઓને ૪૦ વર્ષની ઉંમર પછી જે પ્રમાણે સ્તન કેન્સર અને સર્વાઇકલ કેન્સર નિદાન બાદ માલુમ પડે તો એમને ઘેરથી લઇને હોસ્પિટલ સુધીની ફ્રી ટ્રીટમેન્ટ અને ઓપરેશનની જરૂર પડે તો એ કરવા માટેના આગવા નિયમો બનાવી પ્રજાની સેવા કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એ જ પ્રમાણે સાતમી એપ્રિલ વિશ્વ હેલ્થ દિવસ તરીકે ઉજવીએ છીએ. તા. ૩૧ મી જુલાઇ નો ટોબેકો દિન તરીકે ઉજવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, બીજી ઓકટોબરે દેશમાં તમાકુના નિયંત્રણ માટે અમલીકરણ કરાયેલા કાયદાઓની જાગૃતિ માટે આપણે અનેક પ્રકારના કેમ્પ કરીને પ્રજામાં જાગૃતિ લાવવાનું કામ કરીએ છીએ. તા. ૭મી નવેમ્બર- નેશનલ કેન્સર અવેરનેસ ડે તરીકે આપણે ઉજવીએ છીએ. દેશમાં અનેક ધાર્મિક સંસ્થાઓ, રાજય સરકાર ,ચેરીટેબલ ટ્રસ્ટ કેન્સરની જાગૃતિ માટે, વ્યસનમુકિત માટે અનેક કાર્યક્રમો કરી, અનેક રેલીઓ યોજી, પુસ્તકોનું વિમોચન કરી અને પ્રજામાં જાગૃતિ આવે એવું કામ કરી રહેલ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી હતા ત્યારે ' માં કાર્ડ'ની એક યોજના બનાવી હતી. હમણાં માનનીય નાણા મંત્રી સાહેબે જે એમના પ્રવચનમાં વાત કરી કે કોઇ કોમ નહીં પણ ગુજરાતની તમામ પ્રજા માટે અમે ' માં વાત્સલ્ય કાર્ડ 'નું જે આયોજન કર્યું તેમાં પહેલાં રૂ. ૨,૦૦,૦૦૦ની જે મર્યાદા હતી તેમાં ૩,૦૦,૦૦૦ અને સિનિયર સિટિઝન માટે ૫,૦૦,૦૦૦ રૂ. સુધીની ખર્ચની મર્યાદા કરવાનું આયોજન કર્યું છે. સાથે સાથે કોઇ પરિવારને આવા રોગમાં વધુ પડતો ખર્ચ થાય તો માનનીય મુખ્યમંત્રીશ્રીના ફંડમાંથી અમે તેમને સહાય કરવાનું કામ કરીએ છીએ. હું આ વિધેયકને મારું સમથર્ન આપું છું.

ફાલ્ગુન ૧૭, ૧૯૩૯ શાકે

ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૮

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી): માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી પિયુષભાઇ કેન્સર માટેનું સરસ મજાનું બિલ લઇને આવ્યા છે તેમને હું મારું અનુમોદન કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની યુવા પેઢી માટે કેન્સર એક ભયજનક રોગ બન્યો છે. આ ભયજનક રોગ બન્યો છે ત્યારે તેમની ચિંતા કરવા માટે પિયુષભાઇ દેસાઇ જે સરસ મજાનું બિલ લઇને આવ્યા છે, સારું બિલ લઇને આવ્યા છે. તેનો સરકાર તાકીદે સ્વીકાર કરે એવી વિનંતી પણ આ તકે સરકારને કરી રહ્યો છું. આજનો યુવાન જે રીતે પાન–માવા અને ગુટખાથી મુશ્કેલીમાં મુકાયો છે. જેથી ગુટખા પર પ્રતિબંધ આવ્યો છે. તેના લીધે ગેરકાયદેસર રીતે અમુક કંપનીઓ ગુટખા બનાવી રહી છે. તેનું વિતરણ સરકારના ધ્યાન બહાર ગામડે ગામડે પાનની દુકાનેથી થઇ રહ્યું છે. આ ગુટખા ખાવાથી શરીરમાં એકદમ કેન્સર વ્યાપી જાય છે તેવા કિસ્સાઓ ગામડાંમાં બહુ વધ્યા છે. કદાચ શહેરમાં થોડી જાગૃતિ હશે પરંતુ ગામડાંમાં જાગૃતિના અભાવે યુવાન લોકો ગુટખા તરફ અને પાન તરફ વળ્યા છે તેના કારણે કેન્સરનો રોગ વ્યાપક પ્રમાણમાં વધ્યો છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં સ્વભંડોળમાંથી આ અંગેની સહાય પણ ચૂકવવામાં આવે છે. જોગાનુજોગ જિલ્લા પંચાયત કોંગ્રેસ પક્ષ પાસે આવી અને મેં ગયા વખતે ધારાસભ્ય તરીકેની કામગીરીમાં જવા માટે થોડો અભ્યાસ કર્યો. એમનું પણ બજેટ રજૂ થાય છે. સ્વભંડોળમાંથી ૧૫,૦૦૦ રૂપિયા કોઇ કેન્સરના દર્દીને અમરેલી જિલ્લા પંચાયતમાંથી અપાતા હતા. ત્યાર પછી તેમાં ક્રમશઃ ઘટાડો કરવો પડ્યો. અત્યારે કોઇ કેન્સરનો દર્દી જો પોતાને કેન્સર છે એવી જાહેરાત કરે તો જિલ્લા પંચાયત તેને ૧૦,૦૦૦ રૂપિયા વળતર આપે છે, પરંતુ એ ૧૦,૦૦૦ રૂપિયા વળતર આપે છે તેની પાછળ જિલ્લા પંચાયતને ઘટાડો કરવાનું અમારે કારણ એ બન્યું કે પહેલાં અમારી પાસે ૧૦૦ દર્દીઓ આવતા હતા. છેલ્લા બે વર્ષમાં આ દર્દીઓનું પ્રમાણ ૧૦૦ના બદલે ૮૦૦–૮૦૦ સુધી પહોંચ્યું છે. તેની પાછળનું કારણ આ ગુટખા છે. પ્લાસ્ટીકમાં માવો ચોળવામાં આવે. પ્લાસ્ટીકમાં જે પ્રકારની પ્રક્રિયા થઇ રહી છે તે મને મળેલી માહિતી પ્રમાણે પ્લાસ્ટીક જે વીણી રહ્યા છે. મજૂરો પોતાને કંઇક મળે તેના માટે જ્યાં ત્યાં પડેલું પ્લાસ્ટીક લઇને તેની મજૂરી મેળવી રહ્યા છે. તે પ્લાસ્ટીકનું જે પ્રોસેસીંગ કરવામાં આવે છે તે કયા પ્રકારનું થઇ રહ્યું છે, તેની સફાઇ થાય છે કે કેમ? તે પણ જોવામાં આવતું નથી. તેના કારણે આ પ્લાસ્ટીકમાં માવો ચોળીને ખાતા યુવાનો તેનો ભોગ બને છે. એક તો ગુટખા ગેરકાયદેસર છે. માવામાં પણ ૩૦૦ નંબરના ટોબેકોમાં એકદમ કેમિકલ્સ હોય છે. ૧૨૦ની તમાકુમાં પણ ખૂબ જ ભેળસેળ થાય છે. ૧૨૦ની ડુપ્લીકેટ તમાકુ બનાવવાનું કારખાનુ નાના વેપારીઓ સ્થાપે છે અને નાના વેપારીઓને વેચે છે. જેનાથી બે વર્ષમાં તેઓ કરોડપતિ બની જાય છે. આને દૂર કરવામાં નહીં આવે તો આજના યુવાનો રોજગારી મેળવવાના બદલે એ કેન્સરનો ભોગ બનશે. સરકાર આના માટે ખૂબ ચિંતિત છે. શ્રી પિયુષભાઇને હું અભિનંદન આપું છું. તેમણે ગુજરાતના યુવાનોની ચિંતા કરી છે. (અંતરાય) શ્રી જેઠાભાઇ, દૂધમાં પણ ખૂબ ભેળસેળ થાય છે. તમને હું વિનંતી કરું છું. આપ એમાં પણ તપાસ કરાવો. કેન્સરના કારણોમાંનું એક આ પણ કારણ છે. અમારા ભરવાડ સમાજના એક માત્ર ધારાસભ્ય છે એ આ બાબત સમજી શકે છે. ભેળસેળ કરનારાઓની બાબત હું વિધાનસભાના ફ્લોર ઉપર રેકર્ડ ઉપર મૂકી શકું એમ છું. સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં, કચ્છ જિલ્લામાં અને અમરેલી જિલ્લામાં દૂધમાં ભેળસેળ થાય છે. એમને નંબર વન, ટુ અને થ્રી આપી શકાય એમ છે. ત્યાં આટલા બધા પશુઓ નથી છતાં પણ કેમિકલયુક્ત દૂધ વેચાય છે. દરોડાઓ પડે છે પણ પછી તપાસ ઝીરો થઇ જાય છે. એના ઉપર પગલા ભરાતા નથી. અમારા પૂર્વ ઉપ પ્રમુખે કહ્યું એમ આ એક બહુ ચિંતાનો વિષય છે. આ જે કેમિકલયુક્ત દૂધ આવે છે એના કારણે આઇસ્ક્રીમ પણ એવો હોઇ શકે છે. હમણાં પાર્લામેન્ટરી એસોસિએશનની બેઠક મળી એમાં પણ સાહેબને કહેવું પડે છે કે આઇસ્ક્રીમ એકદમ શુદ્ધ અને સાત્વિક હોવો જોઇએ. હું એમ કહું છું કે એમાં સાહેબની શંકા હોઇ શકે છે. એના કારણે પણ યુવાનોમાં કેન્સર વધ્યું છે. મોટી ઉંમરના લોકોમાં પણ કેન્સરનું પ્રમાણ વધ્યું છે. હું સૌરાષ્ટ્રનો ધારાસભ્ય છું. અમારે ત્યાં મોંઢાનું કેન્સર થાય છે. મોંઢાનું કેન્સર થવામાં માવો, ગુટખા મુખ્ય છે. માનનીય પિયુષભાઇ, સરકાર તરફથી ખાતરી આપવામાં આવે કે આવતા સત્રમાં આ બિલ દાખલ થશે તો જ તમે પાછું ખેંચજો. તમારા સમર્થનમાં અમે બધા રહીને એને સર્વાનુમતે મંજૂર કરાવીશું, અમે ટેકો આપીશું. ભારતીય જનતા પાર્ટીના જે સભ્યો છે એમને પણ જણાવું કે આ ગુજરાતની યુવા પેઢીનો સવાલ છે. અમે પણ બિલ લઇને આવીશું. એવી વિનંતી સાથે શ્રી પિયુષભાઇએ ચિંતા વ્યક્ત કરી છે એ ગૃહની ચિંતામાં હું પણ જોડાયો છું. અમારા શ્રી નીતિનભાઇ જવાબ આપતા હતા. આ તો મોટો એક હાથી છે. હું સમજું છું, તમને તો હું આગળની સીટ ઉપર બેઠેલા માનતો હતો. આ બિલ કદાચ શ્રી નીતિનભાઇ લાવ્યા હોત તો સારું હતું. એમને ગામડાંના લોકોની ચિંતા છે ત્યારે શ્રી નીતિનભાઇ નાયબ મુખ્યમંત્રીશ્રી અહીં બેઠા છે, શ્રી ભૂપેન્દ્રસિંહ બાપુ પણ અહીં બેઠા છે, શ્રી સૌરભભાઇ પણ બેઠા છે, ગૃહ ખાતાના પ્રધાનશ્રી પ્રદિપસિંહ પણ બેઠા છે. એ બધા બહુ ચિંતા કરે છે. યુવાનોને બચાવવાની અમારી પણ નૈતિક ફરજ છે અને અમે એને સ્વીકારીએ છીએ ત્યારે આ બિલ સરકાર પણ સ્વીકારે અને તાત્કાલિક અસરથી શાસકપક્ષ તરફથી આ બિલ લાવવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિનિયર સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ ગુજરાતના કેન્સર પીડિત અને ડ્રગ્સ પીડિત દર્દીઓની સેવા માટે સૂચન કરતું અને ફંડની રચના કરતું આ બિલ લાવ્યા છે, એમના માનવતાવાદી અભિગમને હું બિરદાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ, ડો. અનિલભાઇ જોષીયારા અને શ્રી વિરજીભાઇ ઠુંમરે પણ એમના વિચારો આમાં રજૂ કર્યા છે. સ્વાભાવિક છે આ સન્માનનીય સભાગૃહમાં

## ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૮

બેસતા સર્વ સભ્યશ્રીઓની એ લાગણી હોય જ કે રાજયની અંદર કોઇ કેન્સરથી પીડિત ના થાય, કોઇ જુદા જુદા વ્યસનો, તમાકુ, જુદા જુદા પ્રકારની ડ્રગ એનો ભોગ ના બને અને ખાસ કરીને કદાચ કોઇ બીમાર પડે તો એની સારી સારવાર થાય અને વ્યકિત સાજો થાય એવી ભાવનાથી એમણે આ બિલ રજૂ કર્યુ છે. આપણું ગુજરાત એ આધુનિક અગ્રેસર અને સેવાભાવી રાજ્ય છે. ગુજરાતની અંદર કોઇપણ રોગીઓ, દર્દીઓ માટે રાજ્ય સરકાર તરફથી સેવાભાવી સંસ્થાઓની ચેરીટેબલ હોસ્પિટલો તરફથી અને ધાર્મિક સેવાભાવી સંસ્થાઓ તરફથી અનેક હોસ્પિટલો ચલાવવામાં આવે છે. આ હોસ્પિટલોમાં કેન્સરના રોગની સારવાર એ આધુનિક સગવડ સાધનો અને મોંઘી દવાનો ખર્ચ થવાના કારણે એ સ્વાભાવિક ઉપલબ્ધ થઇ શકતી નથી પરંતુ આપણી રાજ્ય સરકાર વર્ષોથી ગુજરાતમાં જે આપણી કેન્સર હોસ્પિટલો છે અમદાવાદમાં એના દ્વારા અને જે જિલ્લા મથકોએ સર્જરીથી જે કેન્સરની સારવાર થઇ શકે એના માટે સતત કામ કરે છે. જે પ્રમાણે ભાઇશ્રી અરવિંદભાઇએ વાત કરી કે આપણે હરતી ફરતી મોબાઇલ વાન એના દ્વારા લીથોટ્રેપ્સી, બીજી સારવાર, મેમોગ્રાફી, એવા પણ મોબાઇલ યુનિટો આપણે ચલાવીએ છીએ. ખાસ કરીને બહેનોના જે કેન્સર હોય સ્તનનું અથવા તો ગર્ભાશયના મુખનું તો એ બહેનોને ખબર નથી હોતી તો સરકાર તરફથી હરતી ફરતી મોબાઇલ મેમોગ્રાફી વાન આધુનિક સાધન સાથેની તાલુકા મથકે મોકલવામાં આવે છે. બહેનોના કેમ્પ કરવામાં આવે છે અને સામેથી બહેનોની ચકાસણી કરી જે પણ બહેનોને આમાંના ચિન્હ દેખાઇ આવે એની સારવાર સરકાર તરફથી ઓપરેશન સહીતની તમામ સારવાર વિના ખર્ચે મફતમાં કરવામાં આવે છે. સાથેસાથે આપણી કેન્સર હોસ્પિટલમાં પણ આધુનિક સાધનો આપણે જે ઉપયોગ કરીએ. અન્ય મેડિકલ કોલેજોમાં પણ જે સાધનો છે એમાં 6 MV linear accelerator, varien 6 MV linear accelerator, cobalt machine, conformal radiation therapy, intensity modulated radiation therapy, stereo tactic radio therapy, stereo tactic radio surgery, LDR brachytherapy, HDR brachytherapy, CT simulator machine ની પણ વ્યવસ્થા છે. કીમો થેરાપી એ બહુ સંભળાતો શબ્દ છે. કહીએ કે, શું કરી આવ્યા તો કહે કે, કીમો લઇ આવ્યા, તો એનો પણ આપણે બધી જગ્યાએ ઉપયોગ કરાવીએ છીએ. ઘરે ઘરે મુલાકાત કરીને પ્રાથમિક કોઇ આવા ચિન્હ જણાય તો દર્દીઓની શોધ કરી સામા પગલે સરકારી હોસ્પિટલમાં આપણે લઇ જઇએ છીએ અને આપણી કેન્સર હોસ્પિટલમાં વિવિધ પ્રકારના નિષ્ણાત કેન્સર સર્જન સહિતના કેન્સર નિષ્ણાંતોનો ખુબ મોટા સ્પેશીયાલીસ્ટ અને સુપર સ્પેશીયાલીસ્ટ સ્ટાફ ધરાવીએ છીએ. સાથેસાથે અન્ય આધુનિક સાધનો વસાવવા માટે પણ આ બજેટમાં આપણે જોગવાઇ કરી છે. સિદ્ધપુરમાં, ઉત્તર ગુજરાતમાં કેન્સર હોસ્પિટલની મર્યાદિત સેવાઓ ત્યાં આપણે આપીએ છીએ જેથી ઉત્તર ગુજરાતના દર્દીઓને એની સારવાર આપી શકાય. રાજકોટ, ભાવનગર, વડોદરા અને આવનારા સમયમાં સુરત ખાતે પણ કેન્સરની સારવાર આપી શકાય એવી વ્યવસ્થા આપણે ઉપલબ્ધ કરી છે. કેન્સર હોસ્પિટલને સંપૂર્ણ ગ્રાન્ટ રાજ્ય સરકાર આપે છે. આધુનિક સાધનો, બિલ્ડીંગો અને જે જરૂરી દવાઓ છે એ બધું પણ રાજ્ય સરકાર આપે છે. ઉદાર દિલ દાતાઓ મોટી રકમના દાન પણ કેન્સર હોસ્પિટલને આપે છે. મારે એક ખાસ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે કેન્સરની સારવાર એ વિશિષ્ટ સુપર સ્પેશિયાલિટી પ્રકારની સારવાર તથા સુપર સ્પેશિયાલિટી લાયકાત ધરાવતા ડોકટરો અને સાધનો બન્ને સાથે હોય તો જ એનો લાભ આપણે આપી શકીએ છીએ. એકલા ડોકટરો મળતા નથી અને સાધનો વિના ડોકટરો કાંઇ કરી શકે નહીં આ બન્ને કામો કરવા હોય તો ખૂબ મોટો ખર્ચ થાય છે અને એ ખર્ચ પણ રાજ્ય સરકાર ઉપાડે છે. એટલે આ બધી સેવા કરીએ જ છીએ. જે પ્રમાણે પિયુષભાઇ, અરવિંદભાઇ, ડો.જોષીયારા અને વિરજીભાઇએ વાત કરી એ પ્રમાણે આપણે જનજાગૃતિ અભિયાન પણ કરીએ છીએ. તમાકુ ન ખાય, કોઇ રીતે કેન્સરનો ભોગ ન બને, એવા કોઇ પ્રયત્નો ન કરે, કોઇ ભેળસેલ વાળો ખોરાક ન ખાય એની આપણે કાળજી લઇએ છીએ. હું પિયુષભાઇને વિનંતી કરું કે અમે બધું કરીએ છીએ, હજુ વધારે કરવાના છીએ. નવી ટેકનોલોજી, સાધનો, ડોકટરો ઉમેરતા જઇએ છીએ. સરકારની કામગીરી સારી છે એને વધારે સારી કરવામાં સહયોગ આપે. આપના બિલ સાથે આપના વિચારો સાથે, બધા ધારાસભ્યોની લાગણી સાથે સૈદ્ધાંતિક રીતે હું સંમત છું એટલે આ બિલ એ પરત ખેંચે એવી વિનંતી કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા સન ૨૦૧૮ના બિન સરકારી વિધેયક ક્રમાંક-૧૦, ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબતના વિધેયક ઉપર આદરણીય માનનીય સભ્યશ્રી જોષીયારાજી, અરવિંદભાઇ, વિરજીભાઇએ એમના અનુભવો કહ્યા છે. ખૂબ સારી વાતો પણ કરી છે. પ્રભારી સભ્ય તરીકે એમનો હું આભાર માનું છું. સાથોસાથ અમારા આ ગૃહના વિદ્વાન અને કાર્યક્ષમ નાણામંત્રીશ્રી તો છે જ પણ સાથે આરોગ્ય મંત્રી પણ છે. એમણે ખૂબ સારી વાતો કરી અને હું જે વિધેયક લાવ્યો છું એનો ઉદ્દેશ માનનીય મંત્રીશ્રીના જવાબથી પરિપૂર્ણ થાય છે એમ હું માનું છું. એટલા માટે હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સભાગૃહ સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક-૧૦-૨૦૧૮ના ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયકને પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક-૧૦-૨૦૧૮ના ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયકને પાછુ ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછુ ખેંચવામાં આવે છે.

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૨**

**ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૮**

રાજ્યના શહેરી વિસ્તારોમાંટ્રાફિકને લગતી જોગવાઇઓના ચુસ્ત અમલીકરણ માટેની તથા ટ્રાફિક ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટેના અમુક પગલાં લેવા માટેની અને તેને લગતી બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૮ના ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ કુટુંબનો, કોઇપણ ગામનો, કોઇપણ શહેરનો, કોઇપણ રાજ્યનો જ્યારે આર્થિક વિકાસ થાય ત્યારે એની સાથોસાથ સૌથી પહેલા વાહનોની સંખ્યામાં વધારો થતો હોય છે. આજે જોઇએ છીએ કે દિન પ્રતિદિન ગુજરાતની અંદર વાહનોની સંખ્યા વધતી જાય છે. નવા કોઇપણ વાહનની સીરિઝ મૂકવામાં આવે તો એક મહિનામાં એ સીરિઝ પૂરી થતી હોય છે. એટલા નવા વાહનો કંપનીમાંથી છૂટે છે. જે પ્રકારના રસ્તા, જે પ્રકારની વ્યવસ્થા આપણી છે. એ રસ્તામાં વાહનોની સંખ્યા વધવાના કારણે આજે આપણે જોઇએ છીએ કે ઠેર ઠેર રસ્તા જામ થઇ જાય છે, ચોકઅપ થઇ જાય છે. એકાદ વાહન ક્યાંક અકસ્માત્ થાય તો આખો રસ્તો બંધ થઇ જાય. કોઇ પણ માણસ ક્યારે કોઇ પીધેલી અવસ્થામાં હોય કે નશાખોરની અવસ્થામાં હોય અને વાહન ચલાવીને જતા હોય અને રાહદારીઓને કચડી નાખે એવા બનાવો પણ આપણે જોઇએ છીએ. ક્યારેક ક્યારેક આપણે એ પણ જોઇએ છીએ કે આખું કુટુંબ રડતું હોય કે અમારો એકનો એક ભાઇલો અકસ્માતનો ભાગ બન્યો અને જેનો કોઇ દોષ ના હોય, એ વ્યક્તિ જતો હોય અને સાઇડમાં ઊભો હોય ને પાછળથી કોઇ ઠોકર મારીને પાડી દે અને અકસ્માતનો ભોગ બને આવા અનેક બનાવો બને છે. રસ્તા ઉપર વાહનની જે પ્રકારે પાર્કિંગની વ્યવસ્થા જોઇએ એ પ્રકારે પાર્કિંગની વ્યવસ્થા કરવાને બદલે ગમે ત્યાં વાહન રસ્તાને અડચણ કરતું હોય એમ વાહન આડું રાખે જેના કારણે પાછળથી આવતા રાહદારીઓને પણ અડચણ કરતા થાય. રસ્તાની લાઇટનું સિગનલ ચાલુ હોય, લાલ લાઇટ થાય ત્યારે રસ્તા ઉપર ઊભા રહી જવાને બદલે સામે ટ્રાફિક ના હોય તો વાહન ક્રોસ કરીને પણ કોઇ વાહન ચાલક જતો હોય એના કારણે પણ ઘણી વ્યક્તિઓ અકસ્માતનો ભોગ બનતા હોય છે. કોઇ વાહન ચાલક રોંગ સાઇડમાં વાહન ચલાવીને અને આજે એવા અનેક પ્રકારના નવા વાહનો નીકળ્યા છે કે જેની અંદર ફાયરિંગના અવાજ આવે, વિચિત્ર પ્રકારના વાહનોની અંદર હોર્ન ફીટ કરવામાં આવે અને એ પ્રકારે કોઇ જ્યારે કોઇ યુવાન આ વાહન લઇને નીકળતા હોય ત્યારે આપણને એમ લાગે કે હમણાં જ આ ભટકાશે એ પ્રકારની ધૂમ પ્રકારની મોટર બાઇક ચલાવીને રસ્તામાં જ્યારે નીકળતા હોય ત્યારે આપણને જોઇને ચિંતા થતી હોય કે આ ભટકાય નહિ તો સારું. આપણે ઇચ્છીએ છીએ કે એ ભટકાય નહિ અને એ પ્રકાર જ્યારે આવા વાહનો બેદરકારીથી ચલાવતા હોય ત્યારે એના ઉપર કંટ્રોલ આવે. આ પ્રકારનું કોઇ પણ વાહન ચલાવનાર, ધૂમ પ્રકારનું વાહન ચલાવનાર એનું લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવે અથવા તો એની ઉપર દંડની જોગવાઇ કરે કે જેના કારણે ભવિષ્યમાં એ દંડની જોગવાઇના કારણે જોનારો માણસ પણ ફરીથી એ ભૂલનો ભોગ ના બને.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ વ્યક્તિ ગમે ત્યાં વાહનનું પાર્કિંગ કરે, રસ્તામાં અડચણ કરતા હોય એની ઉપર પણ એ પ્રકારની દંડની જોગવાઇ કરીને ટ્રાફિક રસ્તાને અડચણ કરતા હોય એની ઉપર પણ એક સ્પેશ્યલ જોગવાઇ થાય અને એને રોકવામાં આવે તો ભવિષ્યમાં બાકીના લોકોને પણ એમ લાગે કે હું જો ભૂલ કરીશ તો મારે પણ દંડનો ભોગ બનવું પડશે. આપણે વિદેશની અંદર જઇએ છીએ ત્યારે જોઇએ છીએ કે ઘણા દેશોના આપણે વખાણ કરતા હોઇએ છીએ કે સાઇડ સિંગ્નલ બંધ થઇ ગયો. ગાડી અમે ઊભી રાખી દીધી. કેમ ઊભી રાખી? સામે તો ટ્રાફિક હતો નહિ તો કહે કે, અમે જો ગાડી ચલાવીને ટ્રાફિના નિયમોનો ભંગ કરીએ તો એક વખત, બે વખત કદાચ અમને દંડ કરશે પણ ત્રીજીવાર અમારું લાઇસન્સ સસ્પેન્ડ થાય અને સસ્પેન્ડ કર્યા પછી પાંચ પાંચ વર્ષ સુધી એ વાહન ચાલકને લાઇસન્સ મળતું નથી અને એના કારણે કોઇ પણ વ્યક્તિ વાહન ચાલક એ આ પ્રકારના ગુનાનો ભંગ કરતા ખચકાટ અનુભવે છે અને ગુનો કરતા બીએ છે ત્યારે આપણે ત્યાં પણ જો એ પ્રકારની કોઇ વ્યવસ્થા ઊભી કરવામાં આવે અને આ પ્રકારનું વાહન ચલાવનાર કોઇ પણ વ્યક્તિ કોઇ ગુનાહિત પ્રવૃત્તિ કરે એ પ્રકારનું વાહન ડાબી બાજુ ચલાવે, અકસ્માત કરે એ પ્રકારનું ચલાવે, કોઇ રોંગ સાઇડમાં ચલાવીને નુકસાન કરે એ પ્રકારનું ચલાવે, ધૂમ પ્રકારની મોટર સાઇકલ જે સર્પાકારે ચલાવીને ફૂલ સ્પીડે ચલાવતા હોય એવાને પણ કોઇ સજાને પાત્ર જોગવાઇ કરવામાં આવે તો માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે અકસ્માતનું પ્રમાણ તેનાથી ઘટશે અને રાજ્યમાં અને દેશમાં આવા જે આશાસ્પદ યુવાનો–યુવતિઓ જે અકસ્માતનો ભોગ બને છે એ ભોગ બનતા અટકશે. સાઇડ સિંગ્નલ બંધ હોય ત્યારે આપણે ત્યાં પણ એના ઉપર સીસીટીવી કેમેરાની જોગવાઇઓ કરવી જોઇએ.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી આપનું વકતવ્ય પૂરું થાય છે, શ્રી નિરંજનભાઇ પટેલ.

શ્રી નિરંજન પુ. પટેલ (પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગોવિંદભાઇ જે બિલ લઇને આવ્યા છે એ બિલ બહુ ઉંચા પ્રકારનું છે અને અત્યારે પરિવર્તન થતા જમાનાની અંદર એની બહુ જરૂર છે. કેન્સર કે આરોગ્યના પ્રોબ્લેમોની અંદર તો માણસને ખબર પડે છે કે હું ૧૫ દિવસ જીવવાનો છું, ૨૦ દિવસ જીવવાનો છું. મહિનો જીવવાનો છું તો વીલ કરી શકે

---

* વિધેયક તા. ૨૮–૨–૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

છે, એમના ફેમીલીવાળા મજબૂત મન રાખી શકે છે કે કેન્સર થયું છે અને રીબાય એના કરતા જાય તો સારુ. એ નકકી કરી શકે છે જયારે એકસીડન્ટની અંદર કોઇ વસ્તુ નકકી જ નથી. માણસ ફર્સ્ટ કલાસ સ્કૂલે જતો હોય કોઇ વિદ્યાર્થી, કોઇ યુવાન નોકરીમાં જતો હોય અને એને એકસીડન્ટ થાય અને એકદમ એ મરી જાય છે તો એની તકલીફ એના ફેમીલીને, એની વાઇફને, એના મા–બાપને એ છોકરો જતો રહે છે એટલે કેટલી બધી મુશ્કેલી એકસીડન્ટલી એકદમ આવી પડે છે એટલા માટે આ બિલ બહુ અગત્યનું છે. એ પાછું ખેંચી જ લેજો પણ આપણે જે વિચારો અહીં મૂકીએ એનું અમલીકરણ થાય એવી સરકારને મારી આગ્રહભરી વિનંતી છે. પહેલામાં પહેલી તો શરૂઆત જે થઇ રહી છે આપણે બધાએ કરવાનું છે અને ચર્ચા આપણે કરીએ છીએ. ૧૮૧ એ આ નિર્ણય કરવાના છે કે ટ્રાફિક લાઇટ ચાલુ રહેવી જોઇએ કે બંધ રહેવી જોઇએ. આ સમસ્યા ચાર વિભાગને સ્પર્શે છે. ગૃહ વિભાગને સ્પર્શે છે, વાહન વ્યવહાર વિભાગને સ્પર્શે છે, આર.ટી.ઓ.ને સ્પર્શે છે, આરોગ્ય વિભાગને સ્પર્શે છે અને શહેરી વિકાસ વિભાગને સ્પર્શે છે એટલે આ બહુ મોટો મુદ્દો છે. આની અંદર લાઇટો, સાઇડ લાઇટો ચાલુ હોવાછતાં અંદર જાય તો રોકવાની જવાબદારી કોની? કાયદા મજબુત બનાવવાની જવાબદારી કોની? ૧,૮૩,૬૬૬ કરોડનું બજેટ બનાવીએ છીએ, વાહવાહી કરીએ છીએ તેમની દુહાઇઓ લઇએ છીએ પણ આટલા લોકો એકસીડન્ટમાં મરી કેમ જાય છે એના માટેની કોઇ દિવસ બહુ ગહન ચર્ચા આપણે કરતા નથી માટે મારું કહેવું છે કે શહેરી વિકાસની અંદર ૧૬૨ નગરપાલિકામાં ભા.જ.પ.ની સરકાર છે. કોર્પોરેશનમાં ભા.જ.પ.ની સરકાર છે. જયારે જયારે એન.એ.ના પ્રશ્નો આવે છે, મંજૂરીના જયારે પ્રશ્નો આવે છે તે ઘડીએ મંજૂરી કોને આપવાની હોય છે? આખી ચૂંટાયેલી બોડીને આપવાની હોય છે તો શું કરવા પાર્કીંગના પ્રશ્નોને આપણે ઉકેલતા નથી? કેમ પાર્કીંગની અંદર બાંધકામ થવા દઇએ છીએ? થયા પછી એને કેમ મંજૂરી આપીએ છીએ? કેમ એને તોડતા નથી? આ બધા પ્રશ્નો ઉપસ્થિત તો આપણે બધાએ કર્યા છે? અને બીજા માણસને મારી નાખીએ છીએ આપણે. પાપ લાગે છે. ખોટું કર્યાનું પાપ આપણે જીવનમાં ભોગવવું પડે છે. વાહનોની વાત કરી કે બહુ નોંધાય છે તો નોંધણી પ્રમાણે વાહનોની જે નોંધણી થાય છે એના પ્રમાણમાં રસ્તાઓની પહોળાઇ આપણે કરીએ છીએ ખરા? નાનામાં નાનો પટાવાળો વાહન વાપરે છે. લોકોનું ટ્રાન્સપોર્ટેશન વધ્યું છે, નોકરીઓ વધી છે, શહેરમાં જગ્યા નથી. આજુબાજુના ગામડાંમાં રહેવા જાય છે અને એ નોકરી માટે શહેરમાં આવે છે. પાર્કીંગની જગ્યા નથી એટલે નોન પાર્કીંગની અંદર આપણે પાર્કીંગ કરેલું જોઇએ છીએ. ૧૮૧ ધારાસભ્યોમાંથી ૯૯ ટકા બધાની પાસે વાહન છે. આપણે બધા રોજ ૨૦૦–૩૦૦ કિલોમીટરની સફર કરીએ છીએ. આપણને બધી ખબર છે, કોઇ નવજુવાન સ્કુટર લઇને જતો હોય છે, આપણને ખબર છે કે રિક્ષાની અંદર ૨૫–૨૫ જણા બેઠેલા હોય છે. અંબાજીના દર્શન કરવા જઇએ છીએ ત્યારે ખબર છે કે જીપની અંદર ૨૦–૨૦ જણા છાપરે બેઠેલા હોય છે. આપણે નથી જોતા? જોઇએ છીએ પણ આપણે આવીને શું કરીએ છીએ? કોઇ એનું અમલીકરણ કરતા નથી. મેં પહેલા પણ મારા પ્રવચનમાં કીધું કે કાયદા ગમે તેટલા બનાવશો કોઇ મીનીંગ નથી, થોથાની અંદર રહેવાના છે, એનું અમલીકરણ કરવાની આપણી ઇચ્છાશકિત હોવી જોઇએ. અત્યારે જે કાયદા છે એનું અમલીકરણ જો સખત રીતે કરવામાં આવે તો હું માનું છું કે આ કાયદો અને આ બિલ લાવવાની જરૂર નથી. બહુ સાચી વસ્તુ છે. આપણે કયા પ્રશ્નો ઉભા કર્યા? આપણે કહીએ છીએ કે ૧૦૮ ની અંદર ડીલીવરી થઇ ગઇ. શાથી થઇ? ટાઇમસર ૧૦૮ પહોંચી નહીં માટે કારણકે નિરંજન પટેલ ગાડી લઇને જાય છે એ ૧૦૮ની સાઇરન વાગે કે એમ્બ્યુલન્સની સાઇરન વાગે તો પણ જગ્યા જ નથી આપતા એને આગળ જવા માટે એવી પણ આપણે માનવતા ગુમાવી બેઠા છીએ કે આપણે ૧૦૮ની સાઇરન જ નથી સાંભળતા. આપણે મોબાઇલને કાનની અંદર નાખી દઇએ છીએ અને સ્કુટર ચલાવીએ છીએ. પાછળવાળાનું હોર્ન સાંભળવાની પણ તૈયારી નથી. પરિસ્થિતિ બહુ વણસતી જવાની છે એમાં કોઇ ચર્ચા કે ટીકાટીપ્પણ કે આ પક્ષના કે પેલા પક્ષના છે જ નહીં. મરે છે તો નિરંજન પટેલનો છોકરો પણ મરે અને ભા.જ.પ.વાળાનો પણ મરે એકસીડન્ટમાં. એક્સિડંટ કોઇ જાત, નાત કે કોઇ પાર્ટી નથી વિચારતો. એ વાહનવાળો દારૂ પીને ફરતા હોય એના માટે કડક કાયદો શું કર્યો? અને કડક કાયદા પછી એનું અમલીકરણ શું કર્યુ? હું અમેરિકાથી બીજી જગ્યાએ જતો હતો. મને ટાઇમ આપજો. બે મિનિટ આપજો. રાત્રે ૨ વાગ્યે મારી ભત્રીજી ગાડી ચલાવતી હતી. બે ક્રોસ વ્હાઇટ પાટાને થોડી ક ક્રોસ થઇ તો તરત જ પોલીસ આવી અને એણે મીટર મૂક્યું કે દારૂ પીધો છે કે કેમ? રાત્રે ૨ વાગ્યે ટિકિટ આપી. એટલી સજાગ, જાગૃત ત્યાંની જનતા છે. મારા પડોશીના પાર્કીંગની અંદર વ્હાઇટ પટ્ટામાં ટાયર ટચ કરેલું તો એ માટે બાજુવાળાએ ફોન કર્યો કે નિરંજનભાઇની ગાડી ટાયર ટચ થયેલ છે. મારી જોડે બેસે તો પણ મને નથી કહ્યું. અને મને ટિકિટ અપાવી. મેં કહ્યુ સોરી. તેમણે કહ્યું કે તમે ગુનો કર્યો. મેં પોલીસને અરજી કરી અને દંડ કરાવ્યો. એટલી પરિપકવ લોકશાહી ત્યાં જાગૃત છે. ગુનો કરનારને બાજુવાળો ઢંઢોળે છે. ગુનો કરવાવાળાને બાજુવાળો પકડાવે છે અને અહીં આપણે બધા ગુનેગારોને શું કરીએ છીએ? બાપુ શું કરીએ છીએ? ખાટલે ખોડ છે. બુંદસે બીગડી વો હોંજસે નહિ સુધર શકતી. ''સ્વ''થી શરૂ કરવું પડશે. આણંદની અંદર ૨૦૦ રૂપિયાનું ચલણ ફડાવ્યું હતું. ખિસ્સામાંથી નીકળ્યું અને મારા ડ્રાઇવર ઉપર આવીને કહે છે કે ટાયર લોક કરી દીધું. એણે કહ્યું કે આપણે ગાડી પાર્કીંગ નથી કરી, પરંતુ રોડ ઉપર મૂકી છે. મેં કહ્યુ આપી દે ૨૦૦ રૂપિયા. એણે કહ્યું કે એમ.એલ.એ. છે કહી દઇએ. મેં કહ્યું નહિ, આપણને કાયદો ઘડવા પબ્લિકે મોકલ્યા છે. કાયદો તોડ્યો છે તો ૨૦૦ ભરી દો.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પુર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ દ્વારા સન ૨૦૧૮નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરું છું. છેલ્લાં ૨૨ વર્ષથી ગુજરાત અનેક અનેક ક્ષેત્રમાં પ્રથમ ક્રમે રહ્યું છે. ઘણી બધી બાબતોની તુલના થઇ શકે તેમ છે. માથાદીઠ આવકની

બાબત હોય, વીજ ઉત્પાદનની બાબત હોય, કૃષિની બાબત હોય, જી.ડી.પી. ની બાબત હોય, પણ મારે આજે ગુજરાતના વ્હીકલની વાત અને એની અન્ય રાજ્યો જોડે તુલના પણ કરવાની છે. ગુજરાતની ૨૦૧૧ ની વસતિ ગણતરીનો આધાર લઇએ તો ગ્રામ્યની વસતિ ૩ કરોડ ૪૬ લાખ ૯૪ હજાર ૬૦૯ એટલે ૫૭ ટકા વસતિ અને શહેરની વસતિ ૨ કરોડ ૫૭ લાખ ૪૫ હજાર ૮૩. ૪૩ ટકા વસતિ કુલ ૬ કરોડ ૪ લાખ જેવી વસતિમાં આપણી પાસે ૨૦૧૧ ની અંદર ૧ કરોડ ૪૪ લાખ ૧૩ હજાર ૭૧૭ તમામ પ્રકારના વ્હીકલ એટલે કે કુલ વસતિના ૨૪ ટકા વ્હીકલ છે. કુટુંબ દીઠ જોવા જઇએ તો ઘરદીઠ એક વ્હીકલ છે. એટલા માટે આ દેશની અંદર સૌથી મોટું રાજ્ય યુ.પી. જોડે કમ્પેરિઝન કરવી છે. યુ.પી. ગ્રામની વસતિ ૧૫ કરોડ ૫૩ લાખ ૧૭ હજાર ૨૭૧ એટલે ૭૮ ટકા છે. શહેરની ૪ કરોડ ૪૪ લાખ ૯૫ હજાર ૬૩ એટલે ૨૨ ટકા વસતિ છે. કુલ વસતિ ૧૯ કરોડ ૯૮ લાખ ૧૨ હજાર ૩૪૧ આની અંદર ૨ કરોડ ૩ લાખ ૮૨ હજાર ૨૬ વ્હીકલની કુલ સંખ્યા છે, એ કુલ વસતિના ૧૦ ટકા છે. આપણે ત્યાં ૨૪ ટકા અને યુ.પી. જેવા રાજ્યમાં ૧૦ ટકા આખા હિન્દુસ્તાનની વાત કરીએ તો ૨૦૧૧ માં ૨૪ કરોડ ૨ લાખ ૨૭ હજાર ૫૪૫ કુલ વ્હીકલ છે, એમાં ગુજરાતના ૨૦૧૧ માં વ્હીકલની સંખ્યા ૧ કરોડ ૪૪ લાખ ૧૩ હજાર ૭૧૨ એટલે કે દેશના કુલ વ્હીકલમાંથી ૬ ટકા વ્હીકલ ગુજરાતના છે. મારે બીજી વાત કરવાની છે. આવનારા ભવિષ્યમાં એટલે કે ૨૦૨૧ માં જે આખા ભારતની સેન્સસ થવાની છે, એમાં ગુજરાતની વસતિ ૭ કરોડ પહોંચવાની છે. ગ્રામ્ય ૩.૫ કરોડ અને શહેરી ૩.૫ કરોડ એટલે ૫૦-૫૦ ટકા વસતિ આ ૩ લાખ વ્હીકલ તે સમયે થવાના છે ત્યારે જે કુલ વસતિના ૪૩ ટકા વ્હીકલ આપણા ગુજરાતના થવાના છે. આ એક સમૃદ્ધિની નિશાની પણ છે. તેના માટે તંદૂરસ્ત વ્યક્તિ, શિક્ષણ, ભણેલો ગણેલો વ્યક્તિ, રોજગાર આર્થિક ઉપાર્જન તેનો ત્રિવેણી સંગમ જયારે વ્યક્તિમાં થાય છે ત્યારે દરેક વ્યક્તિની પાસે ઘર હોય, મોબાઇલ હોય, વ્હીકલ હોય અને ગુજરાત સરકારે આ રીતે વ્યક્તિને ખરીદી કરવા માટે શક્તિમાન બનાવ્યો છે તે એક સમૃદ્ધિની નિશાની છે. પરંતુ મારે વાત કરવી છે કે જેને કારણે રાજ્યમાં ટુ વીલર, ફોર વીલર, ટ્રક, બસની સંખ્યામાં વધારો થયો છે ત્યારે ટ્રાફિક માટે એક મોટો પડકાર ઉભો થયો છે. આડેધડ પાર્કિંગ, આડેધડ બેફામ ગાડી હાંકવી, રોડ ઉપર ગાડી ઉભી રાખવી, ફિલ્મ ધૂમ સ્ટાઇલથી ગાડી ચલાવવી, ગાડી ગમે તેમ ભયજનક રીતે હાંકવી, જમણી બાજુથી ઓવરટેઇક કરવી, લાપરવાહીથી ચલાવવી, ભયજનક ઓવરટેઇક કરવો, બેદરકારી કે ગેરરીતિથી રાહદારીને છેડવો, રસ્તામાં ગાડી છોડી દેવી, દારૂ પીને ગાડી ચલાવવી, ગાડીનો માલસામાન ચેક કરવા માટે રોડની વચ્ચે ગાડી રોકવાના કારણે પાછળથી આવતા રાહદારી કે આવતા વાહન ભટકાય છે. એટલા માટે આનંદ અને ગૌરવ સાથે હું કહું છું કે ગુજરાત સરકાર સમયની સાથે ચાલે છે. ગુજરાત સરકારે વખતોવખત ડીસીઆરમાં જોગવાઇ કરી છે. ગુજરાત સરકારે ટી.પી.માં સો ફૂટથી વધુ પહોળા રોડ બનાવ્યા છે. ઓવરબ્રિજ બનાવ્યા છે. ટ્રાફિક કંટ્રોલ કરવામાં આવ્યા છે. સીસીટીવી કેમેરા મૂકવામાં આવ્યા છે. અનેક પ્રકારના પ્લાનિંગ ટ્રાફિક નિયમન માટે થયા છે. લોકોને શિક્ષિત કરવામાં આવે છે. સ્કૂલના વિદ્યાર્થીઓ અને અનેક લોકોને શિક્ષિત કરવામાં આવે છે. આવા અનેક પગલાં ભરવાનું કામ આપણી સરકારે અનેકરીતે કર્યુ છે. સીસીટીવી કેમેરાની વાત હોય કે બીજા અનેક આયોજનની વાત હોય તો આજે મારા સુરત મહાનગરને ઓવરબ્રિજ સીટી તરીકે ઓળખવામાં આવે છે. ત્યારે આજે આ ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ વિધેયક લઇને માનનીય ગોવિંદભાઇ આવ્યા છે તેને અનુમોદન આપું છું. તેમણે જે જોગવાઇ કરી છે કે આમાં કોઇ ગુનો કરે અને દોષિત ઠરે તો ઓછામાં ઓછો એક હજાર રૂપિયાનો દંડ તથા પંદર દિવસની સજાની જોગવાઇ કરી છે તેને આવકારું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના પ્રભારી સભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલ ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે તેને હું મારું સંપૂર્ણ અનુમોદન આપુ છું, ટેકો આપું છું અને તેમને અભિનંદન પણ આપું છું કે તેમણે આની ચિંતા કરી છે. તેમની ચિંતામાં હું મારો સૂર પુરાવું છું. તેમની ચિંતામાં હમણાં જ રાજય સરકારે માર્ગ સુરક્ષા અધિનયમ ૨૦૧૮ પસાર કર્યો છે. તેમાં પણ ઘણી ચિંતાઓ કરી છે. હજું જે કંઇ રહી જાય છે તેમાં મુખ્ય ચિંતાઓ આ સભ્યશ્રીએ કરી છે તે અભિનંદનને પાત્ર છે. આ રાજયમાં વ્હીકલ્સ ખૂબ વધ્યા છે. પ્રજાની સમૃદ્ધિ વધી છે. ચાણકય એ બહુ સારી રીતે વાત કરી છે કે પ્રજાની સમૃદ્ધિ વધે તે પ્રજાની મહેનત પર આધારિત છે પણ પ્રજાને બધી જ બાજુએથી સલામતિ અને સુરક્ષા પૂરી પાડવી તે સરકાર કે રાજાને આભારી છે. એટલે આ સરકારે સુરક્ષા પૂરી પાડવી, સલામતિ પૂરી પાડવી તે બહુ અગત્યનું અંગ છે. તેની ચિંતા માનનીય સભ્યશ્રી ગોવિંદભાઇએ કરી છે. આજે આપણે જોઇએ છીએ અને મેં અગાઉ પણ કહ્યું હતું કે આ સરકારમાં અનેક કામો થયા છે તેની હું ના નથી પાડતો. કામોની સાથે સાથે ત્રણ વસ્તુ ખૂબ વધી છે. આ જે ઉપદ્રવો ખૂબ અગત્યનું પરિબળ છે. ત્રણ વસ્તુ વધી છે તેમાં એક તો દારૂ વધ્યો છે. દારૂબંધીનો કડક અમલ થયો હોત અને દારૂ ન વધ્યો હોત તો આ પ્રશ્ન ઉભો ન થાત. બીજું માર્ગ સુરક્ષા અધિનિયમમાં પશુપાલન ખાતા સાથે અને વન ખાતા સાથે તાલમેલ કર્યો નથી. એક રોઝડાં અને નીલગાય ખૂબ વધ્યા છે. આજે મેં જોયું તો સચિવાલયમાં વાંદરાઓ પણ વધી ગયા છે. અહીં ૫૦-૫૦ વાંદરાઓનું ટોળું અને પાછળ ચાર કૂતરાં આ વાંદરાઓને એવા દોડાવતા હતા કે આપણને વ્હીકલ ચલાવવામાં પણ મુશ્કેલી પડે. એટલે વનખાતા અને પશુપાલન ખાતા સાથે તાલમેલ કરવો જરૂરી હતો તે થયો નથી. આના કારણે ટ્રાફિકના ઘણા પ્રશ્નો ઉભા થાય છે. બીજું અગત્યનો પ્રશ્ન એ છે કે જે હાઇવે અને સ્ટેટ હાઇવે છે, રોડ રસ્તા છે તેની બંને બાજુએ પંદર-વીસ ફૂટની જગ્યા ખૂબ જ ઓપન હોવી જોઇએ. આપણે વૃક્ષો વાવીએ છીએ તે બહુ સારી વાત છે. જે બોર્ડ, હોર્ડિંગ્સ અને બેનર્સ લગાવવામાં આવે છે. ચાર રસ્તા ઉપર રોડની બન્ને બાજુએ, ગલી ખુંચીએ, તો ડ્રાયવરનું ધ્યાન સતત ત્યાંને ત્યાં જ રહેતું હોય છે, બાજુમાં બેસનારો પણ તરત ધ્યાન દોરે છે કે જૂઓ આ બોર્ડમાં રૂપાણી સાહેબનો કેવો સરસ ફોટો છે, કેવું સરસ લાગે છે, એટલે એના કારણે ટ્રાફિકના જે નિયમો છે અને રોડ-રસ્તાની બન્ને બાજુએ જે બોર્ડ હોર્ડીંગ્સ કરોડો

રૂપિયા ખર્ચીને મૂકીએ છીએ એના કરતાં એ રકમ આવા ટ્રાફિક નિયમનના જે પ્રશ્નો છે એ હલ કરવામાં વપરાય એવી આ તબક્કે વિનંતી કરું છું.

બીજો જે મેઈન પ્રશ્ન છે એ શહેરી વિસ્તારમાં છે. શહેરી વિસ્તારમાં જે સ્કૂલો છે, સંસ્થાઓ છે, યુનિવર્સિટીઓ આપણે બનાવી છે ત્યાં બાળકો ભણવા જાય છે, મોટા વિદ્યાર્થીઓ ભણવા જાય છે, દીકરીઓ ભણવા જાય છે એમને લાવવા લઇ જવા માટે મારૂતી વાનનો ઉપયોગ થાય છે, રિક્ષાઓનો ઉપયોગ થાય છે. આ રિક્ષાઓમાં મોટી સંખ્યામાં અને મારૂતી વાનમાં તો પચ્ચીસ પચ્ચીસ દીકરા–દીકરીઓને બેસાડીને ગમે તેમ આડેધડ ચલાવતા હોય છે અને સ્કૂલના ટાઇમને પહોંચી વળવા માટે, ચારેય બાજુથી છોકરાંઓને એકત્રિત કરવા માટે, ટાઇમીંગનું સંકલન કરવા માટે ડ્રાયવર ખૂબજ પુરઝડપે આ ગાડીઓ ચલાવે છે તો એવી સ્કૂલોમાંથી બાળકોને લાવવા લઇ જવા માટે, ઘરે મૂકવા માટે સ્કૂલમાં કે યુનિવર્સિટીમાં લઇ જવા માટે જે યુનિવર્સિટી થતી હોય અથવા તો મોટી સ્કૂલ થતી હોય, સેલ્ફ ફાઇનાન્સ થતી હોય તો એ લોકો પણ સગવડ કરે અને નિયમ મુજબ બાળકો લાવવા લઇ જવાનું કામ કરે. સરકારે પણ સરકારી સંસ્થાઓ મોટી સારી હોય ત્યાં આવી વ્યવસ્થા કરવી જોઇએ તો અકસ્માત ઓછાં થશે એવું મારું ચોક્કસપણે માનવું છે.

ત્રીજી વસ્તુ શહેરોમાં ખાસ કરીને એક તો ગટરલાઇન, રોડ રસ્તા, પીવાના પાણીની પાઇપલાઇન અને વીજળીના તાર અન્ડરગ્રાઉન્ડ નાંખતા હોય છે. આ ચારનો પણ તાલમેલ છેલ્લાં બાવીસ વરસમાં મેં જોયો જ નથી. એકબાજુ રોડ બનતો હોય, રોડ માંડ પૂરો થાય, ત્યાં વળી પાઇપલાઇન નાંખવા માટે પાછો રોડ ખોદવામાં આવે, તે માંડ પૂરું થાય ત્યાં બીજા ખાડા ખોદવામાં આવે, આ તાલમેલ કરવાનું જે આયોજન છે, ગટરલાઇનનું પીવાના પાણીની પાઇપલાઇનનું, રોડ ખોદવાનું, રોડ રસ્તા બનાવવાનું, આ તાલમેલ કરવામાં આવે તો જે ચોવીસ કલાક રોડ–રસ્તા ઉપર ખાડા ટેકરા રહે છે એના કારણે સ્કૂટરોવાળા, ગાડીઓવાળા આડીઅવળી જે ગાડીઓ ચલાવે છે એનાથી એકસીડન્ટનો ભય વધ્યો છે. તો એ પણ વિચારવું જોઇએ અને નિયમન કરવું જોઇએ. એ નિયમન અત્યારે થતું નથી. એટલે ગોવિંદભાઇએ જે ચિંતા વ્યક્ત કરી છે એને હું મારું અનુમોદન આપું છું.

બીજું જે સ્વૈચ્છિક સંસ્થાઓ છે એન.એસ.એસ. છે એન.એસ.સી. છે એના વિદ્યાર્થીઓ હોય છે અને બીજી વોલન્ટરી એજન્સીઓ જે શહેરોમાં કામ કરતી હોય છે ટ્રાફિકના નિયમન માટે બાળકોને, વિદ્યાર્થીઓને, યુવાનોને રસ્તા ઉપર મોકલતી હોય છે ઘણી વખત શું થાય છે કે જ્યારે પીક–અપ અવર્સ હોય ત્યારે જ પોલીસવાળા હાજર ના હોય અને ઘણી વખત પોલીસવાળા ઉભા હોય તો હવે એક મશીન પણ આવે છે, ગોવિંદભાઇ ચિંતા કરતાં હતા એમાં દારૂ પીને વ્હીકલ ચલાવતા હોય તો એક યંત્રથી માપવાનું એમાં ખબર પડે કે દારૂ પીધો છે કે નહિ તો હમણાં પેપરમાં પણ આવ્યું હતું, ટી.વી. માં પણ આવ્યું હતું, મેં જોયું હતું કે પોલીસવાળાએ ગાડી ઉભી રાખી પછી એને લાગ્યું કે ડ્રાયવરે દારૂ કદાચ પીધો હશે એમ કરીને ઉભી રાખીને પછી ડ્રાયવરને કહ્યું કે તું આ મશીનમાં ફુંક માર અને જો આ પીધો હશે તો તને સજા થશે એટલે ડ્રાયવરે કહ્યું કે મને આમાં ફુંક મારતા નથી આવડતું અને પોલીસવાળાને કહ્યું કે તમે ફુંક મારી બતાવો એટલે પોલીસવાળાએ ફુંક મારી એટલે તરત જ લાલ લાઇટ થઇ એટલે પોલીસવાળો જ દારૂ પીને ઉભો હતો. કાયદો જાળવવો અને કાયદાનું નિયમન કરાવવાનું હોય એની જે ચિંતા ગોવિંદભાઇ લઇને આવ્યા છે એવું આ રાજ્યમાં ક્યાંક ક્યાંક જોવા મળે છે એટલે આ બધું સંકલિત કરી, વન ખાતા સાથે, એનીમલ હસબન્ડરી ડિપાર્ટમેન્ટ સાથે, વાહન વ્યવહાર વિભાગ સાથે, બધા જ વિભાગો ભેગાં થઇ અને આ માર્ગ સુરક્ષા અધિનિયમ જે લાવ્યા છે એના જે ઉદ્દેશો છે એ પાર પાડવા માટે ગોવિંદભાઇ જે બિલ લઇને આવ્યા છે એને મારો ટેકો છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રા.ક.ના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબતનું વિધેયક, માનનીય ગોવિંદભાઇ જે લાવ્યા છે જેમાં માનનીય પૂર્ણેશભાઇ, માનનીય નિરંજનભાઇ અને ડો. ચાવડા સાહેબે પોતાના વિચારો રજૂ કર્યા છે. હું માનું છું કે, માનનીય ધારાસભ્ય તરીકે ગોવિંદભાઇને કોઇ અકસ્માતમાં ઇજાગ્રસ્ત થતાં અને મોત પામતાં લોકો અને એમની વ્યથા અને એ વ્યથા પ્રત્યે એમની સંવેદના કેળવીને આ વ્યથાને વ્યવસ્થામાં કેવી રીતે ફેરવી શકાય એના માટે આ વિધેયક લાવીને એક વિધાયક તરીકે એમણે ઉત્તમ પ્રકારનો પ્રયાસ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર હમણાં બે દિવસ પહેલાં જ ભાવનગરના રંઘોળા ગામ પાસે જે ગમખ્વાર અકસ્માત થયો, ૩૨ જેટલા લોકો એમાં મૃત્યુ પામ્યા અને હજી કેટલાય લોકો સારવાર લઇ રહ્યા છે. આવા જ એક વરસો સુધી જેમણે મારી સાથે કામ કર્યું એવા ભારતીય જનતા યુવા મોરચાના મારા સાથી જીતુભાઇ હીરપરા એ પણ હમણાં અઠવાડિયા પહેલાં આ જ રીતે અકસ્માતમાં મૃત્યુ પામ્યા. તેઓ જુનાગઢના મેયર હતા. અને આ પ્રમાણેના કોઇ પણ દ્રશ્યો હોય તે ભલભલા માણસને કદાચ તેના સગાં–વહાલાં થતા હોય કે ના થતા હોય અખબારના પાને કે ટી.વી.ના પડદે જયારે આ પ્રમાણેના દ્રશ્યો હોય ત્યારે આપણે બધાજ વિચલિત થઇ જતાં હોઇએ છીએ. તેવા સંજોગોમાં ગુજરાતની પ્રજાએ આપણને અહીંયા મોકલ્યાં છે અને આપણાં સૌની પાસેથી અપેક્ષા છે કે સમાજને ઉપયોગી કાયદા અહીંયા ઘડાય અને તેના આધાર ઉપર આખી સમાજની વ્યવસ્થાનું સંચાલન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધાના કારણોનું થોડું રિપીટિશન થશે પણ ઓવરલોડ, બીજી ખોટી જગ્યાએ પાર્કીંગ, હીટ એન્ડ રન અને આ બધાના કારણે અકસ્માતો થવાના કારણોની અંદર કયાંક રસ્તા ઉપર બંધ પડેલું વાહન હોય, કયાંક રસ્તા ઉપર આગળ વાહન હોય અને તેની બેકલાઇટ ચાલુ ના હોય અને તેના કારણે ફૂલ સ્પીડમાં તેની પાછળ અકસ્માતો થતા હોય છે પરંતુ માનનીય ગોવિંદભાઇ હાલમાં ગુજરાતનો જે પોલીસ એકટ ૧૯૫૧ છે તેની અંદર સજાની જે જોગવાઇઓ છે એ

જોગવાઇમાં વધારો સૂચવીને આમાં અસરકારકતા ઉભી થાય તેના માટે આ બિલ લાવ્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે આપણાં ગુજરાતની વસતિ ૨૦૦૧માં હતી આજે ૨૦૧૧માં ૬.૦૪ કરોડ છે અને સતત વધતાં જતાં વાહનો, અત્યારે આપણાં ગુજરાતમાં ૨.૩૦ કરોડ વાહનો છે અને દર વર્ષે એમાં ૭ થી ૮ ટકાનો વધારો થાય છે. માત્ર વાહનનો વધારો નથી થતો તેની ૮૦૦ સીસી હોય, ૧૦૦૦ સીસી હોય, ૧૨૦૦ સીસી હોય એ પ્રમાણેના વાહનોની ગતિ અને એ ગતિના કારણે પણ અનેક પ્રકારની સમસ્યા ઉભી થાય છે. પરંતુ આ સભાગૃહમાં ૧૯મી તારીખે એટલે કે સભાગૃહના પ્રથમ દિવસે જ માનનીય વાહન-વ્યવહાર મંત્રીશ્રી આર.સી.ફળદુ સાહેબ, જે ચિંતાઓ અહીંયા બધે થઇ એ બધી ચિંતાઓનું સંકલન કરીને ગુજરાતની અંદર ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી-૨૦૧૮ લાવ્યા. અને આ જે બિલ લાવ્યા એ બિલની પાછળનો તેનો જે મૂળ હાર્દ અને આમાં જુદી જુદી એજન્સીઝ સંકળાયેલી છે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ હોય, અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ હોય, માર્ગ અને મકાન વિભાગ હોય, હેલ્થ ડિપાર્ટમેન્ટ હોય, પોલીસ ડિપાર્ટમેન્ટ હોય આ બધીજ એજન્સીઓનું સંકલન કરીને એ આ બિલ દ્વારા નક્કી કરવામાં આવ્યુ છે. આના ઉપરાંત તે રોડ પરની અડચણો રોડ સુધારાણા અકસ્માતોની માત્રામાં, તેની સંખ્યામાં ટ્રાફિક એન્જિનીયરીંગ એ એટલો જ મહત્વનો પાર્ટ છે. હું અકસ્માતોના સંદર્ભમાં એટલુ કહેવા માગીશ કે આ માત્ર લોકલ ઓથોરીટીઓનું ધ્યાન દોરવાથી કેટલો ફરક પડી શકે છે. માનનીય નીતિનભાઇએ વર્ષો સુધી માર્ગ અને મકાન મંત્રીશ્રી તરીકે કામ કર્યુ છે અને ત્રણ વર્ષના મારી પાસે જે આંકડા છે કે એક કરતા વધારે વખત જે સ્થાન ઉપર અકસ્માત થતાં હોય તેને આપણે Black spot તરીકે આઇડેન્ટીફાઇ કરતા હોઇએ છીએ. અને આ Black spotમાં એક ટેકનિકલ શું એરર છે જેના કારણે સ્પેસીફીક પોઇન્ટ ઉપર જ અકસ્માતોની માત્રા વધારે થાય છે તે આઇડેન્ટીફાઇ કર્યા. ૧૪,૧૫ અને ૧૬માં લગભગ ૮૩ જેટલા Black spot આઇડેન્ટીફાઇ કર્યા અને એ Black spot ઉપર લગભગ અત્યાર સુધીમાં ૬૮૩ જેટલા અકસ્માતો થયા હતા. અને આ ૮૩ જે આઇડેન્ટીફાઇ કર્યા તેમાં ટેકનિકલ એરર જયાં દૂર થઇ શકતી હતી એવા ૬૩ તેમાંથી મોડીફાઇ કર્યા એટલે જે અકસ્માતો ૬૮૩ હતા તેમાંથી અકસ્માતો આ સ્પોટ ઉપર ઘટીને ૮૫ થયા. એટલે એક ટ્રાફિક એન્જિનીયરીંગ અને Black spotના રીમુવલના કારણે રાજયમાં થતા ૩ વર્ષના જે આંકડા છે તેની અંદર આપણે ૫૯૮ જેટલાં અકસ્માતોની સંખ્યા ઘટાડી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રાજય સરકારે કટિબદ્ધતાથી દારૂબંધીનો કાયદો બનાવ્યો અને દારૂબંધીના કાયદા પાછળના કારણોમાં જે કુલ કારણો હતા તે કારણોમાંનુ એક કારણ માર્ગ ઉપર થતાં અકસ્માતો હતા અને અન્ય રાજયોમાંથી ગુજરાતની ધરતી ઉપર પ્રવેશે અને તેને ખબર ના હોય કે અહીંયા નશાબંધીનો કાયદો છે. અને સમાજની અંદર આ દૂષણ એટલુ વ્યાપેલું છે કે આને માટે કડક કાયદો બનાવ્યાં છતાં પણ હા, હજુ કયાંક અને કયાંક દારૂ મળે છે, તેની વિતરણ વ્યવસ્થા પણ સરકારની અસરકારકતા છતાં પણ હજુ સંપૂર્ણપણે તોડી નથી શકયા પરંતુ એ દિશામાં આપણે નક્કરતાથી આગળ વધી રહ્યાં છીએ. પણ ૧૬ અને ૧૭ના જે ડ્રિંક એન્ડ ડ્રાઇવના કેસના જે ગુના છે. આ કાયદાની કટિબદ્ધતાના કારણે ૨૦૧૬માં ૬૭૪૦ ગુના હતા જે ઘટીને ૫૬૦૦ થયા છે. એમાં ૧,૦૦૦ ગુનાઓમાં ઘટાડો થયો છે અને એના કારણે એના પકડાયેલા આરોપીઓ અને વાહનોમાં પણ ઘટાડો થયો છે. જેના કારણે આપણે લગભગ ૧,૦૦૦ જેટલા કેસોમાં ઘટાડો કરી શક્યા છીએ. આ ઉપરાંત એ વાત બહુ સાચી છે કે, માત્ર રોડ ઉપર ઝીબ્રા દોરવાથી કે ટ્રાફિક સિગ્નલ લાવવાથી નહિ પણ તમારે તમારા વિભાગને well equip કરવો પડશે અને એના માટે ક્યાંય કોઇ ગેરકાયદેસર પાર્કીંગ કરી જાય તો એના માટે ક્રેઇન, ડીઝીટલ વિડિયો કેમેરા, ઇન્ટરસેપ્ટર વેન, સ્પીડ ગન, આલ્કોમીટર, સ્પીડોમીટર અને બ્રેથ એનલાઇઝર પણ વ્યાપક પ્રમાણમાં purchase કરીને એના દ્વારા પણ નિયમન કરવા માટેના પ્રયાસ કરીએ છીએ. ટ્રાફિકનો કડકાઇથી અમલ થાય એટલા માટે ૫૭૧૬૮ જેટલા ગુના નોંધાય છે અને ચાલુ વર્ષે માનનીય નીતિનભાઇએ આ બજેટની અંદર ૭૨૪૭ની બ્રિગેડોમાં વધારો કરીને ૧૦,૦૦૦ ટ્રાફિક બ્રિગેડ કરી જેમાં ૩૩ ટકા મહિલાઓ છે. આ ઉપરાંત ટ્રાફિક બ્રિગેડના જવાનોને ૨૦૦ રૂપિયા સેલરી આપવામાં આવેલ છે એની જગ્યાએ ૩૦૦ રૂપિયા બજેટમાં મંજૂર કર્યા છે. મોબાઇલ એ સમાજનું એક આવશ્યક અંગ છે પણ એ દૂષણ બની ગયું છે કે, ગાડી ચલાવતા ચલાવતા મોબાઇલમાં વ્યસ્તતાના કારણે અથવા મોબાઇલ સાથેના કનેક્ટેડ ઇયર ફોન નાખવાના કારણે કેટલાય જુવાન છોકરા બાઇક ચલાવતા હોય, ગાડી ચલાવતા હોય અને એનું ધ્યાન આગળ-પાછળના વાહનમાં ન હોવાના કારણે છેલ્લા બે વર્ષમાં જે કેસો છે એમાં ફેટલ કેસીસ અને બાકીના ૨૭ જેટલા કેસો માત્ર અને માત્ર મોબાઇલના કારણે જોવા મળે છે. આના સિવાય સરકારે મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન અને બી.આર.ટી.એસ. સિસ્ટમ, માસ ટ્રાફિક સિસ્ટમના કારણે મુવમેન્ટ માટેના વાહન પણ ઘટાડવા માટેના પ્રયાસ કર્યા છે. એના માટે ટેક્સટ ગુના સામે વસૂલ કરેલ રકમ ૨૦૧૩માં ૫૦ કરોડ હતી જે તંત્ર સઘન બનવાના કારણે ૨૦૧૭માં ૮૪ કરોડ જેટલી કરી છે અને આ બધા સાતત્યના કારણે માર્ગ અકસ્માતની સંખ્યામાં છેલ્લા બે વર્ષમાં ૮૪૭નો ઘટાડો થયો છે. ઇજાગ્રસ્તોમાં પણ ૩૧૪૭નો ઘટાડો થયો છે. એટલા માટે કહું છું કે, આ બધાના સાતત્યપૂર્ણ પરિણામોના કારણે આપણે એમાં સારો એવો સુધારો કર્યો છે અને માનનીય ગોવિંદભાઇને મારે એટલું જ કહેવું છે કે, આપણી ભારતીય દંડ સંહિતાની કલમ-૨૮૩માં જે પ્રોવિઝન છે એના આધારે પહેલા રાજ્ય સરકાર એનું ઇમ્પ્લીમેન્ટ કરે, મોડિફિકેશન કરે છે, ટ્રાફિક એન્જિનીયરીંગથી માંડીને બધી જ દિશામાં અનેક સુધારા કર્યા છે અને આ સરકાર માર્ગ અકસ્માતના કારણે કોઇના કુટુંબનો મોભી કે કોઇની જીંદગી ન જાય એના માટે ચિંતિત છે. માનનીય નિરંજનભાઇએ જે વાત કરી કે આ કાયદાઓનું સઘનતાથી સમાજની અંદર વ્યાપક પ્રમાણમાં અમલીકરણ થાય એ બાબતમાં આપણે ચોક્કસ પ્રયાસો કરીશું પણ આ વખતે નવા કાયદાના માધ્યમથી મને લાગે છે કે, આપણે આગામી દિવસોમાં અકસ્માતની અને ટ્રાફિકના

ઉપદ્રવના કારણે સમાજમાં ઊભી થતી સમસ્યાઓની માત્રા ચોક્કસ ઘટાડી શકીશું. એટલે માનનીય ગોવિંદભાઇ આ બિલ પાછું ખેંચે એવી હું વિનંતી કરું છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાફિક નિવારણ અને ઉપદ્રવના મારા આ પ્રસ્તાવ ઉપર માનનીય મણીભાઇ પટેલ, શ્રી નિરંજનભાઇ, શ્રી સી.જે.ચાવડા અને માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજીએ જે પ્રકારે ઉત્તર આપ્યો અને મારી જે કાંઇ વેદના અને સંવેદનાની વાત મેં કરી એમાં શ્રી મણીભાઇ, શ્રી સી.જે.ચાવડા અને નિરંજન ભાઇએ અમને જે સમર્થન કર્યું છે એમાનો આભારી છું પણ મંત્રીશ્રીએ જે પ્રકારે સરકારની પ્રતિબદ્ધતા બતાવી છે એના કારણે હું પ્રસ્તાવ કરું છું કે, સન ૨૦૧૭૮નું વિધેયક ક્રમાંક – ૧૨ – સન ૨૦૧૮નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૮નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૩

**ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક, ૨૦૧૮**

રાજયમાં શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય તપાસ અને સારવાર માટે જોગવાઇ કરવા બાબત વિધેયક

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૩– સન ૨૦૧૮ના ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શાળાએ જતા બાળક એ આવતી કાલનો નાગરિક છે. દેશ અને ગુજરાતનું ભવિષ્ય છે. મિત્રો, આપણે એમની ચિંતા કરવાની છે. ફક્ત આપણે પુખ્ત વયના માણસોની દેખરેખ રાખીશું તે ચાલશે નહીં. આ બાળકો સ્વસ્થ, તંદૂરસ્ત અને શિક્ષિત હશે તો જ આપણે આપણા દેશની અને આપણા ગુજરાતની પ્રગતિ કરી શકીશું આ વિચાર સાથે આ શાળા આરોગ્ય કાર્યક્રમ વિધેયક લાવવાનું મેં નક્કી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં વર્ષે અંદાજે ૨ કરોડ ૭ લાખ બાળકોનો જન્મ થાય છે તે પૈકી એક અંદાજ મુજબ અંદાજે ૧૭ લાખ બાળકો દર વર્ષે શારીરિક ખામીવાળા જન્મે છે. રાજયમાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળક સ્વસ્થ કાર્યક્રમ અંતર્ગત નવજાત શીશુથી માંડીને એક વર્ષથી છ વર્ષના બાળકો, આંગણવાડીના બાળકો, ધોરણ એક અને બારમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ જતા કે ન જતા હોય તે સમગ્ર બાળકો, આશ્રમશાળાના બાળકો, ચિલ્ડ્રન હોમના બાળકોની આરોગ્ય તપાસ – સારવાર કરવામાં આવે તે જરૂરી છે. નવ જાત શિશુઓની આરોગ્ય ચકાસણી થાય તે માટે સઘન કાર્યક્રમની જરૂરિયાત ઉભી થયેલી હોય એવું મને લાગે છે. બાળક જયારે સ્કૂલે જવાની ઉંમરનું થાય ત્યારે એનાં મા–બાપ એને સ્કૂલે મોકલવાની તૈયારી કરતાં હોય છે. આવા સંજોગોમાં ઘણીવાર બાળક રડે છે, કલ્પાંત કરે છે, તોફાન કરે છે ત્યારે મા–બાપને એવું લાગે છે કે, સ્કૂલમાં જવું પડે એટલા માટે બાળક આ રીતનું કૃત્ય કરે છે. અંતે એના મા–બાપને પણ એના ભણતરની ચિંતા હોય છે એટલે એ બાળકને ટીંગાટોળી કરીને સ્કૂલમાં મૂકી આવે છે. સ્કૂલમાં બાળક જયારે શાંત પડે પછી શિક્ષક આ બાળકને ભણાવે પણ એનું ધ્યાન રહેતું નથી. શિક્ષકને એમ લાગે કે, ભણવામાં આ બાળક નબળું છે. સતત રડતું રહે છે પણ આ બાળક બિમાર હતું. જેથી એ શિક્ષણમાં રૂચિ બતાવતું ન હતું. શિક્ષક આ બાળકની સ્થિતિ સમજી શક્યા નહીં. આવાં ઘણાં બાળકો હોઇ શકે. બાળક પોતે બિમાર છે અને બિમારીનું ક્લેરીફીકેશન કરી શકતા નથી તો આવાં બાળકોની ચિંતા આપણે કરવી જરૂરી છે અને જાણવા મળ્યું છે કે, બાળકો અનેક પ્રકારની જૂદી જૂદી બિમારીથી પીડાતા હોય છે. એમને સ્વસ્થ અને તંદૂરસ્ત રાખવા માટે શાળા આરોગ્ય વિધેયક જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાળકોને નાનપણથી જ આરોગ્ય શિક્ષણ અને સારા ચારિત્રની શિક્ષા તેમજ આરોગ્ય અંગેનું સિંચન કરવું જરૂરી છે. ઘર પછી શાળા એ એવી જગ્યા છે કે જયાં બાળક મોટા ભાગનો સમય પસાર કરે છે અને એક બીજાના સંપર્કમાં આવે છે. કોઇપણ બાળક ચેપી રોગથી પીડાતું હોય તો બીજા બાળકને પણ એની અસર થઇ શકે એટલા માટે આરોગ્યની ચકાસણી કરવી જરૂરી છે. મારા જાણવા મુજબ ગુજરાતમાં કુલ ૧,૫૭,૦૫,૭૩૮ બાળકો છે એ દરેક બાળકની આરોગ્ય તપાસ કરવી જરૂરી છે. જો બાળક તંદૂરસ્ત નહીં હોય અને શાળામાં નહીં જઇ શકે તો શાળામાં સંખ્યા ઓછી હશે, શાળાના શિક્ષકો ભણાવી નહીં શકે અને શાળા ચલાવવા માટે અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ રાખવા માટે દરેક બાળકની મેડિકલ તપાસ થાય તે જરૂરી છે અને એના માટે ટીમ બનાવવી જોઇએ. તેમાં શિક્ષણાધિકારી , ડોકટર, ડોકટરમાં સ્ત્રી પુરૂષો, હેલ્થ વર્કર હોય, ફેમીલી વર્કર, આશા વર્કર, આંગણવાડી વર્કર અને ફાર્માસીસ્ટનો સમાવેશ કરીને દરેક બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવે તેવું મારું સૂચન છે.

સભાપતિશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય સભ્યશ્રી લલિતભાઇ.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક

મારા સાથી સભ્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવ્યું છે, તે તેઓ પાછું પણ ખેંચવાના છે તેની મને ખબર છે, પરંતુ તેમના આ વિધેયકના માધ્યમથી મને આ તક મળી તે બદલ તેમનો હું આભાર માનું છું.

હું ગૃહમાં ગૌરવ સાથે કહું છું કે, મારી ટીમે પ્રયત્નો કર્યા તેના કારણે ગુજરાતની બિન અનામત વર્ગોના ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ અને યુવાનોને યુવા સ્વાવલંબન યોજના મળી છે એના કારણે જે રહી ગયા હતા તેમને લાભ મળ્યો છે તેનું મને ગૌરવ છે. આ ગૃહની અંદર જે વિધેયક લાવવામાં આવ્યું છે તે વિધેયક પર વાત કરીએ તો ખરેખર સરકારે એમાં વિચારમાં લઇ તેને અમલમાં મૂકવા જેવું છે. પરંતુ આ ગૃહની અંદર જે કાયદાઓ ઘડવામાં આવે છે એ કાયદાનો અમલ કેટલો થાય છે તે અહીં બેઠેલા બધા સભ્યશ્રીઓ જાણે છે.

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ હોય તેના આરોગ્યની તપાસ માટે મેડિકલ સ્ટાફ જે જોઇએ તે મેડિકલ સ્ટાફ તાલુકા કક્ષાએ સરકારી હોસ્પીટલોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નથી. હું જનરલ વાત કરવાને બદલે મારા વિસ્તારની વાત કરું તો મારા મત વિસ્તારમાં ૧૨૭ સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે અને એટલી બીજી ખાનગી શાળાઓ આવેલી છે. જેમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્રણ હોસ્પીટલો છે. ધોરાજીમાં હોસ્પિટલમાં ૧૧ જણાનો સ્ટાફ, માનનીય નીતિનભાઇ એમ કહેતા હતા કે માનનીય સભ્યશ્રી જે બોલતા હોય તેને ધ્યાનમાં લઇ પ્રશ્નને ઉકેલવાનો પ્રયત્ન કરીએ છીએ તો કાકા આપને કહું કે, ૧૧ સેટઅપ છે અને એક જ મેડિકલ ઓફિસર છે, આવી જ સ્થિતિ ઉપલેટાની હોસ્પિટલની છે. ૧૧ ના સેટઅપની સામે બે મેડિકલ ઓફિસર છે એક એમ.બી.બી.એસ અને એક એમ. એસ., સર્જન છે. બાકીની બધી જગ્યાઓ ખાલી છે. આજ સ્થિતિ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધોરાજીની ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની છે, ઉપલેટાના પાંચ આરોગ્ય કેન્દ્રોની આ જ સ્થિતિ છે. ઉપલેટામાં બે ડોકટર અને ધોરાજીમાં બે ડોકટરો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની અંદર છે.

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ એને ચકાસવાની વાત આવે તો આરોગ્યની દેખભાળ રાખવાની વાત આવે, ત્યારે ટેકનીશીયનો દ્વારા પરીક્ષણ કરવાની વાત આવે તો ગુજરાતની અંદર મેડિકલ સ્ટાફમાં ૪૦ ટકાની ઘટ છે. આ સરકારના ધ્યાન ઉપર એટલા માટે મૂકીએ છીએ કે, વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવાની જરૂરીયાત આપણા આ સભ્યશ્રીને એટલા માટે લાગી હશે કે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે તેમાં સરકારનો કાર્યક્રમ છે, આ સરકારી કાર્યક્રમમાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા ખૂબ મોટી દેખાય છે. એ સંખ્યામાં ઘટાડો થાય એટલા માટે સરકારશ્રી યોગ્ય પગલાં લે. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમા જે ડોકટરોની જગ્યાઓ ખાલી છે એ ભરાય એના માટેના પ્રયત્નો કરવામાં આવે એવી આરોગ્ય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખીને મારી વાત પૂરી કરું છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસથી અમારું મણીનગર રેલ્વે સ્ટેશન ગુજરાતનું સૌ પ્રથમ મહિલા દ્વારા સંચાલન થનારુ રેલ્વે સ્ટેશન બન્યું છે એ માટે રેલ્વે મંત્રાલય અને ભારતના વડાપ્રધાન અને અમારા પૂર્વ ધારાસભ્યશ્રી નરેન્દ્રભાઇ મોદીનો આપના માધ્યમથી આભાર માનું છું.

શાળા આરોગ્ય કાર્યક્રમ આપણે જાણીએ છીએ કે સન ૧૯૯૮થી કેમ્પેઇન મોડમાં આની શરૂઆત થઇ હતી. અમે ભણતા હતા ત્યારે શું દશા હતી, ૨૦ ગામના વિદ્યાર્થીઓ એક ગામે ભણવા માટે જતા હતા આવી સ્થિતિ હતી. આજે દરેક ગામમાં શાળા આરોગ્ય કાર્યક્રમ નવેમ્બરથી જાન્યુઆરી માસ સુધી એમ પાંચ મહિનાનો આખો કાર્યક્રમ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં મેડિકલ ટીમમાં ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, આશા વર્કર, રાષ્ટ્રીય બાલ સ્વાસ્થય ટીમ એટલે કે આર.બી.એસ.કે.ની ટીમ દ્વારા નવજાત શીશુથી છ વર્ષના આંગણવાડીના બાળકો, ધોરણ-૧૨ સુધી ભણતા ખાનગી અને માધ્યમિક શાળાના, ખાનગી શૈક્ષણિક સંસ્થાના બાળકો અને સરકારી શૈક્ષણિક સંસ્થાના બાળકો તથા ૧૮ વર્ષથી નીચેના તમામ બાળકોની ચકાસણી સ્થળ ઉપર સારવાર, ચશ્મા વિતરણ, સુપર સ્પેસ્યાલિટી જેવી કે હૃદય, કીડની કે કેન્સર જેવા જીવલેણ રોગોમાં કીડની ટ્રાન્સપ્લાન્ટ, બર્ન રોગ પ્રત્યારોપણ, લીવર પ્રત્યારોપણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ દરમિયાન જે બાળક બિમાર જણાય તો એમની સ્થળ ઉપર સારવાર કરવામાં આવે છે અને વધુ સારવારની જરૂર પડે તો એમને સંદર્ભ કાર્ડ દ્વારા મોકલવામાં આવે છે અને એનો તમામ ખર્ચ ગુજરાત સરકાર ભોગવે છે. ચકાસણી થયેલ દરેક બાળકની ડેટા એન્ટ્રી કરવામાં આવે છે. આ ડેટા એન્ટ્રી દ્વારા હેલ્થ કાર્ડ તૈયાર કરીને બાળકના વાલીને આપવામાં આવે છે જેથી કરીને વાલીઓમાં પણ અવેરનેસ રહે.

સન ૨૦૧૬-૧૭ના એક વર્ષની વાત કરીએ તો આરોગ્ય ટીમો દ્વારા ગુજરાતની આંગણવાડી, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તેમજ અન્ય શાળાઓ મળી કુલ ૧,૦૫,૫૪૪ સંસ્થાઓમાં શાળા આરોગ્ય કાર્યક્રમ કરવામાં આવ્યો અને તેમાં ગુજરાતના જે કુલ બાળકો ૧ કરોડ ૫૭ લાખ ૫,૭૩૮ છે તેમાંથી ૧ કરોડ ૫૪ લાખ ૯,૫૪૩ બાળકો એટલે કે ૯૮ ટકા બળકોને તપાસવામાં આવ્યા એમાંથી ૧૭,૩૧, ૬૨૫ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી અને ૧,૭૧ ૨૦૦ ને સંદર્ભ કાર્ડ દ્વારા સારવાર મળી. ૧,૩૯,૦૬૮ બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવ્યા. ૨૦૧૬-૧૭માં એકજ વર્ષમાં માત્ર ગંભીર બીમારીઓ જેવી કે કીડની પાછળ ૧૬ કરોડ ૬૪ લાખ, કેન્સર માટે ૧૨ કરોડ ૧૨ લાખ, તથા હૃદય માટે ૪૦ કરોડ ૧૨ લાખ રૂપિયાનો માતબર ખર્ચ બાળકોની સારવાર પાછળ કરવામાં આવ્યો. અને ૨૦૦૮-૦૯ થી ૨૦૧૭-૧૮સુધીની વાત કરું. કારણ કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ કાર્યક્રમ શરૂ થયેલો અને તે ૨૦૦૮ થી ચાલુ થયો. ઘણીવાર આપણે એવું કહીએ છીએ કે ''માના કી અંધેરા ઘના થા, લેકીન દીયા જલાના કહાં મના થા.'' આની શરૂઆત કરીને છેલ્લા દસ વર્ષમાં આ કાર્યક્રમ દરમિયાન હૃદય, કીડની અને કેન્સર જેવી ગંભીર બીમારી માટે

સરકારે ૨૫૩ કરોડ ૮૬ લાખ ખર્ચ કર્યો છે અને આના ઉપરથી પ્રતીત થાય છે કે સરકાર આરોગ્ય ક્ષેત્રે કેટલી સચેત છે. આભાર.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્ય, પારડીના લોકપ્રતિનિધિ ભરતભાઇ આજે બાળકોની ખેવનાની ચિંતા લઇને આવ્યા છે ત્યારે આ બાળક અને માતા. માતા એટલે સ્ત્રી. આજે વિશ્વ મહિલા દિન. મારે વિધાનસભા–સચિવાલયને પણ અભિનંદન આપવા છે કે આખો દિવસ મહિલા અધિકારીઓથી તેમણે વિધાનસભાનું સંચાલન કર્યું. ત્યારે હું જરૂર કહીશ કે ‘ઔરત તેરી યહી કહાની, આંચલમેં દૂધ ઔર આંખોમેં પાની.’ સ્ત્રીને આંખોમાં પાણી ક્યારે આવતું હોય? જ્યારે એનો દીકરો, એનો પુત્ર, તેનો તારણહાર પથારીમાં પડ્યો હોય, તેને કંઇ રોગ થાય ત્યારે. આજે ભરતભાઇ ખૂબ સારી ચિંતા લઇને આવ્યા છે. આપણે વારંવાર કહીએ છીએ કે આજનો બાળક એ આવતીકાલનો આદર્શ નાગરિક છે. તો આ આદર્શ નાગરિકનું સ્વાસ્થ્ય પણ ખૂબ સારું રહે એ જોવા માટેની એમણે ચિંતા સેવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિમાં શિશુને આપણે પ્રભુના પયગંબરનું સ્વરૂપ કહીએ છીએ. તેની માતાને આપણે દેવી કહીએ છીએ, શાળાને આપણે સરસ્વતિ ધામ કહીએ છીએ અને આરોગ્યને આપણે ધન્વન્તરીનું મંદિર કહીએ છીએ. જ્યારે આપણાં બાળકો સ્કૂલે જાય ત્યારે તેમના આરોગ્યની તપાસણી થાય એ ખૂબ સારી બાબત છે. અહીં સાત્વિક શિક્ષણમંત્રીશ્રી બેઠાં છે અને અમલના આગ્રહી એવા આરોગ્ય મંત્રીશ્રી પણ બેઠાં છે. ત્યારે મારી આ બન્ને મહાનુભાવોને વિનંતી છે કે આ ખૂબ સારો આશીર્વાદરૂપ કાર્યક્રમ છે પણ તેમાં શીથિલતા ન આવે અને આ કાર્યક્રમનો ખૂબ સારો અમલ થાય એ જોતા રહો અને જે બાળકોના સ્વાસ્થ્યનું નિદાન થાય છે, પછી તેને સારવાર મળે છે અને જરૂર પડે તો તેનું ઓપરેશન થાય છે. આવી ફોલોઅપની કામગીરી આપણે કાયમ કરતા રહીએ એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાળક છ વર્ષનું થાય, શાળાએ જાય ત્યારે તેના આરોગ્યની તપાસણી થાય પરંતુ જન્મથી છ વર્ષનું થાય તેના આરોગ્ય માટેની પણ આપણે ચિંતા સેવવી જોઇએ. બાળકનું આરોગ્ય ક્યારે જોખમાય? જ્યારે પૌષ્ટિક આહાર ન મળે ત્યારે. બાળકને પૌષ્ટિક આહાર ક્યારે ન મળે? જ્યારે તેની આર્થિક સ્થિતિ સારી ન હોય ત્યારે. આર્થિક સ્થિતિ ક્યારે સારી ન હોય? જ્યારે તેને યોગ્ય રોજગારી–આર્થિક ઉપાર્જન ન મળે ત્યારે. તો આ બધી બાબત પણ આપણી ચિંતાનો વિષય બને છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના દીર્ઘદ્રષ્ટા રહી ચૂકેલા મુખ્યમંત્રીશ્રી માધવસિંહજી સોલંકી ૧૯૮૫માં ગુજરાત રાજયમાં પ્રથમ વખત મધ્યાહ્ન ભોજન યોજના લાવેલા. એ મધ્યાહ્ન ભોજન યોજના બાળકોને ભારે મોટી આશીર્વાદરૂપ પુરવાર થઇ છે ત્યારે મારે શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જે પોતે એક ઋષિપુરુષ કહેવાય છે. એમને પણ વિનંતી છે કે આમાં આપ આપની સાત્વિકતાને પૂરેપૂરી ઢંઢોળો અને આ કાર્યક્રમને વધુ દૈદિપ્યમાન બનાવશો તો બાળકોના જે કૂપોષણના પ્રશ્નો છે એ હલ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે એક કાર્યક્રમ થયો. ‘નન્હી પરી.’ આ નન્હી પરી જે આજે જન્મી છે એ લાંબુ જીવે ત્યાં સુધી તેના આરોગ્યની ખેવના પણ આ સરકાર કરે એવી આ તકે વિનંતી કરું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઇ ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક ૨૦૧૮ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ સરસ મજાની વાત છે. વિદ્યાર્થીઓ ભણવા માટે આવે અને એના આરોગ્યની સારી રીતે જાળવણી થાય અને આરોગ્યની ચિંતા થાય એ ખૂબ સારી વાત છે. આરોગ્યનો કાર્યક્રમ આઇસીડીએસ દ્વારા થાય છે. બાળકોના આરોગ્યનું જતન કરવામાં આવતું હતું. આ આરોગ્યનું જતન કરવા માટે ડોક્ટરો તપાસ માટે આવે છે. પરંતુ અમારા જેવા આદિવાસી વિસ્તારની અંદર ડોક્ટરો પૂરતા પ્રમાણમાં નથી અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો દ્વારા એમના આરોગ્યની ચકાસણી થાય છે. એમના મોટામાં મોટા રોગોની તપાસ કરવામાં આવતી નથી અને નિદાન કરવામાં આવતું નથી. મારે ખરેખર આરોગ્ય મંત્રીશ્રીને યાદ કરાવવું પડે છે કે બધી હોસ્પિટલોમાં લગભગ ૬૦ ટકા ડોક્ટરો નથી. આ ડોક્ટરો પૂરતા પ્રમાણમાં હશે તો આરોગ્યની ચિંતા માટેનું વિધેયક સાર્થક થયેલ ગણાશે. આ ગંભીર બાબત છે. મારા સાથી મિત્ર શ્રી મેરજા હમણાં કહી ગયા કે શ્રી માધવસિંહ સોલંકીએ જ્યારે મીડ ડે મીલનો પ્રોગ્રામ લાવ્યા હતા. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે નવસારી જિલ્લામાં નાયક ફાઉન્ડેશન આ મીડ ડે મીલ બનાવે છે અને તદ્દન ખરાબ કહી શકાય એવું ભોજન બનાવે છે. અમારા આદિવાસી વિસ્તારમાં નવસારી જિલ્લાના બાળકો આ ખાય છે અને એના કારણે ઘણા કુપોષિત હોય છે અને બિમારીનો ભોગ બને છે. આ સંસ્થા રાત્રે ૧૨ વાગ્યે મીડ ડે માટે ભોજન બનાવે છે. એનું મેનુ પ્રમાણે જમવાનું આવતું નથી. અમારા ત્યાંના બાળકો ખાય છે એ ઉત્તમ નથી અને સાથોસાથ મારે એ પણ કહેવું પડે છે કે છેલ્લા ૧૭ વર્ષથી વર્તમાન સરકારમાં કુપોષિત બાળકોની સંખ્યા વધતી જાય છે. અમારા વિસ્તારમાં ડોક્ટરો મૂકી આ કુપોષિત બાળકો વધે નહીં તેવું નક્કર આયોજન કરવું જોઇએ. મારા સાથી મિત્રે આરોગ્યની ચિંતા કરી છે એ સારી છે અને ઉચ્ચ કક્ષાની છે. પરંતુ આ સાર્થક કરવી હોય તો ત્યાં ડોક્ટરોની મોટી ટીમ અને તજજ્ઞ ડોક્ટરો મૂકવા જોઇએ. મારા આદિવાસી વિસ્તારમાં ઘણી બધી હોસ્પિટલોમાં જગ્યાઓ ખાલી છે, પ્રાથમિક આરોગ્ય સેન્ટરો ખાલી છે. એમાં ડોક્ટરો મૂકવા જોઇએ. આપણા વિદ્યાર્થીઓની સારામાં સારી હોસ્પિટલોમાં ચકાસણી થાય એવી અભ્યર્થના અને ચિંતા સેવું છું અને આ બિલને સમર્થન આપું છું.

## ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક, ૨૦૧૮

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને અને શ્રી ભૂપેન્દ્રસિંહને બધા રિટાયર્ડ કરવા માટે તૈયાર થયા છે. બાપુને ઋષિ, ઋષિ કહીને આશ્રમમાં મોકલવા માગે છે અને મને દાદા, દાદા કહીને રિટાયર્ડ કરવા માગે છે. પણ તમે મને દાદા કહો કે પરદાદા કહો, જે કહેવું હોય એ કહેજો પરંતુ અમે ગુજરાતની જનતાની સેવા જ્યાં સુધી શક્તિ હશે અને પ્રજા તક આપશે ત્યાં સુધી કર્યે જવાના છીએ અને તમારો સહયોગ આવી રીતે કાયમ માટે મળવાનો છે. મને દાદા કહેજો મને કાંઇ વાંધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભરતભાઇ જે બિલ લાવ્યા છે, અગાઉ ર બિલ, રોડ સેફ્ટી અને કેન્સરની સારવાર માટેનું એના ઉપર ચર્ચા કરી અને આ ત્રીજું વિધેયક માનવતાલક્ષી, પ્રજાલક્ષી સેવા કરવાની ભાવનાવાળું બિલ છે. અહીંયાં એના વિશે ખૂબ સારું કહેવાયું છે. લલિતભાઇએ સુંદર વિચારો વ્યકત કર્યા, શ્રી સુરેશભાઇએ સુંદર વિચારો વ્યકત કર્યા. શ્રી બ્રિજેશભાઇએ સુંદર વિચારો વ્યકત કર્યા. અનંતભાઇએ પણ સુંદર વિચારો વ્યકત કર્યા. બધાની લાગણી એ જ છે. બાળક એ આવનારી પેઢી છે. ન્યુ ઇન્ડિયા, આપણા વડાપ્રધાન મોદી સાહેબ એ ''ન્યુ ઇન્ડિયા'' બનાવવા માગે છે તો આપણે બધા તો એમાં સહયોગ કરીએ જ છીએ પણ આવનારી પેઢી પણ જેટલી સક્ષમ, જેટલી તંદૂરસ્ત, જેટલી બુદ્ધિશાળી અને જેટલી તેજસ્વી હોય એટલું ''ન્યુ ઇન્ડિયા'' આપણે બનાવી શકીશું. (અંતરાય) નિરંજનભાઇ, આપણે અહીંયા મેડિકલ ચેકઅપ કેમ્પ ટૂંક સમયમાં આ સત્રમાં કરવાના જ છીએ. બધા ધારાસભ્યોની અને વિધાનસભાના બધા સ્ટાફની અને બધા પત્રકારોના આરોગ્યની ચકાસણી આપણે દર વખતે કરીએ છીએ એમ કરવાના છીએ. કોઇ ધારાસભ્ય મને તો કુપોષિત નથી દેખાતા. તમે કીધું એટલે કહું છું. બાળકોને સ્વસ્થ રાખવા, તંદૂરસ્ત રાખવા એ સમાજની જવાબદારી છે. સરકારની મોટી જવાબદારી છે પણ અમે એ જવાબદારીની ખાલી વાત કરીને નથી અટકી ગયા. અહીંયા અનંતભાઇએ વાત કરી, બીજી વાત કરી બ્રિજેશભાઇએ કે અમે આમ કર્યુ અને અમે આમ કર્યુ. માનનીય સભ્યશ્રીઓને હું ચોકકસ કહીશ કે જેમ ગુજરાતના વિકાસમાં અનેક નવી નવી યોજનાઓ જયારે માનનીય નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે લાવ્યા હતા, એ જ પ્રમાણે શાળાઓમાં ભણતા એક કરોડ કરતા વધુ વિદ્યાર્થીઓની આપણને એ પણ જાણકારી હોવી જરૂરી છે કે ગુજરાતની છ સવા છ કરોડની વસતિમાંથી લગભગ એક કરોડને પંદર થી વીસ લાખ વિદ્યાર્થીઓ જુદી–જુદી સ્કૂલો, કોલેજો, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે. એનો અર્થ એ થયો કે દર છ ગુજરાતીએ એક ગુજરાતી વિદ્યાર્થી છે, અભ્યાસ કરે છે તો એના આરોગ્યની જાળવણી કરવાનું કામ નરેન્દ્રભાઇએ શરૂ કરેલું. શરૂઆતમાં પ્રાથમિક શાળાઓ લીધી, પછી એમાં વધારો કર્યો, માધ્યમિક શાળાઓ ઉમેરી, એમાં મદ્રેસા ઉમેરી, ક્રિશ્ચિયન સ્કુલો પણ ઉમેરી, આશ્રમ શાળાઓ પણ ઉમેરી, સંસ્થાઓના, સમાજોના જુદી જુદી જ્ઞાતિઓના જે બોર્ડીંગ હાઉસ ચાલે છે એને પણ ઉમેર્યા અને આ બધું ઉમેરી અત્યારે લગભગ એક કરોડ દસ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓની દર વર્ષે આપણે આરોગ્યની ચકાસણી શાળામાં, સ્કૂલમાં કે કોલેજમાં જઇને કરીએ છીએ. અહીંયા એક સભ્યશ્રીએ કહ્યું કે સ્ટાફ ઓછો છે પણ પેટર્ન છે આની. પહેલા વજન, બીજા બધા આરોગ્યના લક્ષણ, દાંત, મોં એની પ્રાથમિક ચકાસણી થાય એમાં સ્ક્રીનીંગમાં જેટલા બાળકોને કોઇ તકલીફ જણાય એને પૂછીએ, એના શિક્ષકને પૂછીએ કે સાહેબ આ બાળકને કોઇ તકલીફ છે? રમવામાં હાંફી જાય છે? શ્વાસ ચાડી જાય, થાકી જાય એવું થાય છે? શિક્ષક કહે કે આ આવું થાય છે તો એવા બાળકોનું સ્ક્રીનીંગ કરીએ છીએ, એમને અલગ પાડીએ છીએ અને પછી એમ.બી.બી.એસ. ડોકટરો, પી.એચ.સી.ના, સી.એચ.સી.ના અને જિલ્લા હોસ્પિટલોના અને ખાનગી ડોકટરોને પણ આ સેવામાં આપણે જોડીએ છીએ. ઘણા ઉત્સાહી સેવાભાવી ખાનગી ડોકટરો પણ આ કામગીરીમાં સ્વયંભૂ સેવા માટે જોડાય છે. એ રીતે સ્ક્રીનીંગ થાય પછી જેને સી.એચ.સી.માં સારવાર આપવાની હોય એને સી.એચ.સી.માં સારવાર અપાય છે. જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં કોઇ મેજર સારવાર આપવાની હોય તો ત્યાં અપાય છે અને એનાથી કોઇ ગંભીર રોગ હોય, કોઇને હૃદયની બિમારી, કીડની, કેન્સર, આંતરડાની આવી બધી અનેક પ્રકારની જો ગંભીર બીમારીઓ બાળકોને માલૂમ પડે તો આપણે સરકારની સિવિલ હોસ્પિટલ, કીડની હોસ્પિટલ, હૃદય રોગની, યુ.એન. મહેતા અને કેન્સર હોસ્પિટલમાં લઇ જઇ અને આપણે એની તમામ પ્રકારની સારવાર આપીએ છીએ. બીજા રાજયોની મને બહુ ખબર નથી પણ મારી જાણકારી પ્રમાણે કહું કે ગુજરાત રાજયમાં શાળા આરોગ્ય કાર્યક્રમમાં કોઇપણ બાળક કોઇપણ જ્ઞાતિનો, કોઇપણ ઉંમરનો, કોઇપણ આવક ધરાવતા પરિવારનો જો મળી આવે તો એક એક બાળક પાછળ ૧૫ લાખ સુધીનો ખર્ચ કરીને બાળકને બચાવવાનો પ્રયત્ન ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. હું માનું છું કે દેશમાં આવું બીજા રાજ્યોમાં બહુ દેખાતું નથી. જે સારવાર કરીએ છીએ એમાં કો–કલીયર રિપ્લાન્ટ, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, હૃદયના વાલ્વ બદલવા, સ્ટેન્ટ મૂકવા, ત્રીજા કે ચોથા ધોરણમાં ભણતો બાળક હોય અને હૃદયની ગંભીર બિમારી હોય, ચોથા કે પાંચમા ધોરણમાં ભણતા બાળકને તેના કોઇ અંગના કેન્સરની બિમારી હોય, કીડનીની બિમારી હોય, આપણે કલ્પના પણ ન કરી હોય એવા દર્દ બાળકોમાંથી જે મળે છે એમને આપણે તમામ પ્રકારની સારવાર કરાવીએ છીએ. સાંભળતા ન હોય, બોલી શકતા ન હોય એવા બહેરા–મુંગા કહેવાય, એવા બાળકોને કો–કલીયર નામનું ઇલેકટ્રોનિક મશીન આવે છે. ૮ થી ૯ લાખ રૂપિયા એક બાળક પાછળ એને ફીટ કરવાનો ખર્ચ થાય છે. અમદાવાદ, સુરેન્દ્રનગર, સુરત અને બીજી હોસ્પિટલોમાં જ્યાં ઇ.એન.ટી. સ્પેશિયાલિસ્ટ હોય ત્યાં આપણે કરીએ છીએ. સ્પીચ થેરાપી થકી બાળકોને બોલતું કરવા માટેની ટ્રેનીંગ આપવી પડે એ પણ આપણે કરીએ છીએ. આ બધું કરવાનો ખર્ચ એક બાળક દીઠ ૧૨ લાખ જેટલો થાય છે એ આપણી સરકાર દ્વારા રાજયની અંદર કરવામાં આવે છે. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, થેલેસિમિયા એવા પ્રકારના દર્દીઓ હોય તો એને પણ આપણે ઉચ્ચ પ્રકારની સારવાર આપીએ છીએ અને એકપણ પૈસો લેવાનો નહીં. આવવા–જવાનો ખર્ચ, રહેવાનો ખર્ચ, દવાનો ખર્ચ, ઓપરેશનનો ખર્ચ

## ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક, ૨૦૧૮

તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા આ શાળા આરોગ્ય કાર્યક્રમમાં આપણે આપીએ છીએ. સમયની મર્યાદા છે નહિતર કેટલા બાળકોને કેવા પ્રકારના ગંભીર ઓપરેશનો આપણે અત્યાર સુધી કર્યા અને કેટલાક કિસ્સાઓ એવા પણ આવ્યા છે કે ગુજરાતમાં એ સારવાર ઉપલબ્ધ ન હોય તો ખાસ કિસ્સામાં બહાર મોકલીને બાળકને સારવાર કરી બચી જતા હોય તો આ સરકારે બહાર અન્ય રાજ્યમાં મોટી હોસ્પિટલમાં મોકલી ૨૫-૩૦ લાખ રૂપિયા ખર્ચીને સુપર સ્પેશિયાલિટી સારવાર અપાવી છે. આ બધી કામગીરી સરકાર દ્વારા થાય છે એમાં આપણે સહયોગ આપીએ અને ભાઇશ્રી ભરતભાઇ બાળકોની સારવાર માટે આવનારી પેઢીના સ્વાસ્થ્ય માટે જે સુંદર વિચારો લઇને આવ્યા છે એનો અમે સૈદ્ધાંતિક સ્વીકાર કરીએ છીએ અને તેઓશ્રી બિલ પાછુ ખેંચી લે એવી વિનંતી કરીએ છીએ.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા શાળા આરોગ્ય વિધેયક સંબંધમાં મારા સાથી મિત્રો સર્વશ્રી લલિતભાઇ, સુરેશભાઇ, બિજેશભાઇ અને અનંતભાઇએ એમના વિચારો રજૂ કર્યા તે બદલ એમનો આભાર માનું છું. આપણી ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પર સૌને વિશ્વાસ છે. કેમ કે ખૂબ સિનિયર અને અમારા માનીતા નેતા છે. એમની વાણીમાં અમને સંપૂર્ણ વિશ્વાસ છે, આ ગૃહને પણ વિશ્વાસ છે. બાળકો માટે જે ચિંતા કરીને દરેક સગવડો ઉભી કરી છે એ પૂરતી છે અને બાળકો એ દેશનું ભવિષ્ય છે એ વિચાર કરીને એમણે જે જે કાર્યો કરવાના છે એ સરકાર કરી રહી છે એ ધ્યાનમાં લઇને મારું વિધેયક ક્રમાંક-૧૩ પાછુ ખેંચવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૧૮નું ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયકને પાછુ ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછુ ખેંચવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૪૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૯-૩-૨૦૧૮ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક–૫૨ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષયકુમાર ઇ. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૯૭ |
| | નેશનલ હેલ્થ મીશન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૪૦૪ |
| | રાજ્યમાં જેનરીક દવાઓની ખરીદી | ૩૫૧ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચૂકવવા બાબત | ૧૦૯ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં સિકલસેલ એનેમીયાના દર્દીઓ | ૪૪૫ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ | ૬૨ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | ૧૪૪ |
| અજીતસિંહ ચૌહાણ | પંચમહાલ અને અમદાવાદ જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | ૧૪૭ |
| | પંચમહાલ અને વડોદરા જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી | ૩૩૯ |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ. | ૧૧૪ |
| | મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં ગુમ થયેલ મહિલાઓ | ૧૮૯ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૨૩૫ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વેટની આવક | ૩૯૩ |
| | મહીસાગર અને વડોદરા જિલ્લામાં રોડના નવીન જોબનંબર ફાળવવા | ૪૩૯ |
| | રાજ્યમાં સરકારી છાત્રાલયના બાંધકામ માટે મળેલ રકમ | ૬૮ |
| અનંતકુમાર પટેલ | નવસારી જિલ્લામાં ડોક્ટરોની ખાલી જગ્યા | ૪૦૫ |
| | નવસારી જિલ્લામાં પ્રાથમિક, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી દવાખાનાનું મંજુર મહેકમ | ૪૪૬ |
| | નવસારી જિલ્લામાં વેટની બાકી રકમ | ૩૫૧ |
| | નવસારી જીલ્લામાં લીઝ | ૨૩૩ |
| | વાંસદા તાલુકા જેલમાં કેદી રાખવાની ક્ષમતા | ૨૬૪ |
| | ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક, ૨૦૧૮ | ૪૯૬ |
| અનિલ જોષિયારા | ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૮ | ૪૮૫ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૮ | ૨૮૨ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૫૬ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં હોટેલ લાઇસન્સ રીન્યુ કરવા બાબત | ૨૧૩ |
| | અરવલ્લી જિલ્લામાં જૂના ભવનાથ મંદિરનો યાત્રાધામ તરીકે વિકાસ બાબત | ૧૫ |
| | અરવલ્લી જિલ્લામાં મેશ્વો ડેમમાંથી પાણી છોડવા બાબત | ૩૩૦ |
| | ટીકુ કમિશન પ્રમાણે વર્ગ–૧ ના સ્પેશીયાલીસ્ટ ડોકટરોને ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા | ૩૮૪ |
| અભેસિંહ તડવી | અંબાજી યાત્રાધામમાં યાત્રાળુઓની સુવિધા | ૧૪૦ |
| | ચાણોદ કરનાળી ખાતે યાત્રાળુઓની સુવિધા બાબત | ૯૯ |
| | છોટા ઉદેપુર જીલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના | ૫૧ |
| | છોટાઉદેપુર જિલ્લા પંચાયતોને ફાળવેલ ખનિજ રોયલ્ટીના હિસ્સાની રકમ | ૨૫૨ |
| | છોટાઉદેપુર જિલ્લાની સુખી સિંચાઈ યોજના | ૪૪૯ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગો માટે ગ્રાન્ટ | ૨૧૫ |
| | છોટાઉદેપુર જીલ્લામાં આદીજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ | ૩૫૬ |
| | નર્મદા જિલ્લામાં સૌની યોજના અંતર્ગત નર્મદાથી ડેમો ભરવાનું આયોજન | ૪૦૮ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૮૮ |
| અમરિષભાઈ ડેર | અમરેલી અને બોટાદ જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચૂકવવા બાબત | ૧૧૦ |
| | અમરેલી અને રાજકોટ જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ | ૧૪૬ |
| | અલ્ટ્રાટેક અને નર્મદા સિમેન્ટ કંપની લીઝનું ચેકીંગ | ૧૮૬ |

| પુસ્તક–પર ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | કે.જી. બેઝિનમાંથી ગેસ ઉત્પાદન | ર૩૬ |
| | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણી બાબત | ૬૩ |
| | પીપાવાવ–અમરેલી ખાતે વાયબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ–ર૦૦૭માં ઉર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ | ૪૦૬ |
| | કલ્પસર યોજનાની સ્થિતિ | ૩પર |
| | નર્મદા ડેમમાં પાણીના જથ્થાની સંગ્રહ શકિત | ૪૪૭ |
| અમિત ચાવડા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૬૭ |
| | કેન્દ્ર સરકાર દ્વારા રાજયમાં મંજૂર કરેલ એઇમ્સ | ૪૪૪ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં નાના અને મોટા તળાવો ઉંડા કરવા | ૪૦ર |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં ફરિયાદ | ૭૪ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં પડતર મહેસૂલી તુમારો | ૧૭ |
| | ટાટા મોટર્સ લિ.ને ઉદ્યોગ કમિશનર દ્વારા લોન | ર૦૮ |
| | મહી નદીમાં ઇન્ટેક વેલ આધારિત જૂથ યોજના માટે કરાવેલ સર્વે | ૩પ૦ |
| અર્જુનસિંહ ઉ. ચૌહાણ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૬૬ |
| | કપડવંજ નગરપાલિકાને સફાઈ માટે સહાય | ર૩૬ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં મહી સિંચાઈ યોજનાની નહેરો | ૪રપ |
| | ખેડા જિલ્લા પોલીસનાં રહેણાંક મકાન | ૧૮પ |
| | ખેડા જિલ્લામાં ઉજાલા યોજના અંતર્ગત એલઈડીનું વિતરણ | ૩૭ર |
| | ખેડા જિલ્લામાં પડતર જમીનમાં દબાણ બાબત | ૧૭ |
| | ખેડા જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ | ર૬પ |
| | ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના | ૭૪ |
| | ખેડા જીલ્લામાં કાર્યરત નવા વીજ સબ–સ્ટેશન | ૩૧૬ |
| અરૂણસિંહ અ. રણા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૬ર |
| | ભરૂચ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના | ૩૯ |
| | નર્મદા અને ભરૂચ જિલ્લામાં કરજણ જળાશય યોજનાની નહેરોની કામગીરી | ૩પ૭ |
| અરવિંદ છો. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ર૯ર |
| | સન ર૦૧૮નું ગુજરાત સ્માર્ટ સિટીઝ વિકાસ સત્તામંડળ વિધેયક | ૪૮૪ |
| | ચાણોદ કરનાળી ખાતે યાત્રાળુઓની સુવિધા બાબત | ૧૧પ |
| | તાપી જિલ્લાના વાંકલા–કુભીયા–અમતાપુર રોડ પહોળો કરવાની કામગીરી | ૪૩૩ |
| | નવસારી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૭૧ |
| | વલસાડ જિલ્લામાં કન્યાઓને સાયકલ વિતરણ | ૧૧ |
| | વલસાડ જિલ્લામાં વીજ લ્હેણાંની રકમ સંબંધમાં લોક અદાલત | ૩૮પ |
| અરવિંદ રૈયાણી | જુનાગઢ જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ | ૧૯ર |
| | પોરબંદર જિલ્લામાં કૃષિ વીજ જોડાણો | ૪૩૦ |
| | રાજકોટ જિલ્લામાં જીનીંગ એકમો બાબત | ર૩૯ |
| | રાજકોટ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના | ૧૦૪ |
| | રાજકોટ જિલ્લામાં સાત ફેરા સમુહલગ્ન યોજના | ૧૪૩ |
| | રામનાથ મહાદેવ મંદિર રાજકોટ ખાતે યાત્રાળુઓ માટે સુવિધા બાબત | પ૭ |
| | સોમનાથ જિલ્લામાં બંધારા અને ભરતી નિયંત્રકની યોજનાઓ | ૩૮૦ |
| | સૌની યોજના અંતર્ગત નર્મદાથી ડેમોમાં પાણી ભરવાની કામગીરી | ૩ર૭ |
| અરવિંદ રાણા | રાજયમાં ખોરાક અને ઔષધ નિયમનતંત્ર હેઠળની પ્રયોગશાળાઓ | ૩૦પ |
| | સુરત જિલ્લાના બારડોલી–પલસાણા રોડની લંબાઈ | ૩૬૯ |
| | હોન્ડા મોટર સાયકલ એન્ડ સ્કુટર્સ કંપની દ્વારા મૂડીરોકાણ | ૧૯પ |

| પુસ્તક-૫૨ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૬૧ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૭૧ |
| | ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૮ | ૪૮૬ |
| | અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૧૩ |
| | અમદાવાદની ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા દર્દીઓને પૂરી પાડેલ સેવાઓ | ૩૩૩ |
| | ગુડ્ઝ અને સર્વિસ ટેક્ષના અમલીકરણ માટેનું સોફ્ટવેર | ૩૮૭ |
| | દસક્રોઈ તાલુકાના ભાવડા-મામાકાના રોડને પહોળો કરવાની કામગીરી | ૪૩૫ |
| | રાજ્યની એફ.એસ.એલ દ્વારા અન્ય રાજ્યની અને કેન્દ્રની તપાસ એજન્સીને મદદ | ૨૩૧ |
| | વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના | ૩૩૧ |
| અલ્પેશ ખો. ઠાકોર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૬૦ |
| | કે.જી. બેઝિનમાંથી ગેસ ઉત્પાદન | ૨૧૭ |
| | ગુડ્ઝ અને સર્વિસ ટેક્ષ અંતર્ગત થયેલ આવક | ૩૬૪ |
| અશ્વિનભાઈ કોટવાલ | અરવલ્લી અને છોટાઉદેપુર જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ | ૧૩૮ |
| | અરવલ્લી અને દાહોદ જિલ્લામાં રોડના નવિન જોબનંબર ફાળવવા | ૪૨૭ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચૂકવવા બાબત | ૯૭ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૮૯ |
| | અરવલ્લી અને છોટાઉદેપુર જિલ્લામાં વેટની આવક | ૩૭૫ |
| | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણી બાબત | ૪૭ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં સિકલસેલ એનેમીયાના દર્દીઓ | ૩૨૧ |
| આનંદભાઈ ચૌધરી | ખેડૂતોને કૃષિ વિષયક વીજળી પૂરી પાડવા બાબત | ૩૬૮ |
| | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણી બાબત | ૨૨ |
| | રાજ્યમાં અનુસૂચિત જાતિનાં લોકોને મંદિરમાં પ્રવેશ બાબત | ૨૩૦ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં આવેલી સરકારી આઈ.ટી.આઈ. | ૭૯ |
| | સુરત જીલ્લામાં ૨૨૦ કે.વી. સબસ્ટેશનો | ૪૨૨ |
| | સુરત જીલ્લામાં ૬૬ કે.વી. સબસ્ટેશનો | ૪૬૧ |
| આશા પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૯૧ |
| | મહેસાણા અને ડાંગ જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | ૧૪૩ |
| | મહેસાણા અને દાહોદ જિલ્લામાં આવેલ તાલુકાવાર સરકારી આઈ.ટી.આઈ. | ૫૯ |
| | મહેસાણા અને મહીસાગર જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ | ૧૦૫ |
| | મહેસાણા જિલ્લામાં માનસિક રોગોની હોસ્પીટલ | ૩૬૫ |
| | રાષ્ટ્રીય એઈડ્સ અને એસ.ટી.ડી. નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૪૨૦ |
| | વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા અંગે | ૪૬૪ |
| | મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી | 457 |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | ખેડા અને નર્મદા જિલ્લામાં વેટની આવક | ૪૧૧ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી | ૪૫૨ |
| | ખેડા અને તાપી જિલ્લામાં રોડના નવીન જોબનંબર ફાળવવા | ૩૫૮ |
| | ખેડા અને નર્મદા જિલ્લામાં જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | ૮૨ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં ગુમ થયેલ મહિલાઓ | ૨૨૧ |
| | ખેડા અને મહિસાગર જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચુકવવા બાબત | ૨૮ |
| | ભરૂચ અને નવસારી જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૨૫૬ |

| પુસ્તક–પર ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | યાત્રાધામ વિકાસ પ્રભાગમાં મહેકમ | ૧૨૭ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ શહેર/જિલ્લાની જેલમાં સજા પૂર્ણ કરેલ કેદીઓ | ૨૪૮ |
| | અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં વેટની આવક | ૪૨૪ |
| | અમદાવાદ અને વડોદરા જિલ્લામાં આવેલી સરકારી આઈ.ટી.આઈ. | ૮૫ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બિનવારસી લાશોનો નિકાલ | ૩૭૦ |
| | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણી બાબત | ૩૨ |
| | ભાવનગર ખાતે વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૦૭માં ઊર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. | ૩૦૮ |
| | સુએઝ ફાર્મ અન્ય જગ્યાએ ખસેડવા બાબત | ૨૦૯ |
| કનુભાઈ દેસાઈ | કડાણા જળાશય આધારીત દાહોદ જિલ્લાની ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી | ૪૦૦ |
| | સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક | ૪૮૩ |
| | રાજ્યની એફ.એસ.એલ.માં સાયબર ક્રાઈમનાં કેસ | ૨૧૨ |
| | વલસાડ જિલ્લામાં મેન્યુફેકચરીંગ પોલીસી અંતર્ગત મંજૂર એકમો | ૨૫૦ |
| | વલસાડ જિલ્લામાં માનવ ગરીમા યોજના | ૬૯ |
| | વલસાડ જિલ્લામાં વીજ બિલના બાકી નાણા માટે યોજાયેલ લોક અદાલતો | ૩૪૭ |
| | વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓ/કર્મચારીઓને ચૂકવેલ બોનસ | ૧ |
| | સીઆટ લી. કંપની દ્વારા મૂડીરોકાણ | ૨૬૯ |
| કનુભાઈ પટેલ | દસક્રોઈ તાલુકામાં મેશ્વો નદી પર પુલ બનાવવાનું આયોજન | ૩૨૭ |
| | અમદાવાદ ગ્રામ્ય, પોલીસની આરોગ્ય ચકાસણી | ૨૦૯ |
| | અમદાવાદ જિલ્લામાં મંજુર થયેલ વાસ્મોની યોજનાઓ | ૪૩૦ |
| | અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૪૯ |
| | અમદાવાદમાં ઓનલાઈન ઈ–પેમેન્ટ થી નોંધણી | ૧૩૯ |
| | ગાંધીનગર જિલ્લામાં સ્વરોજગાર શિબિરો | ૯૮ |
| | સાણંદ બાવળાના રસ્તાના સાણંદ–મોડાસર અનુભાગને ચારમાર્ગીય કરવાનું આયોજન | ૩૮૦ |
| કનુભાઈ બારૈયા | નર્મદા યોજનાનું પાણી શેત્રુંજી ડેમમાં નાખવા બાબત | ૪૧૧ |
| | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું મંજૂર મહેકમ | ૧૦૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૯૮ |
| | તળાજા તાલુકામાં આવેલ સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું સંવર્ગવાર મહેકમ | ૪૫૦ |
| | પાલીતાણાના શેત્રુંજી ડેમની પાણી સંગ્રહક્ષમતા વધારવા બાબત | ૩૫૭ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૧૮૮ |
| | ભાવનગર અને રાજકોટ જિલ્લામાં આવેલી સરકારી આઈ.ટી.આઈ. | ૬૧ |
| કુબેરભાઈ મ. ડીંડોર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૫૫ |
| | અમરેલી જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર | ૩૨૩ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | ૧૧૧ |
| | નર્મદા જિલ્લા પોલીસનાં રહેણાંક મકાન | ૨૧૪ |
| | પંચમહાલ જિલ્લાના શહેરા–આંકડીયા રોડ પરનો કોઝવે | ૩૭૮ |
| | મહિસાગર જિલ્લામાં ભુગર્ભ ગટર યોજના | ૨૫૧ |
| | મહીસાગર જિલ્લામાં ઈ–ધરામાં નોંધોનો બાકી નિકાલ | ૬૪ |
| | રાજ્યની પોલીસ તાલીમ સંસ્થાઓ દ્વારા રીફ્રેશર તાલીમ. | ૨૬૮ |
| કરશનભાઈ સોલંકી | ઉંઝા નગરપાલિકાને સફાઈ માટે સહાય | ૨૨૪ |
| | ખેરાલુ તાલુકાના ચોટીયા, અરઠી તથા ડભોડા ગામે સિમેન્ટ કોન્ક્રીટનો રોડ કરવા બાબત | ૪૨૨ |

| પુસ્તક-પર ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | મહેસાણા જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી | ૨૫૮ |
| | મહેસાણા જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલ.ઈ.ડી.નું વિતરણ | ૪૬૦ |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૭૩ |
| | મહેસાણા જિલ્લામાં કાર્યરત નવા વીજ સબ-સ્ટેશનો | ૩૬૮ |
| | મહેસાણા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૧૧૭ |
| | મહેસાણા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની આદર્શ નિવાસી શાળાઓ | ૧૫ |
| કુંવરજીભાઈ મો. બાવળિયા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૫૩ |
| | ભાવનગર જિલ્લાના રંઘોળા ગામ ખાતે થયેલ ગમખ્વાર અકસ્માત અંગે | ૧૫૧ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૮ | ૨૮૨ |
| | રાજકોટ 'વિન્ડફાર્મ પ્રોજેક્ટ' યોજના હેઠળ લીઝ ભાડાપટ્ટે ફાળવવા બાબત | ૬૯ |
| | રાજકોટ અને અમરેલી જિલ્લામાં સ્વાસ્થ્ય માટે પોશના ડોડાની પરમીટ | ૨૩૮ |
| | રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાનો રાણીંગપર-કુલજર રસ્તાનો કોઝવે | ૩૨૨ |
| | રાજકોટ જિલ્લામાં ઈન્સ્ટ્રક્ટરોની ખાલી જગ્યાઓ | ૧૪૮ |
| | રાજકોટ જિલ્લામાં ઘરથાળનાં પ્લોટ | ૧૯૧ |
| | રાજકોટ જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજના | ૧૧૪ |
| | રાજકોટ સ્થિત પંડીત દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલમાં ન્યુરો સર્જનની જગ્યાઓ | ૩૭૬ |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ | ૩૮૮ |
| | રા.અ.પો.દળ જૂથ-૯, વડોદરાની આરોગ્ય ચકાસણી | ૨૨૫ |
| | વડોદરા જિલ્લામાં સી.ઈ.ટી.પી. યોજના હેઠળ સહાય | ૨૫૯ |
| | સન ૨૦૧૮નું ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક. | ૪૮૩ |
| | વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓ/કર્મચારીઓને ચૂકવેલ બોનસ | ૧૦૮ |
| | વડોદરા જીલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૬૧ |
| | વડોદરા જિલ્લાના સાવલી-ટીમ્બા રસ્તાને ચાર માર્ગીય કરવા બાબત | ૩૩૪ |
| કેશુભાઈ નાકરાણી | ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૧૨૪ |
| | ભાવનગર જિલ્લામાં લીલવણથી દાઠા જતા રસ્તાનું કામ | ૩૨૮ |
| | જુનાગઢ જિલ્લામાં સાતફેરા સમુહ લગ્ન યોજના | ૮૦ |
| | ભાવનગર જિલ્લાને રેતી લીઝ રોયલ્ટીમાંથી ફાળવેલ રકમ | ૨૩૨ |
| | ભાવનગર જિલ્લાના ઢુઢસર થી માંડવડાના નોનપ્લાન રસ્તાનું કામ | ૩૮૩ |
| | ભાવનગર જિલ્લાના મહુવા-બગદાણા રોડને પહોળો કરવાની કામગીરી | ૪૩૧ |
| | ભાવનગર જિલ્લામાં લશ્કરી ભરતી પૂર્વે તાલીમ | ૨૫ |
| કેશરીસિંહ સોલંકી | ખેડા જિલ્લામાં ઉજાલા યોજના અંતર્ગત થયેલ વિતરણ | ૪૩૯ |
| | આણંદ જિલ્લાના સામરખા-સારસા-ખાનપુર રોડને પહોળો કરવાની કામગીરી | ૩૯૨ |
| | ખેડા જિલ્લામાં ચૂકવેલ મરણોત્તર સહાય | ૯ |
| | ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૭૧ |
| | ઠાસરા તાલુકાના ચંદાસર રસુલપુર એકલવેલુ રોડને પહોળો કરવાની કામગીરી | ૩૩૮ |
| | રા.અ.પો.દળ જૂથ-૭, નડિયાદની આરોગ્ય ચકાસણી | ૧૮૧ |
| કાંતિભાઈ ખરાડી | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણી બાબત | ૪૦ |
| | બનાસકાંઠા અને મોરબી જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ | ૯૨ |
| | બનાસકાંઠા સિવિલ હોસ્પિટલમાંથી દારૂની પરમીટ આપવા બાબતની અરજીઓ | ૪૧૧ |
| | અંબાજી યાત્રાધામ ખાતે યાત્રાળુલક્ષી વિકાસના કામો | ૧૩૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં આઈ.પી.સી. કલમ-૩૦૨ હેઠળ ગુના | ૨૭૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્ય | ૨૨૩ |

| પુસ્તક–૫૨ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ડામર રસ્તાઓ | ૩૫૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં દારૂ વેચાણનાં કિસ્સા | ૨૫૭ |
| | અમદાવાદ–ગાંધીનગર, મેટ્રો રેલની કામગીરી | ૧૯૦ |
| | ખેડા અને ડાંગ જિલ્લામાં આવેલી સરકારી આઈ.ટી.આઈ. | ૫૦ |
| | ખેડા અને નર્મદા જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ | ૯૯ |
| | છોટાઉદેપુર અને ડાંગ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૨૩૭ |
| | મહીસાગર અને ભરૂચ જિલ્લામાં જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | ૧૩૯ |
| કાંતિભાઈ બલર | એમ.એસ.એમ.ઇ. નો વિકાસ માટે નવી વ્યવસ્થા | ૨૬૭ |
| | પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં જી.પી.એફ.ના આખરી ચૂકવણાની અરજીઓ | ૩૯૯ |
| | તાપી જિલ્લામાં બાકી હક્કપત્રક નોંધોનો નિકાલ | ૪૯ |
| | રાજ્યમાં આસી. ઈન્ટેલીજન્સ ઓફિસરની ભરતી | ૨૦૦ |
| | સુરત જિલ્લાનો માંડવી–શેરૂલ્લા રોડ પહોળો કરવાની કામગીરી | ૩૪૬ |
| | સુરત જિલ્લામાં પાઈપલાઈન દ્વારા રાંધણગેસ | ૨૪૩ |
| | સૌની યોજના હેઠળ સૌરાષ્ટ્રના ડેમોમાં આપવાનું પાણી | ૪૪૩ |
| કાન્તીભાઈ પરમાર | ઠાસરા તથા ગલતેશ્વર વચ્ચે શેઢી નદી ઉપરનો પુલ | ૩૮૭ |
| | ઠાસરા તથા ગળતેશ્વર તાલુકામાં ગામોને જોડતા રસ્તાઓ | ૩૩૩ |
| કાન્તીભાઈ સોઢા પરમાર | અમદાવાદ અને સુરત જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | ૧૩૫ |
| | આણંદ જિલ્લામાં નવી સિવીલ હોસ્પીટલનું બાંધકામ | ૪૦૬ |
| | આણંદ જિલ્લામાં નવી જિલ્લા કક્ષાની હોસ્પીટલ બાંધવા બાબત | ૩૫૩ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં આવેલી તાલુકાવાર સરકારી આઈ.ટી.આઈ. | ૪૪ |
| | આણંદ અને ભાવનગર જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ | ૯૫ |
| | આણંદ જિલ્લા પોલીસનું મહેકમ | ૧૯૯ |
| | આણંદ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના | ૨૪૨ |
| કાળાબાઈ ડાભી | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જાહેર ટ્રસ્ટ દ્વારા પડતર જમીનની માંગણી | ૯૫ |
| | કપડવંજ તાલુકામાં પાણીની સમસ્યા હલ કરવા ખાલી તળાવો ભરવા મળેલ રજૂઆતો | ૩૯૬ |
| | કઠલાલ અને કપડવંજ તાલુકામાં રેતી ખનન માટે લીઝ | ૨૪૧ |
| | કપડવંજ તાલુકા ક્ષતિ સુધારણા માટેની અરજીઓ | ૧૩૬ |
| | કપડવંજ તાલુકામાં પાણીની સમસ્યા હલ કરવા ખાલી તળાવો ભરવા મળેલ રજુઆતો | ૪૪૧ |
| | ખેડા અને દાહોદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૨૬૬ |
| | ખેડા જિલ્લામાં ઘરથાળનાં પ્લોટ | ૧૯૭ |
| | ખેડા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૩૪૩ |
| | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણી બાબત | ૪૫ |
| કિર્તીસિંહ વાઘેલા | બનાસકાંઠા જિલ્લામાં આવેલ અનુસૂચિત જાતિના છાત્રાલયો | ૪૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૪૪૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં માનવ ગરીમા યોજના | ૯૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં વીજ બિલના બાકી નાણાં માટે યોજાયેલ લોક અદાલતો | ૩૪૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં સ્ટોન આર્ટીઝન ક્ષેત્રે તાલીમ | ૨૨૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં સરકારી પડતર જમીનમાં દબાણ બાબત. | ૧૩૪ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય | ૮૩ |
| | પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં જી.પી.એફ.ના આખરી ચૂકવણાની અરજીઓ | ૪૨૭ |
| | પેન્શન અને પ્રોવિન્ડન્ટ ફંડની કચેરીમાં ના લેણા પ્રમાણપત્રની પડતર અરજીઓ | ૩૨૦ |

| પુસ્તક–૫૨ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | ભાવનગર જિલ્લાના રંડોળા–ખારી–કનાડ રોડનું રીસર્ફેસીંગની કામગીરી | ૩૭૫ |
| | રાજ્યનાં પોલીસ સ્ટેશન, ફિંગરપ્રિન્ટ ડેટાબેઝ સાથે ઓનલાઈન બાબત | ૨૩૩ |
| | રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ માટે લોન | ૨૯ |
| કીર્તિસિંહ વાઘેલા | બનાસકાંઠા જિલ્લાના કંસારી–શેરપુરા રોડ પહોળો કરવાની કામગીરી | ૩૯૫ |
| કીરીટકુમાર પટેલ | ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ અંતર્ગત થયેલ આવક | ૪૨૩ |
| | પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | ૧૧૬ |
| | પાટણ અને દાહોદ જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ | ૧૩ |
| | પાટણ અને વલસાડ જિલ્લામાં શ્રમિકોના પરિવારને વળતર ચૂકવવા બાબત | ૭૨ |
| | રાજ્યમાં માનસિક રોગોની હોસ્પિટલો | ૩૬૯ |
| | ઔષધિય વનસ્પતિ માટેના રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૪૬૧ |
| ગજેન્દ્રસિંહ ઉ. પરમાર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૬૮ |
| | અરવલ્લી જિલ્લાના ઉભરાણ–રંભોડા રોડ પહોળો કરવાની કામગીરી | ૪૪૮ |
| | ગાંધીનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ૮૦ |
| | રા.અ.પો.દળ જૂથ–૬, મુડેટીની આરોગ્ય ચકાસણી | ૧૯૯ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લેન્ડ સીલીંગ એક્ટ | ૧૨૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં આદીજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ | ૪૦૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૩૫૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૨૫ |
| ગેનીબેન ઠાકોર | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણી બાબત | ૫૧ |
| | બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલી સરકારી આઈ.ટી.આઈ. | ૧૪૦ |
| | બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં વેટની આવક | ૩૫૬ |
| | બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં ગુમ થયેલ મહિલાઓ | ૨૦૧ |
| | બનાસકાંઠા અને નવસારી જિલ્લામાં ઉચ્ચ કૌશલ્ય તાલીમ | ૯૯ |
| | બનાસકાંઠા અને નવસારી જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી. | ૪૦૮ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં રોડના નવીન જોબનંબર ફાળવવા | ૪૪૯ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૭૩ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ શહેર અને જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે રકમ ફાળવવા બાબત | ૫૪ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્ટાઈપેંડની ચૂકવણી | ૧૦૧ |
| | અમદાવાદની કામદાર રાજ્ય વીમા યોજના હોસ્પિટલ ખાતે નવી મેડીકલ કોલેજ સ્થાપવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત. | ૪૧૯ |
| | બ્લડ બેંકોના પ્રોસેસિંગ દરો નક્કી કરવા | ૪૫૭ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૧ અન્વયે વિમેન્સ સેઝ ક્ષેત્રે એમ.ઓ.યુ. | ૨૦૭ |
| | સોલાર પાવર પોલીસી અન્વયે ઉત્પન્ન થયેલ વીજળીની ખરીદી | ૩૬૪ |
| ગીતાબા જ. જાડેજા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૧૬૭ |
| | પડધરી તાલુકામાં ઝિલરીયા વિસામણ રોડ પરનો કોઝવે | ૩૮૫ |
| | રા.અ.પો.દળ જૂથ–૮, ગોંડલની આરોગ્ય ચકાસણી | ૨૨૯ |
| | રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ઉજાલા યોજના | ૩૩૧ |
| | રાજકોટ જિલ્લાના સ્ટેટ હાઈવેથી – રાજ સમઢીયાળા ભુપગઢ રોડને પહોળો કરવાની કામગીરી | ૪૩૩ |
| | રાજકોટ જિલ્લામાં કન્યાઓને સાયકલ વિતરણ | ૩૪ |
| | રાજકોટ જિલ્લામાં પાઈપલાઈન દ્વારા રાંધણગેસ | ૨૬૨ |
| | રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના | ૮૬ |

| પુસ્તક–પર ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| ગોવિંદભાઈ પટેલ | ગીર સોમનાથ જિલ્લાના મેઘલ ભરતી નિયંત્રકને અનગેટેડ કરવાની યોજના | ૩૯૯ |
| | રાજકોટ શહેરમાં પોલીસ કોમ્યુનીટી હોલ | ૨૩૧ |
| | ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૮ | ૪૮૯ |
| | રાજકોટ જિલ્લાના સ્ટેટ હાઈવેથી – રાજ સમઢીયાળા ભુપગઢ રોડને પહોળો કરવાની કામગીરી | ૪૪૩ |
| | રાજકોટ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં હક્કપત્રક નોંધો | ૧૨ |
| | રાજકોટ જિલ્લામાં મેન્યુફેકચરીંગ પોલીસી અંતર્ગત મંજૂર એકમો | ૨૬૩ |
| | રાજકોટ જિલ્લામાં સાતફેરા સમુહ લગ્ન યોજના | ૭૨ |
| | સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ડેમો ભરવાની કામગીરી | ૩૪૬ |
| | આણંદ જિલ્લાના સામરખા–સારસા–ખાનપુર રોડને પહોળો કરવાની કામગીરી | ૪૪૦ |
| ગોવિંદભાઈ પરમાર | આણંદ જિલ્લાની સિંચાઈ યોજનાની કાચી નહેરો | ૩૯૪ |
| | આણંદ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ૧૧૨ |
| | આણંદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ | ૩૪૦ |
| | ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના | ૬૪ |
| | ખેડા જિલ્લામાં સરકારી પડતર જમીનમાં દબાણ બાબત | ૧૪૭ |
| | પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આણંદ જિલ્લામાં લાભાર્થીઓને પ્રથમ હપ્તો | ૧૯૬ |
| ચંદનજી ઠાકોર | કે.જી. બેઝિનમાંથી ગેસ ઉત્પાદન | ૨૦૦ |
| | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણી બાબત | ૨૭ |
| | પાટણ અને નર્મદા જિલ્લામાં રોડના નવીન જોબનંબર ફાળવવા | ૩૮૬ |
| | પાટણ અને પોરબંદર જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી | ૪૩૩ |
| | પાટણ અને ભાવનગર જિલ્લામાં ગુમ થયેલ મહિલાઓ | ૨૪૪ |
| | પાટણ અને ભાવનગર જિલ્લામાં વેટની આવક | ૩૩૧ |
| | પાટણ અને મોરબી જિલ્લામાં આવેલી સરકારી આઈ.ટી.આઈ. | ૮૧ |
| | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું મંજૂર મહેકમ | ૧૨૬ |
